
# યોગ શતક



અનુવાદક- ધીરજલાલ ડાહ્યાલાલ મેહતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
આચાર્યશિરોમણિ - તર્કસમ્રાટ્ - યાકિનીમહત્તરાસૂનુ
પૂજ્યપાદ - પ્રાતઃસ્મરણીય - આચાર્યદેવેશ
શ્રી હરિભદ્રસૂરીશ્વરજી વિરચિત
સ્વોપજ્ઞ ટીકા સંયુક્ત

# શ્રી યોગશતક

સ્વોપજ્ઞ સંસ્કૃત ટીકા, તથા તે ટીકાના
ગુજરાતી અનુવાદ-વિવેચન સહિત.

અનુવાદક
**ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રકાશક –**
ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા
૧૧/૪૪૩, માતૃછાયા બિલ્ડિંગ
રામજીની પોળ, નાણાવટ, સુરત.
પીન : ૩૯૫૦૦૧,

**પ્રકાશનવર્ષ** - વીર સંવત ૨૫૨૦
**વિક્રમ સંવત** ૨૦૫૦/ઈ.સ. ૧૯૯૪
**પ્રથમ આવૃત્તિ** - ૧૦૦૦
**મુખપૃષ્ઠ ચિત્ર** - જય પંચોળી


**– પ્રાપ્તિસ્થાનો –**

(૧) ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા
૧૧/૪૪૩, માતૃછાયા બીલ્ડિંગ,
બીજે માળે, રામજીનીપોળ
નાણાવટ, સુરત.

(૨) શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત
પાઠશાળા, ઠે.સ્ટેશનરોડ
મહેસાણા. (ઉ.ગુજરાત)

(૩) શ્રી સરસ્વતી પુસ્તક ભંડાર
હાથીખાના, રતનપોળ,
અમદાવાદ

(૪) શ્રી જૈન પ્રકાશન મંદિર
૩૦૯/૪, ખત્રીની ખડકી
દોશીવાડાની પોળ, અમદાવાદ

(5) VIJAY SHETH
OFF-DIAMPOL INC
550 SOUTH HILL STREET
SUITE 1467,
LOS ANGELES, CA 90013
PHONE 213,622-8430
U S A


**મુદ્રક**- ભીખાભાઈ સો. પટેલ
ભગવતી મુદ્રણાલય
૧૯ અજય ઈન્ડ. એસ્ટેટ દુધે
અમદાવાદ : ૩૮૦૦૦૪

લેસર ટાઈપસેટિંગ : શાઈન આર્ટ કૉમ્પ્યુગ્રાફિક્સ
"ડી" બ્લૉક, ઋષભદેવ એપાર્ટમેન્ટ, રાજનગર
પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રસ્તાવના

ભારતભૂમિ સદાકાળ સાધુ-સંતો અને યોગિમહાત્માઓની ચરણરજથી પુનીત બનેલી છે, અને પુનીત રહેશે. અનંત ઉપકારી શ્રી તીર્થંકર ભગવન્તોના શાસનથી આ ભૂમિ ઉપર અનંત આત્માઓએ કલ્યાણ સાધ્યું છે, અને સાધે છે. તે તીર્થંકર ભગવન્તોના વિરહકાળમાં તેઓશ્રીની જ પરમ પવિત્ર વાણીથી પ્રતિબોધ પામેલા શ્રી ગણધરભગવંતો, શ્રી શ્રુતકેવલી ભગવન્તો, શ્રી ચૌદ પૂર્વધર અને દશ પૂર્વધરાદિ મુનિભગવંતો તથા અનેક મહાન્ પ્રભાવશાળી આચાર્યોએ આ શાસનની અપૂર્વ સેવા કરી છે. ભગવન્તની વાણીને જગતના જીવોના ઉપકાર માટે સંસ્કૃત-પ્રાકૃતાદિ ભાષામાં ગુંથીને અનેક શાસ્ત્રોનું સર્જન પૂર્વાચાર્યોએ કર્યું છે. શાસ્ત્ર એ વાસ્તવિક અંતર ચક્ષુઃ છે. સદ્બુધ્ધિ, ઉત્તમસંસ્કાર, અને નિર્મળ જ્ઞાનપ્રાપ્તિ કરાવવામાં શાસ્ત્ર એ જ પ્રધાનનિમિત્ત છે. તેટલા માટે પૂર્વાચાર્યો પોતાનું જીવન સ્વપર કલ્યાણકારક એવા શાસ્ત્રસર્જનમાં જ ઓતપ્રોત કરતા હતા.

આવા પ્રકારના પૂર્વાચાર્યોમાં આચાર્યદેવેશ **શ્રી હરિભદ્રસૂરીશ્વરજી**નું નામ ગૌરવવંતું છે કે જેઓએ પોતાની સર્વતોમુખી પ્રતિભાને જાણે પ્રસિધ્ધ કરતું હોય એવું અદ્વિતીય, વિદ્વદ્ભોગ્ય, અનેકવિધ વિષયોને સંકલિત કરતું સાહિત્યસર્જન કર્યું છે. પંડિત પુરુષોની પણ જેમાં ચાંચ ખૂંચવી કઠીન થઈ જાય તેવા અપૂર્વ ૧૪૪૪ ગ્રંથોનું નિર્માણ કરવા દ્વારા ભવ્યાત્માઓનું કલ્યાણ કરવા સ્વરૂપ મહાન્ભગીરથ કાર્ય કર્યું છે. તે ગ્રંથોમાં યોગના વિષય ઉપર પણ સુંદર પ્રકાશ પાથરેલ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**"આ સંસારી આત્માને મોક્ષની સાથે જોડે તે યોગ"** આત્માની ઉર્ધ્વારોહણની એક જાતની પ્રક્રિયા તે યોગ, તેને જુદા જુદા વિષયો વાર સાંગોપાંગપણે વર્ણન કરતા ક્રમશઃ મહાકાય એવા ચાર ગ્રંથોનું સર્જન કર્યું છે : (૧) વિંશતિ વિંશિકામાં આવતી યોગવિંશિકા, (૨) યોગશતક, (૩) યોગદૃષ્ટિ સમુચ્ચય, (૪) યોગબિન્દુ, જે ચારે ગ્રંથોની અનુક્રમે ૨૦ । ૧૦૦ । ૨૨૮ । ૫૨૭ મૂળ ગાથાઓ છે. યોગવિંશિકા ઉપર પૂજ્ય ઉપાધ્યાયજી યશોવિજયજી મ. સા. કૃત ટીકા છે. બીજા અને ત્રીજા ગ્રંથ ઉપર સ્વોપજ્ઞ ટીકા છે. અને યોગબિન્દુ ઉપર કોઈ પૂર્વાચાર્યની ટીકા છે.

પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબોને ભણાવતાં-ભણાવતાં આ ગ્રંથો ભણાવવાનો ઉત્તમ અવસર પ્રાપ્ત થયો. અધ્યાત્મરસની અમીથી અંજાયેલા, સમતારસના સાગરસમાન, ભોગીને પણ યોગી બનાવવામાં સક્ષમ, અન્તે યોગપ્રિયતાના અવશ્ય ઉત્પાદક, જૈનદર્શનની માર્મિક યુક્તિઓથી એકાન્તવાદોનું નિરસન કરનાર, આત્માને કેવળ શાન્તરસમાં લઈ જનાર એવા અદ્ભુત આ ગ્રંથો જોઈને તેના પઠન-પાઠનથી ચિત્ત કદાપિ તૃપ્ત થતું નથી. જેમ જેમ વાંચીએ તેમ તેમ રસ વધતો જ જાય છે. વાંચતાં વાંચતાં રાત્રિ ગમે તેટલી પસાર થઈ જાય તોપણ પુસ્તક હાથમાંથી મુકાતું જ નથી. એવા પ્રકારની રસવર્ધક રચનાથી રચિત આ ગ્રંથો છે.

પઠન-પાઠન કરતાં આ ગ્રંથોનું તથા તેની ટીકાનું ગુજરાતી ભાષાન્તર બનાવવાનું મન થયું. અનેક મુનિ ભગવંતોએ તથા પૂજ્ય સાધ્વીજી મ. સાહેબોએ સવિશેષ પ્રેરણા કરી. તે તમામના શુભાશીર્વાદથી પ્રારંભ કર્યો. તેઓની જ કૃપાથી "યોગવિંશિકા"નું લખાણ પ્રથમ પૂર્ણ થયું, જે ૨૦૪૯ માં પ્રકાશિત કર્યું. આજે "યોગશતક"નું લખાણ પૂર્ણ થઈ પ્રકાશિત થઈ રહ્યું છે. ભાવના છે કે બાકીના બે ગ્રંથોનું વિવેચન પણ ટુંક સમયમાં પ્રકાશિત કરીશું. હાલ તે પણ લખાય છે.

જોગાનુજોગ અમેરિકા અને લંડનમાં વસતા ભારતીય પ્રૌઢ જૈન સ્ત્રી-પુરુષોના આમંત્રણથી ધાર્મિક વર્ગો ચલાવવા ત્યાં જવાનું થયું. ત્યાં ચિત્તની અત્યન્ત શાન્તિ, સમયની સાનુકૂળતા, અને આ યોગગ્રંથ પ્રત્યેના બહુમાનથી આ લખાણકાર્યક્રમમાં વેગ આવ્યો તથા પ્રૌઢ સ્ત્રી-પુરુષોને ઉચિત પ્રકાશનો પણ તૈયાર કર્યાં, જેમાંથી બે પ્રકાશિત થયાં છે. બીજાં હાલ લખાય છે. તત્ત્વજિજ્ઞાસુ, અધ્યાત્મી આત્માઓએ આ પુસ્તકો અવશ્ય વાંચવા યોગ્ય છે. તેની વિગત આ પ્રમાણે છે–



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પ્રકાશિત થયેલાં પુસ્તકો–

(૧) **યોગવિંશિકા** (સટીક) ગુજરાતી અનુવાદ - વિવેચન સાથે.

(૨) **"શ્રી જૈન ધર્મના મૌલિક સિધ્ધાન્તો"** જેમાં અમેરિકા - લંડનમાં ચલાવેલા પાંચ વિષયો સંકલિત કર્યા છે : (૧) નવકારથી સામાઈયવયજુત્તો સુધીનાં સૂત્રો ઉપર વિવેચન, (૨) નવતત્ત્વ, (૩) ચૌદ ગુણસ્થાનકો, (૪) કર્મોના ૮ ભેદો તથા ૧૫૮ પ્રતિભેદોનું વર્ણન, (૫) અનેકાન્તવાદ - સાત નયો, સપ્તભંગી પાંચ સમવાયી કારણો, તથા પારિભાષિક જૈન ધાર્મિક શબ્દકોશ.

(૩) **શ્રી જૈન તત્ત્વ પ્રકાશ** (૧) નવકાર મંત્રથી સક્લતીર્થ સુધીનાં બે પ્રતિક્રમણનાં સૂત્રો ઉપરનું સવિસ્તર વિવેચન.

(૪) **શ્રી યોગશતક** (સટીક) ગુજરાતી અનુવાદ-વિવેચન સાથે.

(૫) **"આત્મસિધ્ધિશાસ્ત્ર"** શ્રીમદ્ રાજચંદ્રજી કૃત, ગુજરાતી અનુવાદ.

## હાલ પ્રકાશિત થતાં પુસ્તકો

(૬) **શ્રી જૈન ધાર્મિક પ્રશ્નોત્તરમાળા** - જેમાં પ્રૌઢ સ્ત્રી-પુરુષોને સવિશેષ જૈન દર્શનનાં તત્ત્વોનું જ્ઞાન થાય તેવા પ્રકારના પ્રશ્નો અને ઉત્તરો.

(૭) **શ્રી જૈન તત્ત્વ પ્રકાશ** (૨) ધર્માસ્તિકાયાદિ છ દ્રવ્યોનું સવિસ્તર વર્ણન, તથા તે સંબંધી વિવેચન.

## હાલ લખાતા ગ્રંથો–

(૮) **તત્ત્વાર્થાધિગમ સૂત્ર** - સરળ - અને બાલભોગ્ય ભાષાથી યુક્ત તથા પરદેશનાં ભાઈ-બહેનો પણ સમજી શકે તેટલા પરિમિત વિવેચનયુક્ત.

(૯) **શ્રી રત્નાકરાવતારિકા** - વિશિષ્ટ અભ્યાસી પૂજ્ય સાધુ-સાધ્વીજી મ. સાહેબોને તથા ન્યાયરસિકાત્માઓને સમજાય તેવુ સરળ ભાષાન્તર.

(૧૦) કર્મગ્રંથ સાર્થ. ૧ થી ૬ ગુજરાતી વિવેચન સાથે

# પૂ. હરિભદ્રસૂરિજીના જીવનવિષયક ચર્ચા

ગ્રંથકર્તાના સંસારી તથા શ્રમણ જીવન વિષે તેઓની કૃતિઓમાંથી કોઈ આધાર મળતો નથી. પરંતુ પાછળના આચાર્યભગવંતોની કૃતિઓમાંથી યત્કિંચિત્ જે જાણવા મળેલ છે. તે આ પ્રમાણે છે -



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"**પિયંગુઈ**" નામની કોઈ બ્રહ્મપુરીના વતની, **શંકરભટ્ટ** અને તેમનાં ધર્મપત્ની **ગંગામાતા ના** પુત્ર તરીકેનો સૂરિવર્યનો ઉલ્લેખ ભદ્રેશ્વરસૂરિજી કૃત કહાવલીમાં પ્રથમ પરિચ્છેદમાં અંતે કરેલો છે.

ચિત્રકુટ (ચિતોડ)ના મહારાજા **જિતારિ** ના તેઓ પુરોહિત હતા. જિતારી રાજા રામ જેવો પ્રજાવત્સલ, યુધિષ્ઠિર જેવો નીતિવત્સલ, અશોક જેવો દયાવત્સલ, અને અર્જાન જેવો રણવત્સલ હતો, સૂરિવર્યશ્રી બ્રાહ્મણ જાતિના હતા અને ચિત્રકુટના શિખરોમાં નિવાસી હતા. એમ ઉપદેશપદની ગાથા ૧૦૩૮ની પૂ.મુનિચન્દ્રસૂરિજી કૃત ટીકામાં ઉલ્લેખ છે.

તેઓ અગ્નિહોત્રી હતા. એક વખત સુખાસન ઉપર બેસીને અનેક પાઠકો વડે બિરૂદાવલી બોલાવતા રાજમાર્ગ ઉપર જતા હતા, સામેથી તોફાને ચડેલા ગજરાજનું દર્શન થયું. લોકોની ભાગાભાગ અને કોલાહલ જોઈ પોતે સુખાસન ઉપરથી કુદી પડ્યા અને બાજુમાં આવેલા જૈનમંદિરમાં છુપાયા. ત્યાં જૈનમૂર્તિ ઉપર દૃષ્ટિ પડી અને જૈનદર્શન ઉપરના દ્વેષથી બોલી ઉઠ્યા કે -

**वपुरेव तवाचष्टे, स्पष्टं मिष्टान्नभोजनम् ।**
**न हि कोटरसंस्थेऽग्नौ तरुर्भवति शाड्वलः ॥**

પોતાની વિદ્યાનું પોતાને ઘણું જ અભિમાન હતું. તેથી પ્રતિજ્ઞા કરી કે **"જેનુ કહેલું મારાથી ન સમજાય તેનો હું શિષ્ય બનું"**

ફરતાં ફરતાં જિનદત્ત નામના સૂરિવર જ્યાં હતા તે ગામમાં ગયા. તે જ ગામમાં **યાકિની** નામનાં તેજસ્વી મહત્તરા (સાધ્વીજી) હતાં, તેઓ શ્રી આવી ગાથા કંઠસ્થ કરતાં હતાં.

**चक्किदुगं हरिपणगं, पणगं चक्कीण केसवो चक्की ।**
**केसव चक्की केसव, दुचक्की केसी य चक्की य ॥**

આ ગાથા તેઓએ સાંભળી, અર્થ સમજાયો નહીં. મહત્તરા શ્રી યાકિનીજીને અર્થ પુછ્યો. તેઓએ ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ, આદિની સંખ્યાનો અર્થ સમજાવ્યો, વિશેષ અર્થ સમજવા આચાર્યશ્રી પાસે જવા ભલામણ કરી, તેઓ આચાર્યશ્રી પાસે ગયા, આ ગાથાનો સવિશેષ અર્થ જાણી, ધર્મોપદેશ પામી, પ્રતિબોધિત થઈ દીક્ષિત થયા, તેઓના ગુરુનું નામ જિનદત્તસૂરિજી, અને તેઓનુ નામ હરિભદ્રજી થયું. (પાછળથી સૂરિજી થયા) આ ઉલ્લેખ પ્રભાવક ચરિત્રમાં, કહાવલીમાં, અને ઉપદેશપદની ગાથા ૧૦૩૯માં મળે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ આચાર્યશ્રી શ્વેતાંબર હતા, તેઓશ્રીનું તથા તેમના ગુરુજીનું "વિદ્યાધર" કુળ હતું, તેઓ શ્વેતાંબર આચાર્ય જિનભટ્ટની વાણીને અનુસરનારા હતા. આવો ઉલ્લેખ તેઓએ બનાવેલી **આવશ્યક** ની **શિષ્યહિતા** નામની ટાકાના અંતે મળે છે:

**"समाप्ता चेयं शिष्यहिता नाम आवश्यकटीका । कृतिः सिताम्बराचार्यजिनभट्टनिगदानुसारिणो "विद्याधर" कुलतिलकाचार्य जिनदत्तशिष्यस्य धर्मतो जाइणीमहत्तरासूनोरल्पमतेराचार्यहरिभद्रस्य"**

આચાર્યશ્રીને જિનભદ્ર અને વીરભદ્ર નામના બે શિષ્યો હતા, સર્વશાસ્ત્રોમાં તેઓ કુશળ હતા, સમર્થવાદી હતા, તે સમયે ચિતોડમાં બૌધ્ધમતનું જોર હતું. હરિભદ્રસૂરિજીના દ્વેષી બૌધ્ધોએ આ બન્ને શિષ્યોને એકાન્તમાં મારી નાખ્યા, પાછળથી આ વાતની આચાર્યશ્રીને ખબર પડી. તેઓ અતિશય ઉદ્‌વેગી બન્યા, અણશન કરવા તૈયાર થયા, ગુરુને આ વાતની ખબર પડતાં ગુરુજીએ આચાર્યશ્રીને અણશન કરતાં અટકાવ્યા અને અપૂર્વસાહિત્યસર્જનમાં મન પરોવવા સમજાવ્યું. હરિભદ્રસૂરિજીએ પોતાની ગ્રંથરાશિને જ પોતાનો પરિવાર માની ગ્રંથ રચનામાં જ સવિશેષ ધ્યાન આપ્યું. આવો ઉલ્લેખ કહાવલીમાં મળે છે. આ જ હકીકત કંઈક જુદી રીતે પ્રભાવક ચરિત્રમાં મળે છે. પ્રભાવક ચરિત્રમાં તેઓશ્રીના હંસ-પરમહંસ નામના બે ભાણેજોએ તેમની પાસે દીક્ષા લીધી અને આચાર્યશ્રીના શિષ્ય બન્યાનો ઉલ્લેખ છે. આ બન્ને શિષ્યો સમર્થ શાસ્ત્રવેત્તા બન્યા, બૌધ્ધદર્શનનો વધુ અભ્યાસ કરવા તેઓના મઠોમાં (નેપાલ-ભૂતાન) જવાની શિષ્યોની ઈચ્છા થઈ. ગુરુજીની કંઈક ના મરજી હોવા છતાં વધુ અભ્યાસાર્થે તેઓ ત્યાં બૌધ્ધમઠમાં ગયા,

શાસ્ત્રાભ્યાસ કરાવનાર બૌધ્ધાચાર્ય જ્યારે જ્યારે જૈનદર્શનનું જોરદાર ખંડન કરતા, ત્યારે ત્યારે આ બન્ને ગુપ્ત જૈનમુનિઓ તે ખંડનને ટાંકીને તેના પરિહાર માટેની અકાટ્યદલિલોથી ભરપૂર લેખ ગુપ્ત પણે લખતા. કાળાન્તરે આ વાતની ગંધ બહાર આવતાં તે બન્ને ગુપ્તમુનિઓને આ મઠ અને આ દેશ છોડવો પડ્યો.

પાછળ પડેલા બૌધ્ધોના કાફલાથી હંસ રસ્તામાં જ હણાયા, અને પરમહંસ ભાગીને બાજુના નજીકના નગરમાં "સુરપાલ" રાજાના શરણે ગયા, રાજાના સંરક્ષણથી તેઓ બચ્યા, ક્રમશઃ ગુરુ પાસે આવ્યા, બનેલી બધી હકિકત જણાવી, તેઓ પણ અતિપરિશ્રમિત થવાથી અવસાન પામ્યા, શિષ્યોના આવા પ્રકારના અકાલ અવસાનથી હરિભદ્રસૂરિજી બૌધ્ધો ઉપર અતિશય ગુસ્સે થયા, સુરપાલ રાજાની સભામાં વાદ ગોઠવાયો, બૌધ્ધો હાર્યા, આચાર્યશ્રીનો ગુસ્સો અપરિમિત બન્યો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્યમહારાજશ્રીના ગુરુને આ વાતની ખબર પડી, તેઓએ હરિભદ્રસૂરિજીના ગુસ્સાને નિવારવા માટે સમરાદિત્યચરિત્રના બીજભૂત નીચેની ત્રણ ગાથાઓ લઈને બે શિષ્યોને મોકલ્યા.

**गुणसेन-अग्गिसम्मा, सीहाणन्दा य तह पिया-पुत्ता ।**
**सिहि-जालिणि माइ-सुआ, धण-धणसिरिओ य पइभज्जा ॥ १८५ ॥**
**जयविजया य सहोअर, धरणो लच्छी अ तह पई भज्जा ।**
**सेणविसेणा पित्तिअपुत्ता, जम्मम्मि सत्तमए ॥ १८६ ॥**
**गुणचन्दवाणमन्तर, समराइच्चगिरिसेण पाणो अ ।**
**एगस्स तओ मोक्खोऽणन्तो अन्नस्स संसारो ॥ १८७ ॥**

પ્રભાવક ચરિત્ર પૃષ્ઠ ૭૩.

હરિભદ્રસૂરિજી સમજી ગયા કે ક્રોધાવેશમાં મેં આ શું કર્યું ? પોતે સ્વયં આત્માને સમજાવી માર્ગે વળ્યા, ગુરુજી પાસે પશ્ચાતાપ કરી પોતાની ક્ષમાયાચના કરી ગુરુજીના આદેશથી આલોચના રૂપે ગ્રંથસર્જન કર્યું. તેઓને બીજા કોઈ શિષ્યો ન હોવાથી નિરપત્યતાનું કોઈક સમયે દુઃખ થતું. પરંતુ અંબા દેવીએ "તમારા જેવાએ આમ શોક કરવો ઉચિત નથી" એમ સાન્ત્વન આપી **"શાસ્ત્રોનો સમુહ એ જ તમારી સંતતિ છે"** એમ સમજાવ્યું. આટલું બોલી દેવી અદૃશ્ય થઈ, ત્યારબાદ આચાર્યશ્રીએ સૌ પ્રથમ અદ્‌ભૂત એવું "સમરાઇચ્ચકહા"= સમરાદિત્યચરિત્ર બનાવ્યું. આ પ્રમાણે પ્રભાવક ચરિત્રમાંથી જાણવા મળે છે. તેઓ અંતે મૃત્યુકાળ નજીક જાણી અણશન આદરી કાલગત થયા. (પ્રભાવક ચરિત્ર શ્લોક ૭૫)

તેઓના ગ્રંથોનું લખાણ કરાવવાનું કામકાજ એક લલ્લિગ નામનો શ્રાવક કરતો હતો, તેણે આ ગ્રંથલેખનમાં અઢળક દ્રવ્ય ખર્ચ્યું છે. આ આચાર્યશ્રીના જીવન વિષે વિશેષાધાર જાણવામાં આવ્યો નથી.

## યોગશતકમાં સહાયતા

આ ગ્રંથના લેખનકાર્યમાં ગ્રંથની જે જે પંક્તિઓ દુર્ગમ હતી તેમાં આ વિષયના અભ્યાસી અનેક ગીતાર્થ મુનિભગવંતો પાસેથી સુબોધ કરી છે. તથા કોઈ કોઈ સ્થળે પાઠશાળામાં ભણવા આવતાં વિશિષ્ટપ્રતિભાસંપન્ન, તીવ્રમેધાવી, સૂક્ષ્માર્થ તરફ દષ્ટિપેરક, એવા પૂજ્ય સાધ્વીજી મહારાજ સાહેબોના નિર્મળ ક્ષયોપશમની પણ સહાયતા મળેલી છે. તથા પૂજ્ય પન્યાસજી શ્રી ચંદ્રશેખરવિજયજી મ. સાહેબે લખેલા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"**શૂન્ય બનીને પૂર્ણ બનો**" એ પુસ્તકની સવિશેષ સહાયતા લીધેલી છે. તથા કોઈક સ્થળે ડૉ. ઝવેરી ઈન્દુકલાબહેનના પુસ્તકનું પણ આલંબન લીધેલ છે. મૂળસૂત્ર અને ટીકાની શુધ્ધિના વિષયમાં શ્રી લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃત વિદ્યામંદિર તરફથી પ્રકાશિત થયેલ અને મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મ. સાહેબથી સંપાદિત થયેલા યોગશતકનો પણ સહારો લીધેલ છે. ઉપરોક્ત સર્વે સહાયકોનો આ સમયે હાર્દિક આભાર માનું છું.

માતા બાળકને જેમ વાત્સલ્યથી સંસ્કાર આપે તેમ નાની ઉંમરથી જ જેમણે મને ધાર્મિક-સંસ્કૃત-પ્રાકૃત-ન્યાય આદિના વિષયોનું યત્કિંચિત્ જ્ઞાન અને સુસંસ્કારો આપ્યા છે, તે શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા (મહેસાણા), તથા (સ્વર્ગસ્થ) પંડિતજી, પૂજ્ય શ્રી પુખરાજજી સાહેબ, તથા પંડિતજી શ્રી ચંદ્રશેખર ઝા, તથા પંડિતજી શ્રી શાન્તિલાલ કેશવલાલ શાહનો આ સમયે ઘણો જ ઉપકાર માનું છું.

## આ ગ્રંથની મહત્તા

(૧) આ ગ્રંથમાં આત્મ ઉત્થાનનો અદ્ભુત માર્ગ બતાવ્યો છે. ગમે તેવા કઠોર દિલના માણસને પણ કોમળ બનાવે એવી અકાટ્ય યુક્તિઓ આપી અધ્યાત્મરસનું જ પ્રદાન કરેલ છે. સંસાર ઉપર નિર્વેદ અને મોક્ષની રુચિ સ્વરૂપ સંવેગમાર્ગની જ પુષ્ટિ કરેલ છે. ગર્ભિત રીતે ગુણસ્થાનકોનો જ ક્રમારોહ વર્ણવેલો છે.

(૨) પતંજલિ અને ગોપેન્દ્રાદિ ઈતરદર્શનકારોના યોગિમહાત્માઓની યોગસંબંધી દૃષ્ટિની સુંદર તુલના કરી છે. તથા મહામતિ પતંજલિ (યોગ દૃષ્ટિ સમુચ્ચય ગાથા ૧૦૦), અને ભગવદ્ગોપેન્દ્ર (યોગબિન્દુ ગાથા ૧૦૦) જેવા અત્યન્ત બહુમાનવાચક શબ્દો લખીને તેઓ પ્રત્યે પણ મહાન્ સદ્ભાવ પ્રદર્શિત કર્યો છે. દર્શનશાસ્ત્રોના અભ્યાસી અને તટસ્થ એવા આત્માઓને સ્વ-પરના ભેદની ટૂંકી દૃષ્ટિ તુટી જઈ ગુણીયલ પુરુષો પ્રત્યે ગુણસંબંધી બહુમાનની વૃત્તિ સ્વતઃ જ આવી જાય છે. પ્રયત્નવિશેષથી લાવવી પડતી નથી.

(૩) જૈન દર્શનની પારિભાષિક વાતોનો અન્યદર્શનોની સાથે શબ્દભેદ માત્ર વિના અર્થભેદ નથી. એમ સમન્વય કરી રાગ-દ્વેષ, - પક્ષપાત અને તિરસ્કારનો પરિહાર કરી "**પરમસામ્ય**" મેળવવાનો ગર્ભિત ઉપદેશ આપ્યો છે.

(૪) મૂળગાથામાં આવતા એકે એક પ્રાકૃત શબ્દોના પર્યાયવાચી સંસ્કૃત શબ્દો ટીકામાં આપીને ગૂઢ અર્થને ખુલ્લો કરેલ છે. તથા ટીકામાં સંસ્કૃત શબ્દો ટાંકતાં ગાથાના મૂળશબ્દોનો ક્રમ જાળવી રાખેલ છે. ગાથામાં આવતા ક્રમશઃ શબ્દોનો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ટીકામાં ક્રમશઃ જ પર્યાયવાચી સંસ્કૃત શબ્દોનો ઉલ્લેખ કરેલ છે. જેથી છાયા કરવાની જરૂર જ રહેતી નથી.

(૫) રાગ-દ્વેષ-અને મોહને તોડવા માટે તેના સ્વરૂપની, પરિણામની, અને વિપાકની સુંદર ભાવનાઓ જણાવી, મૈત્રી આદિ ભાવનાઓનું સ્વરૂપ જણાવી આત્માર્થી આત્માઓને આ ગ્રંથ સુંદર **પથદર્શક** થયો છે.

(૬) દર્શનશાસ્ત્રોની ચર્ચામાં (ગાથા ૭૨) અલ્પશબ્દોની અંદર મર્મયુક્ત યુક્તિઓથી **એકાન્તવાદો**નું નિરસન કરી યથાર્થપણે જગતમાં રહેલા **અનેકાન્તવાદ**નું સુંદર અને સચોટ સ્થાપન કરેલું છે, જે જૈન દર્શન પ્રત્યેની યથાર્થ અનહદ ભક્તિ અને હાર્દિક બહુમાન આચાર્યશ્રીના હૃદયમાં રહેલાં છે એમ પ્રદર્શિત થાય છે.

(૭) ગાથાના ગાથાર્થ કરવા સુગમ પડે એટલા માટે અમે અન્વયસૂચક ઝીણા અક્ષરોમાં ગાથાનાં પદો ઉપર નંબરો આપ્યા છે.

## આ ગ્રંથમાં કયા વિષયો છે ?

નિશ્ચયયોગ અને વ્યવહાર યોગની વ્યાખ્યા, ચાર પ્રકારના યોગ ના અધિકારી જીવોનું વર્ણન, (૧) અપુનર્બન્ધક, (૨) અવિરતસમ્યગ્દષ્ટિ, (૩) દેશવિરતિધર, (૪) સર્વવિરતિધર, તેઓનાં લક્ષણો, તેઓને યોગ્ય ઉપદેશ, અધિકસ્થાનોમાં (ઉપરના ગુણસ્થાનકોમાં) પ્રવૃત્તિ માટે નિજ સ્વભાવાલોચન, જનવાદાવગમ, અને ત્રિવિધયોગ શુદ્ધિની વિચારણા, ભય-રોગ-વિષના ઉપાયો, ચતુઃશરણપ્રાપ્તિ, દુષ્કૃતગર્હા-સુકૃતાનુમોદના, ભાવના-શ્રુતપાઠ, તીર્થશ્રવણ, આત્મસંપ્રેક્ષણ, આદિ ઉપાયોની ચર્ચા, કર્મનું સ્વરૂપ, રાગ-દ્વેષ-મોહનું સ્વરૂપ, તેના વિનાશ માટે પ્રતિપક્ષી ભાવનાઓની ચિંતવણા, શુકલાહારનું વર્ણન, લબ્ધિઓનું વર્ણન, સમતાભાવ એ જ મોક્ષનું અંગ છે તેનુ વર્ણન, મરણકાલને જાણવાના ઉપાયો, મૃત્યુકાલ જાણીને સર્વ ભાવોનો ત્યાગ કરવાપૂર્વક અણશનવિધિનું આચરણ, અને અન્તે સંસારવિરહ તથા મુક્તિપદની પ્રાપ્તિના ભોક્તા બનવાનો ઉપાય, ઈત્યાદિ વિષયો ગ્રંથકારશ્રીએ અદ્‌ભૂતશૈલીથી આ ગ્રંથમાં વર્ણવેલા છે.

## ક્ષતિ બદલ ક્ષમાયાચના

પૂ. હરિભદ્રસૂરિજીના ગ્રંથો તથા તેઓશ્રીની ટીકાઓ અલ્પાક્ષરી અને ગંભીરઅર્થવાળી હોવાથી કઠીન તો છે જ, પૂર્વાપરની સંકલનાથી, આ વિષયના સૂક્ષ્માભ્યાસી મહાત્મા પુરુષોના સહયોગથી, દેવ-ગુરુ-ધર્મની કૃપાદષ્ટિથી, અને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પવિત્ર મુનિપુંગવોના શુભાશીર્વાદથી યથામતિ અર્થ ખોલવા પ્રયત્ન કર્યો છે. છતાં પણ છદ્મસ્થતાના કારણે, મતિમન્દતાના કારણે, તથા અનુપયોગદશાના કારણે ક્ષતિઓ રહી જવા પામી હશે, તથા આ ગ્રંથ જ ગૂઢાર્થ હોવાથી કદાચ કોઈક સ્થળે અસંગત અર્થ પણ થઈ ચૂક્યો હશે, તે બદલ વિદ્વદ્વર્ગ અને વાચકવર્ગ સમક્ષ વારંવાર ક્ષમા માગું છું અને નિવેદન કરુ છું કે તે ક્ષતિઓ મારા ઉપર કૃપા કરી મને વેલાસર જણાવશો કે જેથી પછીની આવૃત્તિમાં સુધારવામાં સહાયક થાય. તથા મને પણ યથાર્થ સમજણ નું કારણ બને. પ્રશંસક વર્ગ કરતાં અનુગ્રહ બુદ્ધિએ ક્ષતિઓ સૂચવનાર વર્ગ યથાર્થ ઉપકારી છે. તેથી ક્ષતિઓ સુધરાવવાનો મારા ઉપર અવશ્ય ઉપકાર કરશો.

## અનુવાદમાં રખાયેલ ધ્યાન

અભ્યાસક વર્ગને આ ગ્રંથ તથા તેની ટીકા કેમ સરળ પડે ? તેનો ગુજરાતીમાં ભાવાર્થ કેમ સમજાય ? ભણનાર વર્ગ ભાવિમાં અન્ય છાત્રગણની જ્ઞાનપિપાસા કેમ સંતોષી શકે ? ટીકાના એકેક શબ્દનો ગુજરાતીમાં અર્થ કેમ સંગત થાય ? ઇત્યાદિ વિષયોનું બની શકે તેટલું વધારે ધ્યાન રાખીને આ પુસ્તકને સરળ, લોકભોગ્ય, અને સુબોધ કરવા શકય પુરુષાર્થ કર્યો છે. ટીકાની પંક્તિમાં આવતા કઠીન શબ્દોના કયાંક કયાંક શબ્દાર્થો પણ આપ્યા છે. કોઈ સ્થળે ટીકાના લાંબા લાંબા ફકરાને સુખબોધ કરવા વિભાગ પણ કર્યા છે. ભણાવનાર મુનિવર્ગને તથા અધ્યાપક બંધુઓને સહાયક થાય તેનું પૂરતું ધ્યાન આપેલ છે. કેવળ મારા પોતાના સ્વાધ્યાય માટે અને અન્ય આત્માઓના ઉપકાર માટે જ આ પ્રયત્ન કરેલ છે.

વ્યવસ્થિત ટાઇપસેટિંગ કરવા બદલ શાઈન આર્ટ કૉમ્પ્યુગ્રાફિક્સનો અને સુંદર પ્રકાશનકાર્ય બદલ ભગવતી પ્રેસના માલિક શ્રી ભીખાભાઈનો તથા પ્રૂફરીડીંગ કરનાર અને સુંદર બાઈન્ડિંગ કરનારનો પણ આ સમયે આભાર માનું છું.

લિ.
ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા
૧૧/૪૪૩, માતૃછાયા બિલ્ડિંગ,
રામજીની પોળ, નાણાવટ, સુરત
પીન : ૩૯૫૦૦૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પૂજ્ય શ્રીહરિભદ્રસૂરીશ્વરજી રચિત કેટલાક ગ્રંથોની નામાવલી

| | | | |
|---|---|---|---|
| (૧) | અનુયોગદ્વાર સૂત્ર - લઘુવૃત્તિ | (૨૭) | ચતુર્વિંશતિ સ્તુતિ |
| (૨) | અનુયોગદ્વારવિવૃત્તિ | (૨૮) | ચતુર્વિંશતિ સ્તુતિ ટીકા |
| (૩) | અનેકાંત જય પતાકા | (૨૯) | ચૈત્યવંદનભાષ્ય (સં.) |
| (૪) | અનેકાંત જય પતાકાવૃત્તિ | (૩૦) | ચૈત્યવંદનવૃત્તિ (લલિતવિસ્તરા) |
| (૫) | અનેકાંત જય પતાકા ઉદ્યોતદીપિકા. | (૩૧) | જઇદિણકિચ્ચ (યતિદિનકૃત્ય) |
| (૬) | અનેકાન્ત પ્રઘટ્ટ | (૩૨) | જંબુદ્વીપસંગ્રહણી |
| (૭) | અનેકાન્ત પ્રવેશ | (૩૩) | જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ ટીકા |
| (૮) | અનેકાન્તવાદ પ્રવેશ | (૩૪) | જસહરચરિય (યશોધરચરિત) |
| (૯) | અનેકાન્ત સિદ્ધિ | (૩૫) | જિણહરપડિમાથોત્ત |
| (૧૦) | અર્હદ્ચુડામણિ | (૩૬) | જિન સ્તવ |
| (૧૧) | અષ્ટક પ્રકરણ | (૩૭) | જીવાભિગમસૂત્રલઘુવૃત્તિ |
| (૧૨) | આત્મસિદ્ધિ | (૩૮) | જ્ઞાનપંચકવિવરણ |
| (૧૩) | આત્માનુશાસન | (૩૯) | જ્ઞાનાદિત્ય પ્રકરણ |
| (૧૪) | આવશ્યકસૂત્રબૃહદ્વૃત્તિ | (૪૦) | ડુપડુપિકા (તત્ત્વાર્થટીકા) |
| (૧૫) | આવશ્યકસૂત્ર લઘુવૃત્તિ | (૪૧) | તત્તપયઃસગ (તત્ત્વાર્થટીકા) |
| (૧૬) | આવશ્યકવૃત્તિ | (૪૨) | તત્ત્વતરંગિણી |
| (૧૭) | ઉપદેશપદ | (૪૩) | ત્રિભંગીસાર |
| (૧૮) | ઉપદેશપ્રકરણ | (૪૪) | દંસણસત્તરિ (દર્શનસપ્તતિ) |
| (૧૯) | ઓઘનિર્યુક્તિવૃત્તિ | (૪૫) | દંસણસુદ્ધિ (દર્શનશુદ્ધિ) |
| (૨૦) | કથાકોશ | (૪૬) | દર્શનસપ્તતિકા |
| (૨૧) | કર્પૂરકાવ્ય | (૪૭) | દશવૈકાલિકસૂત્ર બૃહદ્વૃત્તિ |
| (૨૨) | કર્મસ્તવવૃત્તિ | (૪૮) | દશવૈકાલિકસૂત્ર લઘુવૃત્તિ |
| (૨૩) | કિતવકકથાનકપંચક | (૪૯) | દશવૈકાલિકાવચૂરિ |
| (૨૪) | કુલકો | (૫૦) | દિક્પદા (શાસ્ત્રવાર્તાસમુચ્ચયટીકા) |
| (૨૫) | ક્ષમાવલ્લીબીજ | | |
| (૨૬) | ક્ષેત્રસમાસવૃત્તિ | | |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૫૧) દિનશુદ્ધિ
(૫૨) દેવિંદનરઇન્દપયરણ
(૫૩) દ્વિજવદનચપેટા(વેદાંકુશ)
(૫૪) ધર્મસંગ્રહણી (ધમ્મસંગહણી)
(૫૫) ધર્મબિન્દુ
(૫૬) ધર્મલાભસિદ્ધિ
(૫૭) ધર્મસાર
(૫૮) ધર્મસારટીકા
(૫૯) ધુત્તક્ખાણ (ધૂર્તાખ્યાન)
(૬૦) ધ્યાનશતકવૃત્તિ
(૬૧) નંદીસૂત્ર લઘુવૃત્તિ
(૬૨) નાણાઇત્ત (જ્ઞાનાદિત્ય)
(૬૩) નાણાચિત્ત પયરણ
(૬૪) નાણાપંચગવક્ખાણ
(૬૫) નાણાયત્તક
(૬૬) નાનાચિત્રક
(૬૭) નાનાચિત્રપ્રકરણક
(૬૮) નૃતત્ત્વનિર્ણય (લોકતત્ત્વનિર્ણય)
(૬૯) ન્યાયપ્રવેશવ્યાખ્યા (શિષ્યહિતા)
(૭૦) ન્યાયવિનિશ્ચય
(૭૧) ન્યાયામૃતતરંગિણી
(૭૨) ન્યાયાવતારવૃત્તિ
(૭૩) પંચઠાણગ (પંચસ્થાનક)
(૭૪) પંચનિયંઠી (પંચનિર્ગ્રન્થી)
(૭૫) પંચલિંગી
(૭૬) પંચવત્થુગ (પંચવસ્તુક)
(૭૭) પંચવસ્તુટીકા
(૭૮) પંચસૂત્રક
(૭૯) પંચસૂત્રકવ્યાખ્યા
(૮૦) પંચસ્થાનક
(૮૧) પંચાશક
(૮૨) પરલોકસિદ્ધિ
(૮૩) પિંડનિર્યુક્તિવૃત્તિ
(૮૪) પ્રજ્ઞાપનાસૂત્ર પ્રદેશવ્યાખ્યા
(૮૫) પ્રજ્ઞાપનોપાંગવૃત્તિ
(૮૬) પ્રતિષ્ઠાકલ્પ
(૮૭) પ્રદેશટીકા (જીવાભિગમવૃત્તિ)
(૮૮) પ્રશમરતિટીકા
(૮૯) બૃહદ્મિથ્યાત્વ મંથન
(૯૦) બોટિકપ્રતિબોધ
(૯૧) ભાવનાસિદ્ધિ
(૯૨) ભાવાર્થમાત્રાવેદિની
(૯૩) મુણિવઇચરિય
(૯૪) યોગદૃષ્ટિસમુચ્ચય
(૯૫) યોગદૃષ્ટિ સમુચ્ચયટીકા
(૯૬) યોગબિન્દુ
(૯૭) યોગવિંશતિ
(૯૮) યોગશતક
(૯૯) લગ્ગકુંડલિયા (લગ્નકુંડલિકા)
(૧૦૦) લગ્નશુદ્ધિ
(૧૦૧) લઘુક્ષેત્રસમાસ
(૧૦૨) લોકબિન્દુ
(૧૦૩) વર્ગકેવલિવૃત્તિ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | |
|---|---|---|---|
| (૧૦૪) | વિંશતિવિંશિકા | (૧૨૧) | ષડદર્શનસમુચ્ચય |
| (૧૦૫) | વિમાણનરયઇંદ | (૧૨૨) | ષડ્દર્શની |
| (૧૦૬) | વિશેષાવશ્યકભાષ્યવૃત્તિ | (૧૨૩) | ષોડશકપ્રકરણ |
| (૧૦૭) | વીરત્થય (વીરસ્તવ) | (૧૨૪) | સંસારદાવાનલસ્તુતિ |
| (૧૦૮) | વીરાંગકથા | (૧૨૫) | સંસ્કૃતાત્માનુશાસન |
| (૧૦૯) | વેદબાહ્યતાનિરાકરણ | (૧૨૬) | સમરાઇચ્ચકહા |
| (૧૧૦) | વ્યવહારકલ્પ | | (સમારાદિત્યકથા) |
| (૧૧૧) | શતશતક | (૧૨૭) | સંબોધપ્રકરણ |
| (૧૧૨) | શાશ્વતજિનસ્તવન | (૧૨૮) | સંબોધસપ્રતિ |
| (૧૧૩) | શાસ્ત્રવાર્તા સમુચ્ચય | (૧૨૯) | સમ્મત્તસત્તરિ |
| (૧૧૪) | શ્રાવકધર્મતંત્ર | | (સમ્યકૃત્વસપ્રતિ) |
| (૧૧૫) | શ્રાવકધર્મપ્રકરણ | (૧૩૦) | સર્વજ્ઞસિદ્ધિ |
| (૧૧૬) | શ્રાવકધર્મસમાસ | (૧૩૧) | સર્વજ્ઞસિદ્ધિટીકા |
| (૧૧૭) | શ્રાવકધર્મસમાસવૃત્તિ | (૧૩૨) | સાધુપ્રવચન સાર પ્રકરણ |
| (૧૧૮) | શ્રાવકપ્રજ્ઞપ્તિ | (૧૩૩) | સાધુસામાચારી |
| (૧૧૯) | શ્રાવકપ્રજ્ઞપ્તિ ટીકા | (૧૩૪) | સ્યાદ્વાદકુચોદ્યપરિહાર |
| (૧૨૦) | શ્રાવકસામાચારી | (૧૩૫) | હિંસાષ્ટક |
| | | (૧૩૬) | હિંસાષ્ટકાવસૂરિ |

ઇત્યાદિ અનેક ગ્રંથો છે, જે આજે કેટલાક પ્રાપ્ય અને કેટલાક અપ્રાપ્ય છે. એકેક ગ્રંથો અત્યન્ત ચમત્કૃતિઓથી ભરેલ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અનુક્રમણિકા


| નંબર | વિષય | ગાથાંક | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| (૧) | મંગળાચરણ | ૧ | ૨ |
| (૨) | નિશ્ચયયોગનું વર્ણન | ૨/૩ | ૧૨ |
| (૩) | વ્યવહારયોગનું વર્ણન | ૪/૫ | ૧૯ |
| (૪) | વ્યવહારિક યોગની ઉપયોગિતા | ૬/૭૧ | ૨૪ |
| (૫) | યોગના અધિકારીનું વર્ણન | ૮ થી ૧૨ | ૨૮ |
| (૬) | અપુનર્બન્ધકનાં લિંગો | ૧૩ | ૪૨ |
| (૭) | સમ્યગ્દષ્ટિનાં લિંગો | ૧૪ | ૪૪ |
| (૮) | ચારિત્રવાનનાં લિંગો | ૧૫ | ૪૬ |
| (૯) | સામાયિક ચારિત્રનું વર્ણન | ૧૬ થી ૨૦ | ૫૦ |
| (૧૦) | આજ્ઞાયુક્તાનુષ્ઠાન તે યોગ | ૨૧ થી ૨૪ | ૬૮ |
| (૧૧) | અપુનર્બન્ધકાદિને આપવા યોગ્ય ઉપદેશનું વર્ણન | ૨૫ થી ૩૫ | ૭૮ |
| (૧૨) | અયોગ્યને અપાતો ઉપદેશ દારૂણ | ૩૬/૩૭ | ૧૧૭ |
| (૧૩) | ઉપરના ગુણસ્થાનકે જવાની વિધિ | ૩૮ થી ૪૫ | ૧૨૪ |
| (૧૪) | ભયાદિ પ્રસંગે શરણાદિના ઉપાયો | ૪૬ થી ૫૩ | ૧૫૦ |
| (૧૫) | કર્મનું સ્વરૂપ | ૫૪ થી ૫૮ | ૧૮૩ |
| (૧૬) | રાગ-દ્વેષ-મોહની વ્યાખ્યા | ૫૯/૬૦ | ૧૯૨ |
| (૧૭) | રાગાદિના સ્વરૂપ-પરિણામ અને વિપાકને વિચારવા માટેની વિધિ | ૬૧ થી ૬૬ | ૧૯૯ |
| (૧૮) | રાગના સ્વરૂપાદિનું ચિંતન | ૬૭ થી ૬૯ | ૨૧૨ |
| (૧૯) | દ્વેષના સ્વરૂપાદિનું ચિંતન | ૭૦ | ૨૧૯ |
| (૨૦) | મોહના સ્વરૂપાદિનું ચિંતન | ૭૧ થી ૭૭ | ૨૨૨ |
| (૨૧) | મૈત્રી આદિ ભાવનાઓનું વર્ણન | ૭૮ થી ૮૦ | ૨૪૬ |
| (૨૨) | યોગી મહાત્માના આહારનું વર્ણન | ૮૧ થી ૮૩ | ૨૫૯ |
| (૨૩) | યોગ પ્રભાવથી પ્રાપ્ત થતી લબ્ધિઓનું વર્ણન | ૮૪ થી ૮૫ | ૨૯૫ |
| (૨૪) | યોગાવસ્થાના ફળનું વર્ણન | ૮૫ થી ૮૯ | ૨૯૮ |
| (૨૫) | યોગબળે સામાયિકની શુદ્ધિ | ૯૦ થી ૯૬ | ૨૮૦ |
| (૨૬) | મૃત્યુકાલ જાણવાના ઉપાયો | ૯૭ થી ૯૯ | ૨૯૩ |
| (૨૭) | ગ્રંથનો ઉપસંહાર | ૧૦૦ | ૩૦૨ |




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मोक्षेण योजनाद् योगः, सर्वोऽप्याचार इष्यते ।
विशिष्य स्थानवर्णोऽलम्बनैकाग्र्यगोचरः ॥२७-१॥

कर्मयोगद्वयं तत्र, ज्ञानयोगत्रयं विदुः ।
विरतेष्वेव नियमात्त्, बीजमात्रं परेष्वपि ॥२७-२॥

कृपा - निर्वेद - संवेग - प्रशमोत्पत्तिकारिणः ।
भेदाः प्रत्येकमत्रेच्छा - प्रवृत्ति-स्थिर-सिद्धयः ॥२७-३॥

इच्छा तद्वत्कथाप्रीतिः प्रवृत्तिः पालनं परम् ।
स्थैर्यं बाधकभीहानिः सिद्धिरन्यार्थसाधनम् ॥२७-४॥

अर्थाऽऽलम्बनयोश्चैत्य - वन्दनादौ विभावनम् ।
श्रेयसे योगिनः स्थान - वर्णयोर्यत्न एव च ॥२७-५॥

आलम्बनमिह ज्ञेयं, द्विविधं रूप्यरूपि च ।
अरूपिगुणसायुज्ययोगोऽनालम्बनः परः ॥२७-६॥

प्रीतिभक्तिवचोऽसङ्गैः, स्थानाद्यपि चतुर्विधम् ।
तस्मादयोगयोगाप्ते - र्मोक्षयोगं क्रमाद् भवेत् ॥२७-७॥

स्थानाद्ययोगिनस्तीर्थोच्छेदाद्यालम्बनादपि ।
सूत्रदाने महादोषः इत्याचार्याः प्रचक्षते ॥२७-८॥

-પૂ. ઉપાધ્યાયજી કૃત જ્ઞાનયસારાષ્ટકમાં યોગસ્વરૂપાષ્ટક



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"जयन्तु श्रीवीतरागाः"

याकिनी - महत्तरा - सूनु - श्रीहरिभद्रसूरिविरचितं

स्वोपज्ञटीकया समलङकृतम्

# योगशतकम्

ॐ नमः सर्वज्ञाय । योगशतकस्य व्याख्या प्रस्तूयते । इह चादावेवाचार्यः शिष्टसमयप्रतिपालनाय विघ्नविनायकोपशान्तये प्रयोजनादि प्रतिपादनार्थं चेदं गाथासूत्रमुपन्यस्तवान् -

प्रणम्य वीतरागत्वं, स्मृत्वा वाग्देवताभिधम् ।
आचार्यहारिभद्रीयं, ग्रन्थमध्यात्मसङ्गतम् ॥ १ ॥
देवगुरुप्रसादेन, वक्ष्यामि मृदुभाषया ।
मुमुक्षूणां हितायैव, सटीकं योगशातकम् ॥ २ ॥
गुर्जरीयानुवादेन, संघकल्याणहेतुकम् ।
"धीरुभाई" मया नाम्ना, प्रयासो चाल्पमेधसा ॥ ३ ॥
कृतोऽयं भक्तिभावेन, चन्दनगन्धकारकः ।
स्वाद्यमानेक्षुनीत्यैव, मधुर रसप्रापकः ॥ ४ ॥
सफलस्तर्ह्यहं मन्ये, पाठ्योऽयंश्रमणैर्यदा ।
अस्योपार्जितपुण्येन, कल्याणमस्तु भूतले ॥ ५ ॥

### મંગળસૂચક શ્લોકોના અર્થ

શ્રી સર્વજ્ઞભગવન્તોમાં રહેલી વીતરાગ અવસ્થાને પ્રણામ કરીને તથા સરસ્વતી નામની શ્રુતજ્ઞાનની અધિષ્ઠાયિકા દેવીનું સ્મરણ કરીને આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી સંબંધી (અર્થાત્ તેમના બનાવેલા), અને અધ્યાત્મરસથી ભરપૂર એવા ટીકાસહિત યોગશતક વિષયક અર્થને દેવગુરુની પરમકૃપા વડે (આત્માર્થી) જીવોના કલ્યાણ માટે સરળ ભાષા દ્વારા હું કહીશ. ॥ ૧ - ૨ ॥

અલ્પબુદ્ધિવાળા "ધીરુભાઈ" એવા નામવાળા મારા વડે ગુજરાતી ભાષાનો અનુવાદ કરવા દ્વારા ચતુર્વિધ શ્રી સંઘના કલ્યાણના કારણભૂત, શ્રુતજ્ઞાન ઉપરના ભક્તિભાવે આ પ્રયાસ કરાયો છે. ચંદન જેમ જેમ ઘસાય તેમ તેમ વધુ સુગંધ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપે છે. અને શેરડી જેમ જેમ ચૂસાય તેમ તેમ વધુ મધુરતા આપે છે. તેની જેમ આ ગ્રંથ આધ્યાત્મિક સુવાસ અને મધુરરસને આપનાર છે. ॥ ૩ -૪ ॥

મારો આ પ્રયાસ ત્યારે હું સફળ માનીશ કે જ્યારે શ્રી શ્રમણભગવન્તો વડે (શ્રમણપ્રધાન શ્રી ચતુર્વિધ સંઘ વડે ) આ ગ્રંથ વધુ ને વધુ ભણાશે. આ પ્રયાસ સંબંધી ઉપાર્જન કરેલા પુણ્ય વડે સર્વ ઠેકાણે (સર્વ જીવોનું) કલ્યાણ હોજો. ॥૫॥

યાકિની નામનાં પરમવિદુષી - પૂજ્ય સાધ્વીજી મહારાજશ્રીના ધર્મપુત્ર એવા શ્રી હરિભદ્રસૂરીશ્વરજી વડે રચાયેલ અને પોતાની જ બનાવેલી ટીકા વડે સુશોભિત એવું **યોગશતક** કહેવાય છે.

ૐ એવા મન્ત્રાક્ષરપૂર્વક શ્રી સર્વજ્ઞ પરમાત્માને અમારા નમસ્કાર હોજો. હવે **યોગશતક** નામના ગ્રન્થની ટીકા શરૂ કરાય છે. મહામંગલકારી કોઈ પણ ગ્રંથનો પ્રારંભ કરતાં ભાવિમાં આવનારાં વિઘ્નોના વિધ્વંસ માટે મંગળાચરણ, તથા શિષ્ટ પુરુષોની મર્યાદાના પાલન માટે અને શિષ્ય-પ્રશિષ્યોના ગ્રંથપ્રવેશ માટે પ્રયોજન-સંબંધ-વિષય મહાત્મા પુરુષોએ કહેવા જોઈએ એવો શિષ્ટાચાર છે. આ ગ્રંથના કર્તા આચાર્યશ્રી હરિભદ્રસૂરિજી પણ શિષ્ટ નથી એમ નહિ અર્થાત્ શિષ્ટ જ છે. તેથી અહી આ ગ્રંથની આદિમાં જ શિષ્ટ પુરુષોની મર્યાદાનું પાલન કરવા માટે અને વિઘ્નોના સમૂહની શાન્તિ માટે પ્રયોજનાદિ, (આદિ શબ્દથી મંગળાચરણને) પ્રતિપાદન કરવા માટે આચાર્યશ્રી આ પ્રથમ ગાથાસૂત્ર જણાવે છે :-

**[४]णमिऊण [१]जोगिणाहं, [२]सुजोगसंदंसगं [३]महावीरं ।**
**[७]वोच्छामि [६]जोगलेसं, [५]जोगज्झयणाणुसारेणं ॥ १ ॥**

**तत्र शिष्टानामयं समयः, यदुत शिष्टाः क्वचिदिष्टे वस्तुनि प्रवर्तमानाः सन्त इष्टदेवतानमस्कारपूर्वकं प्रवर्तन्ते अयमप्याचार्यो न हि न शिष्ट इत्यतस्तत्समयप्रतिपालनाय, तथा श्रेयांसि बहुविघ्नानि भवन्तीति । उक्तं च-**

**श्रेयांसि बहुविघ्नानि, भवन्ति महतामपि ।**
**अश्रेयसि प्रवृत्तानां, क्वापि यान्ति विनायकाः ॥ इति**

સર્વે ગાથાઓમાં ઉપર આપેલા નંબરો અન્વય સૂચક છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ** :- યોગીઓના નાથ, તથા ઉત્તમ યોગમાર્ગના ઉપદેશક એવા **મહાવીર પ્રભુને** નમસ્કાર કરીને યોગસંબંધી શાસ્ત્રોને અનુસારે યોગમાર્ગના લેશમાત્રને ( આ ગ્રંથમાં) કહીશ. ॥ ૧ ॥

**ટીકાનુવાદ** :- ત્યાં શિષ્ટ પુરુષોનો આ આચાર જ છે કે કોઈ પણ ઈષ્ટ કાર્યમાં પ્રવર્તમાન થયા છતા શિષ્ટ પુરુષો ઈષ્ટદેવતાને નમસ્કાર કરવા પૂર્વક જ પ્રવૃત્તિ કરે છે. આ આચાર્યશ્રી પણ શિષ્ટ નથી એમ નહિ અર્થાત્ શિષ્ટ જ છે. આ કારણથી તે શિષ્ટ પુરુષોના આચારોનું પાલન કરવા માટે તથા કલ્યાણકારી કાર્યો હંમેશાં બહુવિઘ્નોવાળાં જ હોય છે. અન્ય ગ્રંથોમાં કહ્યું છે કે -

"કલ્યાણકારી કાર્યો મહંતોને પણ બહુવિઘ્નોવાળા હોય છે અને અકલ્યાણકારી કાર્યોમાં પ્રવર્તેલાઓને વિઘ્નો આપોઆપ ક્યાંય ચાલ્યાં જાય છે."

**પ્રશ્ન** :- ગ્રંથકાર અને ટીકાકાર શ્રી હરિભદ્રસૂરિજી એક જ છે. તો ટીકામાં "આ આચાર્ય શિષ્ટ નથી એમ નહિ અર્થાત્ શિષ્ટ જ છે" એમ આત્મપ્રશંસા કેમ કરી ? કારણ કે મહાત્મા પુરુષો સ્વમુખે પ્રશંસા કદાપિ કરતા નથી, તથા "આ આચાર્ય" આવા શબ્દો લખીને જાણે ટીકાકારથી ગ્રંથકાર જુદા હોય એવો ભાવ કેમ બતાવાય છે ? પોતે જ પોતાના માટે "આ આચાર્ય" એવો ભેદસૂચક શબ્દપ્રયોગ કેવી રીતે કરે ?

**ઉત્તર** :- "આ આચાર્ય પણ શિષ્ટ નથી એમ નહિ" આવા શબ્દો લખીને ટીકાકારે આત્મપ્રશંસા કરી નથી. પરંતુ સ્વરૂપ સૂચવ્યું છે કે સેંકડો ગ્રંથોના કર્તા આ હરિભદ્રસૂરિ આચાર્ય પણ શિષ્ટ જ છે. તથા આટલા ગ્રંથોના પ્રણેતા આચાર્ય પણ શિષ્ટોના આચારપાલનને આધીન છે. સ્વતંત્ર નથી. તો અન્યની તો વાત જ શું કરવી?

શિષ્ટોના આચારપાલનને પરવશ હોય તે જ યથાર્થશિષ્ટ છે સ્વમતિકલ્પનાએ વર્તે તે યથાર્થશિષ્ટ નથી. ઈત્યાદિ કારણો સમજવાં.

વળી ગ્રંથકર્તા અને ટીકાકાર દ્રવ્યથી એક જ હોવા છતાં પર્યાયાવસ્થાથી ભિન્ન છે. એટલે ટીકાકારશ્રી હરિભદ્રસૂરિજી પર્યાયની અપેક્ષાએ પોતાનાથી ભિન્ન એવા ગ્રંથકારશ્રી હરિભદ્રસૂરિજીને આશ્રયીને લખે છે કે આ ગ્રંથકર્તા આચાર્યશ્રી હરિભદ્રસૂરિજી શિષ્ટ નથી એમ નહિ અર્થાત્ શિષ્ટ જ છે. પર્યાયાવસ્થા આશ્રયી બન્ને આચાર્ય ભિન્ન થવાથી ટીકાકારશ્રી ગ્રંથકારશ્રીજીની પ્રશંસા કરે તે ઉચિત જ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. ઇત્યાદિ સુયોગ્ય તર્ક સ્વબુદ્ધિથી સમજવા.

**इदं च योगशतकं सम्यग्ज्ञानहेतुत्वात् श्रेयोभूतं वर्तते । अतो मा भूद् विघ्न इति विघ्नविनायकोपशान्तये''णमिऊण जोगिणाहं सुजोगसंदंसगं महावीरं'' इत्यनेनेष्टदेवतास्तवमाह -**

**प्रेक्षापूर्वकारिणश्च प्रयोजनादिशून्ये न प्रवर्तन्त इति प्रयोजनादिप्रतिपादनार्थं च ''वोच्छामि जोगलेसं जोगज्झयणाणुसारेणं'' इत्येतदाह - एष तावद् गाथा प्रस्तावः समुदायार्थश्च ।**

**अधुनाऽवयवार्थ उच्यते :-**

આ ''યોગશતક'' નામનો ગ્રંથ સમ્યગ્જ્ઞાનનું કારણ હોવાથી કલ્યાણસ્વરૂપ છે. કારણ કે વારંવાર આ અને આના જેવા અન્યગ્રંથોનું અધ્યયન કરવાથી રાગદ્વેષની ગ્રંથિ તૂટી જાય છે. મોક્ષાભિલાષ વધે છે. સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. આ કારણથી આ ઉત્તમકાર્યમાં કોઈ પણ પ્રકારનાં (નાના-મોટા) વિઘ્નો ન આવે એટલા માટે વિઘ્નોના સમૂહની શાન્તિને માટે ''णमिऊण जोगिणाहं सुजोगसंदंसगं महावीरं (યોગિઓના નાથ અને ઉત્તમ યોગમાર્ગના સંદર્શક એવા પ્રભુ મહાવીર સ્વામીને નમસ્કાર કરીને) આ મૂળ પ્રથમ ગાથાના પૂર્વાર્ધ વડે ગ્રંથકારશ્રી હરિભદ્રસૂરિજી ઇષ્ટદેવતા (પરમાત્મા, વીતરાગ દેવ શ્રી મહાવીર સ્વામી) ને નમસ્કાર કરવા સ્વરૂપ સ્તુતિમય મંગળાચરણ જણાવે છે.

मां भवात् - पापात् - विघ्नात् - गालयतीति मंगलम् = મને આ સંસારથી - પાપોથી - વિઘ્નોથી જે બચાવે તે મંગળ - પરમાત્માની ભાવપૂર્વક સ્તુતિ કરવાથી પૂર્વબધ્ધ પાપકર્મો છેદાય છે. તેથી વિઘ્નો દૂર થાય છે અને નિર્વિઘ્ને ઇષ્ટકાર્યની સિદ્ધિ થાય છે. કોઈ પણ ગ્રંથના પ્રારંભમાં મંગળાચરણ - વિષય - સંબંધ અને પ્રયોજન એમ અનુબંધચતુષ્ટય હોય છે. તેમાંથી પૂર્વાર્ધ વડે ગ્રંથકારશ્રીએ મંગળાચરણ જણાવ્યું.

બુદ્ધિપૂર્વક કાર્ય કરનારાઓ (એટલે કે બુદ્ધિપૂર્વક પૂર્વાપરનો વિચાર કરીને સમજી-શોચીને કાર્ય કરનારાઓ) પ્રયોજનાદિથી શૂન્ય (પ્રયોજન-વિષય-સંબંધથી શૂન્ય) એવા ગ્રંથમાં પ્રવૃત્તિ કરતા નથી. કારણ કે આ ગ્રંથ આત્માનુ હિત સાધે તેવા પ્રયોજનવાળો છે કે તેવા પ્રયોજન વિનાનો છે ? તે જાણ્યા વિના, તથા આ ગ્રંથમાં શું વિષય ચર્ચવાનો છે ? તે જાણ્યા વિના, તથા આ ગ્રંથ કયા પૂર્વપુરુષોના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વચનોના આધારે લખાયો છે ? તે જાણ્યા વિના ગ્રંથની પ્રમાણિકતા સિદ્ધ થતી નથી. અને ગ્રંથની પ્રમાણિકતા-ઉપાદેયતા જાણ્યા વિના બુદ્ધિશાળી પુરુષો ગ્રંથોમાં પ્રવૃત્તિ કેવી રીતે કરે? જો પ્રમાણિકતા જાણ્યા વિના પણ બુદ્ધિશાળી જીવો તેવા ગ્રંથોમાં પ્રવૃત્તિ કરે તો તેઓની ''પ્રેક્ષાવત્તા''ને ક્ષતિ આવે, અર્થાત્ પ્રેક્ષાવાન્ અને અપ્રેક્ષાવાન્માં તફાવત શું ? એટલા માટે પ્રયોજનાદિ શેષ ત્રણનું પ્રતિપાદન કરવા માટે ''वोच्छामि जोगलेसं जोगज्झयणाणुसारेणं આ મૂળ પ્રથમ ગાથાના ઉત્તરાર્ધ વડે પ્રયોજનાદિ જણાવે છે. યોગગ્રંથોના આધારે યોગનું લેશમાત્ર સ્વરૂપ હું કહીશ.

**વિષય** = जोगलेसं = ''યોગનું લેશમાત્ર સ્વરૂપ'' એ આ ગ્રંથનો વિષય છે. પૂર્વના આચાર્યોએ દ્વાદશાંગી આદિ મહાગ્રંથોમાં જે યોગનું સ્વરૂપ વર્ણવેલું છે. તેની અપેક્ષાએ હું મારો ગ્રંથ અને મારો ક્ષયોપશમ લઘુ હોવાથી યત્કિંચિત્ માત્ર યોગનું સ્વરૂપ કહીશ અથવા ગ્રંથકારશ્રીએ પોતાની લઘુતા બતાવવા लेस શબ્દનો પ્રયોગ કર્યો છે એમ પણ જાણવું. વિષયને અભિધેય પણ કહેવાય છે.

**સંબંધ** :- जोगज्झयणाणुसारेणं = ''યોગના ગ્રંથોને અનુસારે હું કહીશ'' આ પૂર્વાચાર્યવિરચિત યોગસંબંધી મહાગ્રંથોની સાથે સંબંધ જણાવે છે. સંબંધ ચાર જાતનો હોય છે : (૧) વાચ્ય-વાચકભાવ, (૨) સાધ્ય-સાધનભાવ, (૩) ઉપાદેય-ઉપાદાનભાવ, (૪) ગુરુપૂર્વક્રમ, આ ગ્રંથમાં લખાયેલા શ્લોકો-શબ્દો-ટીકાદિ વાચક છે. સાધન છે અને ઉપાદાન છે. અને તેનાથી જણાતો ભાવાર્થ તે વાચ્ય છે. સાધ્ય છે અને ઉપાદેય છે. આ પ્રમાણે પ્રથમના ત્રણ પ્રકારના સંબંધો આ ગ્રંથમાં છે જ, તે સ્વયં સમજી લેવા. તદુપરાંત પૂર્વાચાર્યવિરચિત યોગગ્રંથોના આધારે હું આ યોગનું સ્વરૂપ લખીશ. પણ મારી સ્વમતિકલ્પનાએ લખીશ નહિ એમ જે જણાવે છે તે ગુરુપૂર્વક્રમ નામનો ચોથો સંબંધ જાણવો.

આ જે અર્થ સમજાવવામાં આવ્યો તે તો ગાથાનો પ્રાસંગિક અર્થ અને આખી ગાથાનો સમુદિત અર્થ કહ્યો. પરંતુ ગાથાના એકેક પદનો અર્થ જાણવો હોય તો તે સમુદિત અર્થમાંથી શી રીતે જાણી શકાય ? તે માટે હવે એકેક અવયવનો (એકેક પદનો) અર્થ કહેવાય છે –

**नत्वा = प्रणम्य । कम् ? इत्याह - ''योगिनाथं'' = योगः = सज्ज्ञानादिसम्बन्धरूपो वक्ष्यमाणलक्षणो निश्चयादिभेदभिन्नः, स विद्यते येषां**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ते योगिनः - मुनयः, तेषां नाथो योगिनाथः, तथा च भगवान् वीतरागादीनां पश्चानुपूर्व्या अपुनर्बन्धकावसानानां तथातथोपकार करणपालनाद् नाथः तम् ।**

આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજીની કોઈ પણ ગ્રંથોના અર્થો લખવાની પદ્ધતિ એવી છે કે ગુજરાતી અર્થ કરવા માટે કરાતા અન્વય પ્રમાણે અર્થ લખતા નથી.પરંતુ પહેલા શબ્દનો પર્યાયવાચી શબ્દ લખવા દ્વારા અર્થ જણાવી બીજા શબ્દનો પર્યાયવાચી શબ્દ લખે. એમ ક્રમશઃ ગાથાના દરેક શબ્દોના પર્યાયવાચી શબ્દો લખવા દ્વારા અર્થ જણાવે છે. તથા કોઈ પણ એક પદને બીજા પદની સાથે જેવો સંબંધ હોય તે જણાવવા માટે किम् વિગેરે સર્વનામોનો પ્રયોગ કરી અર્થ ખુલ્લો કરવા પ્રયત્ન કરે છે. માટે આખી ગાથાના દરેક શબ્દોના અર્થો જાણીને અન્વય સંબંધ આપણે પોતે જાતે જ કરવાનો હોય છે.

णमिऊण = એટલે नत्त्वा અર્થાત્ પ્રણામ કરીને, કોને પ્રણામ કરીને ? તો જણાવે છે કે ''जोगिणाहं'' એટલે યોગિનાથને પ્રણામ કરીને હું યોગનું સ્વરૂપ જણાવીશ. અહીં **યોગિનાથ** શબ્દનો પ્રયોગ કર્યો છે એટલે શંકા થાય છે કે યોગ કોને કહેવાય ? યોગી કોને કહેવાય ? અને નાથ કોને કહેવાય ? તે ગ્રંથકારશ્રી સમજાવે છે –

આત્માનો સમ્યગ્જ્ઞાનાદિ રત્નત્રયીની સાથે જે સંબંધ થવો તે સંબંધસ્વરૂપ, હવે પછીની ગાથાઓમાં કહેવાતું છે લક્ષણ જેનું, તથા નિશ્ચય-વ્યવહારાદિ અનેકભેદોથી ભિન્ન-ભિન્ન સ્વરૂપવાળો યોગ છે.

આ આત્મા અનાદિકાળથી મિથ્યાદૃષ્ટિ છે. તે મિથ્યાત્વાવસ્થા મોક્ષમાર્ગની વિરોધિની છે. તેથી એકડા વિનાનાં મીંડા જેમ કોઈ આંક બતાવી શક્તાં નથી, તેમ સમ્યક્ત્વ વિના આવેલા કોઈ વ્યવહારિક ગુણો પણ ગુણવત્તાના ફળને આપતા નથી. તેથી આત્મા મોક્ષ તરફ જોડાતો નથી. માટે જ્યારે સમ્યક્ત્વ પામે અને તે સમ્યક્ત્વના પ્રતાપે જ્ઞાન-ચારિત્રનો જે યોગ થાય તે ત્રણે રત્નત્રયીનો આત્માને થયેલો જે સંબંધ તે આ આત્માને મોક્ષની સાથે જોડનાર છે. માટે તેને યોગ કહેવાય છે. मोक्षेण योजनात् = योगः ।

આ યોગના નિશ્ચય અને વ્યવહાર એમ બે ભેદો છે. તેમાંથી નિશ્ચયયોગનું વર્ણન ગાથા ૨ - ૩ માં, તથા વ્યવહારયોગનુ વર્ણન ગાથા ૪ - ૫માં જણાવાશે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્માને મોક્ષની સાથે જોડે એવો સમ્યગ્જ્ઞાનાદિ રત્નત્રયીનો જે સંબંધ તે યોગ. આવો તે યોગ વિદ્યમાન છે જે મહાત્માઓને, તે મહાત્માઓ = મુનિઓ યોગી કહેવાય છે. તેવા પ્રકારના યોગીઓના-મુનિઓના-મહાત્માઓના જે નાથ તે **યોગિનાથ** કહેવાય છે.

તીર્થંકર પરમાત્મા જ વીતરાગ (સામાન્ય કેવળી)થી પ્રારંભીને પશ્ચાનુપૂર્વીએ (૧૨-૧૧-૧૦-૯-૮-૭-૬ આદિ ગુણસ્થાનકવર્તી) યાવત્ અપુનર્બન્ધક સુધીના તમામ જીવો ઉપર તેવા તેવા પ્રકારે ઉપકાર કરનારા, અને પ્રાપ્ત ગુણોનું પાલન (સંરક્ષણ) કરનારા હોવાથી તીર્થંકર પરમાત્મા **નાથ** કહેવાય છે.

**યોગ** અને **ક્ષેમ** કરે તેને નાથ કહેવાય છે. તીર્થંકર પરમાત્માઓ ઉપકાર નહિ પામેલા એવા અનુપકૃત જીવોના ઉપર ઉપકાર કરનારા હોવાથી **યોગ** કરનારા કહેવાય છે અને ઉપકાર પામેલા સાધુ-સંતો આદિ ઉપકૃત જીવોનું તેઓમાં આવેલો ઉપકાર ચાલ્યો ન જાય તેનું પાલન-સંરક્ષણ-જતન કરનારા હોવાથી ક્ષેમ કરનારા કહેવાય છે. આ પ્રમાણે તીર્થંકર ભગવન્તો યોગ તથા ક્ષેમ કરનારા હોવાથી નાથ કહેવાય છે, તેવા યોગિનાથ તીર્થંકર પરમાત્મા મહાવીર સ્વામીને પ્રણામ કરીને હું આ યોગનો ગ્રંથ શરૂ કરું છું. આ પ્રમાણે સંબંધ જોડવો.

**अयमेव विशेष्यते ''सुयोगसन्दर्शकं'' = शोभनो योगः = औचित्यादिविशेषरूपतया एकान्ततः सानुबन्धफलहेतुः चित्रभेदो गुरुविनयादिरूप इति-तस्य सन्दर्शकः - सम्यग् - आसेवनोपदेशद्वारेण दर्शकः = सन्दर्शकः । तथा च भगवांश्चरमदेहतया कर्मवशितायामपि तथाविधविनेयानुग्रहाय जानानोऽपि विचित्रानभिग्रहानासेवितवान् इति तम् । कमेवम्भूतम् ? इत्याह -**

આ જ યોગિનાથ તીર્થંકર મહાવીર સ્વામી કેવા છે તે વિશેષણ દ્વારા વિશિષ્ટ કરે છે. એટલે કે યોગિનાથને વિશેષણ દ્વારા અન્યથી ભિન્ન કરે છે. વિશેષણનો અર્થ જ એ છે કે અર્થને વિશિષ્ટ કરે. ઇતરથી ભિન્ન કરે. આવા પ્રકારનાં વિશેષણો બે જાતનાં હોય છે. (૧) સ્વરૂપસૂચક વિશેષણ અને (૨) ઇતરભેદસૂચક વિશેષણ.

જ્યારે વિવક્ષિત વસ્તુને ઇતરથી જુદી કરવાનો આશય ન હોય, અથવા ઇતર વસ્તુ જ ન હોય ત્યારે મુકાતાં વિશેષણો સ્વરૂપસૂચકવિશેષણો કહેવાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેમ કે ''આ સાકર મધુર છે. અહીં આ સાકર કે ઈતર સાકર બધી ગળી જ હોય છે. એટલે ઈતર સાકરથી ભેદ કરવાનો આશય નથી. માત્ર સાકરનું સ્વરૂપ જ બતાવાય છે. માટે ''મધુર'' વિશેષણ સ્વરૂપસૂચક છે. તેવી જ રીતે યોગિનાથ એવા મહાવીરસ્વામી કેવા ? યોગનું સમ્યગ્સ્વરૂપ બતાવનારા, બધા જ યોગિનાથો યોગનું સ્વરૂપ બતાવનારા જ હોય છે. તેથી આ વિશેષણ ભેદસૂચક નથી પરંતુ સ્વરૂપસૂચક છે. તથા श्वेतं वस्त्रं आनय ઈત્યાદિ વાકયોમાં લખાતું શ્વેત વિશેષણ કૃષ્ણાદિ ઈતર વસ્ત્રોથી આ વસ્ત્રનો ભેદ સૂચવે છે. તે ઈતરભેદસૂચક વિશેષણ જાણવું.

सुयोगसन्दर्शकम् = શોભન એવો જે યોગ, ઉત્તમ એવો જે યોગ, તેને બતાવનારા એવા મહાવીર પ્રભુને પ્રણામ કરીને યોગનું સ્વરૂપ જણાવીશ. ''ઉચિત આચરણ કરાવું'' (એટલે કે જે કાર્યવાહીથી ધર્મપ્રવૃત્તિ વેગવંતી બને તેવી તે તે ગુણઠાણાને ઉચિત પ્રવૃત્તિ કરવી.) ઈત્યાદિ વિશિષ્ટ સ્વરૂપપણે ભવોભવમાં એકાન્તે વૃદ્ધિ જ કરવામાં કારણભૂત = એટલે કે ભવોભવમાં એકાન્તે સાનુબન્ધ = વધારે ને વધારે ગાઢ સંસ્કારો આપવામાં કારણભૂત, ગુરુવિનય-શુશ્રુષા આદિ ચિત્ર-વિચિત્ર અનેક ભેદોવાળો આ યોગ તે सुयोग = ઉત્તમ યોગ કહેવાય છે. કારણ કે તે યોગ આત્માને મોક્ષની સાથે જોડી આપે છે.

તે યોગને સારી રીતે બતાવનારા = તે તીર્થંકર ભગવન્તો પોતે જાતે આવા પ્રકારના ઉત્તમયોગનું આસેવન કરવા દ્વારા અને યથોચિત (જેવા પ્રકારના જીવો હોય તેઓને તેમના યોગ્ય) ઉપદેશ આપવા દ્વારા યોગનું સ્વરૂપ બતાવનારા જે તીર્થંકર પ્રભુ તે સંદર્શક પ્રભુ કહેવાય છે. અહીં ભગવાનને આસેવન દ્વારા યોગ બતાવનારા કહ્યા છે તેનો અર્થ એ છે કે ભગવાન્ ચરમ શરીરવાળા હોવાથી કર્મો તેઓને પરવશ હોવા છતાં પણ = કર્મો ઉપર તેઓએ વિજય મેળવેલો હોવા છતાં પણ તેવા પ્રકારના શિષ્યોના ઉપકાર માટે જ જાણતા હોવા છતાં પણ જાણે પોતે જાતે આચરણ કરીને યોગનું સ્વરૂપ સમજાવવા ઈચ્છતા હોય તેવી રીતે ચિત્ર-વિચિત્ર = અનેક પ્રકારના અભિગ્રહોને સેવનારા જે પ્રભુ મહાવીર સ્વામી હતા, તેમને નમસ્કાર કરીને આ ગ્રંથ શરૂ કરું છું.

ભાવાર્થ એ છે કે તે તે ગુણસ્થાનકોને ઉચિત આચરણ એવું કરવું કે જે ઉત્તરોત્તર ગુણવૃદ્ધિનું કારણ બને અને ભવોભવમાં સાનુબંધફળનું = ગાઢ સંસ્કારનું કારણ બને તે ગુરુવિનયાદિ અનેકવિધ જે યોગ તે સુયોગ કહેવાય છે. આવો સુયોગ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાને સ્વયં આચરણ કરવા વડે અને ઉપદેશ આપવા વડે બીજાને બતાવ્યો તેથી આવા સુયોગના ઉપદેશક પ્રભુ મહાવીર સ્વામીને પ્રણામ કરીને આ ગ્રંથ હું શરૂ કરું છું.

આવા યોગિનાથ અને ઉત્તમ યોગમાર્ગના ઉપદેશક પ્રભુ કોણ હતા ? કે જેને તમે નમસ્કાર કર્યો. તેના ઉત્તરમાં વિશેષ્યને હવે જણાવે છે :-

**''महावीरं'' = शूर - वीर - विक्रान्तौ इति कषायादिशत्रुजयाद् महाविक्रान्तो महावीरः । ''ईर् गतिप्रेरणयोः'' इत्यस्य वा विपूर्वस्य विशेषेणेरयति कर्म याति वेह शिवमिति वीरः। महांश्चासौ वीरश्च महावीरः = वर्तमानतीर्थेश्वरस्तम्। एवं नत्वा किम् ? अत आह = वक्ष्ये-अभिधास्ये । किम् ? इत्याह = योगलेशं = योगैकदेशम् तत्त्वतो व्यापकत्वेऽपि अस्य ग्रन्थाल्पतया एवं व्यपदेशः कर्पूरादिलेशवदविरुद्ध एव । कुतो वक्ष्ये ? किं स्वमनीषिकया ? न, इत्याह- ''योगाध्यनानुसारेण'' योगाध्ययनं'' प्रवचनप्रसिद्धम्, तदनुसारेण = तन्नीत्या।।**

ઉપરોક્ત બન્ને વિશેષણોવાળા એવા **મહાવીર** પ્રભુને નમસ્કાર કરીને આ ગ્રંથને હું કહીશ. હવે મહાવીર શબ્દમાં **વીર** શબ્દનો અર્થ જણાવે છે शूर् અને वीर् આ બે ધાતુઓ ધાતુપાઠમાં વિક્રાન્તિ અર્થમાં (પરાક્રમ-બહાદુરી અર્થમાં) વર્તે છે. પ્રભુ મહાવીરસ્વામી કષાયાદિ (રાગ-દ્વેષ-મોહ-અજ્ઞાન-કષાય વિગેરે ભાવશત્રુઓ)નો વિજય કરનાર હોવાથી મહાન્ પરાક્રમ વાળા એવા પ્રભુ શ્રી મહાવીરસ્વામી. આ વ્યુત્પત્તિમાં वीर् ધાતુ જાણવો.

અથવા इर् ધાતુ ગમન કરવું અને પ્રેરણા કરવી એવા બે અર્થમાં વર્તે છે. અને वि ઉપસર્ગ છે. વિશેષે કરીને કર્મોને જે દૂર કરે તે વીર. અથવા વિશેષે કરીને (એટલે ફરીથી પાછા સંસારમાં ન આવવું પડે તે રીતે) શિવગતિ અર્થાત્ મોક્ષગતિને જે પામે છે તે વીર કહેવાય છે. મહાન્ એવા જે વીર તે મહાવીર પ્રભુ. અહીં વિશેષણંપૂર્વપદ કર્મધારય સમાસ જાણવો. વર્તમાન તીર્થના અધિપતિ એવા જે પ્રભુ મહાવીરસ્વામી તેમને.

આવા પ્રભુને પ્રણામ કરીને શું કરવાનું છે ? આવો પ્રશ્ન થવો સંભવિત છે. આ કારણથી જણાવે છે કે હું કહીશ, હું અભિધાન કરીશ. શું કહેશો ? યોગના લેશભાગને એટલે કે યોગના એકદેશ માત્રને કહીશ. આવા પ્રભુને પ્રણામ કરીને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોગના માત્ર એકલેશભાગને આ ગ્રંથમાં વર્ણવીશ.

તાત્ત્વિક રીતિએ વિચાર કરીએ તો આ ગ્રંથમાં કહેવાતું યોગનું વર્ણન વ્યાપક (એટલે સંપૂર્ણ) હોવા છતાં પણ અક્ષરરચનાની અપેક્ષાએ ગ્રંથ અલ્પ = નાનો (ફક્ત ૧૦૦ ગાથા પ્રમાણ જ) હોવાથી આ પ્રમાણે વ્યપદેશ કરેલ છે. જેમ કપુરની ગોટી પ્રમાણમાં નાની હોવા છતાં તેની સુવાસ ચોતરફ બહુ જ વિસ્તરે છે. તેની જેમ આ ગ્રંથ પણ અક્ષરથી નાનો (ગાથાથી અલ્પ) હોવા છતાં પણ અર્થથી વ્યાપક (અર્થાત્ પૂર્ણ) છે. આ પ્રમાણે કહેવું તે યુક્તિસંગત હોવાથી અવિરુધ્ધ જ છે.

આ યોગશતક ગ્રંથમાં કહેવાતું યોગનું વર્ણન હું ક્યાંથી કહીશ ? આવું મને કોઈ પૂછે. અર્થાત્ હે આચાર્યશ્રી ! તમે કયાંથી કહેશો ? એટલે પૂર્વાચાર્યકૃત ગ્રંથોમાંથી કહેશો ? કે શું તમારી પોતાની બુદ્ધિથી જ કહેશો ? તેનો આચાર્યશ્રી ઉત્તર આપે છે કે - ના, હું મારી સ્વબુદ્ધિથી નથી કહેવાનો. પરંતુ પૂર્વાચાર્યવિરચિત જે યોગસંબંધી અધ્યયનો = શાસ્ત્રો પ્રવચનમાં પ્રસિદ્ધ છે તે અધ્યયનો (શાસ્ત્રો)ના અનુસારે જ એટલે કે તે શાસ્ત્રોમાં કહેલી નીતિ-રીતિ મુજબ જ યોગના લેશભાગનું વર્ણન આ ગ્રંથમાં હું કરીશ.

**एवं चेह ग्रन्थकारस्य योगलेशाभिधानमनन्तरप्रयोजनम्, योगलेश एवाभिधीयमानोऽभिधेयम्, साध्यसाधनलक्षणश्च सम्बन्धः । श्रोतृणां तु योगलेशज्ञानमनन्तरप्रयोजनं, ( परंपरा प्रयोजनं ) तु द्वयोरपि मुक्तिरेव, तत्त्वज्ञानपूर्विकत्वाद् मुक्तेः । न चास्य योगं मुक्त्वा अपर उपायः । यथोक्तम्ः**

આ પ્રમાણે આ ગ્રંથમાં "યોગના લેશભાગનું કથન" એ જ ગ્રંથકર્તાનું (વક્તાનું) **અનંતર પ્રયોજન** છે. આ ગ્રંથમાં કહેવાતો "યોગનો લેશ ભાગ" એ જ **અભિધેય** = વિષય છે. સાધ્ય-સાધન સ્વરૂપ સંબંધ સમજવો, એટલે કે આ ગ્રંથ તે સાધન છે અને તેનાથી પ્રાપ્ત થતું જે યોગસંબંધી જ્ઞાન તે સાધ્ય છે. એમ **સંબંધ** જાણવો. યોગના લેશભાગનું જ્ઞાન મેળવવું એ શ્રોતાનું અનંતર પ્રયોજન જાણવું. તથા આ યોગજ્ઞાન દ્વારા "મુક્તિ પ્રાપ્ત કરવી" તે શ્રોતા અને વક્તા એમ બન્નેનું પરંપરા પ્રયોજન છે. કારણ કે મુક્તિ તત્ત્વજ્ઞાન પૂર્વક જ થાય છે. અને આ તત્ત્વજ્ઞાન મેળવવાનો ઉપાય યોગને મૂકીને બીજો કોઈ જ નથી. (યોગબિન્દુમાં) કહ્યું છે કે :-

**वादांश्च प्रतिवादांश्च, वदन्तोऽनिश्चितांस्तथा ।**
**तत्त्वान्तं नैव गच्छन्ति, तिलपीलकवद् गतौ ॥ ६७ ॥**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अध्यात्ममत्र परम, उपायः परिकीर्तितः ।
गतौ सन्मार्गगमनं, यथैव ह्यप्रमादिनः ॥ ६८ ॥
मुक्त्वाऽतोवादसङ्घट्ट[1] मध्यात्ममनुचिन्त्यताम् ।
नाविधूते[2] तमस्कन्धे, ज्ञेये ज्ञानं प्रवर्तते ॥ ६९ ॥
औचित्याद् वृत्तयुक्तस्य, वचनात् तत्त्वचिंतनम् ।
मैत्र्यादिसारमत्यन्तमध्यात्मं तद्विदो विदुः ॥ ३५८ ॥
अतः पापक्षयः सत्त्वं, शीलं ज्ञानं च शाश्वतम् ।
तथानुभवसंसिद्धममृतं ह्यद एव तु ॥ ३५९ ॥
''योगबिन्दुः ॥ इत्यादि ॥

**अध्यात्मं च योग इति यथोदितप्रयोजनसिद्धिः । पर्याप्तं प्रसङ्गेन इति गाथार्थः ॥ १॥**

તલ પીલવાની ઘાણીમાં બાંધેલો બળદ નિત્ય ગતિ કરવા છતાં કંઈ ફળ પામતો નથી તેવી રીતે અનિશ્ચિતપણે વાદ અને પ્રતિવાદોને રજૂ કરતા એવા વાદી અને પ્રતિવાદીઓ (પોતપોતાના પક્ષમાં અત્યંત આગ્રહી હોવાથી) તત્ત્વાન્તને એટલે તત્ત્વના સારને પામતા નથી ॥ ૬૭ ॥

વસ્તુનું નિત્યાનિત્ય-ભિન્નાભિન્ન ઈત્યાદિ જે નિશ્ચિત-યથાર્થ સ્વરૂપ છે. તેને નહિ જાણતો અને એકાંતનિત્ય-એકાંતાનિત્ય, એકાંતભિન્ન-એકાંત અભિન્ન ઈત્યાદિ અનિશ્ચિત=અયથાર્થ સ્વરૂપને વાદ-વિવાદમાં બોલતો પુરુષ તત્ત્વના સારને પામતો નથી. અથવા પોતે સ્વયં કંઈ નહિ સ્વીકારતો કેવળ સામેની વ્યક્તિમાં દોષો કહેવા દ્વારા વિતંડાવાદને જ કરતો પોતે તત્ત્વનું સ્વરૂપ સ્વીકારવામાં અનિશ્ચિત એવા વાદ-પ્રતિવાદને કરતો પુરુષ હૃદયમાં તત્ત્વસ્વીકૃતિ ન હોવાથી તત્ત્વના સારને પામતો નથી ॥ ૬૭ ॥

ઈષ્ટ નગરે પહોંચવા માટે અપ્રમત્તપણે ગમન કરનારાને સજ્જન પુરુષોએ બતાવેલા માર્ગનું ગમન એ જ જેમ પરમ ઉપાય છે, તેમ મોક્ષમાર્ગ પ્રત્યે ગમન કરનારા મુમુક્ષુ આત્માઓને ''અધ્યાત્મમાર્ગ'' એ જ પરમ ઉપાય છે. ॥ ૬૮ ॥

આ કારણથી વાદ-વિવાદના સંઘર્ષને ત્યજીને એક અધ્યાત્મનો જ વિચાર

૧. सङ्घट्ट = સંઘર્ષ ૨. अविधूते = દૂર કરવામાં ન આવે તો = વિશેષ દૂર ન કરાયે છતે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરો, કારણ કે (મિથ્યાભિનિવેશ રૂપ) અંધકારનો સમૂહ જો દૂર કરવામાં ન આવ્યો હોય તો જ્ઞેયવસ્તુમાં જ્ઞાન પ્રવર્તતું નથી. અભિનિવેશ રૂપ અંધકાર તજ્યા વિના જ્ઞેયવસ્તુનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થતું નથી ॥ ૬૯ ॥

ઉચિત પ્રવૃત્તિ કરવા પૂર્વક (જે કાર્યવાહીથી ધર્મપ્રવૃત્તિ વેગવંતી બને તેવી પોતાના ગુણઠાણાને યોગ્ય પ્રવૃત્તિ કરવાપૂર્વક) અણુવ્રત અને મહાવ્રતોથી યુક્ત એવા આત્માનું જિનેશ્વરભગવંતોના વચનોના આધારે મૈત્રી આદિ ચારભાવનાઓનો સાર છે જેમાં એવું જીવ-અજીવાદિ વિષયોનું જે અતિશય સૂક્ષ્મ તત્ત્વચિંતન, તેને જ અધ્યાત્મવિદ્ પુરુષો "અધ્યાત્મ"કહે છે (એ જ મોક્ષનો પરમ ઉપાય છે). ॥ ૩૫૮ ॥

આ અધ્યાત્મથી જ પાપનો ક્ષય થાય છે. વીર્યોલ્લાસની ધર્મકાર્યોમાં વૃદ્ધિ થાય છે. ચિત્તની પ્રસન્નતા (સંસ્કારિમત્તા)ની પ્રાપ્તિ થાય છે. અને અપ્રતિપાતી (કેવળ) જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તેથી આ "અધ્યાત્મ" જ અનુભવસિદ્ધ "અમૃત" છે. કારણ કે અતિશય ભયંકર મોહ રૂપ વિષવિકારને હણનાર આ અધ્યાત્મ જ છે. જેમ અમૃત વિષને હણે છે તેમ આ અધ્યાત્મ મોહને હણે છે. ॥ ૩૫૯ ॥

"આ અધ્યાત્મ એ જ યોગ છે" માટે યોગથી પાપક્ષય-સત્ત્વ-શીલ અને જ્ઞાન પ્રાપ્ત થવા દ્વારા ગ્રંથકર્તા અને શ્રોતા એમ બન્નેનું પરંપરાપ્રયોજન પૂર્વે કહેવું (મોક્ષપ્રાપ્તિ સ્વરૂપ) સિદ્ધ થાય છે. આટલી પ્રાસંગિક ચર્ચા વડે સર્યું. ॥ ૧ ॥

**અવતરણ** = इह योगो द्विधा-निश्चयतो व्यवहारतश्चेति । अस्य लक्षणमाह = અહીં યોગના શાસ્ત્રોમાં યોગ બે પ્રકારનો છે– નિશ્ચયથી અને વ્યવહારથી. તે બન્ને પ્રકારના આ યોગનું લક્ષણ જણાવે છે :-

**[७]निच्छयओ [८]इह [९]जोगो, [१]सण्णाणाईण [२]तिण्ह [३]संबंधो ।**
**[४]मोक्खेण [५]जोयणाओ, [१०]णिद्दिट्ठो [६]जोगिनाहेहिं ॥ २ ॥**

**"निश्चयतः" - निश्चयेन-अक्षेपफलं नियमफलं वाऽङ्गीकृत्य तद्भावेन "इह"-लोके प्रवचने वा । "योगः" - धर्मविशेषः । "सज्ज्ञानादीनां" - सज्ज्ञानस्य सद्दर्शनस्य सच्चारित्रस्य च । सद्ग्रहणं मिथ्याज्ञानादिव्यवच्छेदार्थम्, एतेषां त्रयाणां "सम्बन्धः":- मीलकः - एकात्मन्यवस्थानमित्यर्थः । त्रयाणामिति च**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**न्यूनाधिकसंख्यानिरासार्थम्, त्रयाणामेव सम्बन्धो निश्चयतो योगः । कुतः ? इत्यन्वर्थमाह :-**

**ગાથાર્થ** :- સમ્યગ્જ્ઞાનાદિ ત્રણે રત્નોનો આત્માની સાથે જે સંબંધ તે આ આત્માને મોક્ષની સાથે જોડતો હોવાથી યોગિનાથ એવા તીર્થંકર પરમાત્માઓ વડે નિશ્ચયથી અહીં જૈનપ્રવચનમાં યોગ કહેવાયેલો છે. ॥ ૨ ॥

**ટીકાનુવાદ** = નિશ્ચયથી એટલે કે નિશ્ચયનયની અપેક્ષાએ (૧) જે જલ્દી ફળ આપે તે, અથવા (૨) અવશ્ય ફળ આપે તે એમ બે અર્થને આશ્રયી અહીં =આપ્તપુરુષોમાં અથવા જૈનપ્રવચનમાં तद्भावेन = તે ભાવે એટલે તે નિશ્ચયનયની અપેક્ષાએ યોગ કહેવાય છે. યોગ એટલે વિશિષ્ટ એવો ધર્મપરિણામવિશેષ. જે ધર્મ તુરત જ મુક્તિરૂપ ફળ આપે અથવા જે ધર્મ (કાળાન્તરે પણ) અવશ્ય મુક્તિફળ આપે જ, તે જ ધર્મ સાચો **યોગ** કહેવાય છે. એમ આપ્તપુરુષો અને પ્રવચન કહે છે. એવા પ્રકારનો કયો ધર્મ છે કે જે તુરત અથવા અવશ્ય મુક્તિફળ આપે જ? તો ગ્રંથકારશ્રી જણાવે છે કે સમ્યગ્જ્ઞાનાદિ રત્નત્રયીનો સંબંધવિશેષ તે ધર્મ તુરત અને અવશ્ય ફળ આપનાર છે.

સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્દર્શન, અને સમ્યગ્ ચારિત્ર એમ આ ત્રણે રત્નોનો આત્માની સાથે સંબંધ, આત્માની સાથે મિલન થવું એટલે કે એક આત્મામાં આ ત્રણેનું અવસ્થિત થવું તે. રત્નત્રયીનો સંબંધવિશેષ **યોગ** કહેવાય છે. અહીં જ્ઞાનાદિમાં આગળ सद् શબ્દનું ગ્રહણ મિથ્યાજ્ઞાનાદિ (મિથ્યાજ્ઞાન, મિથ્યાદર્શન અને મિથ્યા ચારિત્ર એમ ત્રણેના વ્યવચ્છેદ માટે કરેલ છે. એટલે મિથ્યાજ્ઞાંનાદિ તે યોગ કહેવાતો નથી પરંતુ સમ્યગ્જ્ઞાનાદિ જ યોગ કહેવાય છે.

જેમ ઈષ્ટ નગરે પહોંચવા માટે તેના માર્ગનું યથાર્થજ્ઞાન, તે માર્ગના યથાર્થ જ્ઞાન પ્રત્યે વિશ્વાસ, અને તે જ માર્ગે ગમન એમ ત્રણે કરાય તો જ ઈષ્ટ નગરની પ્રાપ્તિ થાય છે, તેની જેમ મોક્ષનગર પ્રત્યે સમ્યગ્જ્ઞાનાદિ જ હેતુ છે. માટે તે રત્નત્રયીના સંબંધને જ યોગ કહેવાય છે. અહીં મૂલગાથામાં त्रयाणाम् શબ્દ જે લખ્યો છે તે ન્યૂન કે અધિકની સંખ્યાના વ્યવચ્છેદ માટે છે. આ સમ્યગ્જ્ઞાનાદિ રત્નો ત્રણ જ છે. તેનાથી અધિક પણ નથી અને હીન પણ નથી. તેથી તે ત્રણનો જ આત્માની સાથે જે સંબંધ તે નિશ્ચયનયથી **યોગ** કહેવાય છે.

**પ્રશ્ન** :- આ રત્નત્રયીના સંબંધને "**યોગ**" કેમ કહેવાય છે ? એટલે કે યોગ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવું નામાભિધાન કેમ કરાયું ? તેનો ઉત્તર આચાર્યશ્રીઆપે છે કે :-

**''मोक्षेण योजनात्'' कृत्स्नकर्मक्षयो मोक्षः, अपुनर्बन्धकत्वेनात्मन आत्मन्येवावस्थानम्, तेन योजनाद् घटनात्, कारणात् । नेदं स्वमत्युत्प्रेक्षितं योगलक्षणमित्याह - ''निर्दिष्टो योगिनाथै :'' निर्दिष्टः - प्रतिपादितः, योगिनः मुनयः, तन्नाथैः- वीतरागैरर्हद्भिरिति । अनेन मुक्तबाहुल्यमाह । तदद्वैते योगनैरर्थक्यप्रसङ्गात्, सदनन्तरस्य सदनन्तरत्वानुपपत्तेः तत्रैव लयासम्भवात् । इति गाथार्थः ॥ २ ॥**

યોગ શબ્દ યુજ્ ધાતુ ઉપરથી બને છે. યુજ્ એટલે જોડવું. જે ધર્મકરણી આત્માને મોક્ષની સાથે જોડી આપે તે ધર્મકરણીને યોગ કહેવાય છે. આવી ધર્મકરણી તે રત્નત્રયીનો સંબંધવિશેષ જ છે. તે જ આત્માને મોક્ષની પ્રાપ્તિ કરાવે છે.

**પ્રશ્ન** :- **મોક્ષ** કોને કહેવાય ?

**ઉત્તર** :- આત્માને લાગેલાં સર્વે કર્મોનો જે ક્ષય તે જ મોક્ષ કહેવાય છે. આત્માનું એવી અપૂર્વ આત્માવસ્થામાં વર્તવું કે જ્યાં ફરીથી કર્મો બાંધવાં પડે નહી. અપુનર્બન્ધકાવસ્થા = ફરીથી કર્મ ન બાંધવાં પડે તેવી શુદ્ધ-બુદ્ધ-નિરંજન-નિરાકાર એવી આત્માવસ્થા તે મોક્ષ કહેવાય છે.

સમ્યગ્જ્ઞાનાદિ રત્નત્રયીનો આ સંબંધ આત્માને આવા પ્રકારની મુક્તિની સાથે જોડનાર હોવાથી, મુક્તિની સાથે સંઘટન - સંબંધ કરાવનાર હોવાથી, અથવા મુક્તિની પ્રાપ્તિનું કારણ હોવાથી તે રત્નત્રયીના સંબંધને જૈનશાસ્ત્રોમાં **યોગ** કહેલ છે. તથા આપ્તપુરુષોમાં પણ આ રત્નત્રયીના સંબંધને જ યોગ કહેલ છે. યોગનું આ લક્ષણ અમે અમારી સ્વમતિથી કલ્પેલું નથી પરંતુ યોગીઓ એટલે કે મુનિઓ, તેઓના જે નાથ એટલે કે વીતરાગ અરિહંત એવા જે તીર્થંકર પરમાત્માઓ છે તેઓ વડે યોગનું આવું સ્વરૂપ (લક્ષણ) બતાવાયું છે. આવા પ્રકારના રત્નત્રયીના સંબંધને યોગ કહેવાયો છે.

મૂળગાથામાં ''जोगिनाहेहिं'' આ પદમાં જે બહુવચન બતાવાયું છે તે મુક્તજીવોની બહુલતા સૂચવવા માટે છે અર્થાત્ મોક્ષે ગયેલા - સિદ્ધ થયેલા મુક્ત જીવો એક-બે -પાંચ કે સંખ્યાત - અસંખ્યાત નથી પરંતુ અનંતા છે. એમ બહુલતા જણાવવા માટે છે. અન્ય દર્શનકારો (નૈયાયિક વૈશેષિક - વેદાન્તિક વિગેરે દર્શનકારો) ઈશ્વર - સર્વજ્ઞ - પરમાત્મા એક જ છે એમ માને છે. તેના પ્રતિક્ષેપ માટે આ બહુવચન છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જો મુક્તાત્મા (ઈશ્વર - પરમાત્મા) એક જ હોય અર્થાત્ અદ્વૈત જ હોય એમ માનીએ તો બીજા સંસારી જીવોને મુક્તિ પ્રાપ્ત કરવા માટે કરાતું આ "યોગનું સેવન" નિરર્થક જ થવાનો પ્રસંગ આવે. કારણ કે ઈશ્વર એક હોવાથી હવે બીજા કોઈની મુક્તિ સંભવે નહિં. બીજા કોઈને મોક્ષે જવાનો ચાન્સ લાગે જ નહિ. તેથી યોગસેવન કરીને પણ શું કરવાનું ?

**પ્રશ્ન** :- "ઈશ્વર એક જ છે " એમ અમે માનીશું. તોપણ સંસારી જીવોનું મોક્ષપ્રાપ્તિ માટે કરાતું યોગસેવન નિરર્થક નહીં થાય. કારણ કે અહીં સંસારમાં જેઓ સારી રીતે આ યોગનું સેવન કરશે તેઓ ભવાન્તરમાં મોક્ષે જઈ મુક્તમાં રહેલા એક ઈશ્વરમાં લીન થઈ જશે. જેમ જ્યોતમાં જ્યોત ભળી જાય તેમ આ આત્મા ઈશ્વરમાં જ ભળી જશે, લય થઈ જશે તેથી સંસારી જીવોનું યોગસેવન નિષ્ફળ જશે નહીં.

**ઉત્તર** :- આ પ્રશ્ન બરાબર નથી કારણ કે **सदनन्तरस्य सदनन्तरत्वानुपपत्तेः** =કોઈ પણ ભિન્ન એવું એક સદ્દ્રવ્ય, ભિન્ન એવા બીજા સદ્દ્રવ્યસ્વરૂપે થતું નથી. જેમ આત્મા અને શરીર અનાદિકાળથી સાથે રહે છે છતાં આત્માનો એક પ્રદેશ પણ શરીરરૂપ બનતો નથી, શરીરનો એક અણુ આત્મારૂપે બનતો નથી. તેવી જ રીતે લોહ - અગ્નિ, દૂધ-પાણી, સાથે રહે છે. પરંતુ એક દ્રવ્ય બીજા દ્રવ્ય સ્વરૂપે થતું નથી. નિગોદાવસ્થામાં એક જ શરીરમાં અનંતા જીવો સાથે રહે છે પરંતુ કોઈ એક જીવ દ્રવ્ય બીજા જીવ દ્રવ્ય સ્વરૂપે થતું નથી તે કારણથી યોગસેવનથી સંસારી જીવોનો મુક્તગત ઈશ્વરના આત્મામાં લય થવો અસંભવિત જ છે. માટે મોક્ષે ગયેલા મુક્ત આત્માઓ અનંતા છે, સ્વતંત્ર છે, સૌ પોત-પોતાના જ્ઞાનાદિ ગુણોના સ્વામી છે, અને પોત-પોતાના સ્વપર્યાયમાં વર્તનારા છે. ॥ ૨ ॥

**અવતરણ** :- [1]**सज्ज्ञानादिलक्षणमाह** – સમ્યગ્જ્ઞાનાદિનું લક્ષણ કહે છે-

**[3]सण्णाणं [1]वत्थुगओ [2]बोहो, [6]सद्दंसणं तु [4]तत्थ [5]रुई।**
**[10]सच्चरणमणुट्ठाणं[9], [8]विहिपडिसेहाणुगं [7]तत्थ ॥ ३ ॥**

---

૧. सज्ज्ञानादि શબ્દમાં જે सज् શબ્દ છે. ત્યાં મૂળ सद् = સમ્યગ્ - યથાર્થ શબ્દ જાણવો सद् નો द् દન્ત્ય છે અને જ્ઞાન શબ્દમાં આવેલો ज्ञ શબ્દ ज् + ञ् નો બનેલો છે. તે તાલવ્ય છે એટલે "**तवर्गस्य**" ૧।૩।૬૦। સૂત્રથી द् નો ज् થયેલો છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"सज्ज्ञानं"- सम्यग्ज्ञानं, "वस्तुगतः" वस्त्वालम्बनः बोधः परिच्छेदः, निरालम्बनस्य बोधस्यासम्भवात्, सम्भवेऽपि सज्ज्ञानत्वायोगात्, मरुमरीचिकादिबोधे तथादर्शनात्, अन्यथा अस्य सदितरत्वाभाव इति । तथा "सद्दर्शनं तु" सम्यग्दर्शनं पुनः, "तत्र"-वस्तुनि, "रुचिः" - श्रद्धा, "तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्" (तत्त्वार्थ सूत्र-१-२) इति वचनात्, अन्यथा चेयं ज्ञानात् आवरणभेदेन क्वचित् तद्भावेऽप्यभावादिति । तथा "सच्चरणं" = सम्यक् चारित्रम्, "अनुष्ठानं" = क्रियारूपं, "विधिप्रतिषेधानुगं" विधिप्रतिषेधावनुगच्छति, आगमानुसारीत्यर्थः ।"तत्र" = इति वस्तुन्येव अस्य महाव्रतरूपत्वात्, तेषां च बाह्यविषयत्वात्, "पढमम्मि सव्वजीवा" (આવશ્યક નિર્યુક્તિ-ગાથા ૭૯૧) इति वचनात्, अन्यथा अस्याभाव इति भावनीयम्।

**ગાથાર્થ** = વસ્તુસંબંધી જે યથાર્થ બોધ તે સમ્યગ્જ્ઞાન, તે વિષયમાં જે રુચિ તે સમ્યગ્દર્શન, તથા વિધિ-પ્રતિષેધને અનુસરનારું જે અનુષ્ઠાન તે સમ્યગ્ચારિત્ર કહેવાય છે. ॥૩॥

**ટીકાનુવાદ** = જ્ઞેય વસ્તુસંબંધી જે યથાર્થ બોધ તે સમ્યગ્જ્ઞાન કહેવાય છે. જે જ્ઞાનમાં જ્ઞેયવસ્તુ આલંબનરૂપ હોય તે જ જ્ઞાન સમ્યગ્જ્ઞાન કહેવાય છે. જ્ઞેય વસ્તુના આલંબન વિના જ્ઞાનનો અસંભવ છે. એટલે કે નિરાલંબન જ્ઞાન સંભવે જ નહિ. જેમ કે આકાશમાં ઉપર નજર નાખીએ તો પક્ષી અથવા પ્લેન ઊડતું જતું હોય તો જ તેનું જ્ઞાન થાય અને તે યથાર્થ જ્ઞાન કહેવાય. પરંતુ પક્ષી અથવા પ્લેન ઉડતું જ ન હોય તો તે સંબંધી જ્ઞાન થશે નહિ માટે નિરાલંબન જ્ઞાનનો અસંભવ છે. કદાચ ચક્ષુર્ભ્રમાદિથી વિષય ન હોય તોપણ જ્ઞાન સંભવે, જેમ પીળીયાના રોગવાળાને ધોળામાં પીળું દેખાય, તિમિરાદિના રોગવાળાને એક ચંદ્ર હોવા છતાં દ્વિચંદ્રનું જ્ઞાન થાય તેમ જ્ઞેય વિષય વિનાનું જ્ઞાન કદાચ થાય પરંતુ તે સમ્યગ્જ્ઞાન બની શકતું નથી. ઝાંઝવાના જળમાં થતા જલજ્ઞાનમાં તેવું ભ્રમજ્ઞાન દેખાય જ છે.

જો એમ ન માનીએ તો એટલે કે જ્ઞેય હોતે છતે પણ જ્ઞાન થાય છે અને જ્ઞેય ન હોતે છતે પણ જ્ઞાન થાય છે. એમ બન્ને જો માનીએ તો अस्य - આ જ્ઞાન सत् = સમ્યગ્ છે અને આ જ્ઞાન इतर - મિથ્યા છે. આવા પ્રકારનો सत् અને इतर (असत्) પણાના ભેદનો અભાવ થશે, માટે જ્ઞેય હોતે છતે તેના આલંબન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાળું જે જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન.

તથા सद्दर्शन = એટલે સમ્યગ્દર્શન. તેનો અર્થ એવો છે કે तत्र = એટલે તે વસ્તુમાં, रुचिः = એટલે શ્રદ્ધા થવી. તે જ્ઞેયવસ્તુમાં યથાર્થ પણે જે વસ્તુનું જેવું સ્વરૂપ હોય તે વસ્તુમાં તેવા સ્વરૂપની રુચિ થવી, શ્રદ્ધા થવી તે સમ્યગ્દર્શન કહેવાય છે. તત્ત્વાર્થાધિગમસૂત્રમાં પૂજ્ય ઉમાસ્વાતિજીએ કહ્યું છે કે - **"તત્ત્વભૂત અર્થોની જે યથાર્થશ્રદ્ધા તે સમ્યગ્દર્શન કહેવાય છે."** સૂત્ર-૧-૨. આવા પ્રકારનું પૂજ્ય ઉપાધ્યાયજી મ. આદિ મહાત્માઓનું વચન પ્રમાણ હોવાથી રુચિ - શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહેવાય છે.

ः च इयं ज्ञानात् अन्यथा = તથા વળી આ શ્રદ્ધા જ્ઞાનથી અન્યથા એટલે કે ...ન છે. અર્થાત્ જ્ઞાન અને શ્રદ્ધા બન્ને ભિન્ન-ભિન્ન ગુણો છે. બન્નેનાં આવરણીય ...ા ભિન્ન - ભિન્ન છે. જ્ઞાન જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી થાય છે. અને શ્રદ્ધા ...નમોહનીયના ક્ષયોપશમથી થાય છે. આ પ્રમાણે બન્નેનાં આવરણીય કર્મો ભિન્ન ...ભિન્ન હોવાથી આ શ્રદ્ધા જ્ઞાનથી ભિન્ન છે. કોઈ વખતે તે જ્ઞાન હોતે છતે પણ ...દ્ધાનો અભાવ હોય છે. અને કોઈ વખતે તે શ્રદ્ધા હોતે છતે જ્ઞાનનો પણ અભાવ ...ય છે. એટલે કે અંગારમર્દકાચાર્યાદિની જેમ કોઈ જીવને વિશિષ્ટ જ્ઞાન હોવા ...તાં પણ શ્રદ્ધાનો અભાવ હોય છે. અને કોઈ વખત માષતુષમુનિ આદિની જેમ અપૂર્વ શ્રદ્ધા હોવા છતાં પણ જ્ઞાનાવરણીય કર્મનો વિશિષ્ટ ક્ષયોપશમ ન હોવાથી જ્ઞાનનો અભાવ હોય છે. માટે इयं = શ્રદ્ધા ज्ञानात् = જ્ઞાનથી अन्यथा = ભિન્ન જાણવી.

તથા "सच्चरणं"= એટલે કે સમ્યગ્ચારિત્ર, વિધિ-પ્રતિષેધને અનુસરનારું, આગમાનુસારી ક્રિયાસ્વરૂપ જે ધર્માનુષ્ઠાન તે સમ્યગ્ચારિત્ર, એટલે કે કરવા લાયક એવાં કાર્યોને કરવાં જેમ કે તપ-ત્યાગ-સ્વાધ્યાય - પ્રતિક્રમણાદિ કરવાં તે વિધિ, અને તજવા લાયક કાર્યોને ત્યજવાં તે પ્રતિષેધ જેમ કે આરંભ-સમારંભ-અસત્યભાષણ-ચોરી ઈત્યાદિ તજવા લાયક કાર્યોનો ત્યાગ તે પ્રતિષેધ. આગમમાં કહ્યા મુજબ વિધેયકાર્યોમાં વિધિ, અને હેય કાર્યોમાં પ્રતિષેધવાળું જે ધર્માનુષ્ઠાન તે સમ્યગ્ચારિત્ર.

મૂળ ગાથામાં કહેલો तत्थ=तत्र શબ્દ એમ સૂચવે છે કે આ વિધિ અને પ્રતિષેધસ્વરૂપ અનુષ્ઠાન ત્યાં=એટલે કે વિધેય અને પ્રતિષેધ્ય પદાર્થોને વિષે જ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમજવું, કારણ કે આ વિધિ-પ્રતિષેધસ્વરૂપ જે અનુષ્ઠાન છે તે મહાવ્રતસ્વરૂપ છે, અને તે પાંચે મહાવ્રતો વિધેય અને પ્રતિષેધ્ય એવા જીવ-અજીવ આદિ બાહ્યપદાર્થ વિષયક છે. જેમકે પહેલા મહાવ્રતમાં સર્વ જીવો અને તેના ઉપલક્ષણથી જીવના આકારવાળાં અજીવો (પ્રાણીના આકારની ચોકલેટો-ભરત-વિગેરે)ને હણવા નહિ, હણાવવા નહિ, હણતાને અનુમોદવા નહિ. તથા જીવ કે અજીવ વિષયક જુઠુ બોલવું નહિ, તથા જીવ કે અજીવ પદાર્થોની નાની-મોટી ચોરી કરવી નહિ. જીવ-અજીવ વિષયક વાસના - અબ્રહ્મ કે વિકાર કરવો નહિ ઇત્યાદિ. આ પાંચે મહાવ્રતોમાં બાહ્ય એવા જીવ-અજીવવિષયક પ્રતિષેધ્ય હિંસા-જૂઠ-ચોરી-અબ્રહ્મ અને પરિગ્રહ સમજાવ્યા. તેવી જ રીતે જ્ઞાનાચાર-દર્શનાચાર-ચારિત્રાચાર-તપાચાર અને વીર્યાચાર એમ પાંચ પ્રકારના આચારો જે વિધેય છે તેનું તથા તેનાં તેનાં સાધનો જીવસ્વરૂપ હોય કે અજીવસ્વરૂપ હોય (જેમ ભણાવનારાદિ જીવસ્વરૂપ, પાટી પુસ્તકાદિ અજીવસ્વરૂપ) તેનું ગ્રહણ કરવું તે સમ્યગ્ચારિત્ર જાણવું. આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે "**પહેલા મહાવ્રતમાં સર્વજીવો સમજવા.**" ઇત્યાદિ પાઠનું વચન પ્રમાણ હોવાથી આ સમ્યગ્ચારિત્ર જાણવું.

**અન્યથા** = જો એમ ન સમજીએ અને ગમે તેમ વિધિ નિષેધ કરીએ તો હેયમાં વિધિ અને ઉપાદેયમાં પ્રતિષેધ ઇત્યાદિ અસ્ત-વ્યસ્ત=અયથાર્થ થવાથી તેવા પ્રકારના વિધિ-નિષેધને अस्य = આ સમ્યગ્ચારિત્રનો अभावः = અભાવ જ કહેવાય છે અર્થાત્ આવા ઊલટ-સુલટ વિધિ-નિષેધને સમ્યગ્ચારિત્ર કહેવાતું નથી. આ પ્રમાણે સૂક્ષ્મ બુદ્ધિથી સ્વયં સમજી લેવું.

**क्रमश्चायमेषाम् , निश्चयत इत्थमेव भावात् । तथाहि - नाज्ञाते श्रद्धा, अश्राद्धस्य वाऽनुष्ठानमिति । उक्तं च "यदि जानात्युत्पन्नरुचिस्ततो दोषान्निवर्तते" । अन्यत्र तु सम्यग्दर्शनोपन्यास आदौ व्यवहारमतेन कर्मवैचित्र्यात् तथाभावतोऽविरुद्ध एव इति गाथार्थः ॥ ३ ॥**

एषाम् = આ સમ્યગ્જ્ઞાન - દર્શન - અને ચારિત્ર એમ રત્નત્રયીનો अयम् क्रमः = આ જ ઉત્પત્તિક્રમ છે. કારણકે નિશ્ચયનયથી આ રત્નત્રયી આ રીતે જ ઉત્પન્ન થાય છે. તે આ પ્રમાણે = પદાર્થને જાણ્યા વિના શ્રદ્ધા થતી નથી. અને શ્રદ્ધા વિનાના જીવને યથાર્થ વિધિનિષેધાનુસારી અનુષ્ઠાન હોતું નથી. અન્ય શાસ્ત્રોમાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહ્યું છે કે :- "જો આ આત્મા પ્રથમ વસ્તુતત્ત્વને બરાબર જાણે-સમજે તો તેનાથી ઉત્પન્ન થઈ છે રુચિ જેને એવો તે મહાત્મા દોષોથી નિવૃત્તિ પામી શકે." સારાંશ એ છે કે જેમ દૂર દૂર ખૂણામાં પડેલા સર્પને પ્રથમ આત્મા સર્પ તરીકે જાણે છે. પછી છંછેડવા દ્વારા હલન-ચલનાદિ પ્રક્રિયા વડે જાણેલા સર્પના જ્ઞાનની શ્રદ્ધા કરે છે. ત્યારબાદ સર્પ સમજીને દૂર ભાગે છે. તેવી રીતે નિશ્ચયનયની દૃષ્ટિથી આ આત્મા પ્રથમ વસ્તુતત્ત્વને જાણે છે. જેમ જેમ જ્ઞાનીનાં વચનો સમજાતાં જાય તેમ તેમ તે વચનો ઉપર અનુપમ અને અડગ શ્રદ્ધા વધતી જાય અને તે બન્ને (જ્ઞાન અને શ્રદ્ધા) થવાથી આ જીવ યથાયોગ્ય દોષોથી નિવૃત્તિ પામે છે. માટે નિશ્ચયનયથી રત્નત્રયીનો આ જ ઉત્પત્તિક્રમ છે.

પરંતુ અન્યત્ર = તત્ત્વાર્થાધિગમ સૂત્ર ૧ - ૧ માં, તથા નવપદજીના યંત્રમાં, ઈત્યાદિ સ્થાનોમાં સમ્યગ્દર્શનનો જે પ્રથમ ઉપન્યાસ કરવામાં આવ્યો છે તે વ્યવહારનયના મતે સમજવો. કારણ કે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી નવપૂર્વાદિનું જ્ઞાન ભલે પ્રાપ્ત થયું હોય તોપણ દર્શન મોહનીય કર્મનો જો ક્ષયોપશમ થયો ન હોય અને સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું ન હોય તો આટલું બધું મેળવેલું જ્ઞાન પણ અજ્ઞાન જ છે. જ્ઞાનને સમ્યગ્જ્ઞાન ત્યારે જ કહેવાય કે જો સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું હોય તો જ, આ પ્રમાણે મોહનીયકર્મના ક્ષયોપશમ વિના જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ પણ નિરર્થક હોવાથી કર્મોની આવા પ્રકારની વિચિત્રતાને લીધે વ્યવહારનયના મતે तथाभावतः = તેમ થતું હોવાથી = પહેલું સમ્યગ્દર્શન અને પછી સમ્યગ્જ્ઞાન થતું હોવાથી આ દૃષ્ટિ પણ અવિરુધ્ધ જ છે. ઉચિત જ છે. ॥ ૩ ॥

**અવતરણ:- एवं निश्चयसारत्वाद् योगस्यादौ तन्मतेन लक्षणमभिधायाधुना व्यवहारमतेनाभिधातुमाह** = આ પ્રમાણે નિશ્ચયનય પ્રધાન હોવાથી પ્રારંભમાં તે નિશ્ચયનયના મતે યોગનું લક્ષણ કહીને હવે વ્યવહારનયના મતે યોગનું લક્ષણ કહે છે :-

**[૮]ववहारओ उ [૯]एसो, [૧૦]विन्नेओ [૧]एयकारणाणं [૨]पि ।**
**[૩]जो [૪]संबंधो [૫]सो [૬]विय, [૭]कारण- कज्जोवयाराओ ॥ ४ ॥**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

''व्यवहारतस्तु''- सामान्येन फलं प्रति योग्यतामधिकृत्य ''एष'' = प्रस्तुतो योगः ''विज्ञेयः''-ज्ञातव्यः । किम्भूतः ? इत्याह- ''एतत्कारणानामपि'' सज्ज्ञानादिकारणानामपि गुरुविनयादीनाम् अपिशब्दात् सज्ज्ञानादीनामपि सर्वनयभावाङ्गीकरणेन यः सम्बन्धः सोऽपि च योगो विज्ञेयः । चशब्दादनन्तरोदितश्च । कथम् ? इत्याह - ''कारणे कार्योपचाराद्'' = योगकारणे - अनन्तर-परम्परभेदभिन्ने कार्योपचाराद्- योगोपचारात् । दृष्टश्चायं प्रयोगो यथा-आयुर्घृतम् तण्डुलान् वर्षति पर्जन्यः । इति गाथार्थः ॥ ४ ॥

**ગાથાર્થ** :- આ રત્નત્રયીનાં કારણો (જે ગુરુવિનયાદિ છે. તે)ની સાથે આત્માનો જે સંબંધ તે પણ કારણમાં કાર્યનો ઉપચાર કરવાથી વ્યવહાર નયના મતે ''योग'' કહેવાય છે. એમ જાણવું. ॥ ૪ ॥

**ટીકાનુવાદ** = જે યોગ ફળપ્રાપ્તિ પ્રત્યે સામાન્યથી યોગ્યતા ધારણ કરે છે. (પરંતુ નિશ્ચયનયવાળા યોગની જેમ અનન્તર ફળ આપે અથવા નિયમા ફળ આપે એવો નિયમ જ્યાં નથી) એવો જે આ પ્રસ્તુત યોગ તે વ્યવહારનયથી યોગ કહેવાય છે. એમ જાણવું.

જેમ કે ઘઉંના પ્રત્યેક કણ અંકુરોત્પાદનની યોગ્યતા સામાન્યથી ધરાવે છે. પરંતુ પ્રત્યેક કણમાંથી અનન્તર અંકુરા થાય જ, અને નિયમા અંકુરા થાય જ એવો નિયમ નથી, કારણ કે લોટ કરીને ભોજન પણ બનાવાય પરંતુ યોગ્યતા માત્રથી કારણને કાર્યોત્પત્તિનું કારણ સમજી વ્યવહાર થાય છે. તેની જેમ ગુરુવિનયાદિ ગુણો યોગની ઉત્પત્તિની યોગ્યતા ધરાવતા હોવાથી વ્યવહારનયથી યોગ કહેવાય છે.

વ્યવહારનયથી તે યોગ કેવા પ્રકારનો છે ? તે જણાવે છે કે - આ સમ્યગ્જ્ઞાનાદિ જે રત્નત્રયી છે. તેના કારણભૂત એવાં જે ગુરુવિનય સ્વાધ્યાય-વૈયાવચ્ચ-ગુરુવંદનાદિ ધર્માનુષ્ઠાનો છે. તે ધર્માનુષ્ઠાનોની સાથે આ આત્માનો જે સંબંધ તે વ્યવહારનયથી યોગ કહેવાય છે. મૂળ ગાથામાં કહેલા '' अपि'' શબ્દથી એમ સમજવું કે સમ્યગ્જ્ઞાનાદિ રત્નત્રયીની સાથે આત્માનો જે સંબંધ તે તો યોગ છે જ. પરંતુ તેનાં કારણો એવા ગુરુવિનયાદિ ગુણોની સાથે આત્માનો જે સંબંધ તે પણ સર્વનયોના ભાવ ને આશ્રયી એટલે બન્ને નયોના અભિપ્રાયને આશ્રયી યોગ જાણવો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સારાંશ કે રત્નત્રયી તો આત્માના વાસ્તવિક ગુણો છે. તેથી તે ગુણોની સાથે આત્માનો જે સંબંધ તે તો **યોગ** કહેવાય જ. કારણ કે તે મુક્તિનું પ્રધાન કારણ છે. પરંતુ તે રત્નત્રયીના કારણભૂત એવા ગુરુ વિનયાદિ ધર્માનુષ્ઠાનોને પણ જે યોગ કહેવામાં આવે છે તે સર્વનયોના જે અભિપ્રાયો, તેને અંગીકાર કરીને કહેવાય છે. એટલે કે નિશ્ચયનયથી જેમ કાર્યને કાર્ય કહેવાય છે. તેમ વ્યવહાર નયથી કાર્યના કારણને પણ કારણમાં કાર્યનો ઉપચાર કરીને કાર્ય કહેવાય છે. તેથી વ્યવહારનયથી ગુરુવિનયાદિ રૂપ ધર્માનુષ્ઠાનો પણ રત્નત્રયીનાં કારણો હોવાથી યોગ કહેવાય છે. જેમ રત્નત્રયીનો જે સંબંધ તે નિશ્ચયનયથી યોગ કહેવાય છે. તેમ રત્નત્રયીનાં કારણોની સાથેનો જે સંબંધ તે પણ વ્યવહાર નયથી યોગ કહેવાય છે. આ પ્રમાણે નિશ્ચયનય અને વ્યવહારનય એમ સર્વે નયોના (બન્ને નયોના) અભિપ્રાયને ધ્યાનમાં રાખીને બન્નેને યોગ કહેલ છે. એમ સમજવું.

**अपि** શબ્દથી જેમ કારણોના સંબંધને પણ યોગ કહ્યો તેમ મૂળ ગાથામાં કહેલા **च** શબ્દથી અનન્તર (બીજી- ત્રીજી ગાથામાં) કહેલા રત્નત્રયીના સંબંધને પણ યોગ કહેવાય છે. અર્થાત્ બન્નેને ક્રમશઃ બન્ને નયોની અપેક્ષાએ યોગ કહેવાય છે.

વ્યવહારનયથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને જે યોગ કહેવામાં આવ્યો તે કારણો બે પ્રકારનાં છે : (૧) અનન્તર (૨) પરંપર. એમ બન્ને ભેદોવાળાં ભિન્ન ભિન્ન કારણોમાં કાર્યનો ઉપચાર = યોગોપચાર થવાથી બન્ને પ્રકારનાં કારણોને યોગ કહેવાય છે. તે અનન્તર અને પરંપર એમ બન્ને પ્રકારનાં કારણો સમજાવવા વ્યાવહારિક એક દૃષ્ટાન્ત આપે છે કે **"ઘી એ જ આયુષ્ય છે"** આવો જે વ્યવહારપ્રયોગ દેખાય છે તે અનન્તરકારણમાં કાર્યોપચારનું દૃષ્ટાન્ત છે. ઘી આદિ માદક પદાર્થો આયુષ્યની સ્થિતિનું (સ્થિરતાનું) અનન્તર કારણ બને છે. માટે ઘીને જ આયુષ્ય કહેવાય છે. ઘી એ આયુષ્યનું કારણ હોવાથી ઘી તે જ આયુષ્ય છે. આ અનન્તરકારણમાં કાર્યોપચાર થયો. તેવી રીતે રત્નત્રયીનાં અનન્તરકારણ ગુરુવિનયાદિની સાથે આત્માનો જે સંબંધ તે યોગ કહેવાય. આ અનન્તરકારણમાં કાર્યોપચાર જાણવો. તથા (૨) "વરસાદ તંદુલ વરસાવે છે." આ દૃષ્ટાન્તમાં હકીકતથી તંદુલનો વરસાદ કદાપિ થતો નથી, પરંતુ વરસાદ પાણી જ વરસાવે છે. છતાં વરસાદનું તે પાણી તંદુલના પાકનું કારણ બને છે. તેથી તંદુલ વરસાવે છે એમ કહેવાય છે. અહીં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તંદુલનું કારણ પાણી, અને પાણીનું કારણ વરસાદ, એમ તંદુલનું પરંપરાએ કારણ વરસાદ બને છે. તે પરંપરાએ કારણ એવા વરસાદમાં તંદુલકાર્યનો ઉપચાર કરેલ છે. તેની જેમ રત્નત્રયીનાં અનંતરકારણ ગુરુવિનયાદિ, અને ગુરુવિનયાદિનાં જે કારણો સેવા-વૈયાવચ્ચ-ભક્તિ આદિ, તે કારણનું પણ કારણ થયું. તેમાં યોગનો ઉપચાર કરવો તે પરંપરકારણમાં કાર્યોપચારથી યોગ સમજવો. આ પ્રમાણે વ્યવહારનયથી અનંતર અને પરંપર એમ બન્ને પ્રકારનાં કારણોમાં કાર્યનો ઉપચાર કરવાથી યોગ જાણવો. ॥ ૪ ॥

**અવતરણ :- प्रस्तुतयोगमेव स्वरुपत आह :-**

હાલ પ્રસ્તુત એવા વ્યવહારનયના યોગને જ સ્વરૂપથી સમજાવે છે :-

**[1]गुरुविणओ [4]सुस्सूसाइया य, [2]विहिणा उ [3]धम्मसत्थेसु ।**
**[5]तह [6]चेवाणुट्ठाणं, [8]विहि-पडिसेहेसु [7]जहसत्तिं ॥ ५ ॥**

**''गुरुविनयः''-पादधावनादिः,''शुश्रूषादयश्च''शुश्रूषा-श्रवण-विज्ञान-धारणोहाऽपोह-तत्त्वाभिनिवेशाश्च,''विधिना तु''=विधिनैव स्थानशुद्ध्यादिना, अविधेः प्रत्यवायहेतुत्वात्, अकृतोऽविधिकृतयोगाद् वरम्, असच्चिकित्सोदाहरणादिति भावनीयम् । क्वैवं शुश्रूषादयः ? इत्याह - ''धर्मशास्त्रेषु''-आचारोत्तमश्रुतादिष्वित्यर्थः ।तथैव''अनुष्ठानं''=क्रियारूपं, ''विधि-प्रतिषेधयोः'' - धर्मशास्त्रोदितयोः । कथम् ? इत्याह ''यथाशक्ति'' = करणाकरणयोः शक्त्युल्लङ्घनेन । इति गाथार्थः ॥ ५ ॥**

**ગાથાર્થ :-** (૧) ગુરુજીનો વિનય કરવો, (૨) વિધિપૂર્વક (સ્થાનશુદ્ધિ આદિ શુદ્ધિ સાચવવા પૂર્વક) ધર્મશાસ્ત્રોને વિષે સાંભળવા આદિની (સાંભળવું ધારણકરવું. ઉહાપોહ કરવો ઇત્યાદિની) ઇચ્છા, (૩) તથા વિધિ-પ્રતિષેધનાં કાર્યોમાં યથાશક્તિ આચરણ કરવું તે વ્યવહાર યોગ કહેવાય છે ॥ ૫ ॥

**ટીકાનુવાદ :** હવે વ્યવહારયોગ કોને કહેવાય તે સમજાવે છે :-

(૧) ગુરુજીનો વિનય કરવો. જેમ કે ગુરુજીના પગ ધોવા, શરીરસેવા કરવી, આહાર-પાણી-ઔષધિ આદિથી પરિચર્યા કરવી, તથા તેમનાં કાર્યોમાં સહાયક થવું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) શુશ્રૂષાદિ = ધર્મશાસ્ત્રો સાંભળવાની અતિશય ઉત્કંઠા, ધર્મ સાંભળવો, ધર્મશાસ્ત્રોમાં સૂક્ષ્મદૃષ્ટિથી ચિંતન કરવું, પ્રાપ્તજ્ઞાનને કંઠસ્થ કરવું, પ્રાપ્તજ્ઞાનમાં પૂર્વાપર તર્ક-વિતર્ક કરી સ્થિર થવું, અને અન્તે તત્ત્વનો નિર્ણયવિશેષ કરવો, તથા નિર્ણયનો આગ્રહ રાખવો ઇત્યાદિ. (૩) વિધિપૂર્વક = શાસ્ત્રોમાં જ્ઞાનપ્રાપ્તિ આદિ માટે જણાવેલી વિધિ સાચવવાપૂર્વક જ્ઞાનાભ્યાસાદિ કરવાં,

સ્થાનશુદ્ધિ = જે સ્થાનમાં જ્ઞાનાભ્યાસ કરતા હોઈએ તે સ્થાન-મકાન-ઉપાશ્રયાદિ દોષિત ન હોવાં જોઈએ,

શરીરશુદ્ધિ = શરીર મળ-મૂત્ર-સ્વેદ-રૂધિરાદિથી અશુદ્ધ ન હોવું જોઈએ,

મનશુદ્ધિ - મન વિષયવાસના-ક્રોધાદિકષાયો અને બાહ્યભાવોના રાગાદિથી દૂષિત ન હોવું જોઈએ,

વસ્ત્રશુદ્ધિ = મલ-મૂત્રાદિ કરેલાં અશુદ્ધ વસ્ત્રો ન હોવાં જોઈએ. તથા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવાદિની અતિશય શુદ્ધિ સાચવવાપૂર્વક જ્ઞાનાભ્યાસાદિ ધર્માનુષ્ઠાનો આચરવાં. કારણ કે અવિધિએ કરાયેલું યોગનું સેવન પ્રત્યવાય = અનર્થનું કારણ બને છે. અવિધિએ કરેલા યોગસેવન કરતાં अकृतः = ન કરાયેલું યોગસેવન શ્રેષ્ઠ છે. જેમ રીએકશન લાવે તેવી ખોટી ચિકિત્સા કરવા કરતાં દવા ન કરવી તે સારું છે. તેમ અવિધિએ કરાયેલા યોગસેવનથી કર્મનિર્જરા થતી નથી. પરંતુ ઊલટું અભિમાન-અન્યનો પરાભવ-સ્વર્ગ-યશાદિની વાંછાઓ આદિ થવાથી વધારે પ્રત્યવાયનો (સંસારવર્ધનનો) હેતુ બને છે. અહીં ન કરવા કરતાં અવિધિએ પણ કરવું સારું એવો ન્યાય જે પ્રવર્તે છે તે વિધિસાપેક્ષ જીવોને આશ્રયી સમજવો એટલે જે જીવો પૂરેપૂરી વિધિપૂર્વક જ ધર્મક્રિયા કરવા ઇચ્છે છે અને તેવો જ યથાયોગ્ય પ્રયત્ન કરે છે. પરંતુ શરીર-સંઘયણાદિના દોષોને લીધે અનિચ્છાએ પણ અવિધિ સેવાઈ જાય છે. વળી તે અવિધિનું અતિશય દુ:ખ હૃદયમાં વર્તે છે. તે અવિધિથી ઉપાર્જિત કરેલા પાપને દૂર કરવા પ્રાયશ્ચિત્ત-આલોચના અને પશ્ચાત્તાપાદિ કરે છે. તેઓનું અવિધિએ કરેલું કાર્ય ન કરવા કરતાં સારું સમજવું. પરંતુ જેઓ વિધિનિરપેક્ષ હૃદયે અવિધિએ કાર્ય કરે છે. અને અવિધિએ કરેલા કાર્યથી ગર્વ વહન કરી અભિમાની ઉચ્છૃંખલ બની અન્યનો પરાભવ કરે છે. પ્રાયશ્ચિત્તાદિ કરતા નથી અવિધિમાર્ગનું જ વધુ ઉત્તેજન આપે છે તેવા અવિધિકૃત યોગસેવન કરતાં યોગસેવન ન કરવું તે સારુ સમજવું. આ વાત યોગવિંશિકામાં અતિશય ચર્ચેલી છે. ત્યાંથી જાણી લેવી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ શુશ્રૂષા-શ્રવણ-વિજ્ઞાન-ધારણા-ઉહ-અપોહ અને તત્ત્વાભિનિવેશ ક્યાં સેવવાના છે ? તો આચાર્યશ્રી જણાવે છે કે :- ધર્મશાસ્ત્રોને વિષે શુશ્રૂષાદિ સેવવા યોગ્ય છે. આત્માના આચારાદિને બતાવનારાં જે ઉત્તમશાસ્ત્રો રૂપ શ્રુત, જેમ કે આચારાંગ-ઠાણાંગ-સમવાયાંગ-ભગવતીજી ઇત્યાદિ શ્રુત સાંભળવામાં શુશ્રૂષાદિ કરવા લાયક છે. આવાં ઉત્તમ શાસ્ત્રો રૂપ શ્રુતને વિષે સાંભળવાની ઉત્કંઠાદિ તે વ્યવહારથી ધર્મયોગ સમજવો. તથા ઉપરોક્ત ધર્મશાસ્ત્રોમાં જણાવ્યા પ્રમાણે અનુષ્ઠાન આચરવું-ધર્મક્રિયા કરવા રૂપ અનુષ્ઠાન આચરવું. એટલે કે ધર્મશાસ્ત્રોમાં ઉદિત (કહેલા) વિધેય કાર્યોમાં વિધિસેવન અને પ્રતિષેધ્ય કાર્યોમાં પ્રતિષેધસેવન કરવા રૂપ ધર્માનુષ્ઠાન આચરવું તે વ્યવહારનયથી યોગ કહેવાય છે. આ ધર્માનુષ્ઠાનો કેવી રીતે કરવાં ? તો આચાર્યશ્રી જણાવે છે કે "યથાશક્તિ" = વિધેય કાર્યોના કરણમાં (કરવામાં) અને પ્રતિષેધ્ય કાર્યોના અકરણમાં (નહિ કરવામાં) પોતાની જેટલી શક્તિ હોય તેનું જરા પણ ઉલ્લંઘન કર્યા વિના આ ધર્માનુષ્ઠાનો કરવાં. જે શક્તિ હોય તેને છુપાવવી નહિ તથા તેનું ઉલ્લંઘન પણ કરવું નહિ તે રીતે ધર્માનુષ્ઠાનોનું આચરવું તે વ્યવહારનયથી યોગ કહેવાય છે. ॥ ૫ ॥

અવતરણ :- **कथं पुनरस्य निश्चययोगाङ्गता ? इत्याह–**

વળી આ વ્યવહાર યોગ તે નિશ્ચય યોગનું અંગ (કારણ) કેમ બને છે ? એટલે કે નિશ્ચયયોગનું કારણ કેવી રીતે બને છે તે આચાર્યશ્રી જણાવે છે :-

**[१]एत्तो [२]च्चिय [३]कालेणं, [६]णियमा [७]सिद्धी [४]पगिट्ठरूवाणं।**
**[५]सण्णाणाईण [९]तहा, [८]जायइ [१०]अणुबंधभावेण ॥ ६ ॥**

**"अत एव"= गुरुविनयादेः कालेन गच्छता, "नियमात् सिद्धिः" = अवन्ध्यकारणत्वेनावश्यन्तया निष्पत्तिः । केषाम् ? इत्याह – "प्रकृष्टरूपाणां" क्षायिकाणां सज्ज्ञानादीनां तथा जायते । "तथा" = इति औचित्यप्रतिपत्तिपुरस्सरया सदाज्ञाऽऽराधनया तद्वृद्धिभावात् । तथा चाह – "अनुबन्धभावेन" = तदुत्तरोत्तराक्षेपेण मार्गानुसार्याज्ञाविशुद्धानुष्ठानस्य सदनुबन्धत्वादिति गाथार्थः ॥ ६ ॥**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ** :- આ વ્યવહાર યોગથી જ કાળક્રમે પ્રકૃષ્ટ સ્વરૂપવાળા (એટલે કે ક્ષાયિક ભાવવાળા) એવા સમ્યગ્જ્ઞાનાદિ ગુણોની નિયમા સિદ્ધિ (પ્રાપ્તિ) થાય છે તથા ભવોભવમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થવા રૂપ અનુબંધપણે રત્નત્રયીની પ્રાપ્તિ થાય છે ॥ ૬ ॥

**ટીકાનુવાદ** :- ઉપર જણાવેલા આ ગુરુવિનય-શુશ્રૂષા ઈત્યાદિ વ્યવહાર યોગના વારંવાર આસેવનથી જેમ જેમ કાળ જાય તેમ તેમ આ વ્યવહાર યોગ નિશ્ચયયોગપ્રાપ્તિનું અવન્ધ્ય કારણ હોવાના લીધે અવશ્યપણે (નિશ્ચયયોગની) સિદ્ધિ થાય છે. કોની સિદ્ધિ થાય છે ? એવા પ્રશ્નના ઉત્તરમાં આચાર્યશ્રી જણાવે છે કે પ્રકૃષ્ટ સ્વરૂપવાળા એટલે કે ઉત્કૃષ્ટ સ્વરૂપવાળા (અર્થાત્ ક્ષાયિકભાવવાળા) સમ્યગ્જ્ઞાનાદિ જે ગુણો છે, તે ગુણોની નિયમા સિદ્ધિ થાય છે.

જેમ દરજીની કલા, સોનીની કલા, હજામની કલા, રસોઈની કલા, વકીલાતની કલા ઈત્યાદિ કલાઓનું વારંવાર ચીવટપૂર્વક આસેવન કરવાથી કાળ જતાં તે તે કળામાં પારંગતતા (સિદ્ધિ) પ્રાપ્ત કરાય છે. તેવી જ રીતે ગુરુવિનયાદિરૂપ વ્યવહાર યોગનું વારંવાર ચીવટપૂર્વક આસેવન કરવાથી ક્ષાયિકભાવવાળાં સમ્યગ્જ્ઞાનાદિ પ્રાપ્ત કરવા રૂપ નિશ્ચયયોગની અવશ્યપણે સિદ્ધિ થાય છે. કારણ કે વ્યવહાર યોગ નિશ્ચયયોગનું અવન્ધ્યકારણ છે.

તથા ઉચિત આચરણનો સ્વીકાર કરવા પૂર્વક જિનેશ્વર પ્રભુની જે યથાર્થ આજ્ઞા તેનું આરાધન કરવા વડે જો વ્યવહાર યોગ સેવવામાં આવે તો તે પરંપરાએ પછી પછીના ભવોમાં તે વ્યવહારયોગની વૃદ્ધિનો જ હેતુ બને છે. એટલે કે શાસ્ત્રમાં કહેલી તે તે ગુણઠાણાને યોગ્ય આચરણા સહિત જિનેશ્વરપ્રભુની સદ્ એવી આજ્ઞાનું આરાધન કરવા પૂર્વક ઉપયોગ સહિત જો વ્યવહાર યોગ સેવવામાં આવે તો તે વ્યવહારયોગ ભવોભવમાં વૃદ્ધિભાવને જ પામે છે.

તે વ્યવહાર યોગના સંસ્કારો એક વાર બીજરૂપે જો આત્મામાં દૃઢ બની જાય તો તેના પછીના ઉત્તરોત્તર ભવોમાં અનુબન્ધરૂપ (વધુ ગાઢ-દૃઢતર) બનવાના કારણે ભવોભવમાં આક્ષેપેણ ચારે બાજુથી અતિશય ગાઢ થવાથી માર્ગાનુસારી એવું અને જિનેશ્વર ભગવંતની આજ્ઞાને અનુસરવાથી વિશુદ્ધ બનેલું એવું આ ધર્માનુષ્ઠાન સદનુબંધવાળું = ગાઢ અનુબંધવાળું બને છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેમ એક અનાજનું બીજ ફળપ્રાપ્તિનું અવન્ધ્ય કારણ છે. હવે તે બીજને વાવવામાં યોગ્ય ખેતર, યોગ્ય ઈલા-અનિલ-અને જલનો સંયોગ મળી ગયો હોય તો તે ક્રમશઃ અંકુરાથી ફળપ્રાપ્તિ સુધીનું કાર્ય કરે જ છે. ફક્ત તેમાં અમુક સમય લાગે છે. અવસરે પાણી પાવાની માવજત કરવા રૂપ ઉચિત આચરણ કરવું પડે છે. અને તે અંકુરાદિ કોઈના પગ પડવાથી દબાઈ ન જાય તેનો વિકાસ રૂંધાઈ ન જાય તેનું ધ્યાન રાખવું પડે છે. તેવી રીતે જીવમાં ગુરુવિનયાદિના સંસ્કારો સ્વરૂપ જો વ્યવહારયોગાત્મક બીજ એક વાર પ્રાપ્ત થયું તો તે નિશ્ચયયોગનું અવન્ધ્યકારણ હોવાથી નિશ્ચય યોગની પ્રાપ્તિ અવશ્ય થાય જ છે. ફક્ત તેમાં અમુક સમયની રાહ જોવી પડે છે. વારંવાર તેનું આસેવન કરવું પડે છે. આવેલા સંસ્કારોને વેગ મળે તેવાં સત્સંગ-સ્વાધ્યાય-વ્યાખ્યાનશ્રવણાદિ સહકારી કારણોનો સાથ લેવા રૂપ ઉચિત આચરણા સ્વીકારવી જોઈએ અને તેના વિકાસને રૂંધી નાખે તેવા મિથ્યાદષ્ટિના પરિચય-સહવાસ વિષય-કષાય-વાસના વર્ધક કથાઓ વિગેરેનો ત્યાગ કરવો જોઈએ. તો ભવોભવમાં આ સંસ્કારો અનુબંધવાળા બને છે. અન્તે અવશ્યપણે નિશ્ચયયોગની પ્રાપ્તિ થાય છે. ॥ ૬ ॥

**અવતરણ - एवं च कृत्वा गुरुविनयादिमतोऽपि योगिव्यपदेशो न्याय्य एवेत्यत आह** - નિશ્ચયયોગ જેને પ્રાપ્ત થયો હોય તેને જેમ યોગી કહેવાય છે. તેમ આવા પ્રકારના ગુરુવિનયાદિ વ્યવહાર યોગવાળા જીવને પણ "યોગી" શબ્દનો વ્યપદેશ કરવો તે ન્યાયયુક્ત જ છે. એમ આચાર્યશ્રી જણાવે છે :-

**[૩]मग्गेणं [૪]गच्छंतो, [૨]सम्मं [૧]सत्तीए [૬]इट्ठपुरपहिओ ।**
**[૫]जह [૭]तह [૮]गुरुविणयाइसु, [૯]पयट्टओ [૧૦]एत्थ जोगि[૧૧] त्ति ॥ ७ ॥**

**"मार्गेण"= प्रापकमथा तात्त्विकेनगच्छन्, "सम्यक्"= शकुनादिमाननादिना प्रकारेण "शक्त्या"= गमनसामर्थ्यरूपया "इष्टपुर-पथिकः" = यथाभिलषितपुराध्वगो यथा प्राप्त्यविसंवादेनोच्यते तथा "गुरुविनयादिषु" = प्रागुपन्यस्तेषु प्रवृत्तः सन् विधिना, "अत्र"= प्रक्रमे, योगीत्युच्यते इष्टयोगप्राप्त्यविसंवादेन ।**

**ગાથાર્થ** :- ગમનક્રિયાની શક્તિયુક્ત પુરુષ શક્તિને અનુસારે સમ્યક્



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકારે માર્ગમાં ચાલતો જેમ ઈષ્ટનગરનો પથિક કહેવાય છે. તેની જેમ ગુરુ વિનયાદિમાં પ્રવર્તતો પુરૂષ અહીં "યોગી" કહેવાય છે. ॥ ૭ ॥

**ટીકાનુવાદ** :- ઈષ્ટનગરને પ્રાપ્ત કરાવે એવા તાત્ત્વિક (યથાર્થ-સાચા) પ્રાપક માર્ગે ચાલતો, વળી સમ્યગ્પ્રકારે એટલે શકુનાદિને માનવા (જોવા) પૂર્વક ચાલતો, તથા ગમન કરવાના સામર્થ્યપૂર્વક ચાલતો એવો પુરુષ જેમ ઈષ્ટનગરનો પથિક કહેવાય છે. એટલે કે ઈષ્ટનગરે પહોંચવામાં સાચો રસ્તો મળ્યો હોય, ઘરથી નીકળતાં આગળ ગતિ અટકે નહીં એટલે શુભ શુકનાદિ જોઈને નીકળ્યો હોય, અને ત્યાં પહોંચે ત્યાં સુધીનું ચાલવાનું સામર્થ્ય જેનું હોય - આવો પુરુષ સાચે રસ્તે ચાલતો જેમ કાળક્રમે ઈષ્ટનગરે પહોંચે જ છે. તે પુરુષ અભિલષિત નગરનો અધ્વગ=મુસાફર કહેવાય છે. કારણ કે ઈષ્ટનગરની પ્રાપ્તિમાં હવે અવિસંવાદ હોવાથી અવશ્ય ઈષ્ટનગરે પહોંચનાર જ છે. તેની જેમ પૂર્વે કહેલા ગુરુવિનયાદિ વ્યવહાર યોગમાં, વિધિપૂર્વક, પ્રવર્તતો છતો આ પુરુષ પણ અહીં = આ યોગના પ્રકરણમાં અવશ્યપણે **"યોગી"** કહેવાય જ છે. કારણ કે તેવા મહાત્માને ઈષ્ટયોગની (નિશ્ચયયોગની) પ્રાપ્તિ થવામાં અવિસંવાદ જ હોવાથી-એટલે કે અવશ્ય ઈષ્ટયોગ પ્રાપ્ત થાય જ છે માટે પથિકની જેમ આ વ્યવહારયોગીને પણ યોગી કહેવાય છે.

**इह च व्यवहितगाथायामत्र च विधिग्रहण-सम्यग्ग्रहणाभ्यां गृहीतमपि भेदेन शक्त्यभिधानं तत्प्राधान्यख्यापनार्थम् । दृष्टश्चायं न्यायः, यदुत- "सामान्यग्रहणे सति अपि प्राधान्यख्यापनार्थं भेदेनाभिधानम्, यथा बाह्मणा आयाता वशिष्ठोऽप्यायातः", इति । प्राधान्यं तु सर्वत्र शक्तेरनुबन्धसाधकत्वेन। यथोक्तम् - "शक्तिः सफलैव सम्यक्प्रयोगात्" । इति गाथार्थः ॥ ७ ॥**

વ્યવહિત ગાથામાં એટલે (સાતમી ગાથાથી અવ્યવહિત-વ્યવધાન વિનાની ગાથા છઠ્ઠી અને વ્યવહિત - એટલે વ્યવધાનવાળી ગાથા) પાંચમી ગાથામાં વિધિ શબ્દનું ગ્રહણ કરેલું છે. અને अत्र च = આ સાતમી ગાથામાં सम्यक् શબ્દ ગ્રહણ કરેલો છે. આ પ્રમાણે વ્યવહિત એવી પાંચમી અને આ ચાલુ ગાથામાં અનુક્રમે **विधि** તથા **सम्यक्** શબ્દના ગ્રહણ વડે જ "શક્તિ" શબ્દનો જે અર્થ છે તે આવી જાય છે. કારણ કે વિધિપૂર્વક ધર્મશાસ્ત્રો સાંભળવાં એટલે યથાશક્તિ સાંભળવાં એવો અર્થ થઈ જ જાય છે. તથા સમ્યગ્પ્રકારે માર્ગે ચાલતો એટલે પોતાની શક્તિને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુસારે ચાલતો એમાં પણ શક્તિ અર્થ આવી જ જાય છે. એમ બન્ને ગાથામાં વિધિ અને સમ્યગ્ શબ્દના ગ્રહણથી **શક્તિ** અર્થ ગૃહીત થઈ જવા છતાં પણ આ ચાલુ સાતમી મૂળગાથામાં "સત્તીણ" એવું પદ લખીને શક્તિશબ્દનો ભિન્નપણે જે ઉલ્લેખ કર્યો છે તે શક્તિની પ્રધાનતા જણાવવા માટે છે. જગતમાં આવો ન્યાય જોવાયો પણ છે કે જ્યાં જ્યાં સામાન્યનું ગ્રહણ થાય ત્યાં ત્યાં વિશેષનું ગ્રહણ તે સામાન્યમાં આવી જ જાય છતાં પણ વિશેષની પ્રધાનતા બતાવવા માટે વિશેષનું ભેદથી કથન કરાય છે. જેમ કે "બ્રાહ્મણો આવ્યા છે. (તેમાં) વશિષ્ઠ ઋષિ પણ આવ્યા છે" અહીં બ્રાહ્મણોના આગમનમાં વશિષ્ઠ ઋષિનું આગમન અંતર્ગત આવી જવા છતાં પણ તેમનું જે પૃથક્કથન છે તે સામાન્ય બ્રાહ્મણો કરતાં વશિષ્ઠ ઋષિની પ્રધાનતા જણાવવા માટે છે. તેની જેમ અહીં શક્તિની પ્રધાનતા બતાવવા માટે જ "શક્તિ" પદનું પૃથક્કથન કર્યું છે. શક્તિ જ સર્વ ઠેકાણે ગાઢ અનુબંધનું કારણ છે તેથી તે જ પ્રધાન છે. બીજાં શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે શક્તિનો જો સમ્યગ્પ્રકારે ઉપયોગ કરવામાં આવે તો શક્તિ અવશ્ય ફળ આપે જ છે. માટે આ યોગના વિષયમાં પણ શક્તિને અનુસારે અવશ્ય પ્રયત્ન કરવો જોઈએ. કારણ કે વ્યવહારયોગ નિશ્ચયયોગ પ્રાપ્તિનું અને નિશ્ચયયોગપ્રાપ્તિ મુક્તિનું અવશ્ય અવન્ધ્યકારણ છે. ॥ ૭ ॥

**અવતરણ = एवं योगपीठमभिधायाधिकार्यादिनिरूपणार्थमाह –**

આ પ્રમાણે યોગની પીઠિકા (ભૂમિકા) કહીને હવે આવા પ્રકારના આ યોગના "અધિકારી જીવો" જણાવે છે.

**[२]अहिगारिणो [३]उवाएण, [६]होइ [५]सिद्धि [१]समत्थवत्थुम्मि ।**
**[४]फलपगरिसभावाओ, [८]विसेसओ [७]जोगमग्गम्मि ॥ ८ ॥**

**"अधिकारिणः"= योग्यस्य, "उपायेन" = तत्साधनप्रकारेण, भवति "सिद्धिः" = कार्यनिष्पत्तिः।"समस्तवस्तुनि" = सेवादौ फलप्रकर्ष- भावात्। मुक्तिसाधनत्वेन "विशेषतः" = विशेषेण, "योगमार्गे"= प्रस्तुते अधिकारिण उपायेन सिद्धिः । इति गाथार्थः ॥ ८ ॥**

**ગાથાર્થ** :- સમસ્ત વસ્તુમાં તે તે કાર્યને યોગ્ય જીવો તે તે કાર્યના ઉપાયપૂર્વક જો પ્રવૃત્તિ કરે તો ફલ પ્રકર્ષ થવાથી અવશ્ય સિદ્ધિ પામે છે. તે જ રીતે યોગમાર્ગમાં પણ વિશેષે સિદ્ધિ પામે છે. ॥ ૮ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકાનુવાદ** :- જે આત્માએ જે કાર્યમાં સિદ્ધિ મેળવવી હોય તે આત્મા તે કાર્ય કરવાને અધિકારી એટલે કે યોગ્ય હોવો જોઈએ. જેમ સોનાનો ઘાટ ઘડવો હોય તો સોની યોગ્ય કહેવાય, વસ્ત્રો સીવવાં હોય તો દરજી યોગ્ય કહેવાય, ઘટ-પટ બનાવવા હોય તો કુંભકાર અને વણકર યોગ્ય કહેવાય, તેની જેમ સમસ્ત કાર્યોમાં તે તે કાર્યને કરનાર યોગ્ય એટલે કે તે તે કાર્ય કરવાની કલાનો જાણકાર હોવો જોઈએ.

વળી જે કાર્ય કરવું હોય તેનાં કારણો શું ? તેની જાણકારી હોવી જોઈએ અને તે કારણો પ્રાપ્ત કરીને કાર્યની સિદ્ધિ જેમ થાય તે રીતે તે તે કારણોનું ચુંજન કરનાર જોઈએ. તેને શાસ્ત્રમાં ઉપાયપૂર્વક = અર્થાત્ કાર્યકારણદાવ પૂર્વક પ્રવૃત્તિ કરનાર કહેલ છે. જેમ ઘટ બનાવવો હોય તો માટી-ચક્ર-દંડાદિ સામગ્રીનો જાણકાર-મેળવનાર અને ઘટોત્પત્તિમાં ચુંજન કરનાર જોઈએ તથા અંકુરો ઉત્પન્ન કરવો હોય તો બીજ-ઈલા-અનિલ-જલાદિ કારણોનો જાણકાર-પ્રાપ્ત કરનાર અને અંકુરાની ઉત્પત્તિને અનુરૂપ કારણોનું ચુંજન કરનાર જોઈએ.

જો ઉપર મુજબ તે તે કલાનો જાણકાર કર્તા, અને ઉપાયપૂર્વક પ્રવૃત્તિ હોય તો તે તે ઉપાયો દ્વારા દિન-પ્રતિદિન ફળનો પ્રકર્ષ વધતો જ જાય. અને તેમ થવાથી તે તે કાર્યની સિદ્ધિ થાય. આ ન્યાય સમસ્ત કાર્યોમાં છે. તેને અનુસારે યોગમાર્ગમાં પણ તે જ ન્યાય છે. યોગની સિદ્ધિ મેળવવામાં યોગ કલાનો જાણકાર હોય, યોગ્ય જીવ હોય, અને યોગની સિદ્ધિના ઉપાયો પૂર્વક યોગમાર્ગમાં જો પ્રવૃત્તિ કરે તો ક્રમશઃ ફળપ્રાપ્તિનો પ્રકર્ષ વધતાં અવશ્ય યોગની વિશેષે સિદ્ધિ થાય છે.

અહીં અધિકારી શબ્દથી ઉપાદાનની યોગ્યતા જણાવી છે અને ઉપાય શબ્દથી યોગ્યનિમિત્તોનું ચુંજન જણાવ્યું છે. એ બન્નેનો યોગ થાય તો જ કાર્યસિદ્ધિ થાય છે. જેમ પાક થવાને યોગ્ય મગ હોવા જોઈએ. જો કોયડુમગ હોય તો સીઝે નહિ. તેમ યોગમાર્ગમાં આ જીવ સૌ પ્રથમ ચરમાવર્તમાં વર્તમાન, દેવ-ગુરુ આદિની સેવા-પૂજનમાં વર્તમાન, અને તેનાથી મિથ્યાત્વનો અહંકાર જેનો ઢીલો પડ્યો છે તેવો, અને તેના જ કારણે કદાગ્રહ વિનાનો, તેથી જ કંઈક સરળપ્રકૃતિવાળો, અને પ્રજ્ઞાપનીય (ગુરુ આદિ સમજાવે તો સમજે-સાંભળે તેવો-અર્થાત્ સમજાવવા લાયક) આવો જીવ હોય તો જ તે યોગમાર્ગમાં સિદ્ધિ મેળવવાને યોગ્ય છે.

મગ સીઝવાને યોગ્ય હોય, પરંતુ તેના ઉપાયભૂત અગ્નિ પણ તેને સીઝવે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેવો યોગ્ય રીતે આપવો જોઈએ, જો અતિશય વધુ અગ્નિ અપાય તો મગ બળી જાય, જો ન્યૂન અગ્નિ અપાય તો સીઝે જ નહિ. તેની જેમ આવા પ્રજ્ઞાપનીય આત્માને તેની ભૂમિકાને યોગ્ય સત્સંગ. યોગ્ય ગુરુ દ્વારા સમજાવટ, સતત દેવ-ગુરુનો સમાગમ ઈત્યાદિ ઉપાયો મળે તો ક્રમશઃ યોગની સિદ્ધિ અવશ્ય થાય છે.

મગના પાકની ક્રિયામાં જેમ જેમ સમય જાય તેમ તેમ પ્રથમ અલ્પ પાક, વધુ પાક, અતિ વધુ પાક, થતાં થતાં પ્રાયઃ ત્રીસેક મિનિટમાં મગ પૂર્ણપણે સીઝે છે. તેની જેમ આ યોગ્ય આત્મા, યોગ્ય ઉપાયોપૂર્વક પ્રવર્તતો છતો, ક્રમશઃ પ્રથમ (૧) અપુનર્બન્ધકાવાસ્થા, (૨) ગ્રન્થિભેદ, (૩) સમ્યક્ત્વની પ્રાપ્તિ, (૪) દેશચારિત્રની પ્રાપ્તિ, (૫) સર્વવિરતિચારિત્રની પ્રાપ્તિ (૬) ક્ષપકશ્રેણી, (૭) વીતરાગાવસ્થા, (૮) કેવલજ્ઞાનાવસ્થા અને અન્તે (૯) અયોગી અવસ્થાની પ્રાપ્તિ રૂપ મહાયોગની સિદ્ધિ મેળવે છે. માટે યોગ પ્રાપ્ત કરનાર જીવ, ઉપાયો અને કાર્યની સિદ્ધિને અભિમુખ કારણોનું યુંજન પણ યોગ્ય હોવું જોઈએ - તો અવશ્ય યોગની સિદ્ધિ વિશેષ થાય છે. એટલે આ પ્રાપ્ત થયેલી સિદ્ધિ કદાપિ જતી નથી. ફરીથી પ્રાપ્ત કરવી પડતી નથી એવી વિશેષ સિદ્ધિ થાય છે.

**અવતરણ :- यत एवमतोऽत्राधिकारिणमाह** – જે કારણથી આમ છે (એટલે કે અધિકારી હોય, તો જ ફળ પ્રાપ્ત કરી શકે છે) તેથી પ્રથમ અધિકારી સમજાવે છે:-

**[४]अहिगारी [१]पुण [२]एत्थं, [५]विण्णेओ [३]अपुणबंधगाइ त्ति ।**
**[७]तह [८]तह [६]णियत्तपगई, [९]अहिगारो [१०]णेगभेओ त्ति ॥ ९ ॥**

**अधिकारी पुनः "अत्र" योगमार्गे "विज्ञेयः" = ज्ञातव्यः "अपुनर्बन्धकादिः" = य इह परिणामादि भेदादपुनर्बन्धकत्वेन तांस्तान् कर्मपुद्गलान् बध्नाति, स तत्क्रियाविष्टोऽप्यपुनर्बन्धक उत्कृष्टस्थितेः। आदिशब्दात् सम्यग्दृष्टिश्चारित्री चाभिगृह्यते, इह प्रकरणे एतदन्येषां सकृद्बन्धकादिनामभणनात्। अत एवाह – "तथा तथा" = तेन तेन प्रकारेण तज्जीवग्रहण सम्बन्धयोग्यतापगमलक्षणेन "निवृत्तः"= अपगतः "प्रकृतेः"= कर्मवर्गणारूपायाः अधिकारः, विशिष्टविचित्रफलसाधकत्वलक्षणो यस्य स निवृत्तप्रकृत्यधिकारः अनेकभेदः । इति गाथार्थः ॥ ९ ॥**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ** :- વળી આ યોગપ્રાપ્તિમાં અપુનર્બન્ધકાદિ જીવો જ અધિકારી છે. એમ જાણવું તથા કર્મપ્રકૃતિઓનો અધિકાર (બળ) જેમ જેમ નિવૃત્તિ પામે છે તેમ તેમ તે જીવ વિશેષ વિશેષ અધિકારી બને છે. આ પ્રમાણે અધિકાર અનેકભેદ વાળો છે. ॥ ૯ ॥

**ટીકાનુવાદ** :- વળી આ યોગમાર્ગના પ્રસંગમાં જે અપુનર્બન્ધકાદિ જીવો છે તે જ અધિકારી છે એમ સમજવું. જે આત્માઓ પરિણામાદિનો ભેદ થવાથી એટલે કે અનાદિ કાળથી તીવ્ર રાગ-દ્વેષ-મોહમય પરિણામ=અધ્યવસાયો અને મોહમય પ્રવૃત્તિ જે હતી તેના કરતાં કંઈક અંશે ભિન્નપરિણામ અને ભિન્નપ્રવૃત્તિ વિગેરે થવાથી- કંઈક અંશે મોહ પાતળો પડવાથી. લઘુકર્મી બનવાથી અનાદિકાલીન પરિણામ અને પ્રવૃત્તિથી ભિન્ન=નબળા મોહમય પરિણામ અને પ્રવૃત્તિથી ફરીથી આવાં કર્મો બાંધવાં ન પડે તે ભાવે અર્થાત્ અપુનર્બન્ધકભાવે તે તે કાર્મણયોગ્ય વર્ગણાઓનાં પુદ્ગલોને ચરમ સ્વરૂપે ઉત્કૃષ્ટ સ્થિતિપણે જ્યારે બાંધે છે ત્યારે તે તે આત્માઓ તેવી તેવી પાપવાળી ક્રિયાઓથી આવિષ્ટ (યુક્ત) હોવા છતાં પણ તે આત્માઓ ઉત્કૃષ્ટસ્થિતિના અપુનર્બન્ધક કહેવાય છે. કારણ કે મોહ પાતળો થયેલો હોવાથી આ જે ઉત્કૃષ્ટસ્થિતિ બંધાય છે તે ચરમ છે. હવે આવી ઉત્કૃષ્ટસ્થિતિ બંધાવાની નથી, ઉત્કૃષ્ટસ્થિતિ બાંધે તેવા પરિણામ આવવાના નથી. માટે આવા જીવો યોગના અધિકારી છે.

આ મૂળગાથામાં "अपुणबंधगाइ" પદમાં જે आदि શબ્દ છે તે આદિ શબ્દથી આ અપુનર્બંધક ઉપરાંત (૧) સમ્યગ્દૃષ્ટિ અને (૨) ચારિત્રી = અર્થાત્ દેશચારિત્રવાન્ અને સર્વચારિત્રવાન્ જીવો પણ આ યોગના અધિકારી છે એમ સ્વીકારાય છે. એટલે (૧) અપુનર્બંધક, (૨) સમ્યગ્દૃષ્ટિ, (૩) દેશચારિત્રવાન્, (૪) સર્વચારિત્રવાન્ એમ ચાર પ્રકારના જીવો આ યોગના અધિકારી જાણવા.

**પ્રશ્ન** :- અપુનર્બન્ધાવસ્થાથી નીચે વર્તતા [1]સકૃદ્બંધક, [2]દ્વિર્બંધક, અને પૂર્ણ [3]ચરમાવર્તી જીવો શું આ યોગના અધિકારી નથી ?

---

(૧) જે જીવોને હજુ એકવાર ૭૦ કોડાકોડી આદિ ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાવાની છે. બાંધવાની યોગ્યતા- સંભાવના છે. તે **સકૃદ્બંધક**.

(૨) જે જીવોને હજુ બે વાર ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાવાની સંભાવના છે. તે **દ્વિર્બંધક**.

(૩) જે જીવોને હજુ આખું એક પુદ્ગલ પરાવર્તન સંસાર બાકી છે. તે **ચરમાવર્તી**.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તર :- જો કે સકૃદ્બંધક, દ્વિર્બંધક, અને ચરમાવર્તી જીવો અપુનર્બન્ધકાવસ્થાની પૂર્વભૂમિકામાં ઉત્તરોત્તર નીચે નીચે વર્તતા હોવા છતાં પરંપરાએ તેઓ પણ યોગદશાને અભિમુખ છે અને ક્રમશઃ વૃધ્ધિ થતાં યોગદશા પામવાને અધિકારી છે. તેથી અન્યશાસ્ત્રોમાં તેઓને પણ અધિકારી કહ્યા છે. તથાપિ એ યોગ્યતા અત્યન્ત અલ્પ હોવાથી આ યોગપ્રકરણમાં एतदन्येषां = આ અપુનર્બન્ધકાદિ ચતુર્વિધ જીવોથી અન્ય સકૃદ્બંધકાદિ ત્રિવિધિ જીવોને યોગના અધિકારી તરીકે કહ્યા નથી. જેમ અલ્પધનથી માણસ ધનવાન્ ન કહેવાય, અલ્પરૂપથી રૂપવાન્ ન કહેવાય, અલ્પજ્ઞાનથી જ્ઞાની ન કહેવાય, અલ્પ જળથી તળાવ જલવાન્ ન કહેવાય તેવી રીતે સકૃદ્બંધ-દ્વિર્બંધક, અને ચરમાવર્તી જીવોમાં યોગની યોગ્યતા અલ્પ હોવાથી તેઓને અધિકારી તરીકે "अभणनात्"= કહ્યા નથી.

(પરંતુ અચરમાવર્તી જીવો કરતાં ચરમાવર્તી આદિ આ ત્રિવિધ જીવોમાં અંશે પણ યોગ્યતા છે. એ નયની દૃષ્ટિએ યોગના અન્ય શાસ્ત્રોમાં આ જીવોને પણ યોગના અધિકારી કહ્યા છે).

જે જીવો મિથ્યાત્વે વર્તે છે. પરંતુ ભાવિમાં બે જ વાર ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધવાના છે તે દ્વિર્બંધક, અને ફક્ત એક જ વાર ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધવાના છે તે સકૃદ્બંધક, અને હવે એક પણ વાર ઉત્કૃષ્ટ સ્થિતિ નથી બાંધવાના તે અપુનર્બંધક, આ જીવોમાં જેમ અપુનર્બંધક જીવો યોગની યોગ્યતાવાળા છે. તેમ સકૃદ્બંધક અને દ્વિર્બંધકાદિ જીવો પણ પરિમિતપણે જ્યેષ્ઠસ્થિતિના બંધક હોવાથી કંઈક અંશે યોગની યોગ્યતાને અભિમુખ છે. તથાપિ તે અભિમુખતા પરંપરાએ (સંગ્રહનયથી) કારણ હોવા છતાં પણ વ્યવહારગોચર ન હોવાથી (વ્યવહારનયની અપેક્ષાએ) આ જીવોને યોગના અધિકારી કહ્યા નથી. જેમ ઘી માટે દૂધ અને તૃણ બન્ને કારણ હોવા છતાં દૂધમાં રહેલી ઘીની શક્તિ વ્યવહારને પામે છે. તેમ તૃણમાં રહેલી ઘીની શક્તિ વ્યવહારનો વિષય બનતી નથી. તેની જેમ અહીં પણ સમજવું.

આ કારણથી જ આચાર્યશ્રી જણાવે છે કે "तथा तथा = તે તે પ્રકારે તે તે જીવોમાંથી (ઉત્કૃષ્ટસ્થિતિવાળાં) કર્મોનું ગ્રહણ કરવું, અને તે ભાવે = ઉત્કૃષ્ટસ્થિતિભાવે સંબંધ કરવો, આવી યોગ્યતા દૂર થવા વડે ચાલ્યો ગયો છે કર્મવર્ગણાની પ્રકૃતિનો અધિકાર (બળ) જેમાંથી તે નિવૃત્ત પ્રકૃત્યધિકાર કહેવાય છે. અનાદિ કાલીન મોહની તીવ્રતાના જોરે કર્મોની પ્રકૃતિઓમાં જે વિશિષ્ટ = તીવ્ર ચીકણું



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને વિચિત્ર=વિવિધ= અનેક વિધ ફળ આપવા રૂપ જુસ્સો હતો તે જુસ્સો નિવૃત્ત થવાથી આ જીવ લઘુકર્મી-મંદકર્મી બને છે. અને તેથી તે યોગનો અધિકારી બને છે.

આવા અપુનર્બન્ધકાત્માઓ કર્મો મંદ થવાથી યોગના અધિકારી બને છે. તે તે કર્મોનું બળ જેમ જેમ વધુ મંદ થતું જાય છે. તેમ તેમ તે જીવો વધારે વધારે યોગના અધિકારી બનતા જાય છે. નિવૃત્ત પ્રકૃત્યધિકાર આ પ્રમાણે ક્રમશઃ વૃધ્ધિ પામવાથી અનેકવિધ છે. અપુનર્બન્ધક જીવો કરતાં સમ્યગ્દૃષ્ટિ જીવોમાં નિવૃત્તપ્રકૃત્યધિકાર વિશિષ્ટ છે. તેનાથી દેશચારિત્રવાન્‌માં અને તેનાથી સર્વચારિત્રવાન્‌માં નિવૃત્તપ્રકૃત્યધિકાર વિશિષ્ટ-વિશિષ્ટતર છે. માટે તે નિવૃત્તપ્રકૃત્યધિકાર અનેકવિધ છે. ॥ ૯ ॥

**અવતરણ :- अयमेवाधिकारी, नान्य इत्याह -**

આ જીવ જ (જેનામાં નિવૃત્તપ્રકૃત્યધિકાર થયો છે. કર્મ પ્રકૃતિઓનું બળ ચાલ્યું ગયું છે તે જ જીવ) આ યોગ માર્ગના અધિકારી છે. અન્યજીવ આવા યોગ પ્રાપ્તિના અધિકારી નથી. તે વાત આચાર્યશ્રી જણાવે છે :-

**[५]अणियत्ते [१]पुण [२]तीए, [४]एगंतेऐव हंदि [३]अहिगारे ।**
**[६]तप्परतंतो [७]भवरागओ, [८]दढं [९]अणहिगारी त्ति ॥ १० ॥**

**अनिवृत्ते पुनः, ''तस्याः'' = प्रकृतेः, ''एकान्तेनैव''=सर्वथैव, ''हन्दि''=इत्युपदर्शने, ''अधिकारे''= उक्तलक्षणे, ''तत्परतन्त्रः''= प्रकृतिपरतन्त्रः, ''भवरागओ''= त्ति संसाररागाद्, ''दृढम्''= अत्यर्थं, सर्वतद्भेदप्राप्तेः अनधिकारीति । उक्तं चान्यैरपि योगशास्त्रकारैः-**

**ગાથાર્થ:-** વળી તે પૂર્વબધ્ધ તીવ્ર કર્મપ્રકૃતિઓનું પ્રાબલ્ય જે આત્માઓમાંથી નિવૃત્તિ પામ્યું નથી, તથા સર્વથા તે કર્મપ્રકૃતિઓના પ્રાબલ્યને પરતંત્ર જ છે. તે જીવો ભવના રાગવાળા હોવાથી આ યોગની પ્રાપ્તિ માટે અત્યન્ત અનધિકારી જ છે. ॥ ૧૦ ॥

**ટીકાનુવાદ :-** વળી જે જે જીવોમાં પૂર્વે બાંધેલાં ચીકણાં તીવ્ર મોહનીયાદિ કર્મો ઉદયમાં વર્તે છે. અને તેનું પ્રાબલ્ય=જુસ્સો નિવૃત્તિ પામ્યો નથી. અને તેના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ કારણે આવા જે જે જીવો સર્વથા કર્મોને પરવશ બનેલા છે. આત્મભાન તદ્દન ભૂલી ગયા છે. કેવળ સંસારસુખના જ રાગી છે. તે કારણથી યોગના સર્વે જે ક્રમશઃ ભેદો છે. તે સર્વે ભેદોની પ્રાપ્તિ માટે અત્યન્ત અનધિકારી જ છે.

સારાંશ કે (૧) જે જીવોમાં પૂર્વબધ્ધ તીવ્ર કર્મપ્રકૃતિઓનું પ્રાબલ્ય નિવૃત્ત પામ્યું નથી, (૨) જે જીવો કર્મોને પરતન્ત્ર જ છે. અને (૩) જે જીવો સંસારના અતિશય રાગી (રસિક) છે. આ ત્રણ વિશેષણોવાળા જીવો યોગના સર્વભેદોની પ્રાપ્તિ માટે (અને યોગગ્રંથોના અભ્યાસ માટે પણ) અત્યન્ત અનધિકારી જ જાણવા.

આ પ્રમાણે ફક્ત અમે જૈનાચાર્યો જ કહીએ છીએ એમ નહિ પરંતુ અન્ય યોગશાસ્ત્રકારો વડે પણ તે તે યોગના ગ્રંથોમાં આવા જીવોને અનધિકારી જ કહ્યા છે. તેઓનાં વચનો આ પ્રમાણે છે :

(હવે કહેવાતા પાંચ શ્લોકો ગોપેન્દ્રાચાર્ય નામના કોઈ અન્ય દર્શનકાર યોગવિષયક શાસ્ત્રના પ્રણેતાના છે. પરંતુ ઉપર જણાવેલા વિષયને અનુરૂપભાવને પ્રતિપાદન કરનારા છે. તેથી ગ્રંથકારે સાક્ષી રૂપે અહીં ટીકામાં આ શ્લોકો આપ્યા છે તથા પોતાના જ બનાવેલા યોગબિન્દુ ગ્રંથમાં પણ શ્લોક નં ૧૦૧ થી ૧૦૫ મૂળગ્રંથરૂપે પણ આ જ શ્લોકો સાક્ષીપાઠસ્વરૂપે આપ્યા છે. ફક્ત કોઈ કોઈ શ્લોકમાં કંઈક કંઈક પાઠભેદ છે. તે યથાસ્થાને બતાવાશે).

[1]अनिवृत्ताधिकारायां, प्रकृतौ सर्वथैव हि ।
न पुंसस्तत्त्वमार्गेऽस्मिन्, जिज्ञासापि प्रवर्तते ॥१०१॥
क्षेत्ररोगाभिभूतस्य, यथात्यन्तं विपर्ययः ।
तद्वदेवास्य विज्ञेयस्तदावर्तनियोगतः ॥१०२॥
जिज्ञासायामपि ह्यत्र, कश्चिन्मार्गो निवर्तते ।
नाक्षीणपाप एकान्तादाप्नोति कुशलां धियम् ॥१०३॥
ततस्तदात्वे कल्याणमायत्यां तु विशेषतः ।
मन्त्राद्यपि सदाचारात्, सर्वावस्थाहितं मतम् ॥१०४॥
द्वयोरावर्तभेदेन, तथा सांसिद्धिकत्वतः ।
युज्यते सर्वमेवैतन्नान्यथेति मनीषिणः ॥१०५॥

(૧) દિવ્યદર્શન ટ્રસ્ટ C/o. કુમારપાલ વી. શાહ તરફથી છપાયેલ **યોગભારતી** માં આ **પ્રથમપદ** ચોથા પદરૂપે છપાઈ ગયેલ છે. તે પ્રેસદોષ છે. જુઓ યોગબિન્દુ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

न च प्रकृति-कर्मप्रकृत्योः कश्चिद् भेदोऽन्यत्राभिधानभेदात् इति गाथार्थः ॥ १० ॥

જેનો અધિકાર (જુસ્સો) જીવમાંથી નિવૃત્તિ પામ્યો નથી એવી અર્થાત્ અનિવૃત્ત પ્રાબલ્યવાળી પ્રકૃતિ હોતે છતે પુરુષને આ (યોગમાર્ગરૂપ) તત્ત્વમાર્ગને વિષે જિજ્ઞાસા પણ સર્વથા પ્રવર્તતી નથી. અલ્પ પણ જિજ્ઞાસા થતી નથી. ॥ યો. બિ. ૧૦૧ ॥

જેમ કોઈ દેશસંબંધી રોગોથી ઘેરાયેલા (કોઢ, કેન્સર, ટી.બી., બ્લડપ્રેસર, હાર્ટએટેક, ઝેરી મેલેરિયા ઇત્યાદિ રોગોથી પરાભવ પામેલા) જીવોને આવા રોગોના કારણે અત્યન્ત મતિવિપર્યય થાય છે. (જાણે માણસ ગાંડો થઈ ગયો હોય તેમ તેને કંઈ સૂઝતું નથી.) તથા આહારાદિના પાચનને બદલે રોગોની પ્રબળતાને લીધે અજીર્ણાદિ થાય છે. तद्वद् एव अस्य = તેની જેમ જ પૂર્વબધ્ધ કર્મોની પ્રબળતાવાળા એવા આ જીવને પણ હજુ ઘણાં (પુદ્ગલ) પરાવર્તો સંસારમાં પરિભ્રમણ નિશ્ચિત હોવાથી (પરિભ્રમણ નક્કી હોવાથી) મતિવિભ્રમ હોય જ છે. સંસાર જ રુચે છે યોગમાર્ગ રુચતો નથી. તેથી આવા જીવો યોગની પ્રાપ્તિ માટે અનધિકારી જ છે. ॥ ૧૦૨ ॥

જો अत्र = અહીં યોગમાર્ગમાં અલ્પ પણ જિજ્ઞાસા થતી હોય તો સમજવું કે પ્રકૃતિની પ્રબળતાનો માર્ગ કંઈક (અંશે) નિવૃત્તિ પામ્યો છે, કારણ કે નથી ક્ષીણ થયું પાપ (પ્રકૃતિની પ્રબળતા રૂપ પાપ) જેનું એવો જીવ આવી કુશળ = પવિત્ર બુદ્ધિને એકાન્તે નથી જ પામી શકતો.

આ શ્લોકમાં ગોપેન્દ્રમુનિના પાઠમાં "कश्चिद्मार्गो" એવો પાઠ છે. અને પૂ. હરિભદ્રસૂરિજી કૃત યોગબિન્દુમાં "कश्चित्सर्गो" એવો પાઠ છે. બન્નેનો અર્થ સરખો જ છે. પુરુષનો પરાભવ કરે એવી પ્રકૃતિની પ્રબળતા રૂપ માર્ગ અને પ્રબળતા રૂપ સર્જન એમ અર્થ જાણવો. જેથી બન્નેમાં પાઠભેદ હોવા છતાં અર્થભેદ નથી. ॥૧૦૩॥

તેથી = આવી કુશળબુદ્ધિ આવવાથી तदात्वे = આ જીવ તે કુશળબુદ્ધિમય સુસંસ્કારયુક્ત થયે છતે નિયમા કલ્યાણ જ પામે છે. અને ભાવિમાં ઉત્તરોત્તર વિશેષે વિશેષે કલ્યાણ પામે છે. જેમ મન્ત્રો વિગેરે પણ (મન્ત્રો, ચિંતામણિ રત્ન, પ્રભાવિક ઔષધિઓ ઇત્યાદિ) પોતાના સ્વભાવથી જ સદાચારવાળી હોવાથી = ઉત્તમ ફળદાયક



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોવાથી સર્વ અવસ્થાઓમાં હિત કરનાર જ મનાયેલ છે. (તેમ એક વખત બીજભૂત જો કુશળબુદ્ધિ આવી હોય તો તે અંકુરાની જેમ વૃદ્ધિ પામતી મહાફળને આપે જ છે. તેમાં કોઈ સંદેહ નથી જ.)

અહીં પણ ગોપેન્દ્ર મુનિના પાઠમાં "सदाचारात्" શબ્દ છે. અને પૂ. હરિભદ્રસૂરિજી કૃત યોગબિન્દુમાં "सदा चारु" પાઠ છે. એમ પાઠભેદ હોવા છતાં અર્થભેદ નથી. પૂ. હરિભદ્રસૂરિજીના પાઠમાં એવો અર્થ કરવો કે મનોહર એવા મન્ત્રાદિ સર્વાવસ્થામાં સદાકાળ હિત કરનાર જ મનાવેલા છે. ॥ ૧૦૪ ॥

પ્રકૃતિ અને આત્મા આ બન્ને પદાર્થોનું ભિન્ન ભિન્ન પરાવર્તન થવાથી, (એટલે કે પ્રકૃતિનું પ્રાબલ્ય ઘટવાથી અને આત્મામાં ગુણવત્તા વૃદ્ધિ પામવાથી), તથા સંસિદ્ધિ (સમ્યગ્ સિદ્ધિ=મોક્ષ) થવાની ભવ્યતા પાકવાથી, આ યોગભૂમિકાદિ સર્વપ્રકારના યોગો આવા જીવમાં ઘટી શકે છે. અન્યથા (બીજા જીવમાં) ઘટતા નથી એમ મનીષી પુરુષો કહે છે.॥૧૦૫॥

આ ૧૦૫ શ્લોકમાં ગોપેન્દ્રમુનિનો પાઠ ઉપર મુજબ છે. પરંતુ પૂ. હરિભદ્રસૂરિજી કૃત યોગબિન્દુમાં "उभयोस्तत्स्वभावत्वात् – तदावर्तनियोगतः" આવો પાઠ છે. તેનો અર્થ પણ ઉપરોક્ત અર્થને અનુસરનારો જ અર્થ છે. તે આ પ્રમાણે છે :-

પૂર્વે બાંધેલ કર્મપ્રકૃતિ અને આત્મા એમ ઉભયનો તેવો સ્વભાવ પ્રગટ થવાથી (એટલે કે કર્મપ્રકૃતિનું પ્રાબલ્ય નિવૃત્તિ પામવાથી અને આત્મામાં કુશળ બુદ્ધિ પ્રગટ થવાથી, તથા ચરમ પુદ્ગલ પરાવર્તના સામર્થ્યથી આવા જીવમાં આવી યોગદશાદિ સર્વ ઘટી શકે છે. અન્યથા (બીજા જીવમાં) યોગદશા પ્રાપ્ત થતી નથી એમ મનીષી પુરુષો કહે છે.

આ પાંચે શ્લોકો યોગાચાર્ય શ્રી ગોપેન્દ્રમુનિના છે એમ ગ્રંથકારશ્રીએ યોગબિન્દુમાં ૧૦૦મા શ્લોકમાં કહ્યું છે. માત્ર અન્ય દર્શનકારો જેને **પ્રકૃતિ** કહે છે તેને જ જૈનદર્શનકારો **કર્મપ્રકૃતિ** કહે છે. તેઓ પુરુષ અને પ્રકૃતિ એમ બે તત્ત્વ માને છે અને જૈનો આત્મા અને કર્મ એમ બે તત્ત્વ માને છે. તેથી પ્રકૃતિ અને કર્મપ્રકૃતિની વચ્ચે અભિધાનભેદ (નામભેદ) વિના બીજો કોઈ અન્ય ભેદ નથી. અહીં अन्यत्र શબ્દ ટીકામાં જે છે તેનો અર્થ **વિના** કરવો - અભિધાન ભેદ વિના એવો અર્થ જાણવો).॥ ૧૦ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણ :- एतद्भावनायैवाह** – આ જ વાત વધુ સ્પષ્ટ સમજાવતાં આચાર્યશ્રી જણાવે છે કે :-

**[1]तप्पोग्गलाण [2]तग्गहणसहावावगमओ [3]य [4]एयं ति।**
**[5]इय [6]दट्ठव्वं [7]इहरा [8]तह [9]बंधाई [11]न [10]जुज्जंति ॥ ११ ॥**

**"तत्पुद्गलानां" = कर्मप्रकृतिपरमाणूनां, "तद्ग्रहणस्वभावापगमतः" = जीवग्रहणस्वभावायगमात्, "चशब्दात् जीवस्य च तद्ग्राहकस्वभावापगमात् कारणाद् एतन्नूनं निवृत्तप्रकृत्यधिकारित्वम्, एतत्पुरस्सरं च प्रस्तुताधिकारित्वम् "इय" = एवं द्रष्टव्यम् । विपक्षे बाधामाह - "इतरथा" - यदि एवं नाभ्युपगम्यते, ततः किम् ? इत्याह - तथा बन्धादयो न युज्यन्ते, "तथा" = इति चित्रानन्तग्रहणप्रकारेण बन्धः, आदिशब्दाद् भूयोग्रहणाग्रहणरूपो मोक्षः, तथा एतन्निबन्धनाश्च विकारा दोषगुणलक्षणा इति, एते न युज्यन्ते, अतत्स्वभावस्य तथाभवनायोगात्, अतिप्रसङ्गादिति ।**

**ગાથાર્થ :-** તે કર્મપ્રકૃતિઓના પુદ્ગલોમાં तग्गहण = તે જીવ દ્વારા ગ્રહણ કરવા પણાના (ગ્રાહ્યપણાના) સ્વભાવનો વિનાશ થવાથી, અને च શબ્દથી જીવોમાં કર્મોને ગ્રહણ કરવારૂપ ગ્રાહકપણાના સ્વભાવનો વિનાશ થવાથી, एयं = આ નિવૃત્તપ્રકૃત્યધિકારિપણું આવે છે. એમ જાણવું. અન્યથા તો (કર્મ અને જીવમાં ગ્રાહ્ય-ગ્રાહક સ્વભાવ ન માનીએ તો) કર્મબંધ અને આદિથી મોક્ષાદિ ઘટી શકતાં નથી. ॥૧૧॥

**ટીકાનુવાદ** = "અગ્નિ ઘાસને બાળે છે." ત્યાં અગ્નિમાં દાહકસ્વભાવ છે. અને ઘાસમાં દાહ્યસ્વભાવ છે. તો જ આ કાર્ય થાય છે. અન્યથા અગ્નિ પત્થરને કેમ નથી બાળતો ? અને ઘાસ જળ વડે કેમ નથી બળાતું ? તથા "જલ શરીરને સ્વચ્છ કરે છે" ત્યાં જળમાં સ્વચ્છ કરવા પણાનો અને શરીરમાં સ્વચ્છ થવા પણાનો સ્વભાવ છે. અન્યથા જળ આત્માને કેમ સ્વચ્છ નથી કરતું ? અને શરીર અગ્નિ વડે કેમ સ્વચ્છ નથી થતું ? એટલે કે બન્ને પદાર્થોમાં તેવો સ્વભાવ હોવાથી તે તે કાર્યની નિષ્પત્તિ થાય છે. તેની જેમ કર્મપરમાણુઓમાં જીવ વડે ગ્રહણ કરાવાપણાનો (ગ્રાહ્યપણાનો) સ્વભાવ છે અને જીવમાં કર્મપુદ્ગલોને ગ્રહણ કરવા પણાનો (ગ્રાહક પણાનો) સ્વભાવ છે. આ બન્ને કર્મ અને આત્મામાંથી ગ્રાહ્ય અને ગ્રાહક સ્વભાવોનો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અપગમવિશેષ થવાના કારણથી જ ખરેખર આ નિવૃત્તપ્રકૃત્યધિકારિપણું આવે છે. અર્થાત્ કર્મપુદ્ગલોમાંથી ગ્રાહ્યસ્વભાવનો અપગમ થવાથી અને આત્મામાંથી ગ્રાહક સ્વભાવનો અપગમ થવાથી નિવૃત્તપ્રકૃત્યધિકારિપણું પ્રાપ્ત થાય છે.

निवृत्त = ચાલ્યું ગયું છે, प्रकृति = કર્મોનું, अधिकारित्व = પ્રાબલ્ય જેમાંથી તે, એટલે કે જે જીવોમાંથી કર્મોનું પ્રાબલ્ય ચાલ્યું ગયું છે. તે નિવૃત્તપ્રકૃત્યધિકારિત્વ ગુણ કહેવાય છે, તે ગુણ આવવાપૂર્વક જ પ્રસ્તુત યોગનું અધિકારિપણું આવે છે. અન્યથા = આ ગુણ આવ્યા વિના યોગનું અધિકારિપણું કદાપિ જીવમાં આવતું નથી આ પ્રમાણે સમજવું.

જો ઉપર કહ્યા મુજબ કર્મ અને આત્મામાં ગ્રાહ્ય-ગ્રાહક સ્વભાવ ન માનીએ તો વિપક્ષમાં બાધા (દોષ) આવે છે. તે દોષ સમજાવે છે કે "इतरथा = અન્યથા = જો બન્નેમાં ગ્રાહ્ય-ગ્રાહકસ્વભાવ ન માનીએ તો બંધાદિ (કર્મબંધ અને મોક્ષ વિગેરે) ઘટી શકતા નથી. તે આ પ્રમાણે -

માટીમાં ઘટપણે પરિણામ પામવાનો સ્વભાવ ન હોય અને માત્ર દંડ-કુલાલાદિ કારણ અને કર્તાથી જ કાર્ય થતું હોય તો માટીને બદલે પત્થરમાંથી ઘટ કેમ ન બને ? તન્તુમાં પટપણે પરિણામ પામવાનો સ્વભાવ જો ન હોય અને માત્ર તુરીવેમાદિ અને વણકરાદિથી જ પટ બનતો હોય તો રેતીના કણમાંથી તેઓ વડે પટ કેમ નથી બનાવાતો ? દૂધમાં દહીં પણે બનવાનો સ્વભાવ જો ન હોય અને માત્ર છાશ ના સંયોગથી જ દહીં બનતું હોય તો પાણીમાં છાશનો સંયોગ કરવાથી દહીં કેમ નથી બનતું ? આ દૃષ્ટાંતોમાં માટી, તન્તુ અને દૂધમાં જેમ તે તે કાર્યરૂપે પરિણામ પામવાનો સ્વભાવ છે, તો જ કાર્ય થાય છે. તે જ રીતે કાર્મણવર્ગણાઓના પુદ્ગલોમાં જ્ઞાનાવરણીય આદિ સ્થૂલપણે ૧૫૮ ભેદે અને સૂક્ષ્મપણે ચિત્ર-વિચિત્ર અનન્તભેદે, તથા જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ સ્થિતિભેદે, તીવ્ર-તીવ્રતર-મંદ-મંદતરાદિ અનેકવિધ રસભેદ વડે તથા હીનાધિક અનન્ત પ્રદેશભેદ વડે પરિવર્તન પામવાની યોગ્યતા રૂપ ग्रहणप्रकारेण = ગ્રાહ્યપણાના સ્વભાવના ભેદને લીધે જ કર્મબંધ ઘટે છે. અર્થાત્ કાર્મણ વર્ગણાઓનાં પુદ્ગલો ચિત્ર-વિચિત્ર અનન્ત ભેદ રૂપે ગ્રહણ થવાના સ્વભાવોને ધારણ કરે છે. તે ગ્રાહ્યસ્વભાવના ભેદને લીધે જ કર્મ બંધાય છે. અન્યથા જો કાર્મણવર્ગણામાં ગ્રાહ્ય સ્વભાવ ન હોય તો પત્થરને જેમ અગ્નિ બાળી શકે નહીં, તેમ જીવ કાર્મણ વર્ગણાને કર્મપણે પરિણમાવવા સ્વરૂપ કર્મબંધ કરી શકે નહીં.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદિ શબ્દથી મોક્ષ પણ ન ઘટે, કારણ કે વારંવાર કાર્મણ વર્ગણાને ગ્રહણ કરવા રૂપ જે કર્મબંધ, તેનું અગ્રહણ તે મોક્ષ કહેવાય છે. હવે જો વારંવાર ગ્રહણ કરવા રૂપ કર્મબંધ ન હોય તો તેના અગ્રહણરૂપ મોક્ષ તો હોય જ ક્યાંથી ? બંધનો વિચ્છેદ તે મોક્ષ, જો બંધ નથી તો મોક્ષ ઘટે જ કેમ ? તથા एतन्निबन्धनाः = આ કર્મબંધ અને મોક્ષ છે કારણ જેમાં એવા દોષ-ગુણ સ્વરૂપ વિકારો જે છે એ પણ ઘટી શકતા નથી. કર્મબંધ થાય છે એમ માનીએ તો તે બધ્ધકર્મ ઉદયમાં આવવાથી જીવમાં રાગ-દ્વેષ-મોહ-અજ્ઞાન-કષાયાદિ દોષો થવા રૂપ વિકારો સંભવી શકે, અને મોક્ષ માનીએ તો તેનાથી થનારા અનંતજ્ઞાન-દર્શન-શુદ્ધ-બુદ્ધ-નિરંજનતાદિ ગુણો પ્રગટ થવા રૂપ વિકારો સંભવી શકે. પરંતુ જો પરિવર્તનીય એવો ગ્રાહ્ય સ્વભાવ કર્મપુદ્ગલોમાં ન માનીએ તો બંધ-મોક્ષ ન ઘટવાના કારણે દોષ-ગુણ રૂપ વિકારો પણ ઘટતા નથી. કારણ કે જે દ્રવ્ય જે ભાવે પરિણામ પામવાને માટે યોગ્ય ન હોય તે દ્રવ્ય તે ભાવે પરિણામ પામતું નથી જેમ કે ચેતનદ્રવ્ય અચેતન સ્વભાવવાળું ન હોવાથી અચેતનપણે થવાનો તેમાં અયોગ છે.

જો એમ ન માનીએ તો અતિપ્રસંગ (અતિવ્યાપ્તિ) આવે. એટલે તે સ્વભાવ વિના પણ જો દ્રવ્ય તે સ્વભાવે પરિણામ પામે છે એમ માનીએ તો માટીની જેમ પત્થરમાંથી પણ ઘટ બનવો જોઈએ, તન્તુની જેમ માટી પણ પટપણે બનવી જોઈએ, તૃણની જેમ પત્થર પણ અગ્નિથી બળવો જોઈએ, તલની જેમ રેતીમાંથી પણ તેલ નીકળવું જોઈએ. આમ અતિવ્યાતિ આવવાથી અવ્યવસ્થા થઈ જાય. તેથી તે તે દ્રવ્યોમાં તે તે કાર્યભાવે પરિવર્તન પામવાની યોગ્યતારૂપ સ્વભાવ હોય જ છે, અને તેને લીધે જ તે તે ભાવે પરિવર્તન પામે છે, તેવી રીતે કર્મપુદ્ગલોમાં પણ ગ્રાહ્યસ્વભાવ હોવાના કારણે જ ચિત્ર-વિચિત્ર-અનન્ત ગ્રાહ્ય સ્વભાવના ભેદને લીધે જ પ્રકૃતિબંધ-સ્થિતિબંધાદિ અને મોક્ષ ઘટે છે તથા તેના વિકાર સ્વરૂપ દોષો અને ગુણો પણ ઘટી શકે છે.

**तदयमत्र भावार्थः - ते परमाणवोऽनादित एव, तथाऽनन्तशः तदात्मग्रहणस्वभावाः, सोऽप्यात्मा एवमेव तद्ग्राहकस्वभाव इत्युभयोस्तत्स्वभावतया घटन्ते तथा बन्धादयः, अन्यथा मुक्तानामपि बन्धादिप्रसङ्गः, अतस्तत्स्वभावत्व एवोभयोरपि तद्भावोपपत्तेरिति भावनीयम्। न चैवमपि स्वभाववाद एवैकान्तेन, तथाविधकालादेरप्यत्रोपयोगात्, तस्यैव**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**तदाक्षेपकत्वात्, इतरेतरापेक्षित्वे प्राधान्यासिद्धेः सामग्र्या एव फलनिष्पादकत्वात् निर्लोठितमेतदन्यत्र धर्मसारादौ । इति गाथार्थः ॥ ११ ॥**

ઉપરોક્ત વાતનો અહીં ભાવાર્થ આ પ્રમાણે છે. તે કાર્મણ વર્ગણાના પરમાણુઓ અનાદિ કાળથી જ, તથા અનંતીવાર, તે તે આત્માઓ વડે ગ્રહણકરવા લાયક (ગ્રાહ્ય) સ્વભાવવાળા છે, અને તે આત્મા પણ એ જ પ્રમાણે તે કર્મોને ગ્રહણ કરવાના ગ્રાહક સ્વભાવવાળો છે. આ પ્રમાણે કર્મ અને આત્મા એમ ઉભયમાં તે ગ્રાહ્ય ગ્રાહકભાવ રૂપ સ્વભાવ હોવાના કારણે જ બંધ-મોક્ષ વિગેરે ઘટી શકે છે. અન્યથા = જો એમ ન માનીએ તો એટલે કે કર્મ અને આત્મામાં ગ્રાહ્ય-ગ્રાહક સ્વભાવ ન હોય તો પણ બંધ થાય છે એમ માનીએ તો મોક્ષમાં ગયેલા મુક્તજીવોને પણ તે આકાશ પ્રદેશોમાં રહેલી કાર્મણવર્ગણા સ્પૃષ્ટ હોવાથી કર્મ બંધ થવાનો પ્રસંગ આવે. अतः આ કારણથી उभयोरपि = કર્મ અને આત્મા એમ ઉભયનો પણ तत्स्वभावत्वे (सति) एव = તે ગ્રાહ્યગ્રાહક સ્વભાવ હોતે છતે જ तद्भावोपपत्तेः = તે કર્મબંધ અને મોક્ષાદિ ભાવો ઘટી શકે છે. એમ ભાવવું (જાણવું).

આ પ્રમાણે કર્મ અને આત્મા એમ ઉભયમાં ગ્રાહ્ય-ગ્રાહક સ્વભાવ વડે જ કર્મબંધાદિ સંભવે છે. એમ સમજાવવામાં આવ્યું. એટલે આ બાબતમાં કોઈ વાદી આવો પ્રશ્ન કરે કે જો **સ્વભાવ** જ બંધમોક્ષનું કારણ હોય તો આ જગતમાં સર્વ કાર્યોમાં સ્વભાવ જ કારણ બનશે, એમ માનવાથી એકાન્તે સ્વભાવવાદ જ આવશે. જૈન શાસ્ત્રોમાં કાળ-નિયતિ-પ્રારબ્ધ-અને પુરુષાર્થ આવાં જે બીજાં ચાર સમવાયી કારણો માન્યાં છે તે ઊડી જશે અને એકાન્તે સ્વભાવ જ કારણ માનવાથી એકાન્ત સ્વભાવવાદની જ સિદ્ધિ થશે-તેનો ઉત્તર આચાર્યશ્રી આપે છે કે-

આમ ગ્રાહ્ય-ગ્રાહક સ્વભાવને બંધાદિનું કારણ માનવાથી એકાન્તે સ્વભાવવાદ જ સિદ્ધ થશે એમ કહેવું નહિ કારણ કે બાકીનાં શેષ કાલાદિ ચાર સમવાયી કારણો પણ અહીં (સ્વભાવને) પુષ્ટ કરવામાં ઉપયોગી છે. तस्यैव = તે કાલાદિ શેષ સમવાયી કારણો જ **तदाक्षेपकत्वात्** = તે સ્વભાવ નામના કારણનાં આક્ષેપક (આકર્ષક) હોવાથી. એટલે કે ચારે કારણો સાથે મળીને સ્વભાવકારણને ઉત્તેજિત કરે છે. ઉપરોક્ત પાંચે કારણો પૈકી કોઈ પણ ઈતર-ઈતર (એક=એક) કારણની પ્રધાનપણે અપેક્ષા (વિવક્ષા) કરાયે છતે શેષ ચાર કારણોમાં પ્રધાનતાની સિદ્ધિ ગણાતી નથી, એટલે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે ગમે તે એક કારણ પ્રધાનપણે વિવક્ષા કરાય ત્યારે શેષ ચાર કારણો અપ્રધાનપણે કારણ તો હોય જ છે. તે શેષ ચાર કારણનો અપલાપ થતો નથી. માત્ર તે શેષ ચાર કારણો પ્રધાનપણે ગણાતાં નથી. હકીકતથી તો પાંચે કારણોના સમુદાય સ્વરૂપ સામગ્રી જ ફળનિષ્પાદક માનેલી છે. માત્ર વિવક્ષાવશથી એકની પ્રધાનતા અને શેષની અપ્રધાનતા માનવામાં આવી છે.

એકાન્તવાદનું ખંડન અમે ધર્મસારાદિ અન્યગ્રંથોમાં કરેલું જ છે. ત્યાંથી જાણી લેવું. ॥ ૧૧ ॥

**અવતરણ :- दुर्विज्ञेयं चैतदित्याह -**

આ અધિકારિતા જાણવી અતિશય દુષ્કર છે. એ જ વાત આચાર્યશ્રી જણાવે છે-

**[1]एयं [3]पुण [2]निच्छयओ, [4]अइसयणाणी [5]वियाणए [6]णवरं।**
**[7]इयरो [8]वि य [12]लिंगेहिं, [9]उवउत्तो [10]तेण [11]भणिएहिं ॥ १२॥**

**''एतत् पुनः''= अनन्तरोदितविधिसमायातमधिकारित्वं, ''निश्चयतः'' = निश्चयेन, अतिशयज्ञानी विजानाति, नवरं केवली, नान्यः । यद्येवम्, अनर्थक एवास्योपन्यास इत्याह- ''इतरोऽपिच''= अनतिशयी = छद्मस्थः, ''लिङ्गैः =" चिह्नैर्वक्ष्यमाणैः उपयुक्तः सन्, नान्यथा, ''तेन''= अतिशयिना, ''भणितैः=" प्रतिपादितैः, जानाति । इति गाथार्थः ॥ १२ ॥**

**ગાથાર્થ:-** યોગ માટેનું આ અધિકારીપણું નિશ્ચયથી તો વળી અતિશયજ્ઞાની એવા કેવલીભગવાન્ જ જાણે છે. પરંતુ ઈતર એવા છદ્મસ્થ આત્માઓ પણ ઉપયોગવાળા થયા છતા તે કેવલી ભગવાન્ વડે કહેવાયેલાં (અને હવે પછીની ગાથાઓમાં કહેવાતાં) એવાં લિંગો વડે જાણે છે. ॥ ૧૨ ॥

**ટીકાનુવાદ :-** વળી અનન્તર પૂર્વે ૮ થી ૧૧ ગાથામાં કહેલી વિધિથી પ્રાપ્ત થયેલું એવું આ અધિકારીપણું વાસ્તવિકપણે તો અતિશયજ્ઞાની એવા કેવળી ભગવાન્ જ જાણે છે. અન્ય કોઈ જાણી શકતું નથી. અહીં ગાથામાં "અતિશયજ્ઞાની" શબ્દ છે. તેનાથી અવધિજ્ઞાની અથવા મનઃપર્યવજ્ઞાની એવા ત્રણ-ચાર જ્ઞાનવાળા મહાત્માઓ પણ બે જ્ઞાનવાળાની અપેક્ષાએ અતિશયજ્ઞાની કહેવાય છે. પરંતુ તેઓ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છદ્મસ્થ હોવાથી પૂર્ણનિરાવરણ ન હોવાથી આ અધિકારીપણું જાણી શકતા નથી, ફક્ત કેવળી ભગવાન જ સાક્ષાત્ જાણે છે.

**પ્રશ્ન :-** જો એમ જ હોય - અર્થાત્ આ અધિકારીપણું કેવળી ભગવાન્ જ જાણી શકતા હોય તો આ કાળે કેવળજ્ઞાની ન હોવાથી આ અધિકારીપણાનો ઉપન્યાસ (વર્ણન) કરવો નિરર્થક જ થશે ?

**ઉત્તર :-** આવા પ્રશ્નનો ઉત્તર આચાર્યશ્રી જણાવે છે કે - અતિશય જ્ઞાનવિનાના એવા ઈતર એટલે છદ્મસ્થ જીવો પણ તે કેવલી ભગવાન્ વડે જ કહેવાયેલાં, જે હમણાં જ કહેવાશે એવાં લિંગો દ્વારા ઉપયોગવાળા થયા છતા અધિકારિપણાને જાણી શકે છે. છદ્મસ્થ આત્માઓ પણ ઉપયોગ વિનાના હોય તો જાણી શકતા નથી. માટે उवउत्तो કહ્યું છે.

શાસ્ત્રોમાં અપુનર્બન્ધક, સમ્યગ્દૃષ્ટિ, દેશચારિત્રવાન્ અને સર્વચારિત્રવાન્ એમ ચારે પ્રકારના યોગના અધિકારી અને અનધિકારીનાં લિંગો કહેલાં છે. છદ્મસ્થ આત્માઓ જો ઉપયોગપૂર્વક જુએ તો તેઓ પણ લિંગો દ્વારા અધિકારીપણું અને અનધિકારીપણું જાણી શકે છે. પરંતુ ઉપયોગ વિના જાણી શકતા નથી. ॥ ૧૨॥

**અવતરણ = कानि पुनस्तानि लिङ्गानि ? - इत्याह**

તે લિંગો વળી કયા ? એ આચાર્યશ્રી જણાવે છે-

**[२]पावं [४]न [१]तिव्वभावा [३]कुणइ, [८]ण [७]बहुमण्णई [६]भवं [५]घोरं।**
**[११]उचियट्ठिइं [९]च [१२]सेवइ, [१०]सव्वत्थ वि [१३]अपुणबंधो त्ति ॥ १३॥**

**"पापं"=असदनुष्ठानं "न तीव्रभावेन करोति, करोति च तथाविधकर्मदोषेण । तथा न बहुमन्यते चित्तप्रीत्या "भवं घोरं" भवन्त्यस्मिन् कर्मपरिणामवशवर्तिनः प्राणिन इति भवः संसारस्तं रौद्रम् । तथा "उचितस्थितिं च" उचितव्यवस्थां च सेवते भजते "सर्वत्रापि" = धर्मादौ मार्गानुसारित्वाभिमुख्येन मयूरशिशुदृष्टान्ताद् "अपुनर्बन्धक इति" = एवम् -एवम्भूतोऽपुनर्बन्धकोऽभिधीयते इति गाथार्थः ॥ १३ ॥**

**ગાથાર્થ:** - જે આત્મા (૧) તીવ્રભાવે પાપ કરે નહિ, (૨) ઘોર એવા સંસારને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બહુમાન આપે નહિ, અને (૩) સર્વત્ર ઉચિત આચરણ આચરે, તે આત્મા અપુનર્બન્ધક જાણવો. ॥ ૧૩ ॥

**ટીકાનુવાદ :** (૧) આત્મા જે પાપ (એટલે અશુભાચરણ) કરે તે પણ તીવ્રભાવે ન કરે. નિકાચિત - ચીકણાં કર્મ બંધાય એવા તીવ્રભાવે પાપો ન કરે, કદાચ કોઈ વખત એવા પાપ કરવાનો પ્રસંગ આવે તોપણ તેવા પ્રકારના પૂર્વે બાંધેલા પોતાના કર્મોના ઉદયની પરવશતાના દોષને લીધે જ કરે પરંતુ પોતાની રસિકતાથી પાપ ન કરે.

(૨) આ સંસારમાં પ્રાપ્ત થયેલ (સ્ત્રી-પુત્ર-ધન-ગૃહાદિ) સર્વ વસ્તુઓને ચિત્તની પ્રીતિથી બહુમાન આપે નહિ - એટલે કે મનની પ્રીતિથી કોઈ પણ વસ્તુને ઈચ્છે નહિ અને આ ભવને (સંસારને) ઘોર (ભયંકર) માને. કર્મને પરવશ થયેલા જીવો જેમાં ઉત્પન્ન થાય જન્મ-મરણ પામે તે ભવ કહેવાય છે. તે સંસાર રૌદ્ર છે. ભયંકર છે અનંત દુઃખોની ખાણ છે. ઈષ્ટવિયોગ અને અનિષ્ટસંયોગોથી ભરેલો છે. અનંત છે. હેય છે. એમ સમજી હૃદયથી તે સંસારને (સાંસારિક ભાવોને) બહુમાન આપે નહિ.

(૩) તથા સર્વસ્થાનોમાં ઉચિત આચરણ કરે એટલે કે ધાર્મિક કાર્યોમાં પોતાની શક્તિને ન છુપાવે, તથા શક્તિનું ઉલ્લંઘન ન કરે, વ્યવહારિક કાર્યોમાં પણ ધર્મ અને ધર્મીની નિન્દા થાય તેવું આચરણ ન કરે પરંતુ નિન્દા ન થાય તેવું ઉચિત જ આચરણ કરે.

આવા પ્રકારનાં ત્રણ લક્ષણોવાળો જીવ માર્ગાનુસારિપણાને અભિમુખ થયો છતો મયૂરશિશુની જેમ અપુનર્બન્ધક કહેવાય છે. મયૂરનું નાનું બચ્ચું એટલે ઢેલનું નાનું બચ્ચું બરાબર માતાની પાછળ પાછળ જ ચાલે. તેને ન ટોકવું પડે કે ન શીખવાડવું પડે, તેવી રીતે આ આત્મા પણ સરળ પરિણામી બનવાથી બરાબર માર્ગને અભિમુખ જ ચાલે. આ પ્રમાણે (૧) તીવ્રભાવે પાપનું અકરણ, (૨) સંસાર પ્રત્યે અબહુમાન (૩) સર્વત્ર ઉચિત આચરણ આ ત્રણ અપુનર્બન્ધકનાં લક્ષણો જાણવાં.

પૂજ્ય પંન્યાસજી શ્રી ચંદ્રશેખરવિજયજી મ.ના લખાયેલા ''શૂન્ય બનીને પૂર્ણ બનો'' આ પુસ્તકમાં **સર્વત્ર ઉચિત આચરણની** બાબતમાં આ પ્રમાણે વધુ સ્પષ્ટ નિર્દેશ પ્રસંગવશાત્ કરેલ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પુરુષનો સ્વધર્મ** = માતા પ્રત્યે ભક્તિ, પત્ની પ્રત્યે પ્રીતિ, સદાચાર, નારીસન્માન, બાળશિક્ષણ, અને રાષ્ટ્રદાઝ (રાષ્ટ્રપ્રત્યેની વફાદારી).

**રાજાનો સ્વધર્મ** = દુષ્ટને દંડ, સજ્જનોની સેવા, નિષ્પક્ષતા, રાષ્ટ્રની સેવા, ન્યાયમાર્ગે અર્થસંવર્ધન.

**સ્ત્રીનો સ્વધર્મ** = શીલપાલન, બાળસંરક્ષણ, પતિસેવા, કુટુંબસંભાળ

**ગુરૂનો સ્વધર્મ** = શિષ્ય પ્રત્યે વાત્સલ્યભાવ.

**શિષ્યનો સ્વધર્મ** = ગુરુ પ્રત્યે પૂર્ણ સમર્પણભાવ ઇત્યાદિ ॥ ૧૩ ॥

**અવતરણ :- सम्यग्दृष्टिलिङ्गाभिधित्सयाऽऽह -**

અપુનર્બંધકનાં લિંગો કહીને હવે સમ્યગ્દષ્ટિનાં લિંગો ગ્રંથકારશ્રી જણાવે છે.-

**[1]सुस्सूस [2]धम्मराओ, [4]गुरूदेवाणं [3]जहासमाहीए ।**
**[5]वेयावच्चो [6]णियमो, [7]सम्मद्दिट्ठिस्स [8]लिंगाइं ॥ १४ ॥**

**"शुश्रूषा" = श्रोतुमिच्छा धर्मशास्त्रेषु, गेयरागिकिन्नरगेयशुश्रूषाधिका। तथा "धर्मरागः" = धर्माभिष्वङ्गः, सामग्रीवैकल्यात् तदकरणेऽपि चेतसोऽनुबन्धः, दरिद्रब्राह्मणविशेषहविःपूर्णरागसमधिकः। तथा "गुरुदेवानां" = चैत्य-साधूनां, "यथासमाधिना" = शक्त्याद्यनुरूपम्, नासद्ग्रहेण, किम्? इत्याह- "वैयावृत्ये" = व्यावृत्तभावे नियमः, गुणज्ञश्राद्धचिन्तामणिवैयावृत्त्यनियमाभ्यधिकः करोत्येवैतदित्यर्थः। सम्यग्दृष्टेः "लिङ्गानि" = चिह्नानि, ग्रन्थिभेदेन तत्त्वे तीव्रभावात्। इति गाथार्थः ॥ १४ ॥**

**ગાથાર્થ:-** (૧) શુશ્રૂષા, (૨) ધર્મરાગ, (૩) ચિત્તની સમાધિ રહે તેવો દેવ-ગુરુની સેવા કરવાનો નિયમ, આ ત્રણ સમ્યગ્દષ્ટિનાં લિંગો છે. ॥ ૧૪ ॥

**ટીકાનુવાદ :-** હવે યોગના અધિકારી એવા સમ્યગ્દષ્ટિનાં લિંગો જણાવે છે

(૧) **શુશ્રૂષા** = ધર્મ સાંભળવાની ઇચ્છા, જ્યાં જ્યાં ધર્મશાસ્ત્રોનું શ્રવણ ચાલતું હોય ત્યાં ત્યાં તે તે ધર્મશાસ્ત્રો સાંભળવા જવાની અતિશય ઉત્કંઠા તે શુશ્રૂષા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

- જેમ કે ગેય = એટલે ગાવા લાયક ગાયનોને વિષે અતિશય રાગવાળા એવા કિન્નર દેવો (સુંદર ગાયકદેવો)નાં ગાયનો સાંભળવાની જે ઇચ્છા, તેનાથી પણ અધિક ધર્મશાસ્ત્રો સાંભળવાની જે ઉત્કંઠા તે શુશ્રૂષા.

(૨) **ધર્મરાગ** = ધર્મને વિષે અત્યન્ત અભિષ્વંગ = આસક્તિ-પક્ષપાત, શારીરિકાનુકુળતા, પરિવારની અનુકુળતા, સમયની અનુકુળતા અને સહકારિ સાધનોની સાનુકુલતા, ઇત્યાદિ સામગ્રીની વિકલતાના કારણે કદાચ તે ધર્મકાર્યો ન કરી શકે તોપણ તે ધર્મકાર્યો પ્રત્યે મનનો સંપૂર્ણ અનુબંધ (મનની અતિશય પ્રીતિવિશેષ), તે ધર્મકાર્યો કરવાની મનમાં અતિશય તાલાવેલી તે ધર્મરાગ. જેમ કોઈ દરિદ્ર બ્રાહ્મણવિશેષને ઘીથી ભરપૂર ઘેબરનું ભોજન મળે. તેના ઉપર તે બ્રાહ્મણને જેવો રાગ હોય તેનાથી પણ અધિક રાગ ધર્મકાર્યોમાં હોય તે ધર્મરાગ. અહીં દરિદ્ર હોવાથી જેણે કદાપિ મિષ્ઠાન્ન ખાધું નથી, તથા બ્રાહ્મણવિશેષ કહેવાથી જેને સ્વાભાવિક રીતે મિષ્ટાન્નનો વધુ રાગ છે, ઇત્યાદિ કારણો રાગની અધિકતામાં સ્વયં સમજી લેવાં. આ જ બાબત ઉપર પૂજ્ય ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજીએ સમ્યક્ત્વની સડસઠ બોલની સજ્ઝાયમાં જણાવ્યું છે કે :

તરૂણ સુખી સ્ત્રીપરિવર્યો રે, ચતુર સુણે સુરગીત ।
તેહથી રાગે અતિઘણે રે, ધર્મ સુણ્યાની રીત રે ॥ પ્રાણી ॥ ૧૨.
ભૂખ્યો અટવી ઉતર્યો રે, જિમ દ્વિજ ઘેબર ચંગ ।
ઇચ્છે તિમ જે ધર્મને રે, તેહિ જ બીજું લિંગ રે ॥ પ્રાણી ॥ ૧૩

(૩) જે વીતરાગ પરમાત્મા તે દેવ, તેમનાં આલયો તે ચૈત્ય, તથા પાંચ મહાવ્રતોના પાલનહાર, સંસારનાં ભોગસુખોના ત્યાગી એવા જે મુનિઓ તે સાધુ, આ દેવ-ગુરુ એમ બન્ને તત્ત્વો આત્મા ઉપર અત્યન્ત ઉપકાર કરનાર હોવાથી સ્વ- અને પરના ચિત્તને સમાધિ રહે તે રીતે, પોતાની શક્તિ-સંયોગ-આદિને અનુરૂપ, પરંતુ ખોટા કદાગ્રહથી નહિ. એવી તે બન્નેની વૈયાવચ્ચ (સેવાભક્તિ) કરવી, સેવાભક્તિ કરવાનો પરિણામ તે વૈયાવચ્ચ. એમ સમ્યગ્દષ્ટિ આત્માનાં ત્રણ લિંગો છે. જે આત્માને ધર્મ ગમે તેને ધર્મના ઉપદેશક પણ ગમે જ, ગુરુ અનંતર ઉપદેશક છે. દેવ પરંપરાએ ઉપદેશક છે. માટે તે ગુરુ અને દેવ પણ ગમે જ, તેઓ ઉપર ભક્તિ-બહુમાનનો ભાવ આવે જ. તેથી આ વૈયાવચ્ચ એ ત્રીજું લક્ષણ સમજવું. વળી આ વૈયાવચ્ચ સ્વ-અને પરનું ચિત્ત પ્રસન્ન રહે તે રીતે જ કરવી. ખોટો કદાગ્રહ કદાપિ કરવો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નહિ. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવને ધ્યાનમાં રાખીને વૈયાવચ્ચ (સેવા-ભક્તિ) આદરવી. કોઈનું પણ મન દુઃખાય તેવો હઠાગ્રહ કલેશ કરાવનાર છે અને કલેશ કર્મ બંધાવનાર છે. માટે સમાધિ રહે તે રીતે સેવા-ભક્તિ કરવા-કરાવવાનો પરિણામ રાખવો.

"वैयावच्च" આ સંસ્કૃત શબ્દની વ્યુત્પત્તિ ગુરુજી જણાવે છે કે व्यावृत्ते नियमः इति वैयावृत्त्यः = સેવા-ભક્તિ કરવાના પરિણામ સિવાય બાકીના શેષ સર્વ ભાવોની નિવૃત્તિનો જે નિયમ-શેષ સર્વભાવોમાંથી વ્યાવૃત્તિ થવા રૂપ ભાવમાં નિયમિત થવું તે વૈયાવચ્ચ. આ વૈયાવચ્ચ ઉપર એક દૃષ્ટાન્ત આપે છે કે - રત્નોના ગુણોને જાણનારો ગુણજ્ઞ, રત્નોના પ્રભાવ વિષે અતિશય શ્રધ્ધાવાળો શ્રાધ્ધ એવો આત્મા અપૂર્વ પુણ્યોદયથી અથવા દૈવિક પ્રસન્નતાથી પ્રાપ્ત થયેલાં ચિંતામણિ આદિ-રત્નોને વિષે અપૂર્વ સેવા કરે છે. પૂજા કરે છે. ભક્તિ કરે છે અને હાર્દિક બહુમાન કરે છે. તેનાથી પણ અનેકગણા અધિકભાવે વૈયાવચ્ચ કરવાનો જે નિયમ તે ત્રીજું લક્ષણ સમજવું. આ પ્રમાણે સમ્યગ્દષ્ટિનાં (૧) શુશ્રૂષા, (૨) ધર્મરાગ, અને (૩) વૈયાવચ્ચ એમ કુલ ત્રણ લિંગો જાણવાં. રાગ-દ્વેષની ગાંઠ આ જીવમાં અનાદિકાળની છે જ. તે ગાંઠ ભેદાયે છતે (ગ્રન્થિભેદથયે છતે) આત્માને સ્વતઃ જ તત્ત્વને વિષે તીવ્રબહુમાનનો ભાવ આવે જ છે. ॥ ૧૪ ॥

**અવતરણ :- चारित्रिलिङ्गानि आह** = હવે ચારિત્રવાનૂનાં લિંગો કહે છેઃ-

**[3]मग्गाणुसारी [4]सद्धो, [5]पण्णवणिज्जो [6]कियापरो चेव ।**
**[7]गुणरागी [8]सक्कारंभसंगओ [1]तह य [2]चारित्ती ॥ १५ ॥**

**मार्गानुसारी, चारित्रमोहनीयकर्मक्षयोपशमयोगात्, अस्य च तत्त्वावाप्तिं प्रत्यवन्ध्यकारणत्वात्, कान्तारगतविवक्षितपुरप्राप्तिसद्योगतासमेतान्धवत्। तथा "श्राद्धः", तत्वं प्रति तत्प्रत्यनीकक्लेशह्रासातिशयात्, सन्निध्यवाप्ति-प्रवृत्ततद्भोक्तृतद्गतविधिश्राद्धवत्, अनेनोत्तरयोगः पापयोगप्रतिबन्धकापगमहेतुरित्येतदाह । तथा "प्रज्ञापनीयः", अत एव कारणद्वयात् सन्निध्यवाप्तिप्रवृत्ततद्भोक्तृतद्गतविधिश्राद्धाप्तप्रज्ञापकवत् सच्छ्रद्धाफलोपदर्शनार्थमेतत् । तथा "क्रियापरश्चैव", उक्तलक्षणादेव हेतोः, अनेन मार्गानुसारित्वस्य निजं कार्यमाह ।**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ:** - તથા ચારિત્રવાન્ આત્મા (૧) માર્ગાનુસારી, (૨) શ્રધ્ધાવાન્, (૩) પ્રજ્ઞાપનીય, (૪) ક્રિયામાં તત્પર, (૫) ગુણાનુરાગી, અને (૬) પોતાનાથી શક્ય એવાં ધર્મકાર્યોના આરંભથી યુક્ત હોય છે. ॥૧૫॥

**ટીકાનુવાદ** :- (૧) **"માર્ગાનુસારી"** = જૈન શાસનના ચારિત્રસ્વરૂપ ત્યાગમાર્ગને અનુસરવા પણું. જ્ઞાનાવરણીયાદિ આઠે કર્મો આત્માના અનંતજ્ઞાનાદિ ગુણોનું આવરણ કરનારાં હોવાથી આત્માના પતનનું કારણ છે. તથાપિ તે આઠમાં મોહનીય કર્મ મિથ્યા ભાવો ઉત્પન્ન કરનાર હોવાથી પતનનું સવિશેષકારણ છે. અહીં સુધી આવેલો આત્મા સમ્યક્ત્વ પામેલો હોવાથી દર્શનમોહનીયનો ક્ષયોપશમ કરી ચુકયો છે. તેથી હવે ચારિત્રમોહનીય કર્મનો (તેમાં પણ દેશ-સર્વ ચારિત્રનો પ્રતિબંધ કરનાર એવા અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનીયકષાય તથા તેને સહયોગ આપનાર નવ નોકષાય રૂપ ૪+૪+૯=૧૭ પ્રકૃતિઓનો ) ક્ષયોપશમવિશેષ થવાથી અનંત ઉપકારી તીર્થંકર ભગવન્તોએ બતાવેલા ત્યાગમય ચારિત્રરૂપ ધોરી માર્ગે અનુસરવાની આ આત્માને બુદ્ધિ ઉત્પન્ન થાય છે.

આ ત્યાગમય ચારિત્રમાર્ગને અનુસરવાપણું એ જ તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિનું અવન્ધ્યકારણ છે. તેના ઉપર એક દૃષ્ટાન્ત સમજાવે છે કે - જેમ એક જંગલમાં કોઈ અંધપુરુષ ભૂલો પડ્યો, તેને પોતાના ઈષ્ટનગરે પહોંચવું છે. તેવામાં તેને બીજા દૃષ્ટિવાળા સત્પુરુષનો યોગ થયો, ત્યાર પછી મળી ગયેલા તે સત્પુરુષની આંગળીએ જો તે અંધ ચાલે પરંતુ પોતાની ઇચ્છામુજબ આડો-અવળો ન ચાલે તો અલ્પસમયમાં સ્વ-ઈષ્ટ- નગરે પહોંચી શકે છે. તેની જેમ આપણો આ આત્મા અનાદિકાળથી સંસાર રૂપી કાન્તારમાં ભૂલો પડેલો છે. જ્ઞાનાવરણીય અને મોહનીયકર્મના ઉદયથી અજ્ઞાની અને મિથ્યાજ્ઞાની હોવાથી અંધ છે. મોક્ષરૂપ ઈષ્ટનગરે પહોંચવું છે. તેવામાં અનંત ઉપકારી પરમાત્મા વીતરાગ દેવ અને તેમના જ માર્ગને યથાર્થ અનુસરનારા અને દૃષ્ટિવાળા એવા, ગુરુ રૂપ સત્પુરુષનો યોગ થઈ ગયો. હવે તેઓની આંગળીએ (તેઓએ બતાવેલા માર્ગે) આ આત્મા ચાલે તો અવશ્ય ઈષ્ટ નગર એવા મોક્ષનગરે પહોંચે જ. કારણ કે આ માર્ગે ચાલતાં અવશ્ય તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તે મોક્ષનું સાધકતમ કારણ છે. માટે "માર્ગાનુસારિતા" એ ચારિત્રીયાનું પ્રથમ લિંગ છે.

(ટીકાની અંદરની પંક્તિનો અર્થ આ પ્રમાણે - कान्तार = જંગલમાં, गत



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

= રહેલા, અને विवक्षित = ઇષ્ટ, पुर = નગરે, प्राप्ति = જવાની ઇચ્છાવાળા, सद्योगता = દેખતા ઉત્તમ પુરુષના યોગપણાથી, समेत = સહિત-યુક્ત એવા, अन्धवत् = આંધળા માણસની જેમ, શેષ અર્થ ઉપલક્ષણથી જોડવો.)

(૨) **શ્રધ્ધાવાન્** = તત્ત્વ પ્રત્યે અતિશય શ્રધ્ધાવાળો, કારણ કે તે તત્ત્વો પ્રત્યેની શ્રધ્ધામાં પ્રત્યનીકભૂત (શત્રૂભૂત) એવા કલેશોનો અતિશય હ્રાસ થયેલો છે. માટે શ્રધ્ધાવાળો, જે આત્માને જે વિષય ઉપર અતિશય શ્રધ્ધા હોય છે તે આત્માને તે વિષય ઉપર અપ્રીતિ-દ્વેષ-ઉદ્‌વેગ-શારીરિક પરિશ્રમ આદિ શત્રુતુલ્ય ભાવો હોતા નથી. આ બાબત ઉપર એક દૃષ્ટાન્ત સમજાવે છે કે - ધરતીમાં દાટેલો सत् = સમ્યક્ એવો નિધિ =ભંડાર મેળવવામાં પ્રવર્તેલ, અને તે ભંડાર મેળવીને ભાવિમાં તેનો ભોક્તા બનનાર, એવા તે પુરૂષને તે નિધિ મેળવવાની બાબતમાં શુકન જોવાં, ઈષ્ટદેવનું સ્મરણ કરવું. ઈત્યાદિ વિધિમાં જેમ અપૂર્વ શ્રધ્ધા હોય છે, તેની જેમ માર્ગાનુસારી બનેલા આ મહાત્માને અનંતજ્ઞાનાદિ રૂપ આત્મભંડાર મેળવવામાં અને તેનો ભાવિમાં ભોક્તા બનવામાં, તે ભંડારની પ્રાપ્તિની વિધિ પ્રત્યે અને તેની વિધિ બતાવનારા આપ્તપુરુષો પ્રત્યે અતિશય શ્રધ્ધા હોય છે.

આ શ્રધ્ધા નામનો બીજો ગુણ આવવા વડે ઉત્તર એવા પ્રજ્ઞાપનીય નામના ત્રીજા ગુણનો યોગ પ્રાપ્ત થાય છે. તે પ્રજ્ઞાપનીય એવો ત્રીજો ગુણ કેવો છે ? તે જણાવે છે કે પાપિષ્ઠ એવા અશુભયોગો રૂપ જે ધર્મના પ્રતિબંધક ભાવો-(આળસ-ઉદાસીનતા, અપ્રીતિ, સંસારરાગ, સુખરાગ, દુઃખદ્વેષ, ઈત્યાદિ)ના નાશના કારણભૂત એવો આ પ્રજ્ઞાપનીય ગુણ છે. આવા પ્રકારનો આ પ્રજ્ઞાપનીય નામનો ત્રીજો ગુણ આ શ્રધ્ધા નામના બીજા ગુણ વડે પ્રાપ્ત થાય છે. એટલે હવે તે ત્રીજા ગુણને સમજાવે છે-

(૩) **પ્રજ્ઞાપનીય** = ઉપરોક્ત બે ગુણો આવવાથી આત્મભંડાર મેળવવાની એવી તાલાવેલી લાગે છે કે ગુરુ પ્રત્યે સમર્પિત બને છે સરળ બને છે. નમ્ર બને છે. તેથી ગુરુ દ્વારા શિખામણ દેવાને યોગ્ય બને છે.

આ વિષય ઉપર પણ દૃષ્ટાન્ત સમજાવે છે કે - સુંદર ભંડારને મેળવવામાં પ્રવર્તેલા અને ભાવિમાં ભોક્તા બનનારા પુરુષને તે ભંડારસંબંધિ વિધિમાં અપૂર્વશ્રધ્ધા થવાથી તે વિધિ સમજાવનારા આપ્ત પુરુષ પ્રત્યે જેમ અતિશય સદ્‌ભાવ-બહુમાન થાય છે. તે આપ્તપુરુષો જેમ કહે તેમ વિધિપૂર્વક સાંભળે છે. આચરે છે. જરા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ તર્ક-વિતર્ક કરતો નથી. તેની જેમ ગુરુ જે સમજાવે તે સમજવા તૈયાર થઈ જાય, કુશાશવાળો બની જાય, તે પ્રજ્ઞાપનીયગુણ એ ત્રીજું લિંગ જાણવું. સાચી શ્રદ્ધાનું આ જ (પ્રજ્ઞાપનીયતા એ જ) ફળ છે. એમ સમજાવવા માટે શ્રધ્ધા પછી આ પદ કહ્યું છે.

(૪) **તથા ક્રિયાતત્પરતા,** આત્માને હિતકારી એવાં ધર્મકાર્યો આચરવામાં આળસ-પરિશ્રમાદિ વિના સદા તત્પરતા, આ ચોથું લિંગ છે. આ ક્રિયાતત્પરતા પૂર્વે કહેલા પ્રજ્ઞાપનીયતા ગુણના કારણથી જ આવે છે. આ પ્રમાણે ક્રમશઃ આ ચારે ગુણો કહેવા વડે માર્ગાનુસારિતાનું પોતાનું આ કાર્ય જ છે એમ જણાવ્યું. એટલે કે માર્ગાનુસારિતાથી શ્રધ્ધાવત્ત્વ, શ્રધ્ધાવત્ત્વથી પ્રજ્ઞાપનીયતા, અને પ્રજ્ઞાપનીયતાથી ક્રિયાતત્પરતા ગુણો જીવમાં આવે છે. પૂર્વપૂર્વના ગુણો કારણ છે. ઉત્તર-ઉત્તરના ગુણો કાર્ય છે. આ પ્રમાણે ચારિત્રીયાનાં કુલ ચાર લિંગો સમજવાં.

**उक्तं चान्यैरपि –**

**"उर्ध्वाऽधःसमाधिफलः साश्रवाः समाधिः, न चास्य योगतो भेदः "इति एवं योगस्यानुषङ्गतो निजफलविधिमभिधाय लिङ्गान्तरमाह – गुणरागी, विशुद्धाशयत्वात् तथा शक्त्या ( ? क्या )[1] रंभसङ्गतः, वन्ध्यारम्भभाक्निवृत्तेः। "तथा च चरित्री" तथा चारित्री च एवंविधो भवति । इति गाथार्थः ॥ १५ ॥**

અન્યદર્શનકારો વડે પણ કહેવાયું છે કે :-

આત્મામાં જે જે આશ્રવવાળાં કાર્યો હોય પરંતુ જે કાર્યોની ઉર્ધ્વ = આગળ અને અધઃ = પાછળ સમાધિરૂપ ફળની પ્રાપ્તિ થતી હોય તો તે સાશ્રવકાર્યો પણ સમાધિ જ કહેવાય છે. સમાધિ એટલે સમતાભાવ = રાગદ્વેષની હાનિ, કષાયોનો પરાભવ, આ સમાધિ તે ઉપરોક્ત ભાવયોગથી ભિન્ન નથી. માટે ચારિત્રીયા આત્માને જેમ સમાધિફળની પ્રાપ્તિ થાય તેમ માર્ગાનુસારિતાદિ વડે ક્રમશઃ ક્રિયાતત્પરતાસ્વરૂપ

૧. દિવ્યદર્શન ટ્રસ્ટ C/o. કુમારપાલ વિ. શાહ તરફથી પ્રકાશિત થયેલ "યોગભારતી" માં "शक्त्यारंभसङ्गतः" પાઠ છાપીને કૌસમાં (? क्या) છાપેલું છે. એટલે તેઓને કોઈ હસ્તલેખિત પ્રત અથવા પ્રાચીન પુસ્તકોમાં **शक्त्या** પાઠ જોવા મળેલ છે. તેને અબાધિત રાખીને ટીકા છાપેલ છે. પરંતુ **शक्त्या** શબ્દથી અર્થસંગત થતો નથી. તેમજ ગાથામાં **शक्य** શબ્દ જ છે. તેથી જ તેઓએ **शक्यता** શબ્દની પાસે ? પ્રશ્નાર્થકચિહ્ન મુકીને કૌંસમાં **क्या** નો પાઠ આપેલ છે. અમે પણ સંગત થતા અર્થને ધ્યાનમાં રાખીને **शक्या** એ જ પાઠ આપ્યો છે. તત્ત્વ શ્રી બહુશ્રુત જાણે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવયોગની પણ પ્રાપ્તિ થાય છે. અન્યદર્શનકારો જેને સમાધિ કહે છે તેને જ જૈનદર્શનકારો ભાવયોગ કહે છે.

આ પ્રમાણે યોગના પ્રસંગથી ઉત્તરોત્તર ફળવિધિને જણાવીને (એટલે કે માર્ગાનુસારિતાનું પોતાનું ફળ શ્રધ્ધાવત્ત્વ, શ્રધ્ધાવત્ત્વનું પોતાનું ફળ પ્રજ્ઞાપનીયતા, અને પ્રજ્ઞાપનીયતાનું પોતાનું ફલ ક્રિયાતત્પરતા ઇત્યાદિ પોતપોતાના ફળવિધિને જણાવીને) હવે પાંચમું લિંગ જણાવે છે -

**(૫) ગુણરાગી** = વિશુધ્ધ આશયવાળો હોવાથી ગુણોનો જ રાગી, આટલી ઊંચી કક્ષાએ આવનાર આત્મા નિર્મળ હૃદયવાળો હોવાથી બીજાના ફક્ત ગુણોનો જ પ્રેમી હોય છે.

**(૬) શકયારંભસંગત** :- પોતાનાથી બની શકે તેટલાં જ ધર્મકાર્યોનો આરંભ કરવાવાળો. જે ધર્મકાર્ય પોતાનાથી કરવું અશકય છે તેનો આરંભ કરે તોપણ કંઈ ફળ પ્રાપ્ત થવાનું નથી. કારણ કે તે કાર્ય બનવાનું જ નથી. તો તેવાં ફળપ્રાપ્તિની અપેક્ષાએ વન્ધ્ય કાર્યોનો આરંભ કરવાની ઇચ્છા જેના હૃદયમાંથી નિવૃત્તિ પામેલી છે તે છઠ્ઠું લિંગ જાણવું. આ પ્રમાણે ચારિત્રવાન્ આત્માનાં કુલ છ લિંગો જાણવાં ॥ ૧૫ ॥

**અવતરણ :- अयं च चारित्री देशसर्वचारित्रभेदादनेकविध इत्यत आह** - આ ચારિત્રવાન્ આત્મા દેશ અને સર્વ ચારિત્રના ભેદથી અનેકવિધ છે. તે જણાવે છે-

**[३]एसो [२]सामाइयसुद्धिभेयओ [४]णेगहा [५]मुणेयव्वो ।**
**[१]आणापरिणइभेया, [६]अंते [७]जा [८]वीयरागो त्ति ॥ १६ ॥**

**एषः चारित्री ''सामायिकशुद्धिभेदतः'' - इत्वरेतराङ्गीकरणेन, ''अनेकधा''= अनेकप्रकारो मन्तव्यः ।सामायिकादिप्रतिमानुक्रमेण गृही, तथा सामायिक - च्छेदोपस्थाप्यादिक्रमेणानगारः । कथम् ? इत्याह - आज्ञापरिणतिभेदात् न मौनीन्द्रवचनपरिणतेरन्यत् शुद्धिकारणमिति कृत्वा । अन्ते यावत् सर्वभेदानां वीतरागः। तत्रापि क्षायिकवीतरागः । इति गाथार्थ : ॥ १६ ॥**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ** :- આ ચારિત્રવાળા જીવોમાં જિનેશ્વરપ્રભુની આજ્ઞાની પરિણતિ ભિન્ન ભિન્ન હોવાથી સામાયિકની શુદ્ધિ ભિન્ન ભિન્ન થવાથી આ ચારિત્રવાળા જીવો અનેક પ્રકારના જાણવા. અંતે સર્વે તે જીવો યાવત્ ક્ષાયિકવીતરાગ થાય છે. ।।૧૬।।

**ટીકાનુવાદ** :- સામાયિક એટલે સમતાભાવની પ્રાપ્તિ, તે ઈત્વર કથિત (અલ્પકાલીન) અને તેનાથી ઈતર (યાવત્કથિત=યાવજ્જીવ) એમ બે પ્રકારનું છે, તે પણ ચારિત્રમોહનીયકર્મના ક્ષયોપશમ રૂપ આત્માની પરિણતિ અનેક વિધ હોવાથી અનેકવિધ છે. આ પ્રમાણે સામાયિકની શુદ્ધિના ભેદથી કોઈ ઈત્વરકથિત અંગીકાર કરે અને કોઈ યાવત્કથિત અંગીકાર કરે એમ ક્ષયોપશમના ભેદથી આ ચારિત્રવાળા જીવો પણ અનેકભેદવાળા જાણવા. ભરત-ઐરાવત ક્ષેત્રમાં પહેલા-છેલ્લા જિનેશ્વરના શાસનમાં મુનિઓ ઈત્વરકથિત ચારિત્ર અંગીકાર કરનારા હોય છે. અને મધ્યના બાવીસ તીર્થંકરોના શાસનમાં તથા મહાવિદેહ ક્ષેત્રમાં મુનિઓ યાવત્કથિત ચારિત્ર અંગીકાર કરનારા હોય છે.

તથા દેશચારિત્રવાળા ગૃહસ્થો પહેલી સામાયિક પ્રતિમાથી પ્રારંભીને ક્રમશઃ અગ્યારપ્રતિમા ધારણ કરવા વડે અનેક પ્રકારના હોય છે. કોઈ ગૃહી એક પ્રતિમાધારી, કોઈ ગૃહી બે પ્રતિમાધારી, એમ યાવત્ કોઈ ગૃહી અગ્યાર પ્રતિમાધારી હોવાથી ગૃહસ્થ પણ અનેકવિધ છે. અથવા કોઈ ગૃહસ્થ એકવ્રતવાળા, કોઈ ગૃહસ્થ બે વ્રતવાળા એમ યાવત્ કોઈ ગૃહસ્થ બાર વ્રતવાળા હોય છે. એમ દેશવિરતિવાળા પણ અનેકવિધ છે. તથા સર્વચારિત્રવાળા મુનિમહાત્માઓ પણ કોઈ સામાયિક ચારિત્રવાળા, કોઈ છેદોપસ્થાપનીય ચારિત્રવાળા, કોઈ પરિહાર વિશુદ્ધિ ચારિત્રવાળા કોઈ સૂક્ષ્મસંપરાય ચારિત્રવાળા અને કોઈ યથાખ્યાત ચારિત્રવાળા એમ સાધુ ભગવન્તો પણ અનેક પ્રકારના હોય છે.

તથા ઉપરોક્ત પ્રત્યેક ભેદવાળા જીવો પણ અનેક પ્રકારના છે. તે કેવી રીતે? જિનેશ્વર પરમાત્માની જે આજ્ઞા છે, તે આજ્ઞાની પરિણતિ ચારિત્રમોહનીયકર્મના ક્ષયોપશમથી જીવે જીવે જુદી જુદી છે. તેથી ચારિત્રવાન્ જીવો અનેકવિધ છે. મૌનીન્દ્રના (જિનેશ્વરના) વચનની પરિણતિ વિના બીજું કંઈ પણ શુદ્ધિનું કારણ નથી. પરમાત્માની આજ્ઞા પ્રત્યેની પરિણતિ એ જ પરમશુદ્ધિનું કારણ છે. એથી કરીને તે પરિણતિ ભિન્ન ભિન્ન હોવાથી ગૃહી અને અણગાર બન્ને ચારિત્રવાન્ આત્માઓ અનેકવિધશુદ્ધિના ભેદથી અનેકવિધ છે. અનેકવિધ હોવા છતાં પણ અન્તે તો સર્વભેદોવાળા આ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્માઓ વીતરાગ જ બને છે. અર્થાત્ વીતરાગાવસ્થામાં સમાન-એક જ સ્વરૂપવાળા થાય છે. સાધકાવસ્થામાં ક્ષયોપશમભેદે તરતમતાવાળા હોય છે. પરંતુ સિધ્ધાવસ્થામાં ક્ષાયિકભાવ હોવાથી સમાનતાવાળા હોય છે. અહીં ગાથામાં **વીતરાગ** માત્ર કહેલ છે. તે અગ્યારમા ઉપશાન્તમોહગુણસ્થાનકમાં પણ હોય છે. પરંતુ તે નિયમા પતનપામનાર હોવાથી તે ન લેતાં બારમા ગુણસ્થાનકથી જે ક્ષાયિકવીતરાગ હોય છે, તે જ સમજવા. ॥ ૧૬ ॥

**અવતરણ :- सामायिकस्यैकरूपत्वात् कथं शुद्धिः ? इत्याशङ्कापोहायाऽऽह** - સામાયિક એટલે સમતાભાવ, તે તો શુધ્ધસ્વરૂપ હોવાથી એક રૂપ જ હોય છે. તેથી અનેકવિધ શુદ્ધિવાળું કેમ કહ્યું ? આવા પ્રકારની આશંકા દૂર કરવા માટે આચાર્યશ્રી જણાવે છે કે :-

**[१]पडिसिद्धेसु [२]अदेसे, [४]विहिएसु [३]य [५]ईसिरागभावे वि।**
**[६]सामाइयं [७]असुद्धं, [११]सुद्धं [१०]समयाए [८]दोसुं [९]पि ॥ १७ ॥**

**"प्रतिषिद्धेषु" = प्राणातिपातादिषु हेयेषु, "अद्वेषे" = अमत्सरे, "विहितेषु च" तपोज्ञानादिषु ईषद् - मनाग् रागभावेऽपि औत्सुक्यकरणेन। किम् ? इत्याह - "सामायिकं" = समभावलक्षणं तात्त्विकं, "अशुद्धं"- क्षयोपशमवैचित्र्यान्मलिनम्। "शुद्धं" = निर्मलं यथावस्थितं, "समतया" = मध्यस्थतया, "द्वयोरपि"- विहितप्रतिषिद्धयोः समतृणमणि-मुक्ता-लेष्टु काञ्चन-समशत्रु-मित्रभावरूपत्वादस्य। इति गाथार्थः ॥ १७ ॥**

**ગાથાર્થ :-** શાસ્ત્રોમાં જે નિષિધ્ધભાવો છે. તેના ઉપર અલ્પદ્વેષ કરવાથી, અને જે વિહિતભાવો છે તેના ઉપર કંઈક રાગ કરવાથી જે સામાયિક છે તે અશુદ્ધ સમજવું. તથા પ્રતિષિધ્ધ અને વિહિત એમ ઉભય કાર્યો પ્રત્યે સમભાવ રાખવાથી જે સામાયિક પ્રાપ્ત થાય છે તે શુદ્ધ સામાયિક છે. ॥ ૧૭ ॥

આ મૂળગાથા ૧૭માં તથા તેની ટીકામાં આચાર્યશ્રીએ "अदेसे=अद्वेषे-अमत्सरे શબ્દ લખ્યો છે. તેમાં જે अ છે. તે નિષેધવાચક ન સમજવો પરંતુ અલ્પ અર્થનો સૂચક સમજવો. અલ્પ અર્થમાં પણ नञ् નો પ્રયોગ થાય છે જેમ કે अलवणा यवागु :". અથવા पडिषिद्धेसु अ देसे" એમ च નો પ્રયોગ હોય એવું પણ સંભવી શકે. પરંતુ તેમ સંભાવના કરતાં ટીકામાં अदेसे = अद्वेषे = अमत्सरे એવો સ્પષ્ટ જે પાઠ છે તે સંગત થતો નથી. માટે અલ્પાર્થવાળો नञ् સમજવો. પરંતુ નિષેધસૂચક नञ् ન સમજવો, તેમજ च અવ્યય પણ ન સમજવો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકાનુવાદ** :- અનાદિકાલીન તીવ્રમોહનીય કર્મના જોરે આ જીવને સ્ત્રી-પુત્ર-ધન-ગૃહ-યશ-પ્રતિષ્ઠા આદિ પરભાવો પ્રત્યે તીવ્રરાગ વર્તે છે. અને પ્રતિકુલ એવા પરભાવો પ્રત્યે અને જ્ઞાનાદિ આત્મગુણો પ્રત્યે તીવ્ર દ્વેષ વર્તે છે. આ અચરમાવર્તવર્તી જીવની અવસ્થા છે. આ રાગ અને દ્વેષની ગાંઠ એવી મજબૂત-ઘન-અને તીવ્ર બનેલી છે કે જીવ તેને તુરત છોડી શકતો નથી. તેથી તે રાગ અને દ્વેષ ત્યજાવવાના હોવા છતાં પ્રારંભમાં તેનો વિષય બદલવો પડે છે. સ્ત્રી આદિ પ્રત્યે રાગને બદલે દેવ-ગુરુ ઉપર રાગ કરાવવો પડે છે. અને પ્રતિકુલ પૌદ્ગલિક ભાવોને બદલે આત્મહિતના બાધકભાવો ઉપર દ્વેષ કરાવવો પડે છે. પગમાં વાગેલો કાંટો કાઢવા માટે અન્તે કાઢી નાખવા જેવી છે તોપણ સોય પ્રથમ નાખવી પડે છે. આ પ્રમાણે આત્મહિતકારક દેવ-ગુરુ આદિ ઉપર રાગ અને આત્મહિતનાં બાધકતત્ત્વો ઉપર દ્વેષ એ પણ પ્રારંભમાં ઉપકારક હોવાથી અન્તે હેય હોવા છતાં પણ કર્તવ્ય બને છે તે અપુનર્બન્ધકાવસ્થાથી પ્રારંભીને સાતમા ગુણસ્થાનક સુધીની અવસ્થા જાણવી. આ ગુણસ્થાનકોમાં સામાયિકની પ્રાપ્તિ થાય છે. પરંતુ શાસ્ત્રોમાં નિષેધ કરેલાં અને આત્મહિતનાં બાધક, હેય એવાં પ્રાણાતિપાત-મૃષાવાદાદિ પાપકાર્યો ઉપર કંઈક કંઈક (અલ્પ-અલ્પ માત્રાએ) પણ દ્વેષ વર્તે છે. અને શાસ્ત્રોમાં વિહિત એવા તપ-જ્ઞાન-સ્વાધ્યાય-ધ્યાનાદિ ધર્મકાર્યોમાં કંઈક કંઈક રાગભાવ વર્તે છે. અને તે કારણથી તે તે પાપકાર્યો કરનારા જીવો ઉપર પણ અલ્પદ્વેષભાવ અને ધર્મ કરનારા જીવો ઉપર પણ કંઈક રાગભાવ વર્તે છે. આ રાગ-દ્વેષના પરિણામને લીધે ઉત્સુકતા (અધીરતા-અસ્થિરતા-ઉતાવળ-તાલાવેલી) વિગેરે ભાવો પણ જીવમાં ઉત્પન્ન થાય છે. તેના કારણે શું બને છે ? ''સમભાવ લક્ષણવાળું'' જે સમતાસ્વરૂપ તાત્ત્વિક સામાયિક છે તે અશુદ્ધ બને છે. કારણ કે આ પણ મોહનીયકર્મનો ક્ષયોપશમાનુવિધ્ધ ઉદય જ છે. ફક્ત અપ્રશસ્તભાવોને બદલે પ્રશસ્તભાવો પ્રત્યે મોહ હોવાથી તે પ્રારંભના (૧થી૭) ગુણસ્થાનકોમાં કર્તવ્ય બને છે. તે પણ ઉપરના (૮ થી ૧૪) ગુણસ્થાનકોની અપેક્ષાએ શુદ્ધસ્વરૂપને મલીન કરનાર હોવાથી અશુદ્ધ કહેવાય છે. આ પ્રમાણે મોહનીય કર્મનો ક્ષયોપશમ (ક્ષયોપશમભાવથી યુક્ત એવો ઔદયિકભાવ) ચિત્ર-વિચિત્ર હોવાથી આ સામાયિક તે અશુદ્ધ સામાયિક કહેવાય છે.

પરંતુ પ્રતિષિદ્ધ અને વિહિત એમ ઉભયભાવો પ્રત્યે, અને તે તે કાર્યો કરનારા જીવો પ્રત્યે સમભાવ-તટસ્થભાવ-મધ્યસ્થભાવ રાખવાથી નિર્મળ યથાવસ્થિત (જેવું ભગવન્તોએ કહ્યું છે તેવું યથાર્થ) શુદ્ધ સામાયિક થાય છે. આ દશા આત્માને જ્યારે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાપ્ત થાય છે ત્યારે તૃણ હોય કે મણિ-મોતી, પત્થર હોય કે સોનું, શત્રુ હોય કે મિત્ર, પરંતુ દરેક પ્રત્યે સમભાવ રૂપ આ સામાયિક આવે છે. જેમ પાર્શ્વનાથ પ્રભુનો આત્મા ઉપસર્ગ કરનાર કમઠ ઉપર અને સેવા કરનાર ધરણેન્દ્ર ઉપર સમભાવ રાખે છે. તેવી દશા આ સામાયિકકાળે જીવને પ્રાપ્ત થાય છે. આ જ તાત્ત્વિક શુદ્ધ સામાયિક છે ॥૧૭॥

**અવતરણ :- यथैतदेवं भवति तथाऽभिधातुमाह -**

આવા પ્રકારનું આ શુદ્ધ સામાયિક આત્માને જે રીતે પ્રાપ્ત થાય છે તે રીતે જણાવતાં કહે છે કે :-

**[४]एयं [१]विसेसणाणा, [२]आवरणावगमभेयओ [३]चेव ।**
**[५]इय [६]दट्ठव्वं [७]पढमं, [८]भूसणठाणाइपत्तिसमं ॥ १८ ॥**

**"एतत्" = शुद्धं सामायिकं, "विशेषज्ञानात्" = तात्त्विकाद् हेयोपादेयविषयाद् अहिदष्टाङ्गच्छेदाद्युदाहरणतोऽभिष्वङ्गविषत्याग-संवेदनादिगर्भाद् विहितमिति, एकान्तानभिष्वङ्गानुष्ठानं क्रियमाणं श्रेयः । "तत्त्वाभिष्वङ्गस्यापि तत्त्वतोऽतत्त्वत्वाद् वस्त्रादिशुद्धिविधावञ्जनकल्पत्वाद् धर्मरागादपि मुनिरमुनिः" इत्यन्यैरप्यभिधानात् । अनेन रूपेण तत्कात्स्न्यानाराधनात्, भगवति गौतमप्रतिबन्धो ज्ञातमप्यत्रेति एवमादेर्विशिष्टश्रुतसमुत्थात् एतच्च प्रायः सर्वेषां चतुर्दशपूर्वधरादीनामित्यत आह -**

**ગાથાર્થ:-** ચૌદ પૂર્વાદિ વિશિષ્ટજ્ઞાનથી અને ચારિત્ર મોહનીય રૂપ આવરણીય કર્મને ભેદવાથી આ શુધ્ધ સામાયિક આ રીતે જ પ્રાપ્ત થાય છે, એમ જાણવું અને માષતુષાદિ મુનિઓમાં જે આ સામાયિક પ્રથમ સ્થાનવર્તી આવે છે તે આભૂષણોની ભરેલી પેક પેટી આદિની પ્રાપ્તિતુલ્ય સમજવું. ॥ ૧૮ ॥

**ટીકાનુવાદ :-** જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી જે બોધ થાય છે તે જ્ઞાન કહેવાય છે. આ જ્ઞાન મિથ્યાદષ્ટિ - સમ્યગ્દષ્ટિ અને ચારિત્રવાન્ એમ ત્રણે આત્મામાં વિષયનો બોધ કરાવવા રૂપે સરખું હોવા છતાં પણ મોહનીય કર્મના ઉદય અને ક્ષયોપશમને લીધે જૈનશાસ્ત્રોમાં તે જ જ્ઞાનના ત્રણ ભેદો બતાવેલા છે :



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) વિષયપ્રતિભાસજ્ઞાન, (૨) આત્મપરિણતિમદ્ જ્ઞાન, અને (૩) તત્ત્વસંવેદનજ્ઞાન, તે ત્રણનું કંઈક સ્વરૂપ આ પ્રમાણે :-

(૧) જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઘણું સૂક્ષ્મ જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય. પરંતુ દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય એમ બન્ને મોહનીયકર્મોનો સાથે તીવ્ર ઉદય પ્રવર્તતો હોય જેના લીધે હેયભાવોને ઉપાદેય જાણી રાચી-માચીને તેમાં પ્રવર્તે અને ઉપાદેયભાવોને હેય સમજી અધ્યાત્મદષ્ટિથી દૂર દૂર વર્તે. આવું વકીલ-ડોકટર એંજીનીયરાદિ વિષયોનું ભૌતિક સૂક્ષ્મજ્ઞાન તે વિષયપ્રતિભાસજ્ઞાન.

(૨) જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઘણું સૂક્ષ્મ જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય તેની સાથે દર્શનમોહનીય કર્મનો પણ ક્ષયોપશમ કર્યો હોય અને ચારિત્રમોહનીયનો હજુ ઉદય પ્રવર્તતો હોય ત્યારે તે જ્ઞાન હેયભાવોમાં હેયબુધ્ધિ જ કરાવે, ઉપાદેયભાવોમાં ઉપાદેયબુધ્ધિ જ કરાવે. ફક્ત જીવનમાં આચરણ રૂપે જ ન પ્રવર્તે, આવું જે જ્ઞાન તે આત્મપરિણતિમદ્ જ્ઞાન કહેવાય છે.

(૩) જ્ઞાનાવરણીય, દર્શનમોહનીય, અને ચારિત્રમોહનીય એમ ત્રણે કર્મોનો તીવ્ર ક્ષયોપશમ થવાથી મિથ્યાભાવ વિનાનું, અને રાગ-દ્વેષ વિનાનું યથાર્થ જે જ્ઞાન તે તત્ત્વસંવેદનજ્ઞાન.

આ ત્રણે જ્ઞાનો અનુક્રમે મિથ્યાદષ્ટિને, સમ્યગ્દષ્ટિને અને ચારિત્રવાન્ આત્માને થાય છે. ઉત્તરોત્તર વધુ ને વધુ નિર્મળ છે. આ ત્રણે જ્ઞાનોને અનુક્રમે અજ્ઞાન, સમ્યગ્જ્ઞાન અને મહાસમ્યગ્જ્ઞાન પણ કહેવાય છે. આ ત્રણ પ્રકારનાં જ્ઞાનોમાં અન્તિમ ત્રીજુ જ્ઞાન તાત્ત્વિક છે. અસાધારણ છે અને વિશિષ્ટ છે. શુધ્ધ સામાયિકની પ્રાપ્તિમાં આ ત્રીજુ તત્ત્વસંવેદનજ્ઞાન અસાધારણ કારણ છે. તથા રાગ-દ્વેષ વિનાના આવા પ્રકારના શુધ્ધસામાયિકને ચારિત્રમોહનીય કર્મનો ઉદય રાગ-દ્વેષ કરાવવા વડે પ્રાપ્ત થવા દેતું નથી. ઢાંકી રાખે છે. રોકી રાખે છે તેથી ચારિત્રમોહનીયકર્મને આવરણ કહેવાય છે. તેવા પ્રકારના તે ચારિત્રમોહનીયકર્મ રૂપ આવરણનો અપગમવિશેષ થવાથી જ આ શુધ્ધ સામાયિકની પ્રાપ્તિ થાય છે. શુધ્ધસામાયિકની પ્રાપ્તિનાં બે કારણ ગાથામાં બતાવ્યાં છે. (૧) ભાવાત્મક = વિદ્યમાન સ્વરૂપ, (૨) અભાવાત્મક = અવિદ્યમાન સ્વરૂપ, જેમ દાહાત્મક કાર્ય કરવામાં અગ્નિ વિદ્યમાન કારણ છે. અને પ્રતિબંધક એવા ચંદ્રકાન્તમણિનો અભાવ તે અવિદ્યમાન પણે પણ કારણ છે. તેવી રીતે શુધ્ધસામાયિકની પ્રાપ્તિમાં તત્ત્વસંવેદનાત્મક જ્ઞાન વિદ્યમાન સ્વરૂપે કારણ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. અને ચારિત્ર મોહનીય કર્મ અભાવાત્મકપણે કારણ છે. તત્ત્વસંવેદનજ્ઞાનની વિદ્યમાનતા, અને ચારિત્ર મોહનીય કર્મનો અપગમ જેમ જેમ વૃધ્ધિ પામે તેમ તેમ શુધ્ધ સામાયિકની વૃદ્ધિ થાય છે. અને આ બન્નેના હ્રાસથી શુધ્ધસામાયિકનો હ્રાસ થાય છે.

સાંસારિક ભોગ સુખો જેમ હેય છે અને મુક્તિપ્રાપક ધર્માનુષ્ઠાનો જેમ ઉપાદેય છે. તેની જેમ જ રાગ-દ્વેષ પણ હેય છે અને સમભાવ જ ઉપાદેય છે. તેથી સાંસારિક ઇષ્ટ ભોગસુખો ઉપરનો રાગ, અનિષ્ટ વિષયો ઉપરનો દ્વેષ જેમ ત્યજવા લાયક છે તેમ આગળના ગુણસ્થાનકોમાં ચડવા માટે શાસ્ત્રોમાં વિહિત ધર્માનુષ્ઠાનો ઉપરનો રાગ, અને શાસ્ત્રનિષિધ્ધ પ્રાણાતિપાતાદિ પાપકાર્યો ઉપરનો દ્વેષ પણ ત્યજવા લાયક છે. આપણું શરીર અને શરીરનો એકેક ભાગ ઘણો જ રૂપાળો-દેખાવડો અને ભભકાદાર ભલે હોય, પરંતુ જો તેના એક ભાગમાં સર્પડંશ થયો હોય અથવા સડી ગયો હોય તો તેનો છેદ જ કરવો પડે, તોજ શેષ અંગ બચી શકે, કારણ કે વિષ એ અન્તે વિષ જ છે. મારક જ બને. તેની જેમ કોઈ પણ વિષય ઉપરનો અભિષ્વંગ (આસક્તિ) એ વિષ જ છે,'મારક જ છે. તેથી વિહિત ધર્માનુષ્ઠાનો ઉપરનો રાગ, અને પ્રતિષિધ્ધ એવાં પાપકાર્યો ઉપરનો દ્વેષ એ પણ મહાવિષ જ છે. તેથી સર્પથી ડંખાયેલા અંગના છેદાદિ ઉદાહરણોથી શાસ્ત્રવિહિત ધર્માનુષ્ઠાનો ઉપરની આસક્તિ રૂપ વિષનો ત્યાગ, અને તત્ત્વસંવેદનજ્ઞાનાદિથી ગર્ભિત, આ બન્ને કારણોથી કરાયેલું સામાયિક તે શુધ્ધ સામાયિક છે એમ જ્ઞાનીઓએ કહ્યું છે. એકાન્તે અનાસક્તિભાવે જ કરાતું ધર્માનુષ્ઠાન શ્રેયસ્કર છે. માટે કાંટો કાઢવા નંખાયેલી સોય કાંટો નીકળ્યા પછી જેમ કાઢી નાખવી જોઈએ, તથાં મલશુધ્ધિ માટે જ લેવામાં આવતું ઔષધ મલશુધ્ધ થયે છતે જેમ ત્યજી દેવું જોઈએ, તેમ સાંસારિક રાગ-દ્વેષ દૂર કરવા માટે જ આલંબન રૂપે લીધેલો વિહિતધર્મકાર્યોમાં રાગ અને નિષિધ્ધ પાપકાર્યો ઉપરનો દ્વેષ પણ હવે ત્યજી દેવો જોઈએ અને એકાન્તે અનાસક્તિભાવે કરાયેલું સામાયિક જ શુધ્ધસામાયિક કહેવાય છે અને તે આ રીતે પ્રાપ્ત થાય છે.

અન્યદર્શનકારો વડે પણ આ પ્રમાણે કહેવાયું છે કે -

તત્ત્વ ઉપરનો અભિષ્વંગ (આસક્તિ-રાગ) પણ તાત્ત્વિક રીતે ''અતત્ત્વસ્વરૂપ'' જ છે. તેથી આત્માનો ઉપકાર થતો નથી. પરંતુ ઉપકાર કુંઠિત થઈ જાય છે અને કાલાન્તરે આત્માનું પતન થાય છે. જેમ વિષ એ વિષ જ છે, ઘાતનું જ કામ કરે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પછી તે દૂધ જેવા પેયમાં ભળ્યું હોય તોપણ મારક જ બને છે. તેની જેમ "અભિષ્વંગ" એ પણ એક પ્રકારનું વિષ જ છે. પછી ભલે તે ધર્માનુષ્ઠાનોમાં ભળ્યું હોય તોપણ ઘાતક જ છે. ધર્માનુષ્ઠાનોમાં કરાતો આ અભિષ્વંગ વસ્ત્રાદિને ધોવા દ્વારા ઉજ્જ્વળ કરતાં કરતાં અંદર પડેલા અંજનના બિન્દુના ડાઘ સમાન છે. આવા પ્રકારના રાગ યુક્ત ધર્માનુષ્ઠાનોવાળા મુનિ ધર્મ ઉપરના રાગથી અમુનિ કહેવાય છે. સાધુ પણ રાગને પરવશ થયા છતાં અસાધુ જ કહેવાય છે. એમ અન્ય દર્શનકારોએ પણ ઉપર મુજબ કહેલું છે[૧].

ધર્માનુષ્ઠાનો ઉપરનો રાગ વ્યવહારથી શુભ હોવાથી પુણ્ય બંધનો હેતુ બને, દેવગતિ આદિ સાંસારિકસુખોનો પ્રાપક બને, પરંતુ કર્મનિર્જરા અને મુક્તિનું કારણ બનતો નથી તેથી જ આ રાગપૂર્વક કરાયેલી ધર્મારાધના તે કાત્સ્ન્યર્પણે (સંપૂર્ણ-યથાર્થપણે ) અનારાધના જ છે. જેમ પ્રભુ મહાવીરસ્વામિ ઉપર ગૌતમ સ્વામીએ કરેલો રાગ (તે વ્યવહારથી ઉત્તમ પાત્ર ઉપર હોવાથી શુભ હોવા છતાં પણ) મુક્તિનો પ્રતિબંધક જ બન્યો. આ દૃષ્ટાન્ત અહીં સમજી લેવું.

આ વિગેરે કારણોથી ઉત્પન્ન થનારું આ શુધ્ધ સામાયિક વિશિષ્ટ એવા તત્ત્વસંવેદન સ્વરૂપ શ્રુતજ્ઞાનમાંથી પ્રગટ થતું હોવાથી ચૌદપૂર્વધર આદિ સર્વે મહાત્મા પુરુષોને હોય છે. સામાન્ય માણસોમાં આવું આ શુધ્ધ સામાયિક હોતું નથી એથી જ આચાર્યશ્રીએ કહ્યું છે કે :-

**आवरणापगमभेदतश्चैव चारित्रमोहनीयावरणापगमविशेषाच्चेति भावः, किम्?इत्याह - ''इति द्रष्टव्यम्'' = एतत् सामायिकं शुद्धमेवं द्रष्टव्यम्, परमार्थत उभयभाववृद्धया तात्त्विकमिति । यद्येवं माषतुषादीनामादौ कथमेतत् ? इत्याह - ''प्रथमं'' = सामायिकं छेदोपस्थाप्यादिकण्डकाधोवर्ति । किम् ? इत्याह**

અહિ તટસ્થપણે જ્ઞાનીની વાત સમજવા જેવી છે. કુવામાં પડેલા માણસને લાંબી સાંકળ હાથમાં આવી, જોર-શોરથી મજબૂત પકડી છતાં ઉપરનો ભાગ જેમ જેમ મજબૂત પકડાતો જાય. તેમ તેમ મજબૂત પકડેલો પણ નીચેનો ભાગ છોડવો જ પડે, તો જ તે કુવા ઉપર આવી શકે. તેની જેમ સંસારિક રાગોને દૂર કરવા જે ધર્મરાગ સ્વીકાર્યો તે રાગ પણ અન્તે રાગ હોવાથી પ્રતિબંધ જ કરનાર છે. માટે ઉપરના ગુણસ્થાનકોમાં તે ધર્મરાગ પણ ત્યજવા જેવો જ છે. એકાન્ત વ્યવહારનયના પક્ષપાતી જીવો આ વાત સહી શક્તા નથી. ખળભળી જાય છે. અને તેથી ત્યાં જ રાચ્યા-માચ્યા રહ્યા છતા તત્વથી વિકાસ પામતા નથી. જેમ જેમ નિશ્ચય પ્રાપ્ત થતો જાય તેમ તેમ નીચેનો વ્યવહાર શુભ હોવા છતાં પણ છોડવા જેવો જ છે, પરંતુ એકાન્ત નિશ્ચયવાદીના જેમ એકાન્ત વ્યવહારવાદી પણ પક્ષપાતી જ છે. સાચા આરાધક નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

- "भूषणस्थानादिप्राप्तिसमं" रत्नालङ्कारकरण्डकप्राप्तितुल्यम्, आदिशब्दाद् हिरण्यवसनादिप्राप्तिपरिग्रहः । अत्र हि न किञ्चित् तत्तदन्तर्यत्नावाप्तमोघेन अथ च कालान्तरेणोपायतः तद्विशेषावाप्तिः । एवमोघतोऽपि सामायिकावाप्तौ विशिष्टक्षयोपशमभावतस्तथाऽवन्ध्यबीजभावत्वेन कालोपायान्तरापेक्षायामपि तत्त्वतस्तद्भेदावाप्तिसिद्धिः, अन्यथा सामायिकसामग्र्याऽयोगात् सर्वथा सर्वभावसमतायां आदित एव वीतरागत्वप्राप्तेः कर्मणस्तत्र परमार्थतोऽकिञ्चित्करत्वात्, किञ्चित्करत्वे तु नोक्तन्यायातिरेकेण समग्रताऽस्येति परिभावनीयम् । तथाऽन्यैरप्युक्तम् - "सम्भृतसुगुप्तरत्नकरण्डकप्राप्तितुल्या हि भिक्षवः ! प्रथमसद्धर्मस्थानावाप्तिः" । इति गाथार्थः ॥ १८ ॥

**ટીકાનુવાદ** - આવા શુધ્ધ સામાયિકની પ્રાપ્તિમાં જેમ તત્ત્વસંવેદનજ્ઞાન છે. તેમ "આવરણાપગમભેદ" પણ કારણ છે. એટલે કે રાગદ્વેષાદિ દોષોથી મુક્ત શુધ્ધ સામાયિકનું આવરણ-આચ્છાદન કરનાર જે ચારિત્રમોહનીયકર્મ, તેનો અપગમ (વિનાશ-હ્રાસ) થવાના પ્રકારથી જ આ સામાયિક આવે છે. સારાંશ કે તત્ત્વસંવેદનજ્ઞાન વિદ્યમાન સ્વરૂપે, અને ચારિત્રમોહનીય રૂપ આવરણનો અભાવ થવા રૂપ અવિદ્યમાન સ્વરૂપે કારણ છે. આ બન્ને કારણો મળવાથી શું પ્રાપ્ત થાય છે ? આ શુધ્ધ સામાયિક ઉપરોક્ત બે કારણોથી આ રીતે પ્રાપ્ત થાય છે. એમ જાણવું ઉભયભાવની (તત્ત્વસંવેદનજ્ઞાનનું હોવાપણું, અને ચારિત્ર મોહનીય કર્મનું નહિ હોવા પણું એમ આ બન્ને કારણોની) જેમ જેમ વૃધ્ધિ થાય છે તેમ તેમ આ સામાયિક તાત્ત્વિક-પારમાર્થિક-યથાર્થ-શુધ્ધ પ્રાપ્ત થાય છે.

**પ્રશ્ન :-** જો આ પ્રમાણે તત્ત્વસંવેદનજ્ઞાન અને આવરણાપગમ વિશેષ થવાથી જ શુધ્ધસામાયિક થતું હોય અને તે પણ ચૌદપૂર્વધર મહાત્મા મુનિઓને જ થતું હોય તો "માષતુષ" આદિ અલ્પજ્ઞ મુનિઓને આ શુધ્ધસામાયિક થયું છે તે વાત કેમ સંગત થશે ? માષતુષ આદિ અલ્પજ્ઞ મુનિઓને કેવળજ્ઞાન થયેલ છે. કેવળજ્ઞાન શુધ્ધસામાયિક વિના થાય નહિ. તેથી તેઓને પણ શુધ્ધ સામાયિક થયેલું છે. તે નક્કી સાબીત થાય જ છે. અને તમે તો ઉપર ચૌદપૂર્વધરને જ થાય તેમ કહો છો તો આ બન્ને વાત કેમ સંગત થશે ?

**ઉત્તર :-** છેદોપસ્થાપનીયાદિ જે સંયમ છે તે સંયમમાં ભિન્ન ભિન્ન આત્માઓને આશ્રયી તરતમભાવે અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ પરિણામો-અધ્યવસાયસ્થાનો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય છે, તેને શાસ્ત્રમાં **સંયમસ્થાનો** કહેવાય છે. તે સંયમસ્થાનોમાં પરસ્પર વિશુધ્ધિની તરતમતા હોવાથી છ જાતની વિશુધ્ધિ શાસ્ત્રમાં કહેવાઈ છે. જેને ''છઠ્ઠાણવડિયાં'' અર્થાત્ ષટ્સ્થાનપતિત કહેવાય છે. અતિશય ઓછામાં ઓછી વિશુધ્ધિવાળા પ્રથમ સંયમસ્થાનથી કંઈક અધિક, કંઈક અધિક વિશુધ્ધિવાળાં પ્રારંભનાં અસંખ્યાત લોકોકાશ પ્રદેશ પ્રમાણ અધ્યવસાયસ્થાનકો (૧) અનંતભાગ અધિક વિશુધ્ધિવાળાં કહેવાય છે. ત્યાર પછીનાં તેટલાં જ (૨) અસંખ્યાતભાગ અધિક વિશુધ્ધિવાળાં કહેવાય છે. (૩) ત્યાર પછીનાં તેટલાં જ એટલે અસંખ્યાતલોકાકાશ પ્રદેશપ્રમાણ અધ્યવસાયસ્થાનો સંખ્યાતભાગ અધિક વિશુધ્ધિવાળાં કહેવાય છે. એમ ક્રમશઃ પછી પછીનાં અસંખ્યાત લોકાકાશ પ્રમાણ અધ્યવસાયસ્થાનો (૪) સંખ્યાતગુણ અધિક, (૫) અસંખ્યાત ગુણ અધિક અને (૬) અનંતગુણ અધિક વિશુધ્ધિવાળાં હોય છે. જઘન્ય વિશુધ્ધિવાળા પહેલા અધ્યવસાયસ્થાનથી પછી પછીનાં અધ્યવસાય સ્થાનો જેમ અધિક અધિકવિશુધ્ધિવાળાં છે. તેમ ઉત્કૃષ્ટ વિશુધ્ધિવાળા અધ્યવસાય સ્થાનથી પાછળ-પાછળનાં અધ્યવસાય સ્થાનો અનંતભાગહીન વિશુધ્ધિવાળાં કહેવાય છે. આ પ્રકરણને શાસ્ત્રમાં ષડ્ગુણહાનિ-વૃધ્ધિ કહેવાય છે. જેનું સવિશેષ વર્ણન કમ્મપયડી આદિ ગ્રંથોમાં છે. આવા પ્રકારનાં અધિક-અધિક વિશુધ્ધિવાળાં અધ્યવસાય સ્થાનોને જૈનશાસ્ત્રોમાં **કંડક** કહેવાય છે. ક્રમશઃ અધિક-અધિક વિશુધ્ધિવાળાં અંગુલના અસંખ્યાતમા ભાગવર્તી આકાશપ્રદેશપ્રમાણ અધ્યવસાય સ્થાનોને પારિભાષિક સંજ્ઞાએ કરી **કંડક** કહેવાય છે. એકેક ષડ્સ્થાનમાં અસંખ્યાત અસંખ્યાત કંડકો હોય છે.

હવે ચૌદ પૂર્વધરાદિ મુનિઓ વિશેષજ્ઞ હોવાથી સંયમસ્થાનોમાં ષડ્સ્થાનના ઉપરિભાગવર્તિ જે કંડકસ્થાનો છે, તે કંડકસ્થાનોમાં વર્તનારા હોય છે અને માષતુષાદિ મુનિઓ એ જ સંયમસ્થાનોમાં ષડ્સ્થાનના અધોભાગવર્તિ જે કંડકસ્થાનો, તેમાં વર્તનારા હોય છે. જેમ પચ્ચીસ માળ ઊંચું કોઈ એપાર્ટમેન્ટ હોય તેમાં કોઈ વ્યક્તિ પચીસમા માળે રહેતી હોય અને કોઈ વ્યક્તિ પહેલા માળે રહેતી હોય તો પણ તે બન્ને વ્યક્તિ એક જ એપાર્ટમેન્ટમાં રહેનારી કહેવાય છે. તેની જેમ ચૌદ પૂર્વધર મહામુનિઓ આ ષડ્સ્થાનના કંડકોમાં ઉપરિભાગવર્તી છે. અને માષતુષાદિ મુનિઓ ષડ્સ્થાનના કંડકોમાં અધોભાગવર્તી છે. પરંતુ શુધ્ધસામાયિક રૂપ એક જ એપાર્ટમેન્ટમાં રહેનારા બન્ને કહેવાય છે.

હવે કંડકોના અધોભાગવર્તી આ માષતુષાદિ મુનિઓને પ્રાપ્ત થયેલું પ્રથમકક્ષાનું



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શુધ્ધસામાયિક કેવું છે ? તે સમજાવવા એક દૃષ્ટાન્ત આપે છે કે - ''ભૂષણસ્થાન'' = આભૂષણો, રત્નો,અલંકારો જેમાં ભરાય-રખાય અર્થાત્ આભૂષણોનું જે સ્થાન તે પેટી, કરંડીયો, તિજોરી વિગેરે, ઇત્યાદિની પ્રાપ્તિ તુલ્ય છે. રત્નોની પેટી, અલંકારોનો કરંડીયો, અને આદિ શબ્દથી હિરણ્ય-મણિ-માણેક-વસન (વસ્ત્ર) આદિથી ભરેલી પેટીની પ્રાપ્તિતુલ્ય છે. તફાવત માત્ર એટલો જ છે કે માષતુષાદિ મુનિઓને આભૂષણોથી ભરેલી પેકપેટી (બંધપેટી) મળેલી છે. જે આગળ જતાં તે પેટી ખૂલતાં આભૂષણોની પ્રાપ્તિ થશે અને ચૌદ પૂર્વધર મુનિઓને આભૂષણોથી ભરેલી ખુલ્લી પેટી મળેલી છે. તેથી તેઓ પ્રગટ પ્રાપ્તાભૂષણવાળા છે. પરંતુ બન્ને પ્રાપ્તાભૂષણવાળા પણે તો સમાન જ છે.

**अत्र हि न किञ्चित्** = અહીં માષતુષાદિ મુનિઓને ચૌદ પૂર્વધરની જેમ રત્નોની પેટી પ્રાપ્ત થયેલી હોવા છતાં પણ તે તે પેટીની અંદર રહેલાં આભૂષણો અથવા રત્નો પ્રયત્નવિશેષથી હજુ પોતાને કંઈ પણ સામાન્યથી પ્રાપ્ત થયાં નથી. પરંતુ આભૂષણોથી અને રત્નોથી ભરેલી પેકપેટી મળી તો છે જ, તેથી કાળાન્તરે, નિર્વિઘ્ન સ્થાને પહોંચ્યા પછી તેને ખોલવાના ઉપાયવિશેષથી પેટી ખોલવા દ્વારા અંદર રહેલાં રત્નવિશેષોની અવશ્ય પ્રાપ્તિ થશે જ. જો પેક એવી પણ પેટી ન જ મળી હોત તો રત્નો ક્યાંથી પામત ? માટે ખુલ્લી રત્નોની પેટી મળવી તે જેમ હર્ષ અને વિકાસનું કારણ છે. તેમ પેકપેટીની પ્રાપ્તિ પણ સામાન્યથી હર્ષ અને વિકાસનું કારણ છે. કાળાન્તરે બન્ને સમાન જ થાય છે. એ પ્રમાણે માષતુષાદિ મુનિઓને ઓઘથી (સામાન્યથી) કંડકના અધોભાગવર્તી પ્રાથમિક કક્ષાનું પણ શુધ્ધસામાયિક (કે જે રત્નોની પેકપેટી જેવું છે તે ) પ્રાપ્ત થયે છતે ધીમે ધીમે તેમાં આગળ વધતાં વધતાં વિશિષ્ટ વિશિષ્ટ જ્ઞાનાવરણીય અને મોહનીયનો ક્ષયોપશમ પ્રગટ થવાથી, તથા (જેમ રત્નોની ભરેલી પેકપેટીની પ્રાપ્તિ તે જ કાળાન્તરે ખુલ્લી પેટીનું અવન્ધ્ય કારણ બને છે. તેમ) આ પ્રાથમિક શુધ્ધ સામાયિક ઉત્તરકાળે આવનારા પૂર્ણશુધ્ધ સામાયિકનું અવન્ધ્યકારણભાવ રૂપ હોવાથી, કાળાન્તરે અન્ય અન્ય ઉપાયો અપનાવવા રૂપ ઉપાયાન્તરોની અપેક્ષા રખાયે છતે તાત્ત્વિકપણે તે ભેદની (પૂર્ણ શુધ્ધ સામાયિક ભેદની) પ્રાપ્તિ અવશ્ય થાય જ છે.

**अन्यथा** = જો એમ માનવામાં ન આવે અને શુધ્ધ સામાયિક ચૌદ પૂર્વધરોમાં જ માત્ર હોય છે એમ જ જો કલ્પવામાં આવે તો માષતુષાદિ મુનિઓમાં પૂર્ણસામાયિક



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો નથી પરંતુ તે પૂર્ણસામાયિકની સામગ્રીભૂત (કારણભૂત) એવું પ્રાથમિક આંશિક સામાયિક જે છે તેનો પણ અયોગ થવાથી કદાપિ પૂર્ણસામાયિક પ્રગટશે જ નહિ. કારણ કે પૂર્વકાલવર્તી સામગ્રીનો જો અયોગ હોય તો ઉત્તરકાલવર્તી પૂર્ણકાર્ય કેમ પ્રગટ થાય ? અર્થાત્ ન જ થાય. અને જો તે માષતુષાદિ મુનિઓને પ્રથમથી જ સર્વથા **સમભાવ** રૂપ સમતાની પ્રાપ્તિ માનવામાં આવે તો ત્યાં જ છઠ્ઠા-સાતમા ગુણઠાણે જ સંપૂર્ણપણે સર્વભાવો પ્રત્યે સમતા પ્રાપ્ત થયે છતે ત્યાં જ વીતરાગાવસ્થાની પ્રાપ્તિ થઈ જાય. અને જો એમ થાય તો એટલે છઠ્ઠે-સાતમે ગુણ ઠાણે જ વીતરાગવસ્થા પ્રાપ્ત થઈ જાય તો પૂર્વે બાંધેલાં અને હાલ ઉદયમાં આવેલાં ચીકણાં તીવ્ર કર્મોનું ત્યાં તદ્દન પરમાર્થથી અકિંચિત્કરપણું જ બની જાય. કર્મો નિર્માલ્ય જ બની જાય. કારણ કે ઉદિતકર્મો જે વીતરાગ અવસ્થાનો પ્રતિબંધ કરનાર હતાં તે વીતરાગાવસ્થા તો તે કર્મો ઉદિત હોવા છતાં પણ પ્રગટ થઈ જ ગઈ. માટે પ્રથમથી જ વીતરાગતા આવી જાય તે માર્ગ ઉચિત નથી તથા ઉદિતકર્મો કિંચિત્કર છે. એટલે કે તે કર્મો પોતાનો પ્રભાવ બતાવે જ છે એમ જો માનીએ તો પેકપેટી પ્રાપ્ત થઈ હોય તો કાળાન્તરે ઉપાયાન્તરોથી ખુલ્લી પેટી રૂપ જેમ બને છે. તેમ પ્રાથમિક સામાયિક મળ્યું હોય તો કાળાન્તરે ઉપાયાન્તરોથી પૂર્ણશુધ્ધસામાયિક મળે જ છે. એવો ઉપરોક્ત જે ન્યાય છે તેને ઉલ્લંઘીને પ્રથમથી જ આ માષતુષાદિ મુનિને સમગ્રતા (પૂર્ણ શુદ્ધ સામાયિકદશા) ઘટતી નથી. સારાંશ કે પેકપેટીની જેમ પ્રથમ અધોભાગવર્તી સામાયિક પ્રાપ્ત થાય છે. અને કાળાન્તરે જ ઉપરિભાગવર્તી પૂર્ણસામાયિકની પ્રાપ્તિ થાય છે.

અન્યદર્શનકારો વડે પણ કહેવાયું છે કે :- હે ભિક્ષુઓ ! પ્રથમ જે સમ્યગ્ ધર્મસ્થાનની પ્રાપ્તિ થાય છે તે सम्भृत = સારી રીતે ભરેલા અને અતિશયગુપ્ત એવા રત્નોના કરંડીયાની પ્રાપ્તિતુલ્ય છે.

સારાંશ એ છે કે માષતુષાદિ મુનિઓને અને પૂર્વધરોને એક જ શુધ્ધ સામાયિકની પ્રાપ્તિ છે. એક જ એપાર્ટમેન્ટમાં રહેતી બે વ્યક્તિની જેમ, માત્ર એક અધોભાગવર્તી છે અને બીજો ઉપરિભાગવર્તી છે. એક પેકરત્નની પેટીની પ્રાપ્તિ તુલ્ય છે અને બીજો ખુલ્લી રત્નોની પેટીની પ્રાપ્તિ તુલ્ય છે. એક અધ્યવસાયસ્થાનોના અધોભાગવર્તી કંડકોમાં છે. અને બીજો ઉપરિભાગવર્તી કંડકોમાં છે. ઇત્યાદિ ॥ ૧૮ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણ :-** **यद्येवं समभावलक्षणं सामायिकं कथं तद्वतः क्वचित् क्रिया ? इत्याह** - "સર્વત્ર સમભાવ પ્રાપ્ત થવો" એ જ જો સામાયિક છે. તો આવા સામાયિકવાળા મહાત્મા મુનિઓની ભિક્ષાટનાદિ (આહાર-નિહાર અને વિહારાદિ) રૂપ ક્રિયા ક્યાંય પણ કેમ ઘટશે ? અર્થાત્ નહીં જ ઘટે. કારણ કે આહારની ઈચ્છા થાય તો જ ભિક્ષાટનક્રિયા સંભવે, અને સર્વત્ર સમભાવવાળા મુનિને આહારાદિની ઈચ્છા થાય નહિ. કારણ ઈચ્છા એ રાગ છે. ઉત્સુકતા છે. તેથી તે સમભાવવાળા મહાત્માઓને ઈચ્છા આદિ ન હોવાથી ભિક્ષાટનાદિ ક્રિયા કેમ ઘટશે ? તે ગ્રંથકાર શ્રી સમજાવે છે કે :-

**[5]किरिया उ [1]दंडजोगेण, [2]चक्कभमणं [3]व होइ [4]एयस्स ।**
**[6]आणाजोगा [8]पुव्वाणुवेहओ चेव [7]णवरं ति ॥ १९ ॥**

**क्रिया पुनः क्वचिद् भिक्षाटनादौ प्रवृत्तिरूपा दण्डयोगेन चक्रभ्रमणवद् भवति, "एतस्य" सामायिकवतः आज्ञायोगात् यथेह चक्रमचेतनत्वाद् रागद्वेषरहितं भ्रमणाऽभ्रमणयोस्तुल्यवृत्ति दण्डयोगाद्भ्रमति एवमयं सामायिकवांस्तथाक्लिष्टकर्मविगमाद् विशुद्धभावयोगेन भिक्षाटनाऽनटनयोः समवृत्तिरेवाऽऽज्ञायोगादटतीति हृदयम् ।**

**ગાથાર્થ :-** ઘટ બનાવવામાં દંડના યોગથી અથવા પૂર્વસંસ્કારથી જેમ ચક્રભ્રમણ થાય છે. તેમ સર્વત્ર સમભાવવાળા મુનિઓની ભિક્ષાટનાદિ સર્વ ધર્મક્રિયા આજ્ઞાયોગથી અથવા પૂર્વસંસ્કારોથી થાય છે. ॥ ૧૯ ॥

**ટીકાનુવાદ :-** માષતુષાદિથી પ્રારંભીને ચૌદપૂર્વધર સુધીના શુધ્ધ સામાયિકવાળા સર્વત્ર સમભાવવાળા મુનિઓની ક્યારેક ક્યારેક (અવસરે અવસરે) ભિક્ષાટનાદિમાં પ્રવૃત્તિ કરવા સ્વરૂપ જે ક્રિયા થાય છે તે દંડના યોગથી જેમ ચક્રભ્રમણ ક્રિયા થાય છે. તેની જેમ તીર્થંકરભગવન્તોની આજ્ઞાયોગથી સહજપણે જ થાય છે. જેમ ઘટ બનાવતી વખતે ચક્ર અચેતન હોવાથી રાગદ્વેષથી રહિત છે. ભ્રમણક્રિયા અને અભ્રમણક્રિયા એમ બન્નેમાં તુલ્યવૃત્તિવાળું છે. કારણ કે ચક્રને કોઈ ઈચ્છા છે જ નહિ, છતાં દંડનો સંયોગ માત્ર થવાથી સહજપણે ભ્રમણ કરે છે. એ જ પ્રમાણે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ શુધ્ધસામાયિકવાળા મહામુનિઓ પણ તેવા પ્રકારનાં (રાગ-દ્વેષ-મોહાદિ) ક્લિષ્ટકર્મોનો વિનાશ થયેલો હોવાથી અતિશય નિર્મળ ભાવવાળા હોવાથી, ભિક્ષાટન અને ભિક્ષાનટન એમ બન્નેમાં સમવૃત્તિવાળા હોવા છતાં માત્ર આજ્ઞાયોગથી ભિક્ષાટનાદિ ક્રિયામાં પ્રવર્તે છે. ચક્ર જેમ ઇચ્છામુક્ત હોવા છતાં દંડના યોગમાત્રથી ભમે છે. તેમ આ મુનિઓ ઇચ્છામુક્ત હોવા છતાં પણ આજ્ઞાયોગ માત્રથી ભિક્ષાટનાદિ કરે છે. એમ હાર્દ સમજવું.

**प्रवृत्तावाज्ञायोगेन तथाक्रियायामपि तद्योगे तु द्रव्यत्वप्रसङ्गात् एकदोपयोगद्वयाभावात्, वीतरागस्य वा तद्योगात् क्षायिकज्ञानोपपत्तेः आज्ञायोगस्य च क्षायोपशमिकत्वाद् न युक्तिमदटनादीति विभ्रमापोहायोपचयमाह - "पूर्वानुवेधतश्चैव" = दण्डयोगाभावेऽपि तत्सामर्थ्यविशेषतश्चक्रभ्रमणवदेवाज्ञायोगाभावेऽपि तत्पूर्वानुवेधत एवाटनादि नवरमिति, एवं न कश्चिद् दोषः । इति गाथार्थः । ॥ १९ ॥**

**પ્રશ્ન** :- આ મુનિઓ આજ્ઞાયોગથી તેવા પ્રકારની ભિક્ષાટનાદિ ધર્મક્રિયામાં પ્રવર્તે છે. એમ માને છતે તે આજ્ઞાયોગનો યોગ હોતે છતે પણ આ ધર્મક્રિયાઓને દ્રવ્યક્રિયા થવાનો જ પ્રસંગ આવશે. આજ્ઞાયોગપૂર્વક ધર્મક્રિયાઓ કરે તેમાં જ્યારે ઉપયોગ તીર્થંકર ભગવન્તોની આજ્ઞામાં હોય ત્યારે ધર્મક્રિયાઓમાં ઉપયોગ ન હોવાથી તે ધર્મક્રિયા દ્રવ્યક્રિયા જ થશે અને જ્યારે ઉપયોગ ધર્મક્રિયામાં હશે ત્યારે તે ધર્મક્રિયા આજ્ઞાયોગના ઉપયોગ વિનાની બનવાથી પણ દ્રવ્યક્રિયા જ બનશે. એક કાળે એક જીવને એક જ ઉપયોગ હોય છે ધર્મક્રિયામાં અને આજ્ઞાયોગમાં એમ બન્નેમાં બે ઉપયોગો એક કાળે હોઈ શકતા નથી. માટે ઉપયોગશૂન્ય થવાથી દ્રવ્યક્રિયા થવાનો પ્રસંગ આવશે ?

હવે કદાચ તમે એવો ઉત્તર આપો કે આ શુધ્ધસામાયિકવાળા મહામુનિઓ **વીતરાગ** છે. વીતરાગ હોવાથી સદા ઉપયોગમય જ છે. તેઓને ઉપયોગ મૂકવાનો હોતો નથી. તેથી વીતરાગ એવા આ મુનિઓને तद्योगात् = તે આજ્ઞાયોગ હોવાથી ભિક્ષાટનાદિ ક્રિયા ઘટી શકશે, એટલે કે આજ્ઞાયોગ હોવા છતાં વીતરાગ હોવાથી સદાકાળ ઉપયોગમય જ હોવાથી ધર્મક્રિયા (ભિક્ષાટનાદિ) થઈ શકશે. આવું જો તમે કહો તો તે તમારો ઉત્તર બરાબર નથી. કારણ કે જો આ મુનિઓ વીતરાગ હોય તો વીતરાગાવસ્થા આવે છતે અંતમર્મુહૂર્તમાં જ નિયમા ક્ષાયિકજ્ઞાન (કેવળજ્ઞાન) ની ઉત્પત્તિ થાય જ છે. તેથી આ મુનિઓને કેવલજ્ઞાનની ઉત્પત્તિ માનવી જ પડશે, અને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે કેવળી હોય તેઓને આજ્ઞાયોગ હોતો નથી. કારણ કે આજ્ઞાયોગ એટલે કે તીર્થંકર ભગવન્તોની આજ્ઞાને આધીન રહેવું તે. આ આજ્ઞાયોગ પરાવલંબી હોવાથી ક્ષાયોપશમિક જ્ઞાનવાળાને જ હોય છે. તેથી જો વીતરાગ અને કેવળી હોય તો આજ્ઞાયોગ ન ઘટે, અને આજ્ઞાયોગ હોય તો તે ક્ષાયોપશમિક હોવાથી વીતરાગ અને કેવળી ન ઘટે માટે આવા શુદ્ધસામાયિકવાળાનું ભિક્ષાટનાદિ કોઈ રીતે યુક્તિમાન નથી.

**ઉત્તર** :- ઉપરોક્ત વિભ્રમ (પ્રશ્ન) ના અપોહ માટે (દૂર કરવા માટે ) ઉપચયને (પુષ્ટિકારક બીજી યુક્તિને) જણાવે છે કે :- જેમ ઘટ બનાવતી વખતે દંડના યોગથી ચક્રભમણ થવા છતાં પણ દંડનો યોગ જ્યારે લઈ લેવામાં આવે ત્યારે દંડના યોગનો અભાવ હોવા છતાં પણ પૂર્વસંસ્કારોથી જેમ ચક્રભ્રમણ થાય છે. કારણ કે દંડના યોગકાળે ચક્રભ્રમણમાં તેવું વિશિષ્ટ સામર્થ્ય ઉત્પન્ન થાય છે કે જેથી દંડનો યોગ ન હોવા છતાં પણ તે સામર્થ્યવિશેષથી જ ચક્રભ્રમણ જેમ ચાલ્યા કરે છે. તેમ ક્ષાયોપશમિક કાળમાં તીર્થંકરભગવન્તોની આજ્ઞાના આલંબને આ ભિક્ષાટનાદિ ધર્મક્રિયાઓ એવી જોરદાર આત્મસાત્ કરી છે કે તેવા પ્રકારના તે વિશિષ્ટસામર્થ્યથી જ આજ્ઞાયોગનો અભાવ હોવા છતાં પણ શુદ્ધ સામાયિકવાળાને આ ભિક્ષાટનાદિ ધર્મક્રિયા પૂર્વસંસ્કારથી હોઈ શકે છે. (પૂર્વાનુવેધ - પૂર્વસંસ્કાર)

**અવતરણ :- यत एतदेवं अत एव मुनिरेवंविध उक्त इत्याह**- જે કારણથી પૂર્વસંસ્કારોને લીધે આ ધર્મક્રિયાઓ આવા મુનિઓમાં આ પ્રમાણે એવા પ્રકારની આત્મસાત્ થયેલી છે. એ કારણથી જ તે મુનિ આવા પ્રકારના (સમભાવવાળા) કહેલા છે. તે જણાવે છે-

**[1]वासीचन्दणकप्पो, [2]समसुहदुक्खो [4]मुणी [5]समक्खाओ ।**
**[3]भवमोक्खापडिबद्धो, [6]अओ य [8]पाएण [7]सत्थेसु ॥ २० ॥**

''वासी चन्दनकल्पः'' मध्यस्थः । एकान्तसत्त्वहितः इत्यन्ये, **बाह्यापेक्षमेतत् । तथा समसुखदुःखः, माध्यस्थ्येनोपयोगात्, सर्वत्र रागद्वेषचयात्, आन्तरापेक्षमेतत् । मुनिः समाख्यातः एवम्भूतः । तथा भवमोक्षाप्रतिबद्धः, इच्छाऽभावात्, ''केवलित्वात्'' इत्यन्ये । अत एव कारणाद्**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यथोक्तसामयिकयोगेन, ''प्रायः'' बाहुल्येन शास्त्रेषु षष्टितन्त्रादिषु । तथा चोक्तम् -

**ગાથાર્થ** :- વાંસલાથી કોઈ છેદે કે ચંદનથી કોઈ પૂજે, તે બન્ને અવસ્થામાં સમભાવવાળા, સુખ અને દુઃખ બન્ને અવસ્થા સમાન છે જેને એવા, તથા સંસાર અને મોક્ષ એમ બન્નેને વિષે અપ્રતિબદ્ધસ્વભાવવાળા એવા જે હોય તે મુનિ કહેલા છે. આ કારણથી અન્યધર્મશાસ્ત્રોમાં પણ પ્રાયઃ આ જ કહેલું છે. ॥ ૨૦ ॥

**ટીકાનુવાદ** :- વાંસી - ચંદનની તુલ્ય મધ્યસ્થ સ્વભાવવાળા મુનિ હોય છે. કોઈ શત્રુવ્યક્તિ મુનિના શરીરને વાંસલાથી છોલે તોપણ તેના ઉપર અલ્પ પણ દ્વેષ ન કરે, અને કોઈ મિત્ર અથવા ભક્તવ્યક્તિ મુનિના શરીરને ચંદનથી પૂજે તોપણ તેના ઉપર અલ્પ પણ રાગ ન કરે, છોલનાર અને પૂજનાર એમ બન્ને ઉપર મધ્યસ્થ સ્વભાવવાળા જે હોય તે મુનિ કહેવાય છે. અથવા આ વાસી - ચંદનન્યાયનો બીજો પણ અર્થ અન્યદર્શનકારોએ કર્યો છે કે વાંસલાથી ચંદનને જેમ જેમ છેદવામાં આવે તેમ તેમ છેદનાર વ્યક્તિને અને વાંસનાને એમ બન્નેને ચંદન વધારે ને વધારે સુવાસ જ આપે છે. તેમ મુનિ પણ શત્રુતા દાખવનાર પુરુષો પ્રત્યે પણ કરુણા જ વરસાવનારા હોય છે કે ઉપસર્ગ કરનારા આ જીવોનું હિત કેમ થાય ? આને પણ ''વાસી - ચંદન'' ન્યાય કહેવાય છે. અને એટલા જ માટે આ પાઠનો બીજો અર્થ ''એકાન્તે પરનું હિત કરનારા'' એવો બીજા આચાર્યો કરે છે. બન્ને અર્થ અપેક્ષાએ ઉચિત છે.

આ બન્ને અર્થમાં બાહ્ય એવા પરની અપેક્ષા છે. વાંસલાની જેમ કોઈ છોલે ત્યારે તે છોલનાર પુરુષ ઉપર મધ્યસ્થતા રાખવાની, ચંદનની જેમ કોઈ પૂજે ત્યારે તે પૂજનાર પુરુષ ઉપર મધ્યસ્થતા રાખવાની, અથવા શત્રુતા દાખવનાર પુરુષ ઉપર કરુણા વરસાવવાની , એમ સર્વત્ર પરપુરુષ પ્રત્યે મધ્યસ્થતા અને કરુણા વરસાવવાની હોવાથી આ વિશેષણ બાહ્યાપેક્ષિત છે.

તથા સુખ અને દુઃખ ઉપર સમભાવવાળા, મધ્યસ્થપણે વર્તનારા, સુખ અને સુખના પ્રસંગો ઉપર રાગ ત્યજનારા, તથા દુઃખ અને દુઃખના પ્રસંગો ઉપર દ્વેષ ત્યજનારા, સર્વત્ર રાગ - દ્વેષનો ત્યાગ કરનારા મુનિ હોય છે. સુખ અને દુઃખમાં અંદર રહેલ મનને સમપરિણામવાળું રાખવાનું છે. સુખ અને દુઃખ આન્તારિક વસ્તુ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. એટલે આ વિશેષણ અંદર રહેલી વસ્તુની અપેક્ષાવાળું છે. તેથી આન્તરાપેક્ષિત છે. આવા આવા ગુણવાળા હોય તે મુનિ કહેવાય છે.

તથા સંસાર અને મોક્ષ એમ બન્ને વિષે અપ્રતિબદ્ધ સ્વભાવવાળા, ઈચ્છા જ નાશ પામેલી હોવાથી કોઈ પણ પ્રત્યે આસક્તિ વિનાના, એવા મુનિ હોય છે. અન્ય દર્શનકારો આવા મુનિ કેવલી હોવાથી (એટલે નજીકમાં જ કેવલજ્ઞાન પામવાના હોવાથી) ભવ - મોક્ષ ઉપર અપ્રતિબદ્ધસ્વભાવવાળા છે એમ કહે છે. આ જ કારણથી યથોક્ત શુદ્ધ સામાયિકના યોગે ઘણું કરીને બહુલતાએ ષષ્ઠીતન્ત્રાદિ અન્યદર્શનકારોના શાસ્ત્રોમાં આવા મુનિને જ મુનિ કહેલા છે. અહીં ગજસુકુમાલ મુનિ, ખંધકમુનિ, સ્કંદકાચાર્યના પાંચસો શિષ્યો, અર્ણિકાપુત્ર આચાર્ય, કીર્તિધર અને સુકોશલમુનિ, ઈત્યાદિ મહામુનિઓનાં દૃષ્ટાન્તો આ પ્રસંગે સ્વબુદ્ધિથી વિચારવાં. (ષષ્ઠીતંત્ર એ સાંખ્યદર્શનના એક શાસ્ત્રનું નામ છે.)

તે અન્યદર્શનકારોના સાક્ષીપાઠો આ પ્રમાણે છે :-

**औदासीन्यं तु सर्वत्र, त्याज्योपादानहानितः ।**
**वासीचन्दनकल्पानां, वैराग्यं नाम कथ्यते ॥ १ ॥**
**वासीचन्दनकल्पत्वं, यथा कल्याणैकशीलता ।**
**चन्दनच्छेददृष्टान्तात्, सद्धर्मातिशयान्मुने ॥ २ ॥**
**दुःखेष्वनुद्विग्नमनाः, सुखेषु विगतस्पृहः ।**
**वीतलोभभयक्रोधः, स्थिरधीर्मुनिरुच्यते ॥ ३ ॥**

**( भगवद्गीता )**

**"मोक्षे भवे च सर्वत्र, निःस्पृहोऽयं सदाशयः ।**
**प्रकृत्यभ्यासयोगेन, तथाशुद्धेर्नियोगतः ॥ ४ ॥**
**मोहादिच्छा स्पृहा चेय - ममोहश्च मुनिर्यतः ।**
**तन्नास्येयं क्वचिन्याय्या, तत्प्राप्तिस्तु क्रियाफलम् ॥ ५ ॥**
**इति गाथार्थः ॥ २० ॥**

વાસી-ચંદનતુલ્ય એવા મુનિઓએ સર્વઠેકાણે ત્યાજ્ય અને ઉપાદાન બુદ્ધિ છોડીને ઉદાસીનપણું ધારણ કરવું તે જ તેઓનો વૈરાગ્ય કહેવાય છે. ન ગમે તેવા ભાવો ઉપર ત્યાજ્યબુદ્ધિ, અને ગમે તેવા ભાવો ઉપર ગ્રાહ્ય બુદ્ધિ છોડીને બન્ને ભાવો ઉપર ઉદાસીનતા તે જ વૈરાગ્ય છે. ॥ ૧ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હે મુનિ ! ચંદનને છેદવાના દૃષ્ટાન્તથી વાસી-ચંદનતુલ્યતા, તથા આત્મામાં આવેલા સદ્ધર્મના અતિશયથી પરનું કલ્યાણ જ કરવાની જે એકશીલતા, કલ્યાણ કરવાનો જ એકસ્વભાવ, ॥ ૨ ॥ તથા ગમે તેવાં દુઃખો આવે તોપણ તે દુઃખોમાં અનુદ્વિગ્ન મનવાળા, તથા સુખોને વિષે ચાલી ગઈ છે સ્પૃહા જેની એવા, ચાલ્યો ગયો છે લોભ-ભય અને ક્રોધ જેનો એવા, અને સ્થિરબુદ્ધિવાળા એવા જે મુનિ તે જ (યથાર્થ) મુનિ કહેવાય છે. ॥ ૩ ॥

તથા તેવા પ્રકારની વિશિષ્ટ પ્રકૃતિનો અભ્યાસ થવાથી, તથા નિશ્ચયે તેવા પ્રકારની શુદ્ધિવિશેષ પ્રાપ્ત થવાથી ઉત્તમ આશયવાળા આ મહાત્મા મોક્ષ અને સંસાર એમ બન્ને ભાવોમાં નિઃસ્પૃહ હોય છે. ॥ ૪ ॥

મોહથી ઈચ્છા થાય છે. અને આ ઈચ્છા એ જ સ્પૃહા કહેવાય છે. મુનિ તો અમોહ (મોહરહિત) છે. જે કારણથી મુનિ આવા કહ્યા છે તેથી આ મુનિને આ ઈચ્છા (સ્પૃહા) માનવી તે કોઈ રીતે ન્યાયસંગત નથી. તેથી મોક્ષની પ્રાપ્તિ તે શુદ્ધ સામાયિક રૂપ યોગક્રિયાનું ફળ છે. સારાંશ કે ભવ ઉપર ઘણો ઉદ્વેગ કરવાથી અને મોક્ષ ઉપર ઘણી સ્પૃહા કરવાથી મોક્ષપ્રાપ્તિ થતી નથી. પરંતુ યોગક્રિયા જ આપોઆપ તટસ્થ આત્માને મોક્ષ પ્રાપ્ત કરાવે છે. ॥ ૫ ॥

અહીં એક ખુલાસો જાણવો જરૂરી છે કે આ ૧૯-૨૦ ગાથામાં મુનિનું જે વર્ણન કર્યું તે સાધકાવસ્થા આશ્રયી કે સિદ્ધાવસ્થા આશ્રયી એમ શંકા થશે. છઠ્ઠે - સાતમે ગુણઠાણે સાધકાવસ્થા છે. ત્યારે વીતરાગ નથી, અને તેરમે - ચૌદમે ગુણઠાણે વીતરાગ છે પરંતુ સિદ્ધાવસ્થા છે. તો સમભાવવાળા રહેવાનું તો સાધકાવસ્થામાં સંભવી શકે. તો જ કર્મોનો ક્ષય થાય. અને સાધકાવસ્થામાં સંજવલનકષાય અને નવનોકષાયો ઉદિત હોવાથી સમભાવ કેમ આવે ? કેવળી અવસ્થામાં સમભાવ હોય જ તેમાં વર્ણન કરવાનું શું ? આ પ્રશ્નનો ઉત્તર એમ સમજવો કે આ વર્ણન સાધકાવસ્થા આશ્રયી છે, સિદ્ધ અવસ્થા આશ્રયી નથી. સાધકાવસ્થામાં કષાયો અને નોકષાયોનો ઉદય યદ્યપિ છે. તથાપિ જ્ઞાન અને સંયમના બળવત્તર સંસ્કારો વડે મોહનો પરાભવ એવો કરે કે તે કષાયો અને નોકષાયોનો તીવ્ર ઉદય મંદ થઈ જાય, ક્ષયોપશમ બળવત્તર કરે, અને કષાય - નોકષાયોના ઉદયને નિર્માલ્ય કરે. તેનાથી સાધક એવી છદ્મસ્થ અવસ્થામાં જ શ્રેષ્ઠ સમભાવની પ્રાપ્તિ થાય જેના બળે નીકટમાં જ કેવળજ્ઞાન પ્રાપ્ત થાય. ॥ ૨૦ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવતરણ :- **एवमेतानभिधाय सर्वेष्वेवैतेषु प्रकृतयोजनामाह**- આ પ્રમાણે અપુનર્બન્ધકાદિ આ ચાર પ્રકારના યોગના અધિકારી જીવોને કહીને આ ચારેને વિષે યોગ કેવો હોય તે પ્રસ્તુતયોગની યોજના જણાવે છે-

**[1]एएसिं [2]णियणियभूमियाए, [3]उचियं [4]जमेत्थऽणुट्ठाणं[5] ।**
**[6]आणामयसंयुत्तं, [7]तं [8]सव्वं चेव [9]योगो त्ति ॥ २१ ॥**

**एतेषां अपुनर्बन्धकादीनां वीतरागान्तानां, ''निजनिजभूमिकायाः'' तथाविधदशायाः ''उचितं यदत्रानुष्ठानं तीव्रभावे पापाकरणवीतरागकल्पान्तम्। किंविशिष्टम् ? इत्याह - आज्ञामृतसंयुक्तम्, तथाविधकर्मपरिणतेरेव भावतस्तत्सिद्धेः । ''तथाविधकर्मपरिणतिरेवाज्ञामृतसंयोगोऽन्तरङ्गमङ्गम्, बाह्याज्ञायोगस्यापि तन्निबन्धत्वात्'' इति विद्वत्प्रवादः । ततः किम् ? इत्यत आह तदनुष्ठानं सर्वमेव परमार्थमधिकृत्य योगः । इति गाथार्थः ॥ २१ ॥**

**ગાથાર્થ** :- આ અપુનર્બન્ધકાદિ ચાર પ્રકારના યોગી જીવો વડે પોતપોતાની ભૂમિકાને ઉચિત જે જે અનુષ્ઠાનો જિનેશ્વરભગવાનની આજ્ઞા યુક્ત કરાય તે સર્વ અનુષ્ઠાન યોગ કહેવાય છે. ॥ ૨૧ ॥

**ટીકાનુવાદ** :- અપુનર્બન્ધકથી પ્રારંભીને ક્ષીણમોહ વીતરાગ સુધીના (અપુનર્બન્ધક - સમ્યગ્દૃષ્ટિ દેશવિરતિધર અને સર્વવિરતિધર એમ) ચારે પ્રકારના યોગના અધિકારી આત્માઓને પોતપોતાની ભૂમિકાને ઉચિત ગાથા ૧૩ થી ૧૬માં કહ્યા મુજબ જે જે અધિકારીને જે જે યોગ્ય હોય તે તે તીવ્રભાવે પાપાકરણાદિથી માંડીને વીતરાગાવસ્થા સુધીનાં અનુષ્ઠાનો અહીં જિનેશ્વર પ્રભુની આજ્ઞા રૂપ અમૃતથી યુક્ત હોય તો તે યોગ કહેવાય છે.

જેમ અપુનર્બન્ધકાવસ્થામાં આવેલા આત્માઓમાં ૧૩મી ગાથામાં કહ્યા મુજબ (૧) તીવ્રભાવે પાપાકરણ, (૨) સંસારનું અબહુમાન, (૩) ઉચિત સ્થિતિનું આચરણ કરવું. આ ત્રણે અનુષ્ઠાનો પ્રભુની આજ્ઞા મુજબ આચરે તો તે કાલાન્તરે આત્માને મોક્ષની સાથે જોડનાર છે. માટે યોગ કહેવાય છે. આ કક્ષામાં આવેલા આત્માઓ પ્રાથમિક કક્ષાના હજુ હોવાથી પાપ તો કરવાના જ, પરંતુ તે પાપ કરવામાં જે તીવ્રભાવનો અભાવ છે તે યોગ છે. પાપકરણ તે યોગ નથી. તે તો આશ્રવ જ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. પરંતુ તીવ્રભાવનો અભાવ - મનમાં ઉદ્વેગ તે મોક્ષાભિમુખતાનું કારણ છે. માટે યોગ કહેવાય છે. જે આત્માઓ હજુ પરમાર્થે જૈનધર્મ નથી પામ્યા પરંતુ મંદમિથ્યાત્વી બન્યા છે તેઓ દ્વારા કરાતાં ધર્માનુષ્ઠાનોમાં પણ પાપકરણ પ્રત્યે જે તીવ્રભાવનો અભાવ છે. સંસારને ભયંકર દુ:ખદાયી માનવાનો જે પરિણામ છે. તથા ભૂમિકાને ઉચિત જ આચરણ કરવાનો જે પરિણામ છે. તે પરિણામ પણ પરંપરાએ મોક્ષના કારણનું પણ કારણ હોવાથી મોક્ષબીજ છે. માટે યોગ કહેવાય છે.

આ ધર્માનુષ્ઠાનો किंविशिष्टम् - કેવા પ્રકારનાં હોય તો યોગ કહેવાય છે? તે આચાર્યશ્રી જણાવે છે કે - તીર્થંકરપ્રભુની આજ્ઞારૂપ જે અમૃત, તેનાથી યુક્ત હોય તો તે યોગ કહેવાય છે.

**પ્રશ્ન** - જે આત્માઓ જૈનધર્મ પામ્યા નથી. પરંતુ મંદમિથ્યાત્વી બન્યા છે, તે જૈન ન બનેલા હોવાથી આજ્ઞાયોગ તેમનામાં નથી. તો પછી તેવા આત્માઓનાં ધર્માનુષ્ઠાનોને પણ યોગ કહેવાય એવું ઉપર સમજાવવામાં આવ્યું. તે કેમ ઘટે?

**ઉત્તર** :- પ્રશ્ન વાજબી છે. પરંતુ આવા મંદમિથ્યાત્વી થયેલા આત્માઓમાં (૧) કઠોર પાપ ન જ કરાય, (૨) મંદપાપ કદાચ કરવાં પડે તોપણ તીવ્રભાવે ન કરાય, (૩) કોઈ પણ જીવની હિંસા ન કરાય, (૪) આ સંસાર ઘોર હોવાથી પ્રાપ્ત સંજોગોને બહુમાન ન અપાય, (૫) મારે ઉચિત ધર્માચરણ કરવું જ જોઈએ, (૬) માનવ ભવ દુષ્કર છે. (૭) પુનઃ પુનઃ આવા ધર્મસંયોગો મળતા નથી. ઈત્યાદિ ઉત્તમ અધ્યવસાયો પ્રાપ્ત થવા એ જ તેવા પ્રકારના પૂર્વબદ્ધ કર્મોની લઘુતા થવા રૂપ આત્માની જે નિર્મળ પરિણતિ છે તે પરિણતિ જ ભાવથી અંતરંગ આજ્ઞાયોગ રૂપે સિદ્ધ છે એમ જાણવું. "તેવા પ્રકારના કર્મોની લઘુતા થવા રૂપ આત્માની જે નિર્મળ પરિણતિ એ જ આજ્ઞા રૂપ અમૃત સંયોગ છે. અને એ જ સાચું અંતરંગ આજ્ઞાયોગ રૂપ મોક્ષનું અંગ છે. જે બાહ્યથી જૈનધર્મ પામ્યા છે અર્થાત્ જૈન છે તેઓમાં આવેલ બાહ્ય આજ્ઞાયોગ પણ ઉપરોક્ત નિર્મળપરિણતિ રૂપ અંતરંગ આજ્ઞાયોગનું કારણ છે. માટે જ પ્રશંસનીય છે. તો તે અંતરંગ આજ્ઞા યોગ મંદમિથ્યાત્વીમાં પણ છે. માટે તેમાં પણ આજ્ઞામૃતસંયોગ છે. એમ વિદ્વાન પુરુષોનું કહેવું છે."

તેથી ફલિતાર્થ શું થયો ? તે જણાવે છે કે જે જે આત્માઓ અપુનર્બન્ધકાદિ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવસ્થા પામ્યા છે, મંદમિથ્યાત્વી બન્યા છે કર્મોનો જુસ્સો ઢીલો થયો છે, તેવા આત્માઓ બાહ્યથી જૈન હોય (આજ્ઞાયોગ પામ્યા હોય) અથવા બાહ્યથી અજૈન હોય (બાહ્ય આજ્ઞાયોગ ન પામ્યા હોય) તો પણ "તીવ્રભાવે પાપ ન જ કરાય" ઈત્યાદિ કર્મોની લઘુતાના કારણે જે ઉત્તમ અધ્યવસાય આવ્યો છે તે ઉત્તમ અધ્યવસાય રૂપ અંતરંગ આજ્ઞાયોગ રૂપ અમૃતથી યુક્ત હોવાના કારણે તેઓનાં તે સર્વે પણ અનુષ્ઠાનો પરમાર્થને આશ્રયી યોગ જ કહેવાય છે. અર્થાત્ પરમાર્થથી યોગ જ છે. ॥ ૨૧ ॥

**અવતરણ :- एतत्प्रकटनायैवाह** = ઉપરોક્ત આ હકીકત આચાર્ય શ્રી વધુ સ્પષ્ટ કરવા માટે જણાવે છે કે :-

**[२]तल्लक्खणयोगाओ उ, [१]चित्तवित्तीणिरोहओ चेव ।**
**[३]तह कुसलपवित्तीए, [४]मोक्खेण उ [५]जोयणाओ त्ति ॥ २२ ॥**

**"तल्लक्षणयोगादेव" उचितानुष्ठानत्वेन योगलक्षणयोगादेव "सर्वत्रोचितानुष्ठानं योगः" इति तल्लक्षणोपपत्तेः । तथा चित्तवृत्तिनिरोधतश्चैव सर्वत्र यथासम्भवम्, योगलक्षणं चैतन्मुख्यम्, "योगश्चित्तवृत्तिनिरोधः" इति वचनात् । उभयत्रान्वर्थयोजनयोपसंहारः । "तथा कुशलप्रवृत्त्या" तेन प्रकारेण कुशलप्रवृत्त्या हेतुभूतया मोक्षेण सह योजनात् कारणात् । अत एव प्रवृत्तिनिमित्ताद् योगः । इति गाथार्थः ॥ २२ ॥**

**ગાથાર્થ** :- અપુનર્બન્ધકાદિ આત્માઓમાં આવેલાં આ ધર્માનુષ્ઠાનોને **યોગ** કહેવાનું કારણ એ છે કે શાસ્ત્રોમાં કહેલાં યોગનાં લક્ષણો (૧) અકુશળ એવી ચિત્તની વૃત્તિનો નિરોધ, (૨) કુશળ ચિત્તવૃત્તિમાં પ્રવૃત્તિ, (૩) અને મોક્ષની સાથે આત્માનું યુંજન, એમ ત્રણે લક્ષણો યુક્ત હોવાથી યોગ કહેવાય છે. ॥ ૨૨ ॥

**ટીકાનુવાદ** :- અપુનર્બન્ધકાદિ અવસ્થામાં કરાતાં "તીવ્રભાવે પાપાકરણ" ઈત્યાદિ તે તે અનુષ્ઠાનો તે તે કક્ષાએ ઉચિત જ અનુષ્ઠાન છે. આવાં તે તે કક્ષાએ કરાતાં ઉચિત અનુષ્ઠાનો જ ધીરે ધીરે આત્માને મોક્ષાભિમુખ કરે છે અને અન્તે મોક્ષનો યોગ કરાવે છે. તેથી યોગનું લક્ષણ (મોક્ષની સાથે યુંજન કરવું તે) તેમાં ઘટતું હોવાથી સર્વ ઠેકાણે (ચારે પ્રકારના યોગીઓમાં) પોતા પોતાને ઉચિત જે અનુષ્ઠાન તે યોગ કહેવાય છે. કારણ કે ચારે પ્રકારના યોગીમાં પોતપોતાને ઉચિત



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે અનુષ્ઠાનો પૂર્વગાથાઓમાં કહ્યાં છે. તેમાં યોગનું લક્ષણ સંભવતું હોવાથી યોગ કહેવાય છે.

"યોગ" ના વિષયને સમજાવનારાં શાસ્ત્રોમાં યોગનાં જાુદાં જાુદાં ત્રણ લક્ષણો આ પ્રમાણે જણાવ્યાં છે :

"योगः चित्तवृत्तिनिरोधः" પાતંજલિ મહર્ષિકૃત યોગસૂત્ર.

"योगः कर्मसु कौशलम्" બૌધ્ધદર્શનનું યોગસૂત્ર.

"मोक्षेण योजनाद् योगः" જૈનદર્શનકાર માન્ય સૂત્ર.

મહર્ષિ પતંજલિએ તેમના બનાવેલા યોગસૂત્રમાં "ચિત્તની વૃત્તિઓનો નિરોધ" તેને યોગ કહેલ છે. તે ચિત્તની વૃત્તિઓનો નિરોધ બે પ્રકારે હોય છે - સર્વથી અને અંશથી, ત્યાં સર્વથી ચિત્તવૃત્તિઓનો નિરોધ ચૌદમા ગુણસ્થાનકે શૈલેશી અવસ્થામાં અયોગીદશાના કાલે પ્રાપ્ત થાય છે કે જેની પછી તુરત જ નિયમા મોક્ષની પ્રાપ્તિ થાય છે. આ દશાને મહર્ષિ પતંજલિ "અસંપ્રજ્ઞાત કહે છે. પરંતુ અંશથી ચિત્તવૃત્તિઓનો નિરોધ અપુનર્બન્ધકાવસ્થાથી માંડીને વીતરાગાવસ્થા સુધી સર્વત્ર યથાસંભવ હોય જ છે. અપુનર્બન્ધકાવસ્થા કરતાં સમ્યગ્દષ્ટિ અવસ્થામાં સવિશેષ અકુશળ ચિત્તવૃત્તિઓનો નિરોધ હોય છે. એમ દેશચારિત્રવાન્ અને સર્વચારિત્રવાન્‌માં અધિક અધિક નિરોધ જાણવો. માટે યથાસંભવ સર્વત્ર અકુશળ ચિત્તવૃત્તિઓનો નિરોધ થવા રૂપ યોગનું લક્ષણ ઘટી શકે છે અને આ જ મુખ્ય લક્ષણ છે. બાહ્યભાવોની નિવૃત્તિ-પરભાવદશાનો ત્યાગ એ જ અંતરંગશુધ્ધ પરિણામાત્મક હોવાથી મુખ્ય લક્ષણ છે. મહર્ષિ પતંજલિનું પણ આવું જ વચન છે. (૧) પોતપોતાની ભૂમિકાને ઉચિત આચરણ કરવું, અને (૨) અકુશલ ચિત્તવૃત્તિ ઓને રોકવી, આ બન્નેમાં=ઉભયમાં મોક્ષની સાથે આત્માનું જોડવું એવો જે યોગશબ્દનો અન્વર્થ છે, તે ઘટી શકે છે. માટે યોગ કહેવાય છે. કારણ કે આવા પ્રકારની ઉચિતપ્રવૃત્તિ અને અકુશળની નિવૃત્તિ કરતો જીવ ધીરે ધીરે વીતરાગાવસ્થા પામી અયોગી અવસ્થા પામવા દ્વારા મોક્ષ પામી શકે છે.

તથા બૌધ્ધદર્શનકારનું બતાવેલું "કુશલપ્રવૃત્તિ તે યોગ" એ પણ સાર્થક છે. કારણ કે મોક્ષપ્રાપ્તિના કારણભૂત (હેતુભૂત) એવી રત્નત્રયીની આરાધના સ્વરૂપ તે તે પ્રકારે કુશલપ્રવૃત્તિ દ્વારા પણ આત્માનું મોક્ષની સાથે યુંજન થાય જ છે. આ જ કારણથી કુશળકાર્યોમાં જે પ્રવૃત્તિ તે પણ મોક્ષનું નિમિત્ત હોવાથી યોગ કહેવાય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. આ લક્ષણ ગૌણ જાણવું, કારણ કે પ્રવૃત્તિ અન્તે ત્યજવાની છે. માત્ર પ્રારંભે જ આદરવાની છે. અન્તે તો અયોગી બનવાનું છે. માટે આ લક્ષણ ગૌણ છે.

પતંજલિ મહર્ષિનું યોગલક્ષણ નિવૃત્તિપ્રધાન, અને બૌદ્ધનું યોગલક્ષણ પ્રવૃત્તિપ્રધાન હોવાથી એકેક અંશને પ્રતિપાદન કરનાર છે માટે આંશિક છે. વળી અકુશળની નિવૃત્તિ કરો કે કુશળની પ્રવૃત્તિ કરો પરંતુ તે બન્ને પ્રક્રિયા દ્વારા આત્મા મોક્ષની સાથે જોડાય તો જ તે પ્રક્રિયાને યોગ કહેવાય છે. જો સંસારપુષ્ટિ માટે નિરોધ અને પ્રવૃત્તિ કરી હોય તો તેને યોગ કહેવાતો નથી. તો પછી **"આત્માને મોક્ષની સાથે જોડે તે યોગ"** આવું ત્રીજું લક્ષણ જ પૂર્ણ છે. તે જ લક્ષણ યથાર્થ છે.

બગલો માછલાને પકડવા, પારધી મૃગનો શિકાર કરવા, રાધાવેધ સાધનારો પુતળીને વિંધવા, ચિત્તવૃત્તિનિરોધ કરે છે. પરંતુ તે યોગ કહેવાતો નથી. ચિત્તવૃત્તિનિરોધ છે પરંતુ **મોક્ષની સાથે યુંજન** નથી. માટે અન્વયવ્યભિચાર આવે છે. તેવી રીતે સંસારસુખ - સ્વર્ગ - રાજ્યાદિની પ્રાપ્તિ માટે પણ હોમ હવન - પૂજા સાધુતાદિ કુશળ પ્રવૃત્તિ પણ જોવાય છે. છતાં તેને યોગ કહેવાતો નથી. **"મોક્ષની સાથે યુંજન"** એ અર્થ ત્યાં નથી. માટે ત્યાં પણ અન્વયવ્યભિચાર છે. તેથી "મોક્ષની સાથે આત્માને જોડે" તે યોગ એ જ સર્વોત્તમ શ્રેષ્ઠ અને પૂર્ણ લક્ષણ છે.

જૈનીયલક્ષણમાં સાધ્યશુદ્ધિ સાથે સાધનશુદ્ધિ છે. સાધ્યમાં મોક્ષ છે. અને સાધનમાં તે મોક્ષને ઉદ્દેશીને કરાતાં અનુષ્ઠાનો છે. માટે યથાર્થ કાર્ય-કારણ ભાવ હોવાથી સંપૂર્ણ યથાર્થ અને નિર્દોષ લક્ષણ છે. જ્યારે ઈતર બન્ને લક્ષણો માત્ર સાધનશુદ્ધિનાં જ સૂચક છે. સાધ્યશુદ્ધિ આપણે જોડવી પડે છે. માટે આંશિક યથાર્થ છે. અને તે પણ સાધ્યશુદ્ધિ જોડો તો જ. માટે અપૂર્ણ છે. ॥ ૨૨ ॥

**અવતરણ :- यद्यप्येतदेवं क्वचित् तथाप्येतानेवाधिकृत्य प्रायोगतं विधिमभिधातुमाह** – જો કે અપુનર્બન્ધકાવસ્થામાં કવચિત્ (ક્યારેક) આ પ્રમાણે બાહ્ય આજ્ઞાયોગ વિના પણ ધર્મવિધિ હોય છે. (આ ધર્માનુષ્ઠાન આવે છે) તોપણ આ ચારે પ્રકારના યોગાધિકારીઓને આશ્રયીને ઘણું કરીને (બાહ્ય આજ્ઞાયોગપૂર્વક) જ ધર્મ વિધિ હોય છે. તે આચાર્યશ્રી જણાવે છે–



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[१]एएसिं पि य [६]पायं, [७]बज्झाणायोगओ[८] उ [२]उचियम्मि ।
[३]अणुठाणम्मि [४]पवित्ती, [५]जायइ [९]तहसुपरिसुद्ध त्ति ॥ २३ ॥

**''एतेषामपि च''=अपुनर्बन्धकादीनां तथाविधकर्मपरिणतिसमन्वितानामपि ''प्रायः''- बाहुल्येन ''बाह्याज्ञायोगत एव''= जिनवचनोपदेशलक्षणाद् ''उचिते''= तीव्रभावेन पापाकरणादौ अनुष्ठाने प्रवृत्तिर्जायते, चित्रानाभोगनिवृत्त्या तथा सुपरिशुद्धा दार्ढ्येन भगवद्बहुमानतः । इति गाथार्थः । ॥ २३ ॥**

**ગાથાર્થ :-** આ ચારે યોગપાત્રોની ઉચિત અનુષ્ઠાનમાં જે પ્રવૃત્તિ થાય છે. તે પ્રાયઃ બાહ્ય આજ્ઞાયોગથી થાય છે. (અનાભોગપણે થતી નથી) માટે જ તે પ્રવૃત્તિ (તે યોગ) અતિશય શુદ્ધ છે. ॥ ૨૩ ॥

**ટીકાનુવાદ :-** અનાદિ કાળથી સાંસારિક વિવિધ દુઃખ-સુખોને અનુભવતો, અહીંથી તહીં અથડાતો, નદી-ગોળ પાષાણન્યાયે (નદીના વહેણથી પર્વતનો પત્થર તણાતો તણાતો ઉપર-નીચેના અણીદાર ભાગો કપાઈને જેમ સહજ ગોળ અને લીસો બની જાય છે તેની જેમ) આ જીવ અનેક વખત યથાપ્રવૃત્ત કરણ કરવા વડે કર્મસ્થિતિને લઘુ કરે છે. તેમ કરતાં કાલપરિપાકના બળે કાલ - સ્વભાવ - નિયતિ - પુરૂષાર્થ અને પ્રારબ્ધ એમ પાંચ કારણોનો યોગ થયે છતે ભવપરિપાક થવાથી ચરમાવર્તમાં આવી તેવા પ્રકારના પૂર્વબદ્ધકર્મોની અતિશય મન્દતા થવાથી તેવા પ્રકારની મન્દકર્મપરિણતિથી યુક્ત એવા આ અપુનર્બન્ધકાદિ જીવોની તીવ્રભાવે પાપાકરણાદિ તે તે ધર્મક્રિયામાં જે જે પ્રવૃત્તિ થાય છે. તે તે પ્રાયઃ = ઘણું કરીને બાહ્ય એવી જિનેશ્વરપ્રભુની વાણી શ્રવણ સ્વરૂપ આજ્ઞાયોગથી જ થાય છે.

પ્રથમ તો માર્ગ ઉપર ચડવું તે જિનેશ્વરના વચન શ્રવણથી જ થાય છે. જ્યારે કર્મોની કંઈક લઘુતા થઈ, આત્મહિત તરફ સહેજ રૂચિ જાગી, પછી આત્મહિત કેમ કરવું ? તે માટે ગુરૂની વાણીનું શ્રવણ અત્યંત ઉપકારી છે. કારણ કે આ આત્મા હજુ સ્વયં અજ્ઞાની છે. આત્મહિત કરવાની ભૂખ લાગી છે, માટે તીવ્રભાવે પાપ ન થાય, માત-પિતાદિ ઉપકારીઓને નમસ્કાર તથા સેવા કરવાની મારી ફરજ છે. આ માનવભવ મને દુર્લભ મળ્યો છે. સાચા વૈરાગી અને ત્યાગી ગુરુ, તથા વીતરાગી અને કેવલી દેવ મળ્યા છે. તેમની વિધિપૂર્વક સેવા-પૂજા-ભક્તિ કરું, તેઓની પાસેથી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્મહિતનું જ્ઞાન પ્રાપ્ત કરું, ઈત્યાદિ ઉત્તમોત્તમ ભાવો પ્રાપ્ત કરવામાં તીર્થંકર પ્રભુનાં વચનોનો ઉપદેશ જ મહા આલંબન રૂપ છે. આવા આલંબનથી શુભપરિણતિવાળો જીવ આગળ વિકાસ પામે છે. કોઈ જીવ ત્યાં અતિશય સ્થિર થાય છે. અને કોઈ જીવ આવી શુભ પરિણતિ ન પામ્યો હોય તો પ્રાપ્ત કરે છે.

રસ્તે ચડેલાને રોડરસ્તો, રસ્તામાં આવતી લાઈટો, રસ્તામાં આવતાં માર્ગદર્શક પાટીયાં, અને વિવિધ નિશાનીયો ચાલવામાં સહાયક થાય છે. તેમ અપુનર્બન્ધકાવસ્થા આવ્યા પછી વીતરાગ સુધીની અવસ્થાનો પંથ કાપવામાં તીર્થંકરપ્રભુની વાણીનું શ્રવણ આત્માને વારંવાર મોહદશાથી જાગૃત રાખે છે. અહીં વંકચૂલ, હરિબલમચ્છી, નયસારનો જીવ, રોહીણીઓ ચોર, ચીલાતીપુત્ર ઈત્યાદિ પાપિષ્ઠ આત્માઓ પણ અનાયાસે સંભળાયેલી વાણીથી પણ આત્મહિત કરનારા બન્યા છે. જેનાં દૃષ્ટાન્તો અહીં વિસ્તારથી સ્વયં સમજી લેવાં. શાસ્ત્રોમાં પણ સ્વયંબુદ્ધ કરતાં પ્રત્યેકબુદ્ધ, અને પ્રત્યેકબુદ્ધ કરતાં બુદ્ધબોધિત જીવો અનંતગુણા કહ્યા છે. જો કે ઈલાચી આદિની જેમ દૂરથી મુનિને વહોરતા દેખી સ્વયં વૈરાગ્ય પામી કેવળજ્ઞાન પામે તેવા જીવો પણ આ સંસારમાં હોય છે. પરંતુ તે અપવાદરૂપ ક્વચિત્ જ હોય છે. નિશાળમાં ભણ્યા વિના ઘેર ભણીને પણ પરીક્ષા આપી પાસ થનારા જીવો ક્વચિત્ હોય છે. પરંતુ તેથી નીશાળે ભણવા જવાનો વ્યવહાર બંધ કરાતો નથી. કોઈ લોટરીની ટીકીટ લાગવાથી કે દાટેલું ધન મળી જવાથી અનાયાસે પણ ધનવાન થતા જગતમાં દેખાય છે. પરંતુ તેથી કમાવા માટેનો વ્યવસાય બધા માટે બંધ કરાતો નથી. તેમ કોઈક બાહ્ય આલંબન વિના પણ આત્મ હિત પામે છે. તેથી એ રાજમાર્ગ થતો નથી. રાજમાર્ગે તો વારંવાર જિનવચનશ્રવણ કરતાં કરતાં જ પ્રાપ્ત વૈરાગ્ય ટકે છે અને વૃદ્ધિ પામે છે. તથા અપ્રાપ્તને વૈરાગ્યપ્રાપ્તિ થાય છે. માટે આવા યોગના અધિકારી જીવોની પોતપોતાને ઉચિત તે તે ધર્મકાર્યમાં જે જે પ્રવૃત્તિ થાય છે. તે પ્રાયઃ ઘણું કરીને જિનવચનના ઉપદેશથી જ થાય છે.

આ જિનવચનના ઉપદેશનું શ્રવણ જ આત્માનું અજ્ઞાન દૂર કરે છે. જ્ઞાની - વિવેકી - સંયમી બનાવે છે. કર્તવ્યાકર્તવ્યનું ભાન કરાવે છે. ચૈત્યવંદન, ગુરુવંદન, ત્રિકાળપૂજા, અતિથિસત્કાર આદિ ધર્મકાર્યોમાં લીન બનાવે છે. યથાર્થ આત્મહિતના વક્તા તરફ અતિશય બહુમાન ઉત્પન્ન કરાવે છે. આવા ઉત્તમોત્તમ ગુણોની પ્રાપ્તિ કરાવવાની શક્તિ જિનેશ્વરની વાણીમાં જ છે. કારણ કે તે વક્તા સર્વજ્ઞ, વીતરાગ,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને નિઃસ્પૃહ છે. આવી નિઃસ્પૃહ વક્તાની વાણી વારંવાર સાંભળવાથી ચિત્ર - વિચિત્ર અનાદિનાં જે કર્મો છે તે કર્મોની બળવત્તરતાથી અનાભોગપણે (ઉપયોગની શૂન્યતાએ) આ આત્મા જે ધર્મ કરતો હતો તે અનાભોગદશાની નિવૃત્તિ થવાથી અને ઉત્તમ, તલ્લીનતા, એકાકારતા રૂપ ઉપયોગ પૂર્વક આ ધર્મપ્રવૃત્તિ થવાથી આ ધર્મપ્રવૃત્તિ અતિશય સુપરિશુદ્ધ બને છે. અનાદિ કાળથી કરાતી ધર્મપ્રવૃત્તિથી આ ધર્મપ્રવૃત્તિ ભિન્નભાવે તરી આવે છે. અર્થાત્ સુપરિશુદ્ધ બને છે.

તથા આવો વિવેકભાવ જગાડનારા અનંત ઉપકારી એવા શ્રી તીર્થંકર ભગવન્તો ઉપર દઢતાપૂર્વક (જબરજસ્ત જેને કોઈ હચમચાવી ન શકે તેવું) અપ્રતિમ બહુમાન થાય છે. આવા અનુપમ બહુમાનથી કરાતી આ ધર્મક્રિયાની પ્રવૃત્તિ સવિશેષ પરિશુદ્ધ બને છે. ॥ ૨૩ ॥

**અવતરણ : यत एवमतः किम् ? इत्याह**– જે કારણથી આમ છે. (ધર્મગુરુની વાણીથી અપુનર્બન્ધકાદિ જીવોની સુપરિશુદ્ધ પ્રવૃત્તિ થાય છે. આત્મહિત થાય છે) તે કારણથી (ગુરુજીએ) શું કરવું ઘટે તે જણાવે છે :-

**[२]गुरुणा [३]लिङ्गेहिं [१]तओ, [४]एएसिं [५]भूमिगं [६]मुणेउण ।**
**[९]उवएसो [१०]दायव्वो, [८]जहोचियं [७]ओसहाऽऽहरणा ॥ २४ ॥**

**"गुरुणा"- अन्वर्थव्यवस्थितशब्दार्थेन, गृणाति शास्त्रार्थमिति गुरुरित्यन्वर्थः।"लिङ्गैः"=प्रागुपदिष्टैः तीव्रभावेन पापाकरणादिभिः।"ततः"= तस्मात् कारणात् यस्मादनन्तरोदितगाथोक्तं तथेति । "एतेषाम्"= अपुनर्बन्धकादीनां, "भूमिकां"= तत्तद्धर्मस्थानयोग्यतारूपां मत्वा, किम् ? इत्याह-उपदेशो दातव्यः। प्रक्रमाद् धर्मविषयः।कथम्? इत्याह-"यथोचितम्" इति क्रियाविशेषणम् औचित्यापेक्षया । "औषधोदाहरणात्"= इति औषधोदाहरणेन यथेदं सदपि व्याध्याद्यपेक्षया मात्रादिना च दीयते, ततोऽन्यथा दोषभावात् । इति गाथार्थः । ॥ २४ ॥**

**ગાથાર્થ** :- તે કારણથી ગુરુએ બાહ્યલિંગો દ્વારા આ અપુનર્બન્ધકાદિ જીવોની પાત્રતા જાણીને ઔષધના ઉદાહરણે યથોચિત ઉપદેશ આપવો જોઈએ. ॥ ૨૪॥

**ટીકાનુવાદ** :- "गुरु" શબ્દ गृ ધાતુ ઉપરથી બને છે. गृ એટલે કહેવું. બોલવું,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપદેશ આપવો જે શાસ્ત્રના અર્થો જણાવે-કહે- સમજાવે તે ગુરુ કહેવાય છે. ગૄ ધાતુને ઉણાદિથી ઉ પ્રત્યય લાગે છે. અને દીર્ઘ ૠનો ઉર્ આદેશ થાય છે. વળી આ ઉપદેશક ગુરુ સંવેગપરિણામવાળા, જ્ઞાની, ગીતાર્થ, અને દ્રવ્ય-ક્ષેત્રકાળાદિ ભાવોના જ્ઞાતા હોવા જોઈએ. આવા પ્રકારના અન્વર્થથી વ્યવસ્થિત છે શબ્દાર્થ જેનો એવા ગુરુજીએ અપુનર્બન્ધકાદિ યોગના અધિકારી જીવોને ખરેખર તેઓની અંતરંગ પરિણતિ જોઈને ઉપદેશ આપવો જોઈએ.

પરંતુ ઉપદેશક ગુરુ (ફક્ત કેવલી વિના બાકીના) છદ્મસ્થ હોય છે. અને તેઓ સાવરણજ્ઞાનવાળા હોવાથી શિષ્યોની અંતરંગ પરિણતિ જાણી શકતા નથી. તથાપિ અંતરંગ પરિણતિને જાહેર કરતાં એવાં તીવ્રભાવે પાપાકરણાદિ પૂર્વે કહેલાં જે બાહ્યલિંગો છે તે બાહ્યલિંગો વડે શિષ્યોની અંતરંગ પરિણતિનું અનુમાન કરીને ધર્મોપદેશ આપવો જોઈએ. કારણ કે અનન્તર પૂર્વે કહેલી(૨૩મી) ગાથામાં જેમ કહ્યું છે તેમ "જિનેશ્વરની વાણીના શ્રવણથી જ અપુનર્બન્ધકાદિ જીવોનો આત્મહિતમાં વિકાસ થાય છે." આવું અનંતર ગાથામાં જ કહ્યું છે તે કારણથી અપુનર્બન્ધકાદિ જીવોની તે તે ધર્મસ્થાન આચરવાની યોગ્યતા રૂપ ભૂમિકાને (પાત્રતાને) જોઈને શું કરવું જોઈએ ? ઉપદેશ આપવો જોઈએ, શેના વિષયક ઉપદેશ આપવો જોઈએ ? તો અહીં પ્રસંગ ધર્મનો ચાલે છે માટે તે પ્રસંગના કારણે ધર્મવિષયક ઉપદેશ આપવો જોઈએ.

કેવી રીતે ઉપદેશ આપવો જોઈએ ? તો જણાવે છે કે **યથોચિત**, જે જીવને જે ઉચિત હોય તે, ઉચિતતાની અપેક્ષા રાખીને ઉપદેશ આપવો. આ યથોચિત શબ્દ **દાતવ્ય** ક્રિયાપદનું વિશેષણ સમજવું. ઔષધના ઉદાહરણે ઉપદેશ આપવો એટલે કે જેમ વૈદ્ય પાસે વિદ્યમાન એવું પણ ઔષધ વ્યાધિ આદિ શબ્દથી વ્યાધિવાન્ જીવ, શીત - ગ્રીષ્મ - વર્ષાદિ ૠતુની અપેક્ષાએ તથા માત્રાદિની અપેક્ષાએ અપાય છે. તો જ લાભદાયક થાય છે. તેનાથી અન્યથા આપે તો દોષ દેખાય છે. (રોગ હાનિ થતી નથી પરંતુ કદાચિત્ રોગવૃદ્ધિ પણ થાય છે) તેની જેમ ગુરુજીએ ધર્મોપદેશ આપવો.

ભાવાર્થ આ પ્રમાણે છે :- ગુરુજીએ શિષ્યોને અવશ્ય ધર્મોપદેશ આપવો જોઈએ, ધર્મોપદેશ આપવો એ જ ગુરુપણાનું સ્વકર્તવ્ય છે. જે શિષ્યોએ પોતાનું સમગ્ર જીવન ગુરુજીને સમર્પિત કર્યું. તેનું આત્મહિત કેમ થાય ? તેવી મધુરી વાણીથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સતત ધર્મોપદેશ આપવો તે જ ગુરુજીનું સ્વકર્તવ્ય બને છે. આવી પરમોપકારી વાણી સાંભળવાથી આત્મહિત પામેલા વિનીતશિષ્યો જ ગુરુજીની શું સેવા કરી છુટીએ એવી ભાવનાથી વાસિત થયેલા તેઓ ગુરુજીનાં સઘળાં કાર્યો ઉપાડી લે છે. ગુરુજીને ધર્મોપદેશ આપવામાં  સમયની સ્ખલના ન થાય એટલે ગુરુજીનાં સર્વ કાર્યો ભક્તિભાવે કરવા શિષ્યવર્ગ કાયમ ઉત્કંઠિત હોય છે. પરંતુ ગુરુજી પોતાનાં કાર્યો શિષ્યો પાસે કરાવવા સર્વથા નિઃસ્પૃહ હોય છે. જેથી પરસ્પર કદાપિ ક્લેશ થતો જ નથી. શિષ્યોને આજ્ઞા કરવી તેમાં આજ્ઞાપનિકી ક્રિયા રૂપ આશ્રવ છે. અને સમયોચિત ધર્મક્રિયા કરવા માટે અનુમતિ માગવી, અને સંમતિ આપવી તે ઈચ્છકાર સમાચારી છે. ચંદનબાળા અને મૃગાવતીજીમાં પ્રભુની વાણી સાંભળવામાં લીન થયેલાં શિષ્યાને ગુરુજીએ ઉઠવાની આજ્ઞા ન કરી, અને મકાનમાં મોડાં આવતાં ઉચિત સમયનું ધ્યાન ન રાખવા બદલ ઠપકો આપ્યો. એનો મર્મ એવો છે કે ક્યા ક્યા સમયે અમારે શું શું કરવું ? તેના જ્ઞાન અને વિવેકથી પરિપૂર્ણ શિષ્યો હોય છે. માત્ર મોહાવેશથી ક્ષતિ ન આવે માટે ગુરુજીની પાસે અનુમતિ માગે છે. અને યોગ્ય લાગે તો ગુરુજી સમ્મતિ આપે છે. પરંતુ ગુરુજી આજ્ઞા કરતા નથી કે શિષ્યો પાસે કામ કરાવવાની વૃત્તિ રાખતા નથી. નિઃસ્પૃહ હોય છે. આવો જૈનશાસનનો અપૂર્વ માર્ગ છે. માટે જ તમામ ધર્મક્રિયાઓમાં **"ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્"** પદ બોલવા પૂર્વક આદેશ માગવામાં આવે છે. તેથી જ પાંચસો - પાંચસો શિષ્યો સાથે ગુરુજી વિચરે તો પણ તેમના માથે ભાર હોતો નથી. કારણ સૌ શિષ્યો પોત-પોતાના કર્તવ્યથી જાણકાર અને પ્રવીણ હોય છે. માટે ગુરુજીએ અવશ્યં ઉપદેશ આપવાનું જ કાર્ય સતત મુખ્યત્વે કરવું જોઈએ.

ઉપદેશ આપતાં ખરેખર જીવોની અંતરંગ પરિણતિ જાણવી જોઈએ તો જ તે તે જીવોને યોગ્ય ઉપદેશ આપી શકાય, પરંતુ ગુરુજી છદ્મસ્થ હોવાથી અંતરંગપરિણતિ જાણવા અસમર્થ છે. માટે બાહ્યલિંગો દ્વારા અંતરંગ પરિણતિ જાણવા પ્રયત્ન કરવો. તીવ્રભાવે પાપાકરણ, નમ્ર સ્વભાવ, તત્ત્વ જાણવાની તમન્ના, પોતાનાથી થઈ જતા પાપોની અતિવેદના, વારંવાર થતી પાપની ગર્હા, તેમના સાથીઓ પાસેથી મળતી વાતો, ઈત્યાદિ લિંગો દ્વારા શ્રોતાઓની અંતરંગ પરિણતિની કલ્પના કરીને પછી યથાર્થ ઉપદેશ આપવો.

ઉપદેશ આપનાર વ્યક્તિ પોતે જ્ઞાની, વિવેકી, બોલવામાં કંટ્રોલવાળા, વાતને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાળવાના સામર્થ્યવાળા, પ્રભાવશાળી, નિઃસ્પૃહ, અને વિશિષ્ટ પુણ્યાઈવાળા હોવા જોઈએ, તથા દ્રવ્ય - ક્ષેત્ર - કાળ અને ભાવના જાણકાર, ક્યા જીવને શું ઉપકારક થશે ? તે વાતને યથાર્થ સમજનારા અને સમજાવનારા ગુરુ હોવા જોઈએ.

આવા ગુરુએ પણ ઔષધના ઉદાહરણે યથોચિત ધર્મદેશના આપવી જેમ વૈદ્યની પાસે સુંદર ઔષધ વિદ્યમાન હોય તો પણ વ્યાધિની માત્રા કેટલી ? વ્યાધિવાળો આત્મા બાળ છે ? યુવાન છે ? કે વૃદ્ધ છે ? સ્ત્રી હોય તો સગર્ભા છે કે અગર્ભા છે. આ ઔષધથી રીએક્શન થાય તેવું પાત્ર છે કે રીએક્શન ન થાય તેવું પાત્ર છે ? શિયાળો છે કે ઉનાળો છે કે વર્ષાઋતુ છે. ઈત્યાદિ જોઈને પછી જ ઔષધ આપે છે. તે પણ ડોઝ થોડી માત્રાએ આપવાથી રોગ મટશે કે વધુ માત્રાએ આપવો પડશે. ઈત્યાદિ પૂર્વાપરના વિવેકપૂર્વક યથોચિત ઔષધ આપે છે. તેમ ગુરુજીએ પણ ઉપરની બધી મર્યાદાઓ જોઈને જ યથોચિત ઉપદેશ આપવો જોઈએ તો જ વૈદ્યથી જેમ રોગ મટે તેમ ગુરુજીથી શિષ્યનો ભાવરોગ મટે છે. અન્યથા જો ઉપદેશ અપાય તો અનર્થ જ થાય. જેમ યુવાનને આપવા જેટલો દવાનો ડોઝ બાળકને આપે, માથું દુઃખવાની દવા તાવ માટે આપવામાં આવે તો જેમ અનર્થ થાય, તેમ પાત્રતા જોયા વિના જો ઉપદેશ અપાય તો ઘણા દોષોને કરનારો બને. સાધુને કહેવા લાયક ઉપદેશ શ્રાવકો વચ્ચે કહેવાય તો શ્રાવકો સાધુ પ્રત્યે અબહુમાન વાળા બને, મા-બાપને કહેવા લાયક ઉપદેશ બાળકો વચ્ચે કહેવામાં આવે તો તે બાળકો મા-બાપ પ્રત્યે તિરસ્કારવાળા બને. ઈત્યાદિ સમજી લેવું. માટે પાત્રતા તથા અવસર જોઈને ઉપદેશ આપવો. ॥ ૨૪ ॥

**અવતરણ :- साम्प्रतं यथा दातव्यस्तथा लेशत आह-**

હવે તે અપુનર્બન્ધકાદિ જીવોને જેવો ઉપદેશ આપવો જોઈએ, તેમ લેશથી જણાવે છે-

**[૧]पढमस्स [७]लोगधम्मे, परपी[३]डावज्जणाइ [२]ओहेणं।**
**गुरुदे[४]वातिहिपूयाइ, [५]दीणदाणाइ [६]अहिगिच्च ॥ २५ ॥**

**''प्रथमस्य''=अपुनर्बन्धकस्य, ''लोकधर्मे''=लोकधर्मविषय: परपीडा वर्जनाद्यधिकृत्येति योग:। परपीडा न कर्तव्या, सत्यं वक्तव्यमित्यादि, ''ओघेन''=**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

न विक्षेपणीकथाविशेषेण । तथा गुरु - देवातिथिपूजाद्यतिकृत्य । तद्यथा - गुरुपूजा कर्तव्या, देवपूजा कर्तव्या, अतिथिपूजा कर्तव्या, आदिशब्दात् सत्कारसन्मानपरिग्रहः । तथा दीनदानादि चाधिकृत्योपदेशो दातव्यः दीनेभ्यो देयम्, तपस्विभ्यो देयम्, आदिशब्दाद् रात्रिभोजनादि परिहर्तव्यम् । इति गाथार्थः ॥ २५ ॥

**ગાથાર્થ** :- પ્રથમ યોગના અધિકારી (એવા અપુનર્બંધક) જીવોને સામાન્યથી (૧) પરની પીડાનું વર્જનાદિ, (૨) ગુરુ-દેવ-અને અતિથિઓની પૂજાદિ, (૩) અને દીન-દરિદ્રી આત્માઓને દાનાદિ આપવાં, આવા વિષયોને આશ્રયી લોકવિષયક ધર્મનો ઉપદેશ આપવો. ॥ ૨૫ ॥

**ટીકાનુવાદ** :- યોગધર્મના અધિકારી ચાર પાત્રો છે. તે પૈકીના પ્રથમ એટલે અપુનર્બન્ધક જીવોને કેવો ઉપદેશ આપવો ? તે આ ગાથામાં આચાર્યશ્રીએ સ્પષ્ટ કર્યું છે. આ કક્ષાના જીવો હજુ યોગમાર્ગમાં પ્રવેશ જ કરે છે. દાખલ જ થાય છે. પ્રાથમિક જ છે. માટે સૂક્ષ્મ એવો લોકોત્તર ધર્મ હમણાં ન સમજાવવો. પરંતુ લૌકિકધર્મ સમજાવવો, લૌકિક ધર્મ સમજાવવા દ્વારા તેને ધર્માભિમુખ કરવો. માનવજીવનના સંસ્કારો આપવા. સાચા માનવ થવાનો ઉપદેશ આપવો.

(૧) જેવો આપણને આપણો જીવ વહાલો છે. તેવો સર્વજીવોને પોતાનો જીવ વહાલો છે તો પરજીવને પીડા કેમ કરાય ? પરપીડા વર્જવી જ જોઈએ, તેથી માંસાહાર - શિકાર - પક્ષીનું વિંધવું ઈત્યાદિ હિંસાત્મક પાપો કેમ કરાય ? તેનો ત્યાગ કરાવવો.

(૨) "સાચું બોલવું"= જુઠું બોલવાથી જુઠું ઉઘાડુ પડી જવાનો ભય રહે છે. એક જુઠ અનેક જુઠ કરાવે છે. જુઠ ઉઘાડું થતાં માનહાનિ થાય છે. મન કાયમ ચિંતાતુર જ રહે છે. તે જુઠ છુપાવવા માયા કરવી પડે છે. માટે સાચું જ બોલવું.

(૩) ગુરુઓની પૂજાદિ કરવાં = ગુરુ એટલે માતા-પિતા-વડીલો-સ્કુલના શિક્ષક, વિદ્યાગુરુ કુટુંબના વડેરાઓ, ઈત્યાદિની પૂજા-ભક્તિ-પ્રણામ કરવા, આદિ શબ્દથી તેઓનો સત્કાર અને સન્માન કરવાં (કોઈ પણ વસ્તુ ભેટ ધરીએ તે સત્કાર, હૃદયથી તેઓ પ્રત્યે પૂજ્યભાવ રાખીએ તે સન્માન), હમણાં ધર્મગુરુની ઓળખાણ કે તે તરફ વાળવા પ્રયત્ન ન કરવો. તથા તેનો નિષેધ પણ ન કરવો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪) પોતાના માનેલા દેવની પૂજા-પાઠ કરવાં, ભક્તિ-પ્રણામ કરવાં, તેઓની સ્તુતિ પ્રાર્થના-નમન-વંદન કરવાં, વારંવાર પોતાના દેવના મંદિરે જવું. પછી ભલે તે શંકર - કૃષ્ણ - રામચંદ્રજી - હનુમાનજી ઈત્યાદિ દેવ મનાયા હોય, તો પણ તે છોડાવવા હમણાં પ્રયત્ન ન કરવો. મનમાં ઠસેલી દેવબુદ્ધિને સ્થિર કરાવવી.

(૫) પોતાને ઘેર આવેલા, પોળમાં, ગલીમાં, કે શેરીમાં આવેલા, અથવા ગામમાં આવેલા અતિથિની (મહેમાનની - તપસ્વીની - મહાત્માની) સેવા - ભક્તિ કરવી. બાવો આવે તોપણ ચપટી લોટ આપવો, કોઈપણ સંત આવે તો જમાડવા, ભક્તિ કરવી, પ્રણામ કરવા - સુખસાતા પુછવી, બેઠક - સ્થાન આપવું પરંતુ મોઢું બગાડવું નહિ, આવેલા આ અતિથિ ક્યારે જાય ? આપણે ક્યારે છુટા થઈએ ? એવું ઈચ્છવું નહીં.

(૬) દીન - ગરીબ - લાચાર, દુઃખી - લુલાં - લંગડાં, વાત-પિત્તાદિ રોગવાળાં પ્રાણીઓ, દરિદ્રી - નિર્ધન, આત્માઓને યથાશક્તિ દાનાદિ આપવાં, દવાખાનાં ખોલાવવાં, દવાખાનાના દર્દીઓને ફળ-ફ્રુટાદિનો આહાર આપવો, કોઈને લાઈને ચડાવવા. વધેલો આહાર ભિક્ષુકોને આપવો, પંખીઓને દાણા નાખવા, પશુઓને પાણી પાવાં, અવાડાઓ બાંધવા બંધાવવા, ઈત્યાદિ કાર્યો કરવાં.

(૭) તપસ્વીઓની ભક્તિ કરવી, પારણાં કરાવવાં, આગળ-પાછળ જમણવાર કરવો, તપસ્વીઓને જે દિવસે અને જે ટાઈમે જમવાનું હોય ત્યારે યથાશક્તિ ઘરનું ભોજન અથવા એક-બે વસ્તુ લાવીને પણ આપવી, ઈત્યાદિ.

(૮) આદિ શબ્દથી રાત્રિભોજન ઘણી જ જીવહિંસાનું કારણ છે. અંધકાર અને શીત વાતાવરણના લીધે અનેક સૂક્ષ્મ જીવો ભોજનમાં આવે, અનેક જીવોની હિંસા થાય, અનેક રોગો થાય, માટે આવું ભોજન વર્જી દેવું.

આવો ઉપદેશ આપવો, લૌકિક ધર્મમાર્ગમાં સ્થિર થાય તેવો ઉપદેશ આપવો જો ધર્મસંજ્ઞા હૃદયમાં બેસી હશે તો કાળાન્તરે તે સંજ્ઞા વૃદ્ધિ પામતાં યથાર્થમાર્ગે આવશે માટે વિધાયકાત્મકભાવે ધર્મોપદેશ સામાન્યથી કરવો. પરંતુ તે જીવો હજુ મંદ મિથ્યાત્વમાં વર્તનારા હોવાથી વિક્ષેપણી કથાવિશેષ દ્વારા ધર્મોપદેશ ન આપવો. મિથ્યાત્વીઓનો ધર્મ ખોટો છે. રામ - કૃષ્ણ - શંકર આદિ દેવો નથી, ભગવાન નથી, ઈત્યાદિ તેણે માનેલા ધર્મના ખંડનાત્મક પદ્ધતિથી ધર્મોપદેશ ન આપવો. કારણ કે તેવો ઉપદેશ આપવાથી વક્તા પ્રત્યે તે જીવો અપ્રીતિવાળા બને, સાંભળવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવતા બંધ થઈ જાય, તો કાળાન્તરે ઉપાયાન્તરોથી જે સત્ય ધર્મ પમાડાત તે માર્ગ સદંતર બંધ થઈ જાય. માટે દીર્ઘદષ્ટિથી કામ લેવું. ભાવિલાભને ધ્યાનમાં રાખી તેને લાભ થાય તેવો જ ધર્મોપદેશ હમણાં બતાવવો, તે જ યથાર્થ હિતકારી માર્ગ છે. ॥ ૨૫ ॥

**અવતરણ :- किमित्येतदेवम्** = આવા જીવોને આવા પ્રકારનો આ ઉપદેશ જ કેમ આપવો ? (અને લોકોત્તર ધર્મ કેમ ન આપવો ?) તે આચાર્યશ્રી જણાવે છે :-

**एवं[६] चिअ[७] अवयारो[१०], जायइ[११] मग्गम्मि[९] हंदि एयस्स[८] ।**
**[१]रण्णे [२]पहपब्भट्ठोऽवट्टाए[३] [४]वट्टमोयरइ[५] ॥ २६ ॥**

**"एवमेव"= उक्तेनैव प्रकारेण अवतारो जायते, "मार्गे" =सम्यग्दर्शनादिलक्षणे, "हन्दि"=इत्युपप्रदर्शने। "एतस्य"=अपुनर्बन्धकस्य, विक्षेपाभावाद्, गुणमात्ररागभावाद् विशिष्टबुद्ध्यभावाच्चेति। अत्रैव निदर्शनमाह - "अरण्ये"= कान्तारे, "पथप्रभ्रष्टः"-मार्गच्युतः अवर्तन्या व्यवहारतः वर्तनीमवतरति व्यवहारत एव । निश्चयतस्तु साऽपि वर्तन्येव, तया तथा तदवतरणात्। अत एवोक्तम् - "आभिप्रायिकी योगिनां धर्मदेशना, उपेयसाधनत्वेन उपायस्य तत्त्वात्" तथा "अचर्यैव चर्या बोधिसत्त्वानाम्, लक्षवेधिनोऽवन्ध्यचेष्टा ह्येते" । एवं च-**

**सर्वदेवान् नमस्यन्ति, नैकं देवं समाश्रिताः ।**
**जितेन्द्रिया जितक्रोधा, दुर्गाण्यपि तरन्ति ते ॥ योगबिन्दु ११८ ॥**

**एवमाद्यपि वीतरागे नमस्करणं प्रत्यप्रवृत्तस्य प्रवर्तकत्वात् चारिचरक सञ्जीवन्यचरकचारणन्यायेनादुष्टमेव । इति गाथार्थः ॥ २६ ॥**

**ગાથાર્થ :-** જેમ જંગલમાં માર્ગથી ભૂલો પડેલો માનવી (માર્ગાભિમુખ એવા) ઉન્માર્ગે ચાલતો છતો પણ માર્ગમાં આવે છે. એવી જ રીતે આ અપુનર્બન્ધકાદિ મંદમિથ્યાત્વી જીવોનું આવા ઉપદેશથી જ માર્ગમાં આવવાનું બને છે ॥ ૨૬ ॥

**ટીકાનુવાદ :-** જે આત્માઓ હજુ યોગમાર્ગમાં માત્ર પગ મુકે છે. તેવા જીવોને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપરની ગાથામાં કહ્યા પ્રમાણે જ કાળાન્તરે ધીરે ધીરે સમ્યગ્દર્શન - સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર સ્વરૂપી રત્નત્રયીના માર્ગે ચડાવી શકાય છે. જે આત્માઓ અનાદિ કાળથી અર્થ અને કામની વાસનામાં જ હતા, ધર્મ શબ્દ જ જાણ્યો ન હતો, વિષય-વિકાર અને વાસનામાં જ લીન હતા. તેવા આત્માઓ આવા લૌકિક ધર્મ દ્વારા પણ ધર્મસંજ્ઞા પામે એ જ એક મોટી વસ્તુ છે. હાલ આવા જીવોનો બુદ્ધિભેદ કરવામાં ન આવે, વિશ્વાસ કેળવવામાં આવે તો કાળાન્તરે અવશ્ય સત્યમાર્ગે આવે, ગમે તેવું ઊંચું સત્ય પણ કાળ પાક્યા વિના અકાળે, અસ્થાને, અપાત્રે કહેવા જતાં કંઈપણ યથાર્થ ફલ આપતું નથી પરંતુ કોઈ વખત અવિશ્વાસ વધતાં મહા અનર્થ થાય છે. માટે આવા પ્રકારના પ્રાથમિક અપુનર્બન્ધકાત્માઓને પ્રાથમિક લૌકિક ધર્મમાં સ્થિર કરવા એ જ કાળાન્તરે લૌકોત્તર માર્ગમાં લાવવાનું કારણ બને છે. આ પ્રથમકાલે તો આવા જીવોને લૌકિકધર્મમાં જ વધુ સ્થિર કરવા જોઈએ. તેનાં ત્રણ કારણો છે.

(૧) **વિક્ષેપાભાવ** = આ જીવો હાલ જે ધર્મ માનતા હોય તે ઇતરધર્મ હોય તો પણ તેનું ખંડન તેના સામે કદાપિ કરવું નહીં. તેના માનેલા ધર્મમાં વિક્ષેપ કરવો નહીં. તેમ કરવાથી પ્રેમ ગુમાવાય, તે આત્મા વક્તા પાસે આવતો બંધ થાય અને કાલાન્તરે ઉપાયાન્તરોથી સત્યધર્મ પમાડવાનો ચાન્સ ગુમાવાય. અહીં કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજીએ બ્રાહ્મણોના પ્રેરાયેલા સિદ્ધરાજને કાલાન્તરે પણ સત્યધર્મમાં લાવવા માટે તેના યોજેલા સોમનાથ પાટણના સંઘમાં જવાનું, અને વીતરાગ અવસ્થાવાળા નામથી કોઈપણ દેવ હોય તેને મારા નમસ્કાર હો ઇત્યાદિ જે વ્યવહાર સાચવ્યો તેવાં દૃષ્ટાન્તો સ્વબુદ્ધિથી સમજી લેવાં.

(૨) **ગુણમાત્રરાગ ભાવ** = આવા જીવોમાં ગુણી જીવોના ગુણો ઉપરનો જે રાગ છે તે રાગ જ વધુ ને વધુ દ્રઢતર થતાં કાળાન્તરે સત્યધર્મની પ્રાપ્તિનું મહાબીજ (અવન્ધ્યબીજ) બને છે.

(૩) **વિશિષ્ટબુધ્યભાવ** = જેમ પહેલી ચોપડી ભણતા બાળકની પાસે બારમા ધોરણના દાખલા ગણવા-ગણાવવા નિરર્થક છે. તેવી જ રીતે પ્રાથમિક જીવની હજુ તેવા પ્રકારની વિશિષ્ટબુધ્ધિનો અભાવ હોવાથી લોકોત્તર ધર્મની ઉંડી સૂક્ષ્મવાતો કરી તેઓનો બુદ્ધિભેદ કરવો નિરર્થક જ છે. માટે આવા પ્રકારના જીવોમાં જે સરળતા, ગુણગ્રાહિતા, લૌકિકધર્મપ્રીતિમત્તા, ભદ્રિકતા આદિ ભાવો છે. તે જ તેઓને કાલાન્તરે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સત્યમાર્ગે ચડાવવાનાં મહાન્ કારણ બને છે. આ વિષય સમજાવવા આચાર્યશ્રી દૃષ્ટાન્ત આપે છે :–

જંગલમાં કોઈ પથિક માર્ગથી ભૂલો પડ્યો, ખોટે રસ્તે ઘણું ચાલ્યું. માર્ગ હાથ ન લાગતાં રસ્તે મળેલા કોઈ રસ્તાના અનુભવીને સાચો માર્ગ પુછયો, તેણે સાચો માર્ગ દિશાથી બતાવ્યો. તેણે બતાવેલી દિશા તરફના સાચે રસ્તે પહોંચવા માટે ખોટા રસ્તા અને સાચા રસ્તાની વચ્ચે આવતાં ખેતરો, ખાડા, ટેકરા, નદી-નાળાં, ખુંદતો-ખુંદતો અર્થાત્ આ રીતે વ્યવહારથી ઉન્માર્ગે ચાલતો ચાલતો એટલે કે આડા-અવળા કેડી રસ્તે ચાલતો ચાલતો પણ કાળાન્તરે તે સત્યમાર્ગની દિશાભણી ચાલતો હતો માટે વ્યવહારથી કાળાન્તરે સત્યમાર્ગમાં આવે જ છે. (અવર્તની = ઉન્માર્ગ અને વર્તની = સત્યમાર્ગ). તેવી જ રીતે અત્યારે લૌકિક ધર્મ (મિથ્યાધર્મ) કરતો હોવા છતાં પણ આ જીવ ધર્માભિમુખ હોવાથી કાલાન્તરે સત્યધર્મમાં આવે જ છે. નિશ્ચયનયથી તો જરાક વધુ સૂક્ષ્મ વિચાર કરીએ તો સમજાશે કે આડા-અવળા-ખેતરો-ખાડા-ટેકરાને ખુંદતો જે માર્ગ છે તે માર્ગ (ઉન્માર્ગ નથી) પણ વર્તની જ છે સત્યમાર્ગ જ છે. કારણ કે તે નાના રસ્તા વડે તેવી રીતે પંથ કાપવાથી જ તે યથાર્થ રસ્તે અવતાર પામે છે. તેવી જ રીતે લૌકિકધર્મ કરતો આ પ્રાથમિક પુરૂષ પણ નિશ્ચયનયની દૃષ્ટિએ તો ધર્માભિમુખતા વૃદ્ધિ પામતાં કાળાન્તરે યથાર્થ માર્ગે આવનાર જ છે. માટે લૌકિકધર્મ સમજાવવો તે પણ (ઉન્માર્ગ નથી પરંતુ) માર્ગ જ છે. આ વાત ઘણી ગંભીરતાથી સમજવા જેવી છે. આ બાબતમાં આપણા મનમાન્યા કેટલાય કદાગ્રહો આપણે ત્યજી દેવા જોઈએ.

આ જ કારણથી શાસ્ત્રમાં અન્યત્ર કહ્યું છે કે યોગિ મહાત્માઓની ધર્મદેશના અભિપ્રાયપૂર્વકની હોય છે. જ્યાં જે આત્માઓ જે રીતે મોક્ષમાર્ગાભિમુખ થાય તેવા અભિપ્રાયવાળી ધર્મદેશના આપે છે. કારણ કે અન્તે તો મોક્ષ જ ઉપેય (પ્રાપ્તવ્ય) છે. માટે ઉપેય એવા મોક્ષના સાધન તરીકે ઉપાય રૂપ ધર્મદેશના પણ એવી આપે છે કે જે કાળાન્તરે તે ધર્મદેશના રૂપ ઉપાય ઉપેયસ્વરૂપે જ પરિણામ પામે. મોક્ષ આપીને જ જંપે. તેથી જ બોધિસત્ત્વ જીવોની (એટલે અપુનર્બન્ધક અને સમ્યગ્દષ્ટિ જીવોની) અયોગ્ય ચર્યા પણ (એટલે કે માર્ગાભિમુખ એવું ઉન્માર્ગ ગમન પણ) કાલાન્તરે સત્યમાર્ગે ચડાવનાર હોવાથી ચર્યા જ કહેવાય છે. અવર્તની પણ વર્તની જ કહેવાય છે. કાલાન્તરે તેવું ફળ આપનાર છે માટે નિશ્ચયથી અવર્તની તે અવર્તની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી પરંતુ વર્તની જ છે. કારણ કે આ બોધિસત્ત્વ જીવો લક્ષ્યને વિંધનારા (યથાર્થ માર્ગને પામનારા) છે. અને તેના માટે અવન્ધ્ય ચેષ્ટાવાળા છે. અન્યદર્શનકારોએ પણ કહ્યું છે કે :-

(પ્રથમ કક્ષાના ધર્મી જીવો) સર્વ દેવોને નમસ્કાર કરે છે. કોઈ દેવને આશ્રિત થતા નથી, ઇન્દ્રિયો અને ક્રોધને જીતનારા તેઓ નરકપાતાદિ દુર્ગોને પણ ઉલ્લંઘે છે.

આ પ્રમાણે મંદમિથ્યાત્વી આવા પ્રકારના જીવો હજુ પ્રાથમિક કક્ષાના હોવાથી વીતરાગ પરમાત્માને નમસ્કાર કરવામાં અપ્રવૃત્તિશીલ છે. હજુ તેઓને વીતરાગ પરમાત્માની તો ઓળખાણ પણ થઈ જ નથી. તો પણ આ પ્રાથમિક લૌકિકધર્માભિમુખતા એ જ કાલાન્તરે **"ચારિચરકસંજીવન્યચરકચારણ"** નામના ન્યાય વડે વીતરાગ પરમાત્મા પ્રત્યે નમસ્કાર કરાવવામાં પ્રવર્તક બનનાર હોવાથી વ્યવહારથી અદુષ્ટ જ છે.

- चारि = ઘાસ । चरक = ચરનાર । संजवनी = તે નામની એક ઔષધિ। अचरक = નહિ ચરનાર । चारण = ચરાઈ જવાના । न्यायेन = ન્યાયથી

કોઈ સ્ત્રી પોતાનો પતિ પોતાને વશવર્તી રહે તેવા આશયથી તેની બહેનપણી પાસે પતિને વશ કરવાની વાત કરે છે. બહેનપણી તેને તેવા પ્રકારનું ઔષધ બતાવે છે. તે ઔષધના પાનથી પુરૂષ-પુરૂષ મટી બળદ થઈ જાય છે. કાયમ સ્ત્રીને પરવશ તો પતિ થયો. પરંતુ સ્ત્રીના દુઃખનો પાર ન રહ્યો. તે દરરોજ તેને ઘાસ ચરાવે છે. જંગલમાં લઈ જાય છે. એક વખત એક વૃક્ષ નીચે તે પત્ની સૂતી છે અને બળદ બેઠો બેઠો વાગોળે છે. ત્યાં ફરતું ફરતું એક વિદ્યાધરયુગલ આવ્યું. તેઓએ પરસ્પર વાર્તાલાપ કર્યો કે આ ખરેખર બળદ નથી, મૂળ પુરૂષ છે. આ જ ખેતરમાં સંજીવની નામની ઔષધિ છે. તે જો ચરાવવામાં આવે તો આ બળદ પુનઃ પુરૂષ થઈ શકે. આ વાર્તાલાપ સ્ત્રીએ સાંભળ્યો. તેણે આખા ખેતરનો ઘાસચારો ધીરે ધીરે બળદને ચરાવ્યો. તેમાં સંજીવની પણ આવી. તે ચરતાં બળદ અનાયાસે આપોઆપ પુરૂષ થઈ ગયો. તે ન્યાય અહીં લગાડવો. જેમ બળદ ખેતરનો ઘાસચારો ચરતાં ચરતાં સંજીવની ચરાઈ જવાથી મૂળમાર્ગે પુરૂષ થઈ ગયો, તેની જેમ આ મન્દમિથ્યાત્વી જીવ લૌકિક ધર્મ કરતાં કરતાં આપોઆપ ધર્માભિમુખતા હોવાથી કાલાન્તરે લોકોત્તરધર્મમાં આવી જાય છે, માટે પ્રારંભમાં લૌકિકધર્મમાં ધર્માભિમુખતાપૂર્વક



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થિર કરવો તે જ શ્રેયસ્કર માર્ગ છે. (ઘાસ ચારાને ચરનાર અને સંજીવનીને સંજીવની સમજીને નહિ ચરનાર બળદને આપોઆપ સંજીવની ચરાઈ જાય છે. તે ન્યાયે, આવો ટીકાની પંક્તિનો અર્થ કરવો. ॥ ૨૬ ॥

**અવતરણ** :- હવે યોગના બીજાનંબરના અધિકારી સમ્યગ્દષ્ટિ જીવોને કેવો ઉપદેશ આપવો ? તે આચાર્યશ્રી જણાવે છે :-

**[१]बीयस्स उ [२]लोगुत्तरधम्मम्मि [३]अणुव्वयाइ [४]अहिगिच्च ।**
**[५]परिसुद्धाणायोगा, [६]तस्स [७]तहाभावमा[८]सज्ज ॥ २७ ॥**

**"द्वितीयस्य पुनः" उपन्यासक्रमप्रामाण्यात् सम्यग्दृष्टेः, "लोकोत्तरधर्मे"= लोकोत्तरधर्मविषयः, "अणुव्रताद्यधिकृत्य"= अणुव्रत-गुणव्रत-शिक्षा पदान्याश्रित्य, उपदेशो दातव्य इति वर्तते । कथम् ? इत्याह- "परिशुद्धाज्ञायोगात्"= त्रिकोटिपरिशुद्धाज्ञानुसारेणेति भावः, "तस्य-श्रोतुः", "तथाभावमासाद्य"= अभिप्रायं ज्ञात्वा यद् यत् परिणमति । इति गाथार्थः। ॥२७॥**

**ગાથાર્થ** :- બીજા નંબરના યોગના અધિકારી જીવોને (અવિરત સમ્યગ્દષ્ટિ જીવોને) લોકોત્તર ધર્મમાર્ગવિષયક અણુવ્રતાદિને આશ્રયી, અત્યન્ત શુધ્ધ એવી જિનેશ્વરપ્રભુની આજ્ઞાને અનુસરનારો, તે તે જીવોના તેવા તેવા પ્રકારના ભાવો જોઈને ધર્મોપદેશ આપવો. ॥ ૨૭ ॥

**ટીકાનુવાદ** :- સૂત્રમાં (ગાથા ૯માં) બતાવેલા ચાર પ્રકારના યોગના અધિકારી જીવો પૈકી બીજા નંબરના ગાથાના ક્રમની પ્રમાણતાના આધારે અવિરતસમ્યગ્દષ્ટિ નામના યોગના અધિકારી જીવોને લોકોત્તર[૧] ધર્મ(જૈનધર્મ) વિષયક અણુવ્રત-ગુણવ્રત અને શિક્ષાવ્રત આદિ શ્રાવક-શ્રાવિકાનાં બાર વ્રતોનાં જે જે પદો(સ્થાનો), તેને આશ્રયી ધર્મોપદેશ આપવો. કારણ કે આ જીવો સમ્યગ્દષ્ટિ તો છે જ, જિનેશ્વર પ્રભુનો ધર્મ રૂચે તો છે જ, પરંતુ અવિરતિ છે. એટલે અત્યાગાવસ્થા કેમ જાય?

૧. જે ધર્મ આ ભવમાં અને પરભવમાં ઇન્દ્રિયજન્ય વિષયસુખો જ સમજાવે અને તેવા પ્રકારનાં લૌકિકસુખો માટે જ ધર્મ કરવાનું જણાવે, આવો ધર્મ કરશો તો સુખી થશો તે **લૌકિકધર્મ**. અને જે ધર્મ આત્માના અનંતજ્ઞાનાદિ સુખની વાત કરે, દેહથી રહિત થવાની અને મોક્ષસુખની વાત કરે તે **લોકોત્તરધર્મ**.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને ત્યાગાવસ્થા કેમ આવે એટલા માટે અણુવ્રતાદિ રૂપ અલ્પત્યાગનો ઉપદેશ આપવો. (આ મૂળગાથામાં કોઈ ક્રિયાપદ નથી. તેથી અર્થસંગત થાય તેટલા માટે ૨૪ મી ગાથાથી "उपदेशो दातव्यः" આટલું પદ અનુવૃત્તિ રૂપે વર્તે છે. એમ જાણવું).

ગીતાર્થ ધર્મગુરુઓએ આ ધર્મોપદેશ કેવી રીતે આપવો ? તે જણાવે છે કે-મન-વચન-અને કાયા એમ ત્રિકોટિ (ત્રણે પ્રકારે) અતિશય શુધ્ધ એવી જિનેશ્વર પરમાત્માની આજ્ઞાને અનુસારે જ ધર્મોપદેશ આપવો. મનથી સ્વમતિ કલ્પિત ઉપદેશ આપવો નહીં, પોતાના વિચારો તરફ કદાગ્રહથી જીવોને ખેંચવા નહીં. વચનથી તુચ્છ-હલકી-બિભત્સ ભાષાથી ઉપદેશ આપવો નહીં, કાયાથી હલકા હાવ-ભાવ પૂર્વક ઉપદેશ આપવો નહીં, પરંતુ યથાર્થ સૂત્રાનુસારિણી મધુર સ્વરે ઉત્તમ હાવ-ભાવપૂર્વકની ધર્મોપદેશના આપવી.

તથા વળી તે તે શ્રોતાના હૈયાના તથાભાવ = અભિપ્રાય = રૂચિ વિશેષ જાણીને ધર્મોપદેશ આપવો. પૂર્વભવોમાં પ્રાપ્ત કરેલા સંસ્કારોના આધારે આ ભવમાં કોઈને ભગવાનની પૂજા સવિશેષ રૂચે, કોઈને અધ્યયન સવિશેષ રૂચે, કોઈને ત્યાગ તપ સવિશેષ રૂચે, કોઈને સામાયિક પ્રતિક્રમણ સવિશેષ રૂચે, કોઈને ભક્તિ સવિશેષ રૂચે, કોઈને પરની સેવા (વૈયાવચ્ચ) સવિશેષ રૂચે, મોક્ષપ્રાપ્તિના અસંખ્ય યોગો છે, જેને જે રૂચે તેને તે સવિશેષ સમજાવવો, ફક્ત બીજા પણ જે યોગો છે તે યોગો ઉપર અરૂચિ ન થાય, પરંતુ બીજા યોગો મારાથી નથી સેવાતા તે સેવવાનો ક્યારે શુભ અવસર આવે ? એમ ઇતરના અસેવનના ખેદપૂર્વક રૂચિ વધે તે રીતે વિવક્ષિત ઇષ્ટ યોગ સમજાવવો., ગમતા યોગથી એક વખત વિકાસ પામશે તો કાળાન્તરે બીજા યોગો પણ ઇષ્ટ બનશે જ, કોઈ પણ વિવક્ષિત એક નગરમાં જવાના રસ્તા જેમ અનેક હોય છે. બધા જીવો બધે જ રસ્તે ચાલી શકતા નથી. કોઈ પણ એક રસ્તે જ ગામમાં પ્રવેશ કરે છે. ફક્ત બીજા રસ્તાથી ગામમાં ન જ જવાય એવા વિરોધક હોતા નથી. તેમ અહીં સમજવું.

**અવતરણ :- अथ किमर्थं सुप्रसिद्धमादौ साधुधर्मोपदेशमुल्लङ्घ्यास्य श्रावकधर्मोपदेशः ? इत्याह -**

સાધુધર્મ એ સર્વથા ત્યાગધર્મ છે. તે સર્વશ્રેષ્ઠ ધર્મ છે. તો પ્રારંભમાં શ્રેષ્ઠ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને સુપ્રસિદ્ધ એવા સાધુધર્મનો ઉપદેશ આપવાનો ધોરીમાર્ગ ઉલ્લંઘીને આ જીવને શ્રાવકધર્મનો ઉપદેશ આપવાનું શા માટે કહો છો ? તેનો ઉત્તર સમજાવે છે કે :-

[1]तस्सासण्ण[2]त्तणाओ, [3]तम्मि [4]दढं [5]पक्खवायजोगाओ ।
[6]सिग्घं [7]परिणामाओ, [8]सम्मं परिपाल[9]णाओ य ॥ २८ ॥

**''तस्य-'' श्रावक धर्मस्य, ''आसन्नत्त्वाद्''- गुणस्थानकक्रमेण भाव-प्रतिपत्तिं प्रति प्रत्यासन्नः, यथोक्तम् - ''सम्मत्तम्मि उ लद्धे, पलियपुहत्तेण सावगो होज्जा'' (વિશેષાવશ્યક ગાથા ૧૨૨૨) इत्यादि, अत एव कारणात् ''तस्मिन्''=श्रावकधर्मे, 'दृढम्'= अत्यर्थं, 'पक्षपातयोगात्'= आसन्ने हि भावतस्तत्स्वभावसम्भवेन पक्षपातभावात् । अत एव कारणात् 'शीघ्रं' तूर्णं, ''परिणामात्''= क्रियया परिणमनात्, तत्पक्षपाते तद्भावापत्तिरिति कृत्वा । तथा'सम्यग्'=यथासूत्रं,'परिपालनातश्च'= परिणतिगुणेनेति । सुप्रसिद्धत्त्वं चादौ साधुधर्मोपदेशस्याणुव्रतादिप्रदानकालविषयम्, अन्यथोक्तविपर्यये दोषः । इति गाथार्थः । ॥ २८ ॥**

**ગાથાર્થ :** (અવિરત સમ્યગ્દષ્ટિ પાત્રને) તે દેશવિરતિ નામનું પાંચમું ગુણસ્થાનક (૧) આસન્ન હોવાથી, (૨) તેમાં જ હજુ અત્યન્ત પક્ષપાતનો ભાવ હોવાથી (૩) શીઘ્ર પરિણમન પામવાની શકયતા હોવાથી, (૪) અને સમ્યગ્ પ્રકારે પાલી શકે તેમ હોવાથી પાંચમા ગુણઠાણાનો જ ઉપદેશ આપવો જોઈએ. ॥ ૨૮ ॥

**ટીકાનુવાદ :-** યોગધર્મના અધિકારી એવા ચાર પાત્રો પૈકી બીજા નંબરના અવિરત સમ્યદૃષ્ટિ આત્માઓને સાધુ ધર્મને બદલે દેશવિરતિધર્મનો ઉપદેશ આપવાનું પૂર્વેની ૨૭મી ગાથામાં જે જણાવ્યું, તેનાં મુખ્યત્વે ચાર કારણો છે. જો કે તીર્થંકર ભગવન્તો તેમની પ્રથમદેશનામાં પ્રથમ સર્વત્યાગ અને પછી જ દેશત્યાગ સમજાવે છે અને ખરેખર આ જ રાજમાર્ગ છે. તેમ છતાં અહીં ગ્રંથકારશ્રી પ્રથમ દેશત્યાગ, અને પછી સર્વત્યાગ સમજાવવાનું જે કહે છે. તે બન્ને પક્ષો વક્તા-અને શ્રોતાની કક્ષાભેદે યથાર્થ જ છે. જ્યારે તીર્થંકરભગવન્તો વક્તા હોય છે. ત્યારે તેઓ અનંતી પુણ્યાઈવાળા છે. તીર્થંકરનામકર્મના ઉદયવાળા છે. તુરત જ શિષ્યોમાં દેશના પરિણામ પામે તેવી ૩૫ ગુણોથી ભરેલી વાણીવાળા હોય છે. અને શ્રોતા પણ ઈન્દ્રભૂતિ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદિની જેમ બહારથી ભારે અભિમાની દેખાતા હોવા છતાં પણ અંદરથી લઘુકર્મી હોય છે. વિશિષ્ટપ્રજ્ઞાપનીય સ્વભાવવાળા હોય છે. ઈશારા માત્રમાં સંપૂર્ણ વસ્તુને સમજનારા હોય છે. તેથી તેઓ તે રીતે ઉપદેશ આપે તે વક્તા-શ્રોતાની વિશિષ્ટતાના નયથી બરાબર છે. પરંતુ સાધારણ વક્તા-શ્રોતા જ્યાં હોય. જ્યાં આટલી તીવ્ર પુણ્યાઈ નથી માટે ત્યાં પ્રથમ દેશત્યાગ સમજાવી પછી જ સર્વત્યાગ સમજાવવો તે પણ નયભેદે યથાર્થ જ છે. તેનાં મુખ્ય ચાર કારણો છે.

(૧) અવિરત સમ્યગ્દૃષ્ટિ એ ચોથું ગુણસ્થાનક છે અને દેશવિરતિ એ પાંચમું ગુણસ્થાનક છે. ગુણસ્થાનકોના ક્રમ પ્રમાણે તે પાંચમા ગુણસ્થાનકના ભાવોની પ્રાપ્તિ કરવામાં તે ચોથું ગુણસ્થાનક નજીક પડે છે. અર્થાત્ પાંચમા ગુણસ્થાનકના ભાવો આ જીવમાં જલ્દી પ્રાપ્ત થઈ શકે છે. વિશેષાવશ્યક મહાભાષ્યયાં કહ્યું છે કે આ જીવને સમ્યક્ત્વ પ્રાપ્ત થયે છતે પલ્યોપમ પૃથક્ત્વ પ્રમાણ સ્થિતિ ઓછી થયે છતે શ્રાવકધર્મની પ્રાપ્તિ થાય છે. વળી પ્રથમ ધોરણનો અભ્યાસ કરનારને બીજા ધોરણનો અભ્યાસ નજીક હોવાથી તુરત પરિણામ પામે છે. તેના બદલે ત્રીજા-ચોથા ધોરણનો અભ્યાસ કરવા જાય તો બુદ્ધિભેદ થતાં અનર્થ થાય. માટે પાંચમું ગુણસ્થાનક ‘‘આસન્ન’’ હોવાથી તેવા જીવોને તે જ ઉપદેશ્ય છે.

(૨) આ જ કારણથી આ પાંચમું ગુણસ્થાનક (અતિશય નિકટવર્તી હોવાથી જ) તે શ્રાવકધર્મવાળા પાંચમા ગુણસ્થાનકમાં જ આ જીવોને અતિશય પક્ષપાત થાય છે. કારણ કે જે વસ્તુ ભાવથી આસન્ન હોય, તે વસ્તુ સ્વભાવાત્મક બની જવાના સંભવથી તે વસ્તુનો પક્ષપાત આવે જ છે. જેમ મૃગને પોતાનું બચ્ચું ભાવથી (સ્નેહથી-શરીરના સંબંધથી) આસન્ન છે. તેથી બળવત્તર સિંહ આક્રમણ કરે તો પણ તે મૃગને તે બચ્ચું પોતાના સ્વભાવાત્મક (આ મારૂં જ છે. આ બચ્ચું તે હું જ છું, એમ) થવાથી તેના પક્ષપાતને લીધે બલવાન્ સિંહની સામે પણ આક્રમણ કરે છે. તેની જેમ આ જીવને પાંચમા ગુણઠાણાની પ્રાપ્તિ નિકટ ન હોવાથી પક્ષપાત થાય છે. તેથી તે જ ગુણસ્થાનક ઉપદેશ્ય છે.

(૩) તથા આ જ કારણથી (આ જીવને પાંચમા ગુણઠાણાનો પક્ષપાત હોવાથી) જલ્દી જલ્દી તે આત્મામાં આ પાંચમું ગુણઠાણું ક્રિયાત્મક ભાવે પરિણામ પામતું હોવાથી તે જ ઉપદેશ્ય છે. જે જીવને જેનો પક્ષપાત હોય છે તે જીવમાં તે વસ્તુ ક્રિયાત્મકભાવે તુરત જ પરિણામ પામે છે. જેમ કે નાના બાળકને રમતક્રિયાનો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પક્ષપાત હોય છે. તેથી ગમે તેવા ઈષ્ટભોજનોને પણ છોડીને ક્રિયાત્મકભાવે રમવા દોડી જાય છે. તેની જેમ અવિરતસમ્યગ્દષ્ટિને દેશવિરતિ વધુ પ્રિય હોવાથી અણુવ્રત-ગુણવ્રત-શિક્ષાવ્રત સ્વીકારવા રૂપે, ચૈત્યવંદન, ગુરુવંદન અને તપત્યાગાદિ ક્રિયાત્મકભાવે કરવા રૂપે તુરત પરિણામ પામે છે. માટે તે જ ગુણસ્થાનક ઉપદેશ્ય છે.

(૪) તથા આ આત્માને પાંચમા ગુણઠાણાનો પક્ષપાત હોવાથી અને ક્રિયાત્મકભાવે પરિણામ પ્રાપ્ત થયેલો હોવાથી પોતાના આત્માનો પરિણામ તેમાં વાસ્તવિક અંજાવાથી, હાર્દિક શુભભાવ વધવાથી સૂત્રોમાં જેમ કહ્યું છે તેમ જ સમ્યગ્ પ્રકારે આ પાંચમું ગુણઠાણું તે પાળી શકે છે. પરિણતિગુણપૂર્વક યથાર્થ પાલન જીવનમાં આવી શકે છે. તેથી આ જ ગુણસ્થાનક ઉપદેશ્ય છે.

વળી જૈનશાસ્ત્રોમાં જ કહ્યું છે કે સાધુધર્મનો ઉપદેશ આપતાં પહેલાં તેની આદિમાં જીવને શ્રાવકધર્મના અણુવ્રતાદિ આપવાનો કાળ એ જ વિષય છે. એટલે કે સાધુધર્મનાં વ્રતો આપતાં પહેલાં શ્રાવકધર્મનાં અણુવ્રતો આપવાં જોઈએ, તેનો રસિક બને, અંશે અંશે વ્રતો પાલતો થઈ જાય ત્યારે મહાવ્રતો આપવાં જોઈએ. તપસ્વીને પારણામાં પ્રવાહી અપાય પછી ધીરે ધીરે જઠરાગ્નિ જેમ જેમ સતેજ બને તેમ તેમ કઠણ ખોરાક અપાય તેમ આદિમાં અણુવ્રતો આપવાનું જૈનશાસ્ત્રોમાં સુપ્રસિદ્ધ છે.

**अन्यथा** = જો એમ કરવામાં ન આવે અને પહેલેથી જ સાધુધર્મ સમજાવવામાં આવે તો સાધુધર્મ કઠીન લાગતાં, વીર્યોલ્લાસ મંદ પડી જતાં, ત્યાગમાર્ગ પ્રત્યે જ અરુચિ વધતાં, ઉપાશ્રયનાં પગથિમાં ચડતો જ બંધ થઈ જાય. તેથી ભાવિમાં દેશત્યાગ આવવાનો સંભવ પણ લુપ્ત થઈ જાય. માટે ઉપર કહેલા પ્રથમ દેશત્યાગ અને પછી સર્વત્યાગના માર્ગ કરતાં વિપરીત ઉપદેશ આપવાથી આ જીવ વ્રત પ્રત્યે જ નાખુશ થતાં મહાદોષ લાગે. જે યોગમાર્ગનું બીજ રોપાયું હતું તેનો પણ ઉચ્છેદ થઈ જાય. માટે આ નયની અપેક્ષાએ પ્રથમ દેશત્યાગ જ ઉપદેશ્ય છે. આ ચર્ચા નયોને સામે રાખીને કરીએ તો જરૂર યથાર્થ સમજાશે. ॥૨૮॥

**અવતરણ** :- હવે યોગધર્મના ત્રીજા અધિકારી દેશવિરતિધર આત્માને કેવો ઉપદેશ આપવો તે જણાવે છે :-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तइयस्स[2] पुण[1] विचित्तो[७], तहुत्तरसुजोगसाहगो[3] णेओ[८] ।
सामाइयाइविसओ[४], णयणिउणं[६] भावसारो[५] त्ति ॥ २९ ॥

'तृतीयस्य पुनः= उपन्यासक्रमप्रामाण्यादेव चारित्रिणः, प्रक्रमाद् देश चारित्रिणः श्रावकस्य, विचित्रः नानाप्रकारः तदपान्तरालभूमिकापेक्षया, ''तथा तेन प्रकारेण उत्तरसुयोगसाधको ज्ञेय उपदेशः । उत्तराः सुयोगाः तद्भूमिकानुक्रमागता एव प्रतिमानुरूपेण । साध्यमाह ''सामायिकादि विषयः'' -अर्थनीत्या सामायिक - च्छेदोपस्थाप्यादिगोचरः ''प्रासादविषयः तन्मूलपादशोधनादि'' न्यायेन । कथं दातव्योऽयमुपदेशः ? इत्याह - ''णयणिपुणं''इति क्रियाविशेषणम्, सद्भावानयनहेतुराक्षेपणादिरूपः प्रकार इह नयः, तन्निपुणम् ''भावसारः'' = स्वतो वासितेनान्तःकरणेन संवेगसारः, प्रायशो भावाद् भावप्रसूतेः । इति गाथार्थः ॥२९॥

**ગાથાર્થ** :- ત્રીજા દેશવિરતિધર આત્માને તેનાથી ઉપરના અધિક અધિક ઉત્તમયોગોનો સાધક, સામાયિકાદિ વ્રતોના વિષયવાળો, ભાવ છે (આત્મપરિણામ છે) પ્રધાન જેમાં એવો ધર્મોપદેશ નયોની નિપુણતાપૂર્વક વિવિધ પ્રકારે આપવો જોઈએ. ॥ ૨૯ ॥

**ટીકાનુવાદ** :- ત્રીજા નબંરના મોક્ષપથિક શ્રી દેશચારિત્રવાન્ આત્માને, ગાથા ૯મીમાં બતાવેલા ઉપન્યાસ **ક્રમની પ્રમાણતા** પ્રમાણે ચારિત્રવાન્ આત્માને, પરંતુ ગાથા ૧૬મીમાં ચારિત્રવાન્ના બતાવેલા બે ભેદો પૈકી **પ્રસંગાનુસારે** દેશ ચારિત્રવાળા શ્રાવકને તેની અપાન્તરાલ ભૂમિકાની અપેક્ષાએ ઉત્તરોત્તર સુયોગનો સાધક બને તે તે પ્રકારે નાનાવિધ ઉપદેશ આપવો જોઈએ.

દેશત્યાગના અનેક ભેદો છે. એક વ્રત ગ્રહણ કરે તે જઘન્ય દેશત્યાગી, બે-ત્રણ-ચાર-પાંચ યાવત્ બાર વ્રતો ગ્રહણ કરે તે મધ્યમદેશત્યાગી, અને ક્રમશઃ શ્રાવકની અગ્યાર પ્રતિમા ધારણ કરે તે ઉત્કૃષ્ટદેશત્યાગી કહેવાય છે. મન-વચન અને કાયાએ કરી કરણ-કરાવણના ત્યાગી, પ્રતિસેવનાનુમતિ, તથા પ્રતિશ્રવણાનુમતિના પણ ત્યાગી, ફક્ત સંવાસાનુમતિ સેવનારા તે ઉત્કૃષ્ટ દેશત્યાગી શ્રાવક કહેવાય છે. એમ દેશત્યાગીના અનેકભેદો છે. તેથી જઘન્ય દેશત્યાગીને મધ્યમદેશત્યાગનો, અને મધ્યમદેશત્યાગીને ઉત્કૃષ્ટદેશત્યાગનો, તેનો ઉત્તરોત્તર વિકાસ કેમ થાય તેવો ઉપદેશ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપવો જોઈએ.

આ રીતે દેશત્યાગના અનેક પ્રકારો છે. માટે તે તે જીવોની જેવી જેવી વચ્ચેની ભુમિકા (પાત્રતા) હોય છે. તે તે અપેક્ષાએ તેવા તેવા પ્રકારે ઉપદેશ આપવો જોઈએ કે જેથી ધીરે ધીરે કાળાન્તરે તે દેશત્યાગની અપેક્ષાએ ઉત્તર ઉત્તર(પછી-પછીનો) સુયોગ સાધક બને, જઘન્યદેશત્યાગમાંથી મધ્યમ દેશત્યાગમાં આવે, મધ્યમદેશત્યાગમાંથી ઉત્તર ઉત્તર દેશત્યાગ વધતાં તેની ભૂમિકા પ્રમાણે અનુક્રમે ૧૧ પ્રતિમાને ધારણ કરવા રૂપ સુયોગો પણ આવેલા બને, સુયોગો સિદ્ધ થાય તેવો ઉપદેશ આપવો. એટલું જ નહિ પરંતુ ઉત્તરોત્તર વિકાસ સાધતાં જે સાધ્ય અન્તે સાધવું છે તે જણાવે છે કે સામાયિક (સર્વવિરતિસામાયિક), છેદોપસ્થાપનીય આદિ ચારિત્રરૂપ પરમસાધ્ય પ્રાપ્ત થાય, તેવો તેના વિષયવાળો અર્થનીતિને અનુસારે ઉપદેશ આપવો. દેશત્યાગ અને સર્વત્યાગનો મહિમા - પ્રભાવ, તેમાં રહેલી આત્મહિતની શક્તિ, તેના ઉપરનાં સુયોગ્ય દૃષ્ટાન્તો ઈત્યાદિ અર્થો સમજાવવાની નીતિ પૂર્વક એવો ધર્મોપદેશ આપવો કે જીવ સ્વસાધ્ય પ્રાપ્ત કરે.

- આ વિષય ઉપર એક દૃષ્ટાન્ત જણાવે છે કે - જે જગ્યાએ જેટલા માળનું બીલ્ડીંગ બનાવવું હોય તે જગ્યાએ તે બીલ્ડીંગને અનુરૂપ પાદશોધનાદિ (પાયો ખોદવો, પાયો લોખંડ-સીમેન્ટથી મજબૂત કરવો, પ્રારંભની દીવાલ પહોળી ચણવી, વચ્ચેના સ્લેબો મજબૂત અને જાડા ભરવા, પીલ્લરો ઉપર દીવાલોનું વજન ઝીલી લેવું ઈત્યાદિ) કરવામાં આવે છે. તે ન્યાય પ્રમાણે આ દેશવિરતિધરનો પાયો ઉપદેશ દ્વારા એવો મજબૂત કરવો કે તે મહાચારિત્ર રૂપી મહાપ્રાસાદ સ્વરૂપ બને.

દેશવિરતિધર આત્માઓને આ ઉપદેશ કેવી રીતે આપવો ? તેના ઉત્તરમાં આચાર્યશ્રી જણાવે છે કે **"નયોની નિપુણતા પૂર્વક"** આ પદ ક્રિયાપદનું વિશેષણ સમજવું. ધર્મોપદેશ સાંભળવાને યોગ્ય એવા શ્રાવકોના હૈયામાં ધર્માચરણ પ્રત્યે ઉત્તમોત્તમ ''સદ્ભાવ'' લાવવામાં કારણ બને એવો, તથા શ્રાવકોનું હૃદય દિન-પ્રતિદિન ધર્મશ્રવણ અને ધર્માચરણ પ્રત્યે આકર્ષાય એવો ઉપદેશ આપવો તેને અહીં **નય** (દૃષ્ટિ) કહેવાય છે. જે આત્માનું જે પ્રકારે હિત થાય તે પ્રકારે તે આત્માને ધર્મ સમજાવવો તે **નય** કહેવાય છે. આવા નયોમાં નિપુણતા રાખીને ગુરુએ ઉપદેશ આપવો. બોલવા - બોલવામાં કંઈ પણ થાપ ન ખાઈ જઈએ, શ્રોતાનું અહિત ન થઈ જાય, ધર્મ પ્રત્યે, ધર્મી પ્રત્યે, દેવ-ગુરુ પ્રત્યે દ્વેષ ન જાગે તેવો પરમ પવિત્ર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મોપદેશ યોગ્યાત્માને ગુરુજીએ આપવો.

વળી **ભાવસાર** પૂર્વક ધર્મોપદેશ આપવો એટલે ઉપદેશ આપનાર સદ્‌ગુરુએ પોતાનું હૈયું સંવેગ, નિર્વેદ અને સમતાદિ ભાવોથી ભરપૂર બનાવવું, જિનેશ્વરની વાણી પ્રત્યે અનન્યભાવ, જગતના તમામ પદાર્થોથી સ્વયં સર્વથા નિઃસ્પૃહ, દેહ છતાં દેહાતીત ભાવવાળા, નિશ્ચયથી અત્યન્ત મોક્ષાભિલાષી, સંસાર અને સંસારી જીવોની ખટપટ, કાવાકાવા, મેલી રમતો, તેમની સાથેનો જ વાર્તાલાપ, સતત તેઓનો જ પરિચય, સતત લોકોના જ આવન-જાવન ભાવ, ઈત્યાદિ દુર્ગુણોથી તદ્દન મુક્ત એવા મહાત્મા બનીને ઉપદેશ આપવો. આવા પ્રકારના સ્વતઃ પોતાનું વૈરાગ્યાદિ ગુણોથી વાસિત છે અંતઃકરણ જેનું એવા મુનિ વડે અપાતો ઉપદેશ જ સંવેગસાર હોઈ શકે, કારણ કે પ્રાયઃ ઘણું કરીને વક્તાના ભાવમાંથી જ શ્રોતાના ભાવની પ્રસૂતિ થાય છે. વક્તાના ગુણો શ્રોતાને અસર કરે છે. ડૉકટરની મધુરી વાણી દર્દીના અર્ધદર્દને દૂર કરે છે. અને તે ડૉકટરની પ્રક્રિયાની તો વાત જ શું કરવી ? તેમ નયનિપુણ અને ભાવસાર એવા ગુરુજીની મધુરીવાણી શિષ્યને અર્ધસુયોગ્ય તો એમને એમ જ બનાવે છે અને પછી ગુરુજી વડે કરાતી પ્રક્રિયા તો શિષ્યને ક્યાંયને ક્યાંય ઊંચા સ્થાને લઈ જાય છે.

દીક્ષા આપ્યા પહેલાં ગુરુજી શિષ્યની જેટલી કાળજી કરે છે તેના કરતાં અનેકગણી તેના આત્માના હિતની ભાળ-સંભાળ દીક્ષા આપ્યા પછી સતત રાખે છે. દીક્ષા આપવાની જરા પણ ઉતાવળ કરતા નથી. કારણ કે એક અયોગ્ય જીવ અંદર આવે તો તેનું તો ન સાધે, પરંતુ શાન્તચિત્તે, એકમને, વૈરાગ્યભીના હૃદયે સાધના સાધતા ઉત્તમ એવા ઈતર આત્માઓને પણ કલેશનું કારણ બને. ગુરુ-શિષ્યો વચ્ચે ઝઘડા કરાવે. સમુદાય છિન્ન-ભિન્ન કરે ઇત્યાદિ અનેક નુકશાનો થાય. માટે આત્માર્થી મહાત્માઓ આવી લાલચમાં કદાપિ ફસાતા નથી. સ્વ-પરનું હિત થાય તેવો જ રસ્તો આચરે છે. ॥ ૨૯ ॥

**અવતરણ :- एतदुपदर्शनायऽऽह :-** આ જ વાત વધુ સ્પષ્ટ જણાવતાં કહે છે.

**सद्धम्माणुवरोहा,[१] वित्ती[२], दाणं[५] च तेण[३] सुविशुद्धं[४] ।**
**[५]जिणपुयभोयणविही[६], संझानियमो[७] य जोगंतो[८] ॥ ३० ॥**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"सद्धर्मानुपरोधाद् भूमिकौचित्येन, तद्यथा-अणुव्रतधरस्य तावत् कर्मादानत्यागेन "वृत्तिः" वर्तनमित्यर्थः। दानं च "तेन सुविशुद्धं" सद्धर्मेणैव शक्तितः श्रद्धा-सत्कार-कालमतिविशेषाकामादि-विषयैणवृत्यनत्यनन्तरं नित्यमेतद् गृहिण इति ज्ञापनार्थमेतत् । तथा "जिनपूजा-भोजनविधिः" जिनपूजाविधिः भोजनविधिश्च, तद्यथा-" द्रव्यभावशुचित्वम्, कालाभिग्रहः, सन्माल्यादीनि, व्यूहे प्रयत्नः, कण्ड्वाद्यतिसहनम्, तदेकाग्रता, सत्स्तवपाठः, विधिवन्दनम्, कुशलप्रणिधानमिति । तथा उचितदानक्रियाभावे नियोगः, कीटिकाद्यज्ञातम्, परिग्रहेक्षा, औचित्येन वर्तनम्, स्थानोपवेशः, नियमे स्मृतिः, अधिकक्रिया, व्रणलेपवद् भोगाः" इति । तथा "सन्ध्यानियमश्च" चैत्यगृहगमनादिः, "योगान्तः" चित्रभावनावसानः । इति गाथार्थः ॥३०॥

**ગાથાર્થ** :- (૧) સદ્ધર્મને બાધા ન આવે તેવી આજીવિકા મેળવવી, (૨) તે આજીવિકા વડે પ્રાપ્ત થયેલા ધન દ્વારા સુવિશુદ્ધ એવું દાન આપવું, (૩) જિનેશ્વર પ્રભુની પૂજા કરવી, (૪) વિધિપૂર્વક ભોજન કરવું, (૫) સન્ધ્યાનિયમ પાળવો, (૬) અંતે (સૂતી વખતે) યોગધર્મનું સ્મરણ કરવું. ॥ ૩૦ ॥

**ટીકાનુવાદ** :- દેશવિરતિધર આત્માઓને ગુરુજી આ પ્રમાણે તેને યોગ્ય ધર્મોપદેશ આપે -

**(૧) સદ્ધર્માબાધિકા આજીવિકા** - દેશવિરતિધર શ્રાવક પોતાનો ઘરસંસાર ચલાવવા માટે કોઈ ને કોઈ પ્રકારની આજીવિકા (વ્યવસાય-ધંધો - અથવા નોકરી) પ્રાપ્ત કરે જ. અને આજીવિકા મેળવવી જ જોઈએ, બીજાના ધનથી ઘરસંસાર ચલાવાય જ નહીં. જો તેમ કરે તો ધર્મ અને ધર્મીની હિલના થાય. પરંતુ પોતે આચરેલી આજીવિકા પોતાના જીવનમાં આવેલા અને દિનપ્રતિદિન આવતા સદ્ધર્મને બાધા ન આવે તેવી આજીવિકા હોવી જોઈએ. (અહીં પોતાનામાં આવેલા પાંચમા ગુણઠાણાના અણુવ્રતાદિ આચારોનું સેવન અને સર્વવિરતિધર થવાના પરિણામો તે સદ્ધર્મ સમજવો.) તથા પોતાની ભૂમિકાને ઉચિત વ્યવસાય કરે. એટલે કે લોકાચારથી વિરૂદ્ધ ગણાતાં કતલખાનાં આદિ મહાપાપો તથા ધર્મની અવહેલના થાય તેવાં જુગારાદિનાં મહાપાપોવાળા વ્યવસાયો તો આ જીવ ન જ કરે. પરંતુ અણુવ્રતધારી આ જીવની આજીવિકા અંગારાકર્મ વનકર્માદિ પંદર કર્માદાનોના ત્યાગપૂર્વક શેષ વ્યવસાયોથી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ ધનોપાર્જન કરે. પોતાના શ્રાવકપણાના ગુણઠાણાને (ભૂમિકાને) અનુચિત પ્રવૃત્તિ ત્યજવા પૂર્વક જ ઉચિત આચરણાથી ધનોપાર્જનની પ્રવૃત્તિ કરે.

(૨) **સુવિશુદ્ધ દાન** - સદ્ધર્મને અલ્પ પણ બાધા ન આવે તેવી રીતે આજીવિકાનો વ્યવસાય કરતાં કરતાં પ્રાપ્ત કરેલા તે ધન વડે પોતાની આર્થિક શક્તિને અનુસારે નીચે જણાવાતી વિશેષતાઓપૂર્વક નિત્ય સુવિશુદ્ધ એવું કંઈ પણ દાન અવશ્ય આપે. દાન આપવામાં આટલી વિશેષતાઓ સાચવવી.

(૧) **शक्तितः** = પોતાની આર્થિક સ્થિતિને અનુસારે દાન આપવું. જો શક્તિનું ઉલ્લંઘન કરીને દાનનો અતિરેક કરાય તો દેવાદાર બની જવાય, પરિવારને ધર્મ તરફ અરૂચિ થાય, કુટુંબ આર્થિક વિપત્તિમાં મુકાય, મુડી ઓછી થતાં અથવા નાશ પામતાં ધંધાઓ ખલાસ થઈ જાય, સામાજિક સંબંધો વિનાશ પામે, પરિવારમાં તથા સગાઓમાં આર્ત રૌદ્રધ્યાન વ્યાપી જાય, જેના કારણે અમૂલ્ય માનવભવ હારી જવાય માટે શક્તિનું ઉલ્લંઘન કરીને દાન ન આપવું. હવે જો શક્તિ ગોપવવામાં આવે તો દાનધર્મ ઉપર પ્રીતિ ઘટે, વીર્યાન્તરાય અને મોહનીય કર્મ બંધાય, સમાજમાં અવસરોચિત લાભ ન લેવાથી અપકીર્તિ થાય, અનેક માણસોની અપ્રીતિ વધે, પરિણામ કરૂણાળુને બદલે કઠોર બને, મુર્ચ્છા - મમતા પરિગ્રહની વૃદ્ધિ થાય. માટે શક્તિ છુપાવવી નહીં.

(૨) **श्रद्धातः** - દાન આપવાથી નિઃસ્પૃહતા, પૂર્વબદ્ધકર્મોનો ક્ષય, ઉદારતાદિ ગુણવૃદ્ધિ, પરમકલ્યાણ, ઈત્યાદિ અંતરંગ આત્મગુણોની પ્રાપ્તિ થાય છે. એવી પરમ શ્રદ્ધાપૂર્વક દાન આપવું. તથા પરનો ઉપકાર, લોકમાં પ્રતિષ્ઠા, માન, વિશિષ્ઠ માણસોના સંબંધો, ઈત્યાદિ બાહ્યલાભ પણ થાય છે. એમ શ્રદ્ધાપૂર્વક દાન આપવું.

(૩) **सत्कारतः** - દાન લેનાર વ્યક્તિ પ્રત્યે હૈયાનો સત્કાર રાખી, તેનું સન્માન કરી, તેના પ્રત્યે આદરભાવ રાખી દાન આપવું, હૈયાના ઉલ્લાસથી આપવું પરંતુ લેનાર પ્રત્યે તિરસ્કાર - અપમાન કે તોછડાઈભર્યા વર્તનથી દાન ન આપવું.

(૪) **कालतः** - યોગ્ય અવસરે દાન આપવું. જેમ ચોમાસામાં વરસેલો વરસાદ અનેકગણા ધાન્યની વૃદ્ધિનો હેતુ બને છે. અનવસરે વરસેલો વરસાદ ઉગેલા ધાન્યનો પણ વિનાશ કરે છે. તેમ લેનારને જ્યારે જરૂરિયાત હોય ત્યારે દાન આપવું, તથા આપનારનો વીર્યોલ્લાસ વધ્યો હોય ત્યારે દાન આપવું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૫) **मतिविशेषतः** –બુદ્ધિપૂર્વક દાન આપવું, ક્યા જીવોની કેટલી પાત્રતા? ક્યા જીવને શું વધુ ઉપકારક ? તે વસ્તુનું તેને દાન આપવું, વળી ક્યો જીવ કેટલો ઉત્તમ ? કેવી રીતે દાન કર્યું હોય તો લેનારને વધુ લાભદાયી થાય ઈત્યાદિ ચિંતન-મનન કરવાવાળી બુદ્ધિપૂર્વક દાન આપવું.

(૬) **अकामादिविषयेण** – કામ એટલે ઈચ્છા, અકામ એટલે અનિચ્છા, બદલામાં કોઈ વસ્તુ લેવાની ઈચ્છા રાખવી નહીં, જો બદલાની વૃત્તિ રાખીએ તો વાટકી વ્યવહારની જેમ જેને આપ્યું હોય તેના પ્રત્યે રાગ-દ્વેષ જન્મે. જો બદલો વાળી આપે તો રાગ થાય, જો બદલો ન વાળી આપે તો દ્વેષ થાય. માટે બદલાની ઈચ્છા વિના જ દાન આપવું.

(૭) તથા **वृत्त्यनत्यनन्तरं = वृत्ति** = આજીવિકાને अन् + अति +अनन्तरं =અતિશય ઉલ્લંઘન કર્યા વિના પછી દાન આપવું. પોતાની આજીવિકા અતિશય તુટી ન જાય (જરા પણ હાનિ ન પહોંચે) તે રીતે વિચારીને દાન આપવું.

અહીં મૂળ પાઠમાં ''विषयैणवृत्त्यनत्यनन्तरं'' શબ્દ છે. પરંતુ યોગભારતીમાં જ આ વાક્યને અન્તે પ્રશ્નાર્થક ચિહ્ન હોવાથી તથા કેટલાક ગીતાર્થ મહંતપુરુષોની સાથે આ પંક્તિનો અર્થ ખોલવા પ્રયત્ન કરતાં ઉપર મુજબ અર્થસંગત લાગે છે અને विषयैण પદ અશુદ્ધ હોય તેમ લાગે છે તેને બદલે ''विषयेण'' લઈએ તો જ અર્થસંગત થાય છે. છતાં અમારો અર્થ પૂર્ણ છે તેમ ન સમજતાં ગીતાર્થ ગુરુજી પાસે વધારે અર્થ સમજવા પ્રયત્ન કરવો.

– **(૩) જિનપૂજાવિધિ** – અનંત ઉપકારી પરમાત્મા વીતરાગ દેવની દેશવિરતિધર શ્રાવકે અવશ્ય પૂજા કરવી. તે વખતે નીચે મુજબ વિધિ અવશ્ય સાચવવી :-

૧. સ્નાનાદિથી બાહ્યશરીર શુદ્ધિ કરવી તે દ્રવ્યશૌચ.

૨. રાગ-દ્વેષ વિષય – કષાય અને વાસનાના ત્યાગપૂર્વક અંતરંગ શુદ્ધ પરિણામ રાખવો તે ભાવશૌચ.

૩. આજીવિકાને બાધા ન આવે એટલો સમય અને એવા સમયે પૂજા કરવાનો આગ્રહ રાખવો.

૪. ઉત્તમ – સુગંધી સુંદર માળાદિ પ્રભુને ચડાવે, તથા ઉત્તમ પ્રકારનાં નૈવેદ્ય અને ફળોના થાળો પ્રભુ પાસે ધરે. (અહીં કેટલોક વર્ગ એવો પ્રશ્ન કરે છે કે ભગવાન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વીતરાગ છે. તેમને ફુલની માળા, નૈવેદ્ય અને ફળ મુકવાની શી જરૂર છે ? તેનો ઉત્તર આ પ્રમાણે સમજવો કે આ ફુલની માલા આદિ પ્રભુ માટે નથી પરંતુ પોતાના આત્માના કલ્યાણ માટે છે. ગૃહસ્થો સર્વહિંસાના ત્યાગી નથી. આત્માના શુભપરિણામોની વૃદ્ધિ માટે જ જળ - ચંદન - પુષ્પાદિ પૂજા છે. આહારની મૂર્છા ઉતારવા અને અણાહારી પદની પ્રાર્થના માટે નૈવેદ્યનું ઢોકણ છે. સંસારિક ફળોના ત્યાગપૂર્વક મોક્ષફળની યાચના માટે ફળપ્રદાન છે. માટે સાપેક્ષભાવે યથાર્થ જ છે. તેમ જ વિનાવિવેકે ફુલોના ઢગલા જ થાય તે પણ ઉચિત નથી. ઘણી જ હિંસા અને આશાતના થાય તે પણ ઉચિત નથી. માટે જૈનેતર લોકોની પૂજાનું કેવળ અનુકરણ ન થઈ જાય તેવો વિવેક અવશ્ય રાખવો.

૫. **व्यूह** = અંગરચના, જિનેશ્વર પ્રભુના શરીરાદિની (પ્રતિમાજીની) અંગરચના (આંગી) કરવામાં પોતાની કુશળતાનો પૂર્ણ ઉપયોગ કરવો, દેદીપ્યમાન રાજ્યાવસ્થાસૂચક અંગરચના કરવી. (અહીં પણ કોઈ લોકો શંકા કરે છે કે વીતરાગ પ્રભુને શરીરની શોભા શું ? તેનો ઉત્તર આ પ્રમાણે જાણવો કે પ્રભુ રાજ્યાવસ્થામાં આવા દેદીપ્યમાન હતા છતાં આ વૈભવને અસાર જાણી ત્યજી ત્યાગી બન્યા. મારો એવો અવસર ક્યારે આવે એવા ઉપનયથી અંગરચના છે).

૬. **कण्डवाद्यतिसहनम्** = જિનેશ્વર પ્રભુની પૂજા કરતાં કંડુ (ખણજ) આવે, મચ્છર - માંકડના ઉપદ્રવો આવે, કીડી આદિ ચટકા ભરે તો પણ સમભાવે સહન કરવું.

૭. **तदेकाग्रता** – તે ભક્તિભાવમાં લયલીન બની પ્રભુ સાથે એકાગ્ર બનવું.

૮. **सत्स्तवपाठः** – જિનેશ્વરદેવની સાથે તન્મયતા અપાવે એવાં ભાવવાહી, વૈરાગ્યવર્ધક, પ્રભુના ઉપકારોની સ્મૃતિ કરાવતાં સુંદર સ્તવનો ગાવાં.

૯. **विधिवन्दनम्** – ચૈત્યવંદનાદિ સમસ્ત ધર્મક્રિયા શાસ્ત્રાનુસારે નિસીહી આદિ બોલવા પૂર્વક જયણાપૂર્વક વિધિ સહિત કરવી.

૧૦. **कुशलप्रणिधानम्** – જયવીયરાયાદિ સૂત્રો બોલવા પૂર્વક ભાવવિહ્વલ બની મારા આત્માને ભવનિર્વેદ - માર્ગાનુસારિતા - ઈષ્ટફળ સિદ્ધિ આદિ પ્રાપ્ત થાઓ એવી પ્રભુને વિનંતિ કરવા સ્વરૂપ મન-વચન-કાયાની (એમ ત્રણે પ્રણિધાનોની) તન્મયતા = કુશળતા = એકલીનતા પ્રાપ્ત કરવા પૂર્વક ચૈત્યવંદનાદિ કરવાં. જિનેશ્વર પ્રભુની પૂજામાં ઉપરનો સઘળો વિવેક અવશ્ય સાચવવો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

→ (૪) **ભોજનવિધિ** :- તથા પોતાની આજીવિકા સચવાય તે રીતે યોગ્ય સમયે શ્રાવકે ભોજન કરવું. તે પ્રસંગે પણ નીચે મુજબ વિધિ સાચવવી.

૧. **उचितदानक्रियाभावे नियोगः** – ભોજન કરવાનો ઉચિત સમય થાય ત્યારે ભોજન કરવું. પરંતુ તે ભોજન કરવા બેસતાં પહેલાં ''મારે ત્યાં કોઈ સાધુ-સંતોનો લાભ મળ્યો કે નહિ ? મારે ત્યાં અતિથિવિશેષ આવ્યા કે નહિ ?, મારું અન્ન કોઈ યોગ્યના પાત્રમાં પડ્યું કે નહિ ? ઈત્યાદિ ચિંતવવા પૂર્વક ઉચિત એવી દાનાદિ ક્રિયા કરાયે છતે નિયોગ (ભોજન) કરવું. કોઈ સંત અતિથિ કે ભિક્ષુકનો યોગ ન થયો હોય તો અન્તે કૂતરા - ગાય આદિ પશુને પણ દાન આપીને પછી જ ભોજન કરવું.

૨. **कीटिकाज्ञातम्** – જેમ એક કીડી એક કણ લાવે તો પણ અનેક કીડીઓ સાથે મળી તે કણને દરમાં લઈ જઈ બધા સાથે મળીને ખાય, તેના દૃષ્ટાન્તે પોતે અને પોતાના આશ્રિતો સાથે મળીને ભોજન કરે પરંતુ એકલપેટા ન બને, સ્વાર્થી ન બને, સમુહમાં સાથે ભોજન કરે.

૩. **પરિગ્રહેક્ષા** = ઘરમાં ધન-ધાન્યાદિનો તથા રાંધેલી રસોઈનો પરિગ્રહ (સંગ્રહ) કેવો છે ? કેટલો છે ? તેની ઈક્ષા = તપાસ કરીને પછી ભોજન કરે, જો સંગ્રહ વધારે દેખાય તો નબળા પાડોશી અને સ્વજનોને સહાયક થાય, સાધર્મિક ભક્તિનો લાભ લે, સાધુસંતોની સેવા કરે, આ રીતે ઉપકારક બને.

૪. **औचित्येन वर्तनम्** = ઉચિતપણે વર્તે, માતા-પિતાને ભક્તિથી, પત્નીને રાગથી, પુત્ર-પુત્રીને વાત્સલ્યભાવથી, પાડોશીને સ્નેહથી અને ભિક્ષુકવર્ગને અનુકંપાથી એમ જેની સાથે જે ઉચિતભાવ છે. તેની સાથે તે ઉચિતભાવે ભોજન આપીને પછી ભોજન કરે, અથવા સાથે ભોજન કરે.

૫. **स्थानोपवेशः** – ઉપરોક્ત ચર્યા આચર્યા પછી બેસવા માટેના યોગ્ય સ્થાને ઉપવેશ (બેઠક) કરે. સ્થિર આસને બેસીને જમે, પરંતુ ઊભાં ઊભાં કે હાલતાં ચાલતાં ન જમે, લારીઓ ઉપર કે બજારમાં ઊભા ઊભા ભોજન ન કરે તથા પોતાની નીચે આસન અને થાળી નીચે પાટલો રાખીને જમે જેથી હરતી ફરતી કીડી - મકોડાદિ જીવાત ગરમ-ગરમ રસોઈથી દાઝી ન જાય ઈત્યાદિ

૬. **नियमे स्मृतिः** – ભોજન વેળાએ પૂર્વે લીધેલા નિયમોનું સ્મરણ કરે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિગઈનો ત્યાગ, અભક્ષ્યનો ત્યાગ, સચિત્તનો ત્યાગ, અધિક દ્રવ્યોનો ત્યાગ, ઈત્યાદિ ગૃહીત નાના-મોટા નિયમોને ભોજનવેળાએ સંભાળે, જેથી નિયમોના ભંગ ન થાય.

૭. **अधिकक्रियाः** – ગ્રહણ કરેલું ભોજન બરાબર પચી જાય, શક્તિવર્ધક બને, રૂધિરાદિ ધાતુરૂપે પરિણામ પામે, માટે ચાવવા વિગેરેની ક્રિયા અધિક અધિક કરે પરંતુ ઝટપટ ખાવાનું, અધિક ખાવાનું, લાલસાથી ખાવાનું કે ચાવ્યા વિના ખાવાનું કે મોટે કોળીયે પશુની જેમ ખાવાનું કામકાજ ન કરે. ચાવીને ભોજન કરે.

૮. **व्रणलेपवद्भोगाः** – શરીરમાં પડેલા ઘાને રૂઝવવા કરાતો લેપ કોઈને ગમતો નથી, પરંતુ કરવો પડે છે. તેની જેમ સંસારિક ભોગો વ્રણલેપ જેવા છે એમ સમજીને ઉચિત, અલ્પ, અને પરિમિત જ ભોજન કરે. આવા ગુણોવાળું ભોજન કરે. ભોજનના સમયે ઉપરોક્ત વિધિ યથાર્થપણે સાચવે.

(૫) **सन्ध्यानियमः** : પ્રભાતે અને સાંજે એમ બન્ને અવસરે પ્રતિક્રમણ, પચ્ચક્ખાણ, જિનાલયે દર્શન, વંદન, પૂજન, વિગેરે જે કંઈ નિયમો લીધા હોય તે નિયમોને બરાબર પાળે, સાચવે, નિયમો પ્રમાણે વર્તે.

(૬) **योगान्तः** અન્તે રાત્રે સૂતી વખતે આખા દિવસની દિનચર્યા યાદ કરીને થયેલા દોષોની ક્ષમા માગીને સંસારની અનિત્યતા, અસારતા વિચારવા સ્વરૂપ ચિત્ર-વિચિત્ર ભાવનાઓ ભાવવા રૂપ યોગધર્મનું અવસાને (અન્તે સૂતી વખતે) સેવન કરે.

નયોમાં નિપુણ અને સંવેગ - નિર્વેદથી વાસિત અન્તઃકરણ વાળા ધર્મગુરુઓએ દેશવિરતિધર નામના યોગના ત્રીજા નંબરના અધિકારીને ઉપર મુજબ ધર્મોપદેશ આપવો જોઈએ. ॥ ૩૦ ॥

**અવતરણ :- न गृहिणो योगसम्भवः इत्याशङ्कापोहायाह**– ગૃહસ્થો આરંભ-સમારંભવાળા હોવાથી તેઓને યોગધર્મનો સંભવ જ નથી. એવી કોઈને શંકા થાય તે દૂર કરવા માટે આચાર્યશ્રી જણાવે છે કે :-

**चिइवंदण[१] जइविस्सामणा[२] य, सवणं[४] च धम्मविसयं[३] ति ।**
**गिहिणो[७] इमो[५] वि[६] जोगो[८], किं[१२] पुण[१०] जो भावणामग्गो[११] ॥ ३१ ॥**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

''चैत्यवन्दनं''= भुवनगुरुरयं, वन्दनीयः सताम्, एतदेव सत्तत्वम्, सैषा गुणज्ञता, महाकल्याणमेतत्, दुःखाचलवज्रम्, सुखकल्पपादपः, जीवलोकसारः, दुर्लभानां शेखरः एतच्चैत्यवन्दम् ''इति समुल्लसदसमसम्मदामोदम् । तथा 'यतिविश्रामणा च''चारित्रिण एते, एतदुद्यता इति, नातः परं कृत्यम्, प्रकर्षोऽयं गुणानाम्, रक्ष्य एषः काय आत्मनो नियोगेन, तदुत्सर्पणोऽयं, बीजमेतद् भावस्य, महावीर्यमेतत्, उचिता विश्रामणा ''इति महाविवेकसारसंवेगसारता । तथा'' श्रवणं धर्मविषयमिति ''उत्तमः श्रुतधर्मः, मोहतमोरविः, पापवध्यपटहः, प्रकर्षः श्रव्याणाम्, सेतुः सुरलोकस्य, भावामृतमयम्, देशकः शिवगतेः, जिनभावबीजम्, अभिव्यक्तो जिनेन, नातः परं कल्याणम्, इति । विशिष्टशुश्रूषया गृहिणः = श्रावकस्य''एषोऽपि''अनन्तरोदित व्यापारः''योगः'' अन्वर्थयोगाद् मोक्षेण योजनात् ।

**ગાથાર્થ** :- ચૈત્યવંદન, મુનિસેવા, તથા ધર્મવિષયક શ્રવણ, આ બધી પ્રવૃત્તિઓ ગૃહસ્થને માટે યોગ રૂપ છે. તો પછી ભાવનામય જે માર્ગ છે તે તો યોગધર્મ કહેવાય જ તેમાં શું આશ્ચર્ય છે ? ॥ ૩૧ ॥

**ટીકાનુવાદ** :- ગૃહસ્થો સંસારના ભોગી - વિલાસી અને આરંભ-સમારંભ વાળા હોવાથી યોગી કેમ કહેવાય ? આ પ્રશ્નનો ઉત્તર જો કે પ્રથમ કહેવાઈ ગયો છે. કારણ કે અપુનર્બન્ધકાદિ ચાર પ્રકારના જીવો કોઈ ને કોઈ પ્રકારે ધર્મપરિણતિ અને ધર્મપ્રવૃત્તિ દ્વારા પોતાના આત્માને મોક્ષની સાથે જોડે છે. તેથી યોગી કહેવાય જ છે. અપુનર્બન્ધકથી નીચેની કક્ષાવાળા ભવાભિનંદી જીવો સવિશેષ ભોગી છે, પરંતુ યોગી નથી. (જુઓ યોગવિંશિકા ગાથા-૩) દેશવિરતિધર શ્રાવકો ભોગી હોવા છતાં પણ મોક્ષાભિલાષપૂર્વક ધર્મપ્રવૃત્તિ અને ધર્મપરિણતિવાળા હોવાથી યોગી જ છે. આવા પ્રકારના ધર્મોપદેશને યોગ્ય એવા શ્રાવકોને અને તે કારણથી જ યોગમાર્ગના અધિકારી બનેલા એવા શ્રાવકોને ધર્મગુરુઓએ નીચે મુજબ ધર્મોપદેશ આપવો જોઈએ.

**(૧) ચૈત્યવંદન** :- અનંત ઉપકારી પરમાત્મા વીતરાગ દેવને (અને તેઓની મૂર્તિને) સવાર-સાંજ અવશ્ય વંદન કરવું જોઈએ. કારણ કે તે વીતરાગ પરમાત્મા કેવા છે ?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. સ્વર્ગ-મૃત્યુ અને પાતાલ એમ ત્રણે ભુવનના આ પ્રભુ જ ગુરુ છે[1].

૨. સત્પુરુષોને પણ આ પ્રભુ જ વંદનીય છે.

૩. તેઓની સામે કરાતું આ ચૈત્યવંદન જ યથાર્થ સત્ય તત્ત્વ છે.

૪. તેઓને કરાતું આ ચૈત્યવંદન, એ જ સાચી ગુણજ્ઞતા છે.

૫. આ ચૈત્યવંદન એ જ મહાકલ્યાણને કરનારૂં છે.

૬. આ ચૈત્યવંદન એ જ સંસારિક અનેક ભયંકર દુઃખો રૂપી પર્વતોને ભેદવામાં વજ્રતુલ્ય છે.

૭. આ ચૈત્યવંદન એ જ સર્વસુખોની પ્રાપ્તિમાં કલ્પવૃક્ષ તુલ્ય છે.

૮. આ ચૈત્યવંદન (નું શરણ) એ જ જીવલોકમાં સારતત્ત્વ છે.

૯. આ ચૈત્યવંદન (પુનઃ પ્રાપ્ત થવું) દુર્લભમાં દુર્લભ છે દુર્લભતર છે અર્થાત્ દુર્લભ પદાર્થોમાં શિખરતુલ્ય છે.

આવા ઉત્તમ ભાવોથી ઉછળતા, અપરિમિત, અનંત હર્ષાવેશથી અતિશય સુવાસિતપણે આ ચૈત્યવંદન શ્રાવકોએ કરવું જોઈએ. આવો ઉપદેશ આપવો જોઈએ. (અહીં समुल्लसद् =ઉછળતા, असम=અજોડ, અનુપમ, અપરિમિત, सम्मद=હર્ષાવેશથી आमोदम् = સુવાસિતપણે એવો શબ્દાર્થ જાણવો).

**(૨) યતિશ્રાવણા** :- પરમાત્મા શ્રી વીતરાગદેવના શાસનના વિશિષ્ટારાધક એવા સર્વવિરતિધર મહામુનિઓની સેવા-ભક્તિ શ્રાવકોએ અવશ્ય કરવી જોઈએ, એવો ઉપદેશ ધર્મગુરુઓએ આપવો. કારણ કે તે મહામુનિઓ કેવા છે ?

૧. આ સર્વે મહામુનિઓ ચારિત્રસંપન્ન છે.

૨. આ મહામુનિઓ ચારિત્ર પાળવામાં સારી રીતે સતત ઉદ્યમી છે.

૩. તેઓની સેવા-ભક્તિ કરતાં આ સંસારમાં બીજું કોઈ પરમકૃત્ય નથી.

૪. આ મુનિ જ ગુણોના ભંડાર છે. અર્થાત્ ગુણોના પ્રકર્ષવાળા છે.

૫. મહામુનિઓની આ કાયા પોતાના સર્વ પ્રયત્નો વડે રક્ષવી જોઈએ.

૬. આ મુનિ જ તે ઊંચા ગુણો તરફ ઉત્સર્પણ-ગમન કરનાર-કરાવનાર

(૧) અહિ આ નવે વિશેષણો ભગવાનનાં છે. છતાં भुवनगुरुरयं માં પુલિંગ, सैषा गुणज्ञता માં સ્ત્રીલિંગ, અને महाकल्याणमेतद् માં નપુંસકલિંગ એમ જે લિંગભેદ છે. તે સામાન્યથી જાણવો - સંસ્કૃતભાષામાં કવચિત્ વિશેષણ-વિશેષ્યને અસમાનલિંગ - અસમાન વચન પણ આવે છે. જેમ કે क्षमा वीरस्य भूषणम् । वेदाः प्रमाणम् । માટે આ બાબતમાં ભાષાકીય કોઈ વિરોધ ન સમજવો. તે જ પ્રમાણે આગળ આવતાં ''યતિશ્રાવણાનાં'' અને ધર્મવિષયક શ્રવણનાં પણ વિશેષણોમાં લિંગભેદ નિર્દોષ છે. એમ સ્વબુદ્ધિથી યથાયોગ્ય જાણવું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે.

૭. આ (મુનિ, અથવા મુનિમાં રહેલું) ચારિત્ર જ સર્વે શુભભાવોનું બીજ છે. અવન્ધ્ય કારણ છે.

૮. આવું પ્રતિકુળતાભર્યું ચારિત્ર પાળવું. એ મહાન પરાક્રમ છે.

૯. આવા પ્રકારના જ્ઞાની-ધ્યાની-તપસ્વી-વૈરાગી અને અધ્યાત્મી એવા મહામુનિઓની મહાવિવેકના સારવાળી અને ઉત્તમસંવેગ પરિણામના સારવાળી એવી ઉચિત સેવાભક્તિ (વૈયવચ્ચ) કરવી એ જ કર્તવ્ય છે. જીવનનો એ જ સાર છે.

આવો ધર્મોપદેશ ધર્મગુરુઓએ શ્રાવકોને આપવો.

(૩) **श्रवणं धर्मविषयम्**- તથા પરમતારક એવા તીર્થંકર પરમાત્માઓની ધર્મવિષયક અનુપમ વાણી પરમગીતાર્થ અને સંવેગપરિણામી એવા ગુરુઓ પાસેથી અવશ્ય સદા સાંભળવી, એવો ધર્મોપદેશ ધર્મગુરુઓએ શ્રાવકોને આપવો.

૧. આ સંસારસાગરમાં શ્રુતધર્મ=ધર્મદેશનાનું શ્રવણ એ જ અતિ ઉત્તમ છે.

૨. આ ધર્મશ્રવણ જ (શ્રુતધર્મ જ) મોહ રૂપી અંધકારને હણવામાં સૂર્ય સમાન છે.

૩. આ શ્રુતધર્મ જ પાપો રૂપી આરોપીને સજા ફટકારતો પડહ છે.

૪. આ શ્રુતધર્મ જ સાંભળવા લાયક જગત્‌ના ભાવોમાં પ્રકર્ષાત્મક છે.

૫. આ શ્રુતધર્મ જ આત્માને સ્વર્ગલોકમાં લઈ જવામાં મહાન્ સેતુ (પુંલ) સમાન છે.

૬. આ ધર્મશ્રવણ જ ભાવામૃતના પાનમય છે. જેમ દૈવિક દ્રવ્યામૃતના પાનથી માંણસ અમર બને છે (એવી લોકવાયકા છે) તેની જેમ જ આ ભાવામૃત પાનથી આત્મા સદા માટે યથાર્થ અમર બને છે..

૭. આ શ્રુતધર્મ મોક્ષનો માર્ગ બતાવનાર છે.

૮. આ ધર્મશ્રવણ જ વીતરાગભાવોની પ્રાપ્તિનું કારણ છે.

૯. આ શ્રુતશ્રવણ તીર્થંકરભગવન્તોએ અભિવ્યક્ત કરેલો છે.

૧૦. આ શ્રુતધર્મના શ્રવણથી બીજું કોઈ વધુ કલ્યાણકારી નથી.

આવા પ્રકારના ઉત્તમોત્તમ હૈયાના ઉમળકા પૂર્વક ભાવોલ્લાસ સહિત, વિશિષ્ટ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવા ધર્મને સાંભળવાની ઈચ્છાથી, ઉપરોક્ત વિશેષણોવાળા ધર્મશ્રવણ રૂપ આ વ્યાપાર (ધર્મપ્રવૃત્તિ) પણ શ્રાવકજીવોને મોક્ષની સાથે જોડતો હોવાથી ત્યાં પણ **યોગ** શબ્દની સાર્થકતા રહેલી છે. તેથી "મોક્ષની સાથે યુંજન" રૂપ અન્વર્થનો યોગ હોવાથી શ્રાવકોને પણ યોગ હોય છે એમ સિદ્ધ થયું.

**किं पुनर्यो भावनामार्गः ? स बन्धुः परमध्यानस्य, स योग एव, अनुष्ठेयश्चायं श्रावकेण । तथा पुण्यदेशे सङ्क्लेशविघाताय पद्मासनादिना गुरुप्रणामपूर्वमर्थसन्तानेन 'असारो जीवलोक इन्द्रजालतुल्यः, विषकल्पा विषयाः, वज्रसारं दुःखम्, चलाः प्रियसङ्गमाः, अस्थिरा सम्पद्, दारुणः प्रमादः, महादौर्गत्यहेतुः, दुर्लभं मानुष्यं, महाधर्मसाधनम्, इति अलं ममान्येन, करोम्यत्र यत्नम्, न युक्ताऽत्रोपेक्षा, प्रभवति मृत्युः, दुर्लभं दर्शनं सद्गुरुयोगश्च' इति प्रशस्तभावगतेन । एवं चास्ति गृहिणोऽपि योगसम्भव इति । उक्तं च -**

આ પ્રમાણે (૧) ચૈત્યવંદન, (૨) યતિવિશ્રામણા, (૩) ધર્મશ્રવણ સ્વરૂપ કાયિક પ્રવૃત્તિમય અનુષ્ઠાનો જો યોગસ્વરૂપ હોય છે તો પછી સંસારની અસારતા અને અનિત્યતા આદિ ભાવના ભાવવા સ્વરૂપ જે ભાવના માર્ગ છે. તે તો યોગ કહેવાય જ તેમાં આશ્ચર્ય શું ? કારણ કે આ ભાવનામાર્ગ તો ધર્મધ્યાન અને શુક્લધ્યાનાદિ પરમ ધ્યાનની પ્રાપ્તિનો પરમબંધુ છે. અને તેથી જ તે ભાવનામાર્ગને યોગ જ કહેવાય છે. તે ભાવનામાર્ગ રૂપ યોગમાર્ગ શ્રાવકે અવશ્ય આચરવો જોઈએ. તે આચરવા માટે નીચે મુજબ વિધિ સાચવવી જોઈએ.

(૧) પવિત્ર ક્ષેત્રમાં બેઠક કરવી, અપવિત્ર ક્ષેત્રમાં વાતાવરણની અંદર ચોતરફ પથરાયેલાં અશુભ પુદ્ગલો ચિત્તની અપ્રસન્નતા માટે (સંકલેશ માટે) કારણ બને છે. પરંતુ જો પવિત્ર ક્ષેત્રમાં બેઠક હોય તો ત્યાં તે ભૂમિમાં પથરાયેલાં શુભ પુદ્ગલો સંકલેશ (ચિત્તની અપ્રસન્નતા આકુલ-વ્યાકુલતા)ના વિઘાત માટે થાય છે. માટે પુણ્યદેશમાં બેઠક કરવી.

(૨) પદ્માસન, પર્યંકાસન, કાયોત્સર્ગાદિ કોઈ પણ એક મુદ્રા પણે બેસવું. જે મુદ્રામાં આપણો આત્મા દીર્ઘકાળ સ્થિર રહી શકે આકુળ-વ્યાકુળતા ન આવે તે મુદ્રાએ બેસવું.

(૩) પદ્માસનાદિ આસન પૂર્વક પવિત્ર ભૂમિમાં બેઠક જમાવ્યા પછી પરમ ઉપકારી ગુરુભગવન્તને હૃદયથી પ્રણામ કરવા પૂર્વક હવે કહેવાતા અર્થના સંદોહન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રૂપે ઘણી ઉંચી અને પવિત્ર ભાવના ભાવવી.

આ જીવલોક (સંસાર) અત્યન્ત અસાર છે, માયાવી માણસની પાથરેલી ઈન્દ્રજાળ તુલ્ય છે, અર્થાત્ સ્વપ્નસમાન - ઝાંઝવાના જળ સમાન છે, પ્રાપ્ત થયેલા સંજોગો ક્ષણવારમાં વાદળ વિખેરાય તેમ વિખેરાઈ જાય છે, મિત્ર શત્રુ બની જાય છે, સ્નેહી અને સગાં વહાલાં અલ્પકાળમાં જ નારાજ થઈ જાય છે, વર્ષો સુધી જેનું મન સાચવ્યું હોય પરંતુ સંયોગવશાત્ એક વખત મન ન સચવાય તો પણ માણસનું મુખ ચડી જાય છે,

પાંચે ઈન્દ્રિયોના વિષયો વિષ (ઝેર)ની તુલ્ય મારક છે, ઈષ્ટ સંયોગોમાં રાગ થાય છે, અને ઈષ્ટના વિયોગમાં શોક-દ્વેષ થાય છે, આ રાગ-દ્વેષ એવાં ચીકણાં કર્મો બંધાવે છે કે વિષ એકભવમાં એક વાર મારે છે, પરંતુ આ કર્મો તો આ જીવને ભવોભવમાં અનંતીવાર મારે છે, માટે અપેક્ષાએ વિષથી પણ અધિક છે.

પૂર્વકૃત કર્મોના ઉદયથી આવેલાં દુઃખો આ સંસારમાં કોઈ કોઈ વાર એવાં કઠોર - અને કાતિલ હોય છે કે જે ઘણા પ્રયત્નોથી પણ દૂર થતાં નથી. જેમ નળ-દમયંતી, સીતા-રામ, મયણાસુંદરી, ખંધકમુનિ, ગજસુકુમાલમુનિ, ઈત્યાદિનાં દ્રષ્ટાન્તો નજર સન્મુખ છે. અગ્નિશર્મા-ગુણસેન, તથા ચંદનબાળા આદિ અનેક મહાન સ્ત્રી પુરુષો પણ પૂર્વકૃત કર્મોથી દુઃખી થયા છે. તેથી આ સંસારનું દુઃખ વજ્ર તુલ્ય કઠોર છે.

પ્રિયપદાર્થોના સંયોગો ચંચલ છે. પત્તાંના મહેલની જેમ ક્ષણવારમાં વિનાશ પામે છે. ઘણા અરમાનો સાથે મેળવેલા સંયોગો ક્ષણવારમાં જ વિયોગ સ્વરૂપે પરિણામ પામે છે. શરણાદિ વાજીંત્રોના સૂરોને બદલે મરણીયાં સંભળાય છે. હર્ષ ઘડીકવારમાં શોક રૂપે પરિણામ પામે છે.

સંપત્તિઓ અસ્થિર છે. જે ધન ઉપર ઘણો મોહ છે, જેનાથી સંસારનો તમામ વ્યવહાર ચાલે છે, જેના માટે ઘણાં કષ્ટો વેઠાય છે, જેના માટે ઘણા માણસોના પરાભવો - અપમાનો સહન કર્યા છે, તે જ ધન - સંપત્તિઓ **"જાણે નાતરું કરનારી નાર"** હોય તેમ ગમે ત્યારે એક ઘર છોડી બીજે જ ઘરે જઈ બેસી જાય છે. તેના ઉપર પૂર્ણ ભરોસો રાખી જીવન જીવવું નકામું છે. ગમે ત્યારે દગો આપે જ છે, ભરોસાપાત્ર નથી, દગાબાજ છે. પ્રમાદ અતિ ભયંકર છે, દુર્ગતિઓનું પ્રધાન કારણ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિગોદ-નરક-વિકલેન્દ્રિયાદિ અનેકભવો આ સંસારમાં છે. તેથી તે ભવોમાંથી માનવભવ મળવો અતિ દુષ્કર છે. એકેક ભવમાં પલ્યોપમ અને સાગરોપમોનાં આયુષ્યો, તેમાંથી નીકળવું દુષ્કર, વળી મનુષ્યોની સંખ્યા પરિમિત, તેમાં નંબર લાગવો દુષ્કર, માટે આવા સંજોગો હે આત્મા  ફરી ફરી મળવા દુર્લભ છે. આ માનવભવ જ ધર્મારાધનાનું મહાન્ સાધન છે. કારણ કે ધર્મારાધનાની સર્વ સામગ્રી આ માનવભવમાં જ મળે છે. વીતરાગ પરમાત્માનું શાસન, ત્યાગી - વૈરાગી નિર્ગ્રન્થ મુનિઓ, પવિત્ર તીર્થભૂમિઓ, અનેકવિધ આગમો અને શાસ્ત્રો, સંત મહાત્માઓનો સમાગમ, વિશિષ્ટ બુદ્ધિમત્તા, ઈત્યાદિ ધર્મારાધનાની ભરપૂર સામગ્રી માનવભવમાં જ ભરેલી છે. તેથી આ જૈન ધર્મ અને તારકદેવ - ગુરુ - આદિ ઉત્તમ સાધનો સિવાય બીજા અન્ય સર્વ વડે મારે સર્યું. હું આ ધર્મમાં જ પ્રયત્ન કરું અને મારા જીવનને ધર્મમય બનાવું. આ ધર્મના વિષયમાં મારે અલ્પ પણ ઉપેક્ષા કરાય નહીં. જો અહીં ઉપેક્ષા કરું તો તે કોઈપણ રીતે યોગ્ય નથી. જેમ જેમ દિવસ જાય છે તેમ તેમ મૃત્યુ નજીક આવે છે. જો રાહ જોઈશ તો મૃત્યુ આવીને ઊભું જ રહેશે. પરમાત્માનું દર્શન અથવા આત્માના શુદ્ધસ્વરૂપનું દર્શન અને સદ્ગુરુનો યોગ વારંવાર મળવો દુર્લભ છે. મનુષ્યભવ વિના અન્યત્ર તો મળતો જ નથી. પરંતુ મનુષ્યભવમાં પણ ક્વચિત્ જ મળે છે. માટે એકેક ક્ષણ લાખેણી જાય છે.

આ પ્રમાણે પ્રશસ્તભાવને પામેલા શ્રાવકે આવી ઉંચી ઉત્તમ ભાવનાઓ ભાવવી. આ પ્રમાણે ગૃહસ્થને પણ યોગનો સંભવ છે જ. જો તેનાથી નીચેની કક્ષાના અપુનર્બન્ધક અને સમ્યગ્દષ્ટિને યોગ હોય છે. તો દેશવિરતિધર શ્રાવકને યોગનો સંભવ કેમ ન હોય ? માટે શ્રાવક ભોગી હોવા છતાં ઉપરોક્ત પરિણતિ અને પ્રવૃત્તિઓથી તે યોગી પણ બને છે. ગ્રંથકારશ્રીએ જ યોગબિન્દુમાં કહ્યું છે કે :-

**योजनाद् योग इत्युक्तो, मोक्षेण मुनिसत्तमैः ।**
**स निवृत्ताधिकारायां, प्रकृतौ लेशतो ध्रुवः ॥ २०१ ॥**
**वेलावलनवन्नद्यास्तदापूरोपसंहृते: ।**
**प्रतिस्त्रोतोऽनुगत्वेन, प्रत्यहं वृद्धिसङ्गतः ॥ २०२ ॥**
**भिन्नग्रन्थेस्तु यत् प्रायो, मोक्षे चित्तं भवे तनुः ।**
**तस्य तत् सर्व एवेह, योगो योगो हि भावतः ॥ २०३ ॥**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नार्या यथाऽन्यसक्तायाः, तत्र भावे सदा स्थिते ।
तद्योगः पापबन्धश्च, तथा मोक्षेऽस्य दृश्यताम् ॥२०४॥
न चेह ग्रन्थिभेदेन, पश्यतो भावमुत्तमम् ।
इतरेणाकुशलस्यापि, तत्र चित्तं न जायते ॥२०५॥
सांसिद्धिकमनुष्ठानमत एव सतां मतम् ।
भावाद्यं स्तोकमप्येतत् प्रतिबन्धविशेषतः ॥ १ ॥
अस्यापि तत्त्वतः सर्वमेतदेवंविधं यतः ।
नित्यकर्मनियोगेन, ततो योग इति स्थितम् ॥ २ ॥
इति गाथार्थः ॥ ३१ ॥

યોગબિન્દુના સાક્ષીશ્લોકોના અર્થ આ પ્રમાણે છે :-

અપુનર્બન્ધકાત્મામાં રાગાદિ દોષો મન્દ થયેલા હોવાથી તેઓની ધર્માભિમુખ પ્રવૃત્તિ તેઓના આત્માને મોક્ષની સાથે જોડનાર બને છે. માટે ઉત્તમમુનિવર પુરુષોએ તેને પણ યોગ કહેલો છે. આ આત્મા ઉપર કર્મોની પ્રકૃત્તિઓનો જે અધિકાર (પ્રભાવ-બળ) હતો તે અધિકાર નિવૃત્ત થયે છતે આવા અપુનર્બન્ધક જીવોને પણ લેશથી અવશ્ય યોગ હોય છે. ॥ ૨૦૧ ॥

वेला = વેલ-પૂર, वलन = પાછુ ફરવું, શાન્ત થવું, वत् = જેમ, नद्याः = નદીનું, तदापूर = તે નદીનું ચારે તરફનું પૂર, ખળભળાટ उपसंहतेन = ઉપસંહાર પામતું હોવાથી प्रतिश्रोतो = પૂરમાં સામે પ્રવાહે, अनुगत्वेन = જવા વડે प्रत्यहं = દરરોજ वृद्धिसङ्गतः = વૃદ્ધિ થવાથી (ગાથાનો ભાવાર્થ સમજાવવા આ શબ્દાર્થ કહ્યો છે.)

જેમ નદીનું પૂર ધસમસતું દરીયાના પાણી તરફ જાય છે. પરંતુ દરીયામાં આવેલી મહાભરતીનાં મોટાં મોજાંઓ સાથે તે અફળાયું છતું પાછુ ફરે છે. શાન્ત થઈ જાય છે. તેની જેમ અનાદિકાળથી આ જીવમાં રાગાદિ ભાવોનું પૂર ઈન્દ્રિયજન્ય વિષયસુખ તરફ ધસમસે છે. પરંતુ અપુનર્બન્ધકાત્મામાં આવેલી પ્રતિશ્રોતોઅનુસારી ગતિ વડે (રાગાદિ દોષોને ઠારી નાખે એવા ધર્મબીજને અનુસરવા રૂપ ગતિ વડે) તે રાગાદિ ભાવોનું પૂર શાન્ત થઈ જાય છે. અને પ્રતિદિન તે દોષોની ઉપશાન્તિમાં વૃદ્ધિ થયા જ કરે છે. માટે આવા અપુનર્બન્ધકાત્મામાં પણ યોગ છે. નદીનું પૂર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગમે તેટલું તોફાની હોય પરંતુ સમુદ્રની મહાભરતી સાથે અથડાવાથી નદી પૂર શાન્ત થાય છે. તેમ રાગાદિભાવોનું પૂર તેની સામે પ્રાપ્ત થયેલા યોગબીજ (ધર્મમાર્ગ)માં અનુસરવાવાળી ગતિ સાથે અથડાયું છતું શાન્ત થાય છે. અને તે ઉપશાન્તિમાં વૃદ્ધિ થાય છે. ॥૨૦૨॥

હવે સમ્યગ્દષ્ટિના યોગની વાત જણાવે છે કે ભિન્નગ્રન્થિવાળા સમ્યગ્દષ્ટિ આત્માનું પ્રાય ચિત્ત મોક્ષમાં અને શરીર જ માત્ર ભવમાં (ભોગમાં) હોય છે. અર્થાત્ મનની આસક્તિ વિના જ ભોગમાં વર્તે છે. તેથી તેવા આત્માનો સર્વ પણ ધર્મ વ્યાપાર (ધાર્મિક પ્રવૃત્તિ) ભાવથી (નિશ્ચયથી) યોગ મનાયેલો છે. ભોગો પણ મનની આસક્તિ વિના દેહમાત્રથી અનુભવે છે. ફક્ત કર્મોની પરવશતાથી જ તેમાં અનાસક્તભાવે જોડાય છે. મનમાં મોક્ષની આકાંક્ષા સતત અક્ષીણ જ રહે છે. તેથી ભોગફળને આપનારું તે કર્મ પુરુ થતાં મોક્ષ નિકટ થાય છે. તેથી નિશ્ચયનયની અપેક્ષાએ તેનો આ ભોગવ્યવહાર પણ કર્મક્ષયમાં બાધક ન હોવાથી ભોગાવલીકર્મ સમાપ્ત કરાવનાર હોવાથી આવા જીવની જે જે ચેષ્ટા છે તે પણ મોક્ષફળનું કારણ હોવાથી તીર્થંકર ભગવન્તોના જીવનની જેમ યોગ છે. (જુઓ યોગબિન્દુ ૨૦૩ની ટીકા) આ શ્લોકમાં यत् = જે કારણથી, तत् = તે કારણથી, तस्य = તે સમ્યગ્દષ્ટિ આત્માનો सर्व = સર્વ પ્રકારનો (અર્થ - ધર્મ - અને કામ અને એમ ત્રણે પ્રકારનો) योग = પુરુષાર્થ - પ્રયત્ન - ચેષ્ટા, તે योगः = યોગ, भावतः = નિશ્ચયનયની અપેક્ષાએ, એમ શબ્દાર્થ જાણવો. ॥૨૦૩॥

અન્ય પુરુષમાં આસક્ત એવી સ્ત્રીનો ભાવ (સ્ત્રીનું હૃદય - ચિત્ત) હંમેશાં ત્યાં (અન્ય પુરુષમાં) હોય છે. તે સ્વપુરુષનો સંયોગ બહારથી કરે છે. એટલે કે તે સ્વપુરુષની સેવાદિ રૂપ યોગ બહારથી આચરે છે. અને અંદરથી પરપુરુષના ભોગની ઈચ્છાજન્ય પાપફળ ઉત્પન્ન કરે છે. તેની જેમ આ સમ્યગ્દષ્ટિ આત્માનું ચિત્ત મોક્ષમાં અને શરીર સંસારમાં હોવાથી તેને બહારથી કુટુંબપરિવારના નિર્વાહરૂપ યોગ, અને અંદરથી કર્મક્ષય રૂપ નિર્જરાફળ હોય છે. જેમ પરપુરુષ પ્રત્યેનું ચિત્ત પાપફળરૂપ છે. તેમ મોક્ષ પ્રત્યેનું ચિત્ત નિર્જરાફળરૂપ છે. એમ દ્રષ્ટાન્ત દાર્ષ્ટાન્તિકનો સમન્વય કરવો. ॥૨૦૪॥

અહીં ગ્રન્થિભેદ થવાથી મોક્ષસ્વરૂપ ઉત્તમ પદાર્થને જોતા એવા આ સમ્યગ્દષ્ટિ આત્માનું ચિત્ત ઈતરભાવોથી (કુટુંબપરિવારના નિર્વાહાદિ ભાવોથી) આકુલ-વ્યાકુલ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોવા છતાં પણ તે મોક્ષને વિષે તેનું ચિત્ત નથી એમ નહીં, અર્થાત્ મોક્ષપ્રયાણ અટકતું નથી. ॥૨૦૫॥

આ કારણથી જ આવા સમ્યગ્દષ્ટિ આત્માઓનું અંદરના ભાવોથી આઢય (યુક્ત) એવું થોડું પણ આ અનુષ્ઠાન તેના પ્રત્યે પ્રતિબંધ વિશેષ (પક્ષપાતવિશેષ) હોવાથી સહજસિદ્ધ ધર્માનુષ્ઠાન છે. એટલે કે સહજ સિદ્ધ રીતે જ યોગસ્વરૂપ છે. ॥ ૧ ॥

આ દેશવિરતિધર શ્રાવકનાં પણ સર્વે આ અનુષ્ઠાનો તાત્વિકરીતે (નિશ્ચયનયથી) જે કારણથી આવા પ્રકારનાં છે. (ચિત્ત મોક્ષમાં અને શરીર ભવમાં એવાં છે) તેથી જ ચૈત્યવંદન, યતિ વિશ્રામણા, ધર્મશ્રવણ, ભાવનાઓનું ચિંતન ઈત્યાદિ નિત્ય દૈનિક કાર્યોના નિયોગથી શ્રાવકને પણ યોગ હોય છે. એમ સિદ્ધ થયું. ॥ ૨ ॥

**અવતરણ :- अपान्तरालाधिकारोपसंहारमाह :-**

અપાન્તરાલમાં લીધેલા દેશવિરતિના અધિકારનો ઉપસંહાર કરતાં આચાર્યશ્રી જણાવે છે કે :-

**एमाइवत्थुविसओ[1], गिहीण[2] उवएस[3] मो मुणेयव्वो[4]।**
**जइणो[6] उण[5] उवएसो[9], सामायारी[8] जहा[10] सव्वा[7] ॥ ३२ ॥**

**"एवमादिवस्तुविषयः, आदिशब्दात् तत्प्रकृत्यपेक्षया अन्योऽपि व्रतसम्भवादिसूक्ष्मपदार्थालम्बनो गृह्यते। गृहिणां = श्रावकाणामुपदेशो मन्तव्यः, उक्तहेतुभ्योऽस्य साफल्योपपत्तेः। अधुना सर्वचारित्रिणमधिकृत्याह "यतेः पुनः" = प्रव्रजितस्य पुनः भावतः उपदेशः कः ? इत्याह- "सामाचारी" शिष्टाचरित-क्रियाकलापरूपा भवति सर्वा यथा कर्मक्षयोपशमयोग्यतापेक्षया । इति गाथार्थः ॥३२॥**

**ગાથાર્થ** :- આ પ્રમાણે અણુવ્રતાદિના વિષયવાળો ઉપદેશ ગૃહસ્થોને ધર્મગુરુઓએ આપવો જોઈએ, તથા વળી સર્વવિરતિધર મુનિઓને સાધુસંબંધી સર્વસમાચારીનો ઉપદેશ આપવો જોઈએ. ॥ ૩૨ ॥

**ટીકાનુવાદ** :- આ પ્રમાણે (ગાથા ૨૯ - ૩૦ - ૩૧ માં) ઉપર કહ્યા મુજબ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રાવકોને તે તે વસ્તુવિષયક ઉપદેશ આપવો. ''आदि'' શબ્દથી શ્રાવકોની તે તે પ્રકૃતિની અપેક્ષાએ અન્ય પણ અણુવ્રત, ગુણવ્રત, શિક્ષાવ્રત તથા ધીરે ધીરે મહાવ્રતાદિના સંભવને અનુકુળ વિગેરે સૂક્ષ્મ પદાર્થોના આલંબનરૂપ પણ ધર્મોપદેશ આપવો. પ્રાથમિક કક્ષાના શ્રાવકને મધ્યમ શ્રાવકયોગ્ય અને મધ્યમશ્રાવકને ઉત્કૃષ્ટ શ્રાવકયોગ્ય, અને ઉત્કૃષ્ટ શ્રાવકને સાધુ યોગ્ય મહાવ્રતાદિનો ક્રમશઃ ઉપદેશ આપવો, કારણ કે જે આત્માને જે નિકટવર્તી ગુણનો ઉપદેશ હોય તે ઉપરોક્ત હેતુઓથી તુરત સફળતાને પામે છે, માટે જે જે જીવો જે જે ઉપદેશને યોગ્ય હોય તે તે જીવોને તે તે ઉપદેશ આપવો. આ પ્રમાણે યોગના ત્રીજા નંબરના અધિકારી એવા શ્રાવકોને ઉપદેશ આપવાનો અધિકાર પુરો કરીને હવે સર્વવિરતિધર સાધુને આશ્રયી ઉપદેશ આપવાની વિધિ સમજાવે છે.

હવે ચોથા નંબરના યોગના પાત્રની ઉપદેશ વિધિ -

ચારિત્રધારી ભાવથી સર્વવિરતિવાળા મુનિઓને કેવો ઉપદેશ આપવો ? તે વિધિ હવે જણાવે છે કે - શિષ્ટ પુરુષોએ આચરેલી, ઉત્તમ, અને ધર્મસાધક એવી ક્રિયાઓના સમુહ સ્વરૂપ એવી સર્વ સાધુસામાચારીનો ઉપદેશ આપવો. પરંતુ ત્યાં પણ જે જીવને ચારિત્ર મોહનીય કર્મોનો ક્ષયોપશમ થવાથી જેટલી યોગ્યતા પ્રાપ્ત થઈ હોય તેની અપેક્ષા રાખીને અધિક ક્ષયોપશમ થાય તે રીતે ધર્મોપદેશ આપવો. પ્રાથમિક જઘન્ય સાધુને મધ્યમસાધુતાનો, મધ્યમસાધુને ઉત્કૃષ્ટ સાધુતાનો ક્રમશઃ ઉપદેશ આપવો. કારણ કે નિકટનો ગુણ તુરત પરિણામ પામે છે. નિસરણીનાં પગથીયાં જેમ ક્રમશઃ ચડાય તેમ જે રીતે સફળતા આવે તેવો ઉપદેશ આપવો.

**અવતરણ :- एनामधिकृत्याह** – સાધુસંતોને ઉપદેશ આપવા યોગ્ય એવી આ સામાચારીને આશ્રયીને આચાર્યશ્રી જણાવે છે કે :-

**गुरुकुलवासो[1] गुरुतंतयाय[2], ऊचियविणयस्स[3] करणं[4] च ।**
**वसहीपमज्जणाइसु[6] जत्तो[8], तह[5] कालवेक्खाए[7] ।। ३३ ।।**

**गुरुकुलवासो मूलगुणो यतेः, ''सूयं मे आउसंतेण (आचाराङ्ग १-१) इति वचनप्रामाण्यात्, कथमयमिष्यते? इत्याह- ''गुरुतन्त्रतया गुरुपारतन्त्र्येण आत्मप्रदान - सत्यपालनेन । तथा ''उचितविनयस्य'' ज्ञानविनयादेः, ''करणं**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

च''सेवनं च, भगवदाज्ञेति कृत्वा । तथा वसतिप्रमार्जनादिषु क्रियाभेदेषु यत्नः, आदिशब्दाद् उपधिप्रत्युपेक्षणादिग्रहः, तथा कालापेक्षया न तु यदृच्छाप्रवृत्त्या। इति गाथार्थः ॥ ३३ ॥

**ગાથાર્થ** :- (૧) ગુરુકુલવાસ, (૨) ગુરુની આજ્ઞાને પરવશ રહેવું, (૩) ગુરુ આદિનો ઉચિત વિનય કરવો, (૪) વસતિ પ્રમાર્જનાદિ ધર્મકાર્યોમાં કાલની અપેક્ષાએ યથાયોગ્ય પ્રવૃત્તિ કરવી. ॥ ૩૩ ॥

**ટીકાનુવાદ** :- (૧) ગુરુકુલવાસ એ સાધુસંતોનો મૂલગુણ છે. ભગવતી સૂત્રમાં ''ભગવાનની સાથે વસતા એવા મારા વડે સંભળાયું'' ''श्रुतं मया आवसता'' આવા પ્રકારનો આવેલો પાઠ ગુરુકુલવાસમાં પ્રમાણભૂત છે. ગુરુ કુલવાસ એટલે ગુરુની સાથે વસવું, અનાદિકાળથી આપણો જીવ અજ્ઞાની અને અહંકારી છે, તેના જ કારણે કદાગ્રહી અને કુટિલ છે, તેથી જ માર્ગે દોરનાર કોઈ ગુરુ ઉપર હોવા જોઈએ, તે ગુરુ પરમગીતાર્થ, સંવેગપરિણામી, અધ્યાત્મી, અને પૂર્ણવૈરાગી હોવા જોઈએ, જો આવા ગુણિયલ ગુરુની નિશ્રામાં આ આત્મા વિચરે તો જ્ઞાનીના યોગથી અજ્ઞાન દૂર થાય, અધ્યાત્મીના યોગથી અહંકાર દૂર થાય, મારું તે જ સાચું એવી માન્યતા દૂર થાય, પોતાનું મન ગુરુને સમર્પિત કરે, કાવા-દાવા-છળ - કપટ કે યુક્તિ પ્રયુક્તિ લગાડવાનો વ્યવસાય બંધ કરે, સાથે રહેવાથી ગુરુજીની વાચનાનો લાભ મળે, વાચના, વૈયાવચ્ચ, અને ભક્તિ આદિ અનેક ગુણોની વૃદ્ધિ થાય, સ્વચ્છંદતા, અહંકાર, કદાગ્રહ, માયા આદિ દુર્ગુણોનો નાશ થાય માટે ગુરુકુલવાસ એ સાધુનો મૂળગુણ છે.

અહીં ગુરુકુલવાસનો અર્થ **''ગુરુની આજ્ઞાને પરતન્ત્રપણે વર્તવું''** એવો અર્થ સમજવો, જેથી ગુરુભગવન્ત તેવા પ્રકારના સંજોગોના કારણે દેશ-વિદેશમાં વિચરવાની આજ્ઞા કરે અને તે આજ્ઞાનું પાલન કરવા માટે શિષ્યો ગુરુથી ભિન્ન દેશોમાં વિહાર કરે તેના કારણે શિષ્યોને ગુરુની સાથે રહેવાનો યોગ ન પણ મળે, તથાપિ તે ગુરુકુલવાસ ન કહેવાય એમ નહીં. આ પણ ગુરુકુલવાસ જ ગણાય, આ અર્થ સમજાવવા માટે જ મૂળગાથામાં ''गुरुपारतन्त्रतया'' ગુરુજીમા પરવશપણે એવો અર્થ કરેલો જ છે, તેથી ગુરુકુલવાસનો અર્થ ગુરુની સાથે જ રહેવું એવો અર્થ એકાન્તે ન કરતાં ગુરુજીની ઈચ્છાને અનુસરવું એવો અર્થ કરવો. ખરેખર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્મહિત કરવાનું આ જ પરમ સાધન છે માટે ગુરુને આત્મસમર્પણ કરવું અને સત્યપાલન કરવું એ જ ગુરુકુળવાસનો મર્મ છે. આવો ઉપદેશ શિષ્યોને આપવો.

(૨) ઉચિતવિનયકરણ

જ્ઞાનવિનયાદિ ચાર પ્રકારનો વિનય કરવો, વિનય કરવો એ ભગવાનની આજ્ઞા છે એમ સમજી અવશ્ય આચરવો જોઈએ. સર્વ ધર્મક્રિયાઓમાં અનંત ઉપકારી પરમાત્મા વીતરાગદેવની આજ્ઞા અનુસરવાની છે. તે આજ્ઞા પ્રત્યેનો હાર્દિક ભક્તિભાવ પૂર્વકનો વિનય સાચવવો એ જ સાચો આત્મહિતનો માર્ગ છે. જેમણે સંસાર તરવાનો માર્ગ બતાવ્યો, તેમના પ્રત્યે નમ્રસ્વભાવ એ જ કલ્યાણ કરનાર છે.

કોઈનાથી ભયભીત થઈને, ગુરુજીને તથા સમાજને વહાલા લાગવા, અને પોતાની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા કરાતો વિનય મોહમય હોવાથી આત્મકલ્યાણ કરનાર બનતો નથી, તેથી જ ટીકાકારે "भगवदाज्ञया" એમ લખ્યું છે. તેથી શક્ય હોય તેટલી ભગવાનની આજ્ઞા પાળવા પૂર્વક જ વિનય કરવો. કદાચ કોઈ અસાધારણ સંજોગોને વશ થઈ ભગવાનની આજ્ઞા ન સાચવી શકાય તો પણ પૂર્ણપણે તેનો પક્ષપાત હૈયામાં હોવો જોઈએ અને વિનય ન સચવાયો તેનું ઘણું જ દુઃખ હૈયામાં થવું જ જોઈએ. આવો ઉચિત વિનય કરવાનો ઉપદેશ આપવો.

(૩) વસતિ પ્રમાર્જનાદિ-

ગૃહસ્થના જીવન કરતાં સાધુનું જીવન મોક્ષ માટે નિકટનું કારણ છે. તેથી જ ત્યાં ક્રિયામાર્ગ સવિશેષ છે. ગૃહસ્થ જીવનમાં સ્વાધ્યાયની પ્રધાનતા, અને સાધુજીવનમાં સ્વાધ્યાય અને ક્રિયા એમ ઉભયની પ્રધાનતા છે. પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ. સાહેબે દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસમાં કહ્યું છે કે :-

> ચરણકરણગુણહીણડા, જ્ઞાનપ્રધાન આદરિઇ રે ।
> ઇમ કિરિયાગુણ અભ્યાસી, ઇચ્છાયોગથી તરિઇં રે ॥૨૬૩॥
> ચરણપતિત વલી શ્રાવકો, તનુધર્મા વલી જેહો રે ।
> તેહનઇં જ્ઞાન પ્રધાન છઇં મુનિનઇં બે ગુણ ગેહો રે ॥૨૬૪॥

તેથી જે જે કાળે સાધુજીવનમાં વસતિપ્રમાર્જના, ચૈત્યવંદન, પ્રતિક્રમણ, પડિલેહણ આધિ ધર્મકાર્યો કરવાનાં કહ્યાં છે, તેનો સમય સાચવવા પૂર્વક બહુમાન સહિત સવિશેષ પ્રયત્ન કરવો. પરંતુ યદચ્છાએ મરજી મુજબ કાર્યો ન કરવાં, કાલ-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્ષેત્ર-વ્યક્તિ આદિની શાસ્ત્રોક્ત અપેક્ષા સાચવવા પૂર્વક ધર્મકાર્યો કરવાં. ॥૩૩॥

**અવતરણ :- तथा** = વળી અન્ય પણ પ્રજ્ઞાપનીય ઉપદેશ જણાવે છે-

**अणिगूहणा[२] बलम्मि[१], सव्वत्थ[३] पवत्तणं[५] पसंतीए[४] ।**
**णियलाभचिंतणं[८] सइ[७], अणुग्गहो[१०] मे[९] त्ति गुरुवयणे[६] ॥ ३४ ॥**

**''अनिगूहना''= अप्रच्छादना बले शारीरे औचित्यप्रयोगेण, एतद्धि यदन्यथागतं गतमेव निष्फलमित्येतदालोच्य तथा ''सर्वत्र'' = श्रमण योगे उपधिप्रत्युपेक्षणादौ प्रवर्तनं प्रशान्त्या, क्षान्त्यादिमन्थरमित्यर्थः। निजलाभचिन्तनं सदा निर्जराफलमङ्गीकृत्य। ''गुरुवचने'' गुर्वाज्ञायामिति सम्बन्धः। कथम् ? इत्याह- ''अनुग्रहो ममेति'' = यदयमित्थमाह, ''इति'' एवं, दुर्लभाः खलु चित्ररोगाभिभूतानां सदुपदेशदातारः सुवैद्या इत्याद्युदाहरणैः । इति गाथार्थः ॥ ३४ ॥**

**ગાથાર્થ :-** (૪) શારીરિક બળમાં અગોપન, (૫) ધર્મસંબંધી સર્વ કાર્યોમાં પ્રશમભાવથી પ્રવર્તન, (૬) ગુરુજીના વચનને અનુસરવામાં સદા આત્મલાભ જ છે એવી વિચારણા તથા તેમાં મારો અનુગ્રહ (ઉપકાર) જ છે એવી સતત વિચારણા કરવી. ॥ ૩૪ ॥

**ટીકાનુવાદ :-** (૪) શારીરિક બળનું અનિગૂહન કરવું : નિગૂહન એટલે પ્રચ્છાદન, ઢાંકવું, સંતાડવું, છુપાવવું અને અનિગૂહન એટલે ન છૂપાવવું. તપ - સંયમ - સ્વાધ્યાય - અને ગુરુસેવાદિ જે જે પોતાને ઉચિત ધર્મકાર્યો છે તે કાર્યોમાં શારીરિક પ્રાપ્તબળનો સદા ઉપયોગ કરવો, પોતાના બળને છુપાવવું નહીં. हि = કારણ કે यद् – एतद् જે આ શારીરિક બળ છે તે જો अन्यथागतम् = અનિગૂહનથી અન્યથાભાવને પામે એટલે નિગૂહિત થાય. અર્થાત્ જો બળ છુપાવવામાં આવે તો તે બળ गतमेव = ગયું જ સમજવું - ચાલ્યું જ સમજવું અર્થાત્ નિષ્ફળ જ છે એમ જાણવું, આવો વિચાર કરીને બળનું સદા અનિગૂહન કરવું.

આત્મા શરીરની સાથે પ્રદેશે પ્રદેશે વ્યાપ્ત છે. તેથી આ આત્માને સ્ત્રી-પુત્ર -ધન-પરિવારાદિ કરતાં પણ શરીર અતિશય વધુ મમતાનું ક્ષેત્ર છે, તેને જ દેહાધ્યાસ કહેવામાં આવે છે. આ દેહાધ્યાસ જ ધર્મકાર્યોમાં વિઘ્નભૂત બને છે,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને તેથી બળની નિગૂહના કરવાની વૃત્તિ જન્મે છે, પરંતુ અનંત ભવોએ પણ દુર્લભ એવો આ માનવભવ, જૈનધર્મ, અને રત્નયત્રીનો જે યોગ મળ્યો છે, તે અતિશય દુર્લભ છે, માટે મોહનો પરાભવ કરવા માટે દેહાધ્યાસ ત્યજીને શક્ય બને તેટલું બળનું અનિગુહન કરી ધર્મકાર્યોમાં લીન થવું.

ધર્મકાર્યો કરતી વખતે શરીરની સુખશીલતા વૃત્તિ જે સેવવામાં આવે છે, તે મોહદશા છે. ઉપસર્ગો અને પરિષહો સહન કરવાની પણ અંશે અંશે ટેવ પાડવી જોઈએ. ગામાનુગામ વિહાર કરતાં કરતાં આહાર નિહાર અને વિહારોની પ્રતિકુળતાઓ ઉપસ્થિત થાય તો પણ આત્મા શમભાવ રાખી કર્મ નિર્જરા સાધી શકે- એવો આત્મા સહનશીલ બનાવવો. અન્યથા આર્તધ્યાનથી કર્મબંધ જ થયા કરે માટે ધર્મકાર્યોમાં સુખશીલતા ત્યજી બળનું અનિગૂહન કરવું.

## (૫) સર્વત્ર પ્રશમભાવે પ્રવૃત્તિ

પ્રતિક્રમણ - પડિલેહણ - ગોચરીચર્યા - સ્વાધ્યાય - વાચના - વિનય આદિ સર્વ ધર્મકાર્યો પ્રશમભાવ પૂર્વક કરવાં, સાનુકુળ અને પ્રતિકુળ સંજોગોમાં મનની સમવૃત્તિ રાખવી, ક્ષમાદિ દશવિધ યતિધર્મોનું શક્ય તેટલું યથાર્થ પાલન કરવું. અનાદિ કાલીન મોહની વાસનાના બળે આ આત્મા જે ધર્માનુષ્ઠાનમાં જોડાય છે તે કાળે તે પછીના મનમાં કરવા માટે ધારેલા ધર્માનુષ્ઠાનની તાલાવેલીથી ચાલુક્રિયામાં "**જલ્દી** કરો **જલ્દી** કરો" એમ અધીરાઈ આવી જાય છે અને તેના પછીની બીજી ક્રિયામાં જોડાય ત્યારે તેની પછીની ત્રીજી ક્રિયાની ઉત્સુક્તાથી આ બીજી ક્રિયા પણ અપ્રશાન્ત ચિત્ત વાળી બની જાય છે. આવા પ્રકારના ચિત્તના આઠ દોષોને ત્યજવા પૂર્વક સ્વીકૃત ધર્મક્રિયામાં દત્તચિત્ત બની કષાયોનો વિજય કરી પ્રશાન્તભાવવાળા બનવું.

## (૬) ગુરુઆજ્ઞામાં નિજલાભ ચિંતન :-

ગુરુજીના વચનને અનુસરવામાં જ કર્મોની નિર્જરા થવા સ્વરૂપ નિજલાભચિંતન = મને મારા આત્માનો લાભ પ્રાપ્ત થવાનો છે એમ વિચારવું. તે કેવી રીતે વિચારવું? તો આચાર્ય શ્રી જણાવે છે કે :- અતિશય નિઃસ્પૃહ, તરણતારણ, પૂર્ણઆત્માર્થી, પરમોપકારી એવા આ ગુરુજી મને પુત્રની જેમ ઘણા જ વાત્સલ્યભાવથી દરરોજ ધર્મોપદેશ આપે છે, તેઓ મારો ઘણો જ અનુગ્રહ કરે છે, અર્થાત્ અતિશય ઉપકાર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરે છે. જે આ રીતે શારીરિક પરિશ્રમ, કાળક્ષેપ આદિને ગણકાર્યા વિના સતત દેશનાનો ધોધ વરસાવે છે. વળી ચિત્ર-વિચિત્ર એટલે કે અનેક પ્રકારના શારીરિક રોગોથી પીડાતા દર્દીને રોગના યથાર્થ નિદાન અને યથાર્થ ઔષધ આપનારા સુવૈદ્યો આ જગતમાં પ્રાપ્ત થવા જેમ દુર્લભ છે, તેમ રાગ-દ્વેષાદિ ભાવરોગોથી પીડાતા અર્થાત્ અભિભૂત થયેલા એવા મને આવા વીતરાગપ્રભુ પ્રણીત યથાર્થ મોક્ષમાર્ગના ઉપદેશક તરણતારણ ગુરુ પ્રાપ્ત થવા અતિદુર્લભ છે. જેવી રીતે જંગલમાં ભૂલા પડેલાને સાચો માર્ગ બતાવનાર મળવા દુર્લભ છે, તેવી રીતે આવા ગુરુ મળવા દુર્લભ છે. ઈત્યાદિ ઉદાહરણોથી ગુરુજીની નિશ્રામાં પોતાના આત્માને પ્રાપ્ત થતા લાભો વિચારવા.

માર્ગ ઉપર આવવાને યોગ્ય એવા જે પાત્ર શિષ્યો જણાય, તેના ઉપર ગુરુજી કોઈ વખત પ્રસન્નતા પણ બતાવે અને કોઈ વખત ઉદાસીનતા પણ બતાવે, કોઈ વખત વાત્સલ્યતા પણ બતાવે અને કોઈ વખત તિરસ્કાર પણ બતાવે. જે જીવોનું જે પ્રકારે હિત થાય તેમ દેખાય તે જીવો ઉપર તે રીતે વર્તે. આવી ગુરુઓની પરસ્પર વિરુદ્ધ દેખાતી પ્રવૃત્તિઓ પણ શિષ્યહિત માટે જ હોય છે. ગુરુજીનો અનુગ્રહ જેમ ઉપકારક છે. તેમ નિગ્રહ કરવા રૂપ કૃપા પણ ઉપકારક છે. વિદ્યાર્થીઓ પ્રત્યે લાગણીશીલ અધ્યાપકો જેમ ક્યારેક વાત્સલ્યથી ભણાવે તેમ ક્યારેક શિક્ષા પણ કરે, ગુસ્સો પણ કરે અને માર પણ મારે, પરંતુ તેઓના તે સર્વપ્રસંગોમાં જ્ઞાનપ્રાપ્તિ રૂપ શિષ્યહિત જ હોય છે.

માત્ર એકલી મીઠાસ વરસાવનારા, મસ્કાબાજ ગુરુઓ શિષ્યોના સાચા હિતેચ્છુઓ નથી, ભારે તાવ (આકરો તાવ) વિગેરે રોગોને દૂર કરવા સુવૈદ્યો અત્યન્ત કડવી દવા પણ આપે, દવા ન લે તો ઠપકો - ગુસ્સો પણ કરે, અને આંખ લાલ કરીને કડવી દવા પણ પાય છે. તે સર્વ પ્રસંગોમાં સર્વત્ર રોગીનું હિત જ સમાયેલું છે. તેની જેમ શિષ્યોમાં રહેલા અનાદિના ઘર કરીને ગાઢ થઈને જામેલા દોષોને દૂર કરવા ક્યારેક મીઠાસથી ઉપદેશ આપે તેમ ક્યારેક શિક્ષા - ઠપકો - ગુસ્સો પણ કરે અને ક્વચિત્ તાડન પણ કરે, સર્વત્ર હૃદયમાં શિષ્યહિત જ હોય છે. આત્મહિતના લાભ માટે આવી શિક્ષા અને તાડન પ્રાપ્ત થાય એ પણ અસીમગુરુકૃપા જ છે. એમ વિચારવું. ॥ ૩૪ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણ :- तथा** = વળી અન્ય પણ સાધુને યોગ્ય ઉપદેશ જણાવે છે :-

**संवरणिच्छिद्दत्तं[1], सुद्धंछुञ्जीवणं[2] सुपरिशुद्धं[3] ।**
**विहिसज्झाओ[4] मरणादवेक्खणं[5] जइजणुवएसो[6] ॥ ३५ ॥**

**"संवरनिश्छिद्रत्वं" आश्रवनिच्छिद्रत्वं यतेरुपदेशः । संवरच्छिद्रं हि गिरिशिखरात् पातालतलपातः । तथा "शुद्धोञ्छजीवनं" आधाकर्मादित्यागेन सुपरिशुद्धं कल्पनीत्यनुसारतः । तथा "विधि स्वाध्यायः" = विधिना वन्दनादिलक्षणेन वाचनाद्यनुष्ठानम् तथा "मरणाद्यपेक्षणं = मरण प्रमादजकर्मफलाद्यपेक्षणं, "यतिजनोपदेशः" इत्ययमेवम्भूतो यतिजनस्योपदेशः। इति गाथार्थः ॥ ३५ ॥**

**ગાથાર્થ :-** (૭) સંવરના કાર્યોમાં નિશ્છિદ્ર બનવું, (૮) નિર્દોષ ગોચરી ચર્યાનું સુપરિશુદ્ધ પાલન કરવું, (૯) વિધિપૂર્વક સ્વાધ્યાય કરવો, (૧૦) પ્રતિદિન મરણ નિકટ આવે છે, એમ નિરીક્ષણ કરવું. આવા પ્રકારનો દસ પ્રકારે ધર્મોપદેશ મુનિઓને ગુરુજીએ આપવો. ॥ ૩૫ ॥

**ટીકાનુવાદ** - (૭) સંવરમાં નિશ્છિદ્રતા

સાધુ જીવનમાં કર્મોને રોકવા માટે ૫૭ ભેદો વાળો સંવરધર્મ પ્રાપ્ત થયો છે. (૫ સમિતિ, ૩ ગુપ્તિ, ૧૦ યતિધર્મ, ૧૨ ભાવના, ૨૨ પરિષહો અને ૫ ચારિત્ર) "અહિંસા સંયમ અને તપ" એ ત્રણ પ્રકારનો ધર્મ દશવૈકાલિકમાં કહ્યો છે તે ત્રણમાં "અહિંસાધર્મ" એ સાધ્ય છે. "સંયમધર્મ" એ સાધન છે. અને "તપધર્મ" એ અતિચારોની શુદ્ધિ છે. આ ત્રણે પ્રકારના ધર્મમાં મોહરૂપી ચોરો ઘૂસી ન જાય તેટલા માટે જ ૫૭ ભેદોવાળા સંવરની મુનિના આત્માએ દિવાલ બનાવી છે. હવે જો તે દિવાલમાં છિદ્ર પડી જાય તો મોહરૂપી ચોરો અંદર ઘૂસી જાય અને પ્રાપ્તધર્મનો વિનાશ કરી નાખે માટે આ ૫૭ ભેદોવાળા સંવર રૂપ દિવાલમાં આશ્રવો રૂપી છિદ્રો પડવા દેવા જોઈએ નહીં, પ્રાપ્તસંવરને નિશ્છિદ્ર રાખવો એટલે તે સંવરમાં આશ્રવો રૂપી છિદ્રતાથી રહિતપણું પ્રાપ્ત કરવું. જો આ પ્રાપ્ત સંવરધર્મ છિદ્રવાળો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બને તો ઉંચા એવા પર્વતના શિખર ઉપરથી પાતાળના તળીયે પડવા જેવું બને, કારણ કે મહાદુર્લભ એવા આ સાધુધર્મની પ્રાપ્તિ રૂપ શિખર ઉપર અનેકવિધ મુશ્કેલીઓથી ચડીને પણ મોહરૂપી શત્રુઓ ઘૂસી જવાથી આ આત્માનું પાતાલપતનની જેમ અધઃપતન થાય છે, માટે પોતાના આત્મહિત માટે છિદ્રો પડવા દેવાં નહીં.

(૧) આત્મપ્રશંસા, (૨) પરનિન્દા, (૩) રસલાલસા, (૪) કામવાસના અને (૫) કષાયો આ પાંચ છિદ્રો કહેવાય છે. એમ ઉપદેશમાલામાં શ્રી ધર્મદાસગણિએ કહ્યું છે.

**सुट्ठु वि उज्जममाणं, पंचेव करिंति रित्तयं समणं ।**
**अप्पथुई परनिंदा, जिब्भोवत्था कसाया च ।। ७२ ।।**

## (૮) શુદ્ધ ઉગ્છજીવન - ગોચરીચર્યા જીવન

આધાકર્માદિ ગોચરીચર્યાના ૪૨ દોષો વર્જીને અત્યન્ત સાવધાનીપૂર્વક પરિશુદ્ધ પણે આહારાદિનું લાવવું - વાપરવું ઈત્યાદિ કાર્ય કરવું. સાધુના નિમિત્તે બનાવેલી ગોચરી વાપરવી તે આધાકર્મી, ગૃહસ્થને આગળ - પાછળ રસોઈ બનાવવી પડે તે રીતે ગોચરી વહોરવી તે પૂર્વકર્મ અને પશ્ચાત્કર્મ, આવા પ્રકારના સાધુજીવનને ઉદ્દેશી ગોચરીના ૪૨ દોષો છે, તે દોષોનો ત્યાગ કરી શુદ્ધ આહારનું લાવવું તે બાહ્યથી શુદ્ધિ કલ્પનીતિ= સાધુજીવનના આચારોની નીતિને અનુસારે પાળવી. તથા આહાર લાવ્યા પછી વાપરતી વખતે માંડલીના પાંચ દોષો ત્યજીને આહાર વાપરવો તે અભ્યન્તરશુદ્ધિ પણ કલ્પનીતિને અનુસારે પાળવી. સંયોજનાદિ પાંચ દોષો ત્યજવા તે અભ્યંતર શુદ્ધિ અને આહાર લાવવાના ૪૨ દોષ ત્યજવા તે બાહ્યશુદ્ધિ એમ બન્ને શુદ્ધિ સાચવવાપૂર્વક આહાર ગ્રહણ કરવો. ઉપદેશમાલામાં માંડલીના ભોજનના પાંચ દોષો શ્રી ધર્મદાસગણિએ આ પ્રમાણે કહ્યા છે કે જે શ્રી ધર્મદાસગણિ પ્રભુ શ્રી મહાવીરસ્વામીના હસ્તદીક્ષિત હતા.

**संजोअइ अइबहुअं, इंगाल सधूमगं अणट्ठाए ।**
**भुंजइ रूवबलट्ठा, न धरेइ अ पायपुंछणयं ।। ३६९ ।।**

## (૯) વિધિપૂર્વક સ્વાધ્યાય કરવો -

ગુરુને વંદનાદિ કરવા પૂર્વક સાધુઓએ નિત્ય સ્વાધ્યાય કરવો. આ સ્વાધ્યાય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ એક અભ્યન્તરતપ છે. આત્માની પરિણતિને અતિશય નિર્મળ બનાવવામાં પ્રધાનતમ કારણ છે. ઉત્તમ આલંબન વિના ગમે ત્યાં ભટકતું મન વિષય-વિકાર અને વાસનાઓ તરફ ખેંચાતાં સંસારાભિમુખતા વધતાં આત્માનું પતન થાય છે. માટે સાધુએ સતત સ્વાધ્યાય અવશ્ય કરવો. નવા-નવા ગ્રંથોનું દોહન કરતાં, ભક્તિગીતો ગાતાં, સંવેગ-નિર્વેદગર્ભિત આત્મ પરિણતિનો જે રસાસ્વાદ આવે છે તે તો તેના અનુભવી જ જાણી શકે.

વાચના-પૃચ્છના, પરાવર્તના - અનુપ્રેક્ષા અને ધર્મકથા સ્વરૂપ પાંચ પ્રકારનો આ સ્વાધ્યાય એ પણ એક પ્રકારનો અભ્યંતર તપ છે. બાહ્યતપ પણ આ અભ્યંતર તપની વૃદ્ધિ અને પુષ્ટિ માટે જ છે. અનાદિ કાળથી આ આત્મામાં ઉંડા પડેલા મોહના દોષોને સ્વાધ્યાય દ્વારા થતી આત્મરમણતા જ દૂર કરી શકે માટે સ્વ-પર કલ્યાણકારક એવો સ્વાધ્યાય સાધુએ અવશ્ય કરવો જોઈએ.

તથા આ સ્વાધ્યાય વિધિપૂર્વક કરવો એટલે કે ભક્તિ - બહુમાનથી દેવ - ગુરુને પ્રણામ કરીને, વાચના આપનારા પ્રત્યે હાર્દિક અત્યન્ત સદ્ભાવ ધારણ કરીને, સેવા -શુશ્રૂષા અને ભક્તિનો પરિણામ રાખીને, હૈયામાં પૂજ્યતાની પરાકાષ્ઠા ધારણ કરીને, જ્ઞાન-જ્ઞાની-જ્ઞાનનાં સાધનો પ્રત્યે અતિશય આદરમાન આદરીને સાધુઓએ નિત્ય સ્વાધ્યાય કરવો. આવા પ્રકારનો ઉપદેશ ગુરુજીએ સાધુઓને આપવો.

**(૧૦) મરણ અપેક્ષણ -**

મરણ બે પ્રકારનાં છે : (૧) દ્રવ્યમરણ અને ભાવમરણ. ઈન્દ્રિયાદિ દશવિધ દ્રવ્યપ્રાણોનો જે વિયોગ તે દ્રવ્યમરણ. જન્મ્યા ત્યારથી જ જેમ જેમ દિવસો જાય છે, તેમ તેમ આ દ્રવ્યમરણ નીકટ આવી રહ્યું છે. અમદાવાદથી ઉપડેલી ગાડી જેમ જેમ માઈલો કાપે તેમ તેમ મુંબઈ નીકટ આવે છે તેની જેમ, જેમ જેમ સમય જાય છે તેમ તેમ મરણ નિકટ આવતું હોવાથી આ આત્મા વ્યવહારથી મોટો થાય છે. પરંતુ જે માનવજીવન જીવવાનું છે તે અલ્પ થતું જતું હોવાથી નિશ્ચયથી નાનો થતો જાય છે એમ વિચારવું. જો હું ચેતીશ નહીં તો મરણ આવીને ઉભું જ રહેશે, અને આવેલું મરણ તમારાં કામો પુરાં થયાં છે ? કે નથી થયાં ? એવી રાહ જોતું નથી. તેમજ કોઈથી પણ નિવારી શકાતું નથી. માટે હે આત્મા ! તું ચેતી જા.

આત્માનું પૌદ્ગલિક ભાવોમાં અંજાવું - તન્મય બનવું - સંસારિક સુખોની અતિશય આસક્તિ તે પ્રમાદ કહેવાય છે. તેને ભાવમરણ કહેવાય છે. આ બન્ને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકારનાં મરણો પ્રત્યે આવો વિચાર કરવો.

આ જીવન વિજળીના ચમકારા જેવું ક્ષણભંગુર છે. ભરયુવાવસ્થામાં વર્તતા આત્મા મરણ પામે છે. હાર્ટ ફેઈલ, એક્ષીડેન્ટ, અને અસાધ્ય રોગ આદિથી અકાલે મૃત્યુ પામતા જીવો નજરે દેખાય છે. તો પછી હે આત્મા ! તું અમર રહેવાનો છે એમ કેમ કહી શકાય ? પ્રતિદિવસે મરણ નજીક જ આવે છે. ક્યારે આવશે તે નક્કી નથી પરંતુ આવવાનું છે તે નક્કી છે જ. ફરીથી આવા દુર્લભ સાનુકુળ સંજોગો પ્રાપ્ત થવા મુશ્કેલ છે. માટે હે આત્મન્ ! વેલાસર ધર્મારાધન કરી લે.

પ્રમાદથી બેફામ પાપકર્મો તું બેફીકરાઈથી કરે છે. પરંતુ તે કર્મોનાં ફળો ભવાન્તરમાં તારે જ ભોગવવાનાં છે. ભોગવ્યા વિના છુટકારો થતો નથી. પ્રમાદજન્ય કર્મોનાં ફળો જ્યારે ભોગવવાનાં આવશે ત્યારે સુંદર સમજણવાળો આ માનવભવ નહીં હોય. નરક - નિગોદાદિના અત્યન્ત દુઃખી અજ્ઞાની અને પરવશ ભવો હશે ત્યારે હે આત્મન્ ! તું શું કરી શકીશ ? ત્યાં આર્ત-રૌદ્રધ્યાનથી નવાં કર્મો જ બાંધીશ, માટે વેલાસર ચેતી જા અને આવા મરણોને જોઈને આત્મસાધન કરી લે.

આ પ્રમાણે ગાથા - ૩૩ - ૩૪ - ૩૫ એમ ત્રણ ગાથામાં કહેલો સંક્ષેપમાં કુલ ૧૦ પ્રકારનો સદુપદેશ ઉત્તમગુરુજીએ પોતાના શિષ્યોને તેઓના આત્મહિત માટે નિઃસ્પૃહભાવે અવશ્ય આપવો. અમે સંક્ષેપમાં તેનો અર્થ સમજાવ્યો છે. છતાં અનુભવી ગીતાર્થ મહાત્માઓએ બીજા બીજા દૃષ્ટાન્તો અને દલીલો આપીને શિષ્યોને આ સદુપદેશ તેઓના આત્મામાં સમવતાર પામે તે રીતે વિસ્તારથી સમજાવવો. અતિશય સંક્ષેપમાં દશવિધ ઉપદેશ આ પ્રમાણે-

| | |
|---|---|
| (૧) ગુરુકુલવાસ | (૬) ગુરુવચનમાં આત્મલાભ ચિંતન |
| (૨) ઉચિત વિનયકરણ | (૭) સંવરમાં નિશ્છિદ્રતા |
| (૩) વસતિ પ્રમાર્જનાદિ | (૮) શુદ્ધ ઉચ્છજીવન |
| (૪) વીર્યનું અનિગૂહન | (૯) વિધિપૂર્વક સ્વાધ્યાયકરણ |
| (૫) સર્વત્ર પ્રશમભાવે પ્રવૃત્તિ | (૧૦) મરણ અપેક્ષણ. |

ઉપરોક્ત દશવિધ ઉપદેશ જાણવો. ॥ ૩૫ ॥

**[२]उवएसोऽ[१]विसयम्मी, [३]विसए [४]वि [५]अणीइसो [६]अणुवएसो ।**
**[८]बंधनिमित्तं [७]णियमा, [१०]जहोइओ [९]पुण [१२]भवे [११]जोगो ॥ ३६ ॥**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"उपदेशः"= अनन्तरोदितः सामान्येन वा "अविषये"=अपुनर्बन्धका--दित्रयादन्यत्र संसाराभिनन्दिनि अनुपदेश इति सम्बन्धः । तत्त्वावबोधादिकार्याकरणाद् विपर्ययसाधनाच्चेति । उक्तं च :-

अप्रशान्तमतौ शास्त्रसद्भावप्रतिपादनम् ।
दोषायाभिनवोदीर्णे शमनीयमिव ज्वरे ॥ (લોકતત્ત્વ-૧)

इत्यनुपदेशः । तथा "विषयेऽपि" = अपुनर्बन्धकादौ "अनीदृशः" उक्तविपरीतः क्षयोपशमानुगुण्याभावेन अनुपदेशः, पुरुषमात्रापुरुषवद् विशिष्टस्वकार्याकरणात् । अयं चैवम्भूत उपदेशोऽनुपदेशः । किम् ? इत्याह बन्धनिमित्तं नियमात्, श्रोत्रनिष्टापादनाद आज्ञाविराधनाच्च । अत इत्थं न कार्यः । "यथोदितः पुनः" = आज्ञापरिशुद्धया भवति योगः, मोक्षेण योजनात् । इति गाथार्थः ॥ ३६ ॥

**ગાથાર્થ** :- ઉપદેશના અવિષયમાં (એટલે કે અપાત્રમાં) અપાતો ઉપદેશ, તથા ઉપદેશના વિષયમાં (એટલે કે પાત્રમાં) પણ અનીદશ= એટલે ઉપર સમજાવ્યું તેનાથી વિપરીત એવો જે ઉપદેશ તે અનુપદેશ કહેવાય છે. કારણ કે તે નિયમા કર્મબંધનું કારણ બને છે, પરંતુ યોગ્ય પાત્રવ્યક્તિને અપાતો યથોદિત ઉપદેશ તે જ યોગ કહેવાય છે. ॥ ૩૬ ॥

**ટીકાનુવાદ** :- અપુનર્બન્ધકાદિ ત્રણ[1] પ્રકારની વ્યક્તિઓ ઉપદેશને યોગ્ય છે. (૧) અપુનર્બન્ધક, (૨) અવિરત સમ્યગ્દષ્ટિ (૩) અને દેશ તથા સર્વ ચારિત્ર સંપન્નાત્મા. આ ત્રણ પ્રકારના જીવોથી અન્યત્ર એટલે કે સંસારને જ ઘણું અભિનંદન આપનારા એવા સંસારરસિક જીવોમાં અનન્તરમાં (હમણાં ઉપરની ગાથા-૨૫થી ૩૫માં) કહેલો ધર્મોપદેશ અથવા સામાન્યથી કોઈ પણ પ્રકારનો ધર્મોપદેશ આપવો તે અનુપદેશ જ છે. કારણ કે વાસ્તવિક યથાર્થ તત્ત્વબોધ થવા રૂપ કાર્ય અને તેનાથી ધર્માભિમુખતા સંવેગ, વૈરાગ્ય, સમ્યક્ત્વ આદિ ધર્મકાર્યો કરવામાં આ ઉપદેશ અકરણ બને છે. તથા વિપરીત પાત્ર હોવાથી વિપરીત ફળ આપવામાં સાધન બને છે.

---

(૧) અહિ દેશચારિત્રવાન્ અને સર્વચારિત્રવાન્ પણે સાથે ગણી ને ત્રણ પ્રકાર કહ્યા છે. હકિકતથી જે ચાર પાત્રો છે તેનો જ ત્રણમાં સમાવેશ થાય છે. (૧) અપુનર્બન્ધક (૨) અવિરતસમ્યગ્દષ્ટિ (૩) દેશ તથા સર્વ એમ બન્ને પ્રકારના ચારિત્રવાન્.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટીનો કાચો ઘડો અને આગમાં પકાવેલો પાકો ઘડો, એમ બન્ને ઘટપણે સમાન હોવા છતાં કાચો ઘડો જલાધારમાં અપાત્ર હોવાથી જો તેમાં પાણી ભરવામાં આવે તો જલાધાર થવા સ્વરૂપ કાર્ય કરવામાં તો અકરણ બને જ. પરંતુ કાચો ઘડો ફુટી જવા રૂપ વિપરીત ફળને પણ આપે છે. જેમ સર્પને પાવામાં આવતું દુધ વિષવર્ધક જ બને છે. ભવાભિનન્દી જીવો ભોગના ખુબ જ વિલાસી છે. તેથી જ અહંકારી, કદાગ્રહી, કુટિલ અને અપ્રજ્ઞાપનીય છે. માટે તેવાને અપાતો ઉપદેશ આત્મહિત સાધવામાં અકરણ (અસાધન) બને છે અને વિપરીતકાર્ય કરવામાં સાધન બને છે તેથી ત્યાં અપાત્રમાં અપાંતો આ ઉપદેશ અનુપદેશ છે એમ જ્ઞાનીઓ કહે છે. આ જ કારણથી ચંડકૌશિક જેવાને સામેથી સમજાવવા જનારા પ્રભુ શ્રીમહાવીર સ્વામી સામેથી નિકટ આવેલા સંગમદેવને સમજાવવામાં મૌન રહ્યા, કારણ કે ચંડકૌશિક પ્રજ્ઞાપનીય હતો અને સંગમ અપ્રજ્ઞાપનીય હતો. માટે જયાં ત્યાં ઉપદેશ આપવો નહીં.

લોકતત્ત્વસાર નામના ગ્રંથમાં કહ્યું છે કે :-

''શરીરમાં નવો જ શરૂ થયેલો તાવ જલ્દી શમાવવામાં આવે તો અંદરથી ગરમી ન નીકળેલી હોવાથી દોષ માટે જ થાય છે. અર્થાત્ ઉતર્યા પછી ડબલવેગે તાવ આવે છે. તેની જેમ અપ્રશાન્તમતિવાળા જીવોમાં શાસ્ત્રોનાં રહસ્યોનું પ્રતિપાદન પણ દોષ માટે જ થાય છે.''

તથા અપુનર્બન્ધકાદિ ૩/૪ પ્રકારના ઉપદેશને યોગ્ય એટલે કે ઉપદેશના વિષયભૂત એવા આત્માઓમાં પણ જો અનીદશ એટલે કે ઉપર સમજાવ્યો તેમ અનુરૂપ નહિ પરંતુ વિરૂપ ઉપદેશ જો અપાય તો તે પણ અનુપદેશ જ કહેવાય છે. અહીં ઉપદેશને યોગ્ય વિષય ભૂત પાત્રો ચાર બતાવ્યાં અને તેઓને યોગ્ય ઉપદેશ પણ જુદો જુદો ચાર પ્રકારનો બતાવ્યો. હવે જે જે પાત્ર જે જે ઉપદેશને યોગ્ય હોય તે તે પાત્રને તે તે ઉપદેશ આપવો તે ક્ષયોપશમની વૃદ્ધિ કરનાર હોવાથી ઉપદેશ કહેવાય છે. પરંતુ અપુનર્બન્ધકને સર્વવિરતિનો, અને સર્વવિરતિધરને દેશવિરતિધરનો, અને દેશવિરતિધરને અપુનર્બન્ધકપણાનો, એમ આડા - અવળો અસ્ત - વ્યસ્ત ઉપદેશ આપવો તે ક્ષયોપશમની અનુગુણતાને અનુસરનાર ન હોવાથી ક્ષયોપશમને અનુરૂપ ન હોવાથી અનુપદેશ જ કહેવાય છે.

આ વિષય સમજાવવા આચાર્યશ્રી એક દૃષ્ટાન્ત સમજાવે છે કે બહારથી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુરુષ રૂપે માત્ર દેખાતી વ્યક્તિ અંદરથી અપુરુષ (નપુંસક) હોય તો સંતતિજન્માદિ રૂપ સ્વકાર્ય જેમ કરી શક્તિ નથી, તેની જેમ અવિષયમાં અપાતો આ ઉપદેશ પણ સ્વકાર્ય કરવામાં અસમર્થ છે, માટે અનુપદેશ જ છે. તથા અયોગ્યમાં અપાતો આવા પ્રકારનો આ ઉપદેશ અનુપદેશ કેમ છે ? તો જણાવે છે કે એક કારણ એ છે કે નિયમા કર્મબંધનું કારણ બને છે. જ્યાં સુધી પાત્રતા નમ્રતા અને પ્રજ્ઞાપનીયતા પ્રગટી ન હોય અને અહંકાર - આવેશાદિ જોરમાં હોય ત્યારે અપાતો ઉપદેશ વધુ રોષ ઈર્ષ્યા દાઝનું કારણ બનવાથી તે જીવને વધુ ને વધુ ચીકણાં કર્મો બાંધવાનું કારણ બને છે.

બીજું કારણ એ છે કે શ્રોતાઓને અનિષ્ટ (અપ્રીતિ - અરૂચિ) ઉત્પન્ન કરનાર છે. જે જીવો હજુ ભવાભિનન્દી જ છે, સંસારસુખમાં જ મસ્ત છે. તેઓને ધર્મનો માર્ગ સાંભળતાં જ અરૂચિ - દ્વેષ ઉત્પન્ન થાય છે. વધારે ને વધારે વેર-ઝેરનું કારણ બને છે. તેના તરફથી અસહ્ય ઉપસર્ગ પરિષહો આવવાનો પણ સંભવ છે.

અને ત્રીજું કારણ એ છે કે તીર્થંકર ભગવાનની આજ્ઞાની વિરાધના છે. અપાત્રમાં દેશના અનર્થકારી હોવાથી ભગવાનની આજ્ઞા નથી, છતાં જો આપણે દેશના આપીએ તો ભગવાનની આજ્ઞાની વિરાધનાનો દોષ લાગે છે.

આ પ્રમાણે અવિષયમાં કરાતો ઉપદેશ, અને વિષયમાં પણ અયોગ્ય રીતે કરાતો ઉપદેશ તે અનુપદેશ છે. માટે વિષયમાં (જે જે પાત્ર જે જે ઉપદેશને યોગ્ય હોય તે તે પાત્રમાં તેને તેને) યોગ્ય જો યથોદિત ઉપદેશ આપવામાં આવે તો તે કલ્યાણકારી - આત્મહિત કરનાર અને કહેનાર તથા સાંભળનારના આત્માને મોક્ષની સાથે જોડનાર હોવાથી તીર્થંકર ભગવાનની આજ્ઞા વડે પરિશુદ્ધ એવો આ યોગ્યને યોગ્ય ઉપદેશ આપવો તે જ યથાર્થ "**યોગ**" કહેવાય છે. ॥ ૩૬ ॥

**અવતરણ :- एवं सामान्येन उपदेशानुपदेशे प्रयोजनमभिधाय प्रत्यपायपरिजिहीर्षया विशेषतोऽभिधित्सुराह-**

આ પ્રમાણે અપાત્રને અપાતો અને પાત્રને અયોગ્ય રીતે અપાતો ઉપદેશ તે અનુપદેશ છે. તે બાબતમાં સામાન્યથી પ્રયોજન બતાવીને હવે પ્રત્યપાય રૂપ = પાપ સ્વરૂપ એવા ઉપદેશને ત્યજાવવાની ઈચ્છાથી આચાર્યશ્રી તે જ અનુપદેશની બાબતમાં વિશેષથી પ્રયોજન જણાવે છે :-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[२]गुरुणो [१]अजोगिजोगो, अच्चंतविवाग[३]दारुणो [४]णेओ ।
[५]जोगीगुणहीलणा, [६]णट्ठणासणा [७]धम्मलाघवओ ॥ ३७ ॥

''गुरोः''- आचार्यस्य योगिनः इत्यर्थः, ''अयोगियोगः'' अयोगिव्यापारो विपरीतोपदेशादिः अत्यन्तविपाकदारुणो ज्ञेयः अतिशयेन दारुण इत्यर्थः । कुतः ? इत्याह योगिगुणहीलनात् कारणात् । एवं हि विडंबकप्रतिपत्तिन्यायेन तद्गुणा हीलिता भवन्ति । ''उत्तमपदस्थस्य तद्धर्माननुपालनमघोषणा विडम्बना इति वृद्धाः । तथा नष्टनाशनात् = नष्टा एते प्राणिनोऽयोग्यतया विपरीतोपदेशेन नाशिता भवन्ति । तथा ''धर्मलाघवात्'' हेतोः विपरीतोपदेशाद्धि तत्त्वाप्रतिपत्त्या वितथासेवनेन धर्मलाघवम् । इतिगाथार्थः ॥ ३७ ॥

**ગાથાર્થ :-** અયોગિમાં (યોગને યોગ્ય એવા જ પાત્રોથી ભિન્ન એવા ભવાભિનન્દિ જીવોમાં) કરાયેલો યોગનો ઉપદેશ ગુરુજીને અત્યન્ત દારુણવિપાક આપનાર સમજવો, તેનાં ત્રણ કારણો જાણવાં (૧) યોગીઓના ગુણોની અવહેલના થાય છે. (૨) નષ્ટનું (પતિતનું) વધારે નાશન (પતન) થાય છે. અને (૩) જિનેશ્વર પ્રભુના ધર્મની લઘુતા થાય છે. ॥ ૩૭ ॥

**ટીકાનુવાદ :-** ઉપદેશક એવા જે આચાર્યભગવન્ત અયોગિ[૧]વ્યાપાર કરે, એટલે કે (૧) અયોગ્યને ઉપદેશ આપે, અથવા (૨) વિપરીતોપદેશ આપે અર્થાત્ અપુનર્બન્ધકને સર્વવિરતિ આદિની જેમ જે જીવને જે ઉપદેશ યોગ્ય ન હોય તે જીવને તે ઉપદેશ આપે, તો આ બન્ને પ્રવૃત્તિઓ સ્વરૂપ 'અયોગિવ્યાપાર' ઉપદેશક એવા આચાર્યને અતિ ભયંકર કર્મવિપાક સ્વરૂપ ફળને આપનાર બને છે. ઉપદેશ આપવો એ કેટલી જવાબદારીભર્યું કાર્ય છે ? ઉપદેશક થતાં પહેલાં પોતે તેવા યોગ્ય - ગંભીર- વિચક્ષણ - આત્માર્થી અને પાત્રાપાત્રના જાણ બનવું પડે છે. જો ગફલત થઈ જાય તો પરનું અહિત કરવા રૂપ ચીકણું અને વિપાકમાં દારૂણ એવું કર્મ બંધાઈ જાય છે. અપાત્રને ઉપદેશ આપવાથી અને યોગ્યપાત્રને અયોગ્ય ઉપદેશ આપવાથી

(૧) આ ગાથામાં કહેલા ''અયોગિયોગ'' શબ્દના બે અર્થો સંગત થાય છે. એ ક અર્થ એ છે કે અયોગીને (ભવાભિનન્દિને) કરાતો ઉપદેશાત્મક જે યોગ તે ગુરૂજીને કર્મ બંધનું કારણ બને છે. બીજો અર્થ એ છે કે ગુરુજી યોગી હોવા છતાં અયોગ્યને ઉપદેશ આપવા રૂપ આચરેલો, યોગીને ન શોભે તેવો, અર્થાત્ અયોગીને શોભે તેવો યોગ-એટલે ઉપદેશાત્મક વ્યાપાર તે ગુરુજીને કર્મબંધનું કારણ બને છે. એમ બન્ને અર્થો અપેક્ષાથી અહિ સંગત થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નીચે મુજબ ત્રણ નુકશાનો મોટા પાયે થાય છે. તેથી ઉપદેશકને પણ તીવ્રકર્મબંધ થાય છે.

ક્યાં કારણોથી ? તો તે કારણો જણાવે છે -

(૧) યોગીના ગુણોની હિલના (નિન્દા) ઉપદેશક જે ગુરુજી છે તે યોગી છે. યથાર્થ યોગી છે. અને યોગી તરીકે જગતમાં પ્રસિદ્ધ છે. તે ગીતાર્થ છે. પરહિતકારક છે. છતાં અયોગ્યને ઉપદેશ આપે, અથવા યોગ્યને અનુચિત ઉપદેશ આપે તો તે અયોગ્ય વ્યક્તિ ગુરુજી ઉપર અને ધર્મ ઉપર રોષે ભરાય, ધર્મથી વધુ વિમુખ બને, ધર્મસ્થાનોમાં ગમે તે કારણોથી પણ આવતો હતો તે સદંતર બંધ થઈ જાય, તેને કાળાન્તરે ધર્મમાર્ગે વાળવાનું પણ અસંભવિત થઈ જાય. ધર્મ પ્રત્યેનાં દ્વેષનાં બીજ ઉંડાં રોપાઈ જાય. તમામ શ્રમણવર્ગ પ્રત્યે અપ્રીતિવાન્ બને. આવો વ્યવસાય જે યોગીએ કર્યો તે વ્યવસાય તે યોગીને ન છાજે તેવો છે એટલે 'અયોગિયોગઃ'' અયોગીને એટલે યોગી મહાત્માને ન શોભે તેવો ઉપદેશ આપવારૂપ જે યોગ સેવ્યો, વ્યવસાય સેવ્યો, વ્યાપાર કર્યો તે વ્યવસાય યોગી મહાત્માને તીવ્ર કર્મ બંધાવનાર છે. કારણ કે યોગી મહાત્મામાં જે ''યોગીપણું'' છે તેની જગતમાં હિલના (હાંસી - મશ્કરી) અર્થાત્ વિડંબના થાય, તથા યોગીની વિડંબના થયે છતે તે યોગી મહાત્મામાં બીજા પણ જે જે સારા ગુણો હોય તે ગુણો પણ આવા અયોગ્ય જીવો દ્વારા નિન્દિત કરાય. અયોગ્ય જીવો તેમના ગુણોની ચોરે અને ચૌટે નિન્દા કરે.

''જે વ્યક્તિ જે પદાધિરૂઢ હોય'' તે વ્યક્તિ જો તે પદને અનુસારે જીવન ન જીવે અર્થાત્ તે તે પદના ધર્મને અનુરૂપ પાલન જો ન કરે તો ગામમાં ઢંઢેરો પીટાયા વિના જ તે પદની, અને તે પદ ઉપર પ્રતિષ્ઠિત થયેલ વ્યક્તિની વિડંબના (નિન્દા) જગતમાં થાય છે. એમ વૃદ્ધ પુરુષો કહે છે.

''અનનુરૂપ ઉપદેશ આપવા'' રૂપ આચાર્યશ્રીની ''અનાવડતતા''ની (એટલે કે બીન અનુભવીપણાની) ધીરે ધીરે ચોતરફ પ્રસિદ્ધિ થતાં તે યોગીની અને તે યોગીના તમામ ગુણોની હિલના કરાયાનું મહાપાપ આવા ઉપદેશકને લાગે છે.

(૨) **नष्टनाशनात्** -

''પડેલાને વધારે પાડનાર હોવાથી'' વળી આ સંસારાભિલાષી જીવોને ભોગસુખો જ અતિપ્રિય હોવાથી ધર્મોપદેશને માટે અયોગ્ય છે. તીવ્ર મોહને લીધે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીચારા તે જીવો ઉપદેશની અયોગ્યતાને લીધે સાચા મોક્ષમાર્ગથી નષ્ટ થયેલા જ છે. સંસારમાં પડેલા જ છે. અને તેવાને ગુરુજી જો ધર્મોપદેશ આપે તો તે જીવોને વધારે ને વધારે અરૂચિ થાય, ધર્મ તરફ, ધર્મી તરફ, ધર્મના ઉપદેશ તરફ, ધર્મનાં સ્થાનો તરફ, ધર્મ કરનારા જીવો ઉપર અરૂચિ-દ્વેષ-અભાવ વધતો જાય, કોઈ બીજાં કારણોસર પણ ધર્મસ્થાનોમાં ક્વચિત્ પણ જે આવતા હતા તે પણ બંધ થઈ જાય અને ધર્મ તથા ધર્મી ઉપરના અતિદ્વેષને લીધે તીવ્ર મિથ્યાત્વ મોહનીય કર્મ બાંધે. તીવ્ર કષાયો વડે ચીકણાં કર્મો બાંધીને અનંત સંસારમાં રઝળે, એટલે આ જીવો ભવાભિનન્દિ હોવાથી મોક્ષમાર્ગથી તો પતિત = નષ્ટ હતા જ, પરંતુ તેવા અયોગ્યને ઉપદેશ આપવાથી અથવા જે આત્મા જે ઉપદેશને યોગ્ય નથી તેવા આત્માને તેવો વિપરીત ઉપદેશ આપવાથી અપ્રીતિ-દ્વેષ વધવાથી વધુ પતિત થાય છે. માટે અયોગ્યને અપાતો ઉપદેશ અને અનનુરૂપ (વિપરીત) અપાતો ઉપદેશ સંસારમાં પતિત એવા જીવોને દ્વેષ વધારવા દ્વારા વધારે પાડનાર બને છે.

**(૩) धर्मलाधवात्** –

"ધર્મની લઘુતા થવાના કારણથી" અયોગ્યને ઉપદેશ આપવાથી તથા અનનુરૂપ ઉપદેશ આપવાથી તે તે જીવોની તેટલી પાત્રતા, ક્ષયોપશમ, અને જિજ્ઞાસા ન હોવાથી જોઈએ તેવી તત્ત્વની પ્રતિપત્તિ (શ્રદ્ધા=રૂચિ) થાય નહિ, મન ફાવે તેમ સૂત્રાર્થો ગોઠવે, પોતાના મનમાનિત અર્થમાં સૂત્રને ખેંચી જાય, વિપરીત અર્થો કરે, યોગ્યતા ન હોવાથી અને તાત્ત્વિકરૂચિ ન હોવાથી અવિધિએ ધર્માનુષ્ઠાનો આચરે, દેખાદેખીથી અથવા દબાણથી ધર્માનુષ્ઠાનો આચરે, તેવાં આચરાતાં ધર્માનુષ્ઠાનો ગમે તેમ અવ્યવસ્થિત કરવાથી વિતથ=ખોટી રીતે આસેવન કરવાથી જગતમાં ધર્મની અવહેલના થાય, તથા ધર્મની લઘુતા થાય. તે જીવો ગમે તેમ વિતથ આચરણા કરે તે જોઈને બીજા જીવો પણ **"આ જ વિધિ હશે"** એમ સમજીને એવા અવિધિના જ માર્ગે વળે, પરંપરાએ ધર્મને બદલે અધર્મની જ વૃદ્ધિ થાય અને ધર્મ તો તદ્દન લઘુતાને જ પામી જાય. આ પ્રમાણે અયોગ્યને અપાતો ઉપદેશ અને અનનુરૂપ અપાતો ઉપદેશ કેટલો ભયંકર છે તે જણાવ્યું. માટે જ ઉપદેશક આત્માએ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવના બહુ જ વિચક્ષણ થવું. શાસનને અને સંઘને કદાચ લાભ ન થાય તો તો ઠીક છે. પરંતુ નુકશાન તો ન જ થાય તે બારીકાઈથી જોવું જોઈએ, પછી જ ઉપદેશ આપવો. ॥ ૩૭ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણ :- एवं सप्रसङ्गमुपदेशविधिमभिधाय एतत्परिणत्युत्तरकालं यत् कार्यं, तद्गतं विधिमभिधातुमाह-**

આ પ્રમાણે પ્રસંગપૂર્વક ઉપદેશ આપવાની તમામ વિધિને સવિસ્તર સમજાવીને તે ઉપદેશ શિષ્યોમાં પરિણામ પામ્યા પછી ત્યાર બાદ જે કાર્ય કરવા જેવું છે તે કાર્યગત વિધિ જણાવવા માટે કહે છે :-

**एयम्मि[१] परिणयम्मि,[२] पवत्तमाणस्स[४] अहिगठाणेसु[३] ।**
**एस[५] विही[६] अइनिउणं,[९] पायं[८] साहारणो[७] णेओ[१०] ॥ ३८ ॥**

**"एतस्मिन्"=उपदेशे परिणते भावप्रतिपत्तिद्वारेण । किम् ? इत्याह - प्रवर्तमानस्य सतः । क्व ? इत्याह - "अधिकस्थानेषु"=औचित्यापेक्षया तदुत्तरोत्तरगुणरूपेषु । किम् ? इत्याह- "एषः विधिः"= वक्ष्यमाणलक्षणः, "अतिनिपुणम्"= क्रियाविशेषणमेतत् । "प्रायः = बाहुल्येन अपुनर्बन्धकादिव्यवच्छेदार्थमेतत्, अणुव्रतादेरारभ्येति भावः । "साधारणः" सामान्यो ज्ञेयः ।"अतिनिपुणम्"प्रारब्धसिद्ध्यङ्गतया, विपर्यये विपर्ययभावात् । इति गाथार्थः। ॥ ३८ ॥**

**ગાથાર્થ** :- ઉપરની ગાથાઓમાં (૨૫થી ૩૭માં) કહેલો એવો તે તે જીવોને યોગ્ય તે તે ઉપદેશ તે તે જીવોમાં પરિણત થયે છતે અધિક અધિક ગુણોમાં પ્રવર્તમાન એવા તે તે જીવોને હવે કહેવાતો આ ધર્મકાર્ય કરવાનો વિધિમાર્ગ પ્રાયઃ સાધારણપણે અતિશય નિપુણતાપૂર્વક શ્રોતાઓએ પોતે જ જાણવા જેવો છે. ॥ ૩૮ ॥

**ટીકાનુવાદ** :- ઉપરોક્ત ગાથા ૨૫ થી ૩૭માં જે જે જીવોને યોગ્ય જે જે ઉપદેશ બતાવ્યો, તે તે જીવોમાં તે તે ઉપદેશ હૈયેથી પરિણામ પામે છતે = હૈયાના ભાવપૂર્વક સ્વીકારવા દ્વારા તે તે પોતપોતાને ઉચિત ધર્મકાર્યોમાં પ્રવર્તમાન થયેલા એવા શ્રોતા આત્માઓએ હવે તેનાથી ઊંચી ઊંચી ભૂમિકામાં જવા માટે નીચે મુજબ સ્વયં વિચારો કરવા. અપુનર્બન્ધકાવસ્થા પામેલા શ્રોતા આત્માએ સમ્યગ્દષ્ટિના ગુણસ્થાનકને પ્રાપ્ત કરવા માટે, સમ્યગ્દષ્ટિ અવસ્થાને પામેલા શ્રોતા આત્માએ દેશવિરતિ પ્રાપ્ત કરવા માટે, અને દેશવિરતિ મેળવેલા આત્માએ સર્વવિરતિ મેળવવા માટે કહેવાતા લક્ષણોવાળો આ વિધિ માર્ગ અતિનિપુણતાપૂર્વક વિચારવો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) પ્રથમ ગુરુજીએ આપેલો આ ઉપદેશ હૈયામાં પરિણામ પમાડવો. મનમાં વિચારવું કે આ ગુરુજી તારક છે, ગીતાર્થ છે, સંવેગપરિણામી છે, પરહિતચિંતક છે, નિ:સ્વાર્થભાવે ધર્મોપદેશક છે. જેમ કોઇ સાચા અને સારા ડૉક્ટર દર્દીને યથાર્થ નિદાન કરે અને યથાર્થ ઔષધ આપે તો તે દર્દીનું અર્ધ દર્દ તો તે જ વખતે હળવું થઈ જાય, કાળાન્તરે સંપૂર્ણ નષ્ટ થઈ જાય, અને તે દર્દી આનંદિત-પ્રફુલ્લિત થાય, તેમ હે આત્મન્ ! તને પણ આ ગુરુજી અને તેમનો ઉપદેશ ડૉક્ટર અને ઔષધની જેવા યથાર્થ મળ્યા છે. માટે તું તેને હૈયામાં ભાવથી ઉતારી લે, આ ઉપદેશમાં અને તેમણે બતાવેલાં ધર્માનુષ્ઠાનોમાં જોડાઈ જા. આ જ હિતકારક છે. આવો ધર્મપરિણામ હૈયામાં પરિણત થયે છતે વિચારવું કે-

(૨) ભાવથી પોત-પોતાને યોગ્ય ધર્માનુષ્ઠાનો આચરવામાં તું પ્રવૃત્તિ કર. જે જે પ્રતિબંધકભાવો આવે તેનો સામનો કરી પોતાને પ્રાપ્ત ગુણમાં સ્થિર થા. પ્રાપ્ત ગુણોમાં પ્રવર્તતો છતો તેના પછીના ઉત્તર-ઉત્તર અધિકગુણોને મેળવવા માટે બે બે પ્રકારની ''ઔચિત્યતા''ની અપેક્ષા રાખવાપૂર્વક હવે પછીની ૪૦મી ગાથામાં કહેવાતો વિધિમાર્ગ અપનાવવો જોઈએ.

(૩) બે પ્રકારની ઔચિત્યતા આ પ્રમાણે છે :- (૧) જે આત્માને યોગની જે ભૂમિકા પ્રાપ્ત થઈ છે, તે ભૂમિકામાં બરાબર દૃઢ થવું, તે ભૂમિકાને શોભાવે-દીપાવે તેવો જીવનવ્યવહાર ઘડવો, સંસારના બીજા જીવોને પણ જે આલંબન રૂપ બને, બીજાને પણ તારક બને, એવું સુંદર તે ગુણઠાણુ સુશોભિતપણે જીવનમાં અપનાવવું. જેમ કે દેશવિરતિની ભૂમિકા આવી હોય તો દેશવિરતિ ગુણઠાણું યથાર્થ દૃઢ કરવું, તેને શોભાવે એવું જીવન ઘડવું. જો દેશવિરતિનું પણ ઠેકાણું ન હોય અને સર્વવિરતિ સ્વીકારે તો તે યથાર્થ આચરી શકે નહિ માટે પ્રાપ્તગુણમાં યથાર્થ મજબૂત થવું. તે પ્રથમ ઔચિત્ય. (૨) પોતાને યોગની જે ભૂમિકા પ્રાપ્ત થઈ છે તેની ઉપરની ભૂમિકામાં જવાની તાલાવેલી લાગવી, અને તેના માટેનું સત્ત્વ મારામાં છે કે નહિ? હું તે પાળી શકશ કે નહિ ? ઈત્યાદિ ઉત્તરોત્તર ગુણસ્થાનકોના સત્ત્વ માટેની વિચારણા કરવી તે બીજું ઔચિત્ય. આ પ્રમાણે પ્રાપ્તગુણોની સ્થિરતા, અને ઉત્તરગુણોની પ્રાપ્તિ માટેની તાલાવેલી તથા તેના સત્ત્વની ગવેષણા કરવાપૂર્વક હવે કહેવાતો વિધિમાર્ગ વિચારવો.

(૪) હવે કહેવાતો આ વિધિમાર્ગ અતિનિપુણતાપૂર્વક વિચારવો,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"અતિનિપુણ" એવો ગાથામાં જે શબ્દ છે તે "ज्ञेयः" એવા ક્રિયાપદનું ક્રિયાવિશેષણ છે. આગળ કહેવાતો વિધિમાર્ગ ઘણો ઉંડો, સૂક્ષ્મ અને અતિગંભીર છે. પૂર્વાપરની સંકલનાપૂર્વક વિચાર કરવાનો છે. તેથી ધીરજપૂર્વક આ વિચાર કરવો.

(૫) વળી હવે પછીની ૪૦મી ગાથામાં કહેવાતો આ **"સામાન્ય વિધિમાર્ગ"** દેશચારિત્રવાન્ અને સર્વચારિત્રવાન્ એમ પાછળલા બે યોગીઓને જ વિચારવાનો છે. પરંતુ અપુનર્બન્ધક અને અવિરતસમ્યગ્દષ્ટિને વિચારવાનો નથી. કારણ કે હજુ તે જીવોની હવે જણાવાતા અતિઉંચા વિચારો કરવાની કક્ષા પ્રાપ્ત થઈ નથી. તેથી તે ભાવો તેમને ઉપકારક નથી. માટે તે અપુનર્બન્ધકાદિ પ્રથમના બે યોગીઓના વ્યવચ્છેદ માટે જ ગાથામાં "प्रायः" શબ્દ જણાવ્યો છે. પ્રાયઃ એટલે ઘણું કરીને - બહુલતાએ અર્થાત્ અપુનર્બન્ધકાદિ પ્રથમના બે યોગીને છોડીને અણુવ્રતધારી આદિ પાછળલા બે યોગીને આશ્રયી આ વિધિ જાણવો.

(૬) હવે કહેવાતો આ વિધિમાર્ગ જોકે **"સાધારણ"** છે. અર્થાત્ સામાન્ય છે. સમજાઈ જાય તેમ છે. દેશ ચારિત્રવાન્ અને સર્વચારિત્રવાન્ એમ બન્ને માટે હોવાથી સાધારણ છે. તથાપિ અતિનિપુણતાએ તે વિધિમાર્ગ અપનાવવા જેવો છે. એટલે કે પ્રારબ્ધ ગુણની સિદ્ધિનું અંગ કેમ બને ? તે રીતે આ વિધિમાર્ગ અપનાવવો. આપણા આત્મામાં ધારો કે જઘન્યદેશવિરતિની કક્ષા આવી હોય તો મધ્યમદેશવિરતિપણું કેમ આવે ? અને મધ્યમદેશવિરતિપણું આવ્યું હોય તો ઉત્કૃષ્ટ દેશવિરતિપણું કેમ આવે ! અને ઉત્કૃષ્ટ દેશવિરતિપણું આવ્યું હોય તો સર્વવિરતિપણું કેમ આવે ? તે રીતે આ વિધિમાર્ગ અપનાવવો, કારણ કે પ્રાપ્ત થયેલો નીચેલો ગુણ પ્રારંભેલા નીકટના ઉપરના ગુણની સિદ્ધિનું અંગ બને છે. જો તેમ કરવામાં ન આવે અને વિપર્યય કરવામાં આવે એટલે કે જઘન્યદેશવિરતિની કક્ષા હાલ હોય છતાં ઉત્કૃષ્ટ દેશવિરતિની કક્ષા મનથી માની લઈ સર્વવિરતિ માટે સીધો પ્રયત્ન કરવામાં આવે તો સર્વવિરતિ રૂપ ફળની સિદ્ધિ તો થતી નથી. પરંતુ પ્રાપ્ત જઘન્યદેશવિરતિ પણ ચાલી જવા રૂપ વિપર્યયભાવ આવે છે. પોતાની શક્તિ ન હોય અને અધિક ધંધો ખેલે તો વધુ કમાવાને બદલે પ્રાપ્ત મૂડી પણ ખોઈ બેસે છે. ચાલવાની પણ પૂરી શક્તિ ન હોય અને જો દોડવા જાય તો રહ્યા - સહ્યા પણ પંગ ભાગી જાય છે. માટે વિપરીત આચરણ કરવામાં સિદ્ધિને બદલે વિપરીત ફળ આવે છે. પ્રાપ્તગુણનો પણ નાશ થાય છે. ॥ ૩૮ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણ :- किंविशिष्टोऽयं विधिः-**
આ વિધિમાર્ગ શું છે ? કેવા પ્રકારનો છે ? તે જણાવે છે :-

**निययसहावालोयण[1], जणवायावगम[2]-जोगसुद्धीहिं[3] ।**
**उचियत्तं[4] णाऊणं[5], निमित्तओ[7] सइ[6] पयट्टेज्जा[8] ॥ ३९ ॥**

**"निजस्वभावालोचन-जनवादावगम-योगशुद्धिभिः"= करणभूताभिः उचितत्वं ज्ञात्वा तत्तद्गुणस्थानकापेक्षया आत्मनस्ततः "निमित्ततः" निमित्तात् कायिकादेः सदा प्रवर्तेत तस्मिंस्तस्मिन् गुणस्थानके इति । तत्र निजस्वभावालोचनम् "किदृशो मम स्वभावः"= केन गुणस्थानकेन संवादी विसंवादी वा ? इत्येवंरूपम्, न हि तत्स्वभावानानुगुण्ये तदङ्गीकरणं श्रेयः, तत्सिद्ध्यसंभवाद् विडम्बनामात्रत्वात् ।**

**ગાથાર્થ** :- (૧) હંમેશાં પ્રથમ આત્મસ્વભાવોનું આલોચન કરવું. (૨) જનવાદાવગમ વિચારવો. (૩) યોગશુદ્ધિ આદિ વડે પોતાનું ઉચિતપણું જાણીને હંમેશાં કાયિકાદિ નિમિત્તો પૂર્વક પ્રવૃત્તિ કરવી. ॥ ૩૯ ॥

**ટીકાનુવાદ** :- આત્મામાં હાલ જે ગુણસ્થાનક પ્રાપ્ત થયું છે તે ગુણસ્થાનકને ઉચિતપણું મારામાં આવ્યું કે નહિ ? તે બાબતનો નિર્ણય (૧) પોતાના સ્વભાવોની આલોચના, (૨) લોકો શું કહે છે તેનું જાણવું, (૩) અને યોગશુદ્ધિ, આ ત્રણ કારણો વડે પોતાનું ઉચિતપણું બરાબર જાણીને ત્યારબાદ કાયિકાદિ શુભનિમિત્તો વડે તે તે ગુણસ્થાનકોમાં સદા પ્રવૃત્તિ કરવી.

સારાંશ એ છે કે મારો આત્મા હાલ જે ગુણસ્થાનકને પામ્યો છે તેની ભૂમિકા મારામાં બરાબર વિકસી છે કે નહિ ? આ ગુણસ્થાનક મારામાં બરાબર યથાર્થ જામ્યું છે કે નહિ ? તે, તથા ઉપરના ગુણસ્થાનકમાં જાવાની તાલાવેલી તો લાગી છે. પરંતુ તેના માટેની મારામાં યોગ્યતા છે કે કેમ ? આ બન્ને યોગ્યતાઓનું નિજસ્વભાવાલોચનાદિ ત્રણ કારણોથી ઉચિતપણું બરાબર જાણીને પછી જ કાયિક - વાચિક - અને માનસિક શુભનિમિત્તોનો આશ્રય લઈને અને અશુભનિમિત્તોને ટાળીને આગળ ગુણોના વિકાસ માટે પ્રવૃત્તિ કરવી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( १ ) **निजस्वभावालोचन :-**

પોતાના સ્વભાવનો વિચાર કરવો, અત્યારે હું જે ગુણસ્થાનક પામ્યો છું તે ગુણસ્થાનકની સાથે શું સંવાદી (અનુરૂપ) સ્વભાવ છે ? કે વિસંવાદી (વિરૂપ) સ્વભાવ મારામાં છે ? પોતે જ પોતાના આત્માની સાથે ચર્ચા-વિચારણા કરવી. આ ગુણસ્થાનક ખરેખર સાચું હું પામ્યો છું ? સાચું પાળું છું ? કે કપટથી ? દેખાદેખીથી? માન-મોભાથી કે ઈતર કોઈ કારણથી ? આ બાબત ગંભીરતા પૂર્વક વિચારવી.

તથા ઉપરના ગુણસ્થાનકમાં જવાની જે તમન્ના છે, તેના માટે પણ શું સંવાદી (અનુરૂપ) સ્વભાવ મારામાં છે કે વિસંવાદી (વિરૂપ) સ્વભાવ મારામાં છે ? આ બાબત સાચા હૃદયથી અતિનિપુણતા પૂર્વક વિચારણા કરવી. કારણ કે પ્રાપ્તગુણસ્થાનક કે સ્વીકાર્યગુણસ્થાનકને અનુરૂપ સ્વભાવ જો મારામાં ન હોય અર્થાત્ તે ગુણસ્થાનકોને **અનાનુગુણ્ય** = (અનુકુળ નહિ તે એટલે કે) પ્રતિકુળ સ્વભાવો જો મારામાં હોય તો તે તે ગુણસ્થાનકનું અંગીકાર કરવું, તે શ્રેયસ્કર નથી, કારણ કે તે તે ગુણસ્થાનકને અનુરૂપ સ્વભાવ વિના નામમાત્ર વડે ગુણસ્થાનક પ્રાપ્ત કરવાથી વાસ્તવિક તે ગુણોની પ્રાપ્તિ થવા રૂપ ફળની સિદ્ધિ થતી નથી. જેમ કે શ્રાવકનાં કે સાધુનાં વ્રતો ગમતાં ન હોય, રૂચતાં ન હોય, બરાબર પળાતાં પણ ન હોય અને વ્રતો ગ્રહણ કરી "વ્રતધારી" નામ માત્ર ધારણ કરવાથી તે તે ગુણસ્થાનકની સ્પર્શના થતી નથી. તે તે ગુણપ્રાપ્તિ રૂપ ફળની સિદ્ધિનો અસંભવ છે. ઉલટું લોકોમાં હાંસી થાય, માનહાનિ થાય, અને મન વિના ગ્રહણ કરેલાં આ વ્રતો ભાર-ભાર લાગે એટલે વિડંબના માત્ર રૂપ જ બને. મનમાં દુઃખ માત્ર જ આપનાર બને, માટે પ્રથમ નિજસ્વભાવનું આલોચન કરવું.

**तथा जनवादावगमः-"किं जनो मम वक्ति ? किं नु गुणस्थानकमङ्गीकृत्य योग्यतां सम्भावयति ?" तत्रैव प्रवृत्तिर्न्याय्या, नेतरत्र, अस्य माननीयत्वात् । तथा योगशुद्धिः कायमनोवाग्व्यापारशुद्धिः, "कीदृशाः मम योगाः ? कस्य गुणस्थानकस्य साधकाः ?" न ह्येतत्प्रतिकुलमपि सर्वथा गुणस्थानकं प्रतिपत्तुं न्याय्यम्, "उपहास्यप्रायमेतद् अनिष्टफलं च" इत्याचार्याः । अतः एभिर्निजस्वभावालोचनादिभिः उचितत्वं ज्ञात्वा निमित्ततः सदा प्रवर्तेत । इति गाथार्थः ॥ ३९ ॥**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**( ૨ ) जनवादावगमः :-**

**"લોકવાયકા જાણવી"**= લોકો મારા વિષે શું કહે છે ? તે પણ વિચારવું. કેટલીક વખત પોતાની જાતને તપાસવામાં પોતે કરેલો નિર્ણય ખોટો પણ હોય, ઊંચી ગુણવત્તા ન હોય અને ઊંચી ગુણવત્તા માની લીધી હોય, આવી ભૂલ થવાનો સંભવ છે, તે ભૂલ સુધારવા માટે લોકવાયકાનો પણ આશ્રય જાણવો જરૂરી છે કે લોકો મારા વિષે શું બોલે છે ?

આપણું પોતાનું જીવન આગળ - પાછળ વિવિધ દૂષણોથી દૂષિત બન્યું હોય, કલંકિત બન્યુ હોય, અનેક પ્રકારનાં વ્યસનોને લીધે નિન્દિત બન્યું હોય, ચૌરે - ચૌટે લોકો આપણા વિષે હલકી જ વાતો કરતા હોય કે આ માણસ આવી આવી કુટેવો વાળો છે. તે શ્રાવકનાં કે સાધુનાં વ્રતો લઈને પણ શું પાળવાનો છે ? ઈત્યાદિ, તો આવી હવા સુધારવા માટે વ્રત ગ્રહણ કરતાં પૂર્વે બધી જ કુટેવો હૃદયથી ત્યજી દઈ, જીવન અતિશય ગુણીયલ અને વાસ્તવિક સંસ્કારી બનાવી લોકપ્રતિભા સુધારવા પૂર્ણ પ્રયત્ન કરવો જોઈએ, અને જો પ્રથમથી જ જનવાદ = લોકવાયકા સારી જ હોય અને આપણે પણ તે વ્રતોને માટે સાચે જ યોગ્ય હોઈએ તો ઉપરના ગુણસ્થાનકને સ્વીકારવા અવશ્ય પ્રયત્ન કરવો.

લોકો મારા વિષે શું કહે છે ? ક્યા ગુણસ્થાનકને આશ્રયી યોગ્યતા મારામાં લોકો સંભાવિત કરે છે ? જે ગુણસ્થાનક સંબંધી યોગ્યતાની મારામાં લોકો સંભાવના કરતા હોય ત્યાં જ પ્રવૃત્તિ કરવી એ ન્યાયયુક્ત છે. પરંતુ ઈતર ગુણઠાણામાં પ્રવૃત્તિ કરવી એ ન્યાયયુક્ત નથી કારણ કે આ લોકમત પણ અવશ્ય માનનીય છે. સંસારના આટલા બધા લોકો જે અભિપ્રાય આપતા હોય તે પ્રાયઃ જરૂર સત્ય હોઈ શકે. માટે લોકમતને યથાર્થપણે જાણીને તેઓએ જે ગુણસ્થાનકની યોગ્યતા મારામાં સંભાવિત કરી હોય તે તે ગુણસ્થાનકમાં જ મારે પ્રવૃત્તિ કરવી જોઈએ.

**(૩) तथा योगशुद्धिः -**

તથા મન - વચન અને કાયાના યોગોની પણ શુદ્ધિ અવશ્ય તપાસવી. મારા મન-વચન-કાયાના વ્યવસાયો કેવા છે ? ક્યા ગુણસ્થાનકના સાધક છે ? જે ગુણસ્થાનકના સાધક (અનુકુળ) હોય તે જ ગુણસ્થાનક પ્રાપ્ત કરવા હું પ્રયત્ન કરું. કારણ કે एतत् = આ યોગોને પ્રતિકુળ એવું (ઊંચું) ગુણસ્થાનક પ્રાપ્ત કરવું તે પણ સર્વથા ઉચિત નથી, તેમ કરવાથી એ પ્રયત્ન હાંસીપાત્ર થાય છે. તથા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુણસ્થાનકને અનુકુળ યોગો ન હોવાથી લોકનિન્દા, રાગ-દ્વેષાદિનાં પરિણામો, હૃદયમાં ઉદ્વેગ- અરતિ, અને પરિણામે તીવ્રકર્મબંધ આદિ રૂપ અનિષ્ટફળની જ પ્રાપ્તિ થાય છે એમ વૃદ્ધાચાર્ય પુરુષો કહે છે.

સારાંશ કે આ જીવ દંભથી બહાર જાહેરમાં સારો દેખાવા પ્રયત્ન કરે છે પરંતુ અંદરથી તે કેવો છે ? એ વાત તે પોતે જ જાણતો હોય છે. અંદરથી સંસારાભિલાષી, વિષયલંપટ, અને કષાયોથી વ્યાપ્ત હોય, છતાં બહારથી ત્યાગી- તપસી અને વૈરાગી પણ દેખાય છે. આવો ખોટો માણસ પણ બહારના દેખાવના કારણે લોકવાયકામાં (જનવાદમાં) **સારા** તરીકે પ્રસિદ્ધિ પામ્યો હોય છે, એવું પણ જગતમાં બને છે. માટે એકલો જનવાદ (લોકવાયકા) જ ઉપરના ગુણઠાણે જવામાં પુરતુ કારણ નથી, તેમાં છેતરાવાનો ભય છે. પોતાની અસલી જાત પોતે જ જાણે છે. અંધકાર અને એકલતામાં માણસ પોતે મોહાધીન છે કે મોહનો વિજયી છે ? તે જણાય છે તેથી પોતે જ પોતાના યોગોની શુદ્ધિને યથાર્થપણે તપાસવી કે મારી માનસિક - વાચિક અને કાયિક પ્રવૃત્તિઓ (યોગો) પ્રાપ્ત અને સ્વીકાર્ય ગુણસ્થાનકને અનુરૂપ છે કે નહિ ? અને અનુરૂપ હોય તો જ પ્રયત્ન કરવો. ખોટો કુદકો મારવો નહીં. ખોટા કુદકાથી જેમ હાડકાં ભાંગી જાય તેમ અહીં ખોટા કુદકાથી જીવ દુર્લભબોધી થાય, લોકનિન્દા થાય, ધર્મ ધર્મી અને ધર્મનાં સાધનો ઉપર દ્વેષ અરતિ-અપ્રીતિ અને કષાયોની વૃદ્ધિ થાય, જેના કારણે ચીકણાં કર્મબંધો કરી અનંત સંસારમાં રઝળવા રૂપ **અનિષ્ટફળની** પ્રાપ્તિ થાય.

**अतः** = આ કારણથી નિજસ્વભાવાલોચનાદિ ઉપરોક્ત ત્રણ કારણો દ્વારા પ્રાપ્ત અને સ્વીકાર્ય એવા ગુણસ્થાનક માટેની પોતાની ઉચિતતા (યોગ્યતા)ને જાણીને પુરેપુરી ચોકસાઈ પૂર્વક તપાસીને પછી જ મન-વચન-કાયાના શુભયોગો રૂપ નિમિત્તો પૂર્વક ઉત્તર ગુણસ્થાનકની પ્રાપ્તિમાં પ્રવૃત્તિ કરવી. ॥ ૩૯ ॥

**અવતરણ :- तत्र योगशुद्धिमधिकृत्याहः -**

આ ત્રણ નિમિત્તો પૈકી ત્રીજું જે નિમિત્ત **યોગશુદ્ધિ** છે તેને આશ્રયી સ્પષ્ટ સમજાવે છે કે :-

**गमणाइएहिं[२] कायं[३], णिरवज्जेहिं[१] वयं[५] च भणिएहिं[४] ।**
**सुहचिंतणेहिं[६] य मणं[७], सोहेज्जा[८] जोगशुद्धि त्ति[९] ॥ ४० ॥**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"गमनादिभिः"= गमनासनस्थानैः, "कायं"= देहम्, किम्भूतैः ? इत्याह "निरवद्यैः"=अपापैः वाचं च भणितैः निरवद्यैरेव । "शुभचिन्तनैश्च" धर्माविरोधिभिः साधकैर्वा मनः शोधयेत् । एषा योगशुद्धिः । तथा मध्यमादि भेदेन तत्तद्गुणस्थानापेक्षयेत्येवं निजस्वभावालोचन जनवादावगमयोरपि शुद्धिः स्वबुद्धया द्रष्टव्या । इति गाथार्थः । ॥ ४० ॥

**ગાથાર્થ** :- નિરવદ્ય એવા ગમનાદિ દ્વારા કાયાને, અને નિરવદ્ય એવા ભાષણ દ્વારા વચનને, તથા નિરવદ્ય એવા શુભચિંતનો વડે મનને શોધવું જોઈએ, તેને યોગશુદ્ધિ કહેવાય છે. ॥ ૪૦ ॥

**ટીકાનુવાદ** :- નિરવદ્ય એટલે નિષ્પાપ અર્થાત્ પાપરહિત એવાં ગમન (ચાલવું), આસન (બેસવું), અને સ્થાન (ઉભા રહેવું), આદિ શબ્દથી શયનાદિ દ્વારા કાયાની શુદ્ધિ વિચારવી. નિષ્પાપ એવાં જ વચનોનું ઉચ્ચારણ કરવા દ્વારા વચનયોગની શુદ્ધિ વિચારવી. તથા નિષ્પાપ એવાં જે શુભચિન્તનો, એટલે કે ધર્મનાં અવિરોધિ અથવા ઉત્તરોત્તર ધર્મસાધક એવાં શુભચિન્તનો દ્વારા મનયોગની શુદ્ધિ વિચારવી. આ જ સાચી યોગશુદ્ધિ કહેવાય છે.

કાયાની મુખ્ય પ્રવૃત્તિ ત્રણ છે. ગમન-આસન-અને સ્થાન. જ્યારે કાયા ગમનમાં પ્રવર્તે ત્યારે ઈર્યા સમિતિ સાચવવી, આસનાત્મક બને ત્યારે પદ્માસન - પર્યંકાસન આદિ આસનો સાચવવાં, અથવા અંગ ઉપાંગોને યથાસ્થિત સાચવવાં, વિકાર-વાસના જન્મે તેમ ખુલ્લાં અને વિસ્તૃત ન રાખવાં, તથા શરીરનો મોહ વધે તેવી રીતે આવૃત્ત પણ ન રાખવાં, અસભ્ય રીતે બેઠક ન કરવી, તથા સ્થાનાત્મક બને ત્યારે કાયોત્સર્ગાદિ આસનો પૂર્વક વિવેકયુક્ત કાયા રાખવી, આદિ શબ્દથી જ્યારે કાયા શયનાત્મક બને ત્યારે "कुक्कुडी पायपसारेण" ગાથામાં કહ્યા મુજબ અંગોપાંગનું સંગોપન કરવા પૂર્વક સંયમભાવની વૃદ્ધિ થાય, પ્રાપ્ત ગુણસ્થાનક શોભાયમાન બને અને સ્વીકાર્યગુણસ્થાનક નિકટ આવે તેવી કાયશુદ્ધિ જાળવવી.

પ્રિય (મીઠું-મધુર), પથ્ય (સ્વ-પરહિતકારી), અને તથ્ય (સાચું-યથાર્થ), એવું વચન બોલવું, તે પણ પરિમિત શબ્દોવાળું જ વચન ઉચ્ચારણ કરવું. આવા પ્રકારની ભાષાસમિતિ અને વચનગુપ્તિ સાચવવાપૂર્વક વચનશુદ્ધિ સાચવવી. તથા મનમાં જે જે વિચારો આવે તે તે વિચારો પ્રાપ્ત ધર્મની સાથે અવિરોધિ હોવા જોઈએ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને ઉત્તરધર્મના સાધક હોવા જોઈએ તેવી મનગુપ્તિ પાળવા દ્વારા મનની શુદ્ધિ સાચવવી. એમ ત્રણ પ્રકારની યોગશુદ્ધિ સાચવવી.

તથા તે તે ગુણસ્થાનકોની અપેક્ષાએ આ યોગશુદ્ધિ જઘન્ય-મધ્યમ અને ઉત્કૃષ્ટાદિ ભેદો દ્વારા કરવી. દાખલા તરીકે હાલ આપણો જીવ દેશવિરતિધર થયો હોય તો તે ગુણસ્થાનકને યોગ્ય પ્રથમ જઘન્યયોગશુદ્ધિ મેળવવી, પછી મધ્યમ, પછી ઉત્કૃષ્ટ, પછી જ્યારે સર્વવિરતિધર આ આત્મા થાય ત્યારે ત્યાં પણ ક્રમશઃ જઘન્ય - મધ્યમ - અને ઉત્કૃષ્ટ યોગશુદ્ધિ મેળવવી. આ પ્રમાણે ક્રમશઃ વિકાસ થતાં ઉપર-ઉપરના ગુણસ્થાનકની નિકટ જવાય, આરોહણ સરળ અને સફળતાદાયક બને.

જેમ યોગશુદ્ધિ ગુણસ્થાનકોની અપેક્ષાએ જઘન્ય-મધ્યમ-અને ઉત્કૃષ્ટ કહી તેમ નિજસ્વભાવાલોચન અને જનવાદાવગમની પણ શુદ્ધિ ગુણસ્થાનકોની અપેક્ષાએ જઘન્યાદિ ભેદો યુક્ત સ્વબુદ્ધિથી સમજી લેવી. (૧) ક્રોધાદિ કષાયો ઉપર મજબૂત પકડ રાખવી, (૨) ગુણગ્રાહી બનવું, (૩) નિંદક સ્વભાવનો ત્યાગ કરવો, (૪) કરૂણાળુ બનવું, (૫) પરોપકાર પરાયણ બનવું, (૬) મોટાને માન આપવું. ઈત્યાદિ ગુણો મેળવવા દ્વારા પોતાના સ્વભાવનું આલોચન એવું નક્કર બનાવવું કે પ્રાપ્ત ગુણસ્થાનક દીપી ઉઠે, અત્યંત પરિપક્વ બની જાય, અને સ્વીકાર્યગુણસ્થાનકની ભૂમિકા અદ્‌ભુત તૈયાર થઈ જાય. વર્તમાનમાં ઠેકાણું ન હોય અને એકદમ કુદકો મારીએ તો પડી જવાય, ઈષ્ટકાર્યની સિદ્ધિ ન થાય. તેવી જ રીતે લોકોમાં આપણું જીવન અકલંકિત, નિષ્પાપ, અશઠ, પંકાયેલું હોવું જરૂરી છે. તેના જઘન્યાદિ ભેદો ગુણસ્થાનકોની ભૂમિકા પ્રમાણે સમજી લેવા - ગૃહસ્થ જીવનમાં ન્યાયસંપન્નદ્રવ્ય આદિ દ્વારા, અને સાધુજીવનમાં પાંચ મહાવ્રત આદિના પાલન દ્વારા લોકવાયકા પણ નિર્મળ હોવી જરૂરી છે. ॥ ૪૦ ॥

**અવતરણ :- इहैव मतान्तरमभिधातुमाह :-**

આ (યોગશુદ્ધિ)ની જ બાબતમાં અન્યદર્શનીઓના મતાન્તરને જણાવતાં કહે છે કે -

**सुहसंठाणा[1] अण्णे[10] कायं[2], वायं[4] च सुहसरेणं[3] तु ।**
**सुहसुविणेहिं[5] च मणं[6], जाणेज्जा[11] साहु[7] सुद्धिं[8] त्ति[9] ॥ ४१ ॥**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"शुभसंस्थानम्"= उन्मान-मान-गति – सारादिशुद्धात् पुरुषलक्षणोपलक्षणमेतत्, "अन्ये=" तन्त्रान्तरीया एवं मन्यन्ते, कायं तद्योगोचितं जानीयात् इति योगः। तथा वाचं च "शुभस्वरेण" गम्भीरमधुराज्ञापकादिभेदभिन्नेन तद्योगोचितां जानीयात्। तथा "शुभस्वप्नैश्च" शुक्लस्वप्नरूपैः समुद्र - नदी - हृद प्रतरणादिभिः सन्ततेतरभेदभिन्नैः मनो जानीयात्। तत्तद्योगौचित्यमङ्गीकृत्येति प्रक्रमः। "साधुशुद्धिरिति"= शोभनैव योगशुद्धिः। इति गाथार्थः। ॥ ४१ ॥

**ગાથાર્થ** :- સુંદર આકૃતિ દ્વારા કાયાની, સુંદર સ્વર વડે વાચાની, અને સુંદર સ્વપ્નો વડે મનની સારી એવી શુદ્ધિ થાય છે. એમ અન્યદર્શનકારો માને છે. ॥ ૪૧ ॥

**ટીકાનુવાદ** :- અન્યદર્શનકારો આ ત્રણ પ્રકારની યોગશુદ્ધિ બીજી રીતે પણ જણાવે છે. આ બાબતમાં અન્યદર્શનકારોનો મત અહીં ટાંકતા ગ્રંથકારશ્રીનો આશય એ છે કે આ શુદ્ધિ પણ અમને માન્ય છે. પરંતુ તફાવત માત્ર એટલો જ છે કે આ તન્ત્રાન્તરીયમાન્ય યોગશુદ્ધિ બાહ્ય છે. એટલે એકાન્તે જરૂરી છે એમ નથી. જ્યારે જૈનમત સમ્મત યોગશુદ્ધિ અભ્યંતર છે જે એકાન્તે જરૂરી છે. અને જો ઉભય યોગશુદ્ધિ હોય તો સોનામાં સુગંધની જેમ વધુ આવકાર્ય છે.

શરીરના અંગોની ઊંચાઈ-પહોળાઈ-જાડાઈ આદિ પ્રમાણોનું વર્ણન જે શાસ્ત્રોમાં કરવામાં આવ્યું હોય તે શાસ્ત્રોને "સામુદ્રિક શાસ્ત્રો" અથવા અંગશાસ્ત્રો કહેવાય છે. તે શાસ્ત્રોમાં જણાવ્યા પ્રમાણે શરીરના અંગોની ઉન્માન (ઉંચાઈ-લંબાઈ), માન (જાડાઈ-પહોળાઈ), ગતિ (પગની ચાલ), તથા સારાદિ (સર્વાંગસુંદરતા-પરિપૂર્ણઅંગતા) આદિ શબ્દથી કોઢ - રસોળી - ખુંધ આદિ દોષોથી રહિત, દેદીપ્યમાન અને વિશિષ્ટ રૂપ તથા આકૃતિ દ્વારા દેહશુદ્ધિ જાણવી. ઉન્માનાદિ ચાર પ્રકારની જે આ કાયશુદ્ધિ જણાવી તે પુરુષનાં શેષ લક્ષણોના ઉપલક્ષણ રૂપ સમજવી. એટલે કે આ ચારના કથનથી શેષ અંગોની સુંદરતા, પ્રતિભાસંપન્નતા, રૂપવત્તા, આકર્ષક્તા, મહાત્માઓને શોભે એવી દેહાકૃતિ ઈત્યાદિ કાયશુદ્ધિ પણ સમજી લેવી. બહારથી દેખાતી કાયાની પ્રતિભા પણ શ્રોતાઓને ગુણવૃદ્ધિનું અને આકર્ષણનું કારણ બને છે. આવી શુદ્ધિવાળી જે કાયા, તે યોગને ઉચિત કાયા સમજવી એવો ભાવ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા વાણી પણ ગંભીર - મધુર - અલ્પાક્ષર - તથા આજ્ઞાપક (ગુરુ કહેતા હોય ત્યારે ત્યારે ઇચ્છં - તહત્તિ - ઈત્યાદિ યોગ્ય આલાવા બોલવા પૂર્વકની), ઈત્યાદિ ભિન્ન ભિન્ન અનેક પ્રકારના ભેદો વડે તે તે યોગને ઉચિત એવી વાગ્શુદ્ધિ જાણવી.

તથા (૧) હું સમુદ્ર તરું છું, (૨) હું નદી તરું છું, (૩) હું સરોવર તરું છું, ઈત્યાદિ સતત (દરરોજ) અથવા ઈતર (ક્વચિત્) ભિન્ન ભિન્ન એવાં ઉજ્જ્વલ સ્વપ્નો નિદ્રામાં દેખવા વડે મનની શુદ્ધિ પણ સ્વયં સમજી લેવી.

આ પ્રમાણે તે તે ગુણઠાણાના યોગની ઉચિતતાને અંગીકાર કરીને યોગની શુદ્ધિ ભૂમિકા પ્રમાણે સમજી લેવી. આવી બાહ્ય મન-વચન અને કાયા સંબંધી આ શુદ્ધિ પણ સુંદર યોગશુદ્ધિ જ કહેવાય છે. જે પોતાને અને પરને પ્રાપ્ત અને સ્વીકાર્ય ગુણસ્થાનકમાં સ્થિરતા અને ઉર્ધ્વારોહણ કરાવનારી છે. આ બાહ્યશુદ્ધિ વિષે આચાર્યમહારાજશ્રી પોતાનો અભિપ્રાય જણાવે છે કે :–

**एतदपि तन्त्रान्तरीयमतं साध्वेव, न ह्यमहापुरुषा योगिनो भवन्ति, योगस्य भावैश्वर्यादेरमहापुरुषाभावतोऽस्य गुरुतरत्वोपपत्तेः, दृश्यन्ते चैवंविधानामेव महापुरुषाणां तदितरमहापुरुषेभ्यो भावसारमनिन्दितप्रतिपत्त्यादीनि । कृतं प्रसङ्गेन ।**

અન્યદર્શનકારોનો આ અભિપ્રાય પણ સારો જ છે. કારણ કે જે આત્માઓ પ્રકૃતિએ **"અમહાપુરુષ"** હોય છે તે યોગી કહેવાતા નથી, અર્થાત્ જે પ્રકૃતિએ મહાત્મા હોય છે તે જ યોગી બની શકે છે. આ યોગ એ આત્માનું ભાવ ઐશ્વર્ય છે. કર્મોનો ક્ષયોપશમ, અને ગુણીયલતાની પ્રાપ્તિ રૂપ ભાવધન છે. એટલે ભાવધન=ભાવ ઐશ્વર્ય સ્વરૂપ એવો આ યોગ આત્મામાંથી જેમ જેમ "અમહાપુરુષતાનો = હલકી હલકી વૃત્તિઓનો અભાવ થાય, તેમ તેમ તે હલકી વૃત્તિઓના અભાવથી જ ગુરુતરતાને પ્રાપ્ત કરે છે. સારાંશ કે અમહાપુરુષતા જીવનમાંથી દૂર થવાથી જ આ યોગની ઉત્કૃષ્ટતા પ્રાપ્ત થાય છે. તથા આવા પ્રકારના ભાવઐશ્વર્ય રૂપ ધનને પામેલા મહાત્માપુરુષોમાં તેમનાથી ઇતર એવા મહાપુરુષો કરતાં અત્યંત ભાવસાર (જેમાં શ્રેષ્ઠ ભાવો ઘણા ભર્યા છે) એવી અનિન્દિત (શિષ્ટજનોને સન્માન્ય) પદાર્થોની પરિણતિ રૂપ યથાર્થ તત્ત્વની પ્રતિપત્તિ આદિ સ્વરૂપ યોગશુદ્ધિ પણ હોય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોગશુદ્ધિ બે પ્રકારની છે : (૧) બેંતાલીસ પુણ્ય પ્રકૃતિઓના ઉદયજન્ય અને (૨) મોહનીય કર્મના ક્ષયોપશમ જન્ય, પહેલી બાહ્ય છે બીજી અભ્યંતર છે વાદીઓને જીતવામાં, મોટી સભામાં શ્રોતાવર્ગને પ્રતિબોધ કરવામાં, અને બાળ જીવોને ધર્મમાં આકર્ષવામાં શરીરની સુંદરતા, વાણીની મધુરતા, અને મનના શુભસંકલ્પો (શુભ સ્વપ્નો) અવશ્ય સહાયક છે કારણ છે. નિમિત્ત છે. તેથી જ છેદસૂત્રાદિ આગમોમાં જ્યારે જૈનાચાર્યો વાદિઓની સામે વાદ-વિવાદ કરવા રાજ્યસભામાં ઉપસ્થિત થાય ત્યારે તેઓને સુંદર - સ્વચ્છ અને સુઘડ એવાં શ્વેત વસ્ત્રો પહેરવાનું પણ કહ્યું છે. પરંતુ આ બાહ્યયોગશુદ્ધિ આત્યંતિક જરૂરી નથી. જ્યારે મોહનીય કર્મના ક્ષયોપશમજન્ય ઈર્યાસમિતિજન્ય કાયશુદ્ધિ, ભાષાસમિતિ અને વચનગુપ્તિજન્ય વચનશુદ્ધિ, અને મનગુપ્તિજન્ય મનશુદ્ધિ પ્રાપ્તગુણસ્થાનકની સ્થિરતામાં અને સ્વીકાર્યગુણ સ્થાનકના ઉર્ધ્વારોહણમાં અત્યન્ત આવશ્યક છે. એક પુણ્યકર્મના ઉદયજન્ય છે અને બીજી મોહનીય કર્મના ક્ષયોપશમ જન્ય છે. માટે આચાર્ય મહારાજશ્રી બીજા દર્શનકારોને માન્ય યોગશુદ્ધિનો પણ નિષેધ કરતા નથી. ''साध्वेव'' કહીને સમ્મતિ આપે છે. પરંતુ તેની પ્રધાનતા બતાવવામાં તેઓશ્રી દૂર રહે છે. ॥ ૪૧ ॥

**અવતરણ :- एवं तावदोघत एवौचित्यगतमिह विधिमभिधाय अत्रैव प्रतिपत्ति गतमभिधित्सुराह :-**

આ પ્રમાણે અહીં પ્રાપ્તગુણસ્થાનકની સામાન્યથી જ ઉચિતતા સંબંધી વિધિ જણાવીને હવે ઉપરના સ્વીકાર્યગુણસ્થાનક સંબંધી બીજી ઉચિતતાની વિધિ આચાર્યશ્રી જણાવતાં કહે છે કે :-

**एत्थ[७] उवाओ[८] य इमो[६] सुहदव्वाइसमवायमासज्ज[१] ।**
**पडिवज्जइ[५] गुणठाणं[४], सुगुरुसमीवम्मि[२] विहिणा[३] तु ॥ ४२ ॥**

**''अत्र''= औचित्ये सत्यधिकस्थानप्रतिपत्तौ, ''उपायश्चायं''= साधन प्रकारविशेषः, यदुत शुभं द्रव्यादिसमुदाय-द्रव्य-क्षेत्र-काल-भाव-संयोगं ''आश्रित्य''= अधिकृत्य प्रतिपद्यते ''गुणस्थानं'' देशसामायिकादि । क्व ? इत्याह - ''सुगुरुसमीपे''= तदधिकगुणोपेतविधिज्ञमहापुरुषगुरुसकाशे प्रायशो**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**भावाद् भावप्रसूतिः क्वचित् केवलादप्याज्ञाराधनाद् आज्ञासमये कर्मवैचित्र्याद् अङ्गारमर्दककुगुरुशिष्यन्यायेन अतः सुगुरुसमीपे प्रतिपद्यते इत्ययमुपायः। तथा "विधिना" तत्रापि वन्दनशुद्ध्यादिलक्षणेन । न हि सुगुरोरविधिरिति विधिसिद्धावपि विधिग्रहणं प्राधान्यख्यापनार्थमदुष्टम् । इति गाथार्थः ।**

॥ ૪૨ ॥

**ગાથાર્થ** :- શુભ દ્રવ્યાદિ (દ્રવ્ય - ક્ષેત્ર - કાળ અને ભાવાદિ) મય નિમિત્તોના સમુહને અંગીકાર કરીને સુગુરુની સમીપે વિધિપૂર્વક ઉપરનું ગુણસ્થાનક પ્રાપ્ત કરવું. એ જ અહીં સાચો ઉપાય છે. ॥ ૪૨ ॥

**ટીકાનુવાદ** :- અત્યારે આત્માએ જે ગુણસ્થાનકને પ્રાપ્ત કરેલું છે. તેની ઉચિતતા સંપૂર્ણતયા પોતાનામાં આવે છતે, તથા ઉપરોક્ત ઉપાયોથી તે ઉચિતતાનો યથાર્થ નિર્ણય થયે છતે, તેનાથી ઉપરનાં અધિક ગુણસ્થાનકોની પ્રાપ્તિ કરવામાં હવે આ ઉપાય છે. અવિરત સમ્યગ્દષ્ટિ આત્મા હોય તો દેશવિરતિધર્મગ્રહણ કરવામાં, અને દેશવિરતિધર હોય તો સર્વવિરતિધર્મ ગ્રહણ કરવામાં તથા સર્વવિરતિધર હોય તો પરિહારવિશુદ્ધિ યા જિનકલ્પાદિ ગ્રહણ કરવામાં, એમ ઉત્તરોત્તર અધિક ગુણ સ્થાનક ગ્રહણ કરવામાં હવે કહેવાતો આ ઉપાય એટલે કે સાધનનો પ્રકાર વિશેષ છે કે :-

શુભ એવાં દ્રવ્યાદિ (દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવાદિ) ચારનો સમુહ સ્વીકારીને જ તેના જ આશ્રયે ઉપરનું દેશવિરતિ આદિ ગુણસ્થાનક સ્વીકારવું. તે આ પ્રમાણે-

(૧) દ્રવ્યથી = અશોકવૃક્ષ, ત્રણ ગઢ, સિંહાસન, પ્રભુપ્રતિમા, શુદ્ધ અક્ષત, શ્રીફળ, આસોપાલવાદિ ઉત્તમદ્રવ્યોનો મંડપ, ઈત્યાદિ.

(૨) ક્ષેત્રથી = તીર્થસ્થાનો, તીર્થંકરભગવન્તોના જન્માદિ કલ્યાણકોની ભૂમિઓ, ઉપાશ્રયો, વારંવાર જ્યાં ત્યાગી સાધુસંતોનો ચરણસ્પર્શ થયો હોય તેવી ભૂમિઓ, વારંવાર સામાયિકાદિ ધર્માનુષ્ઠાનો કરાતાં હોય તેવાં સ્થાનકો, ઉપવનો, ઈત્યાદિ.

(૩) કાળથી = સારી તિથિ, નક્ષત્ર-વાર, ચોઘડીયું, ચંદ્રમાનો યોગ, શુભ ગ્રહોનો સંયોગ, ઈત્યાદિ.

(૪) ભાવથી = વ્રત ગ્રહણ કરનાર, આપનાર ગુરુજી, અને અપાવનાર કુટુંબીઓ, સ્નેહી મિત્રમંડળો, અને હિતેચ્છુ સજ્જનોનો હૈયાનો અતિશય વીર્યોલ્લાસ વધતો હોય ત્યારે, ઈત્યાદિ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવા પ્રકારના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ એમ ચારે પ્રકારની શુદ્ધિ આવે છતે વ્રતગ્રહણ કરવું. ઉપરનું ગુણસ્થાનક સ્વીકારવું.

**પ્રશ્ન** :- આવી શુદ્ધિ આવે છતે ઉપરનું વ્રતગ્રહણ ક્યાં કરવું ? કોની પાસે કરવું ?

**ઉત્તર :- "સુગુરુ સમીપે"**= (૧) વ્રતગ્રહણ કરનાર કરતાં અતિશય ઘણા જ ગુણોથી ભરેલા અર્થાત્ તેનાથી અધિકગુણોપેત એવા ગુરુ પાસે વ્રતગ્રહણ કરવું, (૨) વ્રત ગ્રહણ કરાવવાની શાસ્ત્રીય વિધિના યથાર્થ જાણકાર અર્થાત્ વિધિજ્ઞ એવા ગુરુ પાસે વ્રતગ્રહણ કરવું, (૩) મહાત્મા પુરુષોમાં હોવા જોઈએ એવા સંવેગ, વૈરાગ્ય, સમ્યગ્જ્ઞાન અને પરહિતચિંતાદિ ગુણોથી જેઓ મહાપુરુષ થયેલા છે એવા ગુરુજી પાસે વ્રતગ્રહણ કરવું. કારણ કે વ્રત આપનાર ગુરુ પ્રશાન્તાદિ જેટલા ઊંચા ભાવવાળા હોય છે તેટલા જ ઊંચા ભાવો વ્રત ગ્રહણ કરનાર શિષ્યોમાં આવે છે. તેઓની છાયા તેમાં પડે છે. જેમ ચંદનના સંયોગથી ઈતરદ્રવ્ય પણ સુગંધી બને, શર્કરાના સંયોગથી દુગ્ધાદિદ્રવ્યો પણ મધુર બને, તેની જેમ ઘણું કરીને ઊંચાભાવો વાળી વ્યક્તિથી વ્રતગ્રહણ કરનાર શિષ્યવર્ગમાં પણ ઊંચાભાવોની પ્રસૂતિ થાય છે.

જો કે આ ન્યાય પ્રાયઃ છે. અર્થાત્ ક્વચિત્ ગુરુ ગુણીયલ ન હોય તો પણ શિષ્ય પોતાના ભાવે ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમથી ઊંચા ભાવવાળો હોઈ શકે છે. જેમ કે અંગારમર્દક આચાર્ય અભવ્ય હતા, તેમનું આન્તરિક જીવન સારું ન હતું, પરંતુ બાહ્ય જીવન સારું ત્યાગી દેખી તેમની આજ્ઞા (એ જ જિનેશ્વર પરમાત્માની આજ્ઞા હશે એમ સમજીને તેમની આજ્ઞા) નું જ કેવળ આરાધન કરવાથી પણ આજ્ઞાપાલનના સમયે પૂર્વબદ્ધ ચારિત્ર મોહનીય નામનું જે કર્મ, તે કર્મ આત્માની ભાવપરિણતિની શુદ્ધિના જોરે તુટી જવાથી અથવા મંદ થવાથી એમ કર્મની વિચિત્રતાથી આવા કુગુરુ પાસે પણ શિષ્યોનું હિત થયું છે અને થાય છે, તથાપિ તે ક્વચિત્ બને છે. માટે તે રાજમાર્ગ રૂપે ન સમજવું. આ કારણથી આવું ઉત્તમ વ્રતગ્રહણ શિષ્યે સુગુરુ પાસે જ સ્વીકારવું એ જ સાચો પરમ ઉપાય છે.

સુગુરુઓના સમજાવવાથી, ભયથી, લજ્જાથી, સહવાસથી, વારંવાર ટોકવાથી, ક્વચિત્ ગુસ્સાપૂર્વક દંડ-શિક્ષા કરવાથી, ક્વચિત્ મમતાભરી મીઠી વાણીથી, ક્વચિત્ રિસામણાં આદિથી એમ અનેક પ્રકારે સુગુરુ પાસે શિષ્યોનું વ્રતગ્રહણ અને વ્રતપાલન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હિતકારક બને છે. તેથી જ ગુરુકુલવાસ આવશ્યક જણાવ્યો છે. તથા સુગુરુની પણ અતિશય જવાબદારી બતાવી છે કે જે આત્માઓએ પોતાના કલ્યાણ માટે સમગ્ર જીવન ગુરુજીના ચરણે સમર્પિત કર્યું છે, તેના આત્માનું અધિકાધિક હિત કેમ થાય? તેવી રીતે સાયણા - વાયણા - ચોયણા અને પડિચોયણાના પ્રકારે શિષ્યોનું કલ્યાણ કરવામાં સહાયક થાય. સતત વાચના આપે, દીક્ષા આપ્યા પહેલાં જેટલી તેની સારસંભાળ લે, તેના કરતાં અનેકગણી તેને માર્ગે ચડાવવાની સારસંભાળ રાખે, શિષ્યો પાસે કામ કરાવવાની અલ્પ પણ અપેક્ષા ન રાખે, "પરસ્પૃહા મહાદુઃખં, નિઃસ્પૃહત્વં મહાસુખં" એ ભાવ હૈયે વસ્યો હોય, તથા ગુરુજીના ગુણોથી રંગાયેલા અને ઉપકાર પામેલા શિષ્યો સદા પ્રત્યુપકારની ભાવના વડે ગુરુજીનાં તમામ કાર્યો કરવાની (ઉપાડી લેવાની) વૃત્તિવાળા જ બને. ગુરુજી નિઃસ્પૃહ હોય, શિષ્યો ગુરુજીનાં કાર્યો કરવામાં વીર્યોલ્લાસવંત હોય. ન ક્લેશ, ન દંભ, ન આવેશ, આવા ગુણીયલ ગુરુ પાસે આત્માર્થી જીવોએ વ્રતગ્રહણ કરવું.

તથા "**विधिना**" આવા ગુરુ પાસે પણ વંદનશુદ્ધિ આદિ લક્ષણ સ્વરૂપ પૂર્વોક્ત વિધિ અવશ્ય સાચવવી. એટલે કે સુગુરુ પાસે પણ વ્રતપ્રતિપત્તિ કરતાં ચૈત્યવંદન, ગુરુવંદન, તથા વસ્ત્રાદિના દાનાદિથી ગુરુભક્તિ, વિગેરે શાસ્ત્રોક્ત વિધિ પૂર્વક જ વ્રતગ્રહણ કરવું. અહીં એક વાત સમજવા જેવી એ છે કે આ ચાલુ મૂળગાથામાં જ "**सुगुरुसमीवम्मि**" એમ કહ્યું છે એટલે આ વ્રતગ્રહણ સુગુરુ પાસે જ કરવાનું છે. અને જ્યારે વ્રત આપનાર સુગુરુ હોય તો ત્યાં સુગુરુ પાસે અવિધિ હોઈ શકતી જ નથી. અર્થાત્ સુગુરુ પોતે સુગુરુ હોવાથી શિષ્યોને વિધિપૂર્વક જ વ્રતગ્રહણ કરાવવાના છે. તેથી "**विहिणा तु**" એ પાઠ મૂળમાં ન લખીએ તો પણ વિધિપૂર્વક વ્રતગ્રહણ સિદ્ધ થઈ જાય છે. છતાં પણ મૂળગાથામાં જે વિધિશબ્દનું પુનર્ગ્રહણ આચાર્યશ્રીએ કર્યું છે તે વિધિની પ્રધાનતા બતાવવા માટે કહ્યું છે. વિધિ સાચવવી અતિ આવશ્યક છે. એમ જણાવવા માટે કરેલું છે તેથી અદુષ્ટ જ છે એમ સમજવું. ॥ ૪૨ ॥

**અવતરણ :- अत एव विशेषतो विधिमभिधातुमाह :-**

ઉપરની ગાથામાં નવા ગુણસ્થાનકની પ્રાપ્તિ માટેની સામાન્યવિધિ કહેલી છે. એ કારણથી જ હવે આ ગાથામાં તે અપૂર્વગુણસ્થાનકની પ્રાપ્તિ માટે વિશેષવિધિ જણાવે છે :-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वंदणमाई[1] उ विही[2], निमित्तसुद्धी पहाण[3] मो णेओ[6] ।
सम्मं[4] अवेक्खियव्वा,[5] एसा,[8] इहरा[7] विही[9] ण[11] भवे[10] ॥ ४३ ॥

वन्दनादिः पुनर्विधिः तुलादण्डमध्यग्रहणनीत्या क्षेत्रशुद्धि - तत्सत्कारजिनपूजारूपः, तथा चैत्यवन्दन - तद्वन्दन - निरुद्धादिरूपश्च गृह्यते । अयं च निमित्तशुद्धिप्रधान एव ज्ञेयः, स्व-परगतकायिकादिनिमित्तशुद्धिप्रधान इत्यर्थः। "भाविन इष्टादेः सूचकानि निमित्तानि" इत्येतच्छुद्धि रपेक्षणीया, अत एवाह - सम्यगपेक्षितव्या "एषा" निमित्तशुद्धिः ।

"इतरथा"= तदनपेक्षायां विधिर्न भवति आज्ञाविराधनात् । लेशाभिधानमेतत्, अत्र तु विशेषो विशेषग्रन्थानुसारत एव द्रष्टव्यः । सर्वथा नेदं लोकव्यवहारवद् यथा कथञ्चित्प्रतिपन्नं प्रतिपन्नं भवति । किन्तु शास्त्रानुसारत इति शास्त्रमेवानुसरणीयम्, अन्यथा प्रत्यपायभावादिति । उक्तं च :-

**योगबिन्दौ गाथा २२२ - २२६ -**

**ગાથાર્થ** :- વ્રતગ્રહણ કરતી વખતે અને કરાવતી વખતે વંદનાદિની આ વિધિ નિમિત્તશુદ્ધિની પ્રધાનતા પૂર્વક સમ્યગ્ પ્રકારે આચરવી જોઈએ અન્યથા કરાયેલી વિધિ પણ વિધિ રહેતી નથી. ॥ ૪૩ ॥

**ટીકાનુવાદ** :- વ્રતગ્રહણ કરતી વખતે આ વન્દનાદિની વિધિ અવશ્ય સાચવવી. એમ પૂર્વની ૪૨મી ગાથાના ચરમપદમાં કહ્યું છે. તથાપિ ત્રાજવાની ડાંડીના મધ્યભાગને ઉંચો કરવાથી જેમ બન્ને બાજુના છેડા ઉંચા થાય જ છે કરવા પડતા નથી. તેમ "વન્દનવિધિ" એ મધ્યભાગનું ગ્રહણ કરાયે છતે તેના પૂર્વવર્તી "ક્ષેત્રશુદ્ધિ અને પશ્ચાદ્વર્તી એવી જિનપૂજાદિનું પણ ગ્રહણ તુલાદંડના મધ્યગ્રહણની નીતિથી સમજી લેવું. એટલે પ્રથમ ક્ષેત્રશુદ્ધિ, વચ્ચે તત્સત્કાર અર્થાત્ વંદનવિધિ, અને અન્તે જિનપૂજા એમ ક્ષેત્રશુદ્ધિ - તત્સત્કાર - જિનપૂજા રૂપ વિધિ સમજવી, તથા મૂળગાથામાં વંદનાદિ પદમાં લખેલા "आदि" શબ્દથી ચૈત્યવંદન - તદ્વંદન (ગુરુવંદન) અને નિરૂદ્ધ એટલે કાયોત્સર્ગ કરવા આદિરૂપ વિધિ પણ લેવાની છે.

સારાંશ એ છે કે અણુવ્રત અથવા મહાવ્રત આદિ વ્રતો ગ્રહણ કરતી વખતે જે ક્ષેત્રમાં આ વ્રતગ્રહણ કરવાનું હોય તે ક્ષેત્રમાં કોઈ પણ પ્રકારની અશુચિ પડી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય તો તે દૂર કરવી, કચરો કાઢવા આદિ વડે ભૂમિ ચોકખી કરવી, જળ છંટકાવ, પુષ્પવર્ષા, અને આસોપાલવાદિનાં તોરણોની શોભા આદિ કરવા રૂપ પ્રથમ ક્ષેત્રશુદ્ધિ કરવી. જે વ્રતગ્રહણ કરનારના, કરાવનારના, અને તે વિધિ જોનારા અનુમોદન કરનારા સમસ્ત સંઘના પરિણામોનું, વીર્યોલ્લાસનું, નિર્મળશુદ્ધિનું પરમ કારણ છે. ત્યારબાદ વસ્ત્ર-પાત્ર-ઔષધ અને આહારાદિ ગુરુજીને વહોરાવવા પૂર્વક તત્સત્કાર કરવો તથા ગુરુજીને વંદન કરવું. ત્યારબાદ સ્નાનાદિ કરવા દ્વારા શરીરશુદ્ધિ કરીને તીર્થંકર પરમાત્માની સ્નાત્રાદિ ભણાવવા રૂપ અથવા નવાંગે પૂજા કરવા રૂપ જિનપૂજા કરવી. આ પ્રમાણે પ્રથમ ક્ષેત્રશુદ્ધિ, પછી તત્સત્કાર, અને ત્યારબાદ જિનપૂજા કરવા રૂપ વિધિ સાચવવી. તથા वंदनमाई પદમાં કહેલા આદિ શબ્દથી ત્યાર પછી ચૈત્યવંદન - ગુરુવંદન અને યથાયોગ્ય કાર્યોત્સર્ગાદિ રૂપ મંગળભૂત કાર્યો કરવાં. **વ્રતગ્રહણ એ એક જીવનનું અમૂલ્યકાર્ય છે.** તેથી તેની પૂર્વે ઉપરોક્ત મંગલિકકાર્યો કરવા પૂર્વક મંગળભૂત એવું વ્રતગ્રહણ કરવું.

તથા વળી ઉપરોક્ત વંદનાદિ કરવા પૂર્વકની સમસ્ત આ વિધિ નિમિત્તોની શુદ્ધિની પ્રધાનતા પૂર્વક જ કરવી, એમ સમજવું. એટલે કે પોતાની કે પરની કાયાદિમાં રહેલાં નિમિત્તોની શુદ્ધિની પ્રધાનતા પૂર્વક જ વિધિ જાળવવી. પુરુષનું જમણું અંગ અથવા નેત્ર ફરકે તો શુભ અને ડાબું ફરકે તો અશુભ, તથા સ્ત્રીનું ડાબું અંગ અથવા નેત્ર ફરકે તો શુભ અને જમણું ફરકે તો અશુભ, તથા વિધવાનું દર્શન, નાણના દીપકનું બુઝાઈ જવું, નિસ્તેજ થઈ જવું, વ્રતગ્રાહકનો મંદોત્સાહ, અંતઃકરણમાં સ્વજનોના વિયોગનો ડંખ, ઓઘો લઈને નાચતાં પડી જવું, બાજુમાં કોઈનું મૃત્યુ થવું, કલ્પાન્તરૂદન થવું, આ બધાં અશુભનિમિત્તો છે અને તેનાથી વિપરીત તે શુભનિમિત્તો છે. વંદનાદિ વિધિ વખતે આ શુભાશુભ નિમિત્તોની શુદ્ધિ અવશ્ય સાચવવી. એટલે કે શુભ નિમિત્તોનો આશ્રય કરવો અને અશુભ નિમિત્તોનો ત્યાગ કરવો.

**પ્રશ્ન** :- શું શુભાશુભ નિમિત્તો આપણી ભાવિપરિસ્થિતિના કર્તા છે ? કે આપણા કર્મો ભાવિ પરિસ્થિતિનાં કર્તા છે ? જો કર્મજન્ય જ ભાવિપરિસ્થિતિ હોય તો શુભનિમિત્તનો આશ્રય અને અશુભનિમિત્તોનો ત્યાગ શા માટે કરવો ?

**ઉત્તર** :- આ આત્માની ભાવિની પરિસ્થિતિ કર્મજન્ય જ છે. શુભાશુભ નિમિત્તજન્ય નથી. પરંતુ શુભાશુભનિમિત્તો ભાવિમાં આવનારી તે પરિસ્થિતિનાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂચક છે. તથા કર્મો પણ આઠ કરણોથી પરિવર્તન પામવાવાળાં છે. એટલે જેમ રોડ ઉપર આવતી લાલ - લીલી લાઈટો ભાવિમાં આવનારા ભય અને નિર્ભયપણાની કર્તા નથી પરંતુ સૂચક છે અને જો તમે લાલ લાઈટમાં જાઓ તો તમારું આયુષ્ય આદિ કર્મો દીર્ઘ હોવા છતાં, જીવન દીર્ઘ જીવવાનું હોવા છતાં બીજી ગાડીની સાથે અથડાવાથી તે કર્મ અપવર્તના પામે છે, અશુભ કર્મોનો ઉદય શરૂ થાય છે, શુભકર્મોનો અશુભમાં સંક્રમ થાય છે. તેમ આ શુકન - અપશુકન પણ ભાવિની પરિસ્થિતિનાં સર્જનહાર નથી, કારક નથી, પરંતુ સૂચક છે. તેથી તેનુ જો તમે ઉલ્લંઘન કરો તો તેના નિમિત્તે તમારું કર્મ અપવર્તન - સંક્રમ - ઉદીરણા પામે છે, સુખની સ્થિતિ ચાલી જાય છે અને દુઃખની પરિસ્થિતિ આવે છે.

**પ્રશ્ન** :- નિશ્ચય નયથી તો એમ થવાનું પણ નિયત જ છે ને ?

**ઉત્તર** :- નિશ્ચય નયથી એમ થવાનું ચોક્કસ નિયત છે જ પરંતુ તે કેવળ જ્ઞાનીની દૃષ્ટિએ નિયત છે. છદ્મસ્થની દૃષ્ટિએ નહીં કારણ કે છદ્મસ્થ સત્તામાં રહેલાં કર્મોનાં પરિણામોને જાણતો નથી અન્યથા જગત્‌ના વ્યવહારો ઘટશે નહીં. કોઈ માંદો માણસ મરવાનો હોય તો મરવાનો જ છે અને જીવવાનો હોય તો જીવવાનો જ છે, ડૉક્ટર બોલાવવાની કે દવાખાને લઈ જવાની શી જરૂર ? ભુખ્યો માણસ મરવાનો હશે તો મરશે, જીવવાનો હશે તો જીવશે, ખોરાક-પાણી આપવાની શી જરૂર ? માટે વ્યવહારમાં નિયતિવાદ નથી, કેવળજ્ઞાનીના જ્ઞાનમાં ભાવિના પર્યાય દેખાય છે છદ્મસ્થના જ્ઞાનમાં દેખાતા નથી. માટે છદ્મસ્થોએ કેવળજ્ઞાનીનું કહ્યું માનવું જોઈએ તેઓ કરે એમ કરવાનું નથી, પરંતુ તેઓ કહે તેમ કરવાનું છે. ઈત્યાદિ.

તથા વળી શુભાશુભ નિમિત્તોની આ શુદ્ધિ અશુદ્ધિ માત્ર લોકવ્યવહારની જેમ ગમે તેમ સ્વીકારવાની નથી. પરંતુ શાસ્ત્રોના આધારે જ આ શુદ્ધિ અશુદ્ધિ સમ્યગ્ પ્રકારે ઈચ્છવા યોગ્ય છે. કારણ કે આ નિમિત્તો ભાવિમાં આવનારા ઈષ્ટ-અનિષ્ટાદિનાં સૂચક છે. તેથી આ નિમિત્તશુધ્ધિ અવશ્ય અપેક્ષણીય જ છે એટલું જ નહીં પરંતુ સમ્યગ્ અપેક્ષણીય છે. **ઈતરથા** = જો નિમિત્તશુદ્ધિ સાચવવામાં ન આવે તો વિધિ તે વિધિ રહેતી નથી. કારણ કે તેમ કરવામાં જિનેશ્વર પ્રભુની આજ્ઞાની વિરાધના લાગે છે. જેમ ''૧૦''માં દશકના આંકને સૂચવતું શૂન્ય પણ જો આગળલો એકનો આંક ખેંચી લેવામાં આવે તો એકલું શૂન્ય દશકનો આંક



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂચવી શકતું નથી, જલાદિના નિમિત્તથી અંકુરો ઉત્પન્ન કરતું બીજ જલાદિ વિના નિષ્ફળ થાય છે, તેમ નિમિત્તશુદ્ધિ વિનાની વન્દનાદિવિધિ પણ વિધિ રહેતી નથી. અમે આ ''નિમિત્તશુદ્ધિ'' લેશમાત્રથી જ જણાવી છે. તેનો વિશેષાધિકાર તો વિશેષ ગ્રંથોના અનુસારે નૈમિત્તિકશાસ્ત્રોમાંથી જ સ્વયં સમજી લેવો.

લોકવ્યવહારની જેમ યથાકથંચિત્ (ગમે તેમ - નિમિત્તશુદ્ધિ વિના તથા વન્દનાદિ વિધિ વિના) ગ્રહણ કરેલું આ વ્રત તે સર્વથા પ્રતિપન્નવ્રત બનતું નથી. પરંતુ શાસ્ત્રોક્ત વિધિને અનુસારે જ જે વ્રત ગ્રહણ કરાયેલું હોય છે, તે જ વ્રત પ્રતિપન્નવ્રત બને છે. માટે શાસ્ત્રનું જ અવશ્ય અનુસરણ કરવું. જો તેમ કરવામાં ન આવે અને અન્યથા વર્તવામાં આવે તો અવશ્ય વિઘ્નો આવે જ છે. પૂર્વે ચર્ચા કરીને સમજાવ્યું છે કે કર્મો સોપક્રમી છે. અશુભનિમિત્તો તેને ઉદયમાં લાવી શકે છે. નિરોગી માણસ પણ વિષપાનથી મરે છે માટે અશુભનિમિત્તો પણ સત્તાગત કર્મોને ઉદયમાં લાવીને પીડે છે, વેદના આપે છે, અને પ્રત્યપાય (વિઘ્નો) ઉભાં કરે જ છે. જો એમ ન હોત તો અનંતજ્ઞાની મહાપુરુષો શુભ નિમિત્તોની શુદ્ધિ સાચવવાની આ વાત પણ કરત નહીં. ગ્રંથકારશ્રીએ પોતે જ યોગબિન્દુ નામના ગ્રંથમાં ગાથા ૨૨૨ થી ૨૨૬માં આ જ વિષયની પુષ્ટિસૂચક વાત આ પ્રમાણે કહી છે -

**उपदेशं विनाप्यर्थकामौ प्रति पटुर्जनः ।**
**धर्मस्तु न विना शास्त्रादिति तत्रादृतो भवेत् ॥ २२२ ॥**

અર્થ અને કામ આ બે પુરુષાર્થો પ્રત્યે જીવ ઉપદેશ વિના પણ અનાદિ કાળની મોહાધીનતાના કારણે સ્વયં પટુ છે. પરંતુ ધર્મપુરુષાર્થ શાસ્ત્રાભ્યાસ વિના પ્રાપ્ત થતો નથી, તેથી તે શાસ્ત્રાભ્યાસમાં આદરવાળા બનવું જોઈએ. અહીં યોગબિન્દુના ચરમપદમાં ''तत्रादरो हितः'' એવો પાઠભેદ ક્વચિદ્ છે. પરંતુ અર્થભેદ નથી ત્યાં શાસ્ત્રાભ્યાસમાં કરાયેલો આદર (પ્રયત્ન) હિતકારક=કલ્યાણકારક છે. એમ અર્થ જાણવો. ॥ ૨૨૨ ॥

**अर्थादावविधानेऽपि, तदभावः परं नृणाम् ।**
**धर्मेऽविधानतोऽनर्थः, क्रियोदहरणात् परः ॥ २२३ ॥**

અર્થાદિ (અર્થ અને કામ) આ બે પુરુષાર્થો જો જીવને કદાચ ન સમજાવવામાં આવે તો પણ મનુષ્યોને તે અર્થ અને કામનો અભાવ (એટલે કે અપ્રાપ્તિ) જ માત્ર થાય છે, બીજુ કંઈ નુકશાન થતું નથી. અર્થાત્ અર્થ અને કામનાં સાધનોની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માત્ર અપ્રાપ્તિ જ થાય છે. પરંતુ જો ધર્મપુરુષાર્થ ન કહેવામાં આવે તો વૈદ્યની ક્રિયાના ઉદાહરણથી પરમ અનર્થ થાય છે એમ સમજવું. જેમ રોગીને દર્દની ચિકિત્સા જો ન કરવામાં આવે અથવા ઉલટી ચિકિત્સા કરવામાં આવે તો દર્દ ઘટે નહીં પરંતુ વધે જ, તેની જેમ ધર્મપુરુષાર્થ જો આત્માને ન સમજાવવામાં આવે તો આત્મહિત થતું નથી. પરંતુ વિષય-કષાયની વાસનાઓ વૃદ્ધિ પામતાં અહિત જ થાય છે. ॥ ૨૨૩ ॥

**तस्मात् सदैव धर्मार्थं, शास्त्रयत्नपरो भवेत् ।**
**लोके मोहान्धकारेऽस्मिन्, शास्त्रालोकः प्रवर्तकः ॥ २२४ ॥**

તેથી ધર્મ પુરુષાર્થ પ્રાપ્ત કરવા માટે હંમેશાં શાસ્ત્રો ભણવા-ભણાવવાના પ્રયત્નમાં તત્પર થવું. કારણ કે મોહ રૂપી અંધકારવાળા આ લોકમાં શાસ્ત્રરૂપી દીપક જ યથાર્થ માર્ગનો પ્રવર્તક છે. (અહીં યોગબિન્દુમાં પ્રથમ અર્ધશ્લોકમાં तस्मात् सदैव धर्मार्थी, शास्त्रयत्नः प्रशस्यते એવો પાઠભેદ છે પરંતુ ત્યાં પણ અર્થભેદ નથી તેથી ધર્મનો અર્થી આત્મા હંમેશાં શાસ્ત્ર ભણવા- ભણાવવાના પ્રયત્નવાળો જ પ્રશંસા પામે છે. આવો આ પંક્તિનો અર્થ જાણવો.) ॥ ૨૨૪ ॥

**शास्त्रं चिन्तामणिः श्रेष्ठः, शास्त्रं कल्पद्रुमः परम् ।**
**चक्षुः सर्वत्रगं शास्त्रं, शास्त्रं धर्मस्य साधनम् ॥ २२५ ॥**

શાસ્ત્ર એ જ શ્રેષ્ઠ ચિંતામણિ રત્ન છે. શાસ્ત્ર એ જ પરમ કલ્પવૃક્ષ છે. શાસ્ત્ર એ જ સર્વવ્યાપી ચક્ષુ છે. અને શાસ્ત્ર એ જ ધર્મનું પરમ સાધન છે. અહીં પણ યોગબિન્દુમાં પાઠભેદ છે. તે આ પ્રમાણે -

**पापामयौषधं शास्त्रं, शास्त्रं पुण्यनिबन्धनम् ।**
**चक्षुः सर्वत्रगं शास्त्रं, शास्त्रं सर्वार्थसाधनम् ॥ २२५ ॥**

શાસ્ત્ર એ પાપ રૂપી રોગને દૂર કરવામાં ઔષધસમાન છે. શાસ્ત્ર એ પુણ્યબંધનો હેતુ છે. શાસ્ત્ર એ સર્વવ્યાપી ચક્ષુ છે. અને શાસ્ત્ર એ સર્વ અર્થોને સાધવાનું સાધન છે. ॥ ૨૨૫ ॥

**न यस्य भक्तिरेतस्मिंस्तस्य धर्मक्रियाऽपि हि ।**
**अन्धप्रेक्षाक्रियातुल्या, कर्मदोषादसत्फला ॥ २२६ ॥**

જે આત્માઓની આ શાસ્ત્રને વિષે ભક્તિ નથી તેની ધર્મક્રિયા પણ અન્ધપુરુષની દેખવાની ક્રિયાની તુલ્ય છે. કર્મબંધ કરાવવા રૂપ દોષવાળી હોવાથી અસદ્ફળવાળી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. એટલે કે તીવ્રમોહોદયવાળી હોવાથી ઈષ્ટફળ જે મોક્ષફળ તે આપવામાં અસમર્થ છે એમ જાણવું. ॥ ૨૨૬ ॥

દિવ્યદર્શન ટ્રસ્ટ C/o કુમારપાલ વી. શાહ તરફથી પ્રકાશિત થયેલી ''હારિભદ્રયોગભારતી''માં આ પાંચે શ્લોકો યોગશતક પૃષ્ઠ ૪૨/૪૩ માં આપ્યા છે અને પાંચમા શ્લોકને છેડે ''**योगबिन्दुः**'' એમ લખ્યું છે. પરંતુ તે જ પુસ્તકમાં યોગબિન્દુમાં પૃષ્ઠ ૨૦૭/૨૦૮ માં જે મૂળ શ્લોકો છે તેમાં ત્રણે જગ્યાએ ઉપર બતાવ્યા મુજબ પાઠભેદ છે. વળી પ્રકાશકે પણ પૃષ્ઠ ૪૨/૪૩ ની ફુટનોટમાં પાઠભેદનો ઉલ્લેખ કર્યો છે. તે જોતાં એમ લાગે છે કે અહીં ૪૨/૪૩ પૃષ્ઠમાં યોગશતકમાં લખાયેલા આ પાંચ શ્લોકો ખરેખર યોગબિન્દુના નથી પરંતુ જૈન અથવા જૈનેતર કોઈ અન્ય શાસ્ત્રના છે. પરંતુ ઉપયોગી હોવાથી આચાર્યશ્રીએ સાક્ષી રૂપે આ ઈતરના શ્લોકો અહીં આપ્યા છે. અને તે જ ભાવાર્થને સૂચવતા પોતાના રચેલા શ્લોકો પ્રસંગાનુસાર યોગબિન્દુમાં કહ્યા છે. વળી આ વાતને સત્ય માનવામાં બીજું પણ એક આવું પ્રમાણ કલ્પી શકાય છે કે યોગશતકમાં પૃષ્ઠ ૪૨ માં આ સાક્ષી શ્લોકો શરૂ થતાં પહેલાં સ્વોપજ્ઞ ટીકામાં ગ્રંથકારશ્રી **उक्तं च** એટલું જ લખે છે પરંતુ **उक्तं च योगबिन्दौ** એવો ઉલ્લેખ કરતા નથી એનો અર્થ એ થાય છે કે આ સાક્ષી શ્લોકો અન્ય દર્શનોમાં અથવા જૈનદર્શનના કોઈ અન્ય ગ્રંથોમાં કહેલા અહીં રજુ કર્યા છે. એટલે ૪૩ મા પૃષ્ઠ ઉપર પાંચમા શ્લોકને અન્તે (योगबिन्दुः २२२-२२६) એવો જે ઉલ્લેખ છે તે પ્રકાશકનો પોતાનો હોય તેમ લાગે છે. પરંતુ ગ્રંથકારનો નથી. માટે આ સાક્ષી શ્લોકો છે અને યોગબિન્દુમાં લખેલા સ્વરચિત શ્લોકો છે એમ લાગે છે. છતાં તત્ત્વ કેવલી ભગવંતો જાણે. બન્નેનો ભાવાર્થ એક જ છે. ॥ ૪૩ ॥

**અવતરણ :- प्रतिपन्नाधिकगुणस्थानकस्य विधिमाह-**

જે મહાત્માઓએ ઉપરનું અધિક ગુણસ્થાનક પ્રાપ્ત કર્યું છે. તેઓએ હવે શું વિધિ કરવાની છે. તે વિધિ જણાવે છે :-

**उड्ढं[१] अहिगगुणेहिं[२], तुल्लगुणेहिं[४] च[३] णिच्च[५] संवासो[६]।**
**तग्गुणठाणोचियकिरियपालणासइसमाउत्तो[७] ॥ ४४ ॥**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उर्ध्वम् = अधिकगुणस्थानप्रतिपत्तेरुत्तरकालं अधिकगुणैस्तुल्यगुणैश्च प्राणिभिरात्मापेक्षया नित्यं संवासः । संवासो नाम औचित्येन तदुपजीवनादि निर्जराफलः ।तथा 'तद्गुणस्थानोचितक्रियापालनास्मृतिसमायुक्तः' = अस्मिन् गुणस्थानके व्यवस्थितेनेदं चेदं च कर्त्तव्यभिति स्मृतिसमन्वागतस्तदेव कुर्यात् । इति गाथार्थः । ॥ ४४ ॥

**ગાથાર્થ** :- ઉપરનું ગુણસ્થાનક પ્રાપ્ત કર્યા પછી પોતાનાથી અધિકગુણવાળાઓની જ સાથે, અથવા સમાન ગુણવાળાઓની જ સાથે નિત્ય સહવાસ રાખવો. તથા તે તે ગુણસ્થાનકને યોગ્ય ક્રિયાઓ મારે પાળવાની જ છે (કરવાની જ છે) એવા પ્રકારની નિરંતર સ્મૃતિ યુક્ત થવું. ॥ ૪૪ ॥

**ટીકાનુવાદ** :- મુમુક્ષુ આત્માઓએ ઉપરનું ગુણસ્થાનક (સમ્યગ્દષ્ટિ આત્માને દેશવિરતિ આવ્યા પછી, અને દેશવિરતિધરને સર્વવિરતિ) આવ્યા પછી આવેલું તે અપૂર્વ ગુણસ્થાનક અત્યન્ત સુદૃઢ બને, તેનું વધુ સ્થિરીકરણ થાય, દીર્ઘકાળ ટકે, પતનનો સંભવ જ દૂર થઈ જાય, અને ઉત્તરોત્તર અપૂર્વ-અપૂર્વ ગુણસ્થાનકની પ્રાપ્તિનું કારણ બને તેટલા માટે પોતાના આત્માની અપેક્ષાએ અધિકગુણવાળા અથવા તુલ્યગુણવાળા મહાત્માઓ સાથે જ સહવાસ કરવો. દેશવિરતિધર બનેલા મુમુક્ષુએ સર્વવિરતિધરોનો અથવા શ્રાવકોનો જ સહવાસ રાખવો પરંતુ અવિરતિનો સહવાસ છોડી દેવો. તથા સર્વવિરધિર બનેલા મહાત્માઓએ સાધુઓનો જ સહવાસ રાખવો પરંતુ ગૃહસ્થોનો સહવાસ છોડી દેવો. કારણ કે અધિકગુણવાન્ અથવા તુલ્યગુણવાળા પુરુષોના સહવાસથી—

(૧) પ્રમાદો દૂર થાય છે. (૨) વિષયો શાન્ત થાય છે.
(૩) સ્વાધ્યાયની વૃદ્ધિ થાય છે. (૪) સ્વચ્છંદતાનો નાશ થાય છે.
(૫) કષાયો હળવા થઈ જાય છે. (૬) સાંસારિક વિકથાઓ અટકી જાય છે.

ઇત્યાદિ અનેકવિધ આધ્યાત્મિક લાભો થાય છે.

"સંવાસ" એટલે કે ઔચિત્યતા પૂર્વક ગુરુજીની સાથે (પાસે) જીવન જીવવું તે, પરમસંવેગી, વૈરાગ્યવાસિત, સ્વ-પરાત્મહિતચિંતક, પરમગીતાર્થ એવા ગુરુજીની સાથે અથવા ગુરુભાઈઓની સાથે જીવન જીવવું એ જ પૂર્વબદ્ધ કર્મોના નાશ કરવા રૂપ નિર્જરા ફળને આપનારું છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા જે આ અપૂર્વગુણસ્તાનક પ્રાપ્ત કર્યું છે તે ગુણસ્થાનકને ઉચિત એવી ક્રિયાના પાલનનું સતત સ્મરણ કરવું. મારે આ ગુણસ્થાનકે આ અનુષ્ઠાન કર્તવ્ય છે. આ અનુષ્ઠાન કર્તવ્ય છે ઇત્યાદિ તે ગુણઠાણાને ઉચિત કાર્યોના સ્મરણથી સતત સજાગ રહેવું. તથા શક્તિ અનુસારે ગુરુજીનો જેમ જેમ આદેશ મળે તેમ તેમ તે તે કાર્યોમાં પ્રવર્તવું. કારણ કે પ્રાપ્ત અપૂર્વ ગુણસ્થાનકને ટકાવવામાં અને તે ગુણસ્થાનકને પોતાના આત્માની સાથે સ્થિર કરવામાં એકલો ગુણીજનનો સહવાસ પુરતું સબળ કારણ નથી પરંતુ સાથે ઉચિત કર્તવ્યપરાયણતા પણ આવશ્યક છે. ગુરુજી જે જે ઉપદેશ આપે તેને હૃદયથી અવધારવી, પ્રમાદોને દૂર કરવા, ભૂતકાલીન ગુણસ્થાનકના સંસ્કારોને ત્યજવા પ્રયત્ન કરવો, તેની વાસના ન જન્મે તેટલા મ તેવી વ્યક્તિઓથી દૂર રહેવું, પૂર્વગુણસ્થાનકમાં અનુભવેલા ભાવોનું અસ્મરણ ક ઈત્યાદિ ઉચિતકર્તવ્યપરાયણતા પણ આ ગુણસ્થાનકને ટકાવવામાં અતિશય આવશ્ય છે. તથા આ ગુણજનનો સહવાસ અને કર્તવ્યપરાયણતા આનાથી પણ ઉપરન ગુણસ્થાનકની પ્રાપ્તિનાં બીજ છે. માટે આવા પ્રકારની સ્મૃતિવાળા તે આત્માએ તે જ અનુષ્ઠાન કરવું જોઈએ. અર્થાત્ પ્રાપ્ત થયેલા આ નવા ગુણઠાણાના અનુષ્ઠાનમાં લીન બની જવું જોઈએ. ॥ ૪૪ ॥

**અવતરણ** :- હજુ પણ પ્રાપ્ત એવા અપૂર્વગુણસ્થાનકમાં શું વિધિ કરવી તે જ સવિશેષે જણાવે છે :-

**उत्तरगुणबहुमाणो[१], सम्मं[३] भवरूवचिंतणं[२] चित्तं[४] ।**
**अरईए[६] अहिगयगुणे[५], तहा[७] तहा[८] जत्तकरणं[९] तु ॥ ४५ ॥**

**उत्तरगुणबहुमानः, अधिकृतगुणस्थानकापेक्षया उत्तरगुणस्थानक गुणराग इत्यर्थः। तथा "सम्यग्" वासितेनान्तः करणेन संवेगक्रियासारं "भवरूपचिन्तनं" संसारस्वभावालोचनं, "चित्रं" = नानाप्रकारं कर्तव्यम् । तद्यथा = इह असारं जन्म, आश्रयो जरादीनाम्, व्याप्तो दुःखगणेन, चला विभूतयः, अनवस्थिताः स्नेहाः, दारुणं विषयविषम्, रौद्रः पापकर्मविपाकः, पीडाकरोऽनुबन्धेन, मिथ्याविकल्पं सुखम्, सदा प्रवृत्तो मृत्युरिति, न धर्माद् ऋतेऽत्र किञ्चित् कर्तुं**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ग्राह्यम्, इत्येवमादि । तथा अरतौ चाधिकृतगुणविषयायां चित्रकर्मोदयेन, किम्?इत्याह - तथा-तथा- ''तेन तेन प्रकारेण भावशरणादिलक्षणेन''यत्नकरणं तु'' यत्न एव कर्तव्यः । इति गाथार्थः । ॥ ४५ ॥

**ગાથાર્થ** :- (૧) અધિક ગુણોવાળા ઉપર બહુમાન, (૨) સંસારના સ્વરૂપનું સમ્યગ્પ્રકારે ચિંતવન કરવાવાળું ચિત્ત, (૩) પ્રાપ્ત ગુણસ્થાનકમાં અરતિ થાય ત્યારે ભાવશરણ સ્વીકારવાનો તેવા પ્રકારનો યત્નવિશેષ. ॥ ૪૫ ॥

**ટીકાનુવાદ** :- મુમુક્ષુ અને આત્માર્થી એવા આત્માએ હાલ જે અપૂર્વ ગુણસ્થાનક પ્રાપ્ત કર્યું છે તેને ટકાવી રાખવા માટે, તથા તેમાં વધુ સ્થિર થવા માટે, તથા તેના તેના ઉપરના ગુણસ્થાનકમાં આરોહણ કરવા માટે પૂર્વેની ૪૪મી ગાથામાં (૧) સજ્જનનો સહવાસ, (૨) કર્તવ્યપરાયણતા એમ બે ઉપાયો કહ્યા. આ ગાથામાં બીજા ત્રણ ઉપાયો બતાવે છે. (૧) ઉત્તરગુણ બહુમાન, (૨) સમ્યગ્પ્રકારે ભવસ્વરૂપ ચિંતવન, (૩) અરતિ પ્રસંગે અરિહંત પરમાત્મા આદિનું ભાવશરણ. આ ત્રણે ઉપાયોનો વિશેષ અર્થ આ પ્રમાણે છે :-

**(૧) ઉત્તરગુણબહુમાન :-**

આત્મા હાલ જે ગુણસ્થાનક પામ્યો છે તે પોતાના અધિકૃત (પ્રાપ્ત) ગુણ સ્થાનકની અપેક્ષાએ જે મહાત્માઓ ઉત્તરગુણસ્થાનકમાં (ઉપરના ગુણસ્થાનકમાં) વર્તે છે. તેમના ઉપર અતિશય ગુણાનુરાગ, જેમ જે આત્મા અવિરત સમ્યગ્દષ્ટિપણામાંથી દેશવિરતિધર થયા તે દેશવિરતિધરે સર્વવિરતિધર ઉપર અતિશય ગુણાનુરાગ કરવો, અને જે દેશવિરતિધર શ્રાવક સર્વવિરતિધર થયા તે સર્વવિરતિધરે અપ્રમત્તસર્વવિરતિધર ઉપર અતિશય ગુણાનુરાગ કરવો, જેને યોગી મહાત્મા થવું છે તેને અધિક-અધિક યોગવાળાનો રાગ ભોગરાગમાંથી મુકાવનાર છે.

**(૨) સમ્યગ્ભિવસ્વરૂપચિંતન :-**

તથા ''સમ્યગ્ પ્રકારે'' એટલે કે અધ્યાત્માદિ ગુણોથી વાસિત થયેલું છે અંતઃકરણ જેનું એવા આ આત્માએ મોક્ષાભિલાષની તીવ્રતા સ્વરૂપ સંવેગ પરિણામવાળી ક્રિયા એ જ છે સારભૂત તત્ત્વ જેમાં એવું સંસારના સ્વરૂપનું નીચે મુજબ વિવિધ પ્રકારે આલોચન કરવું. અર્થાત્ આ સંસારનું સ્વરૂપ એવું વિચારવું કે જેનાથી સંસાર ઉપર નિર્વેદ અને મોક્ષ ઉપર અભિલાષાની જ વૃદ્ધિ થાય. તે આ પ્રમાણે :-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) **असारं जन्म** :- આ સંસારમાં "જન્મ" એ જ અસાર છે. કારણ કે જન્મ અશુચિમાંથી જ થાય છે. જન્મની વૃદ્ધિ પણ નવમાસાદિ સુધી અશુચિમાં જ થાય છે. જન્મ થાય તેને જ પ્રસવપીડા સહન કરવાની હોય છે. જન્મ એ જ શરીરપ્રાપ્તિનું કારણ છે. અને શરીર એ રોગ - જરા - મરણનું કારણ છે. તેથી પરંપરાએ જન્મ એ જ રોગાદિનું કારણ છે. સંસારી કુટુમ્બીઓનો સંયોગ અને વિયોગ તથા તેના દ્વારા હર્ષ-શોક પણ જન્મવાળાને જ આવે છે. તેથી આ જન્મ એ જ બહુ દુઃખોનું કારણ હોવાથી અસાર છે.

(૨) **आश्रयो जरादीनाम्** = તથા આ સંસાર જરાદિનો આશ્રય છે. જરા-મરણ-રોગ-શોક-ભય-પરાભવ-ચિંતા-આધિ-વ્યાધિ અને ઉપાધિનો ભંડારજ આ સંસાર છે.

(૩) **दुःखगणेन व्याप्तः** = શારીરિક, માનસિક, સામાજિક, કૌટુમ્બિક, સગાં-સ્નેહીઓનાં સંયોગ-વિયોગાત્મક, નિર્ધનતા, આદિ અનેક પ્રકારના દુઃખગણથી ભરેલો આ સંસાર છે.

(૪) **चला विभूतय** :- સંસારમાં મળેલી વિભૂતિઓ ધન - યશ - પ્રતિષ્ઠા-માન- મોભો - સ્ત્રીસુખ, પુત્રસુખ, પરિવારસુખ, ગાડી-મોટર-બંગલા હવેલીઓ, રાજપાટ આદિ વિભૂતિઓ ચલિત છે. અર્થાત્ નાશવંત છે.

(૫) **अनवस्थिताः स्नेहाः** = પરિવારમાં, સગાઓમાં, સ્નેહીઓમાં, અને મિત્રાદિમાં પ્રવર્તતો સ્નેહ અસ્થિર છે. આજે મીઠાશ દેખાય, અને કાલે અબોલા થઈ જાય, આજે મિત્ર હોય એ જ કાલે શત્રુ થઈ જાય છે.

(૬) **दारूणं विषयविषम्** = પાંચે ઈન્દ્રિયોના વિષયોરૂપી વિષ, અતિભયંકર છે. સર્પનું વિષ, અફીણાદિનું વિષ, અથવા હલાહલાદિ વિષ આ જીવને ભવમાં એક વાર મારે છે. અને આ પાંચે ઈન્દ્રિયોના વિષયો આ જીવને મોહ - આસક્તિ કરાવવા દ્વારા ચીકણાં કર્મ બંધાવીને ભવોભવમાં રઝળાવે છે. એટલે ભવોભવમાં મારે છે. માટે દારૂણ છે.

(૭) **रौद्रः पापकर्मविपाकः** = વિષયાસક્તિ તથા કષાયોના કારણે બંધાયેલાં તીવ્ર પાપ કર્મોનો વિપાક ભવાન્તરમાં નરક-નિગોદમાં લઈ જવા વડે બહુ જ દુઃખ આપનારો રૌદ્ર-વિકરાલ છે.

(૮) **पीडाकरोऽनुबन्धेन** = તથા તે પાપો જો ચઉઠાણીયા રસવાળાં અતિશય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચીકણાં અને અનુબંધ વાળાં બંધાયાં હોય તો તે અનુબંધ વડે તીવ્ર પીડાકારી છે. ખંધક મુનિના જીવે પૂર્વભવમાં કોઠીંબડાની છાલને ઉતારી પ્રશંસા કરી, તેના દ્વારા અનુબંધ (તીવ્ર-રસ) બંધાયો કે પોતાના શરીરની જીવતાં ચામડી ઉતારવાનો ઉપસર્ગ આવ્યો.

(૯) **मिथ्याविकल्पं सुखम्** = સંસારિક સુખ મિથ્યા કલ્પનારૂપ છે. એટલે કે સુખ નથી અને સુખ માની લીધું છે. જેમ ઝાંઝવાનું જલ તે જલ ન હોવા છતાં "આ જલ છે" એમ મિથ્યા વિકલ્પ કરીને તેની પાછળ દોડતું હરણ તૃષા મટાડવાને બદલે વધારે છે, તેવાં ભોગસુખો છે. તથા ખસના રોગવાળાને આવતી ખણજ વાસ્તવિક સુખ ન હોવા છતાં સુખાભાસ છે. તેમ સંસારનાં વિષયસુખો પણ સુખાભાસ રૂપ છે.

(૧૦) **सदा प्रवृत्तो मृत्युः** = યમરાજા (મૃત્યુ) દિન-પ્રતિદિન હંમેશાં નજીક આવી રહ્યો છે, તેમાંથી બચાવનાર કોઈ નથી, આવવાનું છે તે નક્કી છે, પરંતુ ક્યારે આવીને ઊભું રહેશે તેની ખબર નથી, તિથિ-તારીખ-વાર-ટાઈમ જોયા વિના અચાનક જ આવીને ઊભું રહે છે, તેને કોઈ નિકટનું પાત્ર પણ રોકી શકતું નથી.

(૧૧) તેથી આ સંસારમાં ધર્મ વિના બીજુ કંઈ કર્તવ્ય જ નથી. એટલે કે ધર્મ વિના બીજુ કંઈ પણ કરવું તે યોગ્ય નથી. સંસારના સ્વરૂપને જણાવનારા આવા પ્રકારના ઉત્તમ વિચારો કરવા જેથી સંસારનો રાગ મંદ થાય, અને વૈરાગ્યની વૃદ્ધિ થાય.

## (૩) અરતિમાં ભાવશરણનો પ્રયત્ન :-

પોતે પ્રાપ્ત કરેલા ગુણસ્થાનકના વિષયમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવની પ્રતિકુળતાઓના કારણે તથા અનુકુળતાઓના અભાવે તેવા પ્રકારના પૂર્વે બાંધેલા વિચિત્ર કર્મોના ઉદયને લીધે જો અરતિ-ઉદ્વેગ-અપ્રીતિ - નાખુશીભાવ ઉત્પન્ન થાય (જેમ મેઘકુમારને સાધુઓના પાદરજના પતનથી થઈ હતી તેમ) તો તે તે પ્રકારે ભાવથી અરિહંત - સિદ્ધ - સાધુ - તથા કેવલી પ્રજ્ઞપ્ત એવા ધર્મનું શરણ ગ્રહણ કરવાનો પ્રયત્ન વિશેષ કરવો. અરિહંત પરમાત્મદિનું ભાવપૂર્વક શરણ એ જ અરતિ ઉદ્વેગને ટાળનાર છે. સંયમાદિ ગુણસ્થાનકો પામ્યા પછી જો અરતિ થાય તો ભાવિમાં આવનારા અશુભ કર્મોનું સૂચક છે. જેમ કોઈ દૂત એક રાજાને બીજા રાજાના આવી રહેલા લશ્કરની યાદ આપે છે તેમ સંયમમાં થયેલ અરતિ ભાવિમાં આવનારા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અશુભ કર્મોદયનું સૂચક છે. દૂતે જણાવેલી યાદ જાણીને પ્રથમનો રાજા જેમ યુદ્ધસજ્જ થાય છે, તેમ અરતિ દેખીને ભાવિમાં આવી રહેલા તીવ્રકર્મને હળવું કરવા કટિબદ્ધ થવું, સાવધ થવું, જાગૃત થવું એટલે જ ઉપકારી અરિહંતાદિનું શરણ સ્વીકારવું. તેઓનું શરણ કર્મોને તોડી અરતિ ટાળનાર છે. ॥ ૪૫ ॥

**અવતરણ :- किमित्येतदेवम् :-**

(પ્રાપ્ત ગુણસ્થાનકમાં જો અરતિ થાય તો) આ પ્રમાણે આ ભાવશરણ સ્વીકારવાનું કેમ કહ્યું ? તે જણાવે છે -

**[3]अकुशलकम्मोदयपुव्व, - रूवमेसा[2] जओ[1] समक्खाया[4] ।**
**सो[6] पुण[5] उवायसज्झो[8], पाएण[6] भयाइसु[7] पसिद्धो[8] ॥ ४६ ॥**

**अकुशलकर्मोदयपूर्वरूपम् ''एषा''= अरतिरधिकृतगुणे यतः समाख्याता भगवद्भिः । यदि नामैवं ततः किम् ? इत्याह - ''स पुनः'' अकुशलकर्मोदयः उपायसाध्यः प्रायेण ''भयादिषु''= भयरोगविषेषु प्रसिद्धः । इति गाथार्थः । ॥ ४६ ॥**

**ગાથાર્થ** :- જે કારણથી આ અરતિ ભાવિમાં આવનારા અકુશલ કર્મોદયના પૂર્વ સંકેત સ્વરૂપ છે. એમ જ્ઞાનીભગવંતોએ કહ્યું છે. અને વળી તે અકુશળ કર્મોદય ઘણુ કરીને ભયાદિમાં (ભય - રોગ - વિષમાં) પ્રસિદ્ધ છે અને તે કર્મોદય ઉપાયોથી સાધ્ય છે. ઉપાયોથી અટકાવી શકાય છે. ॥ ૪૬ ॥

**ટીકાનુવાદ** :- પ્રાપ્ત ગુણસ્થાનકમાં ગુણસ્થાનકની કઠિનાઈના કારણે અને પૂર્વે અનુભવેલા ભોગોની સાનુકુળતાના અભાવે જો આ મુમુક્ષુ આત્માને ''અરતિ'' થાય તો સમજવું કે અલ્પકાળમાં ભાવિમાં અશુભ કર્મોનો ઉદય આવી રહ્યો છે, જે ઉદય પ્રાપ્ત ગુણસ્થાનકને હચમચાવશે, અથવા પતન પમાડશે. આ અરતિ ભાવિમાં આવનારી આપત્તિનું સૂચન કરે છે. જેમ રસ્તા ઉપરની લાલબત્તી આગળલા ખતરાની સૂચક છે. તે દેખીને ગાડીને બ્રેક મારવાથી બચી જવાય છે. તેમ હું સાવધ થઈ જાઉં. ભાવિમાં આવનારી અકુશળકર્મોદય જન્ય આપત્તિ રોકવા હું અરિહંતાદિનાં ચાર ભાવશરણ સ્વીકારું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દુશ્મન રાજા લશ્કર સહિત આપણા રાજ્ય ઉપર ચડી આવે છે તેની જાણકારી જો દૂત દ્વારા આગળથી થાય તો તે ઘણું જ સારું છે. જેથી સાવધ થવાય, ઊંઘતા ન ઝડપી જવાય, અને આપણી હાર ન થાય, પરંતુ પ્રાયઃ પોતાનાં બળથી અથવા બળવાનનો આશ્રય લેવાથી જીત થાય. તેની જેમ ભાવિમાં ચડી આવનાર અકુશલકર્મોદયની અરતિ દ્વારા જો આ પ્રમાણે પ્રથમથી ખબર પડી જાય તો તેનાથી હવે શું કરવાનું ? સજાગ બનવાનું, પોતે પણ બળવાન્ થવાનું, અને બળવાન એવા અરિહંત પરમાત્માદિનું શરણું (આશ્રય) લેવાનું, જેથી ભાવિમાં આવનાર તે અશુભકર્મોદય ટાળી શકાય છે. કારણ કે તે અકુશળ કર્મોદય ઉપાયોથી સાધ્ય (અટકાવી શકાય તેવો) છે.

જૈન શાસ્ત્રોમાં બાંધેલું કર્મ તે રૂપે અવશ્ય ભોગવવું જ પડે તેવો નિયમ નથી. કર્મો સોપક્રમણીય હોય છે. સંક્રમણ - ઉદ્વર્તના - અપવર્તના - સ્થિતિઘાત - રસઘાતથી તોડી શકાય છે. જો તોડી શકાતાં ન હોત અને યથાબદ્ધપણે ભોગવવાં જ પડતાં હોત તો ઉપરોક્ત કરણોનું વર્ણન જે શાસ્ત્રોમાં છે તે નિરર્થક થાય. વળી નિર્જરાતત્ત્વ જ લુપ્ત થઈ જાય, નિર્જરાતત્ત્વ લુપ્ત થયે છતે મોક્ષતત્ત્વ પણ લુપ્ત જ થઈ જાય. વળી કોઈ જીવનો ક્યારે મોક્ષ જ ન થાય, કારણ કે એક કર્મ (નરકાદિના ભવમાં) ભોગવીને ૨૦/૩૦ કોડાકોડી સાગરોપમે જ્યાં પુરું કરે ત્યાં સુધીમાં તો બીજાં અનેક કર્મો બંધાઈ જાય, જથ્થો દરરોજ વધતો જ જાય, માટે જીવ કર્મો તોડી શકે છે. બદલી શકે છે. અશુભનાં શુભ કરી શકે છે. ભાવિમાં આવનાર અકુશળ કર્મોદય રોકીને કુશળકર્મોદય પણ કરી શકે છે. માટે હાલ જે કેટલાક એકાન્ત નિશ્ચયવાદીઓ એમ કહે છે કે ભાવિમાં જે થવાનું હોય છે તે જ થાય છે. કોઈ કંઈ બદલી શકતું નથી, મિથ્યા થતું નથી, આ વાત બરાબર નથી. આ વાત કેવળજ્ઞાનીની દૃષ્ટિએ છે. છદ્મસ્થની દૃષ્ટિએ નહીં.

તે આ અકુશલકર્મોદય મુખ્યત્વે ભય - રોગ અને વિષને વિષે પ્રસિદ્ધ છે. એટલે કે છઠ્ઠે સાતમે ગુણઠાણે આવેલા મુનિને હાસ્યષટ્ક રૂપ નોકષાય મોહનીયના ઉદયથી ભય, વેદાત્મક નોકષાય મોહનીયના ઉદયથી વાસનારૂપ રોગ, અને જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી સત્ય પદાર્થના જ્ઞાનના અભાવ રૂપ (અજ્ઞાનાત્મક) વિષ, એમ ત્રણ ફળ આપનારો એવો અકુશળકર્મોદય આવી રહ્યો છે તેની જાણકારી અરતિ કરાવે છે. હું સજાગ થઈ જાઉં, અને આ અકુશળકર્મોદયને ટાળવા તેની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સામે શાસ્ત્રોમાં બતાવેલા પ્રતિસ્પર્ધી ત્રણ ગુણોને મારા જીવનમાં સબળ બનાવું. જેથી તે ત્રણ ગુણોના આશ્રયથી ભાવિમાં આવનારા ભયાદિ ભયો નાશ પામી જાય. ॥ ૪૬ ॥

**અવતરણ :- एतदेवाह =**

અશુભકર્મોદય અને તજ્જન્ય ભયાદિને ટાળવા શાસ્ત્રમાં જણાવેલા આ ત્રણ ઉપાયો જ જણાવે છે - (અહીં ઉપાય શબ્દ પુલિંગ છે. વળી ત્રણ હોવાથી બહુવચન જોઈએ છતાં અવતરણમાં एतत् - એમ નપુંસકલિંગ અને એકવચન જ કરેલ છે. તે સામાન્યથી છે એમ જાણવું, કારણ કે જ્યાં સ્પષ્ટ લિંગનિર્દેશ અને વચનનિર્દેશ ન કરવાનો હોય ત્યાં સામાન્યથી નપુંસકલિંગ અને એકવચન આવે છે. આ ગ્રંથમાં આચાર્યશ્રીએ વારંવાર આવો જ પ્રયોગ લગભગ કરેલો છે.

**सरणं[2] भए[1] उवाओ[3], रोगे[4] किरिया[5], विसम्मि[6] मंतो[7] त्ति ।**
**एए[8] वि[9] [10]पावकम्मोवक्कमभेया[12] उ तत्तेणं[11] ।। ४७ ।।**

**''शरणं''= पुरस्थानादि, ''भये''= अन्यसमुत्थपीडारूपे, ''उपायः''= प्रक्रमात् तत्प्रत्यनीकः । तथा ''रोगे'' = व्याधौ चिरकुष्टादौ, क्रिया = चिकित्सोपायः । तथा विषे - स्थावरजङ्गमरूपे, ''मन्त्रः''= देवताधिष्टितोऽक्षरन्यासः इत्युपायः पूर्ववत् तत्प्रत्यनीक एव । एतेऽपि - ''शरणादयः''पापकर्मोपक्रमभेदा एव''= भयमोहनीयादिपापकर्मोपक्रमविशेषा एव तत्त्वतः परमार्थतः, कारणे कार्योपचारात् । इति गाथार्थः । ॥ ४७ ॥**

**ગાથાર્થ :-** આ ગાથામાં પ્રથમ સંસારિક દ્રષ્ટાન્ત આપે છે. કોઈ પણ પ્રકારનો ભય આવે ત્યારે બળવાનનું શરણ તે ઉપાય, શરીરમાં રોગ વ્યાપે ત્યારે વૈદ્ય પાસે ચિકિત્સાની ક્રિયા એ ઉપાય, અને શરીરમાં વિષ વ્યાપે ત્યારે મંત્ર એ જેમ ઉપાય છે તેમ આ ભાવ શરણ વિગેરે પાપકર્મનો ઉપક્રમ કરવાના તત્ત્વથી ભેદો છે. ॥૪૭॥

**ટીકાનુવાદ :-** અન્ય પ્રાણીઓથી ઉત્પન્ન થયેલા ભયો રૂપ પીડા આવી પડે ત્યારે નગરનું કોઈ ગુપ્તસ્થાન ઈત્યાદિ શરણ રૂપ બને છે. એટલે કે તે ગુપ્તસ્થાન આવેલા ભયનું પ્રત્યનીક (નિવારક) બને છે. તથા લાંબા કાળના કોઢ રોગાદિ વ્યાધિ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શરીરમાં વ્યાપે ત્યારે વૈદ્યરાજે બતાવેલી ચિકિત્સાની ક્રિયા (ચિકિત્સા રૂપ ક્રિયા) એ ઉપાયભૂત બને છે. તથા સ્થાવર - જંગમ એમ બન્ને પ્રકારનું વિષ શરીરમાં વ્યાપે ત્યારે દેવતાધિષ્ઠિત અક્ષરોની રચના મય મંત્ર એ ઉપાયભૂત બને છે. એટલે કે પૂર્વની જેમ આ મંત્ર તે વિષનું પ્રત્યનીક જ થાય છે.

આ ત્રણે શરણાદિ ઉપાયો ભય મોહનીયાદિ પાપકર્મોનો ઉપક્રમ (વિનાશ) કરવામાં કારણ છે. શરણ - ચિકિત્સાક્રિયા - અને મંત્રજાપ એ કારણો છે. અને તેનાથી ભયમોહનીયનો નાશ, અસાતાવેદનીયનો નાશ, અને આયુષ્યની અપવર્તનાનો નાશ, આ ત્રણે કાર્યો પરમાર્થથી થાય છે. તથાપિ કારણમાં કાર્યનો ઉપચાર કરીને શરણાદિ આ ત્રણ ઉપાયો એ જ પાપકર્મોના ઉપક્રમ વિશેષ જ કહેવાય છે.

| | **કારણ** | **કાર્ય** |
|---|---|---|
| ૧ | શરણ | ભયમોહનીયનો નાશ |
| ૨ | ક્રિયા | અસાતા વેદનીયનો નાશ |
| ૩ | મંત્ર | આયુષ્યની અપવર્તનાનો નાશ. |

આ ગાથા દૃષ્ટાન્તરૂપ છે. દાર્ષ્ટાન્તિક વિષય આગળ ૪૮મી ગાથામાં આવે છે. એટલે અહીં ટીકાનો શબ્દાર્થ માત્ર સમજાવવામાં આવ્યો છે. આ બન્ને ગાથાનો ભાવાર્થ ૪૮મી ગાથામાં સાથે સમજાવીશું. ॥ ૪૭ ॥

**અવતરણ :- एवं दृष्टान्तमभिधाय दार्ष्टान्तिकयोजनामाह-**

આ પ્રમાણે દૃષ્ટાન્ત સમજાવીને હવે દાર્ષ્ટાન્તિકમાં જોડતાં કહે છે :-

**सरणं[3] गुरू[2] उ इत्थं[1], किरिया[6] उ तवो[5] त्ति कम्मरोगम्मि[4]।**
**मंतो[8] पुण सज्झाओ[7], मोहविसविणासणो[9] पयडो[10] ॥ ४८ ॥**

**शरणं गुरुरेव "अत्र"- कर्मक्षये, क्रिया तु "तप इति" = तप एव षष्ठादि, क्व? इत्याह= "कर्मरोगे" कर्मव्याधौ, मन्त्रः पुनः "स्वाध्यायः" = वाचनादिः, सामर्थ्याद्विषे। तथा चाह "मोहविषविनाशनः" = कर्मजनिताज्ञानविषविनाशनः, "प्रकटः"- अनुभवसिद्धः । इति गाथार्थः । ॥ ४८ ॥**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ** :- તેવી જ રીતે કર્મોદયજનિત ભયો વખતે અહીં ગુરુ જ શરણ રૂપ છે. કર્મોદય જનિત વાસના રૂપ રોગ સામે તપ રૂપ ક્રિયા એજ ઉપાય છે. અને કર્મજન્ય અજ્ઞાનાત્મક વિષ સામે સ્વાધ્યાય એ જ મંત્રરૂપ છે. તથા આ સ્વાધ્યાય રૂપ મંત્ર જ મોહ રૂપ વિષનો પ્રગટ વિનાશક છે. ॥ ૪૮ ॥

**ટીકાનુવાદ** :- ભય મોહનીયકર્મનો ક્ષય કરવામાં ગુરુ જ શરણ છે. વેદોદય રૂપ કર્મના ઉદય જન્ય વાસનાસ્વરૂપ રોગ તે કર્મરોગ અર્થાત્ કર્મવ્યાધિ, તેનો નાશ કરવામાં છઠ્ઠાદિ તપ એ જ ક્રિયા છે. અને અજ્ઞાનાત્મક વિષ તોડવામાં વાચનાદિ સ્વાધ્યાય એ જ મન્ત્ર રૂપ છે. વિષ શબ્દ અહીં મૂળગાથામાં નથી તો પણ સામર્થ્યથી (અધ્યાહારથી) સમજી લેવો. તે જ વાતની આચાર્યશ્રી પુષ્ટિ કરે છે કે આ સ્વાધ્યાય જ્ઞાનાવરણીય કર્મથી જન્ય એવા અજ્ઞાનાત્મક વિષનો પ્રગટ વિનાશક જ છે. આ વાત અનુભવસિદ્ધ છે. આ પ્રમાણે ટીકાનો શબ્દાર્થમાત્ર કરીને હવે બન્ને ગાથાનો સાથે ભાવાર્થ સમજાવાય છે -

આ બન્ને ગાથામાં ત્રણ પ્રકારના અકુશલકર્મોદયો (એ કારણો), તથા તેના ફળભૂત=કાર્યસ્વરૂપ એવાં ત્રણ પ્રકારનાં ફળો (કાર્યો), અને તેના નાશક એવા ત્રણ પ્રકારના ઉપાયો બતાવ્યા છે. એક દૃષ્ટાન્ત સ્વરૂપ છે. અને બીજું દાર્ષ્ટાન્તિક સ્વરૂપ છે.

જેમ દુશ્મન રાજા ચડી આવે ત્યારે નગરના ગુપ્તસ્થાનનું શરણ એ જ ઉપાય છે. ધોધમાર વરસાદ વરસતો હોય ત્યારે કોઈ મજબૂત મકાનનું શરણ એ જ ઉપાય છે. નદી આદિના પુરમાં ફસાયા હોઈએ તો હોડી, દોરડું - પાટીયું, અથવા લાકડાનું શરણું એ જ ઉપાય છે. તેમ સંયમગુણસ્થાને આવવા છતાં જ્યારે અરતિ થાય અને તેનાથી પાપકર્મો કરવાના પરિણામો ઉત્પન્ન થાય અને તેનાથી દુર્ગતિ પતનનો ભય, અસમાધિ મરણનો ભય, કોઈ દોષ સેવાઈ જવાનો ભય ઉપસ્થિત થાય ત્યારે ધર્મગુરુનું શરણ જ ઉપાયભૂત છે. કારણ કે ધર્મગુરુ એવી સંદર મધુરવાણીથી શીખ આપે, માનવભવ અને સંયમપ્રાપ્તિની દુર્લભતા સમજાવે, મોહના ઉદયનાં માઠાં ફળો સમજાવે, અનેક મહાત્માઓનાં દૃષ્ટાન્તો સમજાવે, કર્મોને તોડવા માટેનું સામર્થ્ય પ્રગટાવે, આપણો આત્મા સ્થિર થાય એવા શિષ્યોના સહવાસમાં જોડે, ઈત્યાદિ પ્રયત્નોથી ગુરુ જ આપણામાં ભાવિમાં આવનારાં પાપકર્મોના ઉદય રૂપ ભયનો વિનાશ કરનારા છે. તેથી સતત ગુરુનું શરણ સ્વીકારવું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા શરીરમાં ચિરકુષ્ટાદિ (લાંબા કાળનો કોઢ રોગ વિગેરે) રોગો ફેલાયા હોય તો અનુભવી અને સુપ્રસિદ્ધ વૈદ્યરાજે બતાવેલી તે રોગ મટાડવા માટેની ચિકિત્સા કરવા રૂપ ક્રિયા કરવી એ જ પરમ ઉપાય છે. તેમ વેદોદયથી સંસારના ભોગો ભોગવવાની વાસના રૂપ રોગ ફેલાયો હોય તો છઠ્ઠાદિ તપ કરવો એ જ ઉપાય છે. અહીં છઠ્ઠતપ લખ્યો છે તો પણ તેનાથી જઘન્ય આયંબીલ અને ઉપવાસાદિ, તથા તેનાથી ઉત્કૃષ્ટ અઠ્ઠમ-અઠ્ઠાઈ આદિ તપો તુલાદંડન્યાયે સ્વયં સમજી લેવા. વાસના રૂપ કર્મવ્યાધિને રોકવા તપ એ જ ઉપાય છે. કારણ કે તપથી શરીરની ધાતુઓ દુર્બળ થાય, વિકારો શાન્ત થાય, વાસનાઓ ધીરે ધીરે ઘટી જાય, તેનાથી ક્રોધ-કામ પણ ઓછા થઈ જાય, તથા શરીર સુખશીલવૃત્તિવાળું ન બની જાય, ભોગોની સ્મૃતિ ન થઈ જાય, ખાનપાનની આસક્તિ, ધનની આસક્તિ, સ્ત્રીસુખની આસક્તિ વિગેરે પણ ન થઈ જાય તેટલા માટે સતત યથાશક્તિ તપમાં વર્તવું જોઈએ. આયંબીલ - એકાશન આદિ જે તપ આચરે તે પણ ક્ષુધાશાન્તિ માટે જ કરે, તેમાં પણ આહારની લોલુપતા ત્યજી દે, આ તપ મોહવિકાર રૂપ કર્મવ્યાધિને દૂર કરવા માટે છે.

શાસ્ત્રોમાં તપ માટે યથાશક્તિ શબ્દનો પ્રયોગ કર્યો છે. એટલે શક્તિનું ઉલ્લંઘન કરીને તપ કરવો નહીં. જે તપથી દુર્ધ્યાન થાય, ચક્ષુ આદિ ઈન્દ્રિયોની શક્તિ ક્ષીણ થઈ જાય, ધર્મક્રિયાઓમાં શિથિલતા આવે, ઉઠવા-બેસવાની અશક્તિ વધી જાય, સ્વાધ્યાય સીદાય, જયણા પાળવામાં સ્ખલના થાય તેવો તપ કરવો નહીં કારણ કે જેમ આ શરીર પૌદ્ગલિક હોવાથી અસાર છે તેમ ધર્મનું સાધન પણ છે. પંચેન્દ્રિયનો ભવ, માનવદેહ પુનઃ દુષ્કર છે. માટે તેનાથી દીર્ઘકાળ સાધના સાધી શકાય તે રીતે તપ કરવો. તથા શક્તિને છુપાવવી પણ નહીં, વિષયલંપટ પણ બનવું નહીં.

જેનાથી છઠ્ઠ-અઠ્ઠમાદિ તપ થઈ શકતો ન હોય તેણે પણ વિગઈ ત્યાગ, રસત્યાગ, દ્રવ્યોનો નિયમ, વિવિધ અભિગ્રહો ઈત્યાદિ તપનો પણ અવશ્ય આશ્રય કરવો. વૈદ્યરાજે આપેલી કડવી દવા પીવામાં જેમ શરીરની દયા કરાતી નથી તેમ વાસનારોગ રૂપ કર્મવ્યાધિને મટાડવા મનગમતું ભોજન આપવા દ્વારા શરીરની દયા પણ કરવી જોઈએ નહીં.

તથા વિષ બે પ્રકારનું છે : (૧) સ્થાવર (૨) જંગમ. અફીણ-ગાંજો-મદિરા, ઝેરી વનસ્પતિમાંથી બનાવેલ વિષ, સોમિલ વિષ, હલાહલ વિષ ઈત્યાદિ જે વિષ તે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થાવર, સર્પ-વિંછી આદિ પ્રાણઘાતક જીવોનું જે વિષ તે જંગમ વિષ, આ બન્ને પ્રકારના વિષમાંથી કોઈ પણ પ્રકારનું વિષ આ શરીરમાં વ્યાપ્ત થયું હોય તો તે તે વિષના પ્રતિસ્પર્ધી, અને દેવાધિષ્ઠિત એવા મન્ત્રોનો જાપ એ ઉપાય છે. જેમ સર્પના વિષમાં ગારૂડિક મંત્રનો જાપ એ ઉપાય રૂપ છે ઈત્યાદિ. તેની જેમ અજ્ઞાન, અણસમજ, ઊંધી સમજ, કદાગ્રહ, દુરાગ્રહ, મિથ્યાભિમાન, એકાન્તવાદ ઈત્યાદિ રૂપ ભાવવિષ આ આત્મામાં જ્યારે વ્યાપ્યું હોય ત્યારે વાચના-પૃચ્છના-પરાવર્તનાદિ પાંચ પ્રકારનો સ્વાધ્યાય એ જ પરમ ઉપાય છે. સ્વાધ્યાય એ પરમમંત્ર છે અને અજ્ઞાન તથા મોહ રૂપ ભાવવિષને હણે છે.

અજ્ઞાન અને મોહ આ બે અનાદિના જીવને વળગેલા છે. તે જ ભયંકર વિષ છે. તેને દૂર કરવા માટે ગૃહસ્થ જીવનમાં યથાશક્ય, અને સાધુજીવનમાં સતત સ્વાધ્યાયમાં લીન બની જવું જોઈએ. સૂત્રપાઠ-અર્થપાઠમાં આત્માને એવો લીન કરી દેવો જોઈએ કે વિષનો આવેગ જ ઉતરી જાય, મહાત્મા પુરુષોનાં બનાવેલાં સૂત્રો મંત્રાક્ષર સ્વરૂપ હોય છે. તેના કર્તાના ચારિત્રનો પ્રભાવ તેમાં હોય છે. ઉવસગ્ગહરંની ભંડારાયેલી બે ગાથા, તથા લઘુશાન્તિનાં ઉદાહરણો જગપ્રસિદ્ધ છે. કેટલાકનું એવું કહેવું છે કે સમજ્યા વગર પ્રતિક્રમણનાં સૂત્રો બોલે જઈએ તેથી શું લાભ ? અર્થ સમજીને બોલીએ તો ઠીક, આ દલીલ ઘડીભર સાચી માની લઈએ તો પણ સૂત્રપાઠ કર્યા પછી અર્થપાઠ તરફ પ્રયાણ કરવું જોઈએ, પરંતુ અર્થપાઠના અભાવે સૂત્રપાઠનો નિષેધ કરવો વ્યાજબી નથી. કારણ કે સૂત્ર એ અર્થનો આધાર છે. આધાર વિના આધેયની પ્રાપ્તિ કેમ થશે ? વળી બે માસથી ત્રણ વર્ષ સુધીનાં નાનાં બાળકોને અપાતી વીટામીનવાળી વિવિધ દવાઓનું જ્ઞાન તે બાળકને નથી છતાં દવા અપાય છે, મા-બાપ આપે છે. બાળક ન પીએ તો લાલચ આપીને અથવા પકડીને પણ પીવરાવાય છે. પતાસાની વચ્ચે કડવી ગોળી નાખીને પણ અપાય છે. દવાનું જ્ઞાન બાળકને ન હોવા છતાં પણ અવશ્ય તે દવાનો લાભ બાળકને થાય જ છે. ત્યાં આ દલીલ કેમ કરાતી નથી ? બાળકને દવાની તથા તેની શક્તિની ભલે ખબર નથી પરંતુ મા-બાપને તેની ખબર છે. માટે જ બળાત્કારે પણ આપે છે. તેની જેમ ગણધર અને પૂર્વાચાર્યોથી રચિત આ સૂત્રોમાં આત્માના હિતને કરનારું અનેકવિધ વિટામીન ભરેલું છે. તેમ સમજવું જોઈએ અને આત્માને સ્વાધ્યાય રૂપ મંત્રપાઠમાં લીન કરવો જોઈએ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ યોગશતક - યોગબિન્દુ - શાન્તસુધારસ - અધ્યાત્મસાર - જ્ઞાનસાર ઈત્યાદિ ગ્રંથો જ એવા છે કે જેમાં કર્તાઓએ પોતાના હૈયાના ઉદ્‌ગારો કાઢેલા છે. અમૂલ્ય મંત્રમય શબ્દો ટાંકેલા છે. શેરડી જેમ જેમ ચૂસીએ તેમ તેમ મધુર રસ આપે, ચંદન જેમ જેમ ઘસીએ તેમ તેમ ઉત્તરોત્તર અધિક સુગંધ આપે, તેમ આ ગ્રંથોના પદે પદે શાન્તરસ - અધ્યાત્મરસ ઉત્તરોત્તર અધિક ઝળહળે છે. આ પાઠોની લીનતા - તન્મયતા - એકાગ્રતા એ જ અજ્ઞાનરૂપ ભાવવિષનું અને મોહરૂપ ભાવવિષનું મારક છે. એક ક્ષણ પણ આવા ગ્રન્થોના અધ્યયન વિના વીતાવવી જોઈએ નહીં. મહામૂલ્યવાન આ સૂત્રપાઠ અને અર્થપાઠ અન્ય ભવોમાં, અને માનવના પણ અન્ય જાતીયભવોમાં અપ્રાપ્ય અને દુષ્કર છે.

આ પ્રમાણે (૧) પર રાજના ભય પ્રસંગે નગરના ગુપ્ત સ્થાનનું શરણ, (૨) શરીરના રોગોમાં ચિકિત્સાની ક્રિયા, અને (૩) સર્પાદિ વિષમાં ગારૂડિકાદિ મંત્રપાઠ ઉપકારી છે. (આ ત્રણ દૃષ્ટાન્તો છે.) તેની જેમ (૧) સંયમથી પતન કરાવે એવા અશુભ કર્મોદયના ભયપ્રસંગે ગુરુજીનું શરણ, (૨) વાસના સ્વરૂપ રોગપ્રસંગે છઠ્ઠ-અઠ્ઠમાદિ તપના આસેવન રૂપ ચિકિત્સાની ક્રિયા, અને (૩) ભાવવિષ પ્રસંગે સ્વાધ્યાય રમણતા સ્વરૂપ મંત્રજાપ ઉપકારી છે. (આ ત્રણ દાર્ષ્ટાન્તિક છે)

**અવતરણ :- प्रकान्तासेवनाफलमाह :-**

પ્રસ્તુત આ ત્રણ ઉપાયોના આસેવનથી શું ફળપ્રાપ્તિ થાય તે જણાવે છે :-

**एएसु[1] जत्तकरणा[2], तस्सोवक्कमणभावओ[3] पायं[4] ।**
**नो[7] होइ[6] पच्चवाओ[5], अवि [8]य गुणो[9] एस[10] परमत्थो[11] ॥ ४९ ॥**

**''एतेषु''= अधिकृतशरणादिषु यत्नकरणादाज्ञानुसारेण, ''तस्य''= प्रक्रमादधिकृतारतिनिबन्धनस्य कर्मणः, ''उपक्रमणभावतः''= उपक्रमणस्वभावत्वात्, ''प्रायः''= बाहुल्येन निरुपक्रमाकुशलकर्मभावे तु प्रायो गुणस्थानाप्त्यभावाद् न भवति प्रत्यपायोऽधिकृतारतिसमुत्थः । अपि च गुणस्तदन्योपक्रमणानुबन्धच्छेदादिना, एषः परमार्थः, अन्यथा पुरुषकारवैयर्थ्यादिति ।**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ** :- ઉપરોક્ત ત્રણ ઉપાયોમાં યત્નવિશેષ કરવાથી પ્રાયઃ તે પાપકર્મોનો ઉપક્રમ (વિનાશ) થવાથી ભાવિમાં કોઈ વિઘ્ન આવતું નથી. પરંતુ ગુણ જ પ્રાપ્ત થાય છે. આ જ સાચો પરમાર્થ છે. ॥ ૪૯ ॥

**ટીકાનુવાદ** :- ભય - રોગ - અને વિષને દૂર કરવાના ઉપાયભૂત એવા આ અધિકૃત (પ્રસ્તુત) (૧) શરણ - (૨) તપ અને (૩) સ્વાધ્યાયમાં વીતરાગ પરમાત્માની આજ્ઞાને અનુસારે પ્રયત્નવિશેષ (હાર્દિક પુરુષાર્થ) કરવાથી તે કર્મોનો = એટલે કે પ્રસંગ વશથી પ્રસ્તુત અરતિ છે સૂચક કારણ જેનું એવાં તે તે કર્મોનો ઉપક્રમભાવ (વિનાશસ્વભાવ) થવાથી પ્રસ્તુત એવી અરતિથી (समुत्थ =) સૂચવાયેલું વિઘ્ન આવતું નથી. અહીં મૂળગાથામાં જે પ્રાયઃ શબ્દ લખ્યો છે તે નિરૂપક્રમ એવાં (જે કર્મોનો ઉપક્રમ થઈ જ ન શકે એવાં ચીકણાં નિકાચિત) અકુશલ કર્મો હોતે છતે પ્રાયઃ = ઘણું કરીને આવા ઊંચા ગુણસ્થાનકની પ્રાપ્તિ જ થતી નથી, તેથ આટલા ઊંચા ગુણસ્થાનકે આવેલા મહાત્માને આવો નિકાચિત અકુશલકર્મોદય હોવો પ્રાયઃ સંભવિત નથી. છતાં નંદીષેણાદિ મુનિની જેમ કદાચ કોઈ તીવ્રકર્મ બાકી રહી ગયું હોય તો શરણ તપ અને સ્વાધ્યાય સેવવા છતાં તે તીવ્રકર્મ નથી પણ તુટતું, તે જણાવવા માટે મૂળ ગાથામાં પ્રાયઃ શબ્દ લખ્યો છે.

આ પ્રમાણે શરણ-તપ-અને સ્વાધ્યાય આ ત્રણ ઉપાયોમાં સતત પ્રવૃત્તિ કરવાથી तदन्य = તે નિકાચિત કર્મોથી અન્ય એવાં જે અનિકાચિત કર્મો છે. તે અનિકાચિત કર્મોનો ઉપક્રમ (વિનાશ) થવાથી, તથા તેનો અનુબંધ તુટી જવાથી (તીવ્ર રસ મંદ થઈ જવાથી) અવશ્ય ગુણ પણ થાય છે. એટલેકે નક્કી લાભ પણ થાય છે. આવાં કર્મો મંદ થવાથી વિઘ્ન તો આવતું બંધ જ થઈ જાય છે પરંતુ ગુણોની પ્રાપ્તિ થવા રૂપ લાભ પણ અવશ્ય થાય છે. ખરેખર આ જ સાચો પરમાર્થ છે. જો કર્મોનો ઉપક્રમ થતો ન હોત, અનુબંધનો (તીવ્રતાનો) ચ્છેદ થતો ન હોત, અને જેમ કર્મો બાંધ્યાં હોય તેમ ભોગવવાં જ પડતાં હોત તો ધર્મ માટેનો કરાયેલો આ પુરુષાર્થ પણ વ્યર્થ થવાનો પ્રસંગ આવે. માટે શરણાદિ ત્રણ ઉપાયોના આસેવનથી અશુભકર્મોનો અવશ્ય ઉપક્રમ થાય છે.

**आह – पुरुषकारेण तद्ध्युपक्रम्यते, एवं च कृतनाशाकृताभ्यागमप्रसङ्ग अन्यथावेदनीयस्वभावस्यान्यथावेदनात्, तथावेदनीयस्वभावत्वे त्वस्य पुरुषकारवैयर्थ्ये तस्यैव तथास्वभावत्वेनास्य तेनैवाक्षेपादिति ।**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન** :- જો બાંધેલાં કર્મો પુરુષાર્થ કરવાથી તોડી શકાતાં હોય તો આ રીતે થવાથી **કૃતનાશ** અને **અકૃતાગમ** નામના દોષો આવવાનો પ્રસંગ આવશે. કારણ કે જે કર્મો જે પ્રકારનાં ફળો આપવાના સ્વભાવે બંધાયાં હતાં તે પ્રકારનાં ફળ આપ્યા વિના નાશ પામ્યાં હોવાથી કૃતનાશ નામનો દોષ લાગે છે. કારણ કે कृत = કરેલાં કર્મોનો ભોગવ્યા વિના જ नाशः = વિનાશ થયો માટે પ્રથમ આ દોષ આવશે. અથવા જે કર્મો અશુભ ફળ આપવાના ભાવે બંધાયાં હતાં તે શુભમાં જો સંક્રમી જતાં હોય તો પણ તેઓમાં અશુભ ફળ આપવાનું જે નિર્માણ કરાયું હતું. તે પ્રમાણે તે કર્મોએ ફળ આપ્યું નહીં માટે પણ કૃતનાશ દોષ આવશે. તથા જે કર્મો તીવ્રરસે બાંધેલાં હતાં તે અપક્રમણ થવાથી મંદરસવાળાં થતાં હોય તો તે કર્મો મંદરસે अकृत = કરેલાં ન હતાં છતાં મંદરસે ઉદયમાં आगम = આવ્યાં માટે अकृतागम એમ બીજો દોષ પણ આવશે. અથવા અશુભ બાંધેલાં કર્મો શુભમાં સંક્રમી શકતાં હોય તો શુભ ફળ આપવારૂપે બાંધ્યાં ન હોવા છતાં શુભરૂપે ઉદયમાં આવ્યાં એ રીતે પણ અકૃતાગમ દોષ લાગશે.

ઉપર આપેલા દોષોથી બચવા માટે હવે કદાચ જો એમ કહેવામાં આવે કે બંધાયેલાં આ કર્મો જ તેવાં પ્રકારનાં (તીવ્રનાં મંદ થઈને, અથવા અશુભનાં શુભ થઈને સ્થિતિ રસનો અપક્રમ થઈને) જ વેદાય એવા સ્વભાવવાળાં જ બંધાયેલાં હતાં, એમ જો કહો તો તેને તોડવા માટે કરાયેલો આ પુરુષાર્થ વ્યર્થ થશે. કારણ કે આ કર્મો જ્યારે બંધાયાં ત્યારથી તે કર્મો જ મંદ-શુભ અને અપક્રમણ થવાના સ્વભાવવાળાં હોવાના કારણે આ પુરુષાર્થ તેવા સ્વભાવવાળાં તે કર્મો વડે જ આક્ષિપ્ત થઈ જાય છે. અંદર સમાઈ જાય છે. અર્થાત્ ઊડી જાય છે. નિષ્ફળ સિદ્ધ થાય છે. જો કર્મો જ સ્વયં મંદ અને શુભ થઈને જ વેદાવાના સ્વભાવે બંધાયાં હોય અને પુરુષાર્થ વડે પરિવર્તન ન થતું હોય તો તેને તોડવા માટે કરેલો આ પુરુષાર્થ વ્યર્થ સિદ્ધ થાય છે. અને જો પુરુષાર્થ વડે કર્મો મંદ તથા શુભ બનતાં હોય તો કૃતનાશ તથા અકૃતાભ્યાગમ દોષો આવે જ છે. માટે અપક્રમણ માનવું ઉચિત નથી.

ઉપયોગી શબ્દાર્થ આ પ્રમાણે છે :-

**अन्यथावेदनीयस्वभावस्य** = ભિન્નપણે = તીવ્રરસે અને અશુભપણે વેદવાના (ભોગવવાના) સ્વભાવવાળાં કર્મોનું

**अन्यथावेदनात्** = ભિન્ન રીતે = મંદરસે અને શુભપણે વેદન થતું હોવાથી,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**त्वस्य = तु-अस्य** = વળી આ પૂર્વબદ્ધ કર્મોનો,

**तथावेदनीयस्वभावत्वे** = તેવા પ્રકારનો = મંદરસે અને શુભપણે થઈને જ વેદાવાનો સ્વભાવ જ છે. એમ માને છતે,

**पुरुषकारवैयर्थ्ये** = (તેને તોડવાનો) પુરુષાર્થ વ્યર્થ થવાનો પ્રસંગ આવશે, **तस्यैव** = તે કર્મોનો જ, **तथास्वभावत्वेन** = તેવા પ્રકારનો મંદ અને શુભ થવાનો પોતાનો જ સ્વભાવ હોવાના કારણે જ, **अस्य** = આ પુરુષાર્થનું

**तेनैव** = તેવા સ્વભાવવાળા મંદ અને શુભ થવાના સ્વભાવવાળાં કર્મ વડે જ, **आक्षेपात्** = ખંડન થતું હોવાથી, અંદર સમાઈ જાય છે. આક્ષિપ્ત થઈ જાય છે.

સારાંશ કે જો કર્મો સ્વયં મંદ અને શુભ થવાના સ્વભાવવાળાં જ બંધાયાં હોય તો પુરુષાર્થ વ્યર્થ છે. અને જો પુરુષાર્થથી મંદરસ અને શુભ થતાં હોય તો કૃતનાશ અને અકૃતાગમ દોષ આવે છે.

**उच्यते - यत्किञ्चिदेतत् अभिप्रायापरिज्ञानात् । अनियतस्वभावं हि कर्म सोपक्रमं, तदेव च पुरुषकारविषयः इत्युक्तदोषाभावः । एतच्च दार्वादौ प्रतिमादियोग्यताकल्पम् तथाप्रमाणोपपत्तेः । न हि योग्यान्नियमेन प्रतिमादि, न च तदभावे सति अयोग्यमेतत् । तल्लक्षणविलक्षणत्वात्, तथाप्रतीतेः सकललोकप्रसिद्धत्वात् । प्रतिमादिकल्पश्च पुरुषकार इति भावनीयम् । न च दार्वेव प्रतिमाक्षेपकमिति न्याय्यम्, सर्वत्र तत्प्राप्तेः, योग्यस्यापि वाऽयोग्यत्वप्रसङ्गात् । तद्भेदस्य च नैश्चयिकस्यालौकिकत्वात् । लौकिकत्वेऽपि तथाविधयोग्यताभेदात्, तथाविधयोग्यतातुल्यं च कर्मणोऽनियतस्वभावत्वम् ।**

**ઉત્તર** :- ઉપરોક્ત પ્રશ્ન યત્કિંચિત્ છે. અર્થાત્ તુચ્છ છે. કારણ કે અમારા અભિપ્રાયનું (આશયનું) પુછનારને જ્ઞાન ન હોવાથી આવા પ્રશ્નો થાય છે પરંતુ તેનો ઉત્તર (અમારો આશય) આ પ્રમાણે છે :-

આ આત્માએ ભૂતકાળમાં જ્યારે જ્યારે જે જે કર્મ બાંધ્યું છે. તે તે કર્મમાં જ્યાં અનિયત સ્વભાવવાળું બાંધ્યું છે. એટલે કે નક્કી તે જ સ્વભાવે ભોગવાય જ એવા નિયમ વિનાનું જે બાંધ્યું છે. તે તે સોપક્રમી (ઉપક્રમથી તુટી શકે તેવું) બાંધ્યું છે. જેમ કે ખેતરમાં ઘઉં-મગ-તંદુલ જ્યારથી પાક્યા ત્યારથી જ "સીઝી શકે" તેવા પરિવર્તનીય જ પાક્યા છે. તેમ કર્મ પણ પરિવર્તનીય સ્વભાવવાળું જ બંધાયું છે. તેથી તે પરિવર્તન કરવું એ જ પુરુષાર્થનો વિષય છે. ઘઉં-મગ-તંદુલમાં "સીઝવાની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોગ્યતા'' હતી જ, તેને પુરુષે અગ્નિ આદિનો સંયોગ આપવા રૂપ પુરુષાર્થથી પ્રગટ કરી છે. તેમ કર્મમાં ઉપક્રમણની યોગ્યતા હતી તે જ પુરુષાર્થથી આત્માએ સિદ્ધ પ્રગટ કરી છે. માટે ઉપરોક્ત દોષનો અભાવ છે.

આ ''સોપક્રમપણું'' લાકડામાં રહેલી મૂર્તિની યોગ્યતા સરખું છે. મૂર્તિ બનાવવાના ઉદ્દેશથી લાવેલું કાષ્ટ હાલ મૂર્તિ રૂપે નથી પરંતુ તેમાં મૂર્તિ બનવાની યોગ્યતા રહેલી છે. તેથી જ તેનો કલાકાર તે લાકડામાં જ ઘડી ઘડીને સુંદર મૂર્તિ બનાવે છે. એટલે કાષ્ટ મૂર્તિપણે પરાવર્તનીય છે. તેમ કર્મ પણ પુરુષાર્થ વડે પરાવર્તનીય છે. પ્રત્યક્ષાદિ પ્રમાણો વડે તેવી પ્રતીતિ દેખાય છે. ચંદનના કાષ્ટમાં મૂર્તિ બનવાની યોગ્યતા હોવા છતાં પણ કલાકારના ઘડવાના પુરુષાર્થ વિના યોગ્યતા માત્રથી નિયમા પ્રતિમાદિ બની જાય તેવું બનતું નથી. (જો તેમ બનતું હોય તો જંગલમાં રહેલાં ચંદનાદિ કાષ્ટોમાં પણ મૂર્તિ બનવાની યોગ્યતા હોવાથી સ્વયં મૂર્તિ બની જવી જોઈએ. પરંતુ બનતી નથી.) તથા જે ચંદનના કાષ્ટમાંથી કલાકારના પુરુષાર્થના અભાવે તે મૂર્તિ ન બની હોય ત્યાં तदभावे = તે મૂર્તિ ન બને છતે <u>न चायोग्यमेतत्</u> = આ ચંદનનું કાષ્ટ મૂર્તિ માટે અયોગ્ય કહેવાતું નથી. તેની જેમ કર્મમાં તીવ્રનું મંદ, અને અશુભનું શુભ થવાની પરાવર્તનીયતા રૂપ તથાસ્વભાવ છે જ અને તે પરાવર્તનીયતા પુરુષાર્થ વડે પ્રગટ થાય છે. એમ જાણવું.

તલમાં તેલ, માટીમાં ઘટ, બીજમાં અંકુરોત્પાદન, તન્તુમાં પટ, કાષ્ટમાં મૂર્તિ, અનાજમાં સીઝવાપણું, ઈત્યાદિ દ્રષ્ટાન્તોમાં પૂર્વવર્તી કારણ કાર્યોત્પત્તિમાં યોગ્યતા ધરાવે છે. અને તેને તેને યોગ્ય ઘાણી, દંડચક્ર, જલાદિ, તુરીવેમાદિ, કલાકારાદિ, અને અગ્નિ આદિ નિમિત્તોનો ઉપયોગ કરવા રૂપ પુરુષાર્થ મળવાથી પોતપોતાના કાર્યની પ્રગટતા થાય છે. તેમ કર્મમાં પણ પુરુષાર્થથી પરાવર્તનીયતા પ્રગટ થાય છે એમ જાણવું. ઉપરોક્ત તમામ દ્રષ્ટાન્તોમાં નિમિત્તોનો ઉપયોગ કરવા રૂપ પુરુષાર્થ પ્રાપ્ત ન થાય તો પોતપોતાનું કાર્ય ન થવા છતાં તે તે કારણો તે તે કાર્ય પ્રત્યે અયોગ્ય છે એમ નથી જ કહેવાતું. કારણ કે ''અયોગ્ય''ના લક્ષણ કરતાં આ કારણો વિલક્ષણ છે. જેમ તેલ કાર્ય પ્રત્યે રેતી અને તલ, આ બન્નેમાં વર્તમાનકાળે તેલ ન હોવા છતાં રેતી અયોગ્ય છે. જેથી ઘાણીમાં પીલીએ તો પણ તેલની પ્રાપ્તિ થતી નથી, જ્યારે તલ યોગ્ય કારણ છે. ઘાણીમાં પીલે છતે તેલની પ્રાપ્તિ થાય છે. તેની જેમ કર્મ પણ પરાવર્તનને યોગ્ય જ છે. અયોગ્યના લક્ષણથી વિલક્ષણ છે. તેવી પ્રતીતિ પ્રત્યેક



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્રષ્ટાન્તોમાં થાય છે. અને સકલ લોકમાં આ વાત પ્રસિદ્ધ છે.

જેમ મગ અને કોયડુ બન્ને સીઝેલા મગ રૂપ કાર્યાત્મક નથી. તો પણ મગમાં યોગ્યતા છે, કોયડુમાં નથી. તેથી કોયડુમગ અયોગ્ય હોવાથી અગ્નિના યોગે પણ ''સીઝવા'' રૂપ કાર્ય કરતું નથી તેથી શેષમગ પણ અયોગ્ય છે એમ ન કહેવાય. તે શેષમગ કોયડુમગનાં લક્ષણોથી વિલક્ષણ છે. કારણ કે અગ્નિના યોગે તે સીઝે છે. તેની જેમ જે નિકાચિત કર્મો બાંધ્યાં હોય, નિયત સ્વભાવવાળાં જે કર્મો બાંધ્યાં હોય, તે કર્મો ભલે પરાવર્તન ન પામે, તોપણ તેનાથી શેષ જે અનિયત સ્વભાવવાળાં અનિકાચિત કર્મો બંધાયાં છે, તે પરાવર્તનને યોગ્ય છે, અને ઉપરોક્ત શરણાદિ ત્રણ ઉપાયોના સેવનથી અવશ્ય પરાવર્તન પામે જ છે. તૂટે જ છે. મંદ થાય છે. અને અશુભનાં શુભ થાય છે. તેવા સ્વભાવવાળાં બંધાયેલાં હોવાથી અને પુરુષાર્થ વડે તેવાં બનતાં હોવાથી કૃતનાશ કે અકૃતાભ્યાગમ એમ કોઈ દોષ લાગતો નથી. કાષ્ટમાંથી પ્રતિમાદિ બનાવવી એ જેમ પુરુષાર્થ છે, તેમ કર્મોનું પરાવર્તન કરવું એ પણ એક પ્રકારનો પુરુષાર્થ જ છે. માટે પુરુષાર્થ એ પ્રતિમાદિ બનાવવા સ્વરૂપ છે એમ ભાવવું.

કાષ્ટ પોતે જ પ્રતિમાપણાને પામનાર છે. (પુરુષાર્થની જરૂર નથી) એમ કહેવું ન્યાયયુક્ત નથી. જો યોગ્યતા માત્રથી વિના પુરુષાર્થે કાર્યસિદ્ધિ થતી હોય તો સર્વત્ર = સર્વકાષ્ટોમાં કલાકારના ઘડતર વિના જ तत्प्राप्तेः = તે મૂર્તિની આકૃતિ બની જવાની પ્રાપ્તિ આવશે. અથવા મૂર્તિ બનવાને યોગ્ય હોવા છતાં પણ જો તેમાં પુરુષાર્થ વિના મૂર્તિ ન બને તો મૂર્તિ બનવાને અયોગ્ય છે. એમ સાબિત થશે, એટલે યોગ્યને પણ અયોગ્યત્વની પ્રાપ્તિ થવાનો દોષ આવશે. કારણ કે જે યોગ્ય હોય તે પ્રતિમારૂપે સ્વયં બને જ એમ તમે માનો છો તેથી જે કાષ્ટમાંથી સ્વયં પ્રતિમા ન બની તે કાષ્ટ પ્રતિમા માટે અયોગ્ય જ છે એમ સિદ્ધ થશે. આવા તર્કથી યોગ્યને પણ અયોગ્ય માનવાનો પ્રસંગ આવશે. માટે કોઈ કાષ્ટમાં મૂર્તિ બનવાની યોગ્યતા અને કોઈ કાષ્ટમાં મૂર્તિ બનવાની અયોગ્યતાનો જે નૈશ્ચયિક ભેદ છે તે અલૌકિક છે, જ્ઞાનીગમ્ય છે, મગ-કોયડુમાં રહેલો સીઝવાની યોગ્યતા અને અયોગ્યતારૂપ નિશ્ચયભેદ અલૌકિક છે. તેમ સર્વ દ્રષ્ટાન્તોમાં અને દાર્ષ્ટાન્તિકમાં સમજવું. નિશ્ચયથી રહેલો ભેદ અલૌકિક=જ્ઞાનીગમ્ય હોવા છતાં પણ લૌકિકદ્રષ્ટિએ એટલે વ્યવહાર નયથી તે તે કારણોમાં તે તે કાર્યરૂપે પરિણામ પામવાની તથાવિધયોગ્યતા રૂપ ભેદ સ્વીકારવો જ જોઈએ, તેથી પરિવર્તન પામવા માટેની તથાવિધ યોગ્યતા જેમ ઈતરદ્રષ્ટાન્તોમાં



Jain Education International . For Private & Personal Use Only www.jainelibrary.org

હોય છે, તેની જેમ તથાવિધ પરાવર્તન માટેની યોગ્યતા સરખો અનિયત સ્વભાવ કર્મનો પણ સમજી લેવો.

સારાંશ કે ઉપરોક્ત ઈતરદ્રષ્ટાન્તોમાં જેમ પુરુષાર્થ વડે કારણોમાં કાર્ય નીપજાવવાની યોગ્યતા રહેલી છે. તેમ કર્મોમાં પણ પુરુષાર્થ વડે પરાવર્તન પામવાની તથાવિધયોગ્યતા રૂપ અનિયત સ્વભાવ રહેલો જ છે. તેથી પુરુષાર્થ વડે ઉપક્રમ થઈ શકે છે.

**किञ्च - कर्मापि पुरुषकारापेक्षकं तत्स्वभावतयैव, एवमेव पुरुषस्य तदुपक्रामणस्वभावतायां को दोषः ? पारम्पर्यतस्तथाभावस्योभयत्र तुल्यत्वात्। अत इह उभयतथाभावो न्याय्यः कर्तृ-कर्मणोरुभयतथाभाव तायां सर्वत्रेष्टफलसिद्धेः, अन्यथायोगादतिप्रसङ्गादिति । एवमुभयजेऽपि तत्त्वे तदुग्रतादिरूपतत्प्राधान्यादिनिबन्धना कर्मपुरुषकारव्यवस्थेति सूक्ष्मधियाऽऽलोचनीयम् । निर्लोठितं चैतद् उपदेशमालादिष्विति नेह प्रयत्यते । इति गाथार्थः । ॥ ४९ ॥**

વળી કર્મમાં જેમ તેવો (પરાવર્તન પામવાની યોગ્યતા રૂપ) સ્વભાવ હોવા વડે પુરુષાર્થનું આક્ષેપક છે (એટલે પ્રેરક છે. કર્મના તથાવિધ સ્વભાવ વડે પુરુષાર્થ તેની અંદર સમાઈ જાય છે) તેમ પુરુષાર્થ પણ તે તે કર્મોના ઉપક્રામણ=ઉપક્રમણ કરવાના સ્વભાવવાળો જ છે એમ માનવામાં શું દોષ છે ? અર્થાત્ કોઈ જ દોષ નથી. સારાંશ કે કર્મોમાં જેમ પરાવર્તન પામવાનો સ્વભાવ છે તેથી જ પુરુષાર્થ વડે પરાવર્તન પામે છે. તેમ પુરુષાર્થમાં પણ એવો સ્વભાવ છે કે કર્મોનું પરાવર્તન કરે, એમ બન્નેમાં તે તે સ્વભાવ છે. કર્મોમાં પરાવર્તન પામવાપણાનો (ઉપક્રમણનો) તથાવિધસ્વભાવ, અને પુરુષાર્થમાં પરાવર્તન કરવાનો (ઉપક્રામણનો) તથાવિધસ્વભાવ, એમ, પરંપરાએ "તથાસ્વભાવતા" બન્ને જગ્યાએ તુલ્ય જ છે. આ જ કારણથી ઉભયમાં અનુક્રમે (ઉપક્રમણ અને ઉપક્રામણ એમ) સ્વભાવો માનવા એ જ યોગ્ય છે.

તૃણમાં જેમ દાહ્યસ્વભાવ છે તેમ અગ્નિમાં દાહક સ્વભાવ પણ છે જ તો જ અગ્નિથી તૃણ બળે છે. જો એકલા તૃણમાં રહેલા દાહ્યસ્વભાવથી જ તૃણ બળતું હોય તો તે તૃણ અગ્નિને બદલે જળથી કેમ ન બળે ? અને જો અગ્નિના એકલા દાહક સ્વભાવથી જ તૃણ બળતું હોય તો અગ્નિ તૃણને બદલે પત્થરને કેમ ન બાળે ? તથા મગમાં પચનીયસ્વભાવતા છે અને અગ્નિમાં પાચકતા સ્વભાવ છે. વૃક્ષમાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છેદ્યસ્વભાવ છે. કુહાડાદિમાં છેદકસ્વભાવ છે. એમ ઉપાદાનકારણમાં પરાવર્તનીયતા સ્વભાવ હોય છે અને નિમિત્તમાં પરાવર્તનનો કારકસ્વભાવ હોય છે. તેવી જ રીતે કર્મોમાં ઉપક્રમણ સ્વભાવ છે અને પુરુષાર્થમાં ઉપક્રામણ સ્વભાવ છે. આ પ્રમાણે ઉભયમાં પોતપોતાનો સ્વભાવ માને છતે જ સર્વ ઠેકાણે ઈષ્ટની સિદ્ધિ થાય છે. અન્યથા= જો ઉભયમાં સ્વભાવ માનવામાં ન આવે અને અન્યથાયોગ કરવામાં આવે એટલે એકમાં જ સ્વભાવ માનવામાં આવે તો અતિવ્યાપ્તિ આવે. જેમ કે માત્ર તૃણના દાહ્યસ્વભાવથી જ તૃણ દાહ પામતું હોય તો અગ્નિ વિના પણ તૃણ દાહ પામવું જોઈએ આ અતિવ્યાપ્તિ આવી. અથવા માત્ર અગ્નિના દાહક સ્વભાવથી જ જો દાહ થતો હોય તો ઈંટ-પત્થર વિગેરેમાં પણ અગ્નિથી દાહ થવો જોઈએ. આવી અતિવ્યાપ્તિ આવે. માટે ઉભયમાં તથાવિધ સ્વભાવ માનવો એ જ ઉચિત છે.

આ પ્રમાણે ઉપાદાન અને નિમિત્ત એમ ઉભયમાં રહેલા અનુક્રમે તથાવિધ ઉભયસ્વભાવોથી જન્ય તત્ત્વ=કાર્યસિદ્ધિ હોવા છતાં પણ તેની તેની ઉદગ્રતા (મુખ્યતા કરવા) રૂપ પ્રધાનતાના કારણવાળી કર્મ અને પુરુષાર્થની વ્યવસ્થા છે. સારાંશ કે ઉપાદાન અને નિમિત્ત, અથવા કર્તા, કર્મ અને કરણ એમ બધાં કારણોનો યોગ મળે તો જ કાર્યસિદ્ધિ થાય છે. તો પણ તેવા તેવા જીવોની ભૂમિકાને આશ્રયી તેને ઉભયમાર્ગમાં લાવવા માટે એકેકની પણ પ્રધાનતા કરવા રૂપ વ્યવસ્થા છે. જેમ કે એકાન્તનિશ્ચયવાદી આત્માઓ ઉપાદાનની જ પ્રધાનતા કરતા હોય છે. તેથી તેમના પ્રતિબોધ માટે તેમની સામે નિમિત્તની જ પ્રધાનતાવાળી (વ્યવહારનયની) દેશના જ ઉપકારી બને છે. તથા એકાન્તવ્યવહારવાદી આત્માઓ માત્ર નિમિત્તની જ પ્રધાનતા કરતા હોય છે. તેથી તેમના પ્રતિબોધ માટે તેમની સામે ઉપાદાનની પ્રધાનતાવાળી (નિશ્ચયનયની) દેશના ઉપકારી બને છે. કર્મ અને પુરુષાર્થની વ્યવસ્થા પણ આ પ્રમાણે જ છે. નિશ્ચયનયથી કર્મોમાં ઉપક્રમણ સ્વભાવ હતો એટલે કર્મો ઉપક્રમ પામ્યાં છે. અને વ્યવહારનયથી તેવા પ્રકારનો ભાવશરણાદિ સ્વીકારવાનો પુરુષાર્થ કર્યો તો જ કર્મો ઉપક્રમ પામ્યાં છે.

આ ચર્ચા વધુ સૂક્ષ્મ હોવાથી સૂક્ષ્મબુદ્ધિથી વિચારવા જેવી છે ગ્રંથકારશ્રી જ કહે છે કે અમે જ ઉપદેશમાલા આદિ અન્ય ગ્રંથોમાં આ પ્રકરણ ચર્ચેલું છે. માટે અહીં ફરીથી વિસ્તારાતું નથી. આત્માર્થી આત્માઓએ ત્યાંથી જોઈ લેવું. ॥ ૪૯ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણ :- प्रस्तुतार्थसाधकमेव विधिमभिधातुमाह-**

હવે કર્મોનો ઉપક્રમ કરવા સ્વરૂપ પ્રસ્તુત કાર્યની સાધકવિધિ જણાવવા માટે કહે છે-

**चउसरणगमण[1], दुक्कडगरहा[2], सुकडाणुमोयणा[3] चेव ।**
**एस[4] गणो[5] अणवरयं[6], कायव्वो[7] कुसलहेउ[8] त्ति ॥ ५० ॥**

**"चतुःशरणगमनम्"= अर्हत् - सिद्ध - साधु - केवलिप्रज्ञप्तधर्म शरणगमनम्, आचार्योपाध्याययोः साधुष्वेवान्तभार्वात्, केवलिप्रज्ञप्तधर्मस्य चानादित्वेन पृथगुपादानात् । न ह्यतश्चतुष्टयादन्यच्छरण्यमस्ति, गुणाधिकस्य शरण्यत्वात्, गुणाधिकत्वेनैव ततो रक्षोपपत्तेः, रक्षा चेह तत्तत्स्वभावतया एवाभिध्यानतः क्लिष्टकर्मविगमेन शान्तिरिति ।तथा दुष्कृतगर्हा "=अनादावपि संसारेऽनाभोगादिना प्रकारेण कायादिभिः करणभूतैः यानि दुष्कृतानि अर्हत्सिद्धादिसमक्षं संवेगापन्नेन चेतसा तेषां जुगुप्सेत्यर्थः । भवत्यतस्तद्धेयत्वभावनया अनुबन्धादिव्यवच्छेदः, शोभनश्चायं महानर्थनिवृत्तेरिति ।**

**ગાથાર્થ** :- અરિહંતાદિ ચારનું શરણ સ્વીકારવું, દુષ્કૃતની ગર્હા કરવી, અને સુકૃતની અનુમોદના કરવી, આ ત્રણેનો સમુહ નિરંતર સેવવા જેવો છે. કારણ કે તે કલ્યાણનું કારણ છે. ॥ ૫૦ ॥

**ટીકાનુવાદ** :- કર્મોનો ઉપક્રમ કરવા માટે પ્રથમ અરિહંત પ્રભુ આદિ ચાર પરમ ઉપકારીઓનું શરણ સ્વીકારવું, (૧) અરિહંત પરમાત્મા, (૨) સિદ્ધ પરમાત્મા, (૩) સાધુ મહારાજશ્રી અને (૪) કેવલિભગવન્તોએ પ્રરૂપેલો ધર્મ. આ ચારનું શરણ એ જ કર્મોના ઉપક્રમોનું પરમ સાધન છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે अरिहंता शरणं, सिद्धा शरणं, साहू शरणं, केवलिपन्नत्तं धम्मं शरणं पवज्जामि त्ति ।

**પ્રશ્ન** :- આચાર્ય મહારાજશ્રી અને ઉપાધ્યાય મહારાજશ્રી પણ પરમત્યાગી, પરહિતકારક છે. તો તેઓના શરણનું કથન કેમ ન કહ્યું ?

**ઉત્તર** :- આચાર્ય અને ઉપાધ્યાયજી મહારાજ શરણને યોગ્ય અવશ્ય છે જ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથાપિ તે બન્નેનો સાધુમાં જ સમાવેશ થતો હોવાથી પૃથગ્ ઉપાદાન કર્યું નથી.

**પ્રશ્ન :-** કેવલિપ્રજ્ઞપ્ત એવો ધર્મ પણ મૂળતઃ પરમાત્મા વડે પ્રકાશિત કરાયો છે અને પરંપરાતઃ આચાર્યાદિ વડે કહેવાયેલો છે તો અરિહંતાદિના શરણમાં ધર્મનું શરણ આવી જ જાય છે. શા માટે પૃથગ્ ઉપાદાન કર્યું છે ?

ઉત્તર :- અરિહંત પરમાત્મા વીતરાગાવસ્થા અને કેવલી અવસ્થા પામે ત્યારે જ કહેવાય છે માટે સાદિ છે. સિદ્ધ પરમાત્મા મોક્ષે જાય ત્યારે જ કહેવાય છે માટે સાદિ છે. સાધુભગવંત દીક્ષા સ્વીકારે ત્યારે જ સાધુ બને છે. માટે સાદિ છે. એમ શરણ્ય એવી ત્રણ વ્યક્તિ સાદિભાવવાળી છે. જ્યારે કેવલી પ્રજ્ઞપ્ત એવો ધર્મ અનાદિ છે. કારણ કે અનંતકાળમાં થયેલા અનંત તીર્થંકર પરમાત્માઓએ આ જ ધર્મ કહ્યો છે. માટે આ ધર્મ અનાદિ હોવાના કારણથી ઉપરોક્ત ત્રણ વ્યક્તિથી પૃથગ્ ઉપાદાન કરેલ છે.

ઉપર કહેલ અરિહંત - સિદ્ધ - સાધુ અને ધર્મ એમ આ ચારથી અન્ય કોઈ પણ વ્યક્તિ શરણ યોગ્ય આ સંસારમાં નથી. કારણ કે જે "ગુણાધિક" હોય તે જ શરણયોગ્ય હોય છે. તે તે વ્યક્તિઓ ગુણાધિકપણાના સ્વભાવના કારણે જ તેઓથી શરણાગતની રક્ષા થવી સંભવે છે.

વીતરાગ પ્રભુના શાસનમાં પ્રથમ બે પદો (અરિહંત અને સિદ્ધ) વીતરાગ હોવાથી, ત્રીજું સાધુપદ વૈરાગી હોવાથી, અને ચોથું ધર્મપદ એ ગુણમાત્ર હોવાથી સંસારી જીવોની રક્ષા અને અરક્ષાનાં આ ચારે પદો કર્તા નથી. પરંતુ શરણાગત આત્માનો ગુણાધિક એવા આ શરણ્ય વ્યક્તિઓના શરણને સ્વીકારવાની જે હાર્દિક ઉત્તમ ભાવના છે. એ જ તેઓના ક્લિષ્ટ કર્મોનો નાશ કરે છે. અને ક્લિષ્ટકર્મોનો નાશ થવાથી અશાન્તિ=ઉપદ્રવો દૂર થાય છે. તેથી સર્વત્ર શાન્તિ પ્રસરે છે. અને શરણાગતની રક્ષા થાય છે. આ રક્ષા જો કે શરણાગતના તેવા તેવા ઉત્તમ ભાવોથી ક્લિષ્ટકર્મ તુટવાથી સ્વયં થઈ છે. તો પણ તેવા પ્રકારના ઉત્તમભાવોમાં ગુણાધિક વ્યક્તિઓ નિમિત્ત છે. માટે નિમિત્તમાં કર્તાપણાનો આરોપ કરીને ઉપરોક્ત શરણ્ય એવી ચાર વ્યક્તિઓને રક્ષા કરનાર કરેલી છે.

જેમ ભણાવનાર અધ્યાપક પાસે અધ્યયન કરતા ૫૦ વિદ્યાર્થીઓને જ્યારે તે અધ્યાપક ભણાવે છે ત્યારે અધ્યાપકના આત્મામાં રહેલું જ્ઞાન ત્યાંથી નીકળીને છાત્રગણમાં વહેંચાતું નથી. જો તેમ બને તો અધ્યાપક જ્ઞાનશૂન્ય જ બની જાય. એટલે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છાત્રગણનાં જ જ્ઞાનાવરણીયાદિ ક્લિષ્ટકર્મો નાશ પામવાથી જ્ઞાનગુણ પ્રગટ થાય છે. છતાં નિમિત્તભૂત અધ્યાપકમાં કર્તાપણાનો આરોપ કરવામાં આવે છે. તેમ અહીં અરિહંતાદિમાં રક્ષાનો ઉપચાર સમજવો.

અથવા વૃક્ષાદિની શીતળ છાયા અચેતન હોવા છતાં તેનો આશ્રય સ્વીકારનારાઓને પ્રચંડ તાપના દાહથી ઉત્પન્ન થયેલી અસાતા દૂર થવાથી પોતાનામાંથી જ સાતા ઉત્પન્ન થયેલી હોવા છતાં વૃક્ષોની શીતળ છાયાથી મને સાતા પ્રાપ્ત થઈ છે એમ જેમ કહેવાય છે તેમ અહીં શરણાગત જીવોના તેવા તેવા શરણ સ્વીકારવાના સ્વભાવપણા વડે જ એકાગ્રધ્યાનથી ક્લિષ્ટકર્મોનો વિનાશ થતો હોવાથી પોતાના આત્મામાં પોતાનાથી જ શાન્તિ થાય છે. પોતે જ પોતાની રક્ષા કરે છે. તથાપિ નિમિત્તભૂત એવા અરિહંતાદિમાં રક્ષાના કર્તા તરીકે ઉપચાર કરાય છે.

ગુણાધિક પુરુષોનું માહાત્મ્ય જ એવું હોય છે કે તેઓના સાન્નિધ્યથી શરણાગત જીવોના કષાયો - કર્મો - દુષ્ટાશયો અને પાપો વિનાશ પામે છે. જેમ તીર્થંકર પરમાત્માના સમવસરણાદિમાં વાઘ-બકરી, સર્પ-નકુલ આદિ જીવો પણ તેઓના સાન્નિધ્યથી વૈમનસ્ય ત્યજી દે છે. પરંતુ એવું ન સમજવું કે પરમાત્માદિ ચાર શરણ્ય વ્યક્તિઓ શરણાગત જીવોની રક્ષા - સાર - સંભાળ - દુઃખનિવૃત્તિ અને સુખપ્રાપક ઉપાયોમાં પ્રવર્તે છે. કારણ કે તેઓ વીતરાગાદિ ભાવોવાળા છે.

તથા બીજું કર્તવ્ય છે ''दुष्कृतगर्हा'' આ પણ કર્મોનો ઉપક્રમ કરવામાં પરમ સાધન છે. અનાદિ એવા પણ આ સંસારમાં અનાભોગાદિના કારણે (આટલી ઊંચી ભૂમિકામાં આવેલા આત્માઓ જાણી - બુઝીને રાચી માચીને તો પાપ ન જ કરે, પરંતુ અજાણપણે) પાપો થઈ જાય, આદિ શબ્દથી પરવશતા પણ સમજવી. એટલે અજાણતાં અથવા પરવશતાથી કદાચ કોઈ પાપો તેવા પ્રકારના સાધનભૂત એવા કાયા - વચન - અને મન વડે કરાયાં હોય તો તે તે પાપોની અરિહંત - સિદ્ધ આદિ પાંચ પરમેષ્ઠિની સમક્ષ સંવેગપરિણામ દ્વારા આર્દ્ર બનેલા ચિત્તથી ખૂબ જ નિન્દા કરવી. વારંવાર નિન્દા કરવી. તે તે પાપો પ્રત્યે જુગુપ્સાભાવ લાવવો.

વારંવાર પાપોની નિંદા કરવાથી, જુગુપ્સા કરવાથી, તે પાપો પ્રત્યે તિરસ્કાર ભાવ લાવવાથી **''આ પાપો હેય જ છે''** એવી હેયપણાની ભાવના પ્રબળ બનવાથી ઘણાં પાપો તો આપોઆપ જ છુટી જાય છે. અને સંજોગવશાત્ જે પાપ સેવાઈ જાય તે પાપોનો પણ અનુબંધ (ચીકણો બંધ - તીવ્રબંધ) થતો નથી. અને પૂર્વ કર્મોનો જે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુબંધ (તીવ્રબંધ) થયો હોય છે તેનો પણ વ્યવચ્છેદ થાય છે. બંધાતાં અને પૂર્વે બાંધેલાં કર્મોના અનુબંધનો જે વ્યવચ્છેદ થયો તે જ આ અતિ સુંદર કામ છે. કારણ કે જો ચીકણો - તીવ્ર અનુબંધ થયો હોત તો આ આત્મા તેનાથી અનંત સંસારમાં જન્મ-મરણની પરંપરામાં રખડત, તે મોટો અનર્થ થાત, પરંતુ આ અનુબંધનો વ્યવચ્છેદ થવાથી આવા મહાન્ અનર્થની નિવૃત્તિ થઈ ગઈ, વધતો અનંત સંસાર અટકી ગયો, માટે આ દુષ્કૃતગર્હા પણ કર્મોના ઉપક્રમમાં પરમ સાધનભૂત છે. વારંવાર સેવવા જેવી છે.

**तथा "सुकृतानुमोदना चैव" सकलसत्त्वसङ्गतं मोक्षानुकुलं यदनुष्ठानं अनेकभेदभिन्नं तस्य महता पक्षपातेन स्वभावचिन्तासारा प्रशंसेति भावः । तदुपादेयतायां तद्बहुमानविशेषे नियोगत इयम्, नान्यथा । एवं च महदेतत् कल्याणाङ्गं वनच्छेत्तृ-बलदेव - मृगोदहरणेन सुप्रसिद्धमेवेति ।**

**"एष गणः"= चतुःशरणगमनादिः सर्व एव, "अनवरतं"- प्रायः सर्वकालमेव "कर्तव्यः"= अनुष्ठेयः, भावनीय इति यावत् । "कुशलहेतुः"= अपायपरिहारेण कल्याणहेतुरिति कृत्वा । तथा च महती गम्भीरा चास्य कुशलहेतुता, भावसारतया तत्त्वमार्गप्रवेशात् । परिभावनीयमेतदचिन्त्यचिन्तामणिकल्पं, भावधर्मस्थानम् । इति गाथार्थः । ॥ ५० ॥**

તથા "સુકૃતની અનુમોદના" એ કર્મોના ઉપક્રમનું ત્રીજું સાધન છે. આ આત્મા અનાદિકાલીન મોહનાં તોફાનોને લીધે દુષ્કૃત - કરવા - કરાવવામાં જ રચ્યો પચ્યો રહ્યો છે. તેથી પ્રથમ સુકૃતની ઈચ્છા થવી દુષ્કર છે. તેના કરતાં સુકૃતનું સેવન કરવું વધારે દુષ્કર છે. તેના કરતાં સુકૃત સેવનારાઓ પ્રત્યે બહુમાનનો ભાવ થવો વધારે દુષ્કર છે. અને તેના કરતાં પણ સુકૃતના અત્યન્ત પક્ષપાતપૂર્વક સુકૃત કરનારાઓનું અનુમોદન કરવું તો અતિશય દુષ્કર છે.

દુષ્કૃતનો ત્યાગ હજુ સુકર છે. પરંતુ દુષ્કૃત પ્રત્યે તિરસ્કાર આવવો ઘણો દુષ્કર છે. તેથી જ સંસારનો ત્યાગ કરનારા આત્માઓમાં પણ ક્યારેક ક્યારેક સંસારની વાસનાઓનો પ્રાદુર્ભાવ થઈ જાય છે. તેમ સુકૃતના સેવન કરતાં તેનો પક્ષપાત થવો અને સુકૃત આચરનારાઓ પ્રત્યે ભક્તિ - બહુમાન આવવું અતિશય કઠીન છે. આ સુકૃતની અનુમોદના પોતે મનમાં અવશ્ય આચરવી. બાહ્ય લોકસમક્ષ દ્રવ્ય-ક્ષેત્ર-

Jain Education International · For Private & Personal Use Only www.jainelibrary.org

કાળ-ભાવ જોઈને કરવી, જેથી અનર્થ ન થાય, ગુણીના ગુણોની સભા સમક્ષ પ્રશંસા કરતાં ગુણી હજુ કાચો હોય તો માનાદિમાં આવી જાય તો તેનું અહિત થઈ જાય, સાંભળનાર સભાના જીવોમાં તેમના પ્રત્યે દ્વેષબુદ્ધિવાળા કોઈ જીવો હોય તો તે ગુણીના ગુણોની પ્રશંસા તેઓ ન ખમી શકતાં ગુણીને ઉપસર્ગો કરે તેથી તે દ્વેષ કરનાર વ્યક્તિઓનું અહિત થાય તથા ગુણી વ્યક્તિને પણ ઘણી અસાતા ઉપસ્થિત થાય. માટે લાભદાયક થાય હિતકારક બને તેવી રીતે જ દ્રવ્ય - ક્ષેત્ર - કાલાદિ જોઈને જ પ્રશંસા કરવી.

મન-વચન અને કાયા એમ સકળપ્રકારના સત્ત્વથી યુક્ત, એવું મોક્ષને અનુકૂળ જે અનુષ્ઠાન તે સુકૃતાનુષ્ઠાન, તે સામાયિક - પ્રતિક્રમણ - તપ - સ્વાધ્યાય - પ્રાયશ્ચિત્ત - આત્મરમણતા - ધ્યાન - એકાગ્રતા - તીર્થયાત્રા ઈત્યાદિ અનેક ભેદોથી ભિન્ન ભિન્ન અનેક પ્રકારનું છે. તે સુકૃતની મોટા પક્ષપાતપૂર્વક કોઈનું પણ આચરેલું તે સુકૃત જાણે હૈયે અતિશય જચી ગયું હોય તેમ અતિશય પ્રશંસા કરવી તે સુકૃતાનુમોદના, કોઈના પણ દબાણ કે પરવશતાથી નહીં, તેમજ તેને સારું લગાડવા પણ નહીં. પરંતુ સ્વાભાવિક રીતે જ તેઓના ઉત્તમ સુકૃતની વિચારણા એ જ છે સાર જેમાં એવી, સતત વિચારણાના સારથી ભરેલી એવી, જે અનુમોદના તે સુકૃતાનુમોદના. આ પણ કર્મોના ઉપક્રમનું પ્રધાન કારણ છે.

વારંવાર આ સુકૃતની અનુમોદના કરતાં કરતાં **"તે જ સુકૃત મારે વારંવાર ઉપાદેય છે"** એમ તેના પ્રત્યે ઉપાદેય બુધ્ધિ થયે છતે તે સુકૃતને વિષે તથા સુકૃતવાળી વ્યક્તિને વિષે બહુમાન-પૂજ્યભાવ વિશેષ ઉત્પન્ન થવામાં આ અનુમોદના નક્કી કારણ બને છે. અન્યથા સુકૃત તથા સુકૃતવાનને વિષે અતિશય બહુમાનવિશેષ થતું નથી. માટે સતત પૂર્વે કરેલા સુકૃતોની અનુમોદના વારંવાર કરવી જોઈએ.

આ પ્રમાણે સુકૃતની અનુમોદના કરવા રૂપ આ આચરણ અવશ્ય આત્મકલ્યાણનું મહાન અંગ (મહાન કારણ) છે. આ બાબતમાં આહાર વહોરાવનાર વનમાં કાષ્ટ છેદનાર વનચ્છેતૃ, આહાર વહોરનાર બળભદ્ર મુનિ, અને આ પ્રક્રિયા દેખનાર મૃગ=હરણ આ ત્રણેએ સુકૃતની અનુમોદના કરી ઘણી પ્રશંસા કરી મૃત્યુ પામી પાંચમા દેવલોકે ગયા. જે કથા સુપ્રસિધ્ધ છે. તેની જેમ અહીં સમજવું. ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્રમાં પર્વ આઠમામાં સર્ગ બારમાની અંદર શ્રીકૃષ્ણ મહારાજાના મોટાભાઈ બળભદ્રજી કૃષ્ણના મૃત્યુ પછી દીક્ષિત થયા છતા મહાન તપની આરાધના કરતા છતા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પારણાર્થે નગરમાં આવતા. પરંતુ તેઓ વધારે રૂપવાન હોવાથી કૂવા ઉપર પાણી ભરતી કોઈ સ્ત્રી તેમના રૂપમાં અંજાઈને દોરડું ઘડાના બદલે પોતાના છોકરાના ગળે બાંધી કૂવામાં નાખી પાણી કાઢવાનું અઘટિત કૃત્ય કરવા લાગી. તે જોઈ બળભદ્રજીએ પારણાર્થે પણ નગરમાં ન આવવાનો સંકલ્પ કર્યો. અરણ્યમાં જ કોઈ પથિક આહાર વહોરાવે તો જ પારણું કરવું એવો દૃઢસંકલ્પ કરી ઉગ્ર તપ આદર્યું.

તે જ અરણ્યમાં તેમનો પૂર્વભવનો સંબંધી એક મૃગ તેમના ઉપદેશથી પ્રતિબોધ પામ્યો અને જાતિસ્મરણજ્ઞાન પામી અત્યન્ત સંવેગ પરિણામ વાળો બન્યો. તિર્યંચજાતિ હોવાથી સાધુને આહાર વહોરાવી શક્તો નથી. પરંતુ આ જંગલમાં કોઈ પથિક આવે અને મુનિને આહાર વહોરાવે તેની પૂરી કાળજી રાખી પથિકની કાયમ શોધ કરતો. જ્યારે કોઈ પથિક દેખાય ત્યારે ધ્યાનસ્થ મુનિની પાસે જઈ નમસ્કાર કરતો, આવા સંકેત દ્વારા "આ જંગલમાં આહાર વહોરાવે એવો પથિક આવ્યો છે" એમ મુનિને જણાવતો આ પ્રમાણે કાળનિર્ગમન થતાં એક વખત આ જ અટવીમાં કાષ્ટોને છેદવા એક કઠિયારો આવ્યો, મૃગે મુનિને નમસ્કારના સંકેત દ્વારા જાણ કરી, મુનિશ્રીએ ધ્યાન પૂર્ણ કરી આગળ મૃગ અને પાછળ મુનિશ્રી આહારાર્થે ચાલ્યા.

વનછેત્તૃ=કઠિયારો પણ કાષ્ટો છેદીનેપોતાના સહચરો સાથે ભોજન માટે બેઠો છે. તેવામાં મુનિશ્રી પધાર્યા. અતિશય ભક્તિભાવથી આહારનું સુપાત્રદાન વનછેત્તૃએ કર્યું, વનછેત્તૃએ મુનિના તપની અનુમોદના કરી, મુનિએ વનચ્છેત્તૃના વહોરાવવાના ઊંચા પરિણામની અનુમોદના કરી, અને દાન આપનાર - લેનારની મૃગે સંવેગ પરિણામપૂર્વક અતિશય અનુમોદના કરી. ત્રણે આત્માઓ (વનછેત્તૃ=કઠિયારો, બળભદ્રમુનિ, અને મૃગ એમ ત્રણે મહાત્માઓ) તીવ્ર સંવેગ પરિણામવાળા હતા, તે જ સમયે તે જ વૃક્ષની અર્ધછેદાયેલી મહાશાખા પવનના વેગને કારણે પડવાથી આ ત્રણે મહાત્માઓ મૃત્યુપામી પાંચમા દેવલોકે ગયા. વિશેષ હકીકત ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્રમાંથી જાણી લેવી.

આ અરિહંત પરમાત્માદિ ચારનું શરણ, દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદના એમ ત્રણ ઉપાયો રૂપ સર્વ ગણ નિરંતર એટલે પ્રાયઃ સર્વકાલે આદરવા જેવો છે.

આ ત્રણના ગણનું સતત સેવન કરવાથી આત્માનાં કિલષ્ટ કર્મો નાશ પામે છે. તેનાથી ભાવિમાં આવનારા અપાયો (દુઃખો-આપત્તિઓ)નો પરિહાર થાય છે, વિનાશ થાય છે. પુણ્યબંધ મજબૂત થાય છે. તેના ઉદયથી ધર્મની સાનુકૂળતાઓ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવી મળે છે, અને તે દ્વારા ઉત્તરોત્તર અધિક ધર્મારાધન થતાં કલ્યાણનું અંગ બને છે. એથી કરીને સતત-જરા પણ પ્રમાદ કર્યા વિના આ ત્રણના ગણનું સેવન કરવા જેવું છે.

આ ત્રણના ગણનું સેવન આન્તરિક માનસ પરિણામ રૂપ હોવાથી ભાવધર્મ છે. ભાવધર્મની સારતા રૂપ હોવાથી જ્ઞાન-દર્શન અને ચારિત્ર સ્વરૂપ આત્માના મૂળગુણભૂત રત્નત્રયીમય તત્ત્વમાર્ગમાં પ્રવેશ કરાવનાર છે. તેથી આ ગણના સેવનમાં મહાન અને ગંભીર (ઊંડી) કલ્યાણકારણતા રહેલી છે. જેમ જેમ તેનું વધુ સેવન કરવામાં આવે તેમ તેમ પાપબંધો અટકી જાય, પૂર્વબધ્ધ પાપોનો અનુબંધ તૂટી જાય, તીવ્રકર્મો મંદ બની જાય, દોષોનો નાશ થઈ જાય, ગુણોનો આવિર્ભાવ થઈ જાય, ઉત્તરોત્તર ગુણસ્થાનકોમાં જીવ આરોહણ કરવા લાગે, ઈત્યાદિ રીતે કલ્યાણની પ્રાપ્તિનું પરમકારણ બને છે.

તથા આ ભાવધર્મસ્થાન છે, તેનાથી ન ધારેલી અને ન કલ્પેલી પરમવિભુતિઓ પ્રાપ્ત થઈ જાય છે, કોઈ કોઈ વખત બાહ્યત્યાગ આવવાની પણ રાહ જોયા વિના મરૂદેવામાતા-ભરતમહારાજા-ગુણસાગર-પૃથ્વીચંદ્ર-ઈલાચી અને ચિલાતીની જેમ, તથા બાહ્યત્યાગ આવેલો હોય તોપણ અન્તર્મુહૂર્ત માત્રમાં જ પ્રસન્નચંદ્રમુનિ, કુરગડુઋષિ, અઈમુત્તામુનિ, દ્રઢ પ્રહારી આદિની જેમ, આ આત્મા અપ્રમત્ત અવસ્થા, ક્ષપકશ્રેણી, વીતરાગ અવસ્થા, કેવળજ્ઞાન, અયોગીદશા અને નિર્વાણ પદ પણ પામી જાય છે. પામનારને પણ કલ્પનામાં ન આવે તેટલું જલ્દી આત્મકલ્યાણ રૂપ ફળને આપવામાં આ ભાવધર્મસ્થાનક અચિંત્ય ચિંતામણિ રત્નતુલ્ય છે માટે અતિશય સંવેગપરિણામ પૂર્વક અરિહંતાદિ ચારનું શરણ, દુષ્કૃતોની ગર્હા અને સુકૃતોની અનુમોદના સતત એક ક્ષણનો પણ પ્રમાદ કર્યા વિના જીવનમાં વસાવવી જોઈએ. આ ગણ જ કલ્યાણકારક છે.॥ ૫૦ ॥

અવતરણ :- **प्रस्तुत एव योगाधिकारे विशेषमभिधातुमाह—**

પ્રસ્તુત એવા આ જ યોગના અધિકારમાં વિશેષ ઉપાયો કહોવા માટે જણાવે છે—

**[१]घडमान-[२]पवत्ताणं, [३]जोगीणं [४]जोगसाहणोवाओ ।**
**[५]एसो [६]पहाणतरओ, [७]णवर [८]पवत्तस्स [९]विण्णेओ ॥ ५१ ॥**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"घटमान-प्रवृत्तयोः योगिनोः"-अपुनर्बन्धक-भिन्नग्रन्थिलक्षणयोः, निष्पन्नयोगिव्यवच्छेदार्थमेतत्। घटमान-प्रवृत्तयोरेव योगिनोःयोगसाधनोपायः, "एषः" = अनन्तरोदितो वक्ष्यमाणलक्षणश्च । निष्पन्न-योगस्य त्वन्यः केवलिनः स्वाभाविकः शैलेशीपर्यन्तः । एवं "सांसिद्धिको निष्पन्नयोगाना-मधिकारमात्रनिवृत्तिफलः" इत्येतदपि परोक्तमत्राविरुद्धमेव। अर्थस्तुल्ययोग-क्षेमत्वात्। समुद्घातकरणशक्त्या हि कर्मवशितायां सत्यां तथा देशनादियोगः सांसिद्धिक एव भगवत इति भावनीयम् । तथा "एषः" वक्ष्यमाणलक्षणः प्रधानतरो नवरं प्रवृत्तस्य "विज्ञेयः"=ज्ञातव्यः । तथा तदधिकारस्वभावत्वात् । इति गाथार्थः । ॥ ५१ ॥

**ગાથાર્થ** :- ઘટમાનયોગીને અને પ્રવૃત્તયોગીને યોગ સાધવાનો આ ઉપાય સમજાવ્યો છે. પરંતુ આ (અને આ ગાથા પછીની બીજી ગાથામાં જણાવાતો) યોગ પ્રધાનપણે પ્રવૃત્તયોગીને જાણવો. ॥ ૫૧ ॥

**ટીકાનુવાદ** :- જે આત્માઓ હજુ યોગમાર્ગમાં પ્રવેશવાની ચેષ્ટા કરે છે. તેવા અપુનર્બન્ધક આત્માઓને **"ઘટમાનયોગી"** કહેવાય છે. તથા રત્નત્રયી રૂપ જે યોગ પ્રાપ્ત કરવાનો છે તેમાંથી ફક્ત સમ્યગ્ દર્શન સ્વરૂપ આંશિક યોગ જેઓએ પ્રાપ્ત કર્યો છે અને શેષ યોગદ્વય માટે જેઓ પ્રવૃત્તિ કરી રહ્યા છે તેવા અવિરત સમ્યગ્દષ્ટિ જીવો અર્થાત્ ભેદી છે રાગ-દ્વેષની ગાંઠ જેણે એવા આત્માઓ "પ્રવૃત્તયોગી" કહેવાય છે. અને જે આત્માઓએ દેશવિરતિ તથા સર્વવિરતિનું પાંચમું-છઠ્ઠું ગુણસ્થાનક વિગેરે ઉપરનાં ગુણસ્થાનકો પ્રાપ્ત કર્યાં છે તે આત્માઓ પણ **પ્રવૃત્તયોગી** કહેવાય છે. કેવળી ભગવન્તો **નિષ્પન્ન યોગી** કહેવાય છે. તથા ચોથો ભેદ ગોત્રયોગી પણ છે. પરંતુ તેમાં યોગાત્મક ફળની સિધ્ધિનો અભાવ છે તેથી તે ગોત્રયોગીને યોગના અનધિકારી કહ્યા છે. યોગદષ્ટિ સમુચ્ચયમાં કહ્યું છે કે :-

**कुलादियोगिभेदेन, चतुर्धा योगिनो यतः ।**
**अतः परोपकारोऽपि, लेशतो न विरुध्यते ॥ २०८ ॥**
**कुल प्रवृत्तचक्रा ये, त एवास्याधिकारिणः ।**
**योगिनो न तु सर्वेऽपि, तथाऽसिद्ध्यादिभावतः ॥ २०९ ॥**

કુલ આદિના ભેદથી યોગીઓ ચાર પ્રકારના છે : (૧) ગોત્રયોગી, (૨)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુલયોગી, (૩) પ્રવૃત્તચક્રયોગી, (૪) નિષ્પન્નયોગી, આ યોગદષ્ટિ સમુચ્ચય નામનો ગ્રંથ રચવાથી અંશે પણ તેઓનો પરોપકાર થશે જ એમાં કંઈ વિરોધ નથી. ॥ ૨૦૮॥

જે આત્માઓ કુલયોગી છે અને પ્રવૃત્તચક્ર યોગી છે. તે બે જ યોગીઓ આ ગ્રંથ ભણવાના અધિકારી છે. પરંતુ સર્વે યોગીઓ આ ગ્રંથ ભણવાના અધિકારી નથી. કારણ કે ગોત્રયોગીમાં યોગની અસિધ્ધિ છે અને આદિશબ્દ થી નિષ્પન્નયોગીમાં યોગની સિધ્ધિ થઈ ચૂકેલી છે. ॥ ૨૦૯ ॥

જે આત્માઓ અપુનર્બન્ધક અવસ્થામાં આવ્યા છે પરંતુ સમ્યક્ત્વાદિ ગુણ પામ્યા નથી તેઓ યોગદશામાં આવવા પ્રયત્નશીલ છે. તેથી તે કુલયોગી અથવા ઘટમાનયોગી કહેવાય છે તેઓને, તથા જેઓ ભિન્નગ્રન્થિવાળા થઈને સમ્યક્ત્વાદિ ગુણો પામ્યા છે એવા અને યોગદશામાં પ્રવર્તેલા પ્રવૃત્તયોગીને અનંતર પૂર્વની ૫૦ મી ગાથામાં કહેલો (ચતુઃશરણગમન-દુષ્કૃતગર્હા-અને સુકૃતાનુમોદના રૂપ ત્રણના ગણરૂપ) ઉપાય, અને હવે પછીની ૫૨ મી ગાથામાં કહેવાતો (ભાવનાશ્રુતપાઠ-તીર્થશ્રવણપ્રવૃત્તિ અને આત્મસંપ્રેક્ષણ રૂપ) ઉપાય એમ બન્ને ઉપાયો કે જે યોગદશાની સાધનાના પરમ ઉપાયો છે તે બન્ને ઉપાયો હોય છે. પ્રવૃત્તયોગીને માટે આ જ ઉપાયો પ્રધાન તર ઉપાયો છે.

અહીં નિષ્પન્નયોગીના વ્યવચ્છેદ માટે મૂળ ગાથામાં 'ઘટમાન-પ્રવૃત્ત'' આ વાક્ય કહ્યું છે. કારણકે નિષ્પન્નયોગી કેવલીભગવન્તો છે. તેઓ ક્ષીણમોહી હોવાથી જે યોગદશા પ્રાપ્ત કરવાની હતી તે યોગદશા તેઓએ પ્રાપ્ત કરી લીધી છે. એટલે ૫૨ મી ગાથામાં બતાવાતો અને ૫૦ મી ગાથામાં બતાવેલો ઉપાય તેમના માટે કામનો નથી. પરંતુ તે બન્ને ઉપાયો કરતાં અન્ય ઉપાય તેઓને માટે છે જે હમણાં જ સમજાવાશે. ૬ થી ૧૨ ગુણસ્થાનકોમાં વર્તતા મહાત્માઓ સાધક દશામાં વર્તે છે. તેથી તેઓને કેવળી અવસ્થા રૂપ યોગદશા પામવાની આકાંક્ષા હોય છે, ઈચ્છા હોય છે. તે માટે ઈચ્છાપૂર્વક પ્રવૃત્તિ કરે છે તેથી તેઓને સાધકદશાનો યોગ ઉપકારી છે. પરંતુ કેવલી ભગવાન ક્ષીણમોહી અને પ્રાપ્તયોગદશાવાળા હોવાથી આકાંક્ષાપૂર્વકનો સાધકદશાનો યોગ તેઓને હોતો નથી. પરંતુ સ્વાભાવિક યોગ એટલે કે પૂર્વબધ્ધ કર્મોના ઉદયને સહજસ્વભાવે માત્ર અનુસરવાપણા રૂપ યોગ જ તેઓને હોય છે. અર્થાત છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકવર્તી મુનિઓને હું આ પ્રમાણે ચારિત્ર પાળું, આ પ્રમાણે સૂત્રપાઠ કરું, આ પ્રમાણે ધર્મદેશના આપું-ઈત્યાદિ આકાંક્ષાઓપૂર્વક



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધકદશા વર્તે છે. તેવી સાધકદશા કેવલીભગવાનને હોતી નથી પરંતુ નિષ્પન્નયોગદશા હોવાથી ૧૩ મા ગુણસ્થાનકથી શૈલેશીપર્યન્ત માત્ર ઔદયિકભાવને અનુભવવા રૂપ યોગ જ અયોગીઅવસ્થા રૂપ યોગદશાની પ્રાપ્તિનો, અને નિર્વાણાવસ્થા રૂપ યોગદશાની પ્રાપ્તિનો ઉપાય છે. તેથી છદ્મસ્થ કરતાં કેવળીમાં યોગસાધનનો ઉપાય અન્ય છે.

અન્યદર્શનીય શાસ્ત્રોમાં પણ આવું જે કહ્યું છે કે "નિષ્પન્ન યોગીઓને જે અધિકાર (કર્મોદય રૂપ) પ્રાપ્ત થયો છે તે અનુભવીને તેની નિવૃત્તિ કરવી. પૂર્ણાહૂતિ કરવી, એવા ફળવાળો સાંસિધ્ધિક=સહજ=સ્વાભાવિક જ યોગ હોય છે." તે અન્ય દર્શનીઓનું કહેવું પણ અહીં અવિરૂધ્ધ જ છે. કારણકે અર્થથી જૈનદર્શનનું કથન અને ઈતર દર્શનનું કથન તુલ્યયોગક્ષેમવાળું જ છે.

જો કે કેવળજ્ઞાની ભગવન્તો સમુદ્ઘાત દ્વારા સત્તા અને ઉદયમાં રહેલાં કર્મોનો ઘાત કરવાની શક્તિ ધરાવે છે. અને તે શક્તિ વડે સર્વે કર્મો તેઓને વશવર્તી છે, તો પણ સહજભાવે ધર્મદેશના આપવી, વિહાર કરવો, ઈત્યાદિ રૂપ તેવા પ્રકારનો સાંસિધ્ધિક યોગ જ ભગવાનને હોય છે.

કેવળી અવસ્થા આવ્યા પછી અનંતવીર્ય પ્રગટ થવાના કારણે "जंबुदीवं छत्तं, मेरुं दण्डं पहुं काउं" આવી શક્તિ હોવાથી પોતાનાં કર્મોની ઉથલ-પાથલ કરવાની પણ શક્તિ તેઓને વશવર્તી છે. તથાપિ કેવલી ભગવાન તેવું કદાપિ કરતા નથી. પૂર્વબદ્ધ કર્મોદયને અનુસરી ભોગવીને જ પૂર્ણ કરે છે. અન્તે દીર્ધ સ્થિતિ બાકી રહે તો કેવલીસમુદ્ઘાત કરે છે. એટલે તેઓની આ સઘળી પ્રવૃત્તિ સાંસિધ્ધિક-સહજ-સ્વાભાવિક હોય છે. માટે ૫૦/૫૨ મી ગાથામાં કહેલો અને કહેવાતો યોગનો ઉપાય તેઓ માટે નથી પરંતુ તે ઉપાયો તો ફક્ત ઘટમાનયોગી અને પ્રવૃત્ત યોગી માટે જ છે.

ત્યાં પણ જે અપુનર્બન્ધક અવસ્થા પામ્યા છે તે જીવોમાં મિથ્યાત્વ મંદ થયું છે. પરંતુ હજુ મિથ્યાત્વાદિ ત્રણ દર્શનમોહનીય અને અનંતાનુબંધી આદિ ચાર કષાયોનું જોર અતિશય મંદ થયું નથી, તેથી આ ઘટમાનયોગીમાં ચતુઃશરણ આદિ ઉપાયો હોય તો છે પરંતુ હજુ આ જીવોની ભૂમિકા વિશિષ્ટ ન હોવાથી, તેટલો વિશિષ્ટ ક્ષયોપશમ ન હોવાથી, તેટલું આત્મબળ વિકાસ પામ્યું ન હોવાથી સમ્યગ્દષ્ટિ આદિ જીવોમાં જેવા આ ઉપાયો વિકાસ પામે છે. તેવા આ ઉપાયો ત્યાં હોતા નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમ્યગ્દષ્ટિ આત્મા ભિન્નગ્રન્થિવાળા હોવાથી આ ઉપાયો તેઓના આત્મામાં સારી રીતે વિકસાવી શકે છે અને તેથી યોગની સાધના સાધી શકે છે. આ વિષય વધારે સ્પષ્ટ હવે પછીના ઉપાયો સમજવાથી જ સમજાશે. ॥ ૫૧ ॥

**અવતરણ :- एनमेवाभिधातुमाह**
આ પ્રધાનતર ઉપાય જ જણાવતાં કહે છે :-

**१भावणसुयपाढो ३तित्थसवणम२सतिं ४तयत्थजाणम्मि ।**
**५तत्तो य ८आयपेहणमति७निउणं दोस ६वेक्खाए ॥ ५२ ॥**

**"भावना श्रुतपाठः" = रागादिप्रतिपक्षभावनं भावना, तत्प्रतिबद्धं श्रुतं भावनाश्रुतम्, रागादिनिमित्त - स्वरूप-फलप्रतिपादकमित्यर्थः तस्य पाठः विधिनाऽध्ययनम्, अन्यथा त्वन्यायोपात्तार्थवत् ततः कल्याणाभावात् । एवं पाठे सति तीर्थे श्रवणम्, पाठाभावे तन्निराकार्यक्लेशानपगमेन सम्यक्तदर्थज्ञानायोगात्, "अपरिपाचितमलस्त्रंसनकल्पं ह्यपाठं श्रवणम्" इति वचनात् । तीर्थं = अधिकृतश्रुतार्थोभयविद् अभ्यस्तभावनामार्ग आचार्यः, तस्मिन् श्रवणम्, अनिदृशात् तत्त्वतः संज्ञानासिद्धेः । एतच्च "असकृत्" = अनेकशः तीर्थश्रवणम्, कुज्ञानादाविह महाप्रत्यपायोपपत्तेः । एवं "तदर्थज्ञाने सति" = भावनाश्रुतार्थज्ञाने सति किम् ? इत्याह –**

**ગાથાર્થ :-** આત્મભાવનાને જણાવનારા શ્રુતનો પાઠ કરવો, તીર્થનું (જિનેશ્વર પ્રભુની વાણીનું) વારંવાર શ્રવણ કરવું, આ પ્રમાણે તેના અર્થનું જ્ઞાન થયે છતે ત્યારબાદ આત્માના દોષો નિરખવાની અપેક્ષાએ અતિનિપુણ પણે આત્મસંપ્રેક્ષણ કરવું. ॥ ૫૨ ॥

**ટીકાનુવાદ :-** આચાર્યશ્રી ખરેખર આત્માના ઉત્થાનનો માર્ગ ધીરે ધીરે એવી રીતે રજૂ કે છે કે જેનું પઠન-પાઠન-વાંચન-મનન કરતા આત્માઓ જો ધ્યાનપૂર્વક આત્મિક ભાવથી આ ગ્રંથમાં પ્રવેશ કરે તો આ બતાવેલી શ્રેણી દ્વારા તેઓ ઉપર આવે જ. તેનો સંસાર કપાય જ, આ ગ્રંથોનું વારંવાર પરિશીલન કરવાનું જ મન થાય. મનમાં કષાયો અતિશય શાન્ત થાય, અને આત્માની પ્રકૃતિ જ બદલાઈ જાય, સંસારના સર્વ ભાવોમાં એ આત્માને લુખો-લુખો નિરસ જ ભાસ થાય.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અપુનર્બન્ધક અવસ્થામાં આવેલા જીવને પણ જો કે આ ગાથામાં કહેલા ત્રણ ઉપાયો હોય છે તથાપિ સમ્યગ્દષ્ટિ આદિ પ્રવૃત્તયોગીને પ્રધાનતરપણે હોય છે એટલે મુખ્યતાએ તેને આશ્રયી કહેવાય છે.

પ્રવૃત્તયોગી એવા અવિરત સમ્યગ્દષ્ટિ દેશવિરતિધર અને સર્વવિરતિધર આત્માઓ, અરિહંત પરમાત્મા આદિ ચાર મહાપુરૂષોના શરણનો સ્વીકાર, દુષ્કૃતની ગર્હા અને સુકૃતની અનુમોદના, એ ત્રણ ઉપાયોના ગણાને યથાયોગ્ય જીવનમાં ઉતાર્યા પછી હવે પોતાના આત્મામાં વિશેષ યોગદશા પ્રાપ્ત કરવા માટે નીચે મુજબ વિશેષ-વિશેષ ઉપાયોમાં પ્રધાનપણે પ્રવૃત્તિ કરે છે :-

**(૧) ભાવનાશ્રુતપાઠ :-**

આ આત્મામાં રાગ-દ્વેષ અને મોહ (અજ્ઞાન) આ ત્રણ મોટા દોષો છે. તે ત્રણેને મૂળથી દૂર કરવાના છે. તો જ મોક્ષપ્રાપ્તિ થાય તેમ છે. જો રાગાદિ દોષોમાંથી મુક્તિ મેળવી હશે તો જ કર્મોમાંથી મુક્તિ મળશે. અને કર્મોથી જો મુક્તિ મળશે તો જ દુઃખની મુક્તિ મળશે. માટે રાગ-દ્વેષ અને મોહ આ ત્રણ દોષોને બરાબર ઓળખી લેવા જોઈએ.

શરીરમાં જેમ કોઈ રોગ થયો હોય તો તે રોગ કયા કયા કારણોથી થયો છે તે પહેલું જાણવું જરૂરી છે. આ રોગની માત્રા કેટલી છે ? તેનું સ્વરૂપ શું છે ? તે જાણવું પણ જરૂરી છે તથા જો આ રોગનો પ્રતિકાર કરવામાં નહીં આવે તો તેનાં કટુ ફળ કેવાં આવશે ? તે જાણવું પણ જરૂરી છે. તેની જેમ રાગાદિ દોષો કયા કયા કારણોથી થાય છે તે કારણો પ્રથમ જાણવાં જરૂરી છે. તે રાગાદિ દોષોનું સ્વરૂપ કેવું છે તે જાણવું પણ જરૂરી છે અને જો રાગાદિનો પ્રતિકાર કરવામાં નહીં આવે તો કેવાં કડવાં ફળો આ સંસારમાં ભોગવવાં પડશે તે જાણવું પણ જરૂરી છે. સારાંશ કે શરીરના રોગની જેમ (૧) રાગાદિ દોષોનાં કારણો (૨) રાગાદિ દોષોનું સ્વરૂપ અને (૩) રાગાદિ દોષોનાં ભાવિમાં આવનાર કટુ ફળો, એમ આ ત્રણ વસ્તુઓ જાણવી અત્યંત જરૂરી છે.

તથા આવા પ્રકારના રાગાદિનાં નિમિત્તો સામે આવે ત્યારે તેને જીતવા માટે મારે શું કરવું ? તે જાણવું પણ જરૂરી છે. તે ત્રણે દોષોને જીતવા મનમાં શું ભાવવું ? તે જાણવું પણ અત્યંત જરૂરી છે. આવા-આવા ભાવો જે શાસ્ત્રોમાં બતાવ્યા હોય છે તે શાસ્ત્રોને "ભાવનાશ્રુત" કહેવાય છે. તે ભાવનાશ્રુતોનો પાઠ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૌ પ્રથમ કંઠસ્થ (મુખપાઠ) કરવો. રાગાદિ દોષોના પ્રતિપક્ષોની (એટલે તેને દૂર કરે તેવી) ભાવનાને જણાવનારાં, તેવી તેવી ભાવનાઓથી પ્રતિબદ્ધ (યુક્ત) એવાં જે શાસ્ત્રો, તે ભાવનાશ્રુત, એટલે કે રાગાદિ દોષોના (૧) નિમિત્તોને, (૨) સ્વરૂપને, (૩) અને ફળને પ્રતિપાદન કરનારાં, જે શાસ્ત્રો તે ભાવનાશ્રુત, તેનો શાસ્ત્રમાં બતાવેલી વિધિપૂર્વક ગુરુ આદિની પાસે વિનયયુક્ત અભ્યાસ કરવો. આવાં સૂત્રો અર્થ સાથે કંઠસ્થ કરી લેવાં, સતત મુખપાઠ થઈ જવો તે ભાવનાશ્રુતપાઠ. અન્યથા = જો શાસ્ત્રોક્ત વિધિપૂર્વક આ મુખપાઠ કરવામાં ન આવે અને અવિધિએ અભ્યાસ કરવામાં આવે તો અન્યાયથી મેળવેલા ધનની જેમ આ મુખપાઠથી આત્મકલ્યાણ થતું નથી. માટે વિધિપૂર્વક ભાવનાશ્રુતનો વારંવાર અર્થ સાથે મુખપાઠ બોલવો.

**(૨) તીર્થશ્રવણ :-**

આ પ્રમાણે ભાવનાશ્રુતનો પાઠ અર્થ સાથે કંઠસ્થ થયે છતે અને દરરોજ તેનું પરિશીલન થયે છતે રાગાદિ દોષો બરાબર ઓળખાઈ જાય છે. તેનાં નિમિત્તો સામે આવે ત્યારે સજાગં થવાનો અને તે રાગાદિના પ્રતિસ્પર્ધી નિમિત્તોનો પણ તે જાણકાર બની જાય છે. શરીરમાં જેમ મળો જામ થયા હોય તેમ આ રાગાદિ દોષો જામ થયા છે. તેને મૂળથી કાઢવાના જ છે. એવો કૃતનિશ્ચયી થઈને વારંવાર ભાવનાશ્રુતના પાઠ દ્વારા આ રાગાદિ દોષો રૂપી મળોને એવા પકવે છે કે જેથી "તીર્થશ્રવણ" રૂપ ઔષધિ મળતાં જ તે મળો મૂળથી દૂર થઈ જાય.

જો ભાવનાનાં પ્રતિપાદક સૂત્રોનો મુખપાઠ અને પ્રતિદિન તેનું પરિશીલન કર્યું ન હોય તો તીર્થશ્રવણરૂપ ઔષધ લેવા છતાં તે રાગાદિ દોષો મૂળથી દૂર થતા નથી તે કારણથી મુખપાઠ અને તેના અર્થપરિશીલન દ્વારા જ આ રાગાદિ દોષો દૂર કરી શકાય તેવા છે. રાગાદિ સ્વરૂપ કલેશો આત્મામાંથી દૂર નહીં થવાના કારણે તે તીર્થશ્રવણનો સમ્યગ્બોધ (જેના દ્વારા રાગાદિ દોષો મૂળથી દૂર થઈ જાય તેવું ફળ અપાવનાર એવો યથાર્થબોધ) થશે નહીં. જેમ શરીરમાં મળો જામ થયા હોય તો તેને પ્રથમ પકવવાની વિધિ કરાય છે અને પછી દૂર કરવાની વિધિ કરાય છે કે જેથી કયાંય અલ્પ પણ મળ રહી ન જાય. જો મળો પકવ્યા વિના રેચ લઈ તેને દૂર કરવાનું કામ કરવામાં આવે તો કામચલાઉ શાન્તિ થાય પરંતુ બીજભૂત મળો હજુ હોવાથી કાલાન્તરે તે મળો વધતાં પુનઃ શરીરની સ્થિતિ બગાડે તેની જેમ મુખપાઠ અને પરિશીલન વિનાનું આ "**અપાઠ**" એવું તીર્થશ્રવણ પણ રાગાદિ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મળોને કાઢવામાં **અપરિપાચિત** = અપરિપકવ = પાકયા વિનાના ઉપરછલા જ **મલસ્રંસન** = મલોને કાઢવા તુલ્ય અણઘડ કાર્ય છે. કારણ કે આ રાગાદિ દોષો મૂળથી ન જવાના કારણે કાળાન્તરે આત્માની સ્થિતિ બગાડે. આવું જ્ઞાનીપુરૂષોનું વચન હોવાથી પ્રથમ મુખપાઠ દ્વારા રાગાદિ દોષોનો પરિપાક કરવો વ્યાજબી છે.

"તીર્થશ્રવણ" = તીર્થ એટલે મહાસંવેગ પરિણામવાળા અને શાસ્ત્રોનો અત્યંત પારગામી ગીતાર્થ એવા આચાર્ય મહારાજ, કે જેઓ પાસે પ્રસ્તુત ભાવના શ્રુતનાં સૂત્રોનો અને અર્થોનો એમ ઉભયનો સારો એવો બોધ છે. અને ગુરુ પાસે વારંવાર તેના પરિશીલન વડે ભાવનામાર્ગનો જેમણે અભ્યાસ કર્યો છે અને ભાવનામાર્ગને જીવનમાં ઉતારી આત્મસાત્ કર્યો છે. ઇન્દ્રિયસુખોથી વિરક્ત છે. જેઓ મોહરાજાની સામે લડાઈના વ્યૂહને સારી રીતે જાણે છે. રાગાદિ ભાવરોગોનું નિદાન, ઔષધ અને તેની ચર્ચાના સંપૂર્ણ જાણકાર છે એવા આચાર્ય તે **તીર્થ** કહેવાય છે. તેમની પાસે જિનેશ્વર પ્રભુની રાગાદિ ભાવમળોને કાઢનારી વાણી સતત સાંભળવી તે તીર્થશ્રવણ કહેવાય છે. અનુભવી અને ગીતાર્થ આચાર્યનું શરણ કરવાથી અને તેમની પાસે તીર્થશ્રવણ કરવાથી ભાવના શ્રુતનું વિશેષ સૂક્ષ્મ જ્ઞાન થાય છે. અર્થજ્ઞાન પ્રાપ્ત કરતાં સૂક્ષ્મ પણ સંદેહો દૂર થાય છે, ભાવનાની વૃદ્ધિ થાય છે, રાગાદિનાં નિમિત્તો આવે ત્યારે આત્મા મજબૂત રીતે ટકી શકે તેવો તૈયાર થઈ જાય છે, ભાવિમાં તેને પતનનો કોઈ ભય રહેતો નથી, કાળાન્તરે બીજાને પણ તારવામાં અવલંબન રૂપ બને છે.

अनिदृशात् = ઉપર કહેલા ગુણોયુક્ત જે આચાર્ય તે તીર્થ કહેવાય છે. તેમનાથી ભિન્ન એવા ગમે તે બીન અનુભવી પાસેથી તીર્થશ્રવણ કરવાથી તાત્ત્વિક સમ્યગ્જ્ઞાનની સિદ્ધિ થતી નથી. આત્મા સંદેહમાં પડી જાય, પોતાના સંદેહોનો યથાર્થ ઉત્તર તેઓ પાસેથી મળે નહીં, મોહની સામે વ્યૂહ ઘડતાં આવડે નહીં, અપૂરતા અર્થબોધથી જામ થયેલા રાગાદિ દોષો જાય નહીં, એક વાર નિષ્ફળ ગયા પછી હિંમત હારી જતાં ફરીથી સામનો કરવો અતિદુષ્કર બની જાય, માટે સંવેગી આચાર્ય પાસે જ તીર્થશ્રવણ કરવું.

તથા આ તીર્થશ્રવણ એક-બે વાર કરવું એમ નહીં પરંતુ "असकृत् = વારંવાર કરવું. પ્રતિદિન કરવું. તેનાથી મેળવેલું યોગનું સામ્રાજ્ય મજબૂત બને, યોગનો પાયો એવો પાકો-નક્કર થઈ જાય કે જે આ આત્મામાં કુજ્ઞાનાદિને રહેવામાં મહાવિઘ્નરૂપ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બને. રાગાદિના કારણે જે અનાદિકાળથી મિથ્યાજ્ઞાનાદિ છે, તેને અહીં રહેવું ભારે પડી જાય. નીકળે જ છુટકો, તે ટકી જ ન શકે, અને તે કુજ્ઞાનાદિ જવાથી આ આત્મા ઉત્તરોત્તર વધુ ને વધુ મોહની સામે મજબૂત બનતો જાય.

આ પ્રમાણે ભાવનાશ્રુતના સૂત્રોનો મુખપાઠ, તથા તેના અર્થનું સાંગોપાંગ યથાર્થજ્ઞાન તીર્થશ્રવણ દ્વારા થયે છતે આ આત્મા રાગાદિની સામે પાવરધા બને છતે હવે શું કરવાનું ? (આત્મસંપ્રેક્ષણ) તે જણાવે છે :-

**'ततश्च' = तदनन्तरं च ''आत्मप्रेक्षणम्'' आत्मनः प्रकर्षेण ईक्षणम् = निरूपणमित्यर्थः । कथम् ? इत्याह – ''अतिनिपुणम्'' इति स्वतः परतः स्वभावादिभिः । ''दोषापेक्षया''= दूषयन्तीति दोषाः – रागादयः तदपेक्षया, ''किमयं रागबहुलो, मोहबहुलो, द्वेषबहुलः, द्वेषबहुलो, वा'' अत्युत्कटदोष-प्रतिपक्षभावनाभ्यासोपपत्तेः । । इति गाथार्थः । ॥ ५२ ॥**

**(૩) આત્મસંપ્રેક્ષણ :-**

ગ્રન્થિભેદવાળા પ્રવૃત્તયોગીને ચતુઃશરણગમનાદિ પછી ભાવનાશ્રુતના પાઠથી તેના અર્થબોધથી, અને પુનઃ પુનઃ તીર્થશ્રવણથી કિલષ્ટ કર્મોનો અપગમ થયો છે, ભૂમિકા મજબૂત બની છે, મોહરાજા સામે લડવાનો નિર્ધાર કર્યો છે, યોગસામ્રાજ્ય વૃદ્ધિ પામ્યું છે, આત્માએ રાગાદિને બરાબર ઓળખી લીધા છે, તેનાં કારણોને પણ જાણી લીધાં છે, તેના તાપને-સ્વરૂપને અને જો પ્રતિકાર કરવામાં ન આવે તો આવનારાં માઠાં ફળોને પણ જાણી લીધાં છે, આ મોહરાજા લુચ્ચો છે, દગાબાજ યુધ્ધવાળો છે, તેની સામે લડવાનું છે, એટલે ભાવનાશ્રુત પાઠ અને તીર્થશ્રવણમાત્રથી પ્રાપ્ત બળ પર્યાપ્ત નથી, તેના માટે હજુ વ્યૂહરચના કરવાની જરૂર છે, જો કાળજીપૂર્વક કામ લેવામાં ન આવે તો આટલા સુધી આવેલી સ્થિતિ હારી જવાય, મોટી સ્ટીમરમાં નાનું કાણું પણ ડુબાડનાર બને, નાના તણખલાની આગ પણ આખા ઘરને બાળી નાખે, માટે મારા આત્મામાં ક્યાં ક્યાં કેવા કેવા દોષો છે ? તેની હું ગવેષણા કરું ? આ આત્મા એકાન્તમાં બેસીને આવો વિચાર કરે છે. શ્રુતપાઠ અને તીર્થશ્રવણથી આ મારો આત્મા જ્ઞાનયોગી બનેલ છે. આત્મવિચારણામાં પાવરધા બનેલ છે. તીર્થભૂત આચાર્યનું અવલંબન સ્વીકારેલ છે. હવે જરા પણ ભય નથી. બીજભૂત દોષોને કાઢવા માટે તે દોષો ગુપ્તપણે પણ રહ્યા હોય તો એની ગવેષણા કરવી આવશ્યક છે. એથી ત્યારબાદ=શ્રુતપાઠ અને તીર્થશ્રવણથી પરિપકવ બન્યા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાદ એકાન્તમાં પોતાના આત્માનું પ્રકર્ષે કરીને ઇક્ષણ કરવું અર્થાત્ નિરીક્ષણ કરવું, તે જ ઉચિત છે.

જો કે આ આત્મનિરીક્ષણ કરનાર આત્મા જ્ઞાનયોગી છે. એટલે ભૂલ થવાનો ભય પ્રાયઃ નથી. છતાં મોહના સુભટો લુચ્ચા છે. હોય શત્રુ અને દેખાય મિત્ર જેવા એટલે ભદ્રિક ભાવે આ આત્મા થાપ ન ખાઈ જાય માટે "અતિનિપુણપણે" ચતુરાઈથી આત્મનિરીક્ષણ કરવું. ઘણી વખત પ્રશસ્તના નામે અપ્રશસ્ત આચરણ થતું હોય, શાસન પ્રભાવનાના નામે સ્વપ્રભાવના કરાતી હોય, પર જીવોને સંસારમાંથી તારવાના બહાને શિષ્યપરિવારનો મોહ પોષાતો હોય, જ્ઞાનાદિ યોગોની સાધનાના બહાને વિગઈઓનું સેવન થતું હોય, ભક્તિના નામે સંપર્ક વધતો હોય, સેવાના નામે મોહપોષક કામો કરાતાં હોય - આ બધું અતિનિપુણતાપૂર્વક બારીકાઈથી સ્વયં અંદર નિરીક્ષણ કરે તો જ તેને સમજાય. માટે આચાર્યશ્રીએ "અતિનિપુણતા" પૂર્વક આત્મનિરીક્ષણ કરવાનું જણાવ્યું છે.

તથા મારા સ્વભાવો એટલે બોલવાના, વર્તવાના, હાવભાવના, ક્રોધાદિ કષાયના તથા ક્ષમાદિ ગુણો સંબંધી મારા સ્વભાવો કેવા છે ? તેનો स्वतः = પોતાની રીતે બોધ કરવો. જાણકારી મેળવવી. પ્રસંગો આવે ત્યારે હું કેટલો સ્થિર રહું છું ? કેટલો કષાયને પરવશ થાઉં છું ? તે સ્વભાવો દ્વારા પોતે પોતાની ગવેષણા કરવી તથા મારા સહવર્તીઓમાં, સમુદાયમાં, પરિવારમાં, સમાજમાં, અને ઇતરલોકોમાં મારી છાપ કેવી છે ? મારા સ્વભાવો વિષે લોકો શું મત આપે છે ? એમ परतः = પરથી પણ આત્મગવેષણા કરવી. કારણ કે આપણે આપણા આત્માના દોષો કાઢવા જ છે. ઘણી વખત પોતાને પોતાના દોષો સ્વતઃ ન પણ જણાય, મોટા દોષો નાના દેખાય. માટે પરતઃ પણ સ્વસ્વભાવાદિના દોષોનું નિરીક્ષણ અવશ્ય કરવું. આત્માને દૂષિત કરે-મલીન કરે- કર્મબંધોમાં ઝકડાવે તે **દોષ** કહેવાય છે. તે રાગાદિ (રાગ-દ્વેષ અને મોહ (અજ્ઞાન) આ ત્રણ મુખ્ય) દોષો છે. તે દોષોની તપાસ કરવાની અપેક્ષાએ આત્મસંપ્રેક્ષણ કરવું.

શું આ હું રાગબહુલ છું ? કે શું હું મોહબહુલ (અજ્ઞાનબહુલ) છું કે શું હું દ્વેષબહુલ છું ? જુઓ કેવી જ્ઞાનયોગીની આત્મગવેષણા ! પોતે પોતાનામાં જ ઊંડો ઊતરે છે. રાગાદિ દોષો અનાદિના છે. તે હશે ત્યાં સુધી વીતરાગ બનાશે નહીં, આજ સુધી મેં મારા દોષોમાં દોષપણું જ માન્યું નથી. કોઈ વ્યક્તિ પ્રત્યે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રેમ કરવો-સ્નેહ બાંધવો એ તો જીવનનું સૌભાગ્ય માન્યું હતું, વૈરીનું વૈર વાળવું એ તો કર્તવ્યતા માની હતી. અબ્રહ્મ અને ષડ્રસભોજન એ તો જીવનનો આનંદ માન્યો હતો. અનીતિ-અન્યાય-અને ઠગબાજીથી પણ ધનોપાર્જનતા એ તો જીવનનો લ્હાવો માન્યો હતો- આ બધું મિથ્યામતિ રૂપ છે. દોષરૂપ છે એમ હવે મને નજરે ચડ્યું છે. જે દોષોએ મને ભાન ભુલાવ્યું તેની હવે દયા કેમ રખાય ? અનાદિ કાળથી આત્માના એકેક આત્મપ્રદેશમાં જેનાં મૂળીયાં ઉંડાં ગયેલાં છે તેવા ઉત્કટ = બળીયા દોષોને પણ દૂર કરી નાખે તેવી તેના પ્રતિપક્ષભૂત ભાવનાઓનો સૂત્રપાઠ અને તેનો સમ્યગ્ અર્થપાઠ સહાયકપણે હવે મને પ્રાપ્ત થયો છે. જો શત્રુના પ્રતિપક્ષભૂત મિત્રગણની સહાયતા મને મળી છે, છતાં જો હું શત્રુની સામે યુધ્ધ ન ખેલું તો પ્રાપ્ત થયેલું આ યોગસામ્રાજ્ય હું હારી જાઉં. શત્રુ લુચ્ચો છે. હું અનંતીવાર હાર્યો છું. મેં યોગીનો વેષ બહુવાર લીધો પરંતુ યોગદશા પ્રાપ્ત ન કરી. હવે શત્રુઓને બરાબર પકડી લઉં અને નિગૃહીત કરૂં. ઇત્યાદિ ॥ ૫૨ ॥

**અવતરણ :- इह दोषापेक्षयेत्युक्तं इति दोषाणामेव स्वरूपमाह** – અહીં ૫૨ મી ગાથામાં "दोषापेक्षया" આ પ્રમાણે કહ્યું છે. માટે દોષોનું જ સ્વરૂપ આચાર્યશ્રી જણાવે છે :-

**[२]रागो [३]दोसो [४]मोहो, [५]एए [१]एत्थाय[६]दूसणा [७]दोसा ।**
**[८]कम्मोदयसंजणिया, [१०]विण्णेया [९]आयपरिणामा ॥ ५३ ॥**

**रागो द्वेषो मोह एते "अत्र" = प्रक्रमे आत्मदूषणा दोषाः, एते च स्वरूपतः कर्मोदयसंजनिता विज्ञेया आत्मपरिणामाः स्फटिकस्येव रागादय इति । तत्राभिष्वङ्गलक्षणो रागः, अप्रीतिलक्षणो द्वेषः, अज्ञानलक्षणो मोह, इति एते-चात्म-कर्मपरमाणुतत्स्वभावतया तत्वतो द्वन्द्वजा धर्माः । इति गाथार्थः । ॥ ५३ ॥**

**ગાથાર્થ :-** અહીં રાગ-દ્વેષ અને મોહ આ ત્રણ આત્માને દૂષિત કરનારા દોષો છે. પૂર્વબધ્ધ કર્મોના ઉદયથી થયેલા, આત્માના આ ત્રણ વૈભાવિક પરિણામો છે. ॥ ૫૩ ॥

**ટીકાનુવાદ :-** આ આત્મા સ્ફટિક જેવો શુધ્ધ છે. અનંતજ્ઞાન-દર્શન-ચારિત્ર અને વીર્યાદિ ગુણો રૂપી સ્વતઃ સફેદાઈવાળો છે. જેમ સ્ફટિકમાં સફેદાઈ પોતાની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વતઃ છે, સુવર્ણમાં પીળાશ સ્વતઃ છે. તેમ આત્મામાં ગુણો રૂપી સફેદાઈ સ્વતઃ છે.સ્ફટિકની આગળ-પાછલ ધરેલાં લાલ-લીલાં પીળાં ફૂલો સ્ફટિકની સફેદાઈને ઢાંકે છે અને લાલ-લીલા-પીળા રંગો બતાવે છે, તેમ રાગ દ્વેષ અને મોહ આ ત્રણ દોષો આત્માના જ્ઞાનાદિગુણોને ઢાંકે છે, આત્માને વિભાવદશામય બનાવે છે. જો કે ફુલોના સંપર્કથી સ્ફટિકની સફેદાઈ નાશ પામી જતી નથી માત્ર અવરાઈ જાય છે. તેમ રાગાદિથી આત્માના ગુણો વિનષ્ટ થતા નથી પરંતુ આવૃતમાત્ર બની જાય છે. સત્તાગત તો રહે જ છે. આ પ્રમાણે આ પ્રસંગે રાગ-દ્વેષ અને મોહ આ ત્રણ આત્માને દૂષિત કરનાર છે. માટે **દોષો** કહેવાય છે.

**પ્રશ્ન :-** ''રાગ અને દ્વેષ'' એ મોહના જ ભેદો છે. તો મોહ પૃથગ્ કેમ કહો છો ?

**ઉત્તર :-** જ્યાં જ્યાં ''રાગ અને દ્વેષ'' કહીને ''મોહ'' જુદો કહેવાય ત્યાં મોહ એટલે અજ્ઞાન સમજવું.

**પ્રશ્ન :-** આ રાગ-દ્વેષ અને મોહ એ છે શું ?

**ઉત્તર :-** પૂર્વે બાંધેલાં કર્મોના ઉદયથી સંજનિત (ઉત્પન્ન થયેલા) એવા આ રાગાદિ આત્માના પરિણામો જ છે. અધ્યવસાયો જ છે. સ્ફટિકમાં જેમ લાલ-લીલા-પીળા રંગો પ્રતિભાસિત થાય છે તેમ પરદ્રવ્યકૃત પરિણામો જ છે.

**પ્રશ્ન :-** રાગ-દ્વેષ અને મોહનો અર્થ શું ?

**ઉત્તર :-** ત્યાં (૧) આસક્તિ એ રાગનું લક્ષણ છે. (૨) અપ્રીતિ એ દ્વેષનું લક્ષણ છે અને (૩) અજ્ઞાન એ મોહનું લક્ષણ છે.

**પ્રશ્ન :-** આ રાગ-દ્વેષ અને મોહ આત્મામાંથી પ્રગટ થાય છે ? કે કર્મસ્કંધોમાંથી ?

**ઉત્તર :-** આત્મામાં અને કર્મપરમાણુઓમાં એમ ઉભયમાં તેવો તેવો સ્વભાવ જ છે. **એકમાં પરિણામ્ય** અને **બીજામાં પરિણામક** સ્વભાવ હોવાના કારણે તાત્ત્વિક રીતિએ આ રાગાદિ પરિણામો દ્વન્દ્વજન્ય (ઉભયજન્ય) છે.

આ આત્માએ પૂર્વે કાર્મણવર્ગણાના સ્કંધો બાંધ્યા છે. તેમાં રાગ-દ્વેષ અને મોહ લાવવાની પ્રકૃતિ-સ્થિતિ-રસ-પ્રદેશ રૂપે પરિસ્થિતિ નિર્માણ કરી છે. તે કર્મો ઉદયકાળ પાકતાં ઉદયમાં આવે છે. તે ઉદિત કર્મોમાં ''આત્માને રાગાદિ ઉત્પન્ન કરવા'' એવો **પરિણામક** સ્વભાવ છે. અને આત્મામાં તે રાગાદિપણે પરિણામ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પામવું એવો **પરિણામ્ય** સ્વભાવ છે. જેમ ફૂલથી સ્ફટિકમાં પ્રતિબિંબ પડે છે દીવાલમાં પડતું નથી, અગ્નિથી તૃણ બળે છે પત્થર બળતો નથી અને તૃણને અગ્નિ બાળે છે જળ બાળતું નથી એટલે જેમ તૃણમાં દાહ્ય અને અગ્નિમાં દાહકસ્વભાવ છે. તેમ આત્મામાં પરિણામી સ્વભાવ છે અને કર્મોમાં પરિણામક સ્વભાવ છે. માટે જ કર્મોદયના નિમિત્તે આત્મામાં રાગાદિ પરિણામો ઉત્પન્ન થાય છે.

આચાર્યશ્રી આ કથનથી જ સમજાવે છે કે જૈનદર્શનમાં આત્મા નિત્યાનિત્ય, ભિન્નાભિન્ન, પરિણામી છે. પરંતુ એકાન્તે નિત્ય યા અનિત્ય નથી, ભિન્ન યા અભિન્ન નથી. અન્યદર્શનકારો જે આ કલ્પે છે તે યુક્તિસંગત નથી. જૈનદર્શન પામીને પણ કેટલાક મતાવલંબીઓ આ આત્માને દેહથી એકાન્તે ભિન્ન યા એકાન્તે નિત્ય રૂપ આગળ ધરી એકાન્તનિશ્ચયની પ્રરૂપણા જોરશોરથી કરે છે તે, તથા એકાન્ત અભિન્ન અને એકાન્ત અનિત્ય રૂપને આગળ કરી એકાન્ત વ્યવહારમાં જ રાચ્યામાચ્યા રહે છે. તે પણ ઘણા દુઃખની બીના છે. સમ્યગ્જ્ઞાનના અભાવે આવી પરિસ્થિતિ સર્જાય છે. પૂજ્ય આનંદઘનજી, પૂજ્ય દેવચંદજી અને પૂ. યશોવિજયજી મ.સાહેબોએ તેઓનાં બનાવેલાં સ્તવનોમાં આ ભાવ ઠેકાણે ઠેકાણે પ્રદર્શિત કર્યો છે. આત્માર્થી આત્માઓએ એકાંત મતાવલંબ ત્યજીને આત્મકલ્યાણ માટે આવાં સ્તવનો નિહાળવાં અત્યંત જરૂરી છે.

**અવતરણ :- कर्मोदयजनिता इत्युक्तम्, अतः कर्मस्वरूपमाहः -**

આ રાગાદિ પરિણામો કર્મોના ઉદયથી જનિત છે, એમ કહ્યું છે. તેથી કર્મોનું સ્વરૂપ આચાર્યશ્રી હવે જણાવે છે :-

**[1]कम्मं च [2]चित्तपोग्गलरूवं, [3]जीवस्सणाइ[4] [5]संबद्धं ।**
**[6]मिच्छत्ताइनिमित्तं, [7]णाएणमतीयकालसमं[8] ॥ ५४ ॥**

**"कर्म च"= ज्ञानावरणीयादि । किम् ? इत्याह-"चित्तपुग्गलरूवं" = ज्ञानाद्यवबन्धकस्वभावविचित्रपरमाणुरूपं, "जीवस्य"=आत्मनः "अनादिसम्बद्धं" = तत्तत्स्वभावतया प्रवाहतोऽनादिसङ्गतमित्यर्थः । एतच्च "मिथ्यात्वाविरति-प्रमाद-कषाय-योगा बन्धहेतवः"( तत्त्वार्थ अ. ८, सूत्र १ ) इति वचनात्, "न्यायेन" = नीत्या, "अतीतकालसमम्" = अतीतकालतुल्यम् । इति गाथार्थः । ॥ ५४ ॥**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ** :- કર્મ એ ચિત્ર-વિચિત્ર પુદગલ સ્વરૂપ છે. જીવની સાથે અનાદિ કાળથી જોડાયેલું છે. મિથ્યાત્વાદિ નિમિત્તોથી બંધાય છે. અને ન્યાયપૂર્વક અતીત કાળની સમાન છે. અથવા દ્રષ્ટાન્તથી અતીતકાળની તુલ્ય છે. ॥ ૫૪ ॥

**ટીકાનુવાદ** :- રાગાદિ દોષો એ કર્મોદયજનિત આત્મપરિણામ છે એમ ૫૩મી ગાથામાં કહ્યું. એટલે પ્રશ્ન થાય છે કે ''કર્મ'' એ શું વસ્તુ છે ? ''આત્મા'' શું વસ્તુ છે ? એ બન્નેનો સંબંધ કેવો છે ? ક્યારથી આ સંબંધ થયો છે ? કોનાથી આ સંબંધ થયો છે ? ઈત્યાદિ પ્રશ્નોના ઉત્તરો આપવા આચાર્યશ્રી ૫૪ થી ૫૮ ગાથા સુધીમાં કર્મવાદ અને આત્મવાદનું યથાર્થ સ્વરૂપ સમજાવે છે.

આ સમસ્ત વિશ્વમાં પુદ્ગલદ્રવ્ય ઠસોઠસ ભરેલું છે. જેમાં પરમાણુઓનું પુરણ-ગલન (આવવું અને જવું, જોડાવું અને વિખરાવું) બને તે પુદ્ગલદ્રવ્ય કહેવાય છે. આ નિર્જીવ છે. વર્ણ-ગંધ-રસ-સ્પર્શવાળું છે. રૂપી છે. રજકણોની જેમ અણુસમૂહ રૂપ છે. અણુઓના સમૂહને ''સ્કંધ'' કહેવાય છે. એકેક સ્કંધમાં બે અણુઓના સમૂહથી યાવત્ સંખ્યાત-અસંખ્યાત-અને અનંત અણુઓના સમુહો પણ હોય છે. તેથી તેના વર્ગીકરણ રૂપે જૈનશાસ્ત્રોમાં આઠભેદો બતાવેલ છે જેને ઔદારિ-વૈક્રિય-આહારક-તૈજસ-શ્વાસોચ્છ્વાસ-ભાષા-મન-અને કાર્મણ એમ આઠ વર્ગણાઓ કહેવાય છે. પછી પછીની વર્ગણાઓ અનંતાનંત અધિક અધિક પરમાણુઓની બનેલી છે. તેમાંની આઠમી કાર્મણ વર્ગણાના અણુઓ ''**કર્મ**'' બનવાને યોગ્ય છે. તેથી જ તેને ''**કાર્મણ**'' = કર્મ બનવાને યોગ્ય **વર્ગણા** કહેવાય છે.

મિથ્યાત્વ-અવિરતિ-પ્રમાદ-કષાય-અને યોગ આ પાંચ કર્મબંધનાં કારણો છે. જ્યારે આત્મામાં ઉપરોક્ત મિથ્યાત્વાદિ કારણો પ્રગટ થાય છે. ત્યારે તેનાથી આ આત્માને કાર્મણવર્ગણાના અણુઓનો સમુહ ચોંટે છે. એકમેક થાય છે. અને ચિત્ર-વિચિત્ર અનેક સ્વરૂપે પરિણામ પામે છે. કોઈ અણુસમુહ જ્ઞાનને ઢાંકવાના સ્વરૂપે, કોઈ અણુસમૂહ દર્શનને આવરવાના સ્વભાવે, એમ ભિન્નભિન્ન સ્વભાવે પરિણામ પામતા કર્મ પરમાણુઓ જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય આદિ અનેક નામે વ્યવહારાય છે. જેના મૂળથી ૮ અને ઉત્તરથી ૧૫૮ સામાન્યથી ભેદો છે. આ કર્મો આત્માના જ્ઞાનાદિ ગુણોના અવબંધક=પ્રતિબંધક=આવારકસ્વભાવવાળા હોવાથી ચિત્ર-વિચિત્ર સ્વરૂપવાળા છે. તેના ભિન્નભિન્ન સ્વભાવોને લીધે જ અનેક ભેદો છે. પહેલાં એ કાર્મણવર્ગણા કહેવાય છે. આત્મા સાથે ચોંટ્યા પછી તેને જ કર્મ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહેવાય છે. જેમ દુનિયામાં હવાની અંદર ઊડતી ધૂળને **રજ** કહેવાય છે. પરંતુ તે જ **રજ** તેલાદિના ડાઘવાળા વસ્ત્રને લાગે અને વસ્ત્રની સાથે એકએક થઈ જાય ત્યારે તેને **મેલ** કહેવાય છે. રજ જ મેલ બને છે. તેમ કાર્મણવર્ગણા જ કર્મ બને છે. દૂધ-સાકર, લોહ-અગ્નિ, જેમ એકમેક થાય છે. તેમ આત્મા-કર્મ એકમેક થાય છે. આત્માના પ્રદેશે પ્રદેશે કર્મો વ્યાપ્ત થાય છે.

આત્માને આ કર્મ કયારથી લાગ્યું ? આ પ્રશ્નનો ઉત્તર મૂળમાં જ આપ્યો છે કે "અનાદિસંબધ્ધં" = આત્મા પણ અનાદિ છે. કર્મ પણ અનાદિ છે. અને આત્મા-કર્મનો સંબંધ પણ અનાદિનો છે. જીવમાં પરિવર્તન પામવાનો સ્વભાવ છે. રાગાદિ કષાયોના સ્વભાવો છે. તથા કાર્મણ વર્ગણામાં તે તે કર્મરૂપે પરિણામ પામવાનો સ્વભાવ છે. એમ ઉભયમાં બન્ધ્ય બંધક એવા તે તે સ્વભાવો હોવાના કારણે પ્રવાહથી આ કર્મનો સંબંધ પણ અનાદિ છે. પાણી અને માટીમાં જેમ ઓગાળવાનો, અને ઓગળવાનો સ્વભાવ છે. પાણીમાં માટીને બદલે પત્થર નાખો તો ન ઓગળે, અને માટીને પાણીને બદલે પૃથ્વી ઉપર મૂકો તો ન ઓગળે-અર્થાત્ ઉભયમાં તેવો તેવો સ્વભાવ છે. તેની જેમ જીવ-કર્મમાં પણ બધ્ય-બંધક સ્વભાવ હોવાથી કર્મ વડે આત્મા બંધાય છે.

જ્યારે જે રાગાદિ પરિણામ આવ્યા ત્યારે તેનાથી તે કર્મ બંધાયું. માટે તે તે વિવક્ષિત કર્મ સાદિ છે. પરંતુ જ્યારે એક કર્મ બંધાયું ત્યારે પણ તેની પાસે પૂર્વબધ્ધ કર્મ તો હોય જ છે, તે કર્મ જ્યારે બંધાયું ત્યારે પણ તેની પૂર્વકાળમાં બાંધેલું કર્મ તો જીવ પાસે હતું જ, માટે પ્રવાહથી કર્મનો સંબંધ ન્યાયની રીતિએ અનાદિ છે. એટલે કે આત્મા અને કર્મનો સંબંધ અનાદિનો માનવો એ જ વાત ન્યાયપૂર્વકની છે. જેમ અતીતકાળ અનાદિ છે. પ્રતિદિન એકેક દિવસ ઊગે છે અને આથમે છે એટલે તે સાદિ છે. છતાં ભૂતકાળ અનાદિ છે. તેની જેમ કર્મનો સંબંધ પણ અનાદિ છે. આ દૃષ્ટાન્ત ગ્રંથકારશ્રી આ પછીની પપમી ગાથામાં વધારે ખોલે છે, એટલે ત્યાંથી જ જોઈએ.

અહીં મૂળગાથામાં णाएण એવું જે પદ છે તેનો અર્થ આચાર્યશ્રીએ न्यायेन = નીત્યા એવો કરેલ છે. પરંતુ ज्ञातेन જો અર્થ કરીએ તોપણ અર્થ સંગતિ થાય છે. દૃષ્ટાન્ત વડે આ કર્મસંબંધ અતીતકાલસમાન છે. ॥ ૫૪ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણ :- तद् भावनायैवाह :-**

પ્રવાહથી કર્મ અતીતકાલતુલ્ય છે. તે કથનને સમજાવવા માટે કહે છે :-

**[1]अणुभूयवत्तमाणो, [3]सव्वो [2]वेसो [4]पवाहओऽणादी[6] ।**
**[5]जह [7]तह [8]कम्मं णेयं[9], [10]कयकत्तं [11]वत्तमाणसमं ॥ ५५ ॥**

**"अनुभूतवर्तमानः" इति, अनुभूतं-प्राप्तं वर्तमानत्वं येन सः तथा सर्वोऽपि "एषः"= अतीतकालः प्रवाहतोऽनादिः कालशून्यलोकासम्भवात् । "यथा" इति उदाहरणोपन्यासार्थः । तथा कर्म ज्ञेयमिति दार्ष्टान्तिकयोजना प्रवाहतोऽनादीत्यर्थः । भावार्थमाह - कृतकत्वं कर्मणो वर्तमानसमं, वर्तमानतुल्यम् । यथा हि-यावानतीतः कालस्तेन सर्वेण वर्तमानत्वमनुभूतम्, अथ च प्रवाहापेक्षयाऽनादिः, एवं यावत् किञ्चित् कर्म तत् सर्वं कृतकम् अथ च प्रवाहापेक्षयाऽनादि । इति गाथार्थः । ॥ ५५ ॥**

**ગાથાર્થ** :- અથવા અનુભવી છે વર્તમાનવસ્થા જેણે એવો આ સર્વ અતીત કાળ પ્રવાહથી જેમ અનાદિ છે. તેમ કર્મ પણ અનાદિ છે એમ જાણવું. કર્મોમાં જે કૃતકપણું છે, તે વર્તમાનતુલ્ય છે. ॥ ૫૫ ॥

**ટીકાનુવાદ** :- જેટલો જેટલો અતીતકાળ ગયો છે તે તમામ અતીતકાળ એક વખત "વર્તમાન" અવસ્થાને પામ્યો છે. દાખલા તરીકે અત્યારે વિક્રમ સંવત ૨૦૫૦ ચાલે છે. તેની પૂર્વે વીતી ગયેલાં ૨૦૪૯-૨૦૪૮-૨૦૪૭-૨૦૪૬-૨૦૪૫ વિગેરે વર્ષો અત્યારે ભૂતકાળ કહેવાય છે. પરંતુ તે વર્ષો જ્યારે જ્યારે શરૂ થયાં હતાં ત્યારે ત્યારે તે વર્તમાન જ હતાં, પછીથી ભૂતકાળ બન્યાં છે, એટલે તેનો અર્થ એવો થાય છે કે જેટલો ભૂતકાળ ગયો છે તે તમામ ભૂતકાળે એક વખત વર્તમાનાવસ્થા અનુભવી છે. પ્રાપ્ત કરી છે. એટલે તે **સાદિ** છે. છતાં તે સઘળો ભૂતકાળ પ્રવાહથી અનાદિ છે. કારણ કે કાલ વિનાનો આ લોક (સંસાર) કદાપિ સંભવતો નથી. "यथा" શબ્દ ઉદાહરણ બતાવવા માટે છે. જેમ વીતેલો અતીતકાળ વિવક્ષિત વર્ષના વર્તમાન કાળે સાદિ હોવા છતાં પણ પ્રવાહથી અનાદિ છે. તેમ કર્મ પણ વિવક્ષિત કર્મને આશ્રયી સાદિ હોવા છતાં પણ પ્રવાહથી અનાદિ છે. આ પ્રમાણે દાર્ષ્ટાન્તિકની યોજના સમજી લેવી.

ભાવાર્થ આ પ્રમાણે છે કે :- જેમ કોઈ પણ વર્ષ વર્તમાનરૂપ હતું. તેમ કોઈ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ કર્મ જીવવડે જ્યારે કરાયું, ત્યારે તે કર્મ વર્તમાન કાળની તુલ્ય કૃતક કહેવાય છે, અર્થાત્ સાદિ કહેવાય છે, પ્રત્યેક વર્ષો વર્તમાન સ્વરૂપે બનતાં હોવાથી જેટલો અતીતકાળ ગયો છે તે સર્વ અતીતકાળ વડે વર્તમાન અવસ્થા અનુભવાઈ છે છતાં પ્રવાહની અપેક્ષાએ તે અતીતકાળ અનાદિ છે. એ પ્રમાણે જે કોઈ કર્મ જીવ વડે કરાયું છે, તે કર્મ જ્યારે કરાયું ત્યારે તે સર્વ કર્મ કૃતક-જન્ય-સાદિ-ઉત્પત્તિવાળું હોવા છતાં પણ પ્રવાહાપેક્ષાએ તે કર્મ અવશ્ય અનાદિ જ છે. ॥ ૫૫ ॥

**અવતરણ :- इहैवाऽऽशङ्काशेषपरिजिहीर्षयाह :-**

અહિ આ કર્મની જ બાબતમાં કેટલીક આશંકાઓ દૂર કરવા માટે જણાવે છે.

**[७]मुत्तेणममुत्ति[६]मओ, [४]उवघायाऽणुग्गहा[८] [९]वि [१०]जुज्जंति ।**
**[१]जह [२]विण्णाणस्स [५]इहं, [३]मइरापाणोसहादीहिं ॥ ५६ ॥**

**"मूर्त्तेन"=कर्मणा"अमूर्तिमतः"=जीवस्य,किम्? इत्याह=उपघातानुग्रहावपि युज्येते, अन्यत्र तथोपलम्भादित्यभिप्रायः । निदर्शनमाह - यथा विज्ञानस्य "इह"= लोके "मदिरापानौषधादिभिः"= मदिरापानेनोपधातः बाह्याद्यौषधादनुग्रहः। इति गाथार्थः । ॥ ५६ ॥**

**ગાથાર્થ :-** જેમ અમૂર્ત એવા જ્ઞાનને મૂર્ત એવા મદિરાપાન અને ઔષધ વડે ઉપઘાત અને અનુગ્રહ થાય છે. તેમ અહીં અમૂર્ત એવા જીવને મૂર્ત એવા કર્મ વડે ઉપઘાત-અનુગ્રહ પણ ઘટી શકે છે. ॥ ૫૬ ॥

**ટીકાનુવાદ :-** જીવ અને કર્મનો સંબંધ અનાદિ છે, તે સમજાવ્યું પરંતુ હવે એક સવાલ એ થાય છે કે એ મૂર્ત છે, વર્ણાદિવાળું છે, રૂપી છે, અને આત્મા અમૂર્ત છે, વર્ણાદિથી રહિત છે, અરૂપી છે, તેથી જેમ આકાશ અમૂર્ત છે તેને મૂર્ત એવા પત્થરથી ઉપઘાત અને પુષ્પમાળાથી અનુગ્રહ થતો નથી તેમ કર્મ મૂર્ત હોવાથી શુભાશુભ કર્મ વડે અમૂર્ત એવા આત્માને ઉપઘાત-અનુગ્રહ કેમ ઘટે ?

તેનો ઉત્તર આચાર્ય મહારાજશ્રી આ ગાથામાં આપે છે કે જેમ વિજ્ઞાન=બુધ્ધિ અમૂર્ત છે છતાં મદિરાપાનથી તેને ઉપઘાત થાય છે અને બ્રાહ્મી આદિ ઔષધિઓથી તેને અનુગ્રહ થાય છે. તેમ કર્મ વડે આત્માને ઉપઘાત-અનુગ્રહ થાય છે. પત્થર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને પુષ્પમાળા વડે અમૂર્ત એવા આકાશને જે ઉપઘાત-અનુગ્રહ થતો નથી એમ દૃષ્ટાન્ત આપવામાં આવ્યું છે તે બરાબર છે. પરંતુ તે ઉપઘાત-અનુગ્રહ નહીં થવામાં મૂર્ત-અમૂર્ત પણું કારણ નથી. પરંતુ આકાશ એ ચૈતન્યવિનાનું નિર્જીવ દ્રવ્ય છે એ સાચું કારણ છે. જે સચેતન હોય તેને જ ઉપઘાત-અનુગ્રહ થાય - નિર્જીવમાં જ્ઞાનસંજ્ઞા જ નથી તેથી આકાશને ઉપઘાત-અનુગ્રહ થતો નથી. પરંતુ આકાશ અમૂર્ત હોવાથી ઉપઘાત-અનુગ્રહ થતો નથી એમ નથી. માટે વિજ્ઞાનની જેમ અમૂર્ત એવા આત્માને પણ મૂર્ત એવા કર્મથી ઉપઘાત-અનુગ્રહ થાય છે.

શબ્દાર્થ આ પ્રમાણે છે. મૂર્ત એવા કર્મ વડે અમૂર્ત એવા આત્માને થાય છે. શું થાય છે ? ઉપઘાત-અનુગ્રહ પણ થાય છે. કારણ કે બીજી જગ્યાએ (બુદ્ધિ આદિ બીજા અમૂર્ત પદાર્થમાં) તેમ=ઉપઘાત-અનુગ્રહ દેખાય છે. ક્યાં દેખાય છે ? તેવા પ્રશ્નના ઉત્તરમાં દૃષ્ટાન્ત આપે છે કે - જેમ વિજ્ઞાનને આ લોકમાં મદિરાપાન વડે ઉપઘાત અને બ્રાહ્મી આદિ ઔષધિઓ વડે અનુગ્રહ દેખાય છે. તેમ કર્મ વડે જીવને ઉપઘાત-અનુગ્રહ પણ સમજી લેવા. ॥ ૫૬ ॥

**અવતરણ :- प्रस्तुतनिगमनायाह -**

પ્રસ્તુત એવા કર્મની બાબતમાં નિગમન (સિધ્ધ થયેલ નિર્ણય) માટે જણાવે છે કે :-

**[५]एवमणादी[६] [३]एसो, [४]संबंधो [१]कंचणोवलाणं [२]व ।**
**[९]एयाणमुवाएणं[८], तह [७]वि [१०]विओगो वि [११]हवइ त्ति ॥ ५७ ॥**

**''एवम्''= उक्तन्यायाद् अनादिरेष सम्बन्धः । निदर्शनमाह - काञ्चनोपलयोरिव, निसर्गमात्रतयोदाहरणम्, ''एतयोः''= इति जीवकर्मणोः यद्यप्येवम् ''उपायेन''= सम्यग्दर्शनादिना तथापि वियोगोऽपि भवति, क्षार-मृत्पुटपाकादिना काञ्चनोपलयोरिव । इति गाथार्थः । ॥ ५७ ॥**

**ગાથાર્થ** :- કંચન અને માટીની જેમ જીવ-કર્મનો આ સંબંધ આ રીતે અનાદિ છે. તો પણ ઉપાય વડે આ બન્નેનો વિયોગ પણ અવશ્ય થાય છે. ॥ ૫૭ ॥

**ટીકાનુવાદ** :- ગાથા ૫૪-૫૫માં જીવ અને કર્મનો સંબંધ અનાદિનો છે. એમ સિધ્ધ કર્યું છે. તેને આશ્રયીને પ્રશ્ન ઉઠે છે કે ''જેનો સંબંધ અનાદિનો હોય તેનો સંબંધ ભાવિમાં પણ અનંતકાળ જ રહે.'' અર્થાત્ જીવ-કર્મ છુટા ન પડે. અને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેથી જીવનો મોક્ષ થવો જોઈએ નહીં જેમ અભવ્ય જીવોમાં ભવ્ય પણું અનાદિનું છે માટે અનંતકાળ રહે છે. તેમ જીવ-કર્મનો સંબંધ અનાદિ હોવાથી અનંતકાળ રહેવો જોઈએ. તેથી જીવની મુક્તિની વાત અઘટમાન છે.

આ પ્રશ્નનો ઉત્તર ગ્રંથકારશ્રી આપે છે કે "જેનો સંબંધ અનાદિનો હોય તેનો સંબંધ ભાવિમાં પણ અનંતકાળ જ રહે" એવો નિયમ નથી. અર્થાત્ આ નિયમ વ્યભિચારયુક્ત છે. જેમ "કંચન-માટી"નો સંબંધ અનાદિ છે. છતાં ખાર અને માટીના પુટપાકાદિ વડે તે સંબંધનો અંત આવી શકે છે. તેમ જીવ અને કર્મનો સંબંધ અનાદિ હોવા છતાં સમ્યગ્દર્શનાદિ રત્નત્રયીની ઉપાસના અને સમતાભાવ રૂપ સામાયિકની આરાધના વડે અંત આવી શકે છે. જો કે અહીં "કંચન-અને ઉપલ"નો સંબંધ જે અનાદિ કહ્યો છે તેમાં વિચારણા કરતાં ખરેખર તે અનાદિ સંબંધ નથી, કારણ કે બન્ને પૃથ્વીકાય જીવદ્રવ્યનાં મૂર્ત શરીરો જ છે. તેથી જ્યારે તે જીવદ્રવ્યોની પૃથ્વીકાયપણે ખાણમાં ઉત્પત્તિ થઈ ત્યારે તેનો સંબંધ થયો છે. એટલે સંખ્યાતા વર્ષાદિ પૂર્વેનો સંબંધ હોઈ શકે છે. પરંતુ અનાદિકાળનો નથી. તેથી ખરેખર તે સંબંધ સાદિ છે અને સાન્ત છે. છતાં અહીં કંચન-ઉપલના સંબંધને જે અનાદિ કહેવામાં આવ્યો તેનો ખુલાસો કરતાં ગ્રંથકારશ્રી જણાવે છે કે "निसर्गमात्रतया उदाहरणम्" = આ દૃષ્ટાન્ત નિસર્ગમાત્રપણે (કુદરતની માત્ર અપેક્ષાએ) જ આપવામાં આવ્યું છે. આ બન્ને સંબંધની આદિ હોવા છતાં નિસર્ગપણે = કુદરતી રીતિએ = વ્યાવહારિક જીવોની વચ્ચે તેની આદિ જડતી નથી એ અપેક્ષાએ આ બન્નેનો સંબંધ અનાદિ કહ્યો છે. તેમ ભાવાર્થ જાણવો. કંચન-ઉપલની માફક બીજાં પણ આવાં દૃષ્ટાન્તો છે કે જે પદાર્થ અનાદિનો હોય છતાં અનંત ન પણ હોય. જેમ કે :–

(૧) પ્રાગભાવ ન્યાયદર્શનમાં અનાદિ છે છતાં સાન્ત છે.

(૨) બાપ-દાદાની પેઢી અનાદિની છે. છતાં તે પેઢીનો અંત પણ હોય. જે પુરુષ અપરિણીત રહે, દીક્ષિત થાય, અથવા નિઃસંતાન હોય તો તેની પેઢી અનાદિ હોવા છતાં તે પેઢીનો અંત પણ હોઈ શકે છે.

(૩) બીજ-અંકુરાની ઉત્પત્તિ પ્રવાહથી અનાદિ છે છતાં જે બીજ ન વાવવામાં આવે, અથવા જે અંકુરો છૂંદી નાખવામાં આવે તો ત્યાં તેનો અંત પણ આવે છે.

(૪) મરઘી અને ઈંડાની ઉત્પત્તિ અનાદિની હોવા છતાં તે બેમાંથી ગમે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે એકનો વિનાશ કરે છતે અંત પણ આવે છે.

સારાંશ કે જીવ-કર્મનો સંબંધ અનાદિ હોવા છતાં રત્નત્રયીની ઉપાસના અને સામાયિકના આરાધનભાવથી તે સંબંધનો અંત આવે છે અને મુક્તિ થાય છે.

ટીકાના શબ્દાર્થો આ પ્રમાણે છે - આ પ્રમાણે ઉપર ૫૪/૫૫મી ગાથામાં કહેલા ન્યાયથી જીવ-કર્મનો આ સંબંધ અનાદિ છે. તે વિષયમાં દૃષ્ટાન્ત જણાવે છે કે કંચન-ઉપલની (સુવર્ણ-માટીની) જેમ, આ નિસર્ગમાત્રપણે દૃષ્ટાન્ત સમજવું તેની જેમ જીવ-કર્મનો સંબંધ પણ જો કે અનાદિ છે. તથાપિ સમ્યગ્દર્શનાદિ ગુણો વડે વિયોગ પણ કરી શકાય છે. જેમ ક્ષાર અને માટીના કોડીયામાં પકવવા વડે કંચન-ઉપલનો વિયોગ થાય છે તેમ અહીં પણ સમજવું. ॥ ૫૭ ॥

**અવતરણ :- एवं व्यवस्थिते सति प्रस्तुतसौविहित्यमाहः-**

આ પ્રમાણે જીવ-કર્મનો સંબંધ અનાદિ-સાન્ત હોતે છતે, બંધ-મોક્ષાદિ તમામ વ્યવસ્થા વ્યવસ્થિત હોતે છતે, પ્રસ્તુત સુવિહિતતા (શાસ્ત્રમાં કહેલા ભાવો સુવિહિત = યથાર્થ છે એમ) જણાવે છે.

**[1]एवं तु [2]बंधमोक्खा, [6]विणोव[5]यारेण [3]दो [4]वि [7]जुज्जंति ।**
**[8]सुह-दुक्खाइ च [9]दिट्ठा, [10]इहरा [11]ण, [13]कयं [12]पसंगेण ॥ ५८ ॥**

**एवमेव बन्धमोक्षौ सकलसमयसिद्धौ, "विनोपचारेण" = उपचारं विना द्वावपि युज्येते - घटेते, अकल्पितावित्यर्थः । सुखदुःखादयश्च "दृष्टाः"=सकललोकसम्मताः युज्यन्ते, मुख्यनिबन्धनोपपत्तेः । "इतरथा" उक्तप्रकारव्यतिरेकेण "न" इति न युज्यन्ते बन्धादयः, मुख्यनिबन्धनानुपपत्तेरिति भावनीयम् । "कृतं प्रसङ्गेन"= पर्याप्तमित्थमप्रस्तुतेन । इति गाथार्थः । ॥ ५८ ॥**

**ગાથાર્થ** :- આ પ્રમાણે જ કર્મબંધ અને કર્મમુક્તિ આ બન્ને ભાવો ઉપચાર વિના સહજ રીતે ઘટી શકે છે. સુખ-દુઃખ પણ જે દેખાય છે તે પણ ઘટી શકે છે. અન્યથા ઘટતા નથી. આટલી ચર્ચા પ્રસંગવશથી કરી.

**ટીકાનુવાદ** :- સર્વ શાસ્ત્રોમાં પ્રસિદ્ધ એવો કર્મબંધ અને કર્મમુક્તિ ઉપર સમજાવ્યું તેમ ઉપચાર વિના બન્ને પણ ભાવો યથાર્થપણે કલ્પના કર્યા વિના સારી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રીતે ઘટી શકે છે. (૧) અતીતકાળની જેમ જીવકર્મનો સંબંધ અનાદિ છે. (૨) મદિરાપાન-ઔષધિથી વિજ્ઞાનને જેમ ઉપઘાત-અનુગ્રહ થાય છે તેમ મૂર્ત એવા કર્મથી અમૂર્ત એવા જીવને ઉપઘાત-અનુગ્રહ થાય છે. (૩) કંચન-ઉપલની જેમ જીવ-કર્મના અનાદિસંબંધનો પણ અંત આવી શકે છે. આ ત્રણ મુખ્ય વાત જો સમજાઇ જાય તો જીવ જ કર્મથી બંધાય છે અને ઉપાયોના સેવનથી જીવ જ કર્મોથી મુક્ત થાય છે તે સમજાઇ જ જાય. જીવ પરિણામી હોવાથી પરિવર્તનશીલ-પર્યાયની અપેક્ષાએ ઉત્પત્તિ અને વ્યયવાળો છે. આવું સુંદર અને વ્યવસ્થિત યુક્તિસંગત સ્વરૂપ હોવા છતાં જેઓ આત્માને એકાન્તે નિત્ય અપરિણામી માને છે અને આ બન્ધ-મોક્ષાદિ જડ એવી પ્રકૃતિના છે. સુખ-દુઃખાદિ પણ જડ એવી પ્રકૃતિના છે એમ માને છે તે સાંખ્યદર્શનાદિને જીવમાં દેખાતા બંધ-મોક્ષ-સુખ અને દુઃખનો ઉપચાર કરવો પડે છે. તથા વળી પ્રકૃતિમાં થતા બંધાદિ અને સુખાદિની આત્મામાં ઉભયમુખદર્પણાકાર પ્રકૃતિને માનીને કલ્પના કરવી પડે છે. એટલે કલ્પિત બંધાદિ-અને સુખાદિ આત્મામાં સિદ્ધ કરે છે, જે બરાબર નથી. આત્મારૂપકર્તા વિના જડ એવી પ્રકૃતિ પ્રબંધ-મોક્ષાદિની કર્તા નથી અને સુખ-દુઃખની ભોક્તા પણ નથી.

આત્માને કથંચિત્ નિત્ય અને પરિણામી માનવાથી સર્વપ્રશ્નોનો નીકાલ થઈ જાય છે. અને એ જ વાત સાચી છે. જીવને જ સુખ-દુઃખ હોય છે જે સકલ લોકોને સમ્મત છે. કારણ કે સુખનુ મુખ્ય નિબંધન પુણ્ય, અને દુઃખનું મુખ્ય નિબંધન પાપ, તે બન્ને મુખ્યકારણોરૂપ કર્મબંધ જીવને જ હોવાથી સુખદુઃખાદિ જીવમાં જ ઘટી શકે છે. તેથી જો કારણ પુણ્ય-પાપ જીવમાં હોય તો તેના ફળભૂત સુખ-દુઃખ પણ જીવને જ હોય. કેવી સંગત અને સુંદર વ્યવસ્થા છે !

જે જે દર્શનકારો ઉપરોક્ત વાત નથી સ્વીકારતા અને इतरथा= આનાથી ઊલટું-સુલટું=આડા-અવળું માને છે. તેઓને ઉપરોક્ત પ્રકાર વિના બંધ-મોક્ષાદિ ઘટી શકતાં નથી. કારણ કે આત્મા પરિણામી માને તો જ કોઈ વખત મિથ્યાત્વાદિ બંધ હેતુઓમાં વર્તે ત્યારે બંધ ઘટે અને સમ્યગ્દર્શનાદિ ઉપાયોમાં વર્તે તો મુક્તિ ઘટે, પુણ્યોદયમાં વર્તે ત્યારે સુખ ઘટે અને પાપોદયમાં વર્તે ત્યારે દુઃખ પણ ઘટે પરંતુ જે એકાન્તે નિત્ય જ માને અને પરિણામી સ્વભાવ ન માને તેઓને બંધાદિનાં મુખ્ય કારણો મિથ્યાત્વપરિણામ, સમ્યગ્પરિણામ; પુણ્યોદય, અને પાપોદય જીવમાં ન હોય, તે મુખ્ય કારણોની અનુપપત્તિથી બંધાદિ પણ ન જ ઘટે, અને એક વખત



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે સાચો માર્ગ છોડે તેને પોતાના માનેલા અસત્યને સત્ય કરવા અનેક કલ્પનાઓ અને ઉપચારો માનવા પડે. એટલે જ કોઈ દર્શનકારે ઈશ્વરકર્તૃક જગત્ છે એમ માન્યું. કોઈ દર્શનકારે પ્રકૃતિકર્તૃક જગત્ છે એમ માન્યું, કોઈએ પાંચભૂતાત્મક જગત્ છે એમ માન્યું. ઇત્યાદિ દર્શનવાદો યથાર્થમાર્ગથી પતિત છે એટલે જ જગત્ની વ્યવસ્થા ઘટાડવા કપોલકલ્પિત કલ્પનાઓ કલ્પે છે.

આ ચર્ચા સૂક્ષ્મબુદ્ધિથી સમજવા જેવી છે. જ્યારે આ આત્મા યોગસામ્રાજ્ય ઉપર આરૂઢ થયો છે. રાગાદિ જામ થયેલા મળોને દૂર કરવા માટે ભાવનાશ્રુતપાઠ અને તીર્થશ્રવણથી નક્કર ભૂમિકાવાળો બની આત્મસંપ્રેક્ષણ કરવા એકાન્તમાં ગુરુના અવલંબને બેઠો છે. ત્યાં આ કર્મનો બંધ જીવને અનાદિનો છે. એને સમ્યગ્દર્શનાદિ ઉપાયોથી દૂર કરી શકાય છે. ઇત્યાદિ ચિંતનના પ્રસંગમાં પ્રસંગવશાત્ આટલી કર્મચર્ચા આચાર્યશ્રીએ જણાવી છે. હવે મૂળ વાત ઉપર આવતાં આગળ જણાવે છે કે -

**અવતરણ :- प्रकृताभिधित्सयाऽऽह** -

હવે રાગાદિ દોષોને દેખવા રૂપ પ્રસ્તુત આત્મસંપ્રેક્ષણ જણાવતાં કહે છે કે :-

**[१]तत्थाभि[२]संगो [११]खलु [३]रागो, [४]अप्पीइलक्खणो [५]दोसो ।**
**[६]अण्णाणं [७]पुण [८]मोहो, [१३]को [१४]पीडइ [१०]मं [१२]दढमि[९]मेसिं ॥ ५९ ॥**

**तत्राभिष्वङ्गः खलु "रागः"= भावरागः, रञ्जनं राग इति कृत्वा । अप्रीतिलक्षणो द्वेषः, स्वरूपस्यैव लक्षणत्वात् भावद्वेष एव । अज्ञानं पुनर्मोहः, मोहनं मोह इति कृत्वा । कः "पीडयति"= बाधते मां "दृढम्"=अत्यर्थम् "अमीषां"रागादीनां,एवमात्मप्रेक्षणमिति ।सुज्ञानं चैतद् विदुषां शास्त्रानुसारतः क्षयोपशमविशेषात्, सुप्तमण्डितप्रतिबुद्धादर्शक - दर्शनन्यायसिद्धमेतत् । अनीदृशस्य तु योगेऽनधिकार एव । इति गाथार्थः । ॥ ५९ ॥**

**ગાથાર્થ :** ત્યાં "આસક્તિ" એ રાગ છે. "અપ્રીતિ" એ દ્વેષનું લક્ષણ છે. અને વળી અજ્ઞાન એ મોહ છે. આ ત્રણ દોષોમાંથી મને અતિશય કોણ પીડે છે? (એમ આત્મસંપ્રેક્ષણ આ યોગીએ કરવું જોઈએ.) ॥ ૫૯ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકાનુવાદ :** ૫૨/૫૩મી ગાથામાં જણાવ્યા મુજબ આત્મકલ્યાણનો ઈચ્છુક મુમુક્ષુ આત્મા પોતાના આત્માને નિષ્પન્નયોગી બનાવવા માટે અને અનાદિનાં આ બંધનોની જાળમાંથી કાયમની મુક્તિ મેળવવા માટે ભાવનાશ્રુતપાઠ અને તીર્થશ્રવણ દ્વારા પોતાને સવિશેષ જાગ્રત કરીને ગુરુના અવલંબને એકાન્તમાં જાણે આત્મા સાથે વાર્તાલાપ કરતો હોય ! આત્માને જાણે કંઈ સમજાવતો હોય ! તેમ આ પ્રમાણે પોતાના આત્માને દોષોથી બચાવવા સ્વદોષોનું દર્શન કરવારૂપ "આત્મસંપ્રેક્ષણ" કરે છે કે હે આત્મન્ ? તને કોણ અતિશય પીડે છે ? શુ રાગ પીડે છે ? શું દ્વેષ પીડે છે ? કે શું અજ્ઞાન તને પીડે છે ?

અહીં ઈષ્ટવસ્તુઓ પ્રત્યેની જે આસક્તિ - મમતા-મૂર્છા - ઈષ્ટપણાની બુદ્ધિ તે **રાગ** સમજવો. અભિષ્વંગ = આસક્તિ. તે આત્માને રંગે છે, ઉદાસીનતામાંથી રાજી-રાજી કરી નાખે છે, મુખાકૃતિ જ બદલાઈ જાય છે, માટે "रञ्जनमिति रागः" તેને રાગ કહેવાય છે. આ **ભાવરાગ** છે. વસ્ત્રાદિને રંગે તે દ્રવ્યરંગ અહીં નથી લેવાનો, તથા બંધાયેલાં અને સત્તામાં રહેલાં રતિમોહનીયાદિ કર્મો - કર્મપુદ્ગલો તે પણ દ્રવ્યરાગ તે પણ નથી લેવાનો, પરંતુ રતિમોહનીયાદિ કર્મોના ઉદયથી ઉત્પન્ન થયેલી આસક્તિ રૂપ આત્માની વૈભાવિક પરિણતિ જે ભાવાત્મક છે. પુદ્ગલાત્મક નથી તે સમજવાની છે. તે આસક્તિ એ જ ભાવરાગ કહેવાય છે. તેવી જ રીતે અનિષ્ટ વસ્તુઓ પ્રત્યે જે અપ્રીતિનો ભાવ તે દ્વેષ સમજવો. આ પણ ભાવદ્વેષ જાણવો, અપ્રીતિ આત્મક આત્માનો જે અધ્યવસાય-પરિણામ તે ભાવાત્મક છે માટે તે ભાવદ્વેષ અહીં સમજવો, પરંતુ પૂર્વબદ્ધ અને સત્તામાં કે ઉદયમાં આવેલ અરતિમોહનીયનાં કર્મપુદ્ગલો તે અહીં ન સમજવાં, કારણ કે તે દ્રવ્યદ્વેષ છે. રાગ અને દ્વેષનાં આ સ્વરૂપલક્ષણો છે. લક્ષણો બે જાતનાં હોય છે : (૧) વસ્તુમાં રહેલું અને વસ્તુને ઓળખાવનારું જે લક્ષણ તે સ્વરૂપલક્ષણ. આ લક્ષણ લક્ષ્યથી અભિન્ન હોય છે. જેમ કે અગ્નિનું પ્રકાશકત્વ, દાહકત્વ, જળનું શીતળતા ઈત્યાદિ લક્ષણો તે સ્વરૂપ-લક્ષણો જાણવાં. (૨) વસ્તુથી ભિન્ન રહેલું અને વસ્તુને જણાવનારું જે લક્ષણ તે વ્યંજકલક્ષણ કહેવાય છે. જેમકે વહ્નિનું ધૂમવત્ત્વ આ લક્ષણ લક્ષ્યથી ભિન્ન હોય છે. અહીં **આસક્તિ** અને **અપ્રીતિ** તે રાગ - દ્વેષનું **સ્વરૂપ લક્ષણ** છે. લક્ષણ લક્ષ્યથી અભિન્ન છે. માટે આત્મ પરિણામ એ જ ભાવરાગ અને ભાવદ્વેષ અહીં સમજવા.

તથા "અજ્ઞાન" તે મોહ છે. આત્માને હિતાહિતમાં જે મુંઝવે, વિવેકશૂન્ય બનાવે તે "मोहनं इति"= મોહ કહેવાય છે. આ ત્રણ દોષો છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્મસંપ્રેક્ષણ કરનાર મહાત્મા વિચારે છે કે ઉપરોક્ત આ રાગાદિ ત્રણ દોષોમાંથી મને અતિશય કોણ પીડે છે ? તેની ગવેષણા કરે.

આ સંસારમાં શારીરિક રોગો જેવા કે કેન્સર, કીડની, ટીબી-લકવા લોકોને પીડે છે એમ સૌ માને, પરંતુ કામવાસના, ક્રોધ, અહંકાર, અને અજ્ઞાનતા આત્માને પીડે છે એમ કોણ માને ? પરંતુ કોઈ પણ પદાર્થ પ્રત્યે બંધાયેલો રાગ ઈતર વસ્તુઓમાં નાખુશીભાવ પેદા કરે, ઈષ્ટવસ્તુ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી બેચેની ઉત્પન્ન કરે, તમામ વિવેકોથી શૂન્ય બની જાય, તેની પ્રાપ્તિ માટે અન્યાય - અનીતિ-છળ અને પાપો કરવામાં કંઈ કમીના ન રાખે. ભવોભવ બગાડે, લોકોમાં હાંસીપાત્ર બનાવે, રાવણ સીતાના રાગમાં વિનાશ પામ્યા, પતંગિયાં દીવાના પ્રકાશના રાગમાં જ બળી મરે છે. ઈલાચી નટવીના રાગમાં જ નટ બન્યા, ભમરાઓ ફુલની સુગંધના રાગે જ મરણશરણ થાય છે.

દ્વેષ પણ મનમાં ક્લેશ ઉત્પન્ન કરે છે. નિરર્થક કષાયો લાવે છે. સંગ્રામો ઊભા કરે છે. ચિંતામાં જ શરીર ક્ષીણ કરાવે છે. અકાળે જ અવસાન લાવે છે. ઘરનાં કાર્યોમાં અને પરિવારમાં પણ પ્રીતિભંગ કરાવે છે. ભવોભવમાં વૈરની પરંપરા ચાલે છે. કમઠયોગી, અગ્નિશર્મા, અને ચંડકૌશિકની કથા દ્વેષના વિષયમાં જાણીતી છે. અજ્ઞાન પણ સંસારમાં ડુબાડે છે, તત્ત્વાતત્ત્વના અવિવેકી બનાવે છે, અતત્ત્વમાં તત્ત્વબુદ્ધિ કરાવી ભવપરંપરા વધારે છે, તત્ત્વમાર્ગથી દૂર રાખે છે, ''આત્મા'' જેવા શુદ્ધ - બુદ્ધ તત્ત્વની ઓળખાણ થવામાં જ અડચણ રૂપ બને છે, સંસારની લીલા જ ઉપાદેય જણાય છે. આ ત્રણે દોષો અનંત ભવભ્રમણમાં ભટકાવે છે. હે આત્મન્ ! ભૂતકાળમાં બનેલાં અનેક દૃષ્ટાન્તો આ વાતની સાક્ષી પૂરે છે. તેથી તું તને ઓળખ, ક્યા દોષો તને વધારે પીડે છે ? જે દોષો વારંવાર તને પીડતા હોય તેને દૂર કરવા માટે હવે જણાવે છે તેમ તેના ઉપાયોનો તું આશ્રય કર. ગાથા ૬૭ આદિમાં ઉપાયો જણાવાશે તેને ધ્યાનથી ચિંતનમાં જોડ, આ ઉપાયો તારે જ અપનાવવાના છે. ઊંડી આત્મ ખોજ કર, રોગ કરતાં રાગ ભવોભવમાં મારનાર હોવાથી ભયંકર છે. દુઃખ કરતાં દ્વેષ ચિરકાળ પીડનાર હોવાથી દુઃખદાયી છે. સ્ત્રીના શરીરની ચામડીનું રૂપ જોવા કરતાં એ જ ચામડી મળ-મૂત્ર-માંસાદિનો કોથળો જ છે. એમ વિચારવું એ જ ઉપાય છે એકાન્તમાં બેસી આ પ્રવૃત્તયોગી આત્મા આવા આવા ઉત્તમ વિચારો કરે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિદ્વાન પુરુષોને શાસ્ત્રોને અનુસારે પોતાના અનુભવો દ્વારા પ્રાપ્ત થયેલા ક્ષયોપશમવિશેષથી આ ચિંતન - મનન સુજ્ઞાન છે. કારણ કે આ સંસાર જ સ્વપ્નતુલ્ય છે. सुप्त = નિદ્રા અવસ્થામાં, मण्डित = પોતાની જાતને કોઈએ અતિશય રૂપ અને અલંકારોથી વિભૂષિત કર્યો છે એમ જોઈને ત્યારબાદ प्रतिबुद्ध = હર્ષાવેશમાં આવીને આ આત્મા જાગ્યો, જાગીને હું કેવો સુંદર દેખાઉં છું ? તે સ્વપ્નને અનુસારે आदर्शक = દર્પણમાં, दर्शन = જુએ છે તો શરીર ઉપર અલંકારો અને રૂપ તો શું દેખાય ? પરંતુ વ્યવસ્થિત વસ્ત્રો, શરીરની યથાર્થ સ્થિતિ અને પ્રસન્નતા પણ દેખાતી નથી. અર્થાત્ સ્વપ્નમાં જોયેલા શણગારો પ્રતિબુદ્ધ અવસ્થામાં દર્પણની અંદર જોતાં જેમ શૂન્ય દેખાય છે એ ન્યાયે આ સંસારસુખ પણ ક્ષણિક છે. અનેક ઉપાધિઓથી ભરપૂર છે. ભવોભવમાં વિડંબના આપનારું છે. નિ:સાર છે. મિથ્યા અભિમાન કરાવનારૂં છે. આવા ઉત્તમ વિચારો આવા જ્ઞાનયોગી મહાત્મા કરે છે.

જે આવા જ્ઞાનયોગી નથી તેવાને આ યોગમાં પ્રવેશવાનો અધિકાર જ નથી. કારણ કે જેને પોતાની સ્વયં પ્રજ્ઞા નથી તેને આગળવિકાસમાં શાસ્ત્ર અને ગુરુ પણ શું કરી શકે ? કહ્યું છે કે -

**यस्य नास्ति स्वयं प्रज्ञा, शास्त्रं तस्य करोति किं ।**
**नेत्रयुग्मविहीनस्य, दर्पणः किं करिष्यति ॥**

જ્ઞાની પુરુષોનાં આવાં વચનો પ્રમાણભૂત હોવાથી આવા જ્ઞાનયોગીને જ યોગમાં પ્રવેશવાનો અધિકાર છે. ॥ ૫૯ ॥

**અવતરણ :- अनेन च विधिनैवं किम् ?**

આ પ્રમાણે આ વિધિ વડે રાગાદિ દોષોને જોવા વડે પછી શું કરવાનું ? તે જણાવે છે.

**[1]णाउण [2]ततो [3]तिव्विसय - [4]तत्तपरिणइ[5]-[6]विवागदोसे [11]त्ति ।**
**[12]चिंतेज्जाऽऽ[7]णाए दढं, [8]पइरिक्के [9]सम्ममुवउत्तो[10] ॥ ६० ॥**

**ज्ञात्वा आत्मानं रागादिबहुलतया, ''ततः''- तदनन्तरं तद्विषय-तत्त्वपरिणतिविपाकदोषानिति चिन्तयेत्, तद्विषयः=रागादिविषयः स्त्र्यादिलक्षणः, तस्य तत्त्वं-स्वरूपं-कलमलादि, परिणतिः-तस्यैव रोगजरादिरूपा, विपाकःनरकादि, एत एव दोषाः, एतान् ''इति''=एवमेव**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

''चिन्तयेत्''= भावयेत् । ''आज्ञया दृढम्''= आज्ञया-वीतरागवचनलक्षणया हेतुभूतया, तस्यास्तत्त्वावगमादिहेतुत्वात्, ''दृढम्''= अत्यर्थं, ''पइरिक्के''= इति देशीपदं एकान्तार्थवाचकम्, एकान्ते-विविक्ते, तत्र व्याघाताभावात्, ''सम्यगुपयुक्तः''= साकल्येन विहितक्रिया समेतः, सामग्रीसाध्यत्वाद् अभिप्रेतकार्यस्य । इति गाथार्थः । ॥ ६० ॥

**ગાથાર્થ**:- પોતાના આત્માને રાગાદિદોષ બહુલ જાણીને ત્યારબાદ તે રાગાદિના વિષય ભૂત (નિમિત્તભૂત) એવા સ્ત્રી આદિના (૧) સ્વરૂપને, (૨) પરિણામને, અને (૩) વિપાકદોષોને જિનેશ્વર પ્રભુની આજ્ઞાને અનુસારે એકાન્તમાં સમ્યગ્ ઉપયોગપૂર્વક આ રીતે (હવે ૬૭મી ગાથાથી જણાવે છે તેમ) અતિશયપણે વિચારવા ॥ ૬૦ ॥

**ટીકાનુવાદ** :- **"को पीडइ मं दढमिमेसिं"** = ઉપરોક્ત ૫૯ મી ગાથાના ચરમપદમાં કહ્યા મુજબ ભાવનાશ્રુતપાઠ કંઠસ્થ કરીને, વારંવાર તેનું અતિશયપરિશીલન કરીને, આત્માને વૈરાગ્ય-સંવેગાદિ વાસનાઓથી વાસિત બનાવીને, ગુરુજીની પાસે તીર્થ શ્રવણ કરીને અત્યન્ત મોક્ષાભિલાષી બનેલો આ આત્મા એકાન્તમાં બેસીને મનમાં વિચાર કરે કે આ ત્રણ દોષોમાંથી પ્રતિદિન મને વધારે કોણ પીડે છે ? એ વિચારણા કરતાં જણાયું કે સ્ત્રી-પુત્ર-ધનાદિ વિષયો મળતાં જ રાગ પીડે છે. શત્રુ - અને સુખના પ્રતિબંધક ભાવો સામે આવતાં દ્વેષ પીડે છે. અને કુદેવ-કુગુરુ આદિનાં નિમિત્તો મળતાં જ અજ્ઞાન મને બહુ પીડે છે. માર્ગભ્રષ્ટ બનાવે છે. વારંવાર તેના જ વિચારોમાં ઓતપ્રોત બની જાઉં છું, હું મુંઝાઈ જાઉં છું. પ્રાપ્ત થયેલી આટલી ભૂમિકા હારી જવાના ભયથી રડું છું.

જ્યારે આવું જણાય ત્યારે આત્માને આવા પ્રકારનો રાગાદિદોષબહુલતા વાળો જાણીને ત્યારબાદ તે રાગાદિના જે વિષયો = નિમિત્તો સ્ત્રી-પુત્ર-ધનાદિ, તેના તત્ત્વનું (એટલે સ્વરૂપનું), તેનાં પરિણામોનું, અને તેના વિપાકદોષોનું, ચિંતન કરવું જોઈએ - ભાવાર્થ એમ છે કે જે જે નિમિત્તોથી રાગ-દ્વેષ - અને અજ્ઞાન આ આત્માને પીડે છે. તે તે સ્ત્રી આદિ લક્ષણરૂપ જે જે રાગાદિનાં નિમિત્તો છે. તે તે નિમિત્તોનું (આગળ ગાથા ૬૭ થી ૭૭ એમ અગ્યાર ગાથામાં બતાવાશે તેમ) કાદવ-કીચડ જ છે. હાડકાંનો માળો જ છે. માંસ-શોણિતાદિનો ભંડાર જ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. ઈત્યાદિ આત્મક જે સ્વરૂપ છે તે સ્વરૂપ પ્રથમ વિચારવું. ત્યારબાદ તે રાગાદિને પરવશ થયેલો આ જીવ ક્ષીણધાતુ થવાથી શરીરે રોગી બને છે પરિણામે અકાળે જરાવસ્થા અને મરણ પણ પામે છે. રાગાદિ દોષોનાં શારીરિક રોગો, જરા, અને આદિ શબ્દથી અકાલ મરણ આવાં માઠાં પરિણામો છે એમ બીજા નંબરે વિચારવું. તથા તે રાગાદિમાં અંધ બનેલો આ આત્મા અતિશય આસક્તિ અને અતિશય આર્ત-રૌદ્રધ્યાનથી, તથા તેના માટે જ કરાતાં યુધ્ધો, છળપ્રપંચો અને કાવાદાવાથી આ આત્મા નરક - નિગોદનાં મહા ભયંકર આયુષ્ય બાંધીને અનંત જન્મ-મરણમાં રઝળે છે. આવા માઠા વિપાકો = ફળો આ રાગાદિના છે. એમ ત્રીજા નંબરે વિચારવું.

આ રાગ-દ્વેષ-મોહ એ જ સાચા ત્રણ દોષો છે. અને તે ત્રણે ને દૂર કરવા માટે (૧) સ્વરૂપચિંતન, (૨) પરિણામચિંતન, અને (૩) વિપાકદોષચિંતન, એમ ક્રમશઃ એકેક દોષોનું આમ ત્રણ ત્રણ રીતે તત્ત્વચિંતન કરવું.

વાહ-વાહ-આચાર્યમહારાજશ્રીએ આત્માના ઉત્થાનનો અતિઉત્તમ અને સુંદર કેવો માર્ગ બતાવ્યો ! કેટલાય કોટિ ભવોમાં આવું સમજાવનાર તારક ગુરુજી મળવા અને તેમની વાણી આટલી મધુર લાગવાની પાત્રતા મળવી પણ દુષ્કર માં દુષ્કર છે. હે આત્મન્ ! તું જલ્દી કર, સાવધ થા, પ્રમાદ ન કર, જ્ઞાનીનાં વચનોથી રાગાદિ દોષોના સ્વરૂપનો વિચાર કરવા બેસી જા.

**પ્રશ્ન** :- મહા ભયંકર શત્રુતુલ્ય આ રાગાદિ દોષોના સ્વરૂપનું ચિંતન કરવા બેસતાં શું કંઈ વિધિ સાચવવાની ? કે ગમે તેમ ચિંતન કરવાનું ?

**ઉત્તર** :- અવશ્ય વિધિ સાચવવાની, આ સુભટો લુચ્ચા છે. માયાવી છે. બળવાન્ છે. નાના છિદ્રમાંથી પણ ઘૂસી જનારા છે. માટે વિધિ અવશ્ય સાચવવાની.

**પ્રશ્ન** :- વિધિ શું ? તે કૃપા કરી સ્પષ્ટ કરો. કારણ કે અમારી આત્મહિતની ઝંખના અતિ ઉગ્ર બની છે. હવે રોકી શકાય કે ધીરજ રાખી શકાય તેમ નથી. જલ્દી બતાવો.

**ઉત્તર** :- નીચે મુજબ ૭ વિધિ સાચવવાની છે. જેમાંની ત્રણ વિધિ આ ૬૦ મી ગાથામાં કહેવાશે અને શેષ ચાર વિધિ હવે પછીની ૬૧ મી ગાથામાં કહેવાશે. કુલ સાત પ્રકારની વિધિ સાચવવાની છે. ત્રીજી અને સાતમી વિધિ અપેક્ષાવિશેષે કંઈક એકરૂપ પણ છે. જેથી સામાન્યથી છ પ્રકારની વિધિ પણ અપેક્ષાવિશેષે કહી શકાય છે.

॥ યોગશતક [illegible] ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) વીતરાગ પરમાત્માના વચનને અનુસારે જ આ ચિંતન કરવું. આ તત્ત્વ ચિંતનમાં વીતરાગપ્રભુનું વચન અસાધારણ હેતુભૂત છે. કારણ કે તે આજ્ઞા તત્ત્વના અવબોધમાં પરમકારણ છે. આદિ શબ્દથી શંકાનિવારણ, દ્રઢવિશ્વાસઉત્પત્તિ, તથા પરમશ્રધ્ધાનું પણ કારણ છે. વીતરાગ પ્રભુનું વચન સંપૂર્ણ સત્ય, યથાર્થમાર્ગદર્શક, અને પૂર્વાપર દોષ વિનાનું છે. આ ભોમીયો જેને સાથે હોય છે તે ક્યાંય પણ ભૂલો પડતો નથી. માટે પ્રભુની આજ્ઞાને અનુસારે જ તત્ત્વચિંતન કરવું.

ગાથામાં મૂકેલો दढम् શબ્દ અહીં आणाए પદમાં જોડી દેવો दृढम् = અત્યર્થ, અત્યન્ત, મજબૂત રીતે, પાકા પાયે આજ્ઞાપૂર્વક જ વિચાર કરવો.

વીતરાગપ્રભુ બળવાનું છે. તેમની આજ્ઞાનું પાલન અને તેમની આજ્ઞા પ્રત્યેનું હાર્દિક બહુમાન નિર્બળને પણ બળવાન્ બનાવે છે. સ્વાર્થલંપટ જ્યોતિષીના મીઠા આશ્વાસનના બોલો પણ ભોગી આત્માઓને ભોગપ્રાપ્તિમાં ભારે વિશ્વાસ અને બળ પેદા કરાવે છે તો આ તારક પરમાત્માનાં નિઃસ્વાર્થ પરમ હિતકારક વચનો આરાધકમાં આરાધનાનું બળ લાવે જ, માટે જ તીર્થંકર પ્રભુની આજ્ઞા ઉપર અતિશય બહુમાન-પૂર્વક આ તત્ત્વ વિચારવું.

(૨) **पइरिक्के** = એકાન્તમાં આ તત્ત્વ વિચારવું આ દેશ્ય શબ્દ છે. કેટલાક શબ્દો વ્યાકરણના નિયમથી સિધ્ધ થાય છે. તેને વ્યુત્પત્તિ સિધ્ધ કહેવાય છે અને કેટલાક શબ્દો દેશવિશેષમાં અનિયતપણે પ્રસિધ્ધિ માત્ર પામવાથી સિધ્ધ થયા હોય છે. તે શબ્દોને દેશ્ય અથવા દેશીવચન કહેવાય છે. તેમ અહીં આ પઈરિક્ક શબ્દ એકાન્ત અર્થનો વાચક દેશ્ય છે એમ જાણવું. એકાન્ત એટલે વિવિક્ત અર્થાત્ નિર્જન અવસ્થા, જ્યાં માણસોની વારંવાર અવર-જવર ન હોય તેવા સ્થાનમાં આ તત્ત્વચિંતન કરવું. કારણ કે માણસોની વારંવાર અવર-જવર જ્યાં થતી હોય ત્યાં તેઓ ઉપર દૃષ્ટિ પડવાથી, અથવા તેઓની સાથે દૃષ્ટિ મળવાથી ચાલુ વિચારણામાં વ્યાઘાત = સ્ખલના થાય. બીજા વિચારોમાં આત્મા ચાલ્યો જાય. માટે એકાન્ત અવસ્થા વ્યાઘાતના અભાવવાળી હોવાથી ત્યાં ચિંતન કરવું.

(૩) सम्यगुपयुक्तः = સમ્યગ્ પ્રકારે ઉપયોગપૂર્વક તત્ત્વચિંતન કરવું. આ તત્ત્વચિંતનમાં જે જે સામગ્રી જોઈએ તે તે સંપૂર્ણપણે પ્રાપ્ત કરેલી સામગ્રીની સર્વક્રિયાઓથી સમેત (યુક્ત) થઈને આ તત્ત્વચિંતન કરવું. ભાવાર્થ એવો છે કે કોઈ પણ અભિપ્રેતકાર્ય કરવા માટે એક-બે-કારણો પર્યાપ્ત નથી. પરંતુ સર્વ કારણો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ના સમુચ્ચય રૂપ સામગ્રીથી અભિપ્રેતકાર્ય સાધી શકાય છે. જેમ કે (૧) અંકુરો ઉત્પન્ન કરવો હોય તો એક બીજ, કે પાણી કારણ નથી. પરંતુ બીજ, પાણી, ખાતર, હવા, પ્રકાશ, ખેડૂત, એમ અનેક કારણો છે. (૨) ઘટ બનાવવામાં માટી કે દંડ માત્ર કારણ નથી પરંતુ માટી-દંડ-ચક્ર-ભ્રમણ-ઈત્યાદિ અનેક કારણો છે. (૩) જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો ભણનાર-ભણાવનાર-પુસ્તક-પ્રકાશ-આરોગ્ય, ક્ષેત્રાદિની સાનુકૂળતા એમ અનેક કારણો છે. અર્થાત્ કોઈ પણ એક કાર્ય અનેક કારણોના સમુચ્ચય રૂપ કારણ સામગ્રીથી જ ઉત્પન્ન થાય છે.

તેની જેમ આ તત્ત્વચિંતન કરવા દ્વારા રાગાદિ દોષોને નિર્માલ્ય કરવા રૂપ એક મહાન્ અને ભગીરથ કાર્ય કરવાનું છે. માટે મનશુધ્ધિ, એકાગ્રતા, નિર્મળ ઉપયોગપરિણતિ, વિભાવદશાનોત્યાગ, ઈત્યાદિ સંપૂર્ણ સામગ્રી સાથે મિલાવીને આ રાગાદિ દોષોના સ્વરૂપચિંતન રૂપ અભિપ્રેત કાર્ય કરવું. ॥ ૬૦ ॥

**અવતરણ - इहैव विशेषमाह –**

અહિં બાકી રહેલી ચાર પ્રકારની વિધિવિશેષ સમજાવે છે –

**[1]गुरुदेवयापणामं, [2]काउं [3]पउमासणाइठाणेण ।**
**[6]दंसमसगाइ[5] [4]काए, [7]अगणेंतो [8]तग्गयज्झप्पो ॥ ६१ ॥**

**गुरु-देवता-प्रणामं कृत्वा तदनुगृहीतः तद्विषयतत्त्वादि चिन्तयेत् । कथम्? पद्मासनादिस्थानेन कायनिरोधार्थं दंशमशकादीन् काये अगणयन् स्ववीर्येण तद्गताध्यात्मः तत्त्वावभासनाय । इति गाथार्थः । ॥ ६१ ॥**

**ગાથાર્થ :** ગુરુ અને દેવને પ્રણામ કરીને, પદ્માસનાદિ આસનવિશેષે બેસીને, કાયા ઉપર થતા મચ્છરાદિના ડંખોને નહિ ગણકારતો અને તે તત્ત્વચિંતનમાં ગયેલો (એકરસ બનેલો) છે આત્મા જેનો એવો આ આત્મા હવે તત્ત્વચિંતન કરે ॥ ૬૧ ॥

**ટીકાનુવાદ :** આ ગાથામાં બાકી રહેલી ચાર પ્રકારની વિધિ જણાવે છે :-

(૪) ગુરુજીને અને પરમાત્મા વીતરાગ દેવને પ્રણામ કરીને આ તત્ત્વચિંતન કરવાનું કાર્ય કરવું. ગુરુ વૈરાગી છે. પરમાત્મા વીતરાગી છે. તેથી તેઓ બીજા જીવ ઉપર સ્નેહ કરવા રૂપ કૃપાભાવ વરસાવતા નથી. પરંતુ તેઓને વૈરાગી અને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વીતરાગી સમજી તેમને ભાવપૂર્વક કરેલો હૈયાનો નમસ્કાર જ ફળ આપનાર બને છે. તેઓ પ્રત્યેનું બહુમાન પૂજ્યભાવ-અહોભાવ જ આપણાં કર્મોને તોડનાર છે. અને કર્મો તૂટવાથી અવરાયેલું ફળ પ્રાપ્ત થાય છે. પ્રભુ કે ગુરુ ફળના દાતા નથી. પરંતુ તેઓ કંઈ ન કરતા હોવા છતાં તેઓના પ્રત્યેના અતિસદ્ભાવપૂર્વકના પ્રણામથી ફળપ્રાપ્તિ થાય છે. તેથી તે ફળપ્રાપ્તિ તેઓમાં ઉપચરિત કરાય છે. જેમ પુસ્તક નિર્જીવ છે. કંઈ પણ કરવા અસમર્થ છે. છતાં તેના પ્રત્યે અતિશય આદરભાવ રાખીને તેનું સેવન કરનારાને સ્વયં જ્ઞાનાવરણીય કર્મો તૂટવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે. છતાં આ પુસ્તકમાંથી મને જ્ઞાન મળ્યું એમ ઉપચાર કરીને કહેવાય છે. તેમ દેવ-ગુરુને આદરભાવ પૂર્વક પ્રણામવિશેષ કરવાથી કર્મો તૂટે છે. અને કર્મો તૂટવાથી અકલ્પ્ય સિધ્ધિઓ પ્રાપ્ત થાય છે. છતાં તે અકલ્પ્ય સિધ્ધિઓ ગુરુ અને દેવની કૃપાથી જ મળી છે. એમ ઉપચાર કરાય છે. માટે તે ગુરુ અને દેવથી અનુગૃહીત થયેલા, તેઓ પ્રત્યેના બહુમાનના ભાવમાં લીન બનેલા) એવા આત્માએ તે રાગાદિના નિમિત્તોનું સ્વરૂપ વિચારવું.

(૫) કેવી રીતે બેસીને વિચારવું : પદ્માસનાદિ આસનવિશેષ પૂર્વક બેસીને આ તત્ત્વ ચિંતન કરવું. અહીં આદિ શબ્દથી પર્યંકાસન-કાયોત્સર્ગ આદિ શાસ્ત્રોક્ત ઉચિત આસનો અને મુદ્રાઓ સમજી લેવી. આવું આસનવિશેષ રાખવાનું શું પ્રયોજન છે ? તો ગ્રંથકારશ્રી જણાવે છે કે કાયાના નિરોધ માટે આ આસનવિશેષ છે. આસનવિશેષથી કાયા સ્થિર થાય છે. ચંચળતા દૂર થાય છે. તત્ત્વચિંતનમાં કાયાની સ્થિરતા, ચંચળતાનો ત્યાગ અતિ આવશ્યક છે. આ વિધિથી એમ સમજાય છે કે લાંબા પગ કરીને બેસીએ, બાંકડા આદિ ઉપર બેસીએ, ઉભડક પગે બેસીએ, અથવા બીભત્સ રીતિએ બેસીએ તે ધર્મ આરાધના સમયે બિલકુલ ઉચિત નથી. આત્માર્થી આત્માઓએ આડા-અવળા તર્કો ત્યજીને સત્યમાર્ગ સ્વીકારવો એ જ હિતકારક છે.

(૬) કાયા ઉપર ડાંસ-મચ્છર અને આદિ શબ્દથી માંકડ-માખી-કીડીના (ક્વચિત્ વીંછી-સર્પાદિના) ડંખોને પણ નહીં ગણકારીને આ તત્ત્વચિંતન કરવું. ઉપસર્ગ-પરિષહો આવે તેની સામે આત્મા સહનશીલ બને તો જ પોતાનું સાચું સત્ત્વ, અર્થાત્ સાચું વીર્ય પ્રગટ થાય, તેનાથી તત્ત્વચિંતન વેગવાન બને, જેટલું સત્ત્વ = વીર્ય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વેગવાન્ તેટલું જ તત્ત્વચિંતન પણ વેગવાન, વિના પરીક્ષાએ તો બધા જ પાસ થાય. પરંતુ પરીક્ષાના પ્રસંગો આવે અને તેમાં પણ વિશિષ્ટ નંબરે ઉત્તીર્ણ થાય તે જ સાચા પાસ થયા કહેવાય તેમ અહીં સ્વવીર્ય વડે ડંખોની ગણના ન કરતો આત્મા સાચો તત્ત્વચિંતક કહેવાય છે.

(૭) તત્ત્વ જાણવા માટે તે જ ચિંતનમાં એકરસ બન્યો છે આત્મા જેનો એવો લયલીન થઈને તત્ત્વચિંતન કરે. એકાગ્રતા વિના વાસ્તવિક તત્ત્વની પ્રાપ્તિ થતી નથી. ત્રીજી વિધિમાં સર્વસામગ્રી યુક્તતા સમજવી, અને સાતમી વિધિમાં એકાગ્રતા = સ્થિરતા સમજવી. આ પ્રમાણે સાતે પ્રકારની વિધિ યુક્ત થઈ તત્ત્વચિંતન કરવા બેસે.

**પ્રશ્ન** :- તત્ત્વચિંતનના કાર્યમાં વિધિની આવશ્યક્તા શું ?

**ઉત્તર** :- સર્વકાર્યોમાં વિધિની અપેક્ષા હોય જ છે. માટીનો એક ઘટ બનાવવો હોય તો તેનાં સાધનો ભેગાં કરવાં, યથાસ્થાને ગોઠવવાં, તેનો વ્યવસ્થિતપણે ઉપયોગ કરવો, ઘટ બનાવતાં મન તે ક્રિયામાં જ લીન કરવું. ઈત્યાદિ વિધિ જો ન સચવાય તો ઘટ તો બને નહીં પરંતુ ઊલટી મહેનત માથે પડે. તેમ આ મહાન કાર્યમાં ઉપરોક્ત વિધિ સાચવવી આવશ્યક છે.

આ પ્રમાણે ૬૦ મી ગાથામાં તત્ત્વચિંતનનો વિષય બતાવ્યો અને ૬૧ મી ગાથામાં તેની વિધિ બતાવી. હવે ૬૨ થી ૬૬ આ પાંચ ગાથામાં ૬૧ મી ગાથામાં બતાવેલી વિધિની આવશ્યક્તા સમજાવે છે. અને ત્યાર બાદ ૬૦ મી ગાથામાં કહેલા તત્ત્વચિંતનના કાર્યની સમાલોચના ૬૭ થી ૭૭ માં સમજાવાશે. ॥ ૬૧ ॥

**અવતરણ :- एष तावदधिकृतगाथाद्वयस्य समुदायार्थः, अवयवार्थं तु स्थुलोच्चयेन ग्रन्थकार एवाभिधातुमाह –**

પ્રસ્તુત ૬૦/૬૧ આ બે ગાથાઓનો સમુદિત અર્થ સમજાવ્યો, પરંતુ તે બન્ને ગાથાઓમાં આવેલા એકેક વિષયનો અર્થ મુખ્ય-મુખ્ય પ્રયોજનો દ્વારા ગ્રન્થકારશ્રી પોતે જ જણાવતાં કહે છે –

**[1]गुरुदेवयाहि [3]जायइ [2]अणुग्गहो, [5]अहिगयस्स [4]तो [6]सिद्धी ।**
**[8]एसो य [10]तन्निमित्तो, तहाऽऽयभावाओ[7] विण्णेओ[9] ॥ ६२ ॥**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गुरुदेवताभ्यो जायतेऽनुग्रहः, प्रणामादिति गम्यते । ''अधिकृतस्य'' = तद्विषयतत्त्वादिचिन्तनस्य''ततः'' = अनुग्रहाद् ''सिद्धिः'' = निष्पत्तिः । ''एष च' अनुग्रहः ''तन्निमितः'' = गुरुदेवतानिमित्तः, ''तथाऽऽत्मभावात्'' = तद्बहुमानालम्बनाद्''विज्ञेयः'' - ज्ञातव्यः, एवं तदा तद्भावेन तन्माध्यस्थ्यादौ । इति गाथार्थः। ॥ ६२ ॥

**ગાથાર્થ** :- ગુરુ અને દેવને પ્રણામ કરવાથી અનુગ્રહ થાય છે. તે અનુગ્રહથી અધિકૃત-તત્ત્વચિંતનની સિધ્ધિ થાય છે. આ પ્રમાણે તે ગુરુ-દેવ પ્રત્યે બહુમાન વાળો આત્મભાવ થવાથી આ અનુગ્રહ તન્નિમિત્તક કહેવાય છે. ॥ ૬૨ ॥

**ટીકાનુવાદ** :- ગુરુ અને દેવને પ્રણામ કરવાથી તેમના પ્રત્યે પૂજ્યભાવ-બહુમાનભાવ થવા રૂપ આપણા આત્માનો અનુગ્રહ (ઉપકાર) થાય છે. અહીં મૂળગાથામાં "પ્રણામ" શબ્દ નથી. છતાં પૂર્વાપરના પ્રસંગથી-અધ્યાહારથી આ પ્રણામ શબ્દ જણાય છે. ગુરુ અને દેવ ભલે વૈરાગી અને વીતરાગી છે. તથાપિ તેમને કરેલો હાર્દિક પ્રણામ તેમના પ્રત્યે "આ મારા પરમ ઉપકારી છે. એઓએ જ મને સત્યમાર્ગ બતાવ્યો છે. તેઓએ જ મારું કલ્યાણ કર્યું છે" આવા પ્રકારનો હાર્દિક જે અહોભાવ છે તે જ નમસ્કાર કરનારા આત્માના જ્ઞાનાવરણીય અને મોહનીયાદિ કિલષ્ટકર્મોનો ક્ષણમાત્રમાં નાશ કરે છે. આ જ તેઓનો યોગી ઉપર અનુગ્રહ છે. ગુરુ અને દેવનો યોગી ઉપર આ જ પરમ ઉપકાર છે.

જો આ સંસારમાં ગુરુ અને દેવ હોત જ નહીં તો તેમને પ્રણામ થાત નહીં, જો પ્રણામ ન થાત તો કિલષ્ટ કર્મોનો નાશ ન થાત. કિલષ્ટ કર્મોનો નાશ ન થાત તો તત્ત્વચિંતનની ભૂમિકા આવત નહીં. માટે તત્ત્વચિંતનમાં પ્રણામ અને કિલષ્ટ કર્મોનો નાશ કરવા દ્વારા પરંપરાએ ગુરુ અને દેવ પરમ નિમિત્ત છે.

નિશ્ચયનયથી ગુરુ અને દેવને કરાતો નમસ્કાર, તેમના પ્રત્યેનો પૂજ્યભાવ એ જ યોગીના કિલષ્ટ કર્મોનો નાશ કરે છે. પરંતુ વ્યવહારનયથી ગુરુ અને દેવ કિલષ્ટ કર્મોનો નાશ કરે છે એમ જ સમજવું જોઈએ, કારણ કે એમણે યોગસાધનામાં સિધ્ધિ મેળવી છે. તેથી તેમને પ્રણામ કરાય છે, ભીંતને કંઈ પ્રણામ કરાતા નથી. ભીંતે સિધ્ધિ મેળવી નથી તેથી પ્રણામનું કારણ મેળવેલી સિધ્ધિ છે અને તે સિધ્ધિ ગુરુ તથા દેવમાં છે. તેથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને પ્રણામ કિલષ્ટકર્મોનો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાશક હોવા છતાં ગુરુ અને દેવ ક્લિષ્ટકર્મોના નાશક કહેવાય છે. એ જ તેઓનો અનુગ્રહ છે. આ જ વાત એક દૃષ્ટાન્તથી આચાર્યશ્રી આગલી ગાથામાં સમજાવે છે.

**પ્રશ્ન** :- ગુરુ અને દેવમાં ગુરુ હજુ વૈરાગી છે. અકેવલી છે. સરાગી છે. અપૂર્ણ છે. અને દેવ (વીતરાગ પરમાત્મા) તો તેમનાથી વિપરીત છે. વીતરાગી છે, કેવલી છે, રાગાદિથી રહિત છે, અને સંપૂર્ણ છે માટે દેવ-ગુરુ એમ ઉલ્લેખ કરવો જોઈએ તેને બદલે આચાર્યશ્રીએ મૂળમાં અને ટીકામાં વારંવાર ગુરુનો ઉલ્લેખ પહેલો અને દેવનો ઉલ્લેખ બીજો શા માટે કર્યો ?

**ઉત્તર** :- વર્તમાનકાળમાં ગુરુ કરતાં દેવની સ્થિતિ ચડિયાતી છે. પરંતુ તે વીતરાગ પરમાત્માની તથા તેઓએ બતાવેલા ધર્મની ઓળખાણ યોગીઓને ગુરુએ જ કરાવી છે. "દેવ-ગુરુ-ધર્મ" આ ત્રણમાં વચ્ચેનું તત્ત્વ બન્ને બાજુના તત્ત્વની ને સમજાવનાર છે. વળી અનંતર સંબંધ ગુરુ સાથે છે માટે પણ ગુરુને પ્રથમ કહેલ છે તથા વળી પરમાત્મા વીતરાગ છે, સ્નેહધારી નથી અને ગુરુ તો સ્નેહધારી છે. યોગીને વાત્સલ્યથી-પ્રેમથી-ઉપકાર કરવાની બુધ્ધિ રાખીને પણ જ્ઞાન આપનાર છે. શિષ્યોને ઉત્સાહિત કરનાર છે. પરમ આશિષ આપવા દ્વારા, પ્રશ્નોના ઉત્તરોનું નિરાકરણ કરવા દ્વારા, વીતરાગનું વચન ગણધરોની જેમ પ્રશસ્ત રાગપૂર્વક પણ સમજાવનારા છે, માટે પણ ગુરુને પ્રથમ કહેલ છે.

તથા કેવલી પરમાત્મા સર્વભાવો જણાવીને મોક્ષે ગયા. તેમનાં કહેલાં આગમોમાંથી કયા જીવને કયા ક્ષેત્રે અને કયા કાળે કયો ભાવ ઉપકારી છે ? કયો ભાવ સ્વીકાર્ય છે અને કયો ભાવ ત્યાજ્ય છે તે બધું દ્રવ્ય-ક્ષેત્ર-કાલાદિના જાણકાર એવા ગુરુને આધીન છે. ઇત્યાદિ કારણોસર પણ ગુરુનો પ્રથમ ઉલ્લેખ કરેલ છે.

ગુરુ અને દેવના પ્રણામથી તેઓ પ્રત્યેનો પૂજ્યભાવ વિશેષ પ્રગટ થાય છે. તે જ તેઓનો અનુગ્રહ છે. તેનાથી ક્લિષ્ટકર્મોનો નાશ થાય છે. કર્મોના અપગમથી તે તે રાગ-દ્વેષ-મોહ વિષયક તત્ત્વોનું ચિંતન વિશુધ્ધપણે સિધ્ધ થાય છે. યથાર્થ તત્ત્વચિંતનની સિધ્ધિ થાય છે. આ અનુગ્રહ (ઉપકારીપણાનો ભાવ) ગુરુ અને દેવ નિમિત્તક છે. કારણ કે તેઓ પ્રત્યે બહુમાન થવાથી; આ આત્મા તેવા પ્રકારના (તેઓ પ્રત્યે) પૂજ્યભાવવાળો બનેલ છે. તેથી તે ગુરુ અને દેવ વિરાગી અને વીતરાગી હોવાથી જોકે માધ્યસ્થવૃત્તિવાળા છે. ઉદાસીન છે. કોઈના ઉપર કૃપા વરસાવતા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી તથાપિ તે પૂજ્યભાવ વડે જ માધ્યસ્થભાવવાળા એવા પણ ગુરુ અને દેવ ઉપર બહુમાન-પ્રણામ થવા રૂપ અનુગ્રહ થાય છે. અને આ અનુગ્રહથી જ પ્રણામ કરનારના અભિપ્રેતકાર્યની સિધ્ધિ થાય છે. ॥ ૬૨ ॥

**અવતરણ :- एतद्भावनायैवाह –**

આ જ વાત સમજાવવા માટે જ દ્રષ્ટાન્ત આપીને જણાવે છે –

**[९]जह चेव [१]मंतरयणाइएहिं, [२]विहिसेवगस्स [३]भव्वस्स ।**
**[७]उवगाराभावम्मि [८]वि, तेसिं[१०] होइ [१२]त्ति तह [११]एसो ॥ ६३ ॥**

**यथैव मन्त्ररत्नादिभ्यः सकाशाद् विधिसेवकस्य भव्यस्य प्राणिनः उपकाराभावेऽपि "तेषां"- मन्त्रादीनां भवत्यनुग्रहः इति, तथा "एषः" गुरुदेवताऽनुग्रहः । इति गाथार्थः । ॥ ६३ ॥**

**ગાથાર્થ** :- મંત્ર-રત્નાદિની વિધિપૂર્વક સેવા-પૂજા કરનારા ભવ્યાત્માને તે મંત્ર-રત્નાદિ નિર્જીવ હોવાથી સ્વયં પોતે ઉપકાર ન કરતાં હોવા છતાં પણ "તેઓનો જ આ ઉપકાર છે" એમ જેમ કહેવાય છે. તેમ દેવ-ગુરુથકી આ અનુગ્રહ જાણવો. ॥ ૬૩ ॥

**ટીકાનુવાદ** :- મન્ત્ર, ચિંતામણિરત્ન અને આદિશબ્દથી કલ્પવૃક્ષ યા કામધેનું આદિ પદાર્થોનું વિધિપૂર્વક સેવન-પૂજન-નમસ્કરણાદિ કરવામાં આવે, તો તેઓ નિર્જીવ હોવાથી ઉપકાર કરવાની ઇચ્છા તથા ઉપકાર કરતાં નથી. છતાં તે મન્ત્ર-રત્નાદિની વિધિપૂર્વક સેવા-પૂજા કરનારા ભવ્ય આત્માને જેમ અનુગ્રહ-ઉપકાર-ઇષ્ટસિધ્ધિ થાય છે. તથા "મને મન્ત્ર ફળ્યો, આ મન્ત્રારાધને મને ફળ આપ્યું. આ બધો તે મન્ત્રાદિનો જ ઉપકાર છે" ઇત્યાદિ જેમ બોલાય છે. તેમ ગુરુ અને દેવ વૈરાગી અને વીતરાગી હોવાથી સ્વયં કરુણાપૂર્વક ઉપકારમાં ન વર્તતા હોવા છતાં પણ તેઓ પ્રત્યેની વિધિપૂર્વક સેવા-પૂજાદિ કરવાનો બહુમાનવાળો હૈયામાં રહેલો અતિશય સદ્ભાવ જ ક્લિષ્ટકર્મોનો નાશ કરતો હોવાથી અને તે ક્લિષ્ટ કર્મોના નાશથી ઇષ્ટફળની સિધ્ધિ થતી હોવા છતાં પણ તે અનુગ્રહ ગુરુ-દેવોનો જ છે. તેઓ જ મારા ઇષ્ટની સિધ્ધિના કરનારા છે એમ વ્યવહારાય છે. ॥, ૬૩ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણ :- स्थानादिगुणानाह** – પદ્માસન આદિ સ્થાનોના (મુદ્રાના) ગુણો જણાવે છે -

**ठाणा[1] कायनिरोहो,[2] तक्कारीसु[3] बहुमाणभावो [4]अ ।**
**दंसाइ[5] अगणणम्मि [6]वि, वीरियजोगो य[7] इट्ठफलो[8] ॥ ६४ ॥**

**"स्थानात्"=पद्मासनादेः कायनिरोधो भवति ।"तत्कारिषु"=अन्ययोगिषु गौतमादिषु बहुमानभावश्च, शुभाभिसन्धिना तच्चेष्टानुकारात् ।दंशाद्यगणनेऽपि सति वीर्ययोगः चशब्दात् तत्त्वानुप्रवेशश्च "इष्टफलः" योगसिद्धिफलः । इति गाथार्थः । ॥ ६४ ॥**

**ગાથાર્થ :-** પદ્માસનાદિ આસનવિશેષથી કાયાનો નિરોધ થાય છે. અને તે યોગ સેવનારા અન્ય યોગિમહાત્માઓ પ્રત્યે બહુમાનનો ભાવ થાય છે.

તથા દંશાદિને નહિ ગણકારવામાં પણ વીર્યોલ્લાસની વૃદ્ધિ અને ઈષ્ટફળની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ॥ ૬૪ ॥

**ટીકાનુવાદ :-** સ્થાન - ઉર્ણ - અર્થ - આલંબન અને નિરાલંબન એમ પાંચ પ્રકારનો યોગ છે. તેના ઈચ્છા પ્રવૃત્તિ સ્થૈર્ય અને સિદ્ધિથી ૨૦ ભેદો થાય છે. અને તેના પણ પ્રીતિ - ભક્તિ - વચન અને અસંગ એમ પ્રતિભેદોનો ગુણાકાર કરતાં ૮૦ ભેદો પણ યોગના થાય છે. જે "યોગવિંશિકા"માં સમજાવવામાં આવ્યા છે. તેમાં "સ્થાન" એ પણ એક યોગ છે અને તે પ્રથમભેદ છે. સ્થાન એટલે જ પદ્માસન - વીરાસન - પર્યંકાસન, ગોદોહાસન - સિદ્ધાસન વિગેરે યોગસાધક આસનવિશેષો.

રાગાદિના સ્વરૂપનું ચિંતન કરવા બેસવું છે. તે પ્રસંગે આ આસનવિશેષો કાયાનો નિરોધ કરાવવા દ્વારા તત્ત્વ ચિંતનમાં અતિશય મદદગાર થાય છે. આ આસનવિશેષોથી કાયા અત્યંત સ્થિર બની જાય છે. ચંચળતા અને અસ્થિરતા નષ્ટ થાય છે. શરીરમાં રહેલા વાત - પિત્ત - કફાદિ દોષો શાન્ત થઈ જાય છે. આવા પ્રકારની કાયાની અત્યન્ત સ્થિરતા થવાથી આત્મસંપ્રેક્ષણ સરળ અને સફળ બને છે.

તથા અંગોપાંગને સંકોચી રાખવાથી શરીરની ઈન્દ્રિયોમાં વિકારી - વાસનાઓ અને કામુકવૃત્તિઓ ક્ષીણ થઈ જાય છે. ઈન્દ્રિયો તરફ સતત ખેંચાતી દૃષ્ટિ અને મન અટકી જાય છે. તથા સંલીનતા નામનો આ બાહ્ય તપ પણ થઈ જાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા આ આસનો જે જે મહાત્માઓએ પૂર્વકાળમાં સેવ્યાં છે તે તે ભૂતકાલીન મહાયોગી ગૌતમસ્વામી આદિ મહાપુરુષોનું અનુકરણ કરવા દ્વારા તે માર્ગે ચાલવાના આનંદ સાથે તેઓ પ્રત્યે હાર્દિક ઉત્તમ અભિપ્રાય વડે બહુમાન પ્રગટ થાય છે. તીર્થંકર પ્રભુએ અને ગૌતમસ્વામી આદિ યોગી મહાત્માઓએ જે આસનો સેવી આત્મકલ્યાણ સાધ્યું છે તે જ આસનો સેવીને હું પણ કલ્યાણ સાધું આવી શુભભાવનાથી અને તેઓએ આચરેલી ચેષ્ટાનું અનુકરણ કરવાથી વીર્યોલ્લાસ વધતાં તેઓ પ્રત્યેનો આદરભાવ - ભક્તિભાવ વૃદ્ધિ પામતાં ક્લિષ્ટકર્મોનો તુરત વિનાશ થાય છે.

તથા ડાંસ - મચ્છર - માંકડ - માખી આદિના ઉપદ્રવોને ન ગણકારવામાં પણ "ઉપસર્ગ - પરિષહો સહન કરવાના પરિણામની" તથા પૂર્વના મહાત્માઓએ આચરેલી આ સહનશીલતાનો અનુભવ કરવાની ધારા વૃદ્ધિ પામે છે. તેથી ઉલ્લાસ-પૂર્વક વીર્યનો વેગ વધે છે જે ક્લિષ્ટકર્મોના નાશનું પરમ કારણ છે. તથા ગાથામાં લખેલા ચશબ્દથી આવા વીર્યોલ્લાસ દ્વારા તત્ત્વચિંતનમાં ઊંડામાં ઊંડો અનુપ્રવેશ થાય છે. અને તે જ યોગની સિદ્ધિના ફળને આપનાર બને છે. રાગ દ્વેષ-મોહના નાશમાં પરમપ્રધાન કારણ બને છે. ॥ ૬૪ ॥

**અવતરણ :- तद्गताध्यात्मगुणानाह** - "તે રાગાદિવિષયક તત્ત્વચિંતનમાં એકમેક = લયલીન થઈ જવું" એ આ સાતમી વિધિથી થતા અધ્યાત્મ ગુણોને જણાવે છે -

**तग्गयचित्तस्स[१] तहोवओगओ[२] तत्तभासणं[३] होति[४] ।**
**[६]एयं [५]एत्थ [८]पहाणं, [१०]अंगं [७]खलु इट्ठसिद्धीए[८] ॥ ६५ ॥**

**"तद्गतचित्तस्य"- तद्विषयतत्त्वादिगतचित्तस्य, "तथोपयोगतः"- तेनैकाग्रता प्रकारेणोपयोगाद् हेतोः, किम् ? इत्याह - "तत्त्वभासनं भवति"= अधिकृतवस्तुनः तद्भावभासनमुपजायते । एतच्चात्र "प्रधानमङ्गं"= श्रेष्ठं कारणम्, "खलु"=इत्येतदेव, कस्याः ?इत्याह -"इष्टसिद्धेः"= भावनानिष्पत्तेः सकललब्धिनिमित्तसाकारोपयोगत्वेन । इति गाथार्थः । ॥ ६५ ॥**

**ગાથાર્થ** :- તે રાગાદિવિષયના ચિંતનમાં પરોવાયું છે મન જેનું એવા યોગીને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેવા પ્રકારની એકલીનતાથી રાગાદિની યથાર્થ પરિસ્થિતિનું તત્ત્વભાસન થાય છે. અહીં આ તત્ત્વભાસન એ જ ઇષ્ટસિદ્ધિનું પ્રધાન અંગ (કારણ) છે. ॥ ૬૫ ॥

**ટીકાનુવાદ** :- જે વિષયનું ચિંતન ચાલુ કરવાનું છે. તે રાગાદિના વિષયો (સ્ત્રી આદિ)ના ૬૭ થી ૭૭મી ગાથામાં બતાવાશે તેવા પ્રકારના તત્ત્વચિંતનમાં પ્રાપ્ત કરી છે એકાગ્રતા જેણે એવા યોગીને તેવા પ્રકારની લયલીનતા પ્રાપ્ત થવા રૂપ ઉપયોગવિશેષથી પ્રસ્તુત વસ્તુનું વાસ્તવિક તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે. કોઈ પણ વસ્તુનું ઊંડું સૂક્ષ્મ જ્ઞાન મેળવવા માટે એકાગ્રતા - અત્યંત આવશ્યક છે. બહારની દુનિયાના પદાર્થોથી દૂર થઈ એકાન્તમાં વિવક્ષિતવિષયના વિચારમાં ગરકાવ થઈ જાય. બહાર સિંહની ગર્જનાઓ અને રાક્ષસી તોફાનો સંભળાય તોપણ જેનું ચિત્ત ચલિત ન થાય એટલો બધો ચિંતનમાં એકાકાર બની જાય ત્યારે જ તેને તે વિષયનું સાંગોપાંગ યથાર્થ તત્ત્વભાસન પ્રાપ્ત થાય છે. રાગના વિષયો સ્ત્રી આદિ, દ્વેષના નિમિત્તો જીવ - પુદ્ગલો, અને મોહના નિમિત્તો મિથ્યાત્વ આદિ કેવાં અસાર છે! તુચ્છ છે ! ભ્રામક છે ! માંસ - રૂધિરાદિના ભંડારો જ છે. ઈત્યાદિ આગળ જણાવાશે તેવું યથાર્થ તત્ત્વજ્ઞાન આ એકાગ્રતાથી પ્રાપ્ત થાય છે.

આ તત્ત્વજ્ઞાન જ ઈષ્ટસિદ્ધિનું એટલે યથાર્થ યોગદશાની સિદ્ધિનું પ્રધાનતર અંગ છે. સર્વે પણ લબ્ધિઓની પ્રાપ્તિમાં નિમિત્તભૂત સાકારોપયોગ (એકાગ્રતા) જ છે. તેમ વિષયોની યથાર્થ પરિસ્થિતિનું તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવામાં પણ તેની અંદર ગરકાવ થઈ જવું એ જ પ્રધાનતર કારણ છે. એ જ સૂક્ષ્મ અને વાસ્તવિક જ્ઞાન કરાવે છે. અહીં શ્રેષ્ઠ શબ્દ લખીને આચાર્યશ્રી આ સાતે વિધિમાં આ "એકાગ્રતા" એ પ્રધાનકારણ છે એમ પણ જણાવે છે. તથા ત્રીજી વિધિમાં સંપૂર્ણ સામગ્રી બતાવી છે અને આ સાતમી વિધિમાં એકાગ્રતા બતાવી છે માટે ત્રીજી અને સાતમી વિધિ અપેક્ષાએ કથંચિદ્ ભિન્ન છે એમ પણ જાણવું.

સંક્ષેપમાં (૧) તીર્થંકર પ્રભુની આજ્ઞા પ્રમાણે, (૨) એકાન્તાવસ્થામાં, (૩) સંપૂર્ણ સામગ્રી સાથે સમ્યગ્ ઉપયોગપૂર્વક, (૪) ગુરુ તથા દેવને પ્રણામ કરવા પૂર્વક, (૫) પદ્માસનાદિ આસને બેઠક કરીને (૬) ડાંસ - મચ્છરને નહિ ગણકારીને, (૭) તે વિષયના ચિંતનમાં ચિત્ત લગાવીને = એટલે એકાગ્ર બનીને આ રાગાદિનાં નિમિત્તોનું તત્ત્વચિંતન કરવું. આ સાત વિધિયુક્ત કરાયેલા તત્ત્વચિંતનથી યથાર્થ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે. અને તત્ત્વજ્ઞાનથી જ ઈષ્ટ એવા યોગની સિદ્ધિ થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તત્ત્વચિંચન એ તત્ત્વજ્ઞાનનું કારણ છે અને તત્ત્વજ્ઞાન એ યોગસિદ્ધિનું કારણ છે. માટે ઉપરોક્ત વિધિપૂર્વક તત્ત્વચિંતન કરવું. ॥ ૬૫ ॥

અવતરણ :- **प्राधान्यमेवोपदर्शयन्नाह** - યોગની સિદ્ધિરૂપ ઈષ્ટસિદ્ધિમાં આ તત્ત્વજ્ઞાનની જ પ્રધાનતા જણાવે છે.

**एयं[1] खु[3] तत्तणाणं,[2] असप्पवित्तिविणिवित्तिसंजणगं[4]।**
**थिरचित्तगारि[5] लोगदुगसाहगं[6] बेंति[8] समयण्णु[7] ॥ ६६ ॥**

**"एतदेव तत्त्वज्ञानं"= "यदधिकृततत्त्वभासनम्, श्रुत - चिन्तामय - निरासेन भावनामयमित्यर्थः । अत एव "असत्प्रवृत्तिविनिवृत्तिसञ्जनकं"= मिथ्याज्ञान निबन्धनप्रवृत्तिनिवर्तकमिति भावना । तथा स्थिरचित्तकारि उपप्लवत्यागतो निष्प्रकम्पचित्तकारि, विजयसमाधिबीजमित्यर्थः । अत एव लोकद्वयसाधक मोत्सुक्यनिवृत्ति कुशलानुबन्धाभ्यामिहलोकपरलोकसाधकमिति हृदयम् ब्रुवते "समयज्ञाः"- सिद्धान्तज्ञाः । इति गाथार्थः । ॥ ६६ ॥**

**ગાથાર્થ** :- આ તત્ત્વજ્ઞાન જ અસત્ પ્રવૃત્તિઓની નિવૃત્તિ કરાવનારું છે. ચિત્તની સ્થિરતા કરાવનારું છે. અને ઉભયલોકનું સાધક છે. એમ સમયજ્ઞ પુરુષો કહે છે. ॥ ૬૬ ॥

**ટીકાનુવાદ** :- જ્ઞાન ત્રણ પ્રકારનાં છે : (૧) શ્રુતજ્ઞાન, (૨) ચિન્તામયજ્ઞાન, અને (૩) ભાવનામયજ્ઞાન, શાસ્ત્રોનો મુખપાઠ કરવો, તેનો અર્થ ગુરુજી પાસેથી જાણવો તે પ્રથમ શ્રુતજ્ઞાન જે પાણી જેવું છે. તેનાથી તૃષા મટે, પરંતુ ક્ષુધા અને મૃત્યુ અટકે નહીં. ત્યારબાદ તે તે સૂત્રોના અર્થનું ચિંતન-મનન કરવું. પૂર્વાપર સંકલના કરવી, અન્ય ગ્રંથોનો પણ અભ્યાસ કરી વસ્તુપદાર્થનો યથાર્થ બોધ કરવો તે બીજું ચિન્તામયજ્ઞાન, જે દૂધ જેવું છે. તેનાથી તૃષા અને ક્ષુધા બન્ને મટે, પરંતુ મૃત્યુ અટકે નહીં અને એકાગ્રતા પૂર્વક પ્રસ્તુત તત્ત્વોનું પ્રાપ્ત કરેલું, મોહનીય અને જ્ઞાનાવરણીય કર્મના વિશિષ્ટ ક્ષયોપશમ પૂર્વકનું મેળવેલું જે જ્ઞાન તે ત્રીજું ભાવનામયજ્ઞાન, જે જ્ઞાન અમૃતતુલ્ય છે. તેનાથી તૃષા - ક્ષુધા અને મૃત્યુ એમ ત્રણેનું નિવારણ થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપરોક્ત વિધિપૂર્વક તત્ત્વોનું ચિંતન કરતાં કરતાં જે તત્ત્વજ્ઞાન થાય છે તે પ્રથમનાં બે જ્ઞાનો- (૧) શ્રુતજ્ઞાન અને (૨) ચિંતામયજ્ઞાન નો નિરાસ કરીને ત્રીજું ભાવનામયજ્ઞાન કહેવાય છે. આ તત્ત્વજ્ઞાન થવાથી મોટામાં મોટી ત્રણ પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

**(૧) અસત્ પ્રવૃત્તિઓની નિવૃત્તિ**

આ આત્મા આજ સુધી રાગાદિના પરવશપણે અને અજ્ઞાનતાના બળે ઘણી અસત્ પ્રવૃત્તિઓ કરતો હતો. આ ભાવનામયજ્ઞાન એ જાગૃતિનો એક મહાન દીપક છે. અસત્ પ્રવૃત્તિઓ કરવાની ઈચ્છા જ મૃત્યુ પામી જાય છે. ચોરી - જૂઠ - છેતરપીંડી - બનાવટ મોટાઈના ભાવો જ હૃદયમાંથી દૂર થઈ જાય છે. અત્યાર સુધી ઘણી વખત અસત્ પ્રવૃત્તિઓ ત્યજી હશે પરંતુ તે કાં તો માન - મોભા માટે, કાં તો તેનાથી આવતા દુઃખથી કંટાળીને, કાં તો પરિણામ દુષ્ટ આવવાનું દેખાય એટલા માટે, પરંતુ આ અસત્પ્રવૃત્તિઓ અસાર છે. કર્મબંધનું કારણ છે જીવને સંસારમાં ઘણું ભમાવનાર છે. એમ સમજીને હૃદયથી નહીં કરવાની બુદ્ધિએ ત્યજી નથી. જે આ તત્ત્વજ્ઞાનના પ્રતાપે તેવી પ્રવૃત્તિઓમાંથી મન જ નીકળી જાય છે. દૂરથી જ તેનો સંબંધ ત્યજાય છે. તેવી પ્રવૃત્તિ કરવાની ઈચ્છા જ નષ્ટ થઈ જાય છે. માટે આ તત્ત્વજ્ઞાન અસત્પ્રવૃત્તિઓની નિવૃત્તિનું જનક છે. એટલે કે મિથ્યાજ્ઞાનના કારણે જે ખોટી પ્રવૃત્તિઓ થતી હતી, અથવા ખોટી પ્રવૃત્તિઓ કરવાની તમન્નાઓ હૃદયમાં જાગતી હતી, તે તમામની નિવૃત્તિનું જનક આ તત્ત્વજ્ઞાન છે.

**(૨) ચિત્તની સ્થિરતા**

પરમ કલ્યાણકારી એવું આ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થવાથી જીવનમાંથી જેમ જેમ અસત્ પ્રવૃત્તિઓની નિવૃત્તિ થાય છે તેમ તેમ ચિત્ત વધારે ને વધારે સ્થિર થતું જાય છે. કારણ કે કાયાથી અસત્ પ્રવૃત્તિઓ કરવાની ઈચ્છાઓ તથા અસત્ પ્રવૃત્તિઓ જ મનમાં ક્લેશ ઉત્પન્ન કરે છે. તેનાથી આકુળ-વ્યાકુળતા અને સ્થિરતા પ્રાપ્ત થાય છે. જ્યારે અસત્ પ્રવૃત્તિઓ જ નિવૃત્તિ પામી ગઈ છે તો તેનાથી વિષય - વાસના - કષાય અને ક્લેશો રૂપી ઉપદ્રવો મનમાં ઊઠવાના જ નથી. મોહના વિકારો મનને સતાવવાના જ નથી. તેથી મનમાંથી મોહના વિકારો રૂપી ઉપદ્રવોનો ત્યાગ થવાથી આ તત્ત્વજ્ઞાન મેરૂપર્વતની જેમ મનને નિષ્પ્રકંપ કરનારું બને છે. આટલી ઊંચી પ્રાપ્ત થયેલી નિષ્પ્રકંપ મનની સ્થિતિ આત્માને ક્ષપકશ્રેણી સ્વરૂપ સંપૂર્ણ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોહનો વિજય કરવારૂપ "સમાધિ" પ્રાપ્ત કરવાનું બીજ બને છે. આવી વિશિષ્ટ મનની નિષ્પ્રકંપ અવસ્થાથી મોહનો વિજય કરવા દ્વારા સર્વથા મોહનો ક્ષય કરવા સ્વરૂપ પરમ સમાધિ આ જીવ પ્રાપ્ત કરે છે.

**(૩) ઉભય લોકમાં હિતની સિદ્ધિ**

અસત્ પ્રવૃત્તિઓ ત્યજી, મન મેરુ જેવું નિષ્પ્રકંપ બન્યું, એટલે સંસારના ભોગોમાં ચિત્ત જાય જ નહીં. સ્ત્રી અશુચિનો ભંડાર લાગે, ધન ક્લેશોનું કારણ દેખાય, પરિવાર બંધન લાગે, શરીર રોગોનું ઘર લાગે, માન - પ્રતિષ્ઠા નાશવંત લાગે, તેથી તે મેળવવા માટેની "ઉત્સુક્તા" - અધીરાઈ - ચંચળતા મનમાંથી સર્વથા ભાગી જ જાય. તેથી અશાન્તિ દૂર થવાથી આ લોકમાં સુખ - શાન્તિ પ્રસરે, જે જે પરિસ્થિતિ હોય તેમાં સદા પ્રસન્ન જ હોય. અરતિ અને ઉદ્વેગ ટળી જવાથી આ લોક કાયમ માટે સુખમય બની જાય.

આ ભવમાં કષાયો અને ઉત્સુક્તાની નિવૃત્તિ થવાથી અશુભસંસ્કારો નાશ પામે એટલે અકુશળ (અશુભ) કર્મબંધોની તો વાત જ કેવી ? તે પાપોનો અનુબંધ તૂટતાં સતત શુભ સંસ્કારોનું જ સિંચન થતાં કેવળ કુશળ (પુણ્ય) કર્મોનો જ અનુબંધ થાય. અને તે કુશળકર્મોનો અનુભવ ભવાન્તરે ઉદયમાં આવવાથી ભવાન્તર પણ સંસારસુખની દૃષ્ટિએ સુખમય બની જાય. અને આત્મહિતની જ દૃષ્ટિ મુખ્ય હોવાથી તે સુખમાં પણ અનાસક્તિભાવ જ વૃદ્ધિ પામવાથી પરલોક પણ હિતની જ સિદ્ધિવાળો બને. આ પ્રમાણે અસત્ પ્રવૃત્તિઓની નિવૃત્તિ અને ચિત્તની સ્થિરતા થવારૂપ આ બે કારણોથી જ ઉત્સુક્તાની નિવૃત્તિ થવાથી આ લોકમાં, અને કુશલાનુબન્ધ થવાથી પરલોકમાં, એમ ઉભયલોકમાં આત્મહિતની જ સિદ્ધિ થાય છે.

શાસ્ત્રજ્ઞ પુરુષો આ પ્રમાણે હાર્દ સમજાવે છે. ॥ ૬૬ ॥

**व्याख्या "गुरु-देवता-प्रणामं कृत्वा" इति द्वारगाथा ( ६१ ), साम्प्रतं "ज्ञात्वा ( ततः ) तद्विषयतत्त्व" इत्यादि गाथा ( ६० ) व्याख्यायते । आह- एवमुत्क्रमदोषः, न, अर्थव्यापारेणोत्क्रमत्वासिद्धेः । आह- सौत्रौऽन्यथा किमर्थम् ? अनन्तरसूत्रेण तथायोगात्, तथाहि-रागादिस्वरूपमभिधाय एतद् ज्ञात्वा तद्विषयतत्त्वादिचिन्तयेदित्येतदेवाभिधातुं युज्यते, कथमिति विधिस्तु पश्चात् तन्नान्तरीयकत्वात्, व्याख्यातः पुनरादौ विधिपुरस्सरत्वात्, तद्विषयतत्त्वादिचिन्तनस्येति ।**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"गुरुदेवताप्रणामं कृत्वा" ઇત્યાદિ પદોવાળી અને વિધિનાં દ્વારોને સમજાવનારી ૬૧મી ગાથાનું ૬૨થી ૬૬ ગાથામાં વ્યાખ્યાન કર્યું. હવે ज्ञात्वा ततः तद्विषयतत्त्व ઇત્યાદિ પદોવાળી ૬૦ મી ગાથાનું વિવેચન ૬૭ થી ૭૭ મી ગાથામાં સમજાવાય છે.

**પ્રશ્ન** :- આમ કરવાથી ઉત્ક્રમ નામનો દોષ લાગશે. કારણ કે ગાથાના ક્રમ પ્રમાણે ૬૦મી ગાથાનું વર્ણન કર્યા પછી ૬૧ મી ગાથાનું વિવેચન કરવું જોઈએ. તેને બદલે પ્રથમ ૬૧ અને પછી ૬૦ એમ ઊલટા ક્રમે ગાથાનું વિવેચન કરવાથી ઉત્ક્રમ નામનો દોષ સૂત્રકારને લાગશે ?

**ઉત્તર** :- અર્થવ્યાખ્યાનું અનુસરણ હોવાથી ઉત્ક્રમત્વ દોષની અસિદ્ધિ છે. ૬૦ મી ગાથામાં તત્ત્વચિંતન કરવાનું કહ્યું. હવે તત્ત્વચિંતન કરવું હોય તો તેની વિધિ કહેવી જ પડે. એટલે ૬૧ મી ગાથામાં વિધિ જણાવી, તત્ત્વચિંતન કરવા બેસતાં પહેલાં પ્રથમ વિધિ સાચવવી પડે પછી જ તત્ત્વચિંતન થાય એટલે ૬૨ થી ૬૬ માં પ્રથમ વિધિના અર્થો સમજાવી હવે ૬૭ થી ૭૭ માં તત્ત્વચિંતન સમજાવાશે આ પ્રમાણે વિધિની આવશ્યકતા પહેલી એટલે તેના અર્થોનું વ્યાખ્યાન પણ પહેલું કહીને પછી તત્ત્વચિંતનનું વિવેચન કરેલું છે. માટે ઉત્ક્રમ દોષ લાગતો નથી.

**પ્રશ્ન** :- જો ૬૨ થી ૬૬માં પ્રથમ વિધિનું પ્રતિપાદન અને પછી ૬૭થી ૭૭માં તત્ત્વચિંતનનું પ્રતિપાદન કરો છો. તો પછી સૂત્રમાં ક્રમ ઉલટો કેમ કહ્યો? પ્રથમ ૬૦ મી ગાથામાં તત્ત્વચિંતન અને પછી ૬૧ ગાથામાં વિધિપ્રતિપાદન એમ સૂત્રમાં ઊલટું કેમ કહ્યું ? સૂત્રમાં પણ પ્રથમ વિધિપ્રતિપાદન કરીને પછી જ તત્ત્વચિંતનનું પ્રતિપાદન કહેવું જોઈએ ને ?

**ઉત્તર** :- ૫૯ મી ગાથામાં રાગ-દ્વેષ અને મોહની વ્યાખ્યા જણાવી છે. તેની અનંતરપણે સૂત્ર (ગાથા) ૬૦ મી આવે, તેથી તે ૬૦ મી ગાથામાં રાગાદિના તત્ત્વચિંતનની વાત કરી છે. આ પ્રમાણે ૫૯ મી ગાથાના અનન્તરપણે રાગાદિના ચિંતનનો યોગ હોવાથી સૂત્રમાં આવી રચના કરી છે. કારણ કે રાગાદિના સ્વરૂપને (૫૯મી) ગાથામાં કહીને એ સ્વરૂપ જાણીને તે રાગાદિના વિષયોનું તત્ત્વ ચિંત્વન કરવું જ જોઈએ એમ સમજાવવા માટે સૂત્રનો આ ક્રમ યોગ્ય જ છે. આ પ્રમાણે ૫૯મી ગાથાના સૂત્રના સંબંધથી ૬૦ મી ગાથાના સૂત્રમાં તત્ત્વચિંતન જણાવ્યું. હવે તે તત્ત્વચિંતન કેવી રીતે કરવું ? શું તેમાં કંઈ વિધિ સાચવવાની છે ? કે નહીં?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવો પ્રશ્ન થાય જ. તેથી તે ૬૦મી ગાથાના સૂત્રમાં બતાવેલા તત્ત્વચિંતન પછી ૬૧મી ગાથાના સૂત્રમાં વિધિનું કથન કર્યું છે. કારણ કે તત્ત્વચિંતન વિધિની સાથે નાન્તરીયક (અવિનાભાવિ) છે.

તત્ત્વચિંતન શરૂ કરતાં પહેલાં વિધિ સાચવવાની હોય છે. કારણ કે વિધિ પૂર્વક જ તત્ત્વચિંતન કરાય માટે વ્યાખ્યાન સમયે = અર્થ સમજાવવાના અવસરે પ્રથમ વિધિ સમજાવી પછી હવે તત્ત્વચિંતન સમજાવાશે. સારાંશ કે સૂત્રક્રમમાં સાધ્ય પ્રથમ અને સાધન પછી કહ્યું છે. જે નિશ્ચયદૃષ્ટિ છે. અને વ્યાખ્યા-ક્રમમાં પ્રથમ સાધન અને પછી સાધ્ય કહ્યું છે. જે વ્યવહારદૃષ્ટિ છે તે બન્ને યથાર્થ છે. તેથી ઉત્ક્રમદોષ આવતો નથી. ॥ ૬૬ ॥

**અવતરણ :- तदेवाद्यद्वारगाथावयवव्याचिरव्यासयाऽऽह-**

૫૯/૬૦ મી ગાથામાં રાગ - દ્વેષ અને મોહ એ દોષો જણાવીને તેના ઉપર (૧) સ્વરૂપનું ચિંતન, (૨) પરિણામનું ચિંતન અને (૩) વિપાકનું ચિંતન એમ ત્રણ ત્રણ દ્વાર વિચારવાનાં કહ્યાં છે. તેમાં સૌ પ્રથમ રાગના સ્વરૂપનું ચિંતન એ દ્વાર આવે છે. તે પણ બે પ્રકારનું છે. જીવવિષયક અને અજીવવિષયક, ત્યાં પ્રથમ જીવવિષયક રાગાદિના સ્વરૂપનું ચિંતન કરવારૂપ પ્રથમ ભાગ સમજાવતાં કહે છે-

**थीरागम्मि[1] तत्तं,[4] तासिं[3] चिंतेज्ज[5] सम्मबुद्धीए[2] ।**
**कलमल[6] मंस-सोणिय-पुरिस-कंकालपायं ति ॥ ६७ ॥**

**स्त्रीरागे सति तत्त्वं 'तासां' स्त्रीणां चिन्तयेत् सम्यग्बुद्धया परमगुरुवचनगर्भया, अन्यथा तत्त्वचिंतनायोगात् । किंविशिष्टं तत्त्वम् ? इत्याह कलमल - मांस - शोणित - पुरीष कङ्कालप्रायमिति । कलमलं धात्वन्तरे जम्बालम्, मांस - शोणितादयस्तु प्रसिद्धाः । एतद्रुपमेव तत्त्वम् । इति गाथार्थः । ॥ ६७ ॥**

**ગાથાર્થ** :- જીવનમાં સ્ત્રી સંબંધી રાગ હોતે છતે સમ્યગ્ બુદ્ધિપૂર્વક તે સ્ત્રીઓના શરીરનું સ્વરૂપ વિચારવું કે આ શરીર કાદવરૂપ - માંસ - રૂધિર - વિષ્ટા અને હાડકાંમય જ માત્ર છે. ॥ ૬૭ ॥

**ટીકાનુવાદ** :- આ સંસારમાં રાગનાં સાધનો ઘણાં છે. તેમાં સ્ત્રી (સ્ત્રીને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આશ્રયી પુરુષ) એ રાગનું મુખ્ય સાધન છે. કારણ કે અન્ય સર્વ સામગ્રી તેના માટે જ હોય છે. તેથી સ્ત્રી પ્રત્યેનો (સ્ત્રી આશ્રયી પુરુષ પ્રત્યેનો) રાગ ટાળવા માટે તે સ્ત્રીઓના શરીરનું સ્વરૂપ વિચારવું. આ ચિંતન જો માત્ર જ્ઞેયભાવે જ કરાય તો આત્માને ઉપકારી થતું નથી. કારણ કે કોઈ પણ વસ્તુનું માત્ર ઊંડું જ્ઞાન મેળવવા માટે જ જો ચિંતન કરાય તો તે વિષય સંબંધી જ્ઞાન થાય તેથી માણસ વિદ્વાન બને, વક્તા બને, પરંતુ આત્મામાંથી તેનો રાગ જતો નથી. તેથી આત્મહિત થતું નથી. માટે જ ગ્રંથકાર કહે છે કે સમ્યગ્ બુદ્ધિપૂર્વક આ ચિંતન કરવું. એટલે સ્ત્રીના રાગ પ્રત્યે તિરસ્કાર જન્મે, ધિક્કાર પેદા થાય, તેના ભોગો પ્રત્યે જુગુપ્સનીયતા આવે તેવી રીતે **હેયપણે** વિચારવું. આ વિચારો યથાર્થપણે તો જ થઈ શકે જો પરમ તારક ગુરુ શ્રી તીર્થંકર પરમાત્માઓનાં વચનોથી ગર્ભિતપણે કરાય. અન્યથા સ્વ-મતિ કલ્પનાએ ચિંતન કરતાં સ્વરૂપ અસાર છે એમ કદાચ જણાય. પરંતુ તેના પ્રત્યેનો મોહ ક્ષય ન થવાથી આત્મા તે રાગથી વિરામ પામે નહીં. તેથી તે ચિંતન યથાર્થ તત્ત્વચિંતનરૂપ બને નહીં. તીર્થંકર પરમાત્મા પ્રત્યેના બહુમાનથી તથા તેમના શાસ્ત્રોનાં વચનોના આધારે જો ચિંતન કરવામાં આવે તો જ્ઞાનાવરણીય અને મોહનીયનો એમ બન્નેનો ક્ષયોપશમ થાય અને આ રીતે આવેલો તે વિરાગ દીર્ઘકાળ જીવી બને પરંતુ ક્ષણિક ન બને.

સ્ત્રીઓના શરીરનું તે સ્વરૂપ કેવું છે ? તે જણાવે છે કે કચરાથી ભરેલું છે. અહિં કલમલ શબ્દ છે. તેનો બીજા ધાતુથી અર્થ વિચારતાં "જંબાલ" એટલે કાદવ - કીચડ અર્થ સમજવો. માંસ-શોણિત વિગેરે શબ્દ સુપ્રસિદ્ધ જ છે. પુરીષ એટલે વિષ્ટા, અને કંકાલપ્રાય એટલે હાડકાંમય = હાડકાંનો માળો એવો શબ્દાર્થ જાણવો. ભાવાર્થ આ પ્રમાણે છે- લાવણ્યમય દેખાતું સ્ત્રીના શરીરની ચામડીનું રૂપ માત્ર બહારથી જ ચમકતું દેખાય છે. જો અંદરથી જોઈએ તો માંસ - રૂધિર વિષ્ટા અને હાડકાં રૂપ કાદવ - કીચડથી જ ભરેલું છે. જો શરીરની ચામડી ઉલટી કરવામાં આવે તો જોવું તો ન ગમે પરંતુ ત્યાં ઊભા રહેવું પણ ન ગમે. તથા વળી તેઓના એકેક છિદ્રમાંથી નીકળતા પદાર્થો અતિ દુર્ગન્ધમય અને જુગુપ્સનીય પ્રત્યક્ષ દેખાય છે. આવા શરીરને વિષે હે આત્મન્ ! રાગ કેમ કરાય ? સંપૂર્ણ શરીરનું તત્ત્વ (સ્વરૂપ) જ આ માંસાદિ અશુચિ પુદ્ગલોમય જ છે એમ વિચારવું. ॥ ૬૭॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણ :- तथा** = રાગાદિનું સ્વરૂપ કહીને હવે પરિણામ અને વિપાક સમજાવે છે :-

**रोगजरापरिणामं[1], णरगादिविवागसंगयं[2] अहवा[3] ।**
**चलरागपरिणतिं[4], जीयनासणविवागदोसं ति[5] ॥ ६८ ॥**

**रोगजरापरिणामं तत्त्वं "तासामिति" वर्तते । तथा नरकादिविपाकसङ्गतमेतदेव तद्भोक्त्रपेक्षया । अथवा चलरागपरिणत्येतदेव। तथा जीवितनाशनविपाकदोषमिति, "विषं विरक्ता स्त्री" इति वचनात् । इति गाथार्थः । ॥ ६८ ॥**

**ગાથાર્થ** :- શારીરિક રોગો અને ઘડપણ એ રાગનો પરિણામ છે તથા નરકાદિ કુગતિઓની પ્રાપ્તિ એ વિપાક છે. અથવા રાગની ચંચળ સ્થિતિ એ પરિણામ અને જીવનનો નાશ એ વિપાકદોષ સમજવો. ॥ ૬૮ ॥

**ટીકાનુવાદ** : આ ભવમાં જ જે ફળ આપે તે પરિણામ, અને ભવાન્તરમાં જે ફળ આપે તે વિપાક. ૬૭ મી મૂળગાથામાં "तासाम्" શબ્દ છે તે ઉપરની ગાથાથી નીચે ૬૮ મી ગાથામાં લાવવાનો છે. તે સ્ત્રીઓ ઉપરનો રાગ આ ભવમાં શારીરિક રોગો અને જરાવસ્થા તુરત લાવે છે. રાગમાં અન્ધ બનેલો આત્મા અતિભોગી થયો છતો "ક્ષીણવીર્ય"વાળો થવાથી શરીરમાં અનેક રોગોવાળો બને છે.

સર્વધાતુઓમાં વીર્ય એ જ શ્રેષ્ઠ ધાતુ છે. રૂધિર શરીરમાં ક્ષીણ થઈ જાય તો પણ શરીર સત્ત્વહીન બની જાય પરંતુ તેના કરતાં પણ વીર્ય ક્ષીણ થતાં તો આત્મા તદ્દન સત્ત્વહીન થઈ જાય છે. વીર્ય એ રોગ - ઘડપણનો પ્રતિકાર કરનાર સામર્થ્ય છે. તે જ દૂર થતાં શરીર રોગોથી ઘેરાઈ જાય છે. શરીરે કરચલીઓ પડી જાય છે. હાલવા - ચાલવાની શક્તિ ભાંગી જાય છે. બેસવા ઊઠવાની પ્રક્રિયા પણ આળસુ બની જાય છે. આ રીતે રાગથી રોગો અને ઘડપણ શરીરમાં તુરત પ્રાપ્ત થાય છે એ જ રાગનું પરિણામ છે.

રાગાદિમાં અતિશય આસક્ત સ્ત્રી-પુરુષો તે મોહના અતિરેકને લીધે નરક નિગોદનાં આયુષ્યો બાંધીને મરીને આવી નરકાદિ કુગતિઓમાં જાય છે. આ રાગનો વિપાક છે. રાગના પરિણામ અને વિપાકો અહીં જે બતાવ્યા છે તે ભોક્તાની અપેક્ષાએ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જણાવ્યા છે. હવે ભોગ્યની અપેક્ષાએ પરિણામો અને વિપાકો આચાર્યશ્રી જણાવે છે-

અથવા ભોગ્ય એવી સ્ત્રીના મનમાં રહેલો રાગ ચંચળ છે. સ્વાર્થ પૂરતો છે. આજે જે સ્ત્રી રાગ-સ્નેહ બતાવે છે. તે જ સ્ત્રી તેની અનુકૂળતાઓ ન પોષાતાં દ્વેષવાળી બને છે. મીઠાશથી વર્તનારી સ્ત્રી કડવાશ વેરે છે. ગુપ્ત રીતે અન્યની સાથે પણ પ્રીતિ કરે છે. ભર્તૃહરિ-પિંગલા આદિના દૃષ્ટાન્તો મોજૂદ છે. માટે સ્ત્રીનો રાગ ચંચળ પરિણામવાળો છે.

તથા સ્ત્રીનો રાગ જીવનના નાશનું કારણ છે. આ આત્માને સ્ત્રીનો રાગ ધનથી, યૌવનથી, શરીરથી અને પ્રતિષ્ઠાથી નાશ પમાડે છે. (૧) રાગમાં અંજાયેલો પુરુષ ધંધાવિહીન થતાં તથા તેની ઈચ્છાઓને જ પૂરી કરવામાં ધનથી વિનાશ પામે છે. (૨) સતત ભોગોથી અને ભોગચિન્તાઓથી ક્ષીણધાતુ થવાથી યૌવનથી નાશ પામે છે. (૩) અતિશય ભોગાસક્તિથી શરીર જીર્ણ થઈ નાશ પામે છે. તથા (૪) ગમે તે અન્ય સ્ત્રીઓ ઉપર રાગાસક્તિ થતાં લોકમાં પ્રતિષ્ઠાથી પણ વિનાશ પામે છે. આ સર્વનો નાશ એ જ રાગનો વિપાક છે. તથા સ્ત્રીઓનો સ્વાર્થ ન પોષાતાં  ઝેર આપીને, ગળુ દાબીને કે અન્ય શસ્ત્રોથી તે સ્ત્રીઓ જ પુરુષોના જીવનનો નાશ કરે છે. અથવા અતિ રાગાન્ધ પુરુષ રાગ ન પોષાતાં આપઘાતાદિથી જીવનનો નાશ કરે છે. ગાડીના પાટા નીચે, અગ્નિસ્નાનથી, જળસ્નાનથી, આપઘાત કરતા કિસ્સાઓ આજે પણ જોવાય છે. શાસ્ત્રોમાં આ વિષય ઉપર અનેક દૃષ્ટાન્તો પણ છે.

શાસ્ત્રકાર ભગવંતોએ કહ્યું છે કે પુરુષને સ્ત્રી પ્રત્યે અને સ્ત્રીને પુરુષ પ્રત્યે રાગ હોય ત્યાં સુધી તો તે અમૃતતુલ્ય લાગે છે. પરંતુ કોઇ પણ કારણસર જ્યારે રાગ ઊડી જાય અને તે પાત્ર જ્યારે વિફરે ત્યારે તે ભયંકર તાલપુટ વિષ સમાન છે. "विषं विरक्ता स्त्री" વિફરેલી સ્ત્રી (અથવા પુરુષ) વિષતુલ્ય છે.

નારીનો (અથવા નરનો) જે દેહ અશુચિઓમાંથી જ બનેલો છે. અશુચિઓથી જ ભરેલો છે. ભોગો દ્વારા રોગોને જ વધારનારો છે. શરીર ક્ષીણધાતુ થવાથી વેલાસર ઘડપણ લાવનાર છે. પરભવમાં પણ રાગાસક્તિના કારણે નરક-નિગોદોના ભવો આપનાર છે. રાગ પણ સ્વાર્થ પૂરતો જ હોવાથી ચંચળ છે. સ્વાર્થ ન પોષાતાં એકબીજાના જીવનના નાશનું ફળ આપનાર બને છે આવું રાગનું સ્વરૂપ-પરિણામ-અને વિપાક



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. તેથી આવી ભયંકર પરિસ્થિતિ સર્જનાર રાગ છે. માટે તે રાગ કરાય જ કેમ? આવું જાણીને કોઈ પણ વસ્તુ પ્રત્યે રાગ થાય એ જ મહા આશ્ચર્યકારી વાત છે.

**અવતરણ - एवं सचेतने वस्तुनि रागमधिकृत्य तद्विषयतत्त्वादिचिंतन मुक्तम्। अधुना त्वचेतनमधिकृत्याह** – આ પ્રમાણે સચેતન એવી વસ્તુ પ્રત્યે રાગને આશ્રયી તે રાગના વિષયભૂત સ્ત્રી આદિના સ્વરૂપ વિગેરેનું સ્વરૂપ પરિણામ અને વિપાક)નું ચિંતન સમજાવ્યું. હવે અચેતનને આશ્રયી ગ્રંથકારશ્રી સમજાવે છે- ॥૬૮॥

**[1]अत्थे [2]रागम्मि उ, [3]अज्जणाइदुक्खसयसंकुलं [4]तत्तं ।**
**[5]गमणपरिणामजुत्तं, [6]कुगइविवागं च [7]चिंतेज्जा ॥ ६९ ॥**

**अर्थ्यत इति अर्थः, अर्थविषये पुना रागे अर्जनादिदुःखशत-सङ्कुलं तत्त्वम्, अर्थस्य चिन्तयेदिति योगः, अर्जन - रक्षण - क्षय - भोगा ह्यर्थस्य लोकद्वयविरोधिनो दुःखाय । तथा गमनपरिणामयुक्तं अर्थस्य तत्त्वम् । पादरजःसमो ह्ययम् । एवं कुगतिविपाकं चैतत् क्त्रष्टकीटोदाहरणेन चिन्तयेत्। इति गाथार्थः ॥ ६९ ॥**

**ગાથાર્થ :**- ધનના રાગમાં અર્જનાદિના સેંકડો દુઃખોથી ભરેલું તે ધનનું સ્વરૂપ છે. તથા ઘણા પુરુષાર્થથી મેળવેલું હોય તોપણ ગમનપરિણામવાળું છે. તથા તેને મેળવવામાં કરેલા પાપોથી કુગતિના વિપાકોને આપનારું છે. ॥ ૬૯ ॥

**ટીકાનુવાદ :**- જે બીજા પાસેથી પ્રાપ્ત કરાય, મેળવાય, તે અર્થ કહેવાય છે. આ સંસારમાં જે કોઈ સુખના સાધનભૂત પદાર્થો છે તે સર્વે રાગના વિષયો (નિમિત્તો) છે. તેમાં સ્ત્રી એ (અને સ્ત્રીને આશ્રયી પુરુષ એ ) રાગનું પ્રધાન નિમિત્ત છે. ત્યારબાદ બીજા નંબરે **અર્થ = ધન** એ રાગનું પ્રધાનકારણ છે. કારણ કે નારીના રાગનું પોષણ ધનને આભારી છે. નારી એ રાગનું સચેતન કારણ છે. અને ધન એ રાગનું અચેતન કારણ છે. એટલે નારીના રાગનું તત્ત્વચિંતન કરીને હવે ધનના રાગના તત્ત્વનું ચિંતન સમજાવે છે.

અર્થવિષયક રાગમાં વળી "અર્જન" આદિ સેંકડો દુઃખોથી ભરેલું સ્વરૂપ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે એમ વિચારવું. ધન મેળવવામાં (૧) સતત પરિશ્રમ, (૨) પરવશતા (૩) ભૂખ-તરસને સહન કરવાપણું (૪) ઠંડી-ગરમીને વેઠવી, (૫) દેશ-પરદેશનું પરિભ્રમણ (૬) દંભ-સેવન, (૭) અસત્યભાષણ, (૮) લેવડ-દેવડમાં પ્રતિકુલતા થયે છતે કલેશ (૯) પરસ્પર ઝઘડા, (૧૦) મારામારીના પ્રસંગો ઇત્યાદિ અનેક દુઃખોથી ભરેલું એવું ધનનું અર્જન છે.

મેળવેલા ધનનું સંરક્ષણ એથી વધુ દુઃખદાયી છે. ચોરોનો ભય, રાજપુરુષોનો ભય, ધાડપાડુઓનો ભય, સગાંવહાલાંઓ માગે તેનો ભય, જેમાં રોકાણ કર્યું હોય ત્યાં જ દબાઈ જાય તેનો ભય, જેને આપ્યું હોય ત્યાંથી પાછું સમયસર મળે નહીં તેનો ભય અને તેના કારણે અનેક કલેશો, ઝઘડાઓ, કષાયો, કોર્ટોનો આશ્રય તથા મારામારી ઇત્યાદિ વિવિધ દુઃખોથી ભરેલું ધનનું સંરક્ષણ છે. માટે તે પણ દુઃખદાયી છે.

તથા વળી ક્ષય = વિયોગ તો તેથી પણ વધુ દુઃખદાયી છે. મહાપ્રયત્નો અને મહાસાહસોથી પ્રાપ્ત કરેલું ધન જ્યારે કોઈ પાર્ટીમાં ઘલાઈ જાય, સટ્ટા-જુગારના રસ્તે ચાલ્યું જાય, ધીરેલા ગરાગોમાં જ સલવાઈ જાય, એમ જ્યારે ધનનો વિયોગ થાય ત્યારે રૂદન, શોક, આઘાત, પ્રત્યાઘાત, હાર્ટફેલ, મૃત્યુ, પરસ્પર કલેશ, ઝઘડા, મારામારી, આપઘાત, લોકમાં પ્રતિષ્ઠાહાનિ, ઇત્યાદિ અનેક દુઃખોથી ભરેલો ધનનો ક્ષય (વિયોગ) છે. માટે હે આત્મન્ ! ધનનો ક્ષય પણ અતિશય દુઃખદાયી છે.

તથા પ્રાપ્ત કરેલા ધનનો ભોગ પણ દુઃખદાયી છે. ધન દ્વારા ભોગો પ્રાપ્ત કરી તેના ભોગોથી શરીરહાનિ, ધનહાનિ, વીર્યહાનિ, બળહાનિ અને આત્મહિતની હાનિ ઇત્યાદિ રીતે કટુવિપાકવાળું છે. આ પ્રમાણે ધનનું અર્જન-રક્ષણ - ક્ષય અને ભોગો આ ચારે પ્રકારની પરિસ્થિતિ દુઃખદાયી છે. કલેશો અને કષાયોને જ કરાવનારી છે. તેથી આ ભવમાં ઉપર સમજાવ્યા મુજબ દુઃખ તથા પરભવમાં કષાયોના કારણે નરકાદિ દુર્ગતિની પ્રાપ્તિ થવા રૂપ દુઃખ. એમ ધનના અર્જનાદિ ચારે પર્યાયો આ લોક અને પરલોક એમ ઉભયલોકના વિરોધી છે. અને ભવોભવમાં દુઃખ માટે જ થાય છે. ધનનું સ્વરૂપ આ પ્રમાણે વિચારવું તે પ્રથમ ધનના સ્વરૂપ વિષયક તત્ત્વચિંતન સમજાવ્યું. હવે ધનનાં પરિણામો અને વિપાકો વિષેનું ચિંતન સમજાવે છે -

ઘણા પરિશ્રમથી મેળવેલું ધન પણ "ચલ" પરિણામવાળું છે. જોતજોતામાં ચાલ્યું જાય છે. એક દશકો સુખનો હોય તો બીજો દશકો દુઃખનો આવે છે. પાપોદય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થતાં જ આ ભવમાં ને આ ભવમાં જ દશકો બદલાઈ જાય છે. પુત્રો કુપુત્ર પાકતાં, બજારોની મોટી ઉથલ-પાથલ થતાં, ગરાગોમાં દબાઈ જતાં, ધન ચાલ્યું જાય છે. લક્ષ્મી કદાપિ કોઈની સ્થિર બનતી નથી, ગમે ત્યારે પાપોદયથી **નાતરૂં કરનારી નારીની જેમ** ઘર છોડીને ચાલી જાય છે. એટલે આ ધનનું ચંચળ પરિણામ છે. આ અર્થ (ધન) પગે ચોંટેલી રજ તુલ્ય છે. જેમ પગે ચોંટેલી રજ કાળાન્તરે ઊખડી જ જાય છે, સદા કદાપિ રહેતી નથી તેમ અર્થ પણ કદાપિ ધ્રુવ રહેતું નથી - ચંચળ - ક્ષણિક નાશવંત પરિણામવાળું જ છે.

તથા કાષ્ટમાં ઉત્પન્ન થયેલો કીડો કાષ્ટને કોતરતાં જેમ પોતાને ઉત્પન્ન કરનાર સમગ્ર કાષ્ટનો જ નાશ કરે છે. તેમ આ ધન ઘણા ઘણા પ્રયત્નોથી ઉત્પન્ન કરનારા તેના સ્વામીનો જ આર્ત-રૌદ્ર ધ્યાનાદિથી દુર્ગતિમાં લઈ જવા રૂપે નાશ કરનાર છે. ધન ઉપાર્જન કરતાં કરેલા તીવ્ર કષાયો, અતિશય ધનની લાલસાઓ ચીકણાં કર્મો બંધાવી આ જીવને કુગતિ રૂપ વિપાક આપનારું આ ધન છે. આવી આત્મસંપ્રેક્ષણા કરવાથી ધન ઉપરનો રાગ ઓછો થાય છે.

અપેક્ષાવિશેષે કામરાગ કરતાં પણ અર્થરાગ ભયંકર છે. કારણ કે શરીરમાં ઉત્પન્ન થયેલી કામવાસના ભોગો ભોગવી લેતાં ક્ષણવાર પણ તૃપ્ત થાય છે. પછી કાળાન્તરે પુનઃ થાય છે. પરંતુ વચ્ચેનો કાળ તેનો અભાવ અનુભવાય છે. જ્યારે અર્થરાગ અર્થ પ્રાપ્ત થવા છતાં તૃપ્ત થતો નથી બલ્કે વૃધ્ધિ પામે છે. તથા સતત ચોવીસે કલાક ચાલુ જ રહે છે. ધનના સંયોગે આ જીવ ભોગો દ્વારા પાપી બને છે અને ધનના વિયોગે શોકાદિથી દુઃખી બને છે. એમ બન્ને અવસ્થામાં ધન અહિતકારક છે.

**પ્રશ્ન** :- જો ધન દુઃખદાયી જ હોય તો શ્રાવક-શ્રાવિકા ધન વિના પોતાનો ઘર-વ્યવસાય કેવી રીતે ચલાવે ?

**ઉત્તર** :- શ્રાવક - શ્રાવિકા કદાપિ ભીખ ન માગે, દીન ન થાય, તથા પારકા પૈસાથી ઘર ન ચલાવે, તેમ કરવાથી ધર્મની અને ધર્મીની સમાજમાં નિન્દા થાય. પરંતુ અલ્પ સાવદ્યવાળા વ્યવસાયોથી અવશ્ય ધન ઉપાર્જન કરે જ. પરંતુ તેના પ્રત્યે મૂર્છા-મમતા ન કરે, અલ્પથી પણ સંતોષ માને, અધિક મળે તો દાનાદિમાં પ્રયુંજે. અતિશય અરતિ-ઉદ્વેગ કે કલેશ ધરે નહીં.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્ત્રીરાગ અને ધનરાગ પ્રત્યેની ઉપરોક્ત ભાવના ભાવવાથી પ્રબળ રાગ હળવો થઈ જાય છે. રાગની પકડ ઢીલી થઈ જાય છે. આ આત્મા વૈરાગ તરફ વળે છે. જે ઊંચા યોગમાર્ગ ઉપર આરૂઢ થવામાં કારણભૂત બને છે. ॥ ૬૯ ॥

**અવતરણ :- एवं रागप्रतिपक्षभावनामभिधाय साम्प्रतं द्वेषमधिकृत्याह-**

**[1]दोषम्मि उ [2]जीवाणं, [3]विभिण्णयं [4]एव पोग्गलाणं [5]च ।**
**[6]अणवट्ठियं [7]परिणतिं, [10]विवागदोसं [8]च [9]परलोए ॥ ७० ॥**

**द्वेषे पुनः सति जीवाजीवविषये, किम् ? इत्याह - जीवानां विभिन्नतां चिन्तयेत्, अनुरागविषयोपरोधिनि प्रतिहतिर्द्वेषः । इति ज्ञापनार्थमेतत्, अनुरागविषयोऽपि विभिन्नस्तदुपरोध्यपि भिन्न इति भावयेत् । एवं पुद्गलानां च तत्सम्बधिनामेव देह-तदुपघातकपुद्गलापेक्षया प्राग्वद् भावनेति । तथा अनवस्थितां परिणतिं जीवपुद्गलानामेव चिन्तयेदिष्टेतरादिभावेन । एवं''विपाक दोषं च'' परलोके द्वेषस्यैव सर्वस्यामनोरमत्वादिरूपम् । इति गाथार्थः ।**
**॥ ७० ॥**

**ગાથાર્થ :** જ્યારે દ્વેષ થાય ત્યારે જેના ઉપર દ્વેષ થાય છે તે જીવો અને એ પ્રમાણે પુદ્ગલો મારાથી ભિન્ન છે. એમ ભિન્નતા વિચારવી. વળી આ દ્વેષ અનવસ્થિત (અસ્થિર) પરિણતિવાળો છે. તથા પરલોકમાં આત્માના પતનના વિપાકને આપનાર છે. એમ વિચારવું. ॥ ૭૦ ॥

**ટીકાનુવાદ :-** હવે જ્યારે જ્યારે દ્વેષ ઉત્પન્ન થાય ત્યારે જીવ અને અજીવને વિષે ભિન્નતા વિચારવી. અર્થાત્ તે જીવ અને અજીવ મારાથી ભિન્ન છે એમ વિચારવું. જે કોઈ એક પદાર્થ અનુરાગનો વિષય બનાવ્યો હોય તેમાં ઉપરોધ (વિઘ્ન) કરનારા ઉપર હણવાની જે બુદ્ધિ થવી તે દ્વેષ કહેવાય છે. એમ દ્વેષની વ્યાખ્યા સમજાવવા માટે મુખ્યતાએ આ ભિન્નતા વિચારવાનું જણાવ્યું છે. અનુરાગનો વિષય પણ આ આત્માથી ભિન્ન છે. અને તેનો ઉપરોધ કરનાર દ્વેષનો વિષય પણ આ આત્માથી ભિન્ન છે. એમ વિચારવું ભાવાર્થ આ પ્રમાણે છે કે -



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ સંસાર જીવ - અજીવોથી ભરેલો છે. તે તમામ જીવો અને અજીવો મારાથી ભિન્ન છે. કોઈ એક જીવ (સ્ત્રી આદિ) અનુરાગનો વિષય બને છે. તો કોઈ બીજો જીવ (શત્રુ આદિ) શત્રુતાનો વિષય બને છે. તેથી જ રાગ અને દ્વેષ થાય છે. પરંતુ આ બન્ને વ્યક્તિઓ (સ્ત્રી-શત્રુ) હે આત્મન્ ! તારાથી ભિન્ન છે. તેમાં તારું કંઈ છે જ નહીં. તું ભિન્ન છે. તારાથી તે વ્યક્તિઓ ભિન્ન છે. તારે અને તેઓને શું સંબંધ ? માત્ર પંખીઓના મેળાની જેમ પોત-પોતાના કર્મોથી ભેગા થયા છીએ. આ આયુષ્યકર્મ પૂરું થતાં સૌ પોતપોતાનાં કર્મ પ્રમાણે ચાલ્યાં જ જવાનાં છીએ.

કોઈ એક પદાર્થ ઉપર તેં રાગ કર્યો એટલે તેમાં ઉપરોધ કરનાર ઉપર તને દ્વેષ આવ્યો. પોતાનો અને પાડોશીનો છોકરો લડતો હોય ત્યારે પોતાના છોકરાને પોતાનો માન્યો છે એટલે પાડોશીના છોકરા ઉપર દ્વેષ થાય છે. પરંતુ બન્ને પાડોશીના જ છોકરા જો લડતા હોય તો તે બન્ને પાડોશીના છોકરા ઉપર દ્વેષ ન થાય. માટે એક અનુરાગનો વિષય બને છે તો જ તેમાં ઉપરોધ કરનારા ઉપર દ્વેષ થાય છે. જેમ બન્ને પાડોશીના છોકરાઓને આ જીવ પોતાનાથી જુદા માને છે તેથી દ્વેષ થતો નથી તેમ જો પોતાના છોકરાને પણ પોતાનાથી જુદો માન્યો હોત તો પાડોશીના છોકરા ઉપર પણ દ્વેષ ન જ થાત. અર્થાત્ જેમ દ્વેષના વિષયભૂત પાડોશીનો છોકરો આપણાથી ભિન્ન છ. તેમ અનુરાગનો વિષય એવો આપણો છોકરો પણ આપણાથી ભિન્ન છે. આવી ભિન્નતા જો વિચારવામાં આવે તો દ્વેષનાં નિમિત્તો આવવા છતાં તેના ઉપર દ્વેષ થાય નહીં.

નમિ રાજર્ષિને જ્યારે દેવ બ્રાહ્મણના રૂપે સમજાવે છે કે આ સંપૂર્ણ મિથિલા નગરી બળે છે તમે કેમ જોતા નથી ? વારતા નથી ? ત્યારે નમિરાજર્ષિ આ જ અન્યત્વ ભાવના ભાવતાં ઉત્તર આપે છે કે આખી મિથિલા નગરી બળતે છતે "જે મારું છે તે બળતું નથી અને જે બળે છે તે મારું નથી." કોના ઉપર પ્રેમ કરું અને કોના ઉપર રોષ કરું ? કેવો સુંદર ઉત્તર ! દ્વેષ થાય જ નહીં. કામિની - પરિવાર - ધન અને સંસારસુખનાં સાધનોને પોતાનાથી જો આ આત્મા પર - ભિન્ન સમજે તો તેઓનો ઉપરોધ કરનારા ઉપર દ્વેષ આવે જ નહીં.

આ જ પ્રમાણે જીવની જેમ અજીવ (પુદ્ગલ) ઉપર પણ સ્વયં સમજી લેવું. કોઈ પણ એક પુદ્ગલ દ્રવ્ય અનુરાગના સંબંધવાળું બને છે તો જ તેનું ઉપઘાત



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરનાર બીજું પુદ્ગલ દ્રવ્ય દ્વેષના સંબંધવાળું બને છે. જેમ કે આ દેહ પુદ્ગલ છે પરંતુ મોહથી અનુરાગનો વિષય બનાવ્યું છે. એટલે તે દેહને ઉપરોધ કરનાર = દેહને દુઃખ આપનાર પત્થર - કાંટા - કાંકરા શસ્ત્ર આદિ ઉપર પણ દ્વેષ થવાનો જ છે. ગજસુકુમાલ મુનિ, ખંધકમુનિ, ઈત્યાદિ મહાત્માઓએ દેહને અનુરાગનો વિષય ન બનાવ્યો, એટલે તે દેહનો ઉપઘાત કરનારા સસરા ઉપર, રાજપુરુષો ઉપર, રાજા ઉપર કે આગ આદિ સાધનો ઉપર ક્યાંય દ્વેષ થયો જ નહીં. દ્વેષને રોકવા હે આત્મન્ ! આ અન્યત્વભાવના જ ઉપકારી છે. તે તું વિચાર, જેમ ઔષધથી દર્દ જાય તેમ અન્યત્વભાવનાથી રાગ અને દ્વેષ બન્ને જાય જ છે. આ દ્વેષના સ્વરૂપનું ચિંતવન સમજાવ્યું. હવે દ્વેષનો પરિણામ સમજાવે છે.

## દ્વેષનો પરિણામ -

દ્વેષનો (ક્રોધનો) પરિણામ **"અનવસ્થિત સ્થિતિ"** વિચારવી. જે જીવ - પુદ્ગલો ઉપર આ આત્માને દ્વેષ થાય છે, તે ચલિત છે. કાયમી નથી. જ્યારે તે જીવ પુદ્ગલ અનિષ્ટભાવે વર્તે છે ત્યારે તેના ઉપર દ્વેષ થાય છે તે જ જીવ પુદ્ગલ ઈષ્ટભાવે વર્તે છે ત્યારે અનુરાગનો વિષય બને છે. ઈષ્ટ - અનિષ્ટ ભાવ બદલાતાં રાગ અને દ્વેષ બદલાઈ જાય છે. જેમ કે જે સ્ત્રી સાથે ઘણો જ અનુરાગ હોય છે. તે જ સ્ત્રી સાથે અણબનાવ થતાં છુટા છેડા લેતાં આત્મા વિલંબ કરતો નથી. જેની સાથે અણબનાવ છે તેની જ સાથે સમાધાન થતાં અને તેનાથી પોતાનો કોઈ સ્વાર્થ સધાતાં અનુરાગ પણ થઈ જાય છે. આ રીતે દ્વેષ પણ રાગની જેમ ચંચળ પરિસ્થિતિવાળો છે. તેનો ભરોસો કેમ કરાય ? ચંચળને આદરમાન કેમ અપાય?

વળી કામરાગ જેમ વીર્યનો નાશ કરે છે. તેમ દ્વેષ શરીરના રક્તનો નાશ કરે છે. ક્રોધી માણસ કાયમ તપેલો જ હોય છે. તેનુ લોહી ઊકળતું જ હોય છે. તેથી શરીર વળતું જ નથી. આવો ક્રોધ શા માટે કરવો ? આ ક્રોધનો પરિણામ એવો છે કે આ આત્મા ક્રોધને લીધે સ્નેહી - મિત્ર મંડળીથી જુદો પડે છે. ધન પ્રતિષ્ઠા આદિ ગુમાવે છે. પરસ્પર ઘણો જ ઝઘડો વધતાં મારામારી થતાં અંતે મરણ પણ પામે છે. આ ક્રોધ ઉપર ચંડ કૌશિક આદિનાં દૃષ્ટાન્તો જાણીતાં છે. હવે દ્વેષનો વિપાક સમજાવે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## દ્વેષનો વિપાક -

હવે દ્વેષનો વિપાક વિચારીએ આ ભવમાં વારંવાર કરાયેલા ક્રોધથી તેનો એવો અનુબંધ થાય છે કે જેના કારણે ભવાન્તરમાં પણ આ જીવ દ્વેષવાળો જ બને છે. અનુબંધના કારણે વધુ તીવ્ર દ્વેષવાળો બને છે. આ દ્વેષ જ સર્વ લોકોને "અમનોરમતા"નું જ એટલે કે અપ્રિયતાનું જ કારણ બને છે. જેમ ચંડકૌશિક સર્પનો જીવ ગતભવમાં શિષ્ય ઉપર ગુસ્સાના આવેશને લીધે ચીકણો અનુબંધ કરી "ચંડકૌશિક સર્પ"પણાનો એવો ભવ પામ્યો કે તે સર્વને અપ્રિય જ થઈ પડ્યો, ભવાન્તરમાં ક્રોધના આવા વિપાકો છે. વળી આ કષાયના કારણે નરકાદિ દુર્ગતિનાં આયુષ્ય બાંધી આ જીવ અનંતભવ સુધી રખડે છે તે પણ દુર્ગમ વિપાક સમજવો. ક્રોધની જેમ માન - માયા - અને લોભનું પણ સ્વરૂપ પરિણામ અને વિપાક સ્વયં સમજી લેવું. ॥ ૭૦ ॥

અવતરણ :- **इदानीं मोहमधिकृत्य प्रतिपक्षमभिधातुमाह** – (રાગ - દ્વેષ એમ બે દોષોની વાત કહ્યા પછી) હવે ત્રીજા મોહ દોષને (અજ્ઞાનદોષને) આશ્રયી પ્રતિપક્ષભાવના કહેતાં સમજાવે છે કે -

**चिंतेज्जा[८] मोहम्मी[१], ओहेणं[२] ताव वत्थुणो[४] तत्तं[५] ।**
**उप्पाय[३] - वय धुवजुयं, अणुहवजुत्तीए[६] सम्मं[७] ति ॥ ७१ ॥**

**चिन्तयेद् मोहे सति "ओघेन"= सामान्येन तावदादौ "वस्तुनः" जीवादेः "तत्त्वं" तद्भावम् । किम्भूतम् ? इत्याह – उत्पाद व्यय ध्रौव्ययुक्तम् निमित्तभेदेन "अनुभवयुक्त्या सम्यग्"= अनुभवप्रधाना युक्तिस्तया "सम्यग्" व्यवहारनिबन्धत्वेन चिन्तयेत् । इति गाथार्थः । ॥ ७१ ॥**

**ગાથાર્થ** :- મોહની (અજ્ઞાનની) બાબતમાં પણ સામાન્યથી "ઉત્પાદ - વ્યય અને ધ્રુવતાયુક્ત" એવું વસ્તુનું સ્વરૂપ અનુભવ પૂર્વક યુક્તિને અનુસારે સમ્યગ્પ્રકારે વિચારવું. ॥ ૭૧ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકાનુવાદ** :- અહીં "મોહ" એટલે **"અજ્ઞાન"** એવો અર્થ સમજવો. "अण्णाणं पुण मोहो" ગાથા ૫૯ મીમાં આ અર્થ લખ્યો છે. વળી રાગ - દ્વેષ લખીને મોહ ત્રીજો દોષ જુદો લખ્યો છે તેથી પણ મોહનો અર્થ રાગ - દ્વેષ ન કરવો. પરંતુ અજ્ઞાન અર્થ સમજવો. અનાદિ કાળથી આ આત્મામાં અજ્ઞાન ભરેલું છે. મિથ્યાત્વ મોહનીયના ઉદયથી અજ્ઞાની છે જ, તેને દૂર કરવા માટે તેના પ્રતિપક્ષની ભાવના ભાવવી જોઈએ, જેથી કાળાન્તરે અજ્ઞાન દૂર થાય.

અનાદિ મોહ (અજ્ઞાન) છે. માટે સૌ પ્રથમ તેને દૂર કરવા માટે સામાન્યથી જીવ - અજીવાદિ સર્વે પદાર્થોનું યથાર્થ તત્ત્વ વિચારવું. તે તત્ત્વ કેવા પ્રકારનું છે ? તો તે જણાવે છે કે -

આ સંસારના તમામ પદાર્થો "નિમિત્તભેદ વડે ઉત્પાદ - વ્યય અને ધ્રુવતાથી યુક્ત છે" આ પ્રમાણે અનુભવપૂર્વક યુક્તિ વડે વ્યવહારમાં બાધા ન આવે તે રીતે વિચારવું. આ ચર્ચા કંઈક વિસ્તારથી વિચારીએ.

સોનાના ઘટથી એક બાળક રમે છે. તેને જોઈ બીજા બાળકે સોનાનો મુગુટ પહેરવાનો પિતા પાસે ઘરમાં ક્લેશ કર્યો, ઘરમાં બીજા સોનાનો ધારો કે યોગ નથી. તેથી પિતાએ બીજા પુત્રના ક્લેશના નિવારણ અર્થે સોની પાસે સોનાના ઘટમાંથી જ મુગુટ બનાવી આપવાનું કહ્યું. સોની સોનાનો ઘટ ભાંગીને સોનાનો મુગુટ બનાવે છે. તે એક ક્રિયામાં ઘટનો વ્યય છે. મુગુટનો ઉત્પાદ છે. અને સુવર્ણની ધ્રુવતા છે. તેથી જ પ્રથમ બાળક રડે છે. બીજું બાળક હરખાય છે. અને પિતા તટસ્થ રહે છે. એક માણસ અહીંથી મરીને ધારો કે પશુના ભવમાં જન્મે છે. ત્યાં માણસપણે વ્યય છે. પશુપણે ઉત્પાદ છે અને જીવપણે ધ્રુવત્વ છે. એક કાચનો ગ્લાસ હાથમાંથી પડી ગયો અને ફુટી ગયો ત્યાં ગ્લાસપણે વ્યય છે. ટુકડાપણે ઉત્પાદ છે અને પુદ્ગલ પણે ધ્રુવત્વ છે. દૂધ જમાવી દહિ બનાવ્યું તેમાં દૂધપણે વ્યય છે. દહીં પણે ઉત્પાદ છે. અને ગોરસપણે ધ્રુવત્વ છે. દેવદત્ત નામનો એક પુરુષ બાળકમાંથી યુવાન્ થયો ત્યાં બાળકપણે વ્યય છે યુવાનપણે ઉત્પાદ છે. અને દેવદત્તપણે ધ્રુવત્વ છે. ઈત્યાદિ અનેક દૃષ્ટાન્તોથી સમજાય તેમ છે કે કોઈ પણ પદાર્થ પૂર્વપર્યાયથી વ્યય પામે છે. ઉત્તરપર્યાયથી ઉત્પાદ પામે છે. અને દ્રવ્યરૂપે ધ્રુવ છે.

આ પ્રમાણે સર્વે પદાર્થો "ઉત્પાદ વ્યય ધ્રુવ" એમ ત્રણ ધર્મોથી યુક્ત છે. એવું વસ્તુનું સહજ સ્વરૂપ છે જ. તેને ઉપર આપે દૃષ્ટાન્તોના આધારે અનુભવ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમાણે સમ્યગ્પ્રકારે વિચારવું.

**પ્રશ્ન** :- આ જગતમાં જે પદાર્થો ત્રણધર્મવાળા છે તે જેમ છે તેમ છે. તેનો આવો વિચાર કરવાથી આત્માને શું લાભ ? જગત્ જેમ છે તેમ છે. આવી ઉત્પાદાદિની વિચારણા કરવાથી આત્માને શું અને કેવી રીતે લાભ થાય ?

**ઉત્તર** :- અજ્ઞાનનો નાશ થાય છે. રાગ અને દ્વેષ થતા અટકી જાય છે. વિરાગદશા પ્રાપ્ત થાય છે અને અન્તે વીતરાગાવસ્થા પ્રાપ્ત થવાથી કેવળજ્ઞાન અને મુક્તિ પ્રાપ્ત થાય છે. તે આ પ્રમાણે સાંખ્ય - ન્યાય - વૈશેષિક આદિ દર્શનકારો સર્વે પદાર્થો એકાન્તે નિત્ય (ધ્રુવ) જ છે એમ માને છે. અને બૌદ્ધ દર્શનકારો સર્વે પદાર્થો એકાન્તે અનિત્ય જ છે એમ માને છે. આ બન્ને એકાન્તવાદો હોવાથી મિથ્યાજ્ઞાન છે. કારણ કે વસ્તુનું સ્વરૂપ તેવું નથી. તેથી આ ત્રિપદી સમજવાથી વસ્તુના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થવાથી "અજ્ઞાન" નાશ પામે છે. એકાન્તવાદને બદલે અનેકાન્તવાદ સમજાય છે. મિથ્યાજ્ઞાનને બદલે સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થાય છે.

ઉત્પાદ-વ્યય સમજવાથી રાગ-દ્વેષ ઓછા થાય છે. સોનાનો ઘડો ભાંગવા છતાં અને મુગુટનો ઉત્પાદ થવા છતાં સોનું તેનું તે જ રહે છે. નથી વધતું કે નથી ઘટતું, કોને માનીને હર્ષ કરવો અને કોને માનીને શોક કરવો ? પુરુષ મનુષ્ય મટીને પશુ થાય એ પણ અવસ્થા માત્ર બદલાઈ છે. પરંતુ જીવ તો તેનો તે જ રહે છે. નટ જેમ વેષ બદલે તેમ અવસ્થા માત્ર બદલાય છે. તેથી હર્ષ - શોક કોને જોઈને કરવાના ? કાચનો ગ્લાસ ફૂટતાં ટુકડા રૂપે પણ દ્રવ્ય તો ઘરમાં છે જ. શું ગયું ? અને શું આવ્યું ? આ જગતના તમામ પદાર્થો માત્ર પરિવર્તનશીલ છે. તેમાં નથી કંઈ હર્ષ પામવા જેવું, અને નથી કંઈ શોક કરવા જેવું. આવી ભાવના ભાવતાં પદાર્થો પ્રત્યે પર્યાય આશ્રયી જે રાગ - દ્વેષ છે. તે દ્રવ્યની ધ્રુવતા સમજાતાં જ નષ્ટ થઈ જાય છે. રાગ - દ્વેષ જવાથી સંસારી ભાવો ઉપર વિરાગ પ્રાપ્ત થાય છે અને તેથી કાળાન્તરે આ જ આત્મા ક્ષપકશ્રેણીમાં આરોહણ કરી વીતરાગ બને છે.

આ જ પ્રમાણે પ્રત્યેક પદાર્થો પોતાના પર્યાયોથી ભિન્ન પણ છે અને અભિન્ન પણ છે. કારણમાં કાર્ય દ્રવ્યાર્થિક નયથી સત્ છે અને પર્યાયાર્થિક નયથી અસત્ પણ છે. સંગ્રહ નયથી સર્વે પદાર્થો સામાન્ય રૂપ પણ છે અને વ્યવહાર નયથી વિશેષરૂપ પણ છે. આ પ્રમાણે ભિન્નાભિન્ન, સત્-અસત્, સામાન્ય-વિશેષ, નિત્ય-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનિત્ય, અને ઉત્પાદાદિ ત્રણે ધર્મો યુક્ત છે. તેમ સમજવાથી રાગાદિ ક્ષીણ થાય છે. માટે આ આત્મસંપ્રેક્ષણ ભાવના પણ આત્માને હિતકારી છે.

વળી આ ભાવનાનું ચિંતન તર્કયુક્ત અને અનુભવયુક્ત કરવું જોઈએ તથા વ્યવહારને બાધા ન આવે પરંતુ વ્યવહારનું સાધન બને તે રીતે સમ્યગ્ પ્રકારે વિચારો કરવા, જેમ કે દરેક પદાર્થોમાં નિશ્ચયનયથી ભાવિમાં થનારા ઉત્પાદ-વ્યયો સત્તાથી નિયતિથી પડેલા જ છે અને તે પ્રમાણે થવાના જ છે. છતાં આવો નિશ્ચયનય કેવળજ્ઞાનીની અપેક્ષાવાળો છે છદ્મસ્થની અપેક્ષાએ નહીં, જો છદ્મસ્થની અપેક્ષાએ આવો નિયતિવાદ આગળ કરવામાં આવે તો જીવ પુરુષાર્થ કરે જ નહીં, અને તેનાથી તેનું હિત થાય દ નહિં, માટે આવા પ્રકારના નિશ્ચયનયની દૃષ્ટિ મુખ્ય ન કરતાં વ્યવહાર નયની દૃષ્ટિ મુખ્ય કરવી. જીવ પુરુષાર્થ કરે તો તે તે જૂના પર્યાયો વ્યય પામે છે નવા પર્યાયો ઉત્પન્ન થાય છે. માટે જો આ આત્મા ધર્મપુરુષાર્થ આચરે તો અવશ્ય રાગાદિ જુના પર્યાયો નાશ પામે છે. નવા વિરાગાદિ પર્યાયો પ્રગટ થાય છે અને વીતરાગ-કેવલી બની આત્મહિત સાધ છે.આ પ્રમાણે છદ્મસ્થની દૃષ્ટિએ વ્યવહારની સિદ્ધિ થાય તે રીતે આત્મહિત માટે ઉત્પાદાદિ પર્યાયોના વિચારો કરવા.

**અવતરણ :- अनुभवयुक्तिमेव लेशत आह -**

ઉપર કહેલા વિષયોમાંથી ''सत् અને असत्'' ને વિષે અનુભવ અને યુક્તિપૂર્વક લેશથી આચાર્યશ્રી સમજાવે છે -

**[6]नाभावो[1] च्चिय[2] भावो[3], अतिप्पसंगेण[7] जुज्जइ[5] कयाइ[4] ।**
**ण[10] य [9]भावोऽभावो[8] खलु, तहासहावत्तऽभावाओ[11] ॥ ७२ ॥**

**नाभाव एव सर्वथा भावो युज्यते, ''कदाचित्'' इति कालावधारणम्। अतिप्रसङ्गेन हेतुना । यदि ह्यसदेव सद् भवेत्, ततोऽसत्त्वाविशेषात् सकलशक्त्यभावाद् विवक्षितसत्त्ववद् अविवक्षितमपि भवेद्, हेत्वविशेषादिति युगपद् ( विवक्षिताऽ ) विवक्षितघटपटादिभावापत्तिः । अनुपयोगिनी चेह तदन्यहेतुपरिकल्पना । असज्जननस्वभावत्वेन तस्या अप्युक्तदोषानतिवृत्तेः । अवध्यभावे तद्विशेषकल्पना-योगादिति ।**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગાથાર્થ :- "જે જે અસત્ છે. તે અસત્ જ સત્ બને છે." એવું કદાપિ ઘટી શકતું નથી. તેમ માનવાથી અતિવ્યાપ્તિ દોષ આવે છે. તથા જે જે સત્ છે તે સત્ જ અસત્ બને છે એમ પણ કદાપિ સંભવતું નથી. એમ માનવાથી પણ અતિવ્યાપ્તિ આવે છે. આ બન્ને અનુમાનોમાં "તથાસ્વભાવત્વનો અભાવ" હોવાથી અતિવ્યાપ્તિ દોષ ચોક્કસ આવે જ છે. ॥ ૭૨ ॥

**ટીકાનુવાદ** :- આ ગાથા કઠીન અને સૂક્ષ્મ અર્થવાળી હોવાથી ટીકાના અનુવાદને પાછળ રાખીને ભૂમિકારૂપે જૈનદર્શનને માન્ય અર્થ વિચારીએ-

વીતરાગ સર્વજ્ઞ ભગવંતો જણાવે છે કે જે જે કારણમાંથી જે જે કાર્ય નીપજે છે તે તે કારણમાં તે તે કાર્ય પર્યાયથી અસત્ અને દ્રવ્યથી સત્ હતું જ અને તો જ નીપજે છે. કારણમાં કાર્ય "સત્ - અસત્" ઉભયાત્મક છે. તો જ નીપજે છે. અન્યથા માનવામાં અતિવ્યાપ્તિ દોષ જ આવે છે. જેમકે "માટીમાંથી ઘટ નીપજે છે" અને "તન્તુમાંથી પટ નીપજે છે" આ દૃષ્ટાન્તોમાં માટી અને તન્તુમાં ઘટ અને પટ પર્યાયરૂપે અસત્ (અવિદ્યમાન) છે એટલે નીપજે છે. અને દ્રવ્યરૂપે "સત્" (વિદ્યમાન) છે માટે જ નીપજે છે. વસ્તુ સ્વરૂપ આ પ્રમાણે છે. તેને બદલે મિથ્યાત્વમોહના ઉદયથી અજ્ઞાનદોષને લીધે કેટલાક દર્શનકારો (બૌદ્ધ આદિ અસત્કાર્યવાદીઓ) આ પ્રમાણે માને છે-

"માટી અને તન્તુ (કારણ)માં અસત્ - અવિદ્યમાન એવો ઘટ - પટ ઉત્પન્ન થાય છે" તેઓ એવી યુક્તિ આપે છે કે જો માટી - તન્તુમાં ઘટ પટ સત્ જ હોય તો માટી-તન્તુકાલે પણ ઘટ-પટનું કાર્ય જલાધાર અને શરીરાચ્છાદન થવું જોઈએ પરંતુ થતું નથી. માટે ઘટ - પટ સત્ નથી, બીજી યુક્તિ તેઓની એવી છે કે જો માટી - તન્તુમાં ઘટ - પટ સત્ હોય તો સત્‌ને ઉત્પન્ન શું કરવાનું હોય ? સત્ સત્ હોવાથી જ વિદ્યમાન છે. તેથી ઘટ - પટ ઉત્પન્ન કરવાની પ્રક્રિયા રૂપ પુરુષાર્થ વ્યર્થ થશે. માટે આ બે યુક્તિઓથી તેઓ સમજાવે છે કે માટી અને તન્તુમાં અસત્ એવા જ ઘટ - પટ ઉત્પન્ન થાય છે. એકાન્તવાદી બૌદ્ધાદિ અસત્કાર્યવાદીની ઉપરોક્ત યુક્તિનું ખંડન કરતાં હવે ટીકાકારશ્રી ટીકામાં જણાવે છે કે -

"सर्वथा अभावः एव कदाचित् भावः न युज्य ते =" સર્વથા (એકાન્તે) જે પદાર્થ અભાવાત્મક જ હોય છે તે કોઈ દિવસ ભાવાત્મક બની શકતો નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कदाचित् શબ્દ કાળનું અવધારણ સૂચવે છે. કારણ કે તેમ માનવામાં અતિવ્યાપ્તિ દોષ આવે છે એ હેતુ છે. તે અતિવ્યાપ્તિદોષ આ પ્રમાણે -

ધારો કે માટીમાં ઘટ અસત્ હતો અને ભાવાત્મક બન્યો એમ માનીએ તો આ પ્રમાણે કારણમાં અસત્ એવું જ કાર્ય જો સત્ બનતું હોય તો તે માટીમાંથી જેમ અસત્ એવો ઘટ ઉત્પન્ન થાય છે તેમ તે માટીમાં પટ - મઠ પણ અસત્ છે જ, તેથી ઘટ - પટ - મઠ ઈત્યાદિ સર્વ કાર્યોનું અસત્પણું અવિશેષ હોવાથી (એકસરખું હોવાથી) ઘટકાર્ય ઉત્પન્ન કરવાની શક્તિનો જેમ ત્યાં અભાવ છે તેમ પટ - મઠાદિ ઈતર કાર્યો ઉત્પન્ન કરવાની શક્તિનો પણ તે માટીમાં અભાવ જ છે તેથી ઘટ-પટ-મઠાદિ સકલ કાર્યો ઉત્પન્ન કરવાની શક્તિનો અભાવ (સરખો) હોવાથી વિવક્ષિત એવું ઘટકાર્ય જેમ સત્ બને છે તેમ અવિવક્ષિત એવું પટ - મઠાદિ ઈતરકાર્ય પણ તે જ માટીમાંથી સત્ત્વભાવને પામવું જોઈએ. માટીમાં જેવું ઘટનું અસત્ત્વ છે તેવું જ પટ-મઠાદિનું અસત્ત્વપણું પણ સરખું જ છે. તેથી હેતુમાં કોઈપણ જાતની વિશેષતા ન હોવાથી તે માટીમાંથી એકસાથે વિવક્ષિત અને અવિવક્ષિત એવા ઘટ અને પટાદિ (પટ - મઠાદિ ઇતર કાર્યો રૂપ) ભાવોની ઉત્પત્તિ થવાની આપત્તિ આવશે.

તેવી જ રીતે "તન્તુમાં પટ સર્વથા અસત્ જ હોય અને જો સત્ બનતો હોય" તો તન્તુમાં પટની જેમ ઘટ - મઠાદિ પણ અસત્ જ છે. તેથી અસત્પણું પટ - ઘટમઠાદિનું સરખું જ હોવાથી હેતુમાં કોઈ વિશેષતા ન હોવાથી તન્તુમાંથી જેમ વિવક્ષિત પટ અસત્ હોવા છતાં બને છે. તેમ અવિવક્ષિત એવાં ઘટ - મઠાદિ પણ અસત્ હોવાથી બનવા જ જોઈએ. આખી વાતનો સારાંશ એ છે કે જો અસત્ જ સત્ બનતું હોય તો કારણમાં જેમ વિવક્ષિત કાર્ય અસત્ છે છતાં થાય છે, તેમ ઈતર અવિવક્ષિત કાર્યનું અસત્પણું પણ સરખું જ છે. એમ સકલ કાર્યોની શક્તિનો અભાવ કારણમાં સરખો હોવાથી વિવક્ષિતની જેમ અવિવક્ષિત કાર્ય પણ થવું જોઈએ. પરંતુ માટીમાંથી જેમ ઘટ થાય છે તેમ પટાદિ થતા નથી. તથા તન્તુમાંથી જેમ પટ થાય છે તેમ ઘટાદિ થતા વ્યવહારમાં ક્યાંય દેખાતા નથી. તેથી માટીમાં ઘટ અને તન્તુમાં પટ પર્યાયથી અસત્ હોવા છતાં પણ દ્રવ્યથી સત્ માનવા જ જોઈએ. અને કથંચિત્ સત્ હોય તો જ ઉત્પન્ન થાય, સર્વથા અસત્ હોય તો ઉત્પન્ન ન જ થાય. ઈત્યાદિ વિચારવું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

टीકાકારશ્રીએ असत्त्वाविशेषात् - सकलशक्तिअभावात् "એમ બે યુક્તિ આપીને કારણમાંથી એકાન્ત અસત્ એવું કાર્ય નીપજતું નથી. એમ જે ખંડન કર્યું, તેમાં અસત્કાર્યવાદી બૌદ્ધો પોતાના પક્ષનો બચાવ કરતાં કહે છે કે-

જૈનોએ અમારા અસત્કાર્યવાદનું જે ખંડન કર્યું છે તે વ્યાજબી નથી. તેઓ અમારા અભિપ્રાયને જાણતા નથી. અમે બૌદ્ધો - અસત્કાર્યવાદીઓ એમ માનીએ છીએ કે માટીમાં ઘટ - પટ - મઠાદિ સકલ શક્તિનો અભાવ છે. અને સર્વકાર્યોનું અસત્ત્વ એકસરખું અવિશેષ જ છે. તથાપિ "દંડ-ચક્ર" આદિ અન્ય હેતુઓ માટીમાં ઘટ ઉત્પન્ન કરવાની કારણતા નીપજાવે છે એટલે ઘટ જ ઉત્પન્ન થાય છે પટ - મઠાદિ ઉત્પન્ન થતા નથી. તેવી જ રીતે તન્તુમાં પણ પટ-ઘટ-મઠાદિ સર્વે કાર્યોનું અસત્પણું અવિશેષ જ છે અને સકલકાર્યોની શક્તિનો અભાવ પણ સરખો જ છે. તથાપિ "તુરીવેમાદિ" અન્ય હેતુઓ તન્તુમાં પટની જ કારણતા ઉત્પન્ન કરે છે તેથી તન્તુમાંથી પટ જ થાય છે પરંતુ ઘટ - મઠાદિ થતાં નથી. એમ અમે "અન્યહેતુ"ની કલ્પના કરીશું. જેથી અમને તમારી આપેલી અતિવ્યાપ્તિ આવશે નહીં. અમારો એકાન્ત અસત્કાર્યવાદ બરાબર સંગત જ છે. આવા પ્રકારના બૌદ્ધના બચાવનું ખંડન કરતાં ટીકાકારશ્રી હવે જણાવે છે કે -

अनुपयोगिनी चेह तदन्यहेतुपरिकल्पना । ટીકાકારશ્રી જણાવે છે કે તે અસત્કાર્યવાદ માનવામાં જે અન્યહેતુની કલ્પના કરવામાં આવે છે તે અનુપયોગી છે, બીનજરૂરી છે. જો માટીમાં મૂળથી "અસત્જનનસ્વભાવ" અવિદ્યમાન કાર્યને ઉત્પન્ન કરવાનો સ્વભાવ છે તો તે સ્વભાવને લીધે જ તે અન્ય હેતુની કલ્પના પણ ઉપર કહેલા અતિવ્યાપ્તિ દોષથી રહિત નથી જ. ત્યાં પણ અતિવ્યાપ્તિ દોષ આવે જ છે, તે આ પ્રમાણે -

જે માટીમાં ઘટનો અસત્જનનસ્વભાવ છે અર્થાત્ અવિદ્યમાન એવા ઘટને ઉત્પન્ન કરવાનો સ્વભાવ છે તે જ માટીમાં પટ - મઠાદિ પણ અવિદ્યમાન હોવાથી તેઓનો પણ અસત્જનનસ્વભાવ માટીમાં છે જ, એટલે કે સકલ અવિદ્યમાન કાર્યોનો ઉત્પાદસ્વભાવ માટીમાં છે જ એવો અર્થ થાય છે. હવે દંડ - ચક્રાદિ અન્ય હેતુઓથી જો ઘટની ઉત્પત્તિની કારણતા માટીમાં આવે તો તે જ માટીમાં તુરીવેમાદિ અન્ય હેતુઓ જોડીએ તો તેનાથી પટ - મઠાદિ ઈતર અસત્કાર્યોની ઉત્પત્તિની કારણતા પણ આવવી જોઈએ. આ કારણથી અન્ય હેતુઓ કલ્પશો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો પણ ઘટની જેમ પટાદિ પણ ઉત્પન્ન થવાની અતિવ્યાપ્તિ તો સરખી જ ઊભી રહેશે. તેવી જ રીતે તન્તુમાં અસત્ એવા પટની ઉત્પત્તિનો સ્વભાવ હોય તો ઘટ - મઠાદિ ઈતર કાર્યોનો પણ અસત્જનનસ્વભાવ તન્તુમાં પટની જેમ છે જ, તેથી તે તન્તુમાં જેમ તુરીવેમાદિ અન્ય હેતુઓના યોગથી અસત્ એવો પટ ઉત્પન્ન થાય છે તેમ તે જ તન્તુઓમાં દંડ - ચક્રાદિ અન્ય હેતુઓના યોગથી અસત્ એવા ઘટ - મઠાદિં ઈતર કાર્યોની ઉત્પત્તિની કારણતા પણ થવાનો અતિવ્યાપ્તિનો પ્રસંગ તો સરખો જ આવશે અને તેથી અન્યહેતુની કલ્પના નિરર્થક જ બનશે.

તથા વળી દ્રવ્યનો જે જે સ્વભાવ છે તે તે હંમેશાં અવધ્ય હોય છે. અવધ્ય એટલે બદલાય નહીં, ફરે નહીં, અપરાવર્તનીય સ્વરૂપ હોય છે. જેમકે અગ્નિનો સ્વભાવ દાહનો, અને જળનો સ્વભાવ શીતળતાનો જે છે તે અવધ્ય જ છે તેમ માટી - તન્તુમાં "અસત્કાર્ય જનનસ્વભાવ" તમે જે માન્યો છે તે અવધ્યભાવ વાળો હોવાથી દંડ - ચક્રાદિ અન્ય હેતુ રૂપ તે વિશેષની કલ્પના કરવી અયુક્ત જ છે. કારણ કે દંડ - ચક્રાદિ અન્ય હેતુ આવશે તોપણ સ્વભાવ અપરાવર્તનીય હોવાથી માટી અસત્ કાર્યજનનસ્વભાવને લીધે અસત્ એવા ઘટને જેમ કરશે તેમ અસત્ એવા પટ - મઠાદિ ઈતર કાર્યોને પણ કરશે જ. તેથી દંડ - ચક્રાદિ વિશેષહેતુની કલ્પના અયુક્ત જ થશે.

**एवं च -**

**असदुत्पद्यते तद्धि, विद्यते यस्य कारणम् ।**
**शशशृङ्गाद्यनुत्पत्ति, र्हेत्वभावादितीष्यते ।**

**इति वचनमात्रमेव -**

ટીકાકારશ્રી બૌદ્ધને જણાવે છે કે માટી-તન્તુમાં જો તું અસત્જનનસ્વભાવ સ્વીકારીશ તો ઉપર સમજાવ્યું તેમ માટીમાંથી ઘટ - પટ - મઠાદિ સર્વ અસત્ કાર્યો પણ ઉત્પન્ન થશે અને અસત્ એવું શશશૃંગ પણ ઉત્પન્ન થશે જ, તેવી જ રીતે તન્તુમાંથી પણ અસત્ એવાં પટ - ઘટ - મઠાદિ પણ થશે અને તે જ તન્તુમાંથી અસત્ એવું શશશૃંગ પણ ઉત્પન્ન થશે જ આવા અતિવ્યાપ્તિના મહાદોષો તને આવશે.

**एवं च** = આ પ્રમાણે તારી માન્યતા દોષયુક્ત હોવાથી તમારા શાસ્ત્રોમાં નીચે મુજબ જે કહેવાયું છે તે બોલવા પૂરતું વચન માત્ર જ છે. અર્થાત્ યુક્તિથી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રિક્ત છે. તેઓનાં શાસ્ત્રોમાં આ પ્રમાણે કહ્યું છે કે -

હવે ઉપરોક્ત બૌધ્ધદર્શનને માન્ય શ્લોકનો અર્થ કહેવાય છે. માટી તન્તુમાં (સર્વે કાર્યો એકસરખાં અસત્ હોવા છતાં પણ) તે જ અસત્ કાર્ય ઉત્પન્ન થાય છે કે જેની (અન્ય હેતુઓને લીધે) કારણતા વિદ્યમાન હોય છે. તેથી તે માટી - તન્તુમાં જેમ ઘટની કારણતા પ્રગટ કરવામાં દંડ - ચક્રાદિ અને પટની કારણતા પ્રગટ કરવામાં તુરીવેમાદિ અન્ય હેતુઓ વિદ્યમાન છે. તેમ શશશૃંગાદિની કારણતા પ્રગટ કરનાર અન્યહેતુઓનો અભાવ હોવાથી શશશૃંગાદિ કાર્યોની (અસત્પણે સરખાં હોવા છતાં) અનુત્પત્તિ જ ઈચ્છાય છે.

બૌદ્ધોનું આ શ્લોકમાં કહેલું આ વચન બોલવા પૂરતું જ છે. કારણ કે જો અસત્જનનસ્વભાવ છે તો અન્યહેતુની કલ્પના જ વ્યર્થ છે અને તે સ્વભાવ અવધ્ય હોવાથી શશશૃંગ પણ થવું જ જોઈએ.

તેથી કારણમાં જે સર્વથા અભાવાત્મક હોય છે તે શશશૃંગાદિ કદાપિ ઉત્પન્ન થતાં નથી. અને જે ઘટ - પટાદિ ઉત્પન્ન થાય છે તે સર્વથા અસત્ નથી ફક્ત પર્યાયથી અસત્ છે. પરંતુ દ્રવ્યથી સત્ છે.

ગાથાના પૂર્વાર્ધનું વ્યાખ્યાન કરીને હવે ટીકાકારશ્રી ઉત્તરાર્ધનું વ્યાખ્યાન શરૂ કરે છે -

**तथा न च भाव एकान्तेन अभाव एव युज्यते कदाचित्, अतिप्रसङ्गेन हेतुनेति वर्तते । यदि हि सदेवासद् भवेत्, ततः सत्त्वाऽविशेषात् सकल-शक्तिअभावाद् विवक्षितासत्त्ववद् अविवक्षितमपि भवेत्, हेत्वविशेषादिति समं घटमृदाद्यभावापत्तिः ।**

પૂર્વચર્ચામાં "એકાન્તે જે (સર્વથા) અસત્ હોય છે તે જ સત્ બને છે" એ પક્ષનું ખંડન કરી હવે તેનાથી વિપરીત એકાન્ત પક્ષ" એકાન્તે જે (સર્વથા) સત્ હોય છે તે અસત્ જ બને છે" એ બીજા પક્ષનું ખંડન સમજાવે છે -

બૌદ્ધદર્શન એમ માને છે કે જે જે "સત્" છે તે તે બીજા સમયે "અસત્" બને છે. પ્રતિસમયે સર્વે પદાર્થો સર્વથા ક્ષણિક છે. પ્રથમ સમયની જે સત્ વસ્તુ છે તે બીજા સમયે સર્વથા અસત્ જ બને છે. આ માન્યતાનું ખંડન કરતાં આચાર્યશ્રી જણાવે છે કે -

तथा च एकान्तेन भाव अभाव एव कदाचित् न युज्यते = આ સંસારમાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકાન્તે "જે સત્ હોય છે તે અસત્ જ બને" એમ કોઈ દિવસ ઘટી શકતું નથી. કારણ કે તેમ માનવામાં પણ "અતિવ્યાપ્તિ દોષ" આવે છે એ જ હેતુ છે. "અતિવ્યાપ્તિ દોષ લાગે છે" એ પદ ઉપરના પૂર્વાર્ધથી અહીં નીચેના અનુમાનમાં પણ વર્તે છે. કારણ કે જો "સત્" જ "અસત્" બનતું હોય તો માટીનો બનેલો ઘટ જ્યારે ફૂટે છે ત્યારે તે ઘટમાં ઘટપણું અને માટીપણું એમ બન્ને સત્ હતાં તેથી બન્નેનું અસત્પણું થવું જોઈએ. ફક્ત ઘટપણું જ જાય છે, અને માટીપણું તો રહે છે. આમ કેમ બને ? સત્ હોય તે અસત્ બને જ, જો આવો જ નિયમ હોય તો ઘટ અને માટી બન્નેમાં "સત્" પણું અવિશેષ (એકસરખું સમાન) હોવાથી, તથા બીજા સમયે ઘટશક્તિનો જેમ અભાવ વર્તે છે તેમ જ મૃત્ શક્તિનો પણ અભાવ જ થવાથી ઘટ - મૃદ્ એમ સકલ શક્તિનો અભાવ થવાથી, વિવક્ષિત એવું ઘટપણું જેમ અસત્ બને છે તેમ અવિવક્ષિત એવું મૃદ્ પણું પણ અસત્ બનવું જોઈએ, બન્નેમાં "સત્" પણું એ હેતુ અવિશેષ જ હોવાથી ઘટ - મૃદ્ એમ ઉભયનો અભાવ સાથે જ થવાની આપત્તિ આવશે.

તમારું (બૌદ્ધોનું) કહેવું છે કે "જે જે સત્ હોય તે તે અસત્ થાય," એટલે અસત્ થવામાં સત્પણું એ જ હેતુ થયો, તેથી ઘટ ફૂટે ત્યારે જેમ ઘટ અસત્ થવામાં ઘટનું સત્પણું એ કારણ ત્યાં છે. તેમ મૃદ્નું સત્પણું પણ પૂર્વ સમયમાં વિદ્યમાન હોવાથી મૃદ્ પણ ઘટની સાથે જ અસત્ થવી જોઈએ, જેમ ઘટ નથી દેખાતો તેમ ઠીકરાં (કપાલ) પણ ન દેખાવાં જોઈએ. સર્વથા ભૂતલ કોરું જ થવું જોઈએ, "અસત્"ની ઉત્પત્તિમાં ઘટમાં અને મૃદ્માં "સત્પણાનું હોવું" એ હેતુ અવિશેષ જ છે. પછી શા માટે એક અસત્ બને અને બીજું અસત્ ન બને ? તેથી ઘટના અસત્ની સાથે મૃદ્ પણ અસત્ થવી જ જોઈએ તેવી અતિવ્યાપ્તિ દોષ તમને સ્પષ્ટ લાગશે જ.

ઉપર મુજબ પોતાની માન્યતાનું ખંડન સાંભળી બૌદ્ધ પોતાના પક્ષનો હવે બચાવ કરે છે કે ટીકાકારશ્રીએ બૌદ્ધે કરેલો બચાવ લખ્યો નથી, પરંતુ તેના બચાવનું ખંડન કર્યું છે. એટલે તેમના હૃદયમાં તે બૌદ્ધોનો બચાવ હશે જ. પરંતુ આપણે તે બચાવ ન જાણીએ ત્યાં સુધી તેનું કરાયેલું ખંડન સમજાય નહીં. તેથી પ્રથમ બૌદ્ધે કરેલો બચાવ જે ટીકાના શબ્દોમાં નથી, પરંતુ ટીકાકારશ્રીના હૃદયમાં છે તે વિચારીએ -

તેઓનો બચાવપક્ષ એવો છે કે જ્યારે ઘટ ફૂટે ત્યારે ઘટ અને માટી એમ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બન્ને સત્ ભાવો અસત્ બને જ છે. કારણ કે અમારો જે સિદ્ધાન્ત છે "જે જે સત્ હોય તે તે અસત્ બને જ" આ બરાબર જ છે. તેથી ઘટમાં ઘટ અને મૃદ્ એમ બન્ને સત્ હતાં, જે સત્ હોય તે અસત્ બને જ, માટે ઘટ ફૂટે ત્યારે ઘટ અને મૃદ્ એમ બન્ને અસત્ થાય જ. છતાં લોકમાં ઘટફૂટે યારે જે ઠીકરાં રૂપે મૃદ્ દૃષ્ટિગોચર થાય છે તેથી તે નવી ઉત્પન્ન થયેલી મૃદ્ છે. તેને "अन्यमृद्" કહેવાય છે. ઘટ ગયો તેની સાથે ઘટીય મૃદ્ પણ અસત્ બની જ. ભૂમિ ઉપર ઠીકરાંપણે જે મૃદ્ દેખાય છે તે તદ્દન નવી અન્ય જ મૃદ્ ઉત્પન્ન થાય છે. એમ અમે અન્યમૃદાદિની કલ્પના કરીશું. અહીં આદિ શબ્દથી પટ ફાટે ત્યારે પટના નાશની સાથે તન્તુદ્રવ્યનો પણ નાશ થાય જ છે અને "અન્યતન્તુ" ઉત્પન્ન થાય છે ઈત્યાદિ બીજાં દૃષ્ટાન્તો સમજાવવા માટે આદિ શબ્દ છે.

ટીકાકારશ્રી ઉપરોક્ત તેઓના બચાવનું ખંડન કરતાં જણાવે છે કે "अनुपयोगिनी चेह तदन्यमृदादिपरिकल्पना =" અહીં બચાવમાં તે મૃદ્થી "અન્યમૃદાદિ"ની કલ્પના કરવી તે બીનઉપયોગી છે- બીનજરૂરી છે, કારણ કે તમારા મતે "સત્" વસ્તુ "असत्" થવાના સ્વભાવવાળી છે એવા સ્વભાવહેતુના કારણે તે કલ્પના પણ ઉપરોક્ત અતિવ્યાપ્તિ દોષથી રહિત નથી. એટલે કે સત્નો અસત્ થવાનો સ્વભાવ તમે માન્યો છે. ઘટ ફૂટે ત્યારે ઘટ અને મૃદ્ એમ બન્ને સત્ હતા તેથી તે બન્ને તો અસત્ થવા જોઈએ, પરંતુ તેના સ્થાને જે અન્ય મૃદ્ ઉત્પન્ન થાય છે એવી જે કલ્પના તમે કરી ત્યાં તે અન્ય મૃદ્ પણ ઉત્પન્ન થઈ એટલી સત્ થઈ, અને સત્ થઈ એટલે અસત્ બનવી જ જોઈએ એટલે તે અન્યમૃદ્ પણ અસત્ જ થશે, તેને સ્થાને બીજી અન્યમૃદ્ માનશો તો તે પણ સત્ થઈ એટલે અસત્ થવી જ જોઈએ. આ પ્રમાણે ઘટીયમૃદ્ અસત્ થતાં ઈતર અન્યમૃદ્માં અસત્ થવાની ઉક્ત અતિવ્યાપ્તિ આવશે જ. કારણ કે "સત્"નો "असत्भवनस्वभाव" હોવાના કારણે ભૂતલ સર્વથા માટી વિનાનું કોરું જ થવું જોઈએ.

તથા હવે તમે કદાચ એવો બચાવ કરો કે ઘટ અને ઘટીયમૃદ્ સત્ હોવાથી ઘટ ફૂટે ત્યારે બન્ને અસત્ થાય. પરંતુ જે અન્યમૃદ્ ઉત્પન્ન થઈ તે અસદ્ભવનસ્વભાવવાળી ન હોય અને તે ભૂમિ ઉપર વર્તે તેથી ઠીકરાં દેખાય છે. તો તમારી તે કલ્પના પણ વ્યાજબી નથી. કારણ કે આ અસદ્ભવનસ્વભાવ અવધ્ય છે - અપરાવર્તનીય છે. બદલી શકાતો નથી તેથી અન્યમૃદ્માં પણ આ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અસદ્ભવન સ્વભાવ અવશ્ય હોવાથી સ્વભાવાન્તરની (અસત્ ન થાય પણ સત્ રહે તેવી ) કલ્પનાનો અયોગ છે. કારણ કે સ્વભાવ એ સ્વભાવ હોવાથી બદલી શકાતો નથી. સ્વભાવાન્તર થતો નથી તેથી અન્યમૃદ્ પણ સર્વથા અસત્ જ થશે. ભૂમિતલ ઠીકરાં વિનાનું જ થવું જોઈએ પરંતુ થતું નથી માટે તમારો આ બચાવ વ્યાજબી નથી. તેથી તમારી માન્યતા દોષયુક્ત છે.

**एवं च**

**सतोऽपि भावेऽभावस्य, विकल्पश्चेदयं समः ।**

**न तत्र किञ्चिद् भवति, न भवत्येव केवलम् ।**

**इत्यपि वचनमात्रमेव ।**

આ પ્રમાણે તમારી સત્ હોય તે અસત્ થાય જ એ અને તેના બચાવમાં મૂકેલી અન્યમૃદ્ની કલ્પના દોષયુક્ત હોવાથી તમારા જ શાસ્ત્રોમાં આવી જે ચર્ચા કરી છે તે કહેવા પૂરતી જ છે. યથાર્થ નથી. સાચી નથી.

તમારાં શાસ્ત્રોમાં આ પ્રમાણે કહ્યું છે કે -

પ્રથમસમયે સત્ પણે રહેલી વસ્તુના અભાવનું બીજા સમયે થવાપણું માનવામાં (અર્થાત્ સત્નું અસત્પણું માનવામાં) જો આ વિકલ્પ સરખો જ જણાતો હોય (અર્થાત્ ઘટના નાશની સાથે મૃદ્નો પણ નાશ થઈ જવો જોઈએ એવો સમાન વિકલ્પ લાગતો હોય) તો અમે બૌધ્ધો એમ કહીએ છીએ કે ઘટનાશ થાય ત્યારે **ત્યાં કંઈ જ થતું નથી** (અર્થાત્ કંઈ જ નવું બનતું નથી.) પરંતુ "न भवत्येव" **કંઈ નથી જ થતું એવું** જ કેવળ બને છે. ઉપર પ્રમાણે બૌધ્ધોનું કહેવું તે બોલવા પૂરતું જ છે. તથ્ય નથી અતિવ્યાપ્તિ દોષ પૂર્વે અમે જણાવી ગયા છીએ.

આ પ્રમાણે બન્ને એકાન્તપક્ષનું ગ્રંથકારશ્રીએ ખંડન કર્યું. તે ખંડનવાળાં બન્ને અનુમાનોનો પ્રયોગ આ પ્રમાણે છે -

| | પક્ષ | સાધ્ય | હેતુ |
|---|---|---|---|
| (१) | **अभावः एव,** | **भावः नैव भवति,** | **अतिव्याप्तिप्रसङ्गात्( पूर्वार्ध )** |
| (२) | **भावः एव,** | **अभावः नैव भवति,** | **अतिव्याप्तिप्रसङ्गात्( उत्तरार्ध )** |

ગ્રંથકારશ્રીએ રજૂ કરેલાં આ બન્ને અનુમાનોમાં "अतिव्याप्तिप्रसङ्गात्" એવો જે હેતુ કહ્યો છે. તેને કોઈ પૂર્વપક્ષવાદી આપણે ઉપર ચર્ચા કરી ગયા તે પ્રમાણે "અસિદ્ધ" હેત્વાભાસ બનાવે, એટલે કે અમારી એકાન્તમાન્યતામાં "અતિવ્યાપ્તિ"



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દોષ આવતો નથી, કારણ કે "अतिव्याप्तिप्रसङ्गात्" આ તમારો કહેલો હેતુ "अभावः एव," અથવા "भावः एव" એવા અમારા એકાન્તવાદવાળા પક્ષમાં ઘટતો નથી. તેથી અસિદ્ધહેત્વાભાસ થાય છે. એમ હેતુ પક્ષમાં ઘટતો ન હોવાથી તમારો જૈનોનો હેતુ અસિદ્ધહેત્વાભાસ થશે. એમ કોઈ પૂર્વપક્ષવાદી કહે તો તેના વડે કરાતા "અસિદ્ધ" હેત્વાભાસના પરિહાર માટે મૂળ સૂત્રકારશ્રી ગ્રન્થથી જ = એટલે ગાથાના મૂળપદથી જ જવાબ આપે છે કે-

**ग्रन्थत एव हेतुद्वयासिद्धत्वपरिहारमाह- "तथास्वभावत्वाभावादिति" उभयत्रातिप्रसङ्गो व्यवस्थितः तथास्वभावत्वाभावात् । तथाहि - यदा अभावो भावो भवति तदा तथास्वभावत्वस्य - विवक्षितभावभवनस्यभावत्वस्य तत्राभावो निःस्वभावतयैवेति प्रकटम् । यदापि भाव एवाभावो भवति तदापि तथास्वभावत्वस्य स्वाऽभवनस्वभावत्वस्य तत्राभावो निःस्वभावतयैवेति भावनीयम् । इति गाथार्थः । ॥ ७२ ॥**

ઉપરોક્ત બન્ને અનુમાનોમાં સૂત્રકારશ્રીએ મૂળગાથામાં કહેલ બન્ને હેતુઓને કોઈ અસિદ્ધ હેત્વાભાસ કરે તો તેનો પરિહાર ગ્રન્થથી જ= મૂળ ગાથાથી સૂત્રકારશ્રી જણાવે છે કે તથાસ્વભાવત્વના અભાવ (હેતુ)થી બન્ને અનુમાનોમાં અતિવ્યાપ્તિ દોષ પ્રગટ પણે વ્યવસ્થિત રહેલો જ છે.

| **પક્ષ** | **સાધ્ય** | **હેતુ** |
| --- | --- | --- |
| **उभयत्र** | **अतिव्याप्तिरस्त्येव** | **तथास्वभावत्वाभावात्** |

બન્ને અનુમાનોમાં અતિવ્યાપ્તિદોષ સંભવે જ છે. માટે અસિદ્ધહેત્વાભાસ થતો નથી. તેનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે -

(૧) જો અભાવ (અસત્) હોય તે ભાવાત્મક (સત્) બનતું હોય તો (ઘટને ઉત્પન્ન કરતી તે માટીમાં) તથાસ્વભાવત્વનો એટલે કે વિવક્ષિત એવા ઘટભાવ માત્રને જ ઉત્પન્ન કરવાનો તેવા પ્રકારનો ભવનસ્વભાવ જે ત્યાં માટીમાં તમે કહો છો તેનો તે માટીમાં અભાવ થશે. અર્થાત્ ઘટમાત્રને જ ઉત્પન્નં કરવાનો જે તથાસ્વભાવ છે તેનો અભાવ થશે. કારણ કે માટીમાં જેમ ઘટ અસત્ છે તેમ પટ - મઠ વિગેરે ઈતરકાર્યો પણ અસત્ છે જ. અને જે અસત્ હોય તે સત્ બને. માટે ઘટ જેમ અસત્ અને તેનું ભવન થાય છે તેમ પટ - મઠ પણ અસત્ હોવાથી તેનું પણ ભવન થશે જ. તેથી વિવક્ષિત ભાવ જે ઘટભાવ, તે એક માત્રનો જે ભવનસ્વભાવ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટીમાં તમે માનો છો તેનો અભાવ થશે, આમ તે સ્વભાવનો અભાવ થવાથી નિઃસ્વભાવતા થવા વડે ઈતર અસત્ પદાર્થોનું પણ ભવન થવાથી સ્પષ્ટ અતિવ્યાપ્તિ આવશે જ :

(૨) બીજા અનુમાનમાં પણ ''यदापि भाव एवाभावो भवति तदापि'' જે ભાવાત્મક (સત્) હોય તે અભાવાત્મક (અસત્) જ બનતું હોય તો ઘટ ફૂટે ત્યારે તથાસ્વભાવત્વનો = એટલે સ્વ= અર્થાત્ ઘટમાત્રના જ અભવનસ્વભાવનો ત્યાં અભાવ થશે જ. કારણ કે ઘટકાલે જેમ ઘટ સત્ છે તેમ મૃદ્ પણ સત્ છે જ. એમ બન્ને સત્પણે સરખા છે. અને જે જે સત્ હોય તે તે અસત્ થાય જ, તેથી એકલા સત્ એવા ઘટનો જ અભવનસ્વભાવ રહેશે નહીં. પરંતુ ઘટ - મૃદ્ એમ ઉભયનો અભવનસ્વભાવ થશે. તેથી સ્વ એટલે ઘટમાત્ર પોતે એકલો જ अभवन = અસત્ બની જાય એવા સ્વભાવનો ત્યાં અભાવ થવાથી ''સ્વાભવન રૂપ તથાસ્વભાવત્વનો અભાવ થવાથી'' નિઃસ્વભાવતા જ આવશે અને તે નિઃસ્વભાવતા વડે ઘટની જેમ મૃદ્ પણ અસત્ થવાની સ્પષ્ટ અતિવ્યાપ્તિ આવશે જ.

(૧) માટીમાં ઘટ જરૂર અસત્ હતો પરંતુ સર્વથા અસત્ ન હતો, માત્ર પર્યાયથી જ અસત્ હતો પરંતુ દ્રવ્યથી સત્ હતો માટે માટીમાંથી ઘટ જ થાય પરંતુ પટ - મઠાદિ ન થાય. બૌદ્ધો એકાન્તે અસત્ માને છે એટલે માટીમાં જો સર્વથા અસત્ ઘટ પ્રગટ થતો હોય તો સર્વથા અસત્ એવા પટ - મઠાદિ પણ પ્રગટ થવા જોઈએ, વિવક્ષિત ઘટ જ પ્રગટ થાય એમ કેમ બને ? આવો પ્રથમ અતિવ્યાપ્તિદોષ ગ્રંથકારે આપ્યો છે.

(૨) તેવી જ રીતે બીજા દૃષ્ટાન્તમાં પણ જે પર્યાયથી સત્ હોય છે તે પર્યાયથી અસત્ થાય છે પરંતુ દ્રવ્યથી અસત્ થતું નથી તેથી ઘટ ફૂટે ત્યારે ઘટપર્યાય અસત્ થાય છે. પરંતુ મૃદ્ દ્રવ્ય અસત્ થતું નથી. છતાં બૌદ્ધો એકાન્તે નાશ માને છે એટલે દોષ આપે છે કે જો જે સત્ હોય તે એકાન્તે અસત્ થતું હોય તો ઘટની જેમ મૃદ્ પણ અસત્ થવી જોઈએ માત્ર ઘટ જ અસત્ થાય અને માટી અસત્ ન થાય એવું કેમ બને ? ઘટનું જ અભવન થવું એવા તથાસ્વભાવનો અભાવ થવાથી અતિવ્યાપ્તિ દોષ આવે જ. આ પ્રમાણે એકાન્તવાદમાં દોષો હોવાથી અજ્ઞાન જ છે. હે આત્મન્ ! તું આવી અજ્ઞાનદશાને હવે ત્યજી દે એમ આત્માને સમજાવે છે. આ ગાથા સ્થિરબુદ્ધિથી વિચારવી. ॥ ૭૨ ॥

॥ મોક્ષતત્ત્વ સ્વરૂપ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણ :- एवं विपक्षे बाधकप्रमाणमभिधाय स्वपक्षसिद्ध्यर्थमाह -** આ પ્રમાણે વિપક્ષમાં (એકાન્તવાદમાં) આવતું બાધક પ્રમાણ (દોષ) જણાવીને હવે સ્વપક્ષની (અનેકાન્તવાદની) સિદ્ધિ માટે જણાવે છે કે -

**एयस्स[१] उ भावाओ,[२] णिवित्ति- अणुवित्तिजोगओ[३] होंति[४] ।**
**उप्पायादी[५] णेवं,[६] अविगारी[७] वऽणुहवविरोहा[८] ॥ ७३ ॥**

**"एतस्य पुनः"= तथास्वभावत्वस्य "भावात्"= कारणाद् निवृत्त्य नुवृत्तियोगतो हेतोर्भवन्ति, के ? इत्याह - "उत्पादादयः" = उत्पाद-व्यय-ध्रौव्याणि, प्रकारान्तरेणोक्तवदुत्पाद्ययोगात् । नैवं प्रक्रमात् पुरुषः अविकार्यपि, अपिशब्दात् विकार्यपि, अनुभवविरोधात् । एकान्तैकस्वभावेऽनुभवभेदायोगादिति हृदयम् ।**

**ગાથાર્થ** :- આ "તથાસ્વભાવત્વ હેતુ" હોવાથી સર્વે પદાર્થો નિવૃત્તિ અને અનુવૃત્તિના યોગવાળા જ છે. અને તેના કારણથી ઉત્પાદિ ત્રણ ધર્મવાળા જ છે. પરંતુ એકાન્તે અવિકારી પણ નથી (તથા વિકારી પણ નથી) કારણ કે તેમ માનવામાં અનુભવનો વિરોધ આવે છે. ॥ ૭૩ ॥

**ટીકાનુવાદ** :- ઉપર ૭૨ મી ગાથામાં છેલ્લી ૫/૬ પંક્તિમાં એમ સમજાવવામાં આવ્યું કે (૧) **અભાવ જ ભાવ થાય છે** એમ માનવામાં પણ અતિવ્યાપ્તિ આવે છે અને (૨) **ભાવ જ અભાવ થાય છે** એમ માનવામાં પણ અતિવ્યાપ્તિ આવે છે. આ બન્ને જગ્યાએ અતિવ્યાપ્તિ આવવામાં જો કોઈ કારણ હોય તો "તથાસ્વભાવત્વનો અભાવ" એ જ કારણ છે. એટલે જ્યાં જ્યાં તથાસ્વભાવત્વનો અભાવ હોય ત્યાં ત્યાં અતિવ્યાપ્તિ આવે જ છે. તેથી પ્રશ્ન થશે કે તો પછી આ અતિવ્યાપ્તિદોષ ક્યાં ન આવે ? અને નિર્દોષપણે વસ્તુનું યથાર્થ સ્વરૂપ ક્યાં હોય ? તેનો ઉત્તર આ ગાથાથી શરૂ કરે છે કે -

જ્યાં જ્યાં આ (તથાસ્વભાવત્વનો અભાવ ન હોય પરંતુ આ) તથાસ્વભાવત્વનો ભાવ હોય ત્યાં ત્યાં તે (તથાસ્વભાવત્વના ભાવ) ના કારણથી તમામ દ્રવ્યો નિવૃત્તિ અને અનુવૃત્તિના યોગવાળાં છે. અને તે નિવૃત્તિ-અનુવૃત્તિનો યોગ હોવાના હેતુથી જ સર્વે દ્રવ્યો ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વભાવવાળાં હોય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"તથાસ્વભાવત્વ" એટલે શું ? तथा = વિવક્ષિત (ઘટમાત્ર) ભાવે ભવનનો (થવાનો) જે સ્વભાવ તે **તથાસ્વભાવત્વ,** માટીમાં વિવક્ષિત એવા ઘટમાત્ર ભાવે થવાનો સ્વભાવ છે. તેથી માટીમાંથી ઘટ જ થાય છે. પરંતુ પટ - મઠાદિ થતા નથી. જો બૌદ્ધે કહ્યું તેમ "જે અભાવ હોય તે ભાવાત્મક બને" એમ માનીએ તો માટીમાં જેમ ઘટનો અભાવ છે તેમ પટ - મઠ - શશશૃંગાદિનો પણ અભાવ છે. તેથી તે પણ ભાવાત્મક બનવાં જોઈએ પરંતુ બનતાં નથી. માત્ર ઘટ જ બને છે તેથી માટીમાં માત્ર ઘટભાવના ભવનનો સ્વભાવ તે તથાસ્વભાવત્વ વર્તે છે. તે તથાસ્વભાવત્વ હેતુથી જ પ્રત્યેક દ્રવ્યો નિવૃત્તિ (બદલાવાપણાના) ધર્મવાળાં છે. દ્રવ્યાર્થિક નયથી જે પર્યાય "સત્" છે તે જ પ્રગટ થાય છે.

તથા ઘટ ફૂટે ત્યારે પણ ઘટાત્મક જે પર્યાય, તે પર્યાય માત્ર પણે અભવનસ્વભાવ તેનું નામ **તથાસ્વભાવત્વ** તેવો તથાસ્વભાવત્વ હોવાથી ઘટ ફૂટે ત્યારે માત્ર ઘટ પર્યાય જે સત્ હતો તેનું જ અભવન (અસત્) થવું ત્યાં સંભવે છે. પરંતુ માટી અસત્ થતી નથી. જો બૌદ્ધે કહેલું " જે જે સત્ હોય તે તે અસત્ થાય" એમ માનીએ તો ઘટ જેમ સત્ છે તેમ મૃદ્ પણ સત્ છે માટે તે પણ અસત્ બનવી જોઈએ પરંતુ માટી અસદ્ બનતી નથી. તેથી ઘટપર્યાય માત્રનો અસત્ થવા રૂપ તથાસ્વભાવત્વ ત્યાં હોવાથી ઘટ જાય છે પરંતુ માટી દ્રવ્ય તેનું તે જ અનુવૃત્તિ રૂપે વર્તે છે.

આ પ્રમાણે પર્યાય માત્રને આશ્રયી નિવૃત્તિ હોવાથી ઉત્તર પર્યાયની અપેક્ષાએ ઉત્પાદ, પૂર્વપર્યાયની અપેક્ષાએ વ્યય એમ નિવૃત્તિસ્વભાવના કારણે ઉત્પાદ-વ્યય સંભવે છે. તથા પર્યાયની અપેક્ષાએ ઉત્પાદ - વ્યય હોવા છતાં પણ મૃદ્દ્રવ્યરૂપે પિંડાવસ્થા, ઘટાવસ્થા, અને કપાલાવસ્થામાં માટી અલ્પ પણ ફરતી નથી તેથી અનુવૃત્તિ સ્વભાવવાળી હોવાથી માટી દ્રવ્યરૂપે ધ્રુવ છે. આ પ્રમાણે નિવૃત્તિ અને અનુવૃત્તિને કારણે તમામ દ્રવ્યો ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વભાવવાળાં છે.

આ સિવાય બીજો કોઈ પ્રકારાન્તર માનો તો उक्तवद् = ઉપર ૭૨મી ગાથામાં સમજાવ્યું તેમ ઉત્પાદાદિ (ઉત્પાદ - વ્યય અને ધ્રુવ) ધર્મો ઘટતા નથી અને અતિવ્યાપ્તિ દોષ આવે છે.

**नैवं प्रक्रमात्**= આ પ્રમાણે પ્રત્યેક દ્રવ્યોમાં પ્રક્રમ (રીત) હોવાથી "પુરુષ" સર્વથા અવિકારી (નિત્ય) પણ નથી, તથા અપિશબ્દથી સર્વથા વિકારી (અનિત્ય)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ નથી. બન્ને એકાન્તવાદમાં અનુભવનો વિરોધ જ દેખાય છે. જો બાળક - યુવક-અને વૃદ્ધ અવસ્થામાં પુરુષ એકાન્તે નિત્ય જ હોય તો બાલ્યાવસ્થામાં રમતગમતની પ્રિયતા, યુવાવસ્થામાં વાસનાની પ્રિયતા, અને વૃદ્ધાવસ્થામાં માન પ્રતિષ્ઠાની પ્રિયતા જે અનુભવાય છે તે અનુભવભેદ એકાન્તનિત્યમાં ઘટે નહીં તેવી જ રીતે જો પુરુષ એકાન્તે અનિત્ય હોય તો બાલ્યાવસ્થામાં કરેલા અનુભવોનું યુવાવસ્થામાં સ્મરણ જે થાય છે તે ઘટે નહીં. માટે એકાન્ત નિત્ય કે એકાન્ત અનિત્ય દ્રવ્યો નથી. इति हृदयम् = એમ સમજવું.

**एतदुक्तं भवति - यदैव विवक्षितभावभवनस्वभावोऽभावः तदैव स्वभावभावाद् जहाति सर्वथा भावत्वम्, यदापि च स्वनिवृत्तिस्वभावस्तदाप्येवंविधस्वभावभावात् स्वनिवृत्तिमिति सूक्ष्मधियाऽऽलोचनीयम्।एवंचानुवृत्ति-व्यावृत्तिस्वभावंवस्तूत्पादाद्यात्मकमिति सिद्धम् । उक्तं च -**

**घट-मौलि-सुवर्णार्थी, नाशोत्पाद-स्थितिष्वयम् ।**
**शोक-प्रमोद माध्यस्थ्यं, जनो याति सहेतुकम् ॥ ४७८ ॥**
**पयोव्रतो न दध्यत्ति, न पयोऽत्ति दधिव्रतः ।**
**अगोरसव्रतो नोभे, तस्मात् तत्त्वं त्रयात्मकम् ॥ ४७९ ॥**
**( शास्त्रवार्तासमुच्चय - स्त. ९ ) । इति गाथार्थः ॥ ७३ ॥**

ઉપર સમજાવેલી વાતનો સારાંશ આ પ્રમાણે છે. જ્યારે મૃદ્‌ની પિંડાવસ્થા છે ત્યારે ત્યાં જે અભાવ વર્તે છે તે અભાવ વિવક્ષિત એવા ઘટભાવે ભવન થવાના સ્વભાવવાળો જ અભાવ વર્તે છે. (પરંતુ સર્વ ઘટ-પટ-મઠ-શશશૃંગાદિ ભાવે ભવન થવાના સ્વભાવવાળો અભાવ વર્તતો નથી) તેથી તે કાલે પણ ઘટમાત્ર થવાનો **તથાસ્વભાવ** હોવાથી ઘટ જ બને છે. પરંતુ ઘટ - પટ - મઠ શશશૃંગાદિ સર્વ પર્યાયો બનતા નથી, સર્વ પર્યાયો બનવાના સર્વથા ભાવત્વનો ત્યાગ કરે છે. એટલે કે સર્વ પર્યાયો બનતા નથી. તથા જ્યારે ઘટ ફૂટે છે ત્યારે પણ સ્વનિવૃત્તિ = ઘટપર્યાય રૂપ સ્વની જ માત્ર નિવૃત્તિ થવાનો સ્વભાવ છે. તેથી તે કાલે પણ આવો (ઘટમાત્ર પર્યાયની નિવૃત્તિ) રૂપ સ્વભાવ હોવાથી સ્વની જ (માત્ર ઘટપર્યાયની જ) નિવૃત્તિને પામે છે. પરંતુ ઘટ - મૃદ્ એમ ઉભયભાવની નિવૃત્તિ થતી નથી. આ વિષય સૂક્ષ્મ હોવાથી સૂક્ષ્મબુદ્ધિપૂર્વક વિચારવા જેવું છે અને તે કારણથી જ અમે આ વિષયને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વધુ સ્પષ્ટ કરવા પુનરુક્તિ ન ગણતાં વારંવાર સમજાવવા પ્રયત્ન કર્યો છે.

આ પ્રમાણે દ્રવ્યથી અનુવૃત્તિ સ્વભાવવાળું, અને પર્યાયથી વ્યાવૃત્તિ સ્વભાવ વાળું દ્રવ્ય છે. તેથી જ દ્રવ્ય ઉત્પાદ - વ્યય અને ધ્રુવ એમ ત્રણ ધર્માત્મક છે એમ સિદ્ધ થયું. ગ્રંથકારશ્રીએ જ શાસ્ત્રવાર્તાસમુચ્ચયમાં કહ્યું છે કે -

ઘટ - મુગુટ અને સુવર્ણના અર્થી એવા આ (બે પુત્રો અને પિતારૂપ ત્રણ) મનુષ્યો નાશ - ઉત્પાદ અને સ્થિતિ દેખતે છતે શોક પ્રમોદ અને માધ્યસ્થતા જે પામે છે તે અવશ્ય સહેતુક જ છે. ॥ ૪૭૮ ॥

**"દૂધ જ પીવું"** આવા નિયમવાળો આત્મા દહીં જમતો નથી, અને **દહીં જ જમવું"** એવા નિયમવાળો દૂધ પીતો નથી, અને **"અગોરસ જ ભોજન કરવું"** એવા વ્રતવાળો ઉભય જમતો નથી. તેથી તત્ત્વ (પદાર્થ) ત્રણ ધર્માત્મક છે. ॥ ૪૭૯ ॥

આ જ સારને સમજાવતાં પૂજ્ય ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજશ્રીએ દ્રવ્ય ગુણ પર્યાયના રાસમાં કહ્યું છે કે -

**घट मुकुट सुवर्णह अर्थिआ, व्यय उत्पत्ति थिति पेखंत रे ।**
**निजरूपइं होवइं हेमथी, दुःख हर्ष उपेक्षावंत रे ॥ १३६ ॥**
**दुग्धव्रत दधि भुंजई नहीं, नवि दूध दधिव्रत खाई रे ।**
**नवि दोइं अगोरसव्रत जिमइं, तिणि तियलक्षण जग थाई रे ॥ १४२ ॥**

ઢાળ નવમી ગાથા - ૩/૯ ॥૭૩॥

**અવતરણ :- आज्ञयेति द्वारं व्याचिख्यासुराह** - ગાથા ૬૦ મીમાં "चिंतेज्जाऽऽणाए दढं" કહ્યું હતું. તેનો ભાવાર્થ એ છે કે વીતરાગ પરમાત્માની આજ્ઞાને અનુસારે એકાન્તમાં સમ્યગ્ ઉપયોગ પૂર્વક આ રાગાદિના વિષયોનો વિચાર કરવો તેમાં "આજ્ઞાપૂર્વક" એવી જે વિધિ જણાવી તેનું વ્યાખ્યાન કરતાં જણાવે છે કે -

**आणाए[1] चिंतणम्मी,[2] तत्तावगमो[4] णिओगओ[3] होंति[5] ।**
**भावगुणागरबहुमाणओ,[6] य कम्मक्खओ[8] परमो[7] ॥ ७४ ॥**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"आज्ञया" परमगुरुवचनरूपया हेतुभूतया चिन्तने अधिकृतस्य वस्तुनः, "तत्त्वावगमः"= तत्त्वपरिच्छेदः, "नियोगतो भवति"= अवश्यं भवतीति रागादि विषं प्रति परममन्त्रकल्पत्वादाज्ञायाः। अत एवाहुरपरे - "अमन्त्रापमार्जनकल्या फलं प्रत्यनागमा क्रिया इति"।

तथा भावगुणाकरबहुमानाच्च - तीर्थंकरबहुमानाच्चाज्ञासारया प्रवृत्त्या कर्मक्षयः परमः, स्थानबहुमानेन तुल्यक्रियायामेवाज्ञाराधन- विराधनाभ्यां कर्मक्षयादिविशेषात्। इति गाथार्थः। ॥ ७४ ॥

**ગાથાર્થ** :- વીતરાગ પરમાત્માની આજ્ઞાના અનુસારે તત્ત્વોનું ચિંતન કરવાથી નિયમા તત્ત્વોનો બોધ (તત્ત્વજ્ઞાન) પ્રગટ થાય છે. કારણ કે ભાવ ગુણોના મહાસાગર એવા પરમાત્મા પ્રત્યેના બહુમાનથી જ કર્મોનો પરમ એવો ક્ષય થાય છે. ॥૭૪॥

**ટીકાનુવાદ** :- રાગ - દ્વેષ અને મોહ આ દોષો અનાદિ કાળથી આ જીવને સતાવે છે. તેને દૂર કરવા માટે ભાવનાશ્રુતપાઠ, તીર્થશ્રવણ, અને આત્મસંપ્રેક્ષણ આ ત્રણ ઉપાયો ૫૨ મી ગાથામાં બતાવ્યા - તે ઉપાયો અપનાવવાથી અવશ્ય રાગાદિ દોષો દૂર થાય છે. મંદ બને છે. તેનું જોર ઓછું થાય છે. પરંતુ પરમ તારક વીતરાગ પરમાત્મા રૂપ ગુરુદેવનાં વચનોને માન્ય કરવા સ્વરૂપ આજ્ઞાપૂર્વક અધિકૃત વસ્તુનું તત્ત્વચિંતન કરવામાં આવે તો જ તત્ત્વોનો નિયમા પરિચ્છેદ થાય છે. અવશ્ય તત્ત્વજ્ઞાન પ્રગટ થાય છે. કારણ કે પરમાત્માની આજ્ઞા એ રાગાદિના વિષ પ્રત્યે પરમ મન્ત્રતુલ્ય છે.

શાસ્ત્રોનો અભ્યાસ કરવા પૂરતો કરીને જ્ઞેયભાવે પદાર્થ માત્ર જાણીને વાગ્પટુતાના બળે આ જીવ સુંદર વર્ણન કરી શકે તેવો વિદ્વાન બની શકે છે. પરંતુ તે ભાવ પોતાના આત્માને સ્પર્શ્યો ન હોય, અને તેના જ કારણે વીતરાગ પરમાત્મા હૈયે વસ્યા ન હોય તથા તેમના પ્રત્યે તથા તેમનાં વચનો પ્રત્યે હાર્દિક બહુમાન-પક્ષપાત આવ્યો ન હોય તો વિદ્વત્તાભર્યા જ્ઞાનમાત્રથી આત્મકલ્યાણ સંભવતું નથી. તેની સાથે વીતરાગ પ્રભુ પ્રત્યેનું બહુમાન, તેમનો પક્ષપાત, તેમની આજ્ઞાને અનુસરવાપણું ઈત્યાદિ અત્યંત આવશ્યક છે. આજ્ઞાયોગ વિના અભવ્ય અને મિથ્યાદષ્ટિ ભવ્ય જીવો પણ નવપૂર્વાદિનું જ્ઞાન મેળવવા છતાં, ગ્રૈવેયક સુધી જવા છતાં, ભોગોની પ્રીતિ ઓછી ન થવાના કારણે આત્મકલ્યાણ સાધી શકતા નથી માટે ભોગો પ્રત્યેનો ભાવ તો નષ્ટ થવો જ જોઈએ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભોગી ગમે તેને યોગી ન ગમે અને યોગી ગમે તેને ભોગી ન ગમે, વીતરાગી દેવ, અને વૈરાગી ગુરુ જેને ગમે, તેમની આજ્ઞા જેમના મનમાં વસી તેને કાયમ માટે ભોગો પ્રત્યે ઉદાસીનતા જ આવી જાય, તે જ મહાત્માઓ યથાર્થ ***"આત્મસંપ્રેક્ષણ"*** કરી શકે છે. પ્રભુની આજ્ઞા આત્માને વિવેકી બનાવે, સમ્યગ્જ્ઞાની બનાવે, યથાર્થ માર્ગે ચડાવે, માટે તેમનો અને તેમના શાસ્ત્રોનો પૂજ્યભાવ=બહુમાનનો ભાવ હૃદયમાં વ્યાપી જવો જોઈએ.

સર્પડંશ થયો હોય તો તેનો પ્રતિપક્ષી ગારુડિક મંત્ર જ તે વિષ ઉતારી શકે તેમ રાગાદિ દોષો રૂપ વિષ (ઉતારવા) માટે તે રાગાદિના પ્રતિપક્ષી વીતરાગી દેવ અને વૈરાગી ગુરુની આજ્ઞા જ પરમ મન્ત્ર તુલ્ય છે. આ જ કારણથી અન્યદર્શનકારોએ પણ કહ્યું છે કે -

अमन्त्राप = શાસ્ત્રોની આજ્ઞાથી બહાર શાસ્ત્રાજ્ઞાથી નિરપેક્ષ કરાતી ધર્મક્રિયા રાગાદિ દોષોને દૂર કરવા રૂપ ફળપ્રાપ્તિ પ્રત્યે અમન્ત્ર તુલ્ય છે. મન્ત્રરૂપ નથી, તથા રાગાદિ દોષોનું માર્જન (શોધન) તો નથી કરતી પરંતુ અભિમાનાદિ ઉત્પન્ન કરવા દ્વારા "અપમાર્જન"= રાગાદિ દોષોનું શોધન કર્યા વિના તે દોષોની વૃદ્ધિ કરવા તુલ્ય છે.

તીર્થંકર પરમાત્માઓ ભાવથી ગુણોના સાગર છે. ગુણરત્નોના ભંડાર છે તેવા પ્રકારના ભાવથી ગુણરત્નોના મહાસાગર એવા તીર્થંકર પરમાત્મા પ્રત્યેના બહુમાનથી, અને તેઓની આજ્ઞાનું પાલન છે સારભૂત જેમાં એવી પ્રવૃત્તિ કરવા વડે પરમ એવો કર્મક્ષય થાય છે. બહુમાન વિનાનું આજ્ઞાપાલનપણું એટલું શ્રેષ્ઠ નથી કે જેટલું બહુમાનપૂર્વકનું આજ્ઞાપાલન શ્રેષ્ઠ છે. કારણ કે હૈયામાં રહેલું બહુમાન એ ભાવ ગુણ છે અને આજ્ઞાપાલનપણું એ દ્રવ્યગુણ છે. અર્થાત્ એક અભ્યન્તરગુણ છે અને બીજો બાહ્યગુણ છે. માટે આવા પ્રકારનું શ્રેષ્ઠ આત્મસંપ્રેક્ષણ જ્યારે કરાય ત્યારે વીતરાગ પ્રભુની આજ્ઞા પ્રત્યે અત્યંત હાર્દિક બહુમાન સાથે પરિપૂર્ણ પણે આજ્ઞાપાલકત્તા પાળવાપૂર્વક જ આ આત્મસંપ્રેક્ષણ કરવું - તેનાથી કર્મોનો પરમક્ષય પ્રાપ્ત થાય છે.

એકસરખી ક્રિયા હોવા છતાં પણ યોગ્ય સ્થાને બહુમાનપૂર્વક આજ્ઞાના આરાધન સહિત અને આજ્ઞાના આરાધન વિના કરાતી ધર્મક્રિયાઓથી કર્મોના ક્ષયાદિમાં વિશેષતા હોય છે. બહારથી દેખાતી ક્રિયા સરખી જ હોવા છતાં હૈયાના ભાવને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લીધે તેનાથી થતા ફળમાં ભેદ હોય છે. સિંહ પોતાના બચ્ચાને પકડે અને સસલાને પકડે. બન્ને પ્રત્યે ક્રિયા સરખી હોવા છતાં એક પ્રત્યે વાત્સલ્ય છે જે પ્રાણવૃદ્ધિનો હેતુ બને છે અને બીજા પ્રત્યે ક્રૂરતા છે જે હિંસામાં પરિણામ પામે છે. તેવી જ રીતે ધર્મક્રિયા કરતી વખતે પણ બહુમાન કરવા માટેનું યોગ્ય સ્થાન જે વીતરાગ પ્રભુ, તેમના ઉપરના હાર્દિક બહુમાનપૂર્વક આજ્ઞાના આરાધનપૂર્વક કરાતી ધર્મક્રિયા જેટલી કર્મક્ષયનો હેતુ બને છે. તેટલી આજ્ઞાના આરાધન વિના કરાતી ધર્મક્રિયા કર્મક્ષયનો હેતુ બનતી નથી. માટે ભાવના કારણે કર્મક્ષયાદિમાં વિશેષતા હોવાથી આજ્ઞારાધનપૂર્વક આત્મસંપ્રેક્ષણ કરવું.

**અવતરણ :- विविक्तदेशगुणानाह = એકાન્ત અવસ્થાવાળા ક્ષેત્રના લાભો જણાય છે.**

**पइरिक्के[२] वाघाओ[३] न[१] होइ[४] पाएण[८] योगवसिया[८] य ।**
**जायइ[१०] तहा[६] पसत्था,[७] हंदि अणब्भत्थजोगाणं[१] ॥ ७५ ॥**

**''पइरिक्के''=विविक्ते - एकान्ते व्याघातो न भवति, अधिकृतयोगस्य, ''प्रायेण''= बाहुल्येन, विक्षेपनिमित्ताभावात् । ''योगवशिता च''= योगाभ्याससामर्थ्यलक्षणा जायते तथा प्रशस्ता, विधिप्रवृत्तेरसद्ग्रहाभावात् । ''हन्दि''= इत्युपदर्शने । ''अनभ्यस्तयोगानाम्''= आदियोगानाम् ।**

**इति गाथार्थः । ॥ ७५ ॥**

**ગાથાર્થ** :- જે આત્માઓને યોગદશાનો અભ્યાસ નથી એવા પ્રાથમિક યોગાભ્યાસી આત્માઓને **એકાન્તમાં** આવા પ્રકારના તત્ત્વચિંતનમાં વ્યાઘાત (વિક્ષેપ) થતો નથી, અને પ્રશંસનીય એવી યોગવશિતા પ્રાયઃ પ્રાપ્ત થાય છે. ॥ ૭૫ ॥

**ટીકાનુવાદ** :- અપુનર્બન્ધકાવસ્થાથી સમ્યગ્દષ્ટિ સુધી આવેલા આ આત્માને ઉપરની યોગદશામાં જવા માટે ગ્રંથકારશ્રીએ આ માર્ગ બતાવ્યો છે કે ભાવના શ્રુતપાઠ કંઠસ્થ કરી, વારંવાર ગુરુજી પાસે તત્ત્વશ્રવણ કરી તે ભાવોથી રંગાયેલા આ અવિરત સમ્યગ્દષ્ટિ આત્માએ ઉપર જવા માટે રાગ-દ્વેષ-મોહને હણવા માટે તે ત્રણેનું સ્વરૂપ, પરિણામ અને વિપાક ઉપર બતાવેલી ગાથાઓ પ્રમાણે હૃદયસ્પર્શી ભાવથી વિચારવું. પરંતુ આ વિચારણા કરતાં વિધિ ખૂબ જ સાચવવી. ડૉક્ટરની દવા લેવાય પરંતુ જો તેમણે કહેલી ચંરી ન પળાય તો દવાનું ફળ પ્રાપ્ત થતું નથી. તેમ અહીં પણ જો વિધિ ન સચવાય તો ફળપ્રાપ્તિ થતી નથી.

*વિધિ સાચવવામાં પૂર્વે ગાથા ૬૦/૬૧ માં અનુક્રમે ૩+૪ એમ સાત પ્રકારની*



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિધિ કહી છે. ત્યાં ૬૧ મી ગાથામાં જણાવેલી ૪ પ્રકારની વિધિનું વર્ણન ગાથા ૬૨ થી ૬૬ માં સવિસ્તર સમજાવ્યું છે. અને ૬૦ મી ગાથામાં કહેલી ત્રણ પ્રકારની વિધિ પૈકી તીર્થંકરભગવન્તની આજ્ઞા પ્રત્યેના બહુમાન અને આજ્ઞાપાલન પૂર્વક આ તત્ત્વચિંતન કરવું એમ પ્રથમ એકવિધિ સમજાવી હવે ''पइरिक्के'' પદમાં કહેલી બીજી .વિધિ આ ગાથામાં સમજાવે છે.

જે આત્માઓને હજુ યોગદશાનો ઝાઝો અભ્યાસ નથી, પ્રારંભ છે. એવા અનભ્યસ્ત યોગવાળા અર્થાત્ આદિયોગવાળા આત્માઓને ''એકાન્તમાં'' તત્ત્વચિંતન કરવાથી ''વ્યાઘાત''= વિક્ષેપ ન થાય. પ્રસ્તુત યોગની અંદર ઘણું કરીને એકાન્તમાં વિક્ષેપના નિમિત્તનો અભાવ છે. જ્યાં મનુષ્યોનું વારંવાર ગમનાગમન હોય, અનેક સ્ત્રી પુરુષો આવતાં જતાં હોય, ત્યાં વારંવાર દૃષ્ટિ પડવાથી તેઓના હાવ - ભાવ અને વેષભૂષાદિ તરફ મન વિચારે ચડતાં પ્રસ્તુત જે યોગદશા છે તેમાં વિક્ષેપ ઉપસ્થિત થાય. તેવા વિક્ષેપોનાં નિમિત્તો એકાન્તમાં બને નહીં. તેથી આ તત્ત્વચિંતન ''એકાન્તમાં'' કરવું. જો કે એકાન્તાવસ્થા જોખમી છે. ઈન્દ્રિયોના વિકારો, વાસનાઓ, અને ભોગના વિચારો પણ વધારે પ્રમાણમાં એકાન્તમાં જ ઉછળે છે. પરંતુ ભોગીને એકાન્તાવસ્થા ભોગના વિચારોનું નિમિત્ત બને છે. અને યોગીને એકાન્તાવસ્થા યોગના વિચારોનું નિમિત્ત બને છે. માટે આ ચિંતન એકાન્તમાં કરવાનું કહ્યું છે.

તથા વળી ''એકાન્તાવસ્થા'' યોગવશિતાનું પણ કારણ બને છે. યોગવશિતા એટલે યોગદશાના અભ્યાસનું સામર્થ્યવિશેષ, આત્માનું યોગને પરવશથવાપણું- તે યોગવશિતા કહેવાય છે. તીર્થંકર ભગવન્તોની આજ્ઞાનું પાલન, એકાન્તાવસ્થા, અને સમ્યગ્ ઉપયોગયુક્ત ઈત્યાદિ વિધિપૂર્વક ચિંતન મનનમાં પ્રવૃત્તિ હોવાથી ''અસદ્આગ્રહ'' એટલે કે કદાગ્રહ = અભિનિવેશ - મિથ્યાવિકલ્પો વિગેરેનો અભાવ થવાથી દિન-પ્રતિદિન યોગદશાના અભ્યાસનું સામર્થ્ય વૃદ્ધિ પામે છે અને પ્રશંસનીય બને છે. ઉત્તરોત્તર આત્મકલ્યાણનું જ કારણ બને છે. ॥ ૭૫ ॥

**અવતરણ :- चरममुपयोगद्वारं व्याचिख्यासुराह** - સાત પ્રકારની વિધિમાં ૬૦ મી ગાથામાં બતાવેલી ત્રિવિધ વિધિમાંથી અન્તિમ ત્રીજી વિધિરૂપ એવું **ઉપયોગ** દ્વાર સમજાવતાં કહે છે -



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उवओगो[७] पुण एत्थ[१], विण्णेओ[८] जो[२] समीवजोगो[३] त्ति ।
विहियकिरियागओ[४] खलु, अवितहभावो[६] उ सव्वत्थ[५] ॥ ७६ ॥

उपयोगः पुनः ''अत्र''= प्रक्रमे विज्ञेयो यः ''समीपयोगः''- सिद्धेः प्रत्यासन्न इति । स चायमित्याह - ''विहितक्रियागतः खलु''= स्थानादिक्रियाविषयइत्यर्थः।''अवितथभावस्तु''=यथोक्त भाव एव''सर्वत्र''= स्थानादौ।एतल्लिङ्ग एव बोधः परलोकपक्षपातो भगवद्बहुमानश्च भावनीयमेतत् । इति गाथार्थः । ॥ ७६ ॥

**ગાથાર્થ** :- અહીં સિદ્ધિની સમીપતાનો યોગ કરાવનાર, પૂર્વે કહેલી ક્રિયાઓના વિષયવાળો, અને સર્વ ઠેકાણે યથાર્થભાવવાળો એવો જે બોધ (જ્ઞાનની એકાગ્રતા), તે ઉપયોગ સમજવો. ॥ ૭૬ ॥

**ટીકાનુવાદ** :- રાગ - દ્વેષ અને મોહવિષયક સ્વરૂપ, પરિણામ તથા વિપાકનું ચિંતન કરવામાં એવો સમ્યગ્ ઉપયોગ (એકાગ્રતા) રાખવો કે જે ઉપયોગ આ આત્માને સિદ્ધિની (યોગદશાની સિદ્ધિની અથવા મુક્તિની) પ્રત્યાસન્ન બનાવે તે આ ઉપયોગ ક્યાં રાખવાનો ? તે જણાવે છે કે પૂર્વે ૬૦/૬૧ મી ગાથામાં કહેલી ક્રિયાવિધિઓમાં આ ઉપયોગ રાખવાનો છે. ગુરુ-દેવને પ્રણામ, પદ્માસનાદિ આસનવિશેષ, મચ્છરાદિના ડંખની અવગણના ઈત્યાદિ જે વિધિ પૂર્વે બતાવી છે તે વિધિ તો આ તત્ત્વચિંતનમાં આવશ્યક છે જ, પરંતુ તેનાથી પણ અધિક તે સર્વે ક્રિયાવિધિઓમાં એકાગ્રતા જાગૃતિ - કાળજી પૂરેપૂરી રાખવાની છે.

આ ધર્મક્રિયાઓમાં એવો અપ્રમત્તભાવ પ્રાપ્ત કરવો કે જે અપ્રમત્તભાવ ''આત્મસંપ્રેક્ષણ'' કરવા રૂપ આરંભેલ કાર્યની અને તેના દ્વારા થનારી યોગપ્રાપ્તિની તથા સિદ્ધિની નજીક આ આત્માને લઈ જાય, યથોક્ત એવાં પદ્માસનાદિ આસન વિશેષ સાચવવાં ઈત્યાદિ પૂર્વે કહેલાં ધર્મનાં સર્વ સ્થાનોમાં (સર્વવિધિઓમાં) અવિતથભાવે જ વર્તવું. હૃદયમાં જરા પણ માયાને સ્થાન આપ્યા વિના યથાર્થપણે જ વિધિ સાચવવી. તો જ કર્મોનો ક્ષય થાય છે. અથવા પૂર્વબદ્ધ કર્મોનો અનુબંધ (ચીકણો બંધ) હળવો થાય છે માટે આ ક્રિયાઓમાં ઉપયોગ યથાર્થ સાચવવો.

અહીં ગાથામાં ઉપયોગનાં ત્રણ વિશેષણો કહ્યાં છે. તે ત્રણે વિશેષણો આ પ્રમાણે છે : (૧) મોક્ષની સમીપે લઈ જાય તેવો, (૨) પૂર્વોક્ત સર્વ વિધિ ક્રિયાઓમાં વ્યાપ્ત એવો અને (૩) યથાર્થભાવ યુક્ત, એવા આ ત્રણે લિંગવાળો બોધ = જ્ઞાનોપયોગ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરલોકનો પક્ષપાત અને તીર્થંકર પરમાત્મા પ્રત્યે બહુમાનભાવ કરાવનારો બને છે. આ આત્મસંપ્રેક્ષણ સંપૂર્ણ પૂર્વોક્ત સાતે વિધિઓ સાચવવાપૂર્વક કરે અને માયા - કપટ - બનાવટ માનાદિના પરિણામોને ત્યજીને કેવળ એક આત્મકલ્યાણ માટે જ યથાર્થભાવે ઉપયોગમય આ આત્મસંપ્રેક્ષણ જ્યારે આત્મા કરે છે, ત્યારે ઈહલોકનાં સુખોની વૃત્તિઓ મનમાંથી તદ્દન ક્ષીણ થઈ જાય છે. કદાચ કર્મોદયથી ઈહલોકને ભોગવતો હોય તો પણ નિર્લેપ બની જાય છે. કેવળ મારા આત્માનો પરલોક સુધરી જવો જ જોઈએ, આ લોકમાં મને જેમ ધર્મપરાયણતા પ્રાપ્ત થઈ છે તેમ પરભવમાં પણ અતિશય અધિક ધર્મપરાયણતા મને મળવી જોઈએ એવો પરલોકનો પક્ષપાત આવી જાય છે. તેના કારણે તે આત્માને પાપનો બંધ અટકી જાય છે. અથવા હળવો થઈ જાય છે અને પુણ્યનો બંધ તીવ્ર બને છે.

તથા અમૃતમય આ ધર્મ મળ્યાનો એટલો બધો હૃદયમાં આનંદ હોય છે કે આ પરમાત્મા તીર્થંકર દેવ જ મારા ઉપકારી છે તારક છે. અપાર સંસાર સાગરમાંથી પાર ઉતારનાર છે. તેથી તેમના પ્રત્યે અકથ્ય એવો હાર્દિક પૂજ્યભાવ - બહુમાન આવી જાય છે. આ બહુમાન પૂર્વબદ્ધ કર્મોનો ક્ષય = નિર્જરા કરાવવામાં કારણ બને છે. તેનાથી આ આત્મા ઉપર - ઉપર ગુણસ્થાનકો પ્રાપ્ત કરે છે.

આ પ્રમાણે આ ઉપયોગ પરલોકનો પક્ષપાત કરાવી પાપકર્મોનો બંધ અટકાવી વિશિષ્ટ પુણ્યબંધ કરાવે છે અને તીર્થંકર પરમાત્માની આજ્ઞા પ્રત્યેનું બહુમાન પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા કરાવે છે. તેનાથી આ આત્મા વિધિપૂર્વક અને યથાર્થભાવપૂર્વક આત્મસંપ્રેક્ષણ દ્વારા સિદ્ધિની સમીપ આવે છે. આ પ્રમાણે ભાવ જાણવો. ॥ ૭૬॥

**અવતરણ :- उपसंहरन्नाह** – હવે આ વાતનો ઉપસંહાર કરતાં ગ્રંથકારશ્રી જણાવે છે કે -

**एवं[1] अब्भासाओ[2], तत्तं[3] परिणमई[4] चित्तथेज्जं[6] च[5] ।**
**जायइ[7] भवाणुगामी[8], सिवसुहसंसाहगं[10] परमं[9] ॥ ७७ ॥**

**"एवम्"= उक्तेन न्यायेन अभ्यासाद् हेतोः तत्त्वं परिणमति, रागादिविषयसम्बन्धि । तथा "चित्तस्थैर्यं च"= आनन्दसमाधिबीजं जायते । किंविशिष्टम् ? इत्याह – "भवानुगामि"= जन्मान्तरानुगमन शीलं "शिवसुखसंसाधकं"=पारम्पर्येण मोक्षसुखसाधकमित्यर्थः ।"परमं"= प्रधानं**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चित्तस्थैर्यं शिवाध्वविजयदुर्गावाप्तिलक्षणम् । इति गाथार्थः । ॥ ७७ ॥

**ગાથાર્થ** :- આ પ્રમાણે ઉપરોક્ત વિધિમુજબ યોગના અભ્યાસથી રાગાદિવિષયક યથાર્થતત્ત્વપરિણતિ અને ચિત્તની સ્થિરતા પ્રાપ્ત થાય છે. અને તે ચિત્તની સ્થિરતા ભવાન્તરમાં પણ સાથે આવે છે. તથા પરંપરાએ મુક્તિપ્રાપ્તિનું પરમપ્રધાન કારણ બને છે. ॥ ૭૭ ॥

**ટીકાનુવાદ** :- આ પ્રમાણે જો યથાર્થ તત્ત્વચિંતન થાય અને વારંવાર આ તત્ત્વચિંતન ચાલુ જ રહે, તો ઉપરોક્ત સર્વ વિધિપૂર્વક કરાતું આ તત્ત્વચિંતન આત્મામાં રમી જાય, પરિણમી જાય, એકરસ બની જાય, લયલીન થઈ જાય. તથા રાગ-દ્વેષ અને મોહનું સ્વરૂપ-પરિણામ અને વિપાકો એવા જાણી લીધા હોય કે ગમે તેવા સંજોગોમાં તે આત્માનું મન રાગાદિ દોષોના વિષયમાં પલટાય નહીં, ચલિત થાય નહીં, અંજાય નહીં એવું ચિત્તસ્થૈર્ય પ્રાપ્ત થાય છે.

સતત આ વિષયક અભ્યાસ થવાથી, હૃદયમાં સાચું યથાર્થ તત્ત્વજ્ઞાન પરિણામ પામવાથી, અને અચલિતભાવવાળું ચિત્તસ્થૈર્ય મળવાથી આ આત્મા ઉપર ઉપરના ગુણસ્થાનકોના આરોહણમાં બળવાન બને છે. તથા પ્રાપ્ત થયેલા આ ગુણો એટલા બધા ઘનીભૂત અને મજબૂત બની જાય છે કે ભવાન્તરમાં પણ સાથે આવે છે. જેમ બાલ્યાવસ્થામાં દૃઢ રીતે કરેલો અભ્યાસ યુવાવસ્થામાં સુદૃઢ બને, તેમ આ ભવમાં દૃઢ રીતે પ્રાપ્ત કરેલું આ ચિત્તસ્થૈર્ય ભવાન્તરમાં વધુ મજબૂત બને છે. રાગાદિ દોષો તેને હચમચાવી શકતા નથી. પરભવમાં બાલ્યાવસ્થાથી જ રાગ-દ્વેષ અને મોહની પ્રતિપક્ષી ભાવનાઓનો જ ઉદય થાય છે. અને તે ઉગ્રથી પણ ઉગ્ર જ બનતો જાય છે. જે પરંપરાએ મોક્ષસુખનું સંસાધક બને છે.

વિધિનો પક્ષપાત, આત્મજાગૃતિ, બળવત્તર અધ્યાત્મપરિણતિ, ઉચ્ચકોટિનો સંવેગપરિણામ, તત્ત્વસંવેદનજ્ઞાન, અને પરમ એવું ચિત્તસ્થૈર્ય આ પરંપરાએ મોક્ષસુખનું સંસાધક બને છે. એટલે કે મોક્ષના માર્ગના વિજયરૂપ ગઢને જીતવા તુલ્ય છે. ॥ ૭૭ ॥

**અવતરણ** :- **इहैव विध्यन्तरमाह** -

અહીં જ આ ચિત્તસ્થૈર્ય અને આત્માના સંવેગપરિણામમાં અન્ય વિધિ (બીજી અધિક વિધિ પણ) જણાવે છે -



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अहवा[1] ओहेणं[2] चिय, भणियविहाणाओ[3] चेव भावेज्जा[८] ।
सत्ताइएसु[५] मेत्ताइए[६], गुणे[७] परमसंविग्गो[४] ॥ ७८ ॥

"अथवा" इति प्रकारान्तरप्रदर्शनार्थः । "ओघेनैव"= सामान्येनैव भणितविधानेनैव स्थानादिना "भावयेत्"= प्रणिधानसारमभ्यसेत् । क्व कान्? इत्याह "सत्त्वादिषु"= सत्त्व-गुणाधिक-क्लिश्यमानाऽविनेयेषु "मैत्र्यादीन् गुणान्"= मैत्री - प्रमोद -कारुण्य-माध्यस्थ्यलक्षणान् "परमसंविग्नः"= लब्धिपूजाख्यात्याद्याशयरहितः । इति गाथार्थः । ॥ ७८ ॥

**ગાથાર્થ** :- અથવા સામાન્યથી ઉપર કહેલ પદ્માસનાદિ વિધિ સાચવવા પૂર્વક જ પરમસંવેગી બનેલા આ આત્માએ સત્ત્વાદિમાં મૈત્રી આદિ ગુણોની ભાવનાઓને ભાવવી. ॥ ૭૮ ॥

**ટીકાનુવાદ** :- "અથવા" એવો ગાથામાં કહેલો શબ્દ બીજા પ્રકારને સૂચવે છે. રાગાદિ દોષોને જીતવા માટે ગાથા ૬૭ થી ૭૭ માં એક પ્રકાર બતાવ્યો, તે એ કે રાગાદિ ત્રણે દોષોનાં સ્વરૂપ -પરિણામ અને વિપાકોને વિચારવા ભાવનાશ્રુતપાઠ તત્ત્વશ્રવણ અને આત્મસંપ્રેક્ષણ કરવું. હવે આચાર્યશ્રી આ જ રાગાદિ દોષોને જીતવા માટે બીજો રસ્તો મૈત્રી આદિ ચાર ભાવનાઓ ભાવવાનો બતાવે છે. એટલે "અથવા" કહીને પૂર્વે ચાલી આવતી ચર્ચા સમાપ્ત કરી હવે બીજા પ્રકારરૂપે આ ભાવનાનો વિષય સમજાવે છે-

ઓઘથી એટલે સામાન્યથી, અર્થાત્ પૂર્વે કહેલ પદ્માસનાદિ સ્થાન સાચવવાં વિગેરે વિધિ પૂર્વક જ એકાગ્રતા છે સાર જેમાં એવી રીતે આ ભાવનાઓ ભાવવી.

તીર્થંકર ભગવાનની આજ્ઞાયુક્ત, એકાન્તાવસ્થા, સમ્યગ્ ઉપયોગ, ગુરુ અને દેવને પ્રણામ, પદ્માસનાદિ આસનવિશેષ, ડંખાદિની અવગણના, તન્મયચિત્ત, ઈત્યાદિ ૬૦/૬૧ ગાથામાં જે વિધિપૂર્વે જણાવી છે, તે જ વિધિ અહીં પણ સાચવવાની છે. એટલે સામાન્યથી પૂર્વોક્ત વિધિપૂર્વક એકાગ્ર બનીને આ ભાવનાઓ ભાવવી.

તથા પૂર્વે રાગ - દ્વેષ અને મોહ એમ એક એક દોષ આશ્રયી પ્રતિપક્ષી ભાવનાઓ જણાવી છે. અને હવે જણાવાતી મૈત્રી આદિ ભાવનાઓ ત્રણે દોષોના સમુચ્ચયની સામે પ્રતિપક્ષરૂપે છે. માટે પણ સામાન્યથી ત્રણે દોષોના પ્રતિપક્ષરૂપે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ભાવનાઓ એકાગ્રતાપૂર્વક ભાવવી. અહીં ગુણ શબ્દ ભાવનાવાચી સમજવો. ગુણ એટલે ભાવના ક્યાં ભાવવી ? અને કઈ ભાવનાઓ (ગુણો) ભાવવી ? તે જણાવે છે કે -

(૧) સર્વ જીવો ઉપર મૈત્રીભાવ (સ્નેહભાવ = અદ્વેષભાવ) વિચારવો. (સ્વાર્થ - ક્રોધ અને દ્વેષનો નાશ કરવો)

(૨) ગુણાધિકને વિષે પ્રમોદભાવ વિચારવો. (માન - અહંકાર અને ઈર્ષ્યાનો ત્યાગ કરવો)

(૩) ક્લિશ્યમાન (દુઃખી - પીડાતા) જીવોને વિષે કરૂણાભાવ વિચારવો ( તિરસ્કાર - અપમાન - કઠોરતા - ક્રૂરતાનો ત્યાગ કરવો)

(૪) અવિનીત (પાપી) જીવો ઉપર "માધ્યસ્થભાવ" વિચારવો.
(નિન્દા - તુચ્છતા - ઉત્સુક્તા આદિ દોષોનો ત્યાગ કરવો.)

ઉપરોક્ત ચારે ભાવનાઓ ભાવતી વખતે પરમસંવેગ પરિણામવાળા બનીને માત્ર મોક્ષસુખની જ પ્રાપ્તિની અભિલાષા રાખીને સર્વ જીવો પ્રત્યે સ્નેહભાવ-અદ્વેષવૃત્તિ આદિ ગુણો વિચારવા. સાંસારિક લાભો, માન - પ્રતિષ્ઠાદિ રૂપ પૂજા, અને દેશ - વિદેશમાં ખ્યાતિ, ઈત્યાદિ પ્રાપ્ત કરવાના આશય રહિત આ ભાવનાઓ ભાવવી. આ ચારે ભાવનાઓનું વધારે વિવેચન હવે પછીની ૭૯ / ૮૦ ગાથામાં આવે છે. એટલે અહીં વધુ વિવેચન લખ્યું નથી. ॥ ૭૮ ॥

**અવતરણ :- एतदेव विशेषेणाभिधातुमाह** – એ જ ચારે ભાવનાઓ વધારે વિસ્તારથી જણાવતાં કહે છે કે -

**सत्तेसु[1] ताव मेत्तिं[2], तहा[5] पमोयं[4] गुणाहिएसुं[3] ति ।**
**करुणामज्झत्थत्ते[7], किलिस्समाणाऽविणेएसु[6] ॥ ७९ ॥**

**सत्त्वेषु सर्वेष्वेव तावदादौ "मैत्रीं" प्रत्युपकारानपेक्षसम्बन्धां, सुखरूपां भावयेत् । तथा "प्रमोदं"= बहुमानाशयलक्षणं "गुणाधिकेषु"- इति स्वगुणाधिकेषु सत्त्वेषु । तथा "करुणा-मध्यस्थत्वे"= कृपोपेक्षारूपे यथासङ्ख्यमेतत् "क्लिश्यमानाऽविनेययोः" क्लिश्यमानेषु करुणा, अविनेयेषु माध्यस्थ्यम् । इति गाथार्थः । ॥ ७९ ॥**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ** :- સર્વ જીવોને વિષે મૈત્રી, ગુણાધિકને વિષે પ્રમોદ, તથા ક્લિશ્યમાન અને અવિનીત જીવોને વિષે અનુક્રમે કરુણા અને માધ્યસ્થ ભાવનાઓ ભાવવી. ॥ ૭૯ ॥

**ટીકાનુવાદ** :- ઈષ્ટવસ્તુની સિદ્ધિના બે માર્ગો છે. (૧) હેયભાવોને (બાધક ભાવોને) તજવા અને (૨) ઉપાદેય ભાવોને આદરવા.

ગાથા ૬૦ થી ૭૭ સુધીમાં ગ્રંથકારશ્રીએ હેય એવા રાગ - દ્વેષ અને મોહને ત્યજવા માટેનો પહેલો માર્ગ બતાવ્યો. મદિરા - માંસ - અભક્ષ્ય - અનંતકાય રાત્રિભોજન આદિ હેય ભાવોનો ત્યાગ એ પણ વિરાધનાના ત્યાગ રૂપ-હેયના નિષેધાત્મક ભાવે ગુણો છે. તેવી રીતે રાગ - દ્વેષ - મોહનો ત્યાગ એ પણ હેયના નિષેધાત્મક રૂપે ગુણો એ મુક્તિપ્રાપ્તિનો પ્રથમ ઉપાય છે.

હવે ગ્રંથકારશ્રી વિધેયાત્મક બીજો માર્ગ બતાવે છે. જેમ સામાયિક - પ્રતિક્રમણ- પૂજા - તીર્થયાત્રા - પચ્ચક્ખાણ - સાધુસંતોની વૈયાવચ્ચ ઈત્યાદિ ઉપાદેય ભાવોની ઉપાસના એ વિધેયાત્મક ભાવે ગુણો છે તે જ રીતે મૈત્રી - પ્રમોદ - કરૂણા અને માધ્યસ્થ આ ચાર ભાવનાઓ ભાવવી એ પણ વિધેયાત્મક ભાવે ગુણો છે. આ મુક્તિપ્રાપ્તિનો બીજો ઉપાય છે.

આ જીવ અનાદિકાળથી મોહને વશ "સ્વાર્થ"થી ભરપૂર છે. સ્વાર્થ જેનાથી સધાય તેની સાથે જ મૈત્રી, અને તે પણ ખપ પૂરતી જ. સ્વાર્થમાં જે જે જીવો વિક્ષેપક બને તે તમામ ઉપર દ્વેષ - ક્રોધ - ઈત્યાદિ, રાગાદિ ત્રણ દોષો જેમ દુષ્ટ છે તેમ સ્વાર્થ - દ્વેષ અને ક્રોધ પણ તેના જ સહવર્તીઓ છે કે જે આત્માની નિર્મળ પરિણતિને બગાડે છે. માટે જ આચાર્યશ્રી જણાવે છે કે પ્રત્યુપકારની (સામેથી બદલો લેવાની અલ્પ પણ) અપેક્ષા રાખ્યા વિના સર્વે જીવો સુખી થાઓ તેવા સ્વરૂપવાળી સર્વ જીવોને વિષે પ્રથમ "મૈત્રી" ભાવના મનમાં યથાર્થરૂપે વિચારવી.

આ જીવ બીજા જીવ ઉપર ઘણી વાર મૈત્રી કરે છે. પરંતુ સતત બદલાની વૃત્તિ હોય જ છે. પરસ્પર સંબંધ સારા હશે તો મારાં કામો થશે આ ભાવના સદાકાળ હોય જ છે. અને તેથી જ સામેના જીવે સમયે આપણું કામ ન કર્યું હોય તો વર્ષોથી આપણે કરેલું એનું કામકાજ ગાઈને-સંભળાવીને ક્રોધ અને દ્વેષની આગમાં આ જીવ ચાલ્યો જાય છે. તેથી જ જણાવે છે કે અલ્પ પણ પ્રતિઉપકારની અપેક્ષા વિના માત્ર હૃદયની ભાવનાથી **"સર્વે જીવો સુખી થાઓ"** "शिवमस्तु सर्वजगतः" ઈત્યાદિ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વરૂપવાળી આ મૈત્રી ભાવના એવી ઉત્કટ ભાવવી કે જેના પ્રતાપે અનાદિથી ઘર કરીને રહેલા સ્વાર્થ - ક્રોધ અને દ્વેષવૃત્તિ જ દિલમાંથી ચાલી જાય અને આ આત્મા યોગદશા પ્રાપ્ત કરવા દ્વારા મુક્તિની આસન્ન બને.

તથા ''प्रमोदं गुणाधिकेषु''= આપણાથી જે જે ગુણાધિક પુરુષો છે તેમના પ્રત્યે પ્રમોદભાવ - અતિશય બહુમાનભર્યો આશયવિશેષ, પૂજ્યભાવ, સદા હૃદયમાં વસાવવો. અનાદિ મોહના જોરે પોતાને પોતાની જ મોટાઈ દેખાય છે. અને આ અહંકાર જ બીજાના ગુણો દેખવા દેતો નથી. તેથી જ ગુણાધિકની પ્રશંસા સાંભળતાં જ તેમના પ્રત્યે ક્રોધ ભભૂકી ઊઠે છે. પ્રભુ મહાવીર સ્વામિની દેવસભામાં ઈન્દ્રે કરેલી પ્રશંસા સાંભળી સંગમ જેમ ક્રોધિત - અહંભાવી બન્યો તેમ.

તેથી જ પ્રશંસા કરાતા ગુણાધિકના ગુણોને ઢાંકવા - છાવરવા માટે ઈર્ષ્યાથી આ આત્મા તેમાં રહેલા અલ્પ દુર્ગુણોને જ જુએ છે અને તે દુર્ગુણોને રાઈ જેવડા હોય તો મેરૂ જેવડા કરીને દુનિયામાં ગાતો ફરે છે અને ચોતરફ ગુણાધિકની પોતે નિન્દા કરે છે અને લોકો નિન્દા કરે તેવો ભાવ ભજવે છે. આ તમામ દોષો આત્માની નિર્મળ પરિણતિને દૂષિત કરે છે. માટે તે તમામને ''ક્રોધ - અહંભાવ - ઈર્ષ્યા અને નિન્દા''ને- ચંડાળ ચોકડી સમજીને દૂરથી જ ત્યજવા જેવી છે. તે માટે તેની પ્રતિપક્ષી આ ભાવના ભાવવા જેવી છે. અંધારામાં અજવાળું મળે ક્યાંથી ? જંગલમાં આહાર - પાણી મળે ક્યાંથી ? સમુદ્રમાં પડેલાને આશ્રય મળે ક્યાંથી ? તેમ મોહના સામ્રાજ્યથી ભરેલા આ સંસારમાં વિકસિત ગુણોવાળા જીવોનો સમાગમ મળે ક્યાંથી ? તેનો અલ્પગુણ પણ અમૃતસમાન છે. તેનું અવલંબન આ આત્માને તારનાર છે. ગુણીનું આલંબન જ ગુણ આપે, જો ધનવાનનું આલંબન ધન કમાવી આપે છે તો જ્ઞાનીનું આલંબન જ્ઞાન કેમ ન આપે ? અને ગુણી પુરુષનું આલંબન ગુણ કેમ ન આપે?

સંસારમાં પણ બે ભાઈઓ વચ્ચે, દેરાણી-જેઠાણી વચ્ચે, નણંદ-ભોજાઈ વચ્ચે, પુત્રવધૂ-સાસુ વચ્ચે, ગુરુ-શિષ્ય વચ્ચે ગુણાધિક તરફ જે બહુમાનનો ભાવ નથી તે જ ક્લેશ-કષાય અને ઝઘડાનું મૂળ છે. તે માટે આવા ભયંકર દુર્ગુણોને મૂળથી જ દૂર કરવા માટે ગુણાધિકને જોઈને અતિશય પ્રસન્ન થવું, પ્રશંસા કરવી, નમસ્કાર કરવો, સેવા કરવી, અહો, ભગવંત, પૂજ્ય, ઈત્યાદિ બહુમાનવાચક શબ્દો અને બહુમાનભર્યા હૈયેથી સત્કાર - સન્માન કરવો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા કૃપા અને ઉપેક્ષા રૂપ એવી કરુણા અને માધ્યસ્થભાવના અનુક્રમે ક્લિશ્યમાન અને અવિનીત જીવો ઉપર સમજવી. એટલે કે ક્લિશ્યમાન જીવો ઉપર કરુણા, અને અવિનીત જીવો ઉપર માધ્યસ્થ ભાવના ભાવવી, તેનું સ્વરૂપ આ પ્રમાણે-

આ સંસારમાં કેટલાક જીવો પૂર્વે બાંધેલાં પાપકર્મોના ઉદયથી વર્તમાન કાળમાં દુઃખી અને દરિદ્રી હોય છે. અને કેટલાક જીવો વર્તમાનકાળમાં પાપકર્મો કરવામાં જ રચ્યા-પચ્યા હોય છે. આ બન્ને પ્રકારના જીવો વિષે આપણા જીવને અનાદિ કાળના મોહના સંસ્કારના જોરે અનુક્રમે તિરસ્કાર અને નિન્દાનાં પરિણામ થાય છે. તેનાથી સામેના જીવનું હિત તો થતું નથી પરંતુ આપણા જીવનું અહિત ચોક્કસ થાય જ છે. તે માટે જ ગ્રંથકારશ્રી આપણને તિરસ્કારને બદલે કરુણા અને નિન્દાને બદલે માધ્યસ્થતા રાખવાનું સૂચન કરે છે.

દુઃખી જોઈને દિલ જો દયાળુ ન બને, અને પાપીને જોઈને જો મન મધ્યસ્થ ન બને તો તિરસ્કાર - કઠોરતા - અપમાન, અને નિન્દા આદિ દુર્ગુણો આવે જ, જે આત્માને ક્લિષ્ટ કર્મો બંધાવે છે. ધર્મસંસ્કારવાળા જીવમાં કરુણા હોવી જ જોઈએ. ભલે દુઃખીનાં બધાં દુઃખો આપણે કદાચ દૂર ન પણ કરી શકીએ. પરંતુ જો ચિત્ત કરુણાળુ હોય તો શક્ય તેટલાં દુઃખો દૂર કરવા આ જીવ દોડી જાય અને તે પણ કરુણાભાવે. આ આત્મા તેના ઉપર ન તો પોતાનું એસાન માને કે ન પ્રત્યુપકારની અપેક્ષા રાખે. જીવોની અહિંસા કરતાં પણ હૃદયમાં ઓતપ્રોત થયેલો અહિંસાભાવ કંઈક ગણો **ઊંચો ગુણ** છે. આ અહિંસાભાવ દુઃખીઓનાં દુઃખ દૂર કરવા તો દોડાવે જ છે. પરંતુ જ્યારે દુઃખીઓનું દુઃખ આપણાથી દૂર કરવું શક્ય ન હોય ત્યારે "આ સંસાર અસાર છે. નિર્ગુણ છે. આવાં દુઃખોથી જ ભરેલો છે. કોઈ કોઈનું શરણ નથી. આ જીવ એકલો જ દુઃખનો ભોક્તા છે. ઈત્યાદિ વૈરાગ્યમય પરિણામોથી સંસાર જ છોડી સાધુ થવાની પ્રેરણાદાયક બને છે.

તેવી જ રીતે પાપીઓનાં પાપ જોતાં અને સાંભળતાં અનાદિના કષાયોના જોરે તેમના પ્રત્યે ધિક્કારની લાગણી થાય, ન કહેવાનું કહેવાઈ જવાની અધિરાઈ આવી જાય, ઠપકો આપવાની ઉત્સુક્તા પણ આવી જાય પરિણામે પાપી જીવ પાપ તો છોડે જ નહીં પરંતુ આપણો જીવ તે જીવ પ્રત્યે આવા કષાયો કરી તીવ્રકર્મ બાંધે. તેમાંથી બચવા આવા પ્રસંગે મનમાં "માધ્યસ્થ" ભાવના ભાવવી. આ જીવો પણ કર્મોને વશ છે. કર્મો જ્યારે હળવાં થશે ત્યારે બિચારા આવા પાપોથી મુકાશે,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેઓનો કાળ હજુ પાક્યો નથી, કાળ પાકશે ત્યારે સર્વ સારું થશે, સર્પ-સિંહાદિ જન્મથી જ હિંસક હોય છે. આપણા રોક્યા રોકી શકાતા નથી. ઈત્યાદિ ભાવનાઓ થી મનને એટલું બધું મધ્યસ્થ બનાવી દેવું કે તેવા પાપી જીવો ઉપર જરા પણ રોષ-ધિક્કાર-કે નિન્દાના ભાવ આપણા આત્મામાં ઉત્પન્ન થાય જ નહીં. મગજ ઉપર સંસારની અસારતા જ ભાસે, .

સારાંશ એ છે કે (૧) સર્વજીવો, (૨) ગુણાધિક, (૩) ક્લિશ્યમાન, અને (૪) અવિનેય (પાપી) આવા જીવો ઉપર અનુક્રમે મૈત્રી, પ્રમોદ-કરુણા અને માધ્યસ્થ ભાવના એવી ભાવવી કે જેનાથી આ આત્મામાંથી અનાદિના રૂઢ અને ગૂઢ થયેલા સ્વાર્થ-ક્રોધ-દ્વેષ-માન-અહંકાર-ઈર્ષ્યા, તિરસ્કાર-અપમાન-કઠોરતા-ક્રૂરતા-નિન્દા-તુચ્છતા-ઉત્સુક્તા, અને ધિક્કારાદિના તમામ દુર્ગુણો નીકળી જાય અને આ આત્મા દુર્ગુણ રહિત, સદ્‌ગુણોથી ભરેલો શુધ્ધ કંચન અને સ્ફટિક જેવો નિર્મળ બની જાય, અથવા એવી શુધ્ધાવસ્થાની નિકટ આવે. મહાપુરૂષોએ આત્મહિતના કેવા સુંદર ઉત્તમ ઉપાયો સમજાવ્યા છે જેનું સતત ચિંતન-મનન-વાંચન-પઠન-પાઠન કરવાથી પણ આ આત્મા સંવેગ-નિર્વેદ પામી આત્મહિતસાધક બને. ॥ ૭૯ ॥

**અવતરણ - क्रमान्तराशङ्कापोहायाह -**

ઉપર ચાર ભાવનાઓમાં યથાસ્થાને જે જે ભાવનાનો ક્રમ બતાવ્યો છે. તેમાંથી ક્રમાન્તર (ઉલટ-સુલટ) કરવું તે ઉચિત નથી. તેથી તેવા પ્રકારની આશંકાને દૂર કરવા માટે જણાવે છે કે -

**[२]एसो [१]चेवेत्थ [३]कमो [४]उचियपवित्तीए [६]वण्णिओ [५]साहू ।**
**[७]इहराऽसमंजसत्तं[१०], तहा[८] तहाऽठाणविणिओगो[९] ॥ ८० ॥**

**"एष एव" = अनन्तरोदितः "अत्र" = भावनाविधौ, "क्रमः" = प्रवृत्तिप्रस्ताररूपः, "उचितप्रवृत्तेः" = कारणाद् वर्णितः, "साधुः" शोभनः तीर्थंकर-गणधरैः । तथाहि-सामान्येन सत्त्वेषु मैत्री एवोचिता । प्रमोदो गुणाधिकेष्वेव, क्लिश्यमानेष्वेव करुणा, अविनेयेष्वेव माध्यस्थ्यम् । इत्थं चैतदङ्गीकर्तव्यम् इत्याह-**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"इतरथा"- अन्यथोक्तक्रमबाधायाम् "असमञ्जसत्वं" = सन्न्यायाय विरुद्धं भवति, अत्र हेतुः - तथा तथाऽस्थानविनियोगादिति, सत्त्वादिषु प्रमोदादिकरणे अस्थानविनियोगो मिथ्याभावनात्मकः प्रत्यवायायेति भावनीयम् । गुणाधिकज्ञानं च क्षयोपशमविशेषाद् रत्नादाविव मार्गानुसारिणाम् । इति गाथार्थः । ॥ ८० ॥

**ગાથાર્થ** - ભાવનાઓ ભાવનાની બાબતમાં આ જ ક્રમ ઉચિતપ્રવૃત્તિ સ્વરૂપ હોવાથી સમ્યગ્ કહેલો છે. અન્યથા = ઉલટ-સુલટ કરતાં તે તે પ્રકારે અસ્થાને વિનિયોગ થવાથી "અસમંજસતા જ" પ્રાપ્ત થાય છે. ॥ ૮૦ ॥

**ટીકાનુવાદ** - હમણાં જ અનન્તર પૂર્વની ૭૯ મી ગાથામાં કહેલો ચાર ભાવનાઓ ભાવવાની વિધિમાં દિન-પ્રતિદિન પ્રવૃત્તિના વિસ્તાર રૂપ આ જ ક્રમ ઉચિત પ્રવૃત્તિનું કારણ બનતો હોવાથી શ્રી તીર્થંકર અને ગણધર ભગવન્તો વડે શોભન કહેવાયો છે. "સુંદર" છે એમ કહેવાયો છે.

આ ચારે ભાવનાઓ ભાવવાની વિધિમાં ઉપર જે ક્રમ બતાવ્યો છે તે ક્રમને અનુસારે જ ભાવનાઓ ભાવવી જોઈએ. તથા તે ક્રમ પ્રમાણે જ દિન પ્રતિદિન આ ભાવનાઓ ભાવવામાં પ્રવૃત્તિને વેગ મળે છે. જેમ જેમ આ ભાવનાઓની પરાકાષ્ટા વધતી જાય છે તેમ તેમ આ આત્મા વિભાવદશાના વિચારો ત્યજીને પોતાની આત્મસ્વભાવદશામાં આવવા રૂપ ઉચિત પ્રવૃત્તિવાળો બને છે. બાધકભાવ ત્યજે છે. સ્વભાવદશામાં આવે છે. તથા યોગદશાને ઉચિત એવી પ્રવૃત્તિનું કારણ બને છે. તેથી જ પરમ ઉપકારી શ્રી તીર્થંકર અને ગણધરભગવન્તોએ આ જ ક્રમને શ્રેષ્ઠ કહ્યો છે.

(૧) સામાન્યથી સર્વ જીવોને વિષે મૈત્રીભાવના જ ઉચિત છે.

(૨) પ્રમોદભાવના ગુણાધિક જીવોને વિષે જ ઉચિત છે.

(૩) કરુણા ભાવના ક્લિશ્યમાન જીવોને વિષે જ ઉચિત છે.

(૪) માધ્યસ્થ ભાવના અવિનીત જીવોને વિષે જ ઉચિત છે.

આ ચારે ભાવનાઓ આ રીતે યથાસ્થાને જ ભાવવાની અંગીકાર કરવી જોઈએ, જો એમ કરવામાં ન આવે અને ઉપરોક્ત ક્રમને બાધીને (રોકીને) ઊલટ-સુલટ ભાવનાઓ ગોઠવવામાં આવે તો "**અસમંજસતા**" થઈ જાય, એટલે કે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાચો ન્યાયમાર્ગ જે છે તેનાથી વિરુધ્ધતા થઈ જાય, અર્થાત્ સાચા ન્યાયમાર્ગનું ઉલ્લંઘન થાય.

**પ્રશ્ન** :- ઊલટ-સુલટ ગોઠવવાથી ન્યાયમાર્ગનું ઉલ્લંઘન કેવી રીતે થાય ? ન્યાયમાર્ગનું ઉલ્લંઘન થવામાં અહીં શું કારણ બને ?

**ઉત્તર** :- તે તે પ્રકારે અયોગ્ય સ્થાને ભાવનાઓનો જે વિનિયોગ કર્યો તેનાથી જ સાચા ન્યાયમાર્ગનું ઉલ્લંઘન થાય છે. તે આ પ્રમાણે—

(૧) સામાન્યથી સર્વજીવોને વિષે મૈત્રીભાવના જ ભાવવી જોઈએ, આ સાચો ન્યાયમાર્ગ છે. તેને બદલે પ્રમોદાદિ (પ્રમોદ-કરુણા-અને માધ્યસ્થ) ભાવનાઓ જો ભાવીએ તો અસ્થાને વિનિયોગ થયો, કારણ કે ગુણાધિકને જોઈને પ્રમોદ પામવાને બદલે સર્વ જીવોને જોઈને પ્રમોદ પામતાં દોષાધિક જીવોના દોષો જોઈને પણ પ્રમોદ પામવાનું બને તેમ થવાથી તે દોષિત જીવો આપણી પ્રસન્નતા-અભિનંદનતા-અને અનુમોદનતાથી પોતાના દોષોમાં વધારે ને વધારે ઉત્તેજિત થાય, જે ભાવના સ્વ-પરનું કલ્યાણ કરનારી બનવી જોઈએ તેને બદલે સ્વ-પરનું ઉપર પ્રમાણે અકલ્યાણ કરનારી બને તે ભાવના મિથ્યા ભાવના જ કહેવાય. આવી મિથ્યા ભાવના ભાવવાથી દોષોને આપેલા ઉત્તેજનથી આપણા આત્માને પાપકર્મોનો બંધ થાય કે જે બંધ ભાવિમાં ઉદયમાં આવતાં પ્રત્યવાય (દુઃખ) માટે જ થાય. અથવા ચોરની સાથે રહેનારને પણ ચોર ગણી ઘણીવખત સહાયક તરીકે દંડવામાં આવે તેમ દોષિતના દોષોની અનુમોદના કરવા વડે આપણા જીવને પણ દંડાત્મક દુઃખ પણ આવે, હલકા જીવોને આપેલું ઉત્તજન સ્વ-પર બન્નેના દુઃખ માટે જ થાય છે. માટે સર્વ જીવોને વિષે પ્રમોદભાવના હોતી નથી.

તથા સર્વજીવો ઉપર કરુણાભાવના પણ ન હોય, સુખી ઉપર કરુણા શું કરવાની? તથા સુખી-ધર્મી-જીવો ઉપર માધ્યસ્થભાવના રાખવાની પણ ન હોય-તે જીવો-પ્રત્યે તો પ્રમોદભાવ જ હોય માટે સર્વજીવો પ્રત્યે મૈત્રી જ ઉચિત છે.

(૨) પ્રમોદભાવના ગુણાધિકને વિષે જ હોય, જે જીવો આપણી સમાન છે. અથવા હીન છે તેને વિષે પ્રમોદભાવ શોભા ન પામે. ઊલટું તે જીવોને પોતાની હીન કરણીમાં ટેકો મળવાથી હીન કરણીની વૃદ્ધિ થાય, તેમાં જ વધુ ઓતપ્રોત બને તેથી તે પણ તીવ્રકર્મ બાંધે અને તેના અનુમોદન દ્વારા આપણો જીવ પણ તીવ્રકર્મ બાંધે કે જે કાળાન્તરે પ્રત્યવાય માટે જ થાય-એમ સમજવું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) કરુણા ભાવના ક્લિશ્યમાનને વિષે જ હોય, બારણે આવેલા ભિક્ષુકને (ભિખારીને) કરુણાભાવથી જેમ અન્ન અપાય તેમ ઘેર આવેલા સાધુ-સંતોને, કે વયોવૃદ્ધ માત-પિતાદિને બિચારા માનીને અનુકંપાની બુદ્ધિથી અન્નદાન ન થાય, પરંતુ ભક્તિથી પ્રમોદભાવે જ અન્નાદિદાન થાય. જો ત્યાં કરુણાભાવના કરાય તો તેઓના ઉપકારો પ્રત્યેનો પૂજ્યભાવ હૃદયમાંથી ચાલ્યો જાય, ગુણી-ઉપકારી પ્રત્યેનો હાર્દિક પૂજ્યભાવ જ કર્મક્ષયનું કારણ બને છે. તે ચાલ્યો જવાથી અને આ રીતે અસ્થાને કરુણાનો વિનિયોગ કરવાથી કર્મબંધ દ્વારા દુઃખ જ આવે છે.

તથા વળી આ કરુણા ભાવના જો અવિનીતને વિષે (પાપીને વિષે) કરાય તો તે પાપી જીવ પોતાની પાપકરણીમાં વૃદ્ધિ પામે. માટે કરુણા ક્લિશ્યમાનને વિષે જ થાય અન્યત્ર કરવી ઉચિત નથી.

(૪) માધ્યસ્થભાવના પાપી જીવોને વિષે જ ઉચિત છે. જો ગુણાધિક પ્રત્યે માધ્યસ્થભાવના રાખીએ તો આપણામાં ગુણો આવે નહીં. ગુણી પુરુષોની ભક્તિ-નમસ્કાર ઉપકારાદિનો લાભ મળે નહીં તથા આ માધ્યસ્થભાવના જો ક્લિશ્યમાન એવા દુઃખી જીવો ઉપર કરાય તો દુઃખીનાં દુઃખ દૂર કરવાની પ્રાપ્ત તક ગુમાવી બેસાય, તે જીવને વધારે આઘાત થાય, તથા દુઃખીનાં દુઃખો દૂર કરવાની શક્તિ હોવા છતાં જો ઉપેક્ષા કરાય તો તે જીવને આપણા પ્રત્યે દ્વેષ થાય, તેનાથી વૈરાનુબંધ થાય, તે ભવાન્તરમાં દુઃખ માટે જ થાય માટે આ માધ્યસ્થભાવના ફક્ત પાપીને વિષે જ થાય.

આ રીતે ચારે ભાવનાઓને યથાસ્થાને જ યુંજવી જોઇએ. જો તેનાથી ઊલટું અસ્થાને વિનિયોગ થાય તો તે ભાવનાઓ મિથ્યા ભાવનામય બનતાં ઊલટું દુઃખ આપનારી જ બને એમ સમજવું.

**પ્રશ્ન :-** ગુણાધિકને વિષે પ્રમોદભાવના તમે સમજાવી. પરંતુ છદ્મસ્થ જીવોને કયા જીવો ગુણાધિક છે અને કયા જીવો ગુણોથી હીન છે, તેની શું ખબર પડે ? કારણ કે ગુણો અમૂર્ત છે જે છદ્મસ્થના જ્ઞાનનો વિષય જ નથી. જો ગુણો ન દેખાય તો તે તેની હીનાધિક્તા તો દેખાય જ કેવી રીતે ?

**ઉત્તર :-** જેમ રત્નોના વેપારીઓને (ઝવેરીઓને) રત્નોમાં રહેલી ગુણાધિક્તા અને દોષાધિક્તા અનુભવવિશેષથી સમજાય છે તેમ માર્ગાનુસારિ આત્માઓને ગુણો જ પ્રિય બનવાથી પ્રાપ્ત થયેલા જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમવિશેષથી ગુણાધિક્તાનું



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાન અવશ્ય થાય છે. જે આત્મા જેનો અર્થી બને છે તેને તેના અનુભવથી તેનું વિશેષ જ્ઞાન થાય છે.

અહીં એક વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે કે આ મૈત્રી આદિ ભાવનાઓ ભાવવાથી સંવેગ-વૈરાગ્ય વૃદ્ધિ પામતાં અનેક લબ્ધિઓ પણ ઉત્પન્ન થાય છે. દેશ-પરદેશમાં ખ્યાતિ પણ વધે છે. અને સામાન્ય લોકો તરફથી પૂજા-સન્માનાદિ પણ મળે જ છે. પરંતુ આટલે આવેલો આ આત્મા આવા દુન્યવી લાભોમાં અંજાઈ જાય-ગરકાવ થઈ જાય, તો ઉપરનું પાંચમું-છઠ્ઠું ગુણસ્થાનક મેળવવું છે અને તેના દ્વારા ક્ષપકશ્રેણી માંડીને જે કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાનું છે તે તમામ આશાઓ ભાંગીને ભુક્કો થઈ જાય છે. એટલે ગુણોને પણ પચાવતાં શીખવું જોઇએ. ધીર-વીર અને ગંભીર બનવું જોઈએ.

જે જે આત્માઓએ આ બાબતમાં થાપ ખાધી છે તેઓ અંતે પછડાયા જ છે. વિષયવિરાગ કરતાં ગુણગંભીરતા મેળવવી અતિ દુષ્કર છે. સ્થુલીભદ્રજી વેશ્યાની સામે કામ જીતી શક્યા પણ વિદ્યા ગુણ ન પચાવી શક્યા, મરીચિ મુનિ સંસાર ત્યજી શક્યા પણ પદપ્રાપ્તિ ન પચાવી શક્યા, પ્રભુ મહાવીર સ્વામીનો આત્મા પૂર્વભવોમાં સંયમ લઇ શક્યા પરંતુ ગાયને ઉછાળવામાં તપબળ ન પચાવી શક્યા, માટે જેમ જેમ આત્મામાં ગુણવૃદ્ધિ થતી જાય તેમ તેમ લબ્ધિ, લાભ, પૂજા, ખ્યાતિ અને માન બહુમાન વિગેરેના આશયોથી રહિત બનવું એ જ આત્મકલ્યાણકારી છે. ॥ ૮૦ ॥

**અવતરણ - अत्रैव सामान्यविधिमाह–**

આ કક્ષામાં આવેલા જીવોને જ સામાન્યથી (આહારની) વિધિ જણાવે છે.

**१साहारणो पुण २विही, ४सुक्काहारो ३इमस्स ५विण्णेओ ।**
**७अण्णत्थओय ६एसो, उ ८सव्वसंपक्करी ९भिक्खा ॥ ८१ ॥**

**साधारणः पुनर्विधिः सर्वावस्थानुगत इत्यर्थः, शुक्लाहारोऽस्य विज्ञेयः। शुद्धानुष्ठानसाध्यः शुद्धानुष्ठानहेतुः स्वरूपशुद्धश्च शुक्ल इति। "अस्य" = योगिनः एवम्भूतो विज्ञेयः, तदन्यस्य योगाङ्गत्वानुपपत्तेः, न ह्यपथ्यान्नभुजो देहाद्यारोग्यसिद्धिः।**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अन्वर्थतश्चैष: पुन: शुक्लाहार: सर्वसम्पत्करी भिक्षेति विज्ञेय: । सर्वसम्पत्करणशीला सम्पत्करी दातृ-ग्रहीत्रुभयलोकहिता, पौरुषघ्नी-वृत्तिभिक्षाव्यवच्छेदार्थमेतत् । अत्र बहु वक्तव्यं, तत्तु नोच्यते, गमनिकामात्रत्वात् प्रारंभस्य । इति गाथार्थ: । ॥ ८१ ॥

**ગાથાર્થ** - સર્વયોગીઓ માટે આ સાધારણ વિધિ છે કે આ યોગીનો આહાર "શુક્લાહાર" હોય છે. વળી આ "શુક્લાહાર" અન્વર્થક (સાર્થક) છે. તેથી જ સાધુની ભિક્ષા "સર્વસંપત્કરી" જાણવી. ॥ ૮૧ ॥

**ટીકાનુવાદ** - અત્યાર સુધી ભાવના શ્રુતપાઠ, તત્ત્વશ્રવણ, આત્મસંપ્રેક્ષણ, રાગ-દ્વેષ મોહના સ્વરૂપાદિનું ચિંતન અને મૈત્રી આદિ ભાવનાઓનું વર્ણન, વિગેરે યોગદશાની પ્રાપ્તિ માટે જે સ્વરૂપ સમજાવ્યું તે સર્વ વર્ણન મુખ્યત્વે અપુનર્બન્ધક અને અવિરત સમ્યગ્દૃષ્ટિ એવા ઘટમાનયોગી અને પ્રવૃત્તયોગી એમ બે પ્રકારના પ્રાથમિક યોગી માટે જણાવ્યું, કારણ કે તેનાથી ઉપરના ગુણસ્થાનકોએ પહોંચેલા આત્માઓને ઉપરોક્ત યોગભૂમિકા પ્રાપ્તપ્રાય: હોય છે, તેના આત્મામાં ઉપરોક્ત ભૂમિકા વણાઈ ચૂકી હોય છે તેથી ઉપરોક્ત સર્વ હકીકત પ્રાથમિક બે યોગીને આશ્રયી મુખ્યત્વે છે. અને હવે આ ગાથામાં **"યોગીનો આહાર કેવો હોય"** તેનું જે વર્ણન કરે છે તે આહારની વિધિ આ પ્રાથમિક ઘટમાન અને પ્રવૃત્ત યોગી માટે પણ છે તથા દેશવિરતિધર અને સર્વવિરતિધર ઈત્યાદિ ૩/૪ નંબરના યોગીઓ માટે પણ છે. એટલે કે સર્વયોગી માટે આ વિધિ સાધારણ છે. જે આ હવે કહેવાતી આહારવિધિ અપુનર્બન્ધકથી યોગીની સર્વ અવસ્થાઓમાં અનુગત = વ્યાપ્ત છે. સર્વ અવસ્થાઓમાં લાગુ પડે છે. માટે આ આહારવિધિ કોઈ એક પ્રકારના યોગી માટે નથી, પરંતુ સર્વ યોગી માટે સાધારણ છે.

યોગદશાની પ્રાપ્તિ માટે મનની નિર્મળતા જેમ આવશ્યક છે તેમ તનની નિરોગિતા પણ આવશ્યક છે કારણ કે જો તન રોગીષ્ટ હોય તો મનની નિર્મળતા ઝાઝો ટાઈમ ટકતી નથી. પેટમાં મળ ભરાયા હોય, શરદી થઈ હોય, માથું દુ:ખતું હોય, અજીર્ણ થયું હોય, તો મન આકુળવ્યાકુળ થવાના કારણે સ્વાધ્યાયાદિ શુદ્ધ થઈ શક્તાં નથી. માટે તનની નિરોગિતા પણ જરૂરી છે. મનની નિર્મળતા માટે રાગાદિ દોષોના સ્વરૂપાદિનું ચિંતન અને મૈત્રી આદિ ભાવનાઓ જેમ પ્રધાન કારણ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. તેમ તનની નિરોગિતા માટે "આહારશુદ્ધિ" પ્રધાનતર કારણ છે. તેથી જ ગ્રંથકારશ્રી હવે આહારશુદ્ધિની વિધિ જણાવે છે.

આ યોગીનો આહાર **"શુક્લાહાર"** સમજવો, આહારની પૂર્વાવસ્થા, વર્તમાનાવસ્થા, અને પશ્ચાદવસ્થા, એમ ત્રણે જેનાં શુદ્ધ છે, તે આહાર શુક્લાહાર સમજવો. એટલે કે શુદ્ધાનુષ્ઠાનોથી બનાવ્યો હોય, તથા શુદ્ધાનુષ્ઠાનોનું કારણ બનવાવાળો હોય અને આહાર પોતે સ્વરૂપે શુદ્ધ હોય તે **શુક્લાહાર** કહેવાય છે.

ન્યાયસંપન્નદ્રવ્યથી બનાવેલો, અન્નનાં વાસણો-ચૂલો વિગેરે પૂંજી પ્રમાર્જીને બનાવેલો, ભોગોપભોગવ્રતના પરિમાણપૂર્વકનો બનાવેલો, સડેલું, જીવાતવાળું, ચોરેલું, કે ખોટી રીતે આવેલું તો આ અનાજ નથી ને ? એમ પૂર્ણ ખાત્રીપૂર્વક દળાવેલા અનાજથી બનેલો જે આહાર તે શુદ્ધાનુષ્ઠાનસાધ્ય આહાર કહેવાય છે. આહાર બનાવતાં પહેલાંની પૂર્વાવસ્થા ઉપર જણાવ્યા મુજબ શુદ્ધ હોવી જોઈએ. આ વિધિ અપુનર્બન્ધક, અવિરતસમ્યગ્દષ્ટિ, અને દેશવિરતિધરને આશ્રયી જાણવી, સર્વવિરતિધરને આશ્રયી ગોચરીના ૪૨ દોષોથી રહિત આહાર લાવવો તે શુદ્ધાનુષ્ઠાન સાધ્ય આહાર જાણવો.

જે આહાર વાપર્યા પછી શુદ્ધાનુષ્ઠાનોનું કારણ બને તે શુદ્ધાનુષ્ઠાનહેતુ આહાર સમજવો, એટલે કે અતિમાત્રાએ આહાર ન લેવો કે જે ઊંઘ-આળસ-પ્રમાદનું કારણ બને. ઉણોદરીપૂર્વક આહાર લેવો, તથા કારણ વિના ઘી-દૂધ વિગેરે વિગઈઓનું સેવન પણ ન કરવું કે જે વિગઈઓ વિકારો કરે અથવા જે આહાર લેવાથી મન વિકારી થાય, વિલાસી થાય, કામોત્તેજનાવાળું બને, પરંતુ સ્વાધ્યાય-વૈયાવચ્ચ-કાયોત્સર્ગાદિમાં અપ્રમત્તપણે આત્માને જે જોડે તેવો આહાર તે શુદ્ધાનુષ્ઠાનહેતુ આહાર જાણવો. તથા જે આહાર કરવાથી મળ સંપૂર્ણતઃ નીકળી જાય, મળ ભરાય નહીં, જામે નહીં. શરીર નિરોગી રહે, તેવો આહાર તે શુદ્ધાનુષ્ઠાનહેતુ આહાર સમજવો. આ આહારની પશ્ચાદવસ્થા સમજાવી.

તથા વર્તમાનકાળે જે આહાર કરાય છે તે આહાર ભક્ષ્ય અને પેય જ હોવો જોઈએ, અભક્ષ્ય-અનંતકાય-કે ધર્મી જીવને ન શોભે તેવો તુચ્છ દોષિત આહાર ન હોવો જોઈએ, વળી પચી જાય તેવો, પેટ ભારે ન કરે તેવો, અજીર્ણ ન થાય તેવો હોવો જોઈએ, સાધુ જીવને આશ્રયી માંડલીના દોષોથી રહિત જે આહાર તે સર્વ "સ્વરૂપશુદ્ધાહાર" સમજવો, આહારની આ વર્તમાનાવસ્થા સમજાવી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સારાંશ કે જે આહાર શુદ્ધકારણોથી ઉપાર્જન કરેલો છે અને જે આહારનું ફળ પણ શુદ્ધાનુષ્ઠાનોનું સેવન છે અને જે આહાર અભક્ષ્યાદિના ત્યાગપૂર્વકનો સ્વરૂપે શુદ્ધ છે તે આહાર **શુક્લાહાર** કહેવાય છે. આ યોગીને આવા પ્રકારનો આહાર હોય છે એમ જાણવું. ઉપરોક્ત આહારથી અન્ય આહાર એટલે કે દોષપૂર્વક ઉપાર્જન કરેલો, ભાવિમાં પણ દોષો-વિકારોનું જ કારણ, અને સ્વરૂપે પણ અભક્ષ્યાદિ રૂપ દોષથી જ ભરેલો આહાર યોગદશાની પ્રાપ્તિનું અંગ બનતો નથી. કારણ કે અપથ્ય અન્નનું ભોજન કરનારને દેહાદિના આરોગ્યની પ્રાપ્તિ હોતી નથી. આહાર એ શરીરશુદ્ધિ અને મનશુદ્ધિ એમ બન્ને શુદ્ધિ નું પ્રધાનતર કારણ છે. જેનો આહાર અશુદ્ધ તેનું જીવન અશુદ્ધ જ થાય વિકાર-વાસનાઓથી ભરેલો આત્મા અનશણાદિ બાહ્યતપ કે પ્રાયશ્ચિત્તાદિ અભ્યંતર તપ નકરી શકે. આત્મામાં સંવેગ-વૈરાગ્ય આવે નહીં અને આવેલા હોય તો ટકે નહીં તેથી યોગસિદ્ધિનું અંગ બને નહીં. માટે જ આવા પ્રકારનો યોગીનો આહાર **શુક્લાહાર** હોય છે.

વળી આ "શુક્લાહાર" એ સાર્થક નામ છે અર્થયુક્ત નામ છે. શુક્લ એટલે ઉજ્વળ આહાર, ઉજ્વળ એટલે અત્યન્ત નિર્દોષ આહાર, જે આહાર આ આત્માને સર્વ પ્રકારની સંપત્તિ આપનાર બને તે શુક્લાહારનું બીજું નામ **"સર્વ સંપત્કરી ભિક્ષા"** કહેવાય છે.

ઉપર વર્ણન કરેલા પૂર્વ-ઉત્તર-અને વર્તમાન એમ ત્રણે કાળના દોષોથી રહિત જે આહાર છે તે એટલો બધો શુક્લાહાર છે. નિર્દોષ આહાર છે કે જે લેનાર સાધુ આદિને, આપનાર ગૃહસ્થ આદિને એમ દાતા અને ગ્રહીતા બન્નેને આવા પ્રકારની આહારસંબંધી ભિક્ષા આ લોક અને પરલોક એમ ઉભયલોકમાં હિત કરનારી, કલ્યાણ કરનારી, સર્વ પ્રકારની સંપત્તિને કરવાના સ્વભાવવાળી જાણવી, કારણ કે આહાર નિર્દોષ છે. લેનાર સાધુ સંસાર ઉપર ના નિર્વેદ પરિણામ અને મોક્ષ પ્રત્યેના સંવેગ પરિણામવાળા હોવાથી આહાર પ્રત્યેની અલ્પ પણ મૂર્છા-મમતા-કે આસક્તિ રાખ્યા વિના કેવળ સંયમસાધનામાં હેતુભૂત શરીર ટકાવવા જ ગ્રહણ કરે છે તથા આપનાર ગૃહસ્થાદિ પણ મન-વચન-કાયાનાં શુદ્ધ પરિણામોથી ઉત્તમ પાત્રની ભક્તિમાત્ર કરવાના અને સંયમ સાધનામાં નિમિત્ત માત્ર બનવાના શુદ્ધ આશયથી આપે છે. માટે બન્ને પાત્રોનું બન્ને લોકનું હિત કરનારી આ ભિક્ષા જાણવી.

આ **"સર્વસંપત્કરી"** ભિક્ષા સિવાયની બીજી પણ બે પ્રકારની ભિક્ષા છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) પૌરુષઘ્ની, (૨) વૃત્તિભિક્ષા, આ બન્નેના વ્યવચ્છેદ માટે જ આ શુક્લાહાર ગ્રહણ કરવા રૂપ સર્વસંપત્કરી એવી ત્રીજી ભિક્ષાનું અહીં વર્ણન કરેલું છે.

જે ભિક્ષા પુરુષાર્થને રોકનારી હોય, આળસ, ઊંઘ, પ્રમાદ વધારનારી હોય, જેમકે સાધુને આશ્રયી એક જ ઘરથી આહાર ગ્રહણ કરે, વારંવાર એક જ પોળ-ગલી-શેરીથી જ આહાર ગ્રહણ કરે, વધારે વિકારો ઉત્પન્ન કરે એવો આહાર ગ્રહણ કરે, જરૂરિયાત કરતાં રસાસક્તિથી અધિક આહાર ગ્રહણ કરે તે તમામ ભિક્ષા પૌરૂષઘ્ની ભિક્ષા કહેવાય છે. તથા આજીવિકા ચલાવવાના આશયથી જે ભિક્ષા ગ્રહણ થાય તે વૃત્તિભિક્ષા કહેવાય છે. આ બન્ને ભિક્ષા આત્માના હિતને કરનારી નથી. તેથી તેનો વ્યવચ્છેદ સમજવો.

અહીં આચાર્યશ્રી જણાવે છે કે આહારની વિધિની બાબતમાં કેવો આહાર? કેટલો આહાર ? કયા કાલે આહાર ? કેટલી દત્તિથી આહાર ? ઈત્યાદિ આહારની ઘણી ઘણી વાત સમજાવવા જેવી છે. પરંતુ તે અહીં સમજાવાતી નથી, કારણ કે આ ગ્રંથનો પ્રારંભ ગમનિકામાત્રસ્વરૂપ છે એટલે કે સંક્ષેપમાં જ વિષય સમજાવવા સ્વરૂપ છે. એટલે અહીં આહારના વિષયની વિશેષ ઘણી વિધિ છે. દશવૈકાલિક આદિ સાધુ સમાચારીના અન્યગ્રંથોમાં આ વિધિ વર્ણિત પણ છે. માટે વિશેષાર્થીએ ત્યાંથી જાણી લેવી. ॥ ૮૧ ॥

**અવતરણ - अत्रैव विशेषमाह -**

આ આહારવિધિમાં આચાર્યશ્રી વિશેષતા જણાવે છે –

**[2]वणलेवोवम्मेणं [4]उचियत्तं, [3]तग्गयं [5]निओएणं ।**
**[1]एत्थं अवेक्खि[6]यव्वं, [7]इहराऽयोगो[8] त्ति [9]दोसफलो ॥ ८२ ॥**

**"व्रणलेपौपम्येन" = सकललोकसिद्धेन उचितत्वं, "तद्गतम्" = आहारगतं, "नियोगेन" = अवश्यन्तया, अत्र = प्रक्रमे अपेक्षितव्यम् "इतरथा" = अन्यथा "अयोग:" = असम्बन्धः इति कृत्वा व्रणलेपवदेवाऽऽहारो दोषफल इति । एतदुक्तं भवति-**

**यथा व्रणः स्वरूपभेदात् कश्चिन्निम्बतिलोचितः, कश्चिच्चिक्कशोचितः,**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कश्चिद्गवादिघृतोचित इति, तत्र विपर्ययलेपदाने दोषः, एवं कश्चिद् यतिकायः कोद्रवाद्योदनोचितः, कश्चित् शाल्याद्योदनोचितः, कश्चिद् हविः पूर्णाद्युचित इति, अत्रापि विपर्ययदाने दोषः, गम्भीरबुद्ध्या परिभावनीयमेतत्।इति गाथार्थः। ॥ ८२ ॥

**ગાથાર્થ :** આ બાબતમાં વ્રણલેપની ઉપમાને અનુસારે આહાર સંબંધી ઉચિતતા અવશ્ય સાચવવી. અન્યથા અઘટિત આહારનો યોગ દોષફળને જ આપનાર બને છે. ॥ ૮૨ ॥

**ટીકાનુવાદ** - આ ગાથાની ટીકામાં ગાથાના શબ્દોના અર્થ જણાવવા માટે આચાર્યશ્રીએ તેની સામે પર્યાયવાચી સંસ્કૃત શબ્દો લખ્યા છે. જેથી પઠન-પાઠન કરનાર વર્ગ ગાથાના અર્થ સહેલાઈથી સમજી શકે, જો કે દરેક ગાથાઓમાં ગ્રંથકારશ્રીએ આ જ પધ્ધતિ અપનાવી છે. એટલે જ અમે "શબ્દાર્થ" કે ગાથાની સંસ્કૃત છાયા આ પુસ્તકમાં પ્રકાશિત કરી નથી. કારણ કે ટીકાથી સુખદ રીતે સમજાઈ જાય તેમ છે.

**व्रणलेपौपम्येन** = સકળ લોકમાં પ્રસિદ્ધ એવો, હાથ-પગાદિ કોઈ પણ શારીરિક અવયવમાં પડેલો જે ઘા, તેના ઉપર કરાતો જે લેપ, તેની ઉપમા વડે યોગ્ય, ઉચિત, તે વ્રણલેપની જેમ ઉચિત આહાર,

**तद्गतम्** = તે આહાર સંબંધી કંટ્રોલ, કોને કેટલો આપવો ? અને કયો આપવો, ઇત્યાદિ આહાર સંબંધી નિયમ.

**नियोगेन** = અવશ્યપણે આ નિયમ જાણવો.

**अत्र** = આ પ્રકરણમાં, એટલે યોગદશાની સાધનામાં આવા પ્રકારનો આહારનો નિયમ અવશ્ય અપેક્ષિત કરવો.

**इतरथा** = અન્યથા જો તે નિયમથી ઊલટું વર્તન કરવામાં આવે તો,

**अयोगः** = અસંબંધિત રીતે = અઘટિત રીતે = અયોગ્ય રીતે જો આહાર આપવામાં આવે તો એટલે કે જેને જે ઉચિત ન હોય તેને તેવો આહાર આપવામાં આવે તો.

**इति कृत्वा** = આવો ઉલટ વ્યવહાર કરવાથી.

**व्रणलेपवदेव** = ઘાના લેપની જેમ જ, એટલે કે નાના ઘાને મોટો લેપ, અને મોટા ઘાને નાનો લેપ કરે તો, અથવા લીંબડાના તેલથી મટે તેવા ઘાને ગાયનું



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘી ચોપડવામાં આવે અને ગાયના ઘીથી મટે તેવા ઘાને લીંબડાનું તેલ ચોપડવામાં આવે તો, તેની જેમ જ.

**आहारो दोषफल इति** = આહાર પણ જેને જે ઉચિત ન હોય તેને જો તે આપવામાં આવે તો દોષફળને જ આપનાર બને છે.

ઉપર કહેલ અર્થનો ભાવાર્થ આ પ્રમાણે છે– જેમ હાથ-પગ વિગેરે શારીરિક અવયવોમાં લાગેલો કોઈ ઘા સ્વરૂપના ભેદથી ભિન્ન ભિન્ન હોય છે. કોઈક થોડો ઊંડો ઘા, કોઈક વધારે ઊંડો ઘા, અને કોઈક અતિશય વધારે ઊંડો ઘા, તથા કોઈ ઓછા ચિકાશવાળા લિંબડાના તેલથી મટી શકવાને ઉચિત, કોઈ ઘા વધારે ચિકાશવાળા અન્ય તેલથી મટી શક્વાને ઉચિત, તથા વળી કોઈ ઘા ગાય આદિના અતિશય ચિકાશવાળા ઘીથી મટી શક્વાને ઉચિત હોય છે તથા વળી થોડો ઊંડો ઘા હોય તો પ્રમાણમાં થોડો લેપ કરવો પડે, વધારે ઊંડો ઘા હોય તો વધારે લેપ કરવો પડે, અને અતિશય વધારે ઊંડો ઘા હોય તો અતિશય વધારે ઊંડો અને દીર્ઘકાળ સુધી લેપ કરવો પડે. જો તેમાં વિપર્યય લેપ કરવામાં આવે તો દોષફળ જ થાય. નાનો ઘા હોય અને આખી બાટલી ખાલી કરવામાં આવે તો નિરર્થક જ જાય, અને ઊંડો ઘા વધારે હોય અને ઉપર ઉપરથી અલ્પ લેપ કરવામાં આવે તોપણ ઘા મટે નહીં. પરંતુ અંદર ઊંડો લેપ ન મળવાથી રોગ વધે, તથા અલ્પ ચીકાશવાળા તેલથી મટે તેવા ઘાને વધુ ચીકાશવાળા ગાયના ઘીથી લેપ કરવામાં આવે તો પણ રોગ મટે નહીં પણ વધે, ઇત્યાદિ વિપર્યય લેપ કરવામાં જેમ દોષફળ જ આપે છે. તેની જેમ યતિની (મુનિની) કાયા માટે પણ આહારની બાબતમાં આ જ પ્રમાણે સમજી લેવું.

કોઈ મુનિની કાયા લુખ્ખા-સુકા કોદ્રવાદિ ધાન્યને ઉચિત હોય, કોઈ મુનિની કાયા બાસ્મતી આદિ સારા તંદુલાદિ ધાન્યને ઉચિત હોય, અને કોઈ મુનિની કાયા (કે જેઓ પૂર્વાવસ્થામાં ચક્રવર્તી અથવા રાજા-મહારાજા હોય અને દીક્ષા લીધી હોય તેવા મુનિની કાયા) ઘી આદિ (ઘી-ગોળ-સાકરાદિ) વિશિષ્ટ દ્રવ્યોથી ભરપૂર એવા ધાન્યને પણ ઉચિત હોય તો તે મુનિને તેવો તેવો જ આહાર આપવો, તથા જેને અલ્પાહાર ઉચિત હોય તેને માત્રાથી અલ્પ જ આપવો અને પ્રથમથી જ બહુમાત્રાએ આહાર લીધો હોય તેને અધિકાહાર આપવો એમ કરવાથી જ ક્ષુધાદિ શાન્ત થતાં સ્વાધ્યાય-ધ્યાનાદિ પ્રસન્નચિત્તે આરાધી શકે, કારણ કે શરીર એ પણ ધર્મસાધનાનું



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક અંગ છે. માટે વ્રણલેપની જેમ જે જે મુનિને જે જે ઉચિત આહાર હોય અને જેટલો જેટલો ઉચિત હોય તે તે મુનિને તે તે આહાર આપવો અને તેટલો તેટલો આહાર આપવો એ જ હિતાવહ છે.

**अद्यापि** = અહીં પણ જો આહારનું વિપરીત દાન કરવામાં આવે તો દોષ જ આવે. પૂર્વસંસારી અવસ્થા બ્રાહ્મણ આદિકુળની હોય અને ગ્રામ્ય આદિ જીવન હોવાના કારણે અતિમાત્રાએ આહાર લીધો હોય અથવા બાજરીના જાડા રોટલાના આહારથી ટેવાયેલું શરીર - આંતરડા અને હોજરી હોય તેવા મુનિની કાયાને જો અલ્પ આહાર આપવામાં આવે અથવા સુરત-મુંબઈ જેવા શહેરી જીવનમાં બનતાં અતિશય પાતળાં રોટલીનાં ફુલકાં આપવામાં આવે તો ક્ષુધા મટે નહીં.

તેવી જ રીતે પ્રથમ સંસારી અવસ્થામાં પાતળી રોટલીઓથી ટેવાયેલુ શરીર હોય, તેલ-ઘી-ખાંડ-મીઠું અલ્પ જ ખાવાને ટેવાયેલું હોય, એવા મુનિઓને રોટલા જેવા ભારે ખોરાક અથવા વધારા પડતાં તેલ-ઘી-ખાંડ-મીઠું નાખેલાં દ્રવ્યો આપવામાં આવે તોપણ તે મુનિઓનાં આંતરડાં અને હોજરી કામ ન કરવાથી આરોગ્યની હાનિ જ થાય, રોગવૃદ્ધિ રૂપ દોષફળ જ આવે માટે વ્રણલેપની જેમ યથોચિત આહારદાન આપવું.

આ વિષય અતિશય ઘણો ગંભીર છે. માટે ગંભીરબુદ્ધિથી પૂર્વાપર સંકલનાથી શાસ્ત્રને અને સાધુજીવનને બાધ ન આવે તે રીતે યથાયોગ્ય વિચારવું.॥ ૮૨ ॥

**અવતરણ - कथमुचितस्य लाभः ? इत्याशङ्कानिरासार्थमाह–**

તમે ઉપરની ગાથામાં મુનિની કાયાને જે જે ઉચિત આહાર હોય તે તે આહાર આપવો એમ સમજાવ્યું છે. પરંતુ યોગી બનેલા, ત્યાગી બનેલા, અને ગૃહસ્થોનાં ઘરોથી નિર્દોષ જે આહાર મળે તેને જ લેવાવાળા, એવા આ યોગીઓને હવિઃપૂર્ણ ઓદનાદિ રૂપ ઉચિત આહારનો લાભ કેવી રીતે મળે ? આવી આશંકા ટાળવા માટે આચાર્યશ્રી જણાવે છે કે–

**[1]जोगाणुभावओ [2]च्चिय, [5]पायंणंय [3]सोहणस्स [4]वि अलाभो[6] ।**
**[10]लद्धीण वि [11]संपत्ती, [8]इमस्स जं [12]वण्णिया समए[9] ॥ ८३ ॥**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"योगानुभावत एव" = योगसामर्थ्यत एव तत्प्रतिबन्धककर्मनिवृत्तेः, "प्रायः" = बाहुल्येन, न च शोभनस्यापि-आहारस्य हविः पूर्णादेः अलाभः, किन्तु लाभ एव, कुतः ? इत्याह-लब्धीनामपि = रत्नादि रूपाणां, "योगानुभावत एव" योगसामर्थ्यात् "सम्प्राप्तिः" = शोभना प्राप्तिः परोपकारफला, अस्य = योगिनः, "यत्" = यस्मात् कारणाद् वर्णिता, "समये" = सिद्धान्ते

इति गाथार्थः । ॥ ८३ ॥

**ગાથાર્થ** :- યોગના પ્રભાવથી જ આ મહાત્માઓને સુંદર આહારની પણ અપ્રાપ્તિ પ્રાયઃ હોતી નથી, તથા શાસ્ત્રોમાં આ મુનિઓને તો યોગના પ્રભાવથી લબ્ધિઓની પ્રાપ્તિ પણ વર્ણવેલી છે. ॥ ૮૩ ॥

**ટીકાનુવાદ** - અવતરણમાં પ્રશ્ન સમજાવેલ છે. તે મુજબ આવો પ્રશ્ન થવો સ્વાભાવિક છે કે આવી યોગી દશામાં વર્તતા મુનિને લોકસંપર્ક બહુ ઓછો હોવાથી, યોગીને લોકો ન જાણતા હોવાથી, અને યોગી પોતે નિઃસ્પૃહ હોવાથી શું હવિઃપૂર્ણાદિ ભોજનની પ્રાપ્તિ સંભવી શકે ?

તેનો ઉત્તર આ ગાથામાં સમજાવતાં આચાર્યશ્રી સુંદર એક જ ઉત્તર આપે છે કે **"યોગનો પ્રભાવ અચિન્ત્ય છે."**

યોગી મહાત્મા જેમ જેમ યોગદશામાં આગળ વધતા જાય છે. તેમ તેમ એ યોગના પ્રભાવથી જ તીવ્રપુણ્યોદય વધતો જાય છે અનેતે આહારાદિની પ્રાપ્તિમાં પ્રતિબંધ કરનારાં એવાં પૂર્વબદ્ધ કર્મોની વિશિષ્ટ નિવૃત્તિ (નિર્જરા) થવાથી ઘણું કરીને હવિઃપૂર્ણ એવા ઘેબર આદિ વિશિષ્ટ આહારની પણ અપ્રાપ્તિ હોતી નથી પરંતુ પ્રાપ્તિ જ હોય છે. અહીં કોઈ મુનિઆત્માનું પૂર્વબદ્ધ અંતરાયકર્મ તીવ્રનિકાચિત ઉદયમાં હોય તો ઢંઢણમુનિ આદિની જેમ શુષ્ક આહાર પણ અપ્રાપ્ય બની જાય તો વિશિષ્ટાહાર તો અપ્રાપ્ય બને જ, તેમાં કંઈ આશ્ચર્ય નથી. તે જણાવવા માટે જ મૂળગાથામાં પ્રાયઃ શબ્દ જણાવેલ છે.

યોગનું સામર્થ્યબળ જ એવું છે કે શાસ્ત્રોમાં (યોગ સંબંધીજૈન-જૈનેતર શાસ્ત્રોમાં) તેનું એવું વર્ણન કરેલું છે કે આ મુનિઓને યોગના સામર્થ્યબળથી રત્નાદિ વિશિષ્ટ લબ્ધિઓ પણ પ્રાપ્ત થાય છે. (જેનું વર્ણન હવે પછીની ગાથામાં આવે છે) રત્નાદિ સંબંધી આ લબ્ધિઓની પ્રાપ્તિ અતિસુંદર થાય છે, તથાપિ લબ્ધિઓ દ્વારા અભિમાન-સ્વાર્થ-વૈર ન પોષતાં તે બધુ ત્યજીને માત્ર પરોપકારના જ એક ફળને કરવાવાળી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવી આ લબ્ધિઓની આવા યોગબળવાળા મુનિમહાત્માને પ્રાપ્તિ થાય છે.

માણસ પાસે ધન ન હોય ત્યારે ધન મળે તો દેશ-વિદેશ ફરું. બધું જ જોઈ આવું આવી ઘેલછાઓ હોય છે અને કદાચ પુણ્યવશાત્ ધન મળે, ગાડી-વાડીની પ્રાપ્તિ થાય, તો તે ધન દ્વારા ફરવા નીકળી જ પડે છે, મોજ-મજા માણી આવે છે. વધુ ધન મળે તો પ્લેન દ્વારા દેશ-વિદેશોમાં પણ ઘૂમી આવે છે. તેવી જ રીતે આ જીવને લબ્ધિઓ ન મળી હોય ત્યાં સુધી આવી ઘેલછાઓ હોય છે કે જો મને વૈક્રિય શરીર મળે તો બધે ફરી આવું, આહારક શરીર મળે તો સીમંધર સ્વામી પાસે જ પહોંચી જાઉં, આકાશગામીની લબ્ધિ મળે તો નંદીશ્વર દ્વીપ જઇ આવું. પરંતુ યોગદશા વિના પ્રાયઃ આવી લબ્ધિઓ મળતી નથી. અને યોગદશાનું સામર્થ્ય આવે ત્યારે આવી લબ્ધિઓ યોગબળે જ ઉત્પન્ન થાય છે. પરંતુ ભોગીના જેવી ઘેલછાઓ જ ખતમ થઈ જાય છે. માટે લબ્ધિઓ ફોરવતા જ નથી. અપવાદ પ્રસંગે જ આ લબ્ધિઓનો મહાત્મા પુરુષો ઉપયોગ કરે છે.

વિષ્ણુકુમાર મુનિ પાસે વૈક્રિયલબ્ધિ હતી પરંતુ નમુચિનો પ્રસંગ આવ્યો તો જ ફોરવી. વજ્ર સ્વામી પાસે આકાશગામિની વિદ્યા હતી પરંતુ પાલીતાણામાં ફૂલપૂજાનો પ્રસંગ આવ્યો તો જ ફોરવી. પૂર્વધરો પાસે આહારકલબ્ધિ હોય છે પરંતુ પ્રશ્નોત્તરાદિનો પ્રસંગ હોય તો જ ફોરવે છે, માટે આ ચર્ચાનો સારાંશ એ છે કે લબ્ધિઓ મળવી તે પુણ્યોદય છે પરંતુ વિના કારણે મોહને વશ થઈને ફોરવવી તે પ્રમાદ છે. તેથી જ આહારકાદિ લબ્ધિઓની પ્રાપ્તિ અપ્રમત્તગુણઠાણે થાય છે. પરંતુ જ્યારે ફોરવે છે ત્યારે પ્રમત્તગુણસ્થાનક આવે છે. ॥ ૮૩ ॥

**અવતરણ - लब्धीनां स्वरूपमाह–**

હવે લબ્ધિઓનો પ્રસંગ હોવાથી લબ્ધિઓનું જ સ્વરૂપ સમજાવે છે–

**[४]रयणाई [५]लद्धीओ, [७]अणिमादीयाओ [८]तह य [६]चित्ताओ ।**
**[९]आमोसहाइयाओ, [२]तहा [३]तहा [१]जोगवुड्ढीए ॥ ८४ ॥**

**रत्नाद्या लब्धयः, "स्थान्युपनिमन्त्रणे सङ्ग-स्मयाकरणं पुनरनिष्टप्रसङ्गात्" ( पातञ्जली योगसूत्र-३-५१ ) इति वचनात् । अणिमाद्याश्च तथा "चित्राः" = अणिमा-महिमा-लघिमा प्राप्तिः प्राकाम्यं ईशिता वशिता यत्र कामावसायिता**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

च'' इति वचनात् ''आमर्षौषध्याद्या:'' = ''आमोसहि विप्पोसहि खेलोसहि'' ( आवश्यक निर्युक्ति गाथा ६९ ) इति वचनात् । एताश्च तथा तथा प्रकारेण उत्तरोत्तरपरिशुद्धवृद्धिरूपेण योगवृद्धेः सकाशाद् भवन्ति । तच्छोभनाहारो लघ्वी मात्रा । इति गाथार्थः । ॥ ८४ ॥

**ગાથાર્થ** :- જેમ જેમ યોગદશાની વૃદ્ધિ થાય છે તેમ તેમ રત્નાદિ લબ્ધિઓ, ચિત્ર-વિચિત્ર એવી અણિમાદિ લબ્ધિઓ, તથા આમર્ષોધધિ આદિ લબ્ધિઓ ઉત્પન્ન થાય છે. ॥ ૮૪ ॥

**ટીકાનુવાદ** - તેવા તેવા પ્રકારની ઉત્તરોત્તર અત્યન્ત શુદ્ધ અને દિન-પ્રતિદિન વૃદ્ધિ પામતી યોગદશાથી આવા પ્રકારની (જે હમણાં સમજાવવામાં આવે છે. તેવા પ્રકારની) લબ્ધિઓ પ્રગટ થાય છે. જો યોગદશાથી મહા લબ્ધિઓ પ્રાપ્ત થતી હોય તો શોભન આહારની પ્રાપ્તિ એ તો લબ્ધિઓની પ્રાપ્તિ સામે નાની વસ્તુ છે. અર્થાત્ ''લઘ્વી માત્રા'' છે. માટે અવશ્ય સુંદર અને નિર્દોષ આહાર મળે જ.

રત્નાદિ લબ્ધિઓ ''स्थान्युपनिमन्त्रणे'' ઈત્યાદિ સૂત્રથી પાતંજલી યોગસૂત્રમાં ૩-૫૧ માં કહેલી છે अणिमाद्याश्च = અણીમા, મહિમા, લઘિમા, વિગેરે લબ્ધિઓ પણ ત્યાં કહેલી છે તથા ''आमर्षौषध्याया:'' = આમોસહી -વિપ્પોસહી-ખેલોસહી વિગેરે લબ્ધિઓ શ્રી આવશ્યક નિર્યુક્તિમાં કહેલી છે.

રત્નાદિ લબ્ધિઓની પ્રાપ્તિનું વર્ણન ''શ્રી મહર્ષિ પતંજલિ પ્રણીત ''યોગદર્શન'' માં ત્રીજા પાદના ૫૧, ૪૫ અને ૪૬મા સૂત્રમાં પણ જણાવેલું છે. તે સૂત્રો તથા તેનો અર્થ આ પ્રમાણે છે –

**स्थान्युपनिमन्त्रणो संगस्मयाकरणं पुनरनिष्टप्रसङ्गात् ૩-૫૧**

યોગી મહાત્માઓ જ્યારે યોગ અવસ્થામાં અધિરુઢ થાય છે. ત્યારે સ્થાની એટલે તે તે સ્થાનમાં રહેનારા દેવો યોગીને યોગમાર્ગથી સ્ખલિત કરવા અપ્સરાદિના વર્ણન પૂર્વક દૈવિક ભોગો માટે ઉપનિમંત્રણ કરે તો તે દૈવિક ભોગોના સંગનું અકરણ, તથા મારા યોગનો કેવો પ્રભાવ છે ? જે દેવો પણ મને નિમંત્રણ કરે છે એવા પ્રકારના સ્મયનું (અભિમાનનું) અકરણ થવું જોઈએ. કારણ કે દૈવિક આદિ ભોગોનો સંગ, અને યોગદશાનો અહંકાર એ ફરીથી (રાગ-દ્વેષાદિ ક્લેશોની વૃધ્ધિ થવા રૂપ) અનિષ્ટનો જ પ્રસંગ આવે. આવા પ્રકારની યોગદઢતાથી રત્નાદિ લબ્ધિઓ પ્રાપ્ત થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ततोऽणिमादिप्रादुर्भावः कायसम्पत्तद्धर्मानभिघातश्च - ३ - ४५**

તે યોગદર્શનના પ્રભાવથી અણિમાદિ (અણિમા - લઘિમા - મહિમા અને પ્રાપ્તિ આદિ) લબ્ધિઓનો પ્રાદુર્ભાવ થાય છે. તથા પ્રાકામ્ય - ઈશિત્વ - વશિત્વ અને કામાવસાયિત્વાદિ સિધ્ધિઓ પ્રાપ્ત થાય છે. તેના અર્થો આ પ્રમાણે છે –

(૧) મોટું શરીર નાનું કરી શકે તે **અણિમા**

(૨) વજનદાર શરીર હલકું કરી શકે તે **લઘિમા**

(૩) ઘણું મોટું શરીર બનાવી શકાય તે **મહિમા**

(૪) ભૂમિ ઉપર રહે છતે અંગુલીના અગ્રભાવ વડે સૂર્ય-ચંદ્રને સ્પર્શી શકાય તે **પ્રાપ્તિ.**

(૧) પાણીની જેમ પૃથ્વીમાં ડૂબી શકે અંદર ઉતરી જાય તે પ્રાકામ્ય.

(૨) ભોતિક પદાર્થોની ઉત્પત્તિ - નાશ દ્વારા સ્વયં રચના કરી શકે તે ઈશિત્વ.

(૩) ભૌતિક પદાર્થોને પરવશ ન થાય, સ્વતંત્ર રહે તે વશિત્વ.

(૪) પોતાની ઈચ્છા પ્રમાણે સંકલ્પ માત્રથી ભૂતોમાં રચના કરી શકે તે કામાવસાયિત્વ ઈત્યાદિ

તથા યોગદર્શનમાં **કાયસંપત્** આ પ્રમાણે જણાવી છે –

**रुपलावण्यबल वज्रसंहननत्वानि कायसम्पत्** - ૩ - ૪૬

શરીરમાં અતિશય સુંદર રુપ, લાવણ્ય, બળ અને વજ્રની સમાન શરીરના અવયવોની મજબૂતાઈ પ્રાપ્ત થાય તે કાયસમ્પદ્ તથા યોગિદશાના પ્રભાવે તે તે ભૂતધર્મોમાંથી યોગિને કોઈ પણ પ્રકારની બાધા આવતી નથી.

તથા જૈનદર્શનમાં પણ આવશ્યક નિર્યુક્તિમાં તથા તેના જ ઉપર શ્રીજિનભદ્રગણિક્ષમાશ્રમણ વડે રચાયેલા ‘‘શ્રી વિશેષાવશ્યક મહાભાષ્યમાં ‘‘પણ આમર્ષૌષધિ આદિ લબ્ધિઓ યોગ દશાથી પ્રાપ્ત થાય છે તે જણાવેલું છે.

**आमोसहि विप्पोसहि, खेलोसहि जल्लमोसही चेव ।**
**संभिन्नसोय उजुमइ, सव्वोसहि चेव बोधव्वा ॥ ७७९ ॥**
**चारण - आसीविसा, केवली य मणनाणिणो य पुव्वधरा ।**
**अरहंत चक्कवटी, बलदेवा वासुदेवा य ॥ ७८० ॥**

આમર્ષૌષધિ, વિપ્રૌષધિ, શ્લેષ્મૌષધિ, જલ્લૌષધિ, સંભિન્નશ્રોત્રો પલબ્ધિ, ઋજુમતિ, સર્વૌષધિ, ચારણલબ્ધિ, આશી વિષલબ્ધિ, કેવલિલબ્ધિ તથા મનઃ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પર્યવજ્ઞાનિત્વ, પૂર્વધરત્વ, અરિહંતત્ત્વ, ચક્રવર્તિત્વ, બલદેવત્વ અને વાસુદેવત્વ ઇત્યાદિ લબ્ધિઓ પણ આ આત્માને યોગપ્રભાવથી પ્રાપ્ત થાય છે. તેવા તેવા પ્રકારે ઉત્તરોત્તર અતિશય વૃધ્ધિ સ્વરૂપે યોગવૃધ્ધિ થવાના બળથી જો આવી લબ્ધિઓ અને સિધ્ધિઓ થતી હોય તો તેઓને શોભન આહારની પ્રાપ્તિ થવી એ તો સામાન્ય વસ્તુ છે અર્થાત્ લઘ્વી માત્રા છે.

**અવતરણ :- अधिकृतावस्थाफलमाह -**

આવી ઉપર વર્ણવેલી અધિકૃત યોગદશાની અવસ્થા પામેલા મુનિને આ યોગદશાની અવસ્થાનું ફળ શું પ્રાપ્ત થાય ? તે જણાવે છે –

**एत्तीए एस जुत्तो, सम्मं असुहस्य खवग मो णेओ ।**
**इयरस्स बंधगो तह, सुहेणमिय मोक्खागामि त्ति ॥ ८५ ॥**

**''एतया''=योगवृद्धया भावनया वा, ''एषः''-योगी, ''युक्तः-घटितः, किम् ? इत्याह - ''सम्यग्'': = अपुनर्बन्धकत्वेन अशुभस्य कर्मणः क्षपको ज्ञेयः ।'मो'- इति अत्र स्थानेऽवधारणार्थो निपातः, एतयैव, अन्यथा क्षपणस्यापि भूयोऽधिकभावेनाक्षपणत्वात् ।**

નિપાત

**''इतरस्य''- शुभस्य कर्मणः विशिष्ट-देश-कुल-जात्यादि-निमित्तस्य बन्धकः ज्ञेय इति वर्तते । ''तथा''- तेन प्रकारेणा-नुबन्धानः शुभशुभतरप्रवृत्त्या प्रप्कृष्टफलदानरूपेण, एवं किम् ? इत्याह - ''सुखेनैव - सुखपरम्परया ''मोक्षगामी''- भवान्तकृत् । इति गाथार्थ : । ॥ ८५ ॥**

**ગાથાર્થ :** આ યોગવૃદ્ધિથી યુક્ત એવા આ મુનિ અશુભકર્મોના સારી રીતે ક્ષપક સમજવા, અને ઇતર એવા શુભકર્મના બંધક સમજવા, તથા સુખે સુખે મોક્ષગામી જાણવા. ॥ ૮૫ ॥

**ટીકાનુવાદ** - દિન-પ્રતિદિન આ પ્રમાણે પ્રાપ્ત થતી યોગદશાની વૃધ્ધિ દ્વારા, અથવા તે યોગવૃધ્ધિના કારણભૂત એવી ભાવનાઓ દ્વારા, (ગાથા ૫૦ મીમાં કહેલી ચતુઃશરણાદિની, ગાથા ૬૭ થી ૭૭માં કહેલી રાગાદિ ના પ્રતિપક્ષની અને ગાથા ૭૮/૭૯માં કહેલી મૈત્રી આદિની ભાવનાઓ દ્વારા) સંયુક્ત એવા આ યોગી મહાત્મા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શું કરે છે ? ફરીથી કદાપિ બાંધવાં ન પડે તેવો અશુભ કર્મોનો ક્ષય કરે છે.

જૈનધર્મની કરાતી તમામ ધર્મક્રિયાઓ મોહના નાશનો હેતુ હોવાથી અશુભ કર્મોનો ક્ષય તો કરાવે જ છે. પરંતુ ઉપરોક્ત ભાવનાઓથી વાસિત હૃદય વાળો આ આત્માનો એટલો બધો નિર્મળ પરિણામ છે કે આ પાપકર્મોનો ક્ષય કર્યા પછી ફરીથી કદાપિ બંધ થતો નથી. ભૂતકાળમાં આ આત્માએ ઘણી વાર કર્મક્ષય કરેલો છે, પરંતુ અપુનર્ભાવે તે ક્ષય થયો ન હતો - જ્યારે આજે આ આત્મા ઉત્તરોત્તર નિર્મળ પરિણતિ દ્વારા પુનઃ ન બાંધવા પડે તેવો અર્થાત્ અપુનર્બન્ધકપણે કર્મક્ષય કરે છે.

પ્રવૃત્તિ કરતાં ભાવનાઓથી વાસિત બનેલી પરિણતિમાં અનેકગણું બળ છે. અભવ્યો અને મિથ્યાત્વી જીવો પણ બાહ્ય ધાર્મિક પ્રવૃત્તિઓ દ્વારા નવમા ગ્રૈવેયક સુધી જાય છે. યથાપ્રવૃત્ત કરણ પણ કરે છે. પરંતુ પરિણતિ શુધ્ધ ન હોવાથી અવશ્ય પછડાય છે.

જ્યારે ગુણસાગર - પૃથ્વીચંદ્ર - ભરતરાજા - મરૂદેવામાતા -કુરગડુઋષિ માષતુષમુનિ - ઈલાચી - ચિલાતી ઈત્યાદિ અનેક આત્માઓ પ્રવૃત્તિ ન્યૂન હોવા છતાં નિર્મળ પરિણતિના જોરે સંસારસાગર તર્યા છે. પરિણતિને નિર્મળ બનાવવા માટે જ પ્રવૃત્તિની આવશ્યકતા છે અને એ જ વ્યવહાર નય છે. પરંતુ પ્રવૃત્તિમાત્રથી સંતોષમાની પરિણતિની ઉપેક્ષા કરનારા જીવો પણ યથાર્થ કલ્યાણ પામી શકતા નથી. તથા અપવાદભૂત બનેલા દ્રષ્ટાન્તોને આગળ ધરી પરિણતિ માત્રનું જ અવલંબન લેનારા અને તેને અનુરૂપ પ્રવૃત્તિની ઉપેક્ષા કરનારા (અને તે કારણથી જ સાચી પરિણતિ વિનાના) જીવો પણ એકાન્ત નિશ્ચયનયવાદી થયા છતા આત્મકલ્યાણના અકર્તા-અભોક્તા બને છે.

ચતુ:શરણાદિની ભાવનાઓ, રાગાદિના પ્રતિપક્ષની ભાવનાઓ અને મૈત્રી આદિની ભાવનાઓમાં એટલું બધું બળ છે કે આ ભાવનાઓ આત્માને ક્ષપકશ્રેણીની આસન્ન બનાવે છે. કર્મોથી અત્યન્ત હળવો બનાવી દે છે. અશુભ પ્રવૃત્તિઓ અને પરિણતિઓ મૂળથી જ નષ્ટ થઈ જાય છે. તેથી નવો અશુભકર્મબંધ તો થતો જ નથી. પરંતુ પૂર્વે થયેલો અશુભ કર્મોનો બંધ પણ અપુનર્ભાવે ક્ષીણ થઈ જાય છે.

મૂળ ગાથામાં કહેલ "मो" એ શબ્દ અવ્યય છે. તે આ પ્રસંગમાં નિશ્ચય અર્થ સૂચવનારું છે. એટલે કે આ ભાવનાઓથી અને યોગવૃધ્ધિથી જ આત્મા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અપુનર્ભાવવાળો કર્મક્ષય કરી શકે છે. અન્યથા એકલી શુભપ્રવૃત્તિઓ માત્રથી કરાયેલો કર્મોનો ક્ષય તો કાલાન્તરે પુનઃ અધિક બંધાતો હોવાથી આ કર્મક્ષય પણ અક્ષયરૂપ જ છે.

તથા આવી ઉત્તમોત્તમ ભાવનાઓથી યુક્ત એવો આ યોગી ઇતર કર્મોનો = પુણ્યકર્મોનો એવો તીવ્ર બંધક બને છે. કે જે પુણ્ય કર્મ ભવાન્તરોમાં વિશિષ્ટ આર્ય દેશ, આર્યકુળ, આર્યજાતિ અને આદિ શબ્દથી જૈન ધર્મ, દેશવિરતિ ધર્મ - સર્વવિરતિ ધર્મ અને ક્ષપકશ્રેણી આદિ વિશિષ્ટ આત્મ કલ્યાણનું નિમિત્ત બને છે. જેને શાસ્ત્રોમાં પુણ્યાનુબંધી પુણ્ય કહેવાય છે. જે પુણ્યકર્મ કેવળ આત્મહિતમાં સહાયક થાય છે.

આત્માની આવેલી આવી ઉંચી યોગદશા જ આ આત્માને તીવ્રમાં પણ તીવ્ર પાપકર્મોનો ક્ષય અને તીવ્ર - તીવ્રતર પુણ્યનો અનુબંધ કરાવે છે. આ પ્રમાણે પાપનો બંધ જાય તથા પાપનો અનુબંધ જાય, પુણ્યબંધ વધે, પુણ્યકર્મોનો અનુબંધ વધે, તેથી ભવાન્તરોમાં ઊંચાં ઊંચાં સંસારિક સુખો પામવા છતાં અનાસક્તિભાવ વધે, આ ભવમાં અભ્યાસ કરેલી યોગદશા ભવાન્તરમાં પણ ગાઢ બને. એમ ઉત્તરોત્તર ભવોમાં પ્રકૃષ્ટ-પ્રકૃષ્ટ પુણ્યફલ આપવા સ્વરૂપ એવી શુભ-શુભતર પ્રકૃતિ દ્વારા અને પારમાર્થિક પરિણતિ દ્વારા આ યોગી મહાત્મા અંતે શું પામે ?

સુખે-સુખે એટલે કે અનાયાસે-ઓછા પ્રયત્ને પરભવમાં સુખોની પરંપરા ભોગવવા છતાં નિર્મોહદશારૂપે યોગ ફળના બળ વડે મોક્ષગામી બને છે. આ સંસારનો અંત કરનાર બને છે.

**અવતરણ - साम्प्रतमधिकृतभावनासाध्यमेव वस्तु तन्त्रान्तरपरिभाषया अन्वयव्यतिरेकतः खल्वविरोधि इति प्रदर्शनयन्नाह -**

હવે પ્રસ્તુત ચતુઃશરણાદિ પૂર્વોક્ત ભાવનાઓથી જે સાધ્ય સાધવાનું છે. તે જ સાધ્યસ્વરૂપ વસ્તુ અન્યદર્શનકારોએ એમનાં શાસ્ત્રોમાં કહેલી પરિભાષા સાથે અન્વય-વ્યતિરેકથી ખરેખર અવિરોધી જ છે, એમ જણાવતાં કહે છે.-

**[1]कायकिरियाए [3]दोसा, [2]खविया, [4]मंडुक्कचुण्णतुल्ल त्ति ।**
**[6]ते चेव [5]भावणाए, [8]नेया [7]तच्छारसरिस त्ति ॥ ८६ ॥**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[2]एवं [3]पुण्णं पि [4]दुहा, [1]मिम्मय-कणयकलसोवमं [6]भणियं ।
[5]अण्णेहि वि [7]इह [8]मग्गे, नाम-विवज्जासभेएणं[9] ॥ ८७ ॥

[1]तह [3]कायपाइणो [6]ण [4]पुण, [5]चित्तमहिकिच्च [2]बोहिसत्त त्ति ।
[11]होंति [7]तह [8]भावणाओ, [9]आसययोगेण [10]सुद्धाओ ॥ ८८ ॥

[1]एमाइ जहोइयभावणाविसेसाउ[2] जुज्जए[4] सव्वं[3] ।
[5]मुक्काहिनिवेशं खलु, [7]निरूवियव्वं [6]सबुद्धीए ॥ ८९ ॥

चतस्त्रोऽपि एकघट्टकप्रतिबद्धाः । आसां व्याख्या "कायक्रियया"- आगमबाधयाऽसद्भावतो भावशून्यया, "दोषाः"- रागादयः क्षपिताः सन्तः, किम् ? इत्याह - मण्डुकचूर्णतुल्याः इति । यथा माण्डुकचूर्णे चूर्णावस्थायां माण्डुकक्रियाक्षयः सन्नप्यक्षयकल्पः, प्रावृजादिनिमित्तयोगतः तदधिकभावात्, एवं कायक्रियया वचनबाधोपेतया तथाविधा नुष्ठानसमभिव्यङ्ग्यो दोषक्षयोऽक्षय एव, जन्मान्तरादिंनिमित्त योगतस्तदधिकभावादिति ।

उक्तं च - क्रियामात्रतः कर्मक्षयः मण्डुकचूर्णवत्, भावनातस्तु तद्भस्मवत् इत्यादि । अपथ्यद्रव्ययोगवेदनाक्षयोपलक्षणमेतत् । एवं दोषाः "भावनया" वचनगर्भया चित्तवृत्त्या, "क्षपिता" इति वर्तते, ज्ञेयाः किंविशिष्टाः ? इत्याह - तच्छारससदृशाः मण्डुकभस्मतुल्याः, पुनरभावात् । भावना ह्यत्राग्नितुल्या वर्तते इयं च वचननिमित्तैवेति । तद् "एतयैवैष युक्तः सम्यगशुभस्य क्षपको ज्ञेयः (गाथा ८५) - इति एतदनुपात्येव एतदिति परिभावनीयम् । इति प्रथम गाथार्थः ।
॥ ८६ ॥

ગાથાર્થ :- કાયિક ધર્મક્રિયાઓ વડે ક્ષય કરાયેલા દોષો દેડકાંના ચૂર્ણ તુલ્ય છે. પરંતુ ભાવનાથી ક્ષય કરાયેલા તે જ દોષો દેડકાંના ભસ્મ તુલ્ય છે એમ જાણવું ॥૮૬॥

ટીકાનુવાદ = **ઘટ્ટક** એટલે વિષય, આ ચારે ગાથાઓ (૮૬ થી ૮૯) એક જ વિષયને સમજાવનારી હોવાથી પરસ્પર પ્રતિબધ્ધ (સંબંધ) વાળી છે. આ ચારે ગાથાઓનું વિવેચન આ પ્રમાણે છે -



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ચાર ગાથાઓમાં પ્રથમની ત્રણ ગાથાઓમાં અન્યદર્શનકારોએ તેઓના શાસ્ત્રોમાં જે આત્મકલ્યાણનો માર્ગ બતાવ્યો છે અને યોગની પ્રાપ્તિના પ્રસંગો વર્ણવ્યા છે તેનું વર્ણન કરેલું છે. અને છેલ્લી ચોથી (૮૯મી) ગાથામાં તેનો જૈનદર્શનની સાથે ઉપસંહાર કરેલો છે. તેથી પ્રથમ અન્યદર્શનકારોના વિચારો જાણીએ -

આગમોની (ધર્મને પ્રતિપાદન કરનારાં શાસ્ત્રોની) સાથે બાધા આવે એવી રીતે = ખોટી રીતે હાર્દિક ભાવના વિના માત્ર શરીરની કાયિક ધર્મક્રિયાઓ વડે જે રાગાદિ દોષોને ખપાવ્યા હોય તે કેવા હોય છે ? મંડુકના (દેડકાના) ચૂર્ણ તુલ્ય હોય છે. એટલે કે પાણી સુકાઈ જવાથી જે દેડકાંઓ મૃત્યુ પામ્યાં હોય અને તેઓનાં નિર્જીવ શરીરો પડ્યાં હોય ત્યારે, અથવા સજીવ હોય પરંતુ જળ ન હોવાથી જેમાં ઉન્માદ નથી એવાં તે દેડકાંનાં શરીરો ડ્રાંઉ ડ્રાંઉ કરતાં નથી. શાન્ત હોય તેમ લાગે છે. તે કાળે મંડુક સંબંધી ડ્રાંઉ ડ્રાંઉની ક્રિયાનો ક્ષય થયો હોવા છતાં પણ અક્ષય રૂપ જ છે. કારણ કે વરસાદાદિ નિમિત્તોના સંયોગથી પાણી આવતાં જ જીવતાં દેડકાંઓમાં ઉન્માદ ઉત્પન્ન થવાથી, અને મરેલાંઓના શરીરના પુદ્ગલોમાં સંમૂર્છિમ દેડકાંઓની પુનઃ અપરિમિત ઉત્પત્તિ થવાથી ફરીથી પૂર્વ કરતાં પણ અધિક ડ્રાંઉ ડ્રાંઉ ક્રિયા કરવા જ લાગે છે. આ જ પ્રમાણે શાસ્ત્રોનાં વચનોની સાથે બાધા આવે તેવી રીતે = શાસ્ત્રવચનની અપેક્ષા રાખ્યા વિના તેવા પ્રકારના કરાયેલા ધર્માનુષ્ઠાનોથી ઓળખાતી માત્ર શારીરિક ધર્મક્રિયાઓ વડે કરાયેલો રાગાદિ દોષોનો ક્ષય પણ અક્ષય જ છે કારણ કે આ ભવમાં કરેલી આ કાયિક ધર્મક્રિયાઓ વડે પુણ્ય બંધાય છે. અને તે પુણ્ય જન્માન્તરમાં સ્વર્ગાદિ આપે છે. પરંતુ ભાવનાઓથી વાસિત ચિત્ત ન હોવાથી ચિત્તમાંથી રાગાદિ દોષો ટાળ્યા નથી. તેથી જન્માન્તરાદિનો સંયોગ થવાથી પુણ્ય જન્ય સ્વર્ગાદિમાં-દેવ-દેવીના વૈભવમાં આ જીવ પુનઃ અધિક રાગાદિવાળો થાય છે. તેથી વધારે કર્મ બાંધે છે. (જેને જૈનશાસ્ત્રોમાં પાપાનુબંધી પુણ્ય કહેવાય છે.)

અન્ય શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે - ક્રિયામાત્રથી કરાયેલો કર્મોનો ક્ષય મંડુકના ચૂર્ણતુલ્ય છે. અને ભાવનાથી કરાયેલો કર્મોનો ક્ષય દેડકાંના ભસ્મતુલ્ય છે. ઈત્યાદિ.

આ મંડુકના ચૂર્ણનું દૃષ્ટાન્ત તો બીજાં આવાં અનેક દૃષ્ટાન્તોનું ઉપલક્ષણ સમજવું. અર્થાત્ આ એક જ દૃષ્ટાન્ત છે એમ નહીં. બીજાં પણ આવાં અનેક દૃષ્ટાન્તો છે. જેમ કે કોઈ એક પુરુષને શરીરમાં કોઈ રોગ થયો છે. તે રોગથી થતી વેદના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(પીડા)નો ક્ષય થાય તેટલા માટે વૈદ્ય પાસે દવા લે છે. પરંતુ અપથ્યનું સેવન ચાલુ રાખે છે. એટલે અપથ્ય લેવા છતાં દવા ચાલુ હોવાથી વેદનાનો ક્ષય થાય છે પરંતુ તે વેદનાનો ક્ષય કાયમ માટે થતો નથી, દવા બંધ થતાં જ તે વેદના ચાલુ થાય છે. કારણ કે અપથ્યનું સેવન ચાલુ હોવાથી મૂળથી દર્દ ગયું જ નથી. તેમ કાયિક ધર્મક્રિયાઓ કરવાથી રાગાદિ દોષો જાય પરંતુ ચિત્તમાંથી ગયેલા ન હોવાથી જન્માન્તર મળતાં જ પુનઃ રાગાદિદોષો પ્રગટ થઈ જ જાય છે.

આ જ પ્રમાણે શાસ્ત્રોમાં કહેલાં વચનોથી ગર્ભિત એવી ચિત્તવૃત્તિ રૂપ (શાસ્ત્રમાં કહ્યા મુજબ રાગદિ દોષો વિનાની નિર્મળ-શુદ્ધ ચિત્ત પરિણતિ સ્વરૂપ) ભાવના વડે કરાયેલો રાગાદિ દોષોનો ક્ષય કેવા પ્રકારનો વિશિષ્ટ જાણવો ? તો કહે છે કે તે મંડુકના શરીરની ભસ્મતુલ્ય જાણવો કારણ કે ફરીથી તે દોષો હવે થવાના જ નથી. અહીં ક્ષપિતાઃ શબ્દ એક વખત ચૂર્ણ પ્રસંગે લખ્યો હોવા છતાં બીજી વખતમાં ભસ્મ પ્રસંગે પણ અનુવર્તે છે.

પાણી વિના મૃત થયેલાં દેડકાંનાં શરીરોને જો અગ્નિથી ભસ્મ રૂપ કરવામાં આવ્યાં હોય તો ગમે તેટલું વરસાદનું પાણી આવે તોપણ તેમાં પુનઃ દેડકાં ઉત્પન્ન થવાની યોગ્યતા જ નષ્ટ થઈ ચૂકેલી હોવાથી પુનઃ દેડકાંની ઉત્પત્તિ થતી નથી. તેમ શાસ્ત્રોક્ત વિધિવચન મુજબ ચિત્તમાંથી જ રાગાદિ દોષો ટાળીને ભાવનાથી જો દોષ ક્ષય કરાયો હોય તો જન્માન્તરનો સંયોગ થવા છતાં, દેવ-દેવીનો વૈભવ મળવા છતાં પણ અંદર ચિત્ત ન લેપાવાથી અનાસક્તિભાવની વૃધ્ધિ થવાથી પુનઃ રાગાદિ દોષો પ્રગટ થતા નથી.

''ભાવના'' એ જ અહીં કર્મોને બાળવામાં અગ્નિતુલ્ય સમજવી. જેમ ભડભડ થતી આગમાં બળેલા પદાર્થમાં પુનઃ વસ્તુ ઉત્પન્ન થતી નથી તેમ અહીં શાસ્ત્રોના વચનોનું નિમિત્ત (આશ્રય) લેવું એ જ આ આગ સમજવી. જેમ આગ પદાર્થની રાખ બનાવે તેમ શાસ્ત્રોના વચનોની ભાવના રૂપ આગ જ કર્મોને રાખ બનાવે છે. દોષોને રાખ બનાવે છે જે દોષો કદાપિ પુનઃ પ્રગટ થતા નથી.

આ ૮૬મી ગાથા અને આના પછીની ૮૭/૮૮મી ગાથામાં કહેલો વિષય અન્ય દર્શનકારોનો છે. અને ઉપસંહાર ૮૯મી મૂળગાથામાં ગ્રંથકારશ્રી પોતે કરવાના જ છે. તથાપિ આ ૮૬મી ગાથાની ટીકા પૂર્ણ થતાં તેનો ઉપસંહાર ટીકાકારશ્રી ટીકાની છેલ્લી પંક્તિમાં લખે છે. જો કે ગ્રંથકારશ્રી અને ટીકાકારશ્રી એક જ છે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથાપિ મૂળમાં વારંવાર જે એક વિષયનો ઉલ્લેખ ન હોય તે જ વિષયનો શિષ્યોના વિશેષ બોધ માટે ટીકામાં વારંવાર પણ ઉલ્લેખ હોય છે. તથા મંડુકનું દૃષ્ટાન્ત અહીં પૂર્ણ થતું હોવાથી તેનો ઉપસંહાર ટીકામાં યત્કિંચિત્ પણ કરવાથી વિષય સરળ પડે છે માટે ટીકાકારશ્રીએ કરેલ છે.

તે આ અન્યદર્શનકારોનું સર્વ કથન "एतयैवैष युक्तः सम्यगशुभस्य क्षपको ज्ञेयः" ઇત્યાદિ પાઠવાળી અમે કહેલી ૮૫મી ગાથાના અર્થને અનુપાતી જ છે. અર્થાત્ અનુસરનારું જ છે. અમે ૮૫મી ગાથામાં જે કહ્યું છે તે જ ભાવ અન્યદર્શનકારોએ ઉપરના વિષયમાં રજૂ કર્યો છે. માત્ર કહેવા-કહેવામાં શબ્દભેદ છે, અર્થભેદ નથી એમ સમજવું.

આ વાકયરચનામાં एतद् શબ્દ છેલ્લે બે વાર છે. તેમાં અંતિમ एतद् શબ્દ तद् સાથે જોડીને અર્થ કરવો, तद्-एतद् = તે આ અન્યદર્શનકારોનું કથન, एतदनुपात्येव = આ અમારા કહેલા ૮૫મી ગાથાના અર્થને અનુસરનારું જ છે. ॥ ૮૬ ॥

**एवं पुण्यमपि "द्विधा"=द्विप्रकारम्। कथम्? इत्याह- "मृण्मय-कनक-कलशोपमं भणितम्"= एकं मृण्मयकलशोपमं, क्रियामात्रजन्यमफलं सत् तत्फलदानस्वभावं वा, अन्यत् कनककलशोपमं विशिष्टभावनाजन्यं तथातथाफलान्तरसाधनेन प्रकृष्टफलजनकस्वभावमिति । एतद् भणितम् "अन्यैरपि"-सोगतैः- द्विविधं हि भिक्षवः! पुण्यं - मिथ्यादृष्टिजं - सम्यग्दृष्टिजं च । अपरिशुद्धमाद्यम्, फलं प्रति मृद्घटसंस्थानीयम् । परिशुद्धमुत्तरम्, फलं प्रति सुवर्णघटसंस्थानीयम् । इति वचनात् ।**

**"इह मार्गे" = योगधर्ममार्गे, "नामविपर्यासभेदेन"= अभिधान-भेदेन, एतदपि इतरस्य बन्धकः तथा सुखेनैव मोक्षगामीति (ગાથા ૮૫) एतदनुपाति तत्त्वतः । इति द्वितीयगाथार्थ । ॥ ૮૭ ॥**

**ગાથાર્થ** - આ પ્રમાણે માટીના કળશની ઉપમા, અને સોનાના કળશની ઉપમા વડે પુણ્ય પણ બે પ્રકારનું છે. એમ અન્યદર્શનકારોએ પણ આ યોગની બાબતમાં નામમાત્રનો ભેદ કરવા વડે "આ જ" કહેલું છે ॥ ૮૭ ॥

**ટીકાનુવાદ** - વળી અન્યદર્શનકારોનો સાક્ષીપાઠ આપે છે કે આ જ - પ્રમાણે પુણ્ય પણ બે પ્રકારનું છે. કેવી રીતે બે પ્રકારનું ? તો જણાવે છે કે એક પુણ્ય માટીના કલશની ઉપમાવાળું છે. કે જેની કિંમત ઓછી ઊપજે છે અને ભાગ્યા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પછી તો બિલકુલ ઊપજતી જ નથી. ઠીકરાં કચરામાં જ નાખી દેવાં પડે છે માટે તુચ્છ છે. અસાર છે. અને બીજું પુણ્ય સોનાના કલશની ઉપમાવાળું છે જે વધુ કિંમત આપનારું છે તથા તે કલશ ભાગે તોપણ સોનાની પૂરેપૂરી કિંમત આપે છે. તેથી સારભૂત છે.

જેમ માટીનો અને સોનાનો ઘડો ઘડાપણે સમાન હોવા છતાં કિંમતમાં તફાવત છે. તેવી રીતે પહેલું અને બીજું પુણ્ય તફાવતવાળું છે. પહેલું પુણ્ય એટલે (ભાવના વિના) શારીરિક ધર્મની ક્રિયાઓ માત્રથી જન્ય એવું જે પુણ્ય તે વિશિષ્ટ ફળને આપનારૂં નથી, માટે અફળ છે. અથવા માત્ર તે ઘડાની કિંમત જેટલા જ ફળ દાનના સ્વભાવવાળું છે. જેમ માટીનો ઘણી મહેનતે બનાવેલો ઘડો ફક્ત ૫/૧૦ રૂપિયા જ કિંમત આપે છે અને બનાવતાં ફૂટી જાય તો કંઈ કિંમત નથી પણ આપતો, અફળ પણ જાય છે. તેમ ક્રિયામાત્રથી કરાયેલું પુણ્ય સ્વર્ગાદિ ભોગસુખો આપી વિરામ પામી જાય છે. અથવા પુણ્ય કર્યા પછી તીવ્ર પાપાદિ થાય અથવા પશ્ચાત્તાપાદિ થાય તો પુણ્યકર્મ પાપમાં સંક્રમી જતાં નિષ્ફળ પણ જાય છે. સ્વર્ગાદિ સુખો પણ ન આપે માટે માટીના ઘટની જેમ તુચ્છ-અસાર છે.

તથા अन्यत् = બીજું પુણ્ય સોનાના કલશની ઉપમાવાળું છે. કે જે શાસ્ત્રોક્ત સુંદર વિશિષ્ટ ભાવનાઓથી વાસિત નિર્લેપભાવે ઉત્પન્ન થયેલું પુણ્ય છે. જેમ સોનાનો ઘડો ઘણી કિંમત આપે ફૂટે-તૂટે તોપણ સોનાની કિંમત આપે જ, તેવી રીતે વિશિષ્ટ ભાવનાઓથી જન્ય એવું આ બીજા નંબરનું પુણ્ય તેવા તેવા પ્રકારનાં સ્વર્ગલોક, સંસારસુખ-મનુષ્યભવ-આર્યદેશ-ઈત્યાદિ ભિન્ન ભિન્ન ફળોની પ્રાપ્તિમાં સાધન બનતું છતું નિશ્ચયથી આત્મા રાગાદિ દોષોરહિત એવી ભાવનાઓવાળો હોવાથી પ્રકૃષ્ટ એવું જે મોક્ષફળ, તેના જનક સ્વભાવવાળું આ બીજા નંબરનું પુણ્ય છે.

અન્યદર્શનકાર એવા બૌધ્ધોએ પણ આ જ કહ્યું છે કે હે ભિક્ષુઓ ! પુણ્ય બે પ્રકારનું છે : (૧) મિથ્યાદૃષ્ટિ જીવો વડે કરાયેલું અને (૨) સમ્યગ્દૃષ્ટિ જીવો વડે કરાયેલું. પહેલું પુણ્ય અશુધ્ધ છે. કારણ કે ફળપ્રાપ્તિમાં માટીના બનાવેલા ઘટના સ્થાન સરખું છે. અને બીજાું પુણ્ય શુધ્ધ છે ફળ આપવામાં સોનાના ઘટ સરખું છે. આ પ્રમાણે આ યોગની બાબતમાં અન્યદર્શનકારોએ પણ નામમાત્રનો વિપર્યાસ કરવા પૂર્વક જે કંઈ કહ્યું છે. તે આ તત્ત્વથી "इतरस्य बन्धकः तथा सुखेनैव मोक्षगामीति" એ ગાથા ૮૫ માં અમે જે કંઈ કહ્યું છે એને અનુસરનારું જ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થાત્ અન્યદર્શનકારોએ કહેલું અને અમે જૈનદર્શનકારોએ કહેલું તત્ત્વ તત્ત્વથી એક જ છે. નામ માત્રનો જ વિપર્યાસ (ભેદ) છે.॥ ૮૭ ॥

**तथा कायपातिनः, न पुनश्चित्तमधिकृत्य पातिनः "बोधिसत्त्वाः" बोधिप्रधानाः प्राणिन इति भवन्ति। तथा भावनातः सकाशाद् "आशययोगेन" चित्तगाम्भीर्यलक्षणेन शुद्धाशया इति। तथा चार्षम् - कायपातिनो हि बोधिसत्त्वाः, न चित्तपातिनः, निराश्रवकर्मफलमेतद्। इति तृतीयगाथार्थः। ॥ ८८ ॥**

**ગાથાર્થ** - બોધિસત્ત્વ જીવો કાયપાતી હોય છે. પરંતુ ચિત્તને આશ્રયી પતનવાળા હોતા નથી. તથા ભાવનાઓ વડે ચિત્તની ગંભીરતા થવાથી શુધ્ધાશયવાળા હોય છે. ॥ ૮૮ ॥

**ટીકાનુવાદ** - શ્રી ગૌતમબુધ્ધે જ કહ્યું છે કે - બોધિસત્ત્વ (સમ્યગ્દૃષ્ટિ) જીવો માત્ર કાયપાતી હોય છે. પરંતુ ચિત્તને આશ્રયી પતનવાળા હોતા નથી. એટલે કે પૂર્વે બાંધેલા કર્મના ઉદયથી કદાચ ભોગોમાં જોડાવું પડે તોપણ તે ભોગોમાં માત્ર કાયાથી જ પડે છે, મનથી જરા પણ પતન પામતા નથી.

રાગાદિ શત્રુઓની મારક એવી પ્રતિપક્ષી ભાવનાઓ ભાવવા થકી તે બોધિસત્ત્વ જીવોનું ચિત્ત ગંભીર = ભોગોથી તદ્દન ઉદાસ થઈ ગયું હોય છે. અને આવી ચિત્તની નિર્લેપ દશાના કારણે જ તે બોધિસત્ત્વ જીવો શુધ્ધ આશયવાળા પવિત્રમાં પવિત્ર મનવાળા હોય છે.

અહીં સુદ્ધાઓ શબ્દ જે મૂળગાથામાં છે તે સ્ત્રીલિંગ પંચમી વિભક્તિવાળું ભાવના નું વિશેષણ હોય તેમ દેખાય છે. પરંતુ હકીકતથી તેમ નથી. "શુદ્ધાશયા" શબ્દ છે. તેનું પ્રથમા બહુવચન છે. અને અસંયુક્ત એવા श् તથા य् નો સિધ્ધ હેમ ૮/૧/૧૭૭થી લોપ થયો છે અને શેષ બાકી રહેલા अ + अ પૂર્વના अ મળીને आ થયેલ છે.

તે બૌધ્ધદર્શનના ઋષિમુનિઓએ કહ્યું છે કે - બોધિસત્ત્વ જીવો કાયાથી જ ભોગમાં જોડાનારા હોય છે. પરંતુ ચિત્તથી ભોગમાં જોડાનારા હોતા નથી. કારણ કે ગયા ભવોમાં નિરાશ્રય ફળવાળું (એટલે કે જે ભોગવતાં નવાં કર્મો ન બંધાય તેવું - અનુબંધ વિનાનું) બાંધેલું જે કર્મ છે એ જ કર્મ ઉદય દ્વારા માત્ર ભોગવે છે. મનથી જરા પણ લેપાતા નથી. ॥ ૮૮ ॥

**एवमादि, आदिशब्दाद् "विजयाऽऽनन्द - सत्क्रिया - क्रिया समाधयः**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रवृत्तादीनाम्, तथा वितर्कचारु क्षुभितं प्रथमम्, प्रीत्युत्प्लावितमानसं द्वितीयम्, सुखसङ्गतमातुरं तृतीयम्, प्रशमैकान्तसुखं चतुर्थमेतद्'' इत्यादि प्रगृह्यते ।

तदेवमादि यथोदितभावनाविशेषात् सकाशाद् ''युज्यते सर्वं'' घटते निरवशेषम्, तत्त्वमधिकृत्य योगवृद्धेः, अधिकृतभावनायाश्च एवं स्वरूपत्त्वात् ''मुक्ताभिनिवेशं खलु'' इति सावधारणं क्रियाविशेषणम्, मुक्ताभिनिवेशमेव निरूपयितव्यं स्वबुद्धया, अभिनिवेशस्य तत्त्वप्रतिपत्तिं प्रति शत्रूभूतत्वात्, युक्तेरपि वैतथ्येन प्रतिभासनात् । उक्तं चाह -

आग्रही बत निनीषति युक्तिं तत्र, यत्र मतिरस्य निविष्टा ।
पक्षपातरहितस्य तु युक्तिर्यत्र, तत्र मतिरेति निवेशम् ॥
साध्वसाध्विति विवेकविहिनो, लोकपंक्तिकृत उक्तिविशेषः ।
बालिशो भवति नो खलु विद्वान्, सूक्ते एव रमते मतिरस्य ॥

इत्यलं प्रसङ्गेन । इति चतुर्थगाथार्थः । ॥ ८९ ॥

**ગાથાર્થ** = ૮૬/૮૭/૮૮ ત્રણ ગાથામાં જણાવેલા આ વિગેરે ભાવો યથોદિત (પૂર્વેકહેલી) ભાવના વિશેષથી સર્વ પણ ઘટી શકે છે. માટે અભિનિવેશ ત્યજીને પોતાની બુધ્ધિએ આ સર્વ નિરૂપણ કરવું. ॥ ૮૯ ॥

**ટીકાનુવાદ** - ઉપરની ત્રણ ગાથાઓમાં અન્યદર્શનકારોએ જે કંઈ કહ્યું કે.

(૧) કાયકૃતધર્મક્રિયા વડે કરાયેલો દોષક્ષય મંડુકચૂર્ણતુલ્ય હોય છે.

(૨) ભાવના વિશેષ વડે કરાયેલો દોષક્ષય મંડુકભસ્મતુલ્ય હોય છે.

(૩) પુણ્ય બે પ્રકારનું છે. મૃન્મયકલશોપમ, અને સુવર્ણકલશોપમ,

(૪) યોગીઓ કાયપાતી હોય છે. પરંતુ ચિત્તપાતી હોતા નથી.

આ માન્યતા, તથા આદિ શબ્દથી આવી આવી બીજી પણ અન્યદર્શનોમાં કહેલી માન્યતાઓ, એમ સર્વ હકીકત જૈન દર્શનમાં કહેલી વાતને જ અનુસરનારી છે. બન્નેના કથનોમાં કોઈ પણ જાતનો તત્ત્વભેદ નથી. માત્ર નામવિપર્યાસ (નામભેદ) જ છે.

જેમ કે અન્યદર્શનકારોએ કાયકૃત અને ભાવનાકૃત દોષક્ષય કહ્યો તેને જ જૈનદર્શનમાં દ્રવ્યક્રિયા અને ભાવક્રિયા કહેવાય છે. તથા મૃન્મયકલશોપમ અને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુવર્ણકલશોપમ એમ પુણ્ય બે પ્રકારનું કહ્યું તેને જ જૈનદર્શનમાં દ્રવ્યપુણ્ય અને ભાવપુણ્ય અથવા પાપાનુબંધી પુણ્ય અને પુણ્યાનુબંધી પુણ્ય કહેવાય છે તથા કાયપાતી અને ચિત્તપાતી જે શબ્દો છે તેને જ જૈનદર્શનમાં ઉદિતકર્મથી પુણ્ય ભોગવે છે. પરંતુ મોહથી લેપાતા નથી. તેને અનાસક્ત અને મોહને આધીન થઈને જે ભોગવે છે તે આસક્ત અથવા બાહ્ય અને અભ્યંતર એવા શબ્દોનો પ્રયોગ કરે છે. અર્થથી બધું મળતું જ છે.

તથા આદિશબ્દથી બીજી પણ એક માન્યતા જણાવે છે કે અન્યદર્શનોમાં કહ્યું છે કે યોગમાર્ગમાં પ્રવર્તેલા મહાત્માઓને (૧) વિજય (૨) આનન્દ (૩) સત્ક્રિયા અને (૪) ક્રિયાસમાધિ પ્રાપ્ત થાય છે. આવું જે કહ્યું છે. તે પણ જૈન દર્શનને અનુસરનારું જ કથન છે. તે ચારનું સ્વરૂપ આ પ્રમાણે છે -

(૧) **વિજય = वितर्कचारु क्षुभितं प्रथमम्** = તત્ત્વ જાણવા માટે અનેક પ્રકારના તર્ક-વિતર્કોથી ભરપૂર, અને કાયામાત્રથી ભોગસુખો ભોગવવાની ઇચ્છાથી ક્ષુભિત (આકુળવ્યાકુળ) એવું જે ચિત્ત તે વિજય.

(૨) **આનંદ - प्रीत्युत्प्लावितमानसं द्वितीयम्** = ભોગસુખો સંબંધી ક્ષુબ્ધતા દૂર કરીને ધર્મપ્રવૃત્તિ પ્રત્યેની પ્રીતિથી ધર્મ કરવા તરફ ઊછળતું એવું (ઉલ્લસિત થતું એવું) મન તે આનંદ.

(૩) **સત્ક્રિયા = सुखसङ्गतमातुरं तृतीयम्** = પ્રાપ્ત થયેલી ધર્મની સત્ક્રિયાઓમાં સુખથી (આનંદથી) સંગત (ભરપૂર), અને તેના ઉપરની ઊંચી ધર્મક્રિયાઓમાં જવા માટે આતુર (અધીરું) બનેલું ચિત્ત તે સત્ક્રિયા.

(૪) **ક્રિયાસમાધિ = प्रशमैकान्तसुखं चतुर्थम्** = પ્રશમસ્વભાવના એકાન્ત સુખમાં ગરકાવ થઈ જવું. પ્રશમભાવમાં લયલીન બની જવું. તે ક્રિયા સમાધિ. ઈત્યાદિ અન્યદર્શનોમાં જે કંઈ યોગની ભૂમિકામાં બતાવાયું છે. તે વિગેરે સર્વે કથન અમે ઉપર જણાવેલી ચતુઃશરણ, રાગાદિના પ્રતિપક્ષની ભાવના અને મૈત્રી આદિ ભાવનાઓથી પ્રાપ્ત થતી યોગદશામાં બધું જ ઘટી શકે છે. અન્યદર્શનોમાં કહેલી સર્વે હકીકતો જૈન દર્શનમાં કહેલી યોગપ્રક્રિયાને જ અનુસરનારી છે. માત્ર કહેવા - કહેવામાં નામોનો જ ભેદ છે. અર્થભેદ કોઈપણ પ્રકારનો નથી. કારણ કે તાત્ત્વિક રીતે વિચાર કરીએ તો યોગની વૃધ્ધિનું અને પ્રસ્તુત ચતુઃશરણાદિ ભાવનાઓનું આવું જ સ્વરૂપ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"मुक्ताभिनिवेशं खलु" આ પદમાં જે खलु અવ્યય છે તે અવધારણ = નિશ્ચય અર્થવાળું છે અને ક્રિયાપદનું વિશેષણ છે.

ઉપર કહેલી સર્વ વાતો "અભિનિવેશ"= (કદાગ્રહ)ને ત્યજીને પોતાની નિર્મળ બુધ્ધિ દ્વારા સંકલાત્મક દષ્ટિએ નિરૂપણ કરવા યોગ્ય છે. કારણ કે "કદાગ્રહ= અભિનિવેશ" એ તત્ત્વપ્રાપ્તિ પ્રત્યે ખરેખર શત્રૂભૂત છે. કદાગ્રહી માણસને યુક્તિ પણ वैतथ्येन प्रतिभासनात् = વિપરીતપણે જ પ્રતિભાસિત થાય છે. એટલે કે યથાર્થ વસ્તુ સમજાવવા કોઈ ડાહ્યો માણસ યુક્તિ બતાવે તો તે યુક્તિ પણ કદાગ્રહી આત્માને ઊંધી જ લાગે છે. કારણ કે કદાગ્રહી માણસ પોતાના માનેલા આગ્રહને જ તત્ત્વ સમજે છે. તેથી તે માનેલા આગ્રહને જ સિધ્ધ કરવામાં યુક્તિને ખેંચી જાય છે. અને પક્ષપાતવિનાનો તટસ્થ તત્ત્વજિજ્ઞાસુ આત્મા જે બાજુ યુક્તિ દેખાય, તે બાજુ તત્ત્વ છે એમ સમજી પોતાના મનને તે તરફ વાળે છે.

અન્યશાસ્ત્રોમાં પણ કહ્યું છે કે –

"કદાગ્રહવાળો પુરુષ યુક્તિને ત્યાં ખેંચીને લઈ જાય છે કે જ્યાં એની મતિ સ્થિર થયેલી છે. પરંતુ પક્ષપાતરહિત એવા તટસ્થ પુરુષની મતિ જ્યાં યુક્તિ દેખાય છે ત્યાં પ્રવેશ પામે છે.

"પોતાનું માનેલું તે જ સાધુ (સાચું-સારું), અને તેનાથી વિરુધ્ધ આવે તે અસાધુ (ખોટુ), એમ સાધુ-અસાધુ ઈત્યાદિ લોકોના ટોળા વડે કરાયેલો વચનવ્યવહાર વિવેકશૂન્ય છે. બાળક (મૂર્ખ) લોકો જ આમ બોલે છે. વિદ્વાન પુરુષો આવું બોલતા નથી, કારણ કે આ (વિદ્વાન્ પુરુષ)ની મતિ તો સદા સુવચનોમાં જ રમે છે.

આ પ્રમાણે કેટલીક પ્રાસંગિક ચર્ચા કરી, ॥ ૮૯ ॥

**અવતરણ - एवं प्रासङ्गिकमभिधाय "एतयैष युक्तः"= इत्येतद्गाथा - सम्बद्धामेव प्रकृतयोजनागाथामाह -**

આ પ્રમાણે પ્રાસંગિક કેટલીક ચર્ચા જણાવીને ૮૫મી ગાથાના પૂર્વાર્ધમાં જે કહ્યું છે કે "આ ભાવનાઓથી યુક્ત એવા આ મુનિ અશુભના ક્ષપક અને શુભના બંધક થાય છે. અને ઉત્તરાર્ધમાં અન્તે કહ્યું છે કે તે આત્મા સુખે સુખે મોક્ષગામી બને છે." આ ગાથાની સાથે જ સંબંધવાળી એવી પ્રસ્તુત યોજનાપૂર્વકની ગાથા જણાવે છે-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[1]एएण [2]पगारेणं, [5]जायइ [3]सामाइयस्स [4]सुद्धित्ति ।
[6]तत्तो [8]सुक्कज्झाणं, [7]कमेण [9]तह [10]केवलं चेव ॥ ९० ॥

एतेन प्रकारेण= अनन्तरव्यावर्णितस्वरूपेण, किम्? इत्याह - "जायते"- निष्पद्यते, सामायिकस्य-मोक्षहेतोः परिणामस्य, "शुद्धिः"= विशेषाभिव्यक्तिरिति । परिभावितमेवैतत् प्राक् । "ततः"= सामायिकशुद्धेः, "शुक्लध्यानं"= पृथक्त्ववितर्कं सविचारमित्यादि लक्षणं "जायते" इति वर्तते । "क्रमेण"= तथा श्रेणि परिसमाप्तिलक्षणेन "केवलं चैव" केवलज्ञानं च जायते । इति गाथार्थः । ॥ ९०॥

**ગાથાર્થ** - આ પ્રકારે યોગવિકાસ અને ભાવનાની વૃધ્ધિ થવાથી આ આત્માને સામાયિકની શુધ્ધિ પ્રાપ્ત થાય છે. તેનાથી શુકલ ધ્યાન અને અનુક્રમે કેવળજ્ઞાનની પણ પ્રાપ્તિ થાય છે. ॥ ૯૦ ॥

**ટીકાનુવાદ** :- ઉપર ગાથા ૧૩ થી ૮૯ સુધીમાં વર્ણન કરાયેલી યોગની ભૂમિકાના સ્વરૂપ વડે મોક્ષપ્રાપ્તિમાં પ્રધાનતમ કારણભૂત એવા "સમતાભાવ" રૂપ સામાયિકાત્મક પરિણામની શુધ્ધિનો વિશેષ-વિશેષ આવિર્ભાવ આ જીવને પ્રાપ્ત થાય છે.

આ આત્મામાં અપુનર્બન્ધકાવસ્થા, પછી અવિરતસમ્યગ્દૃષ્ટિ અવસ્થા, પછી દેશવિરતિધર અને સર્વવિરતિધર અવસ્થા તથા તેની સાથે ચતુઃશરણાદિ, રાગાદિના પ્રતિપક્ષીની અને મૈત્રી આદિની વિશેષ વિશેષ ભાવનાઓ દ્વારા સુંદર-ઉત્તમ-દિન-પ્રતિદિન વૃધ્ધિ પામતી યોગદશા પ્રગટ થતી જ જાય છે. અને જેમ જેમ યોગદશા ખીલતી જાય છે તેમ તેમ કદાગ્રહો-કષાયો-વિષયરાગ-ભવરાગ-અંતે શરીરાદિની મમતા વિગેરે દૂર દૂર જ જતાં જાય છે. અને તેના કારણે મોક્ષપ્રાપ્તિમાં અનન્ય કારણભૂત "પ્રશમભાવ" રૂપ સમતા સામાયિકની અભૂતપૂર્વ પ્રગટતા નિષ્પન્ન થાય છે. આ સઘળી ચર્ચા પૂર્વે સમજાવી ગયા છીએ.

તે પ્રશમભાવ રૂપ સમતાસામાયિકની શુધ્ધિ થવાથી આ આત્મા (૧) પૃથક્ત્વ વિતર્ક સવિચાર, અને ત્યારબાદ (૨) એકત્વ વિતર્ક અવિચાર એમ બન્ને પાયા વાળા શુકલધ્યાન ઉપર ક્રમશઃ આરોહણ કરે છે. "जायते" આ ક્રિયાપદ પૂર્વાર્ધમાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. તે ઉત્તરાર્ધમાં પણ અનુવર્તે છે. તેથી શુકલધ્યાન પ્રગટ થાય છે એમ અર્થ સંગત કરવો. ત્યારબાદ અનુક્રમે ક્ષપકશ્રેણી પ્રારંભીને તેને પરિસમાપ્ત કરવા દ્વારા (૮માથી ૧૨ મા ગુણસ્થાનકે પહોંચવા દ્વારા) કેવળજ્ઞાન=લોકાલોક પ્રકાશક પૂર્ણજ્ઞાન આ આત્મા પ્રાપ્ત કરે છે. ક્ષપકશ્રેણીમાં ૮/૯/૧૦ ગુણસ્થાનકોમાં પ્રથમ મોહનીય કર્મ ક્ષય કરી આ જ યોગબળના કારણે મોહનીય કર્મ ક્ષય થવાથી નબળાં પડેલાં શેષ ત્રણ ઘાતીકર્મોને ૧૨મા ગુણઠાણે ખપાવી આ આત્મા કેવળજ્ઞાન મેળવે છે. ॥૯૦॥

**અવતરણ - सामायिकस्यैव प्राधान्येन मोक्षाङ्गतां ख्यापयन्नाह -**
''સામાયિક'' એ જ પ્રધાનપણે મોક્ષનું અંગ છે. એમ જણાવતાં કહે છે કે -

**[४]वासीचंदणकप्पं तु, [३]एत्थ[२]सिट्ठं अओ [१]च्चिय [७]बुहेहिं ।**
**[६]आसयरयणं [७]भणियं, [८]अओऽण्णहा [९]ईसि [१०]दोसो वि ॥ ९१ ॥**

**''वासी-चन्दन-कल्पमेव''- सर्वमाध्यस्थ्यरूपम्, ''अत्र''= व्यतिकरे, ''श्रेष्ठं''= प्रधानम् । अत एव कारणाद् ''बुधैः''= विद्वद्भिः, ''आशयरत्नं भणितं''= चित्तरत्नमुक्तम्, ''जो चंदणेण बाहुं आलिंपइ'' [उपदेशमाला गाथा - ९२] इत्यादिवचनेन । ''अतोऽन्यथा''= अपकारिण्येवोपकार्याशयकल्पनायामाशयरत्नस्य, किम्? इत्याह - ''ईषत्''= मनाग् दोषोऽपि तदपायानिरूपणेन । तथा चोक्तम्**

**ગાથાર્થઃ** - આ જ કારણથી બુધ પુરુષોએ આ સામાયિકને વાસી-ચંદન તુલ્ય કહેલું છે. તથા શ્રેષ્ઠ પ્રકારનું ''આશયરત્ન'' પણ કહ્યું છે. તેનાથી અન્યથા જે સામાયિક હોય તે કંઈક દોષવાળું પણ હોય છે. ॥ ૯૧ ॥

**ટીકાનુવાદ** - યોગદશાના વિકાસથી તથા પૂર્વોક્ત ભાવનાઓ ભાવવાથી આ આત્મા એવી ઊંચી યોગદશાને પામે છે કે સર્વ વસ્તુ માત્ર પ્રત્યે ''માધ્યસ્થતા'' (ઉદાસીનતા) રૂપ પરમપ્રધાન સમતાભાવની પ્રાપ્તિ થાય છે. આ યોગદશાની બાબતમાં માધ્યસ્થતા પ્રાપ્ત થવી એ જ સર્વશ્રેષ્ઠ સિધ્ધિ પ્રાપ્ત કરી કહેવાય છે. આ કારણથી જ વિદ્વાન્ પુરુષોએ આવા શ્રેષ્ઠ માધ્યસ્થતા રૂપ સમતાભાવવાળા ચિત્તને ''આશયરત્ન'' અર્થાત્ ચિત્તરત્ન, રત્નતુલ્ય ચિત્ત એમ પણ કહેલ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપદેશમાલા ગ્રંથમાં વાસી-ચંદનનો અર્થ સમજાવી "સામાયિકરત્ન" આ પ્રમાણે સમજાવેલું છે-

**जो चंदणेण बाहुं, आलिंपइ वासिणा वि तच्छेइ ।**
**संथुणइ जो अ निंदइ महरिसिणो तत्थ समभावा ॥ ९२ ॥**

**ગાથાર્થ** - (શારીરિક સાતા-અસાતા રૂપે) કોઈ મનુષ્ય મુનિના હાથને ચંદનનું વિલેપન કરે કે કોઈ મનુષ્ય વાંસલાથી તેને છોલે, (માનસિક સાતા-અસાતા રૂપે) કોઈ સ્તુતિ કરે કે કોઈ નિન્દા કરે. કિન્તુ ઉત્તમ મુનિઓ બન્ને પ્રત્યે સમભાવવાળા જ રહે છે ન તોષ અને ન રોષ એવા નિઃસ્પૃહભાવે રહે છે. ॥ ૯૨ ॥

આ પ્રમાણે કોઈ આ શરીરને વાંસલાથી છોલે અથવા ચંદનથી વિલેપન કરે તો પણ તે બન્ને ઉપર રીસ કે રાગ ન કરે એવું જે ચિત્ત તે જ ચિત્તરત્ન, સામાયિકરત્ન, આશયરત્ન કહેવાય છે. શ્રી પાર્શ્વનાથ ભગવાનની "कमठे धरणेन्द्रेच" શ્લોકમાં આ જ અર્થયુક્ત સ્તુતિ છે. આ જ ચિત્ત સર્વશ્રેષ્ઠ ચિત્ત છે. મુક્તિનું પરમકારણ છે.

આ "આશયરત્ન"થી અન્યથા મનાયેલું અન્યદર્શનોનું કુશલચિત્ત કંઈક દોષવાળું છે એટલે કે આટલું ઊંચું ચિત્તરત્ન તે નથી. ગૌતમબુધ્ધના દર્શનમાં આવું કહેવામાં આવ્યું છે કે "અપકાર કરનારી વ્યક્તિ ઉપર પણ "આ મારો ઉપકારી જ છે. જે મને આવા ઉપસર્ગો કરે છે જેથી મારાં કર્મો તો તૂટે છે. મારું કલ્યાણ તો થાય જ છે. માટે તે મારો તો ઉપકારી જ છે" આવા પ્રકારની મનમાં(આશયમાં) કલ્પના કરવી તે આશયરત્ન (કુશલચિત્ત) કહેવાય છે." એમ બૌધ્ધ દર્શનમાં કહ્યું છે. પરંતુ ખરેખર તે કુશલચિત્ત છે. કિન્તુ આશયરત્ન કે ચિત્તરત્ન નથી જ. કારણ કે તેમાં કંઈક દોષ પણ છે. અતિશય શુધ્ધ નથી.

અપકારીને પણ ઉપકારી માનવાવાળા કુશલચિત્તમાં એવો અલ્પ પણ શું દોષ છે ? તો આચાર્યશ્રી જણાવે છે કે "तदपायानिरूपणेन"= તે અપકારી આત્માને તે તે અપકારો કરવા દ્વારા જે જે અપાય (દુઃખ અથવા ભાવિમાં દુઃખ આપનારાં કર્મો બંધાય છે. તેની ) અનિરૂપણ = અવિવક્ષા કરેલી છે. ઉપેક્ષા કરી છે. અપકારીને ઉપકારી માનવા વડે માત્ર પોતાના જ કલ્યાણની અપેક્ષા રાખવામાં આવી છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરના દુઃખની ઉપેક્ષા કરી છે. પરને બંધાતાં કર્મોની ઉપેક્ષા કરવામાં આવી છે. માટે આશયરત્ન કરતાં આ કુશળચિત્ત કંઈક ઊતરતી કક્ષાનું છે. અર્થાત્ સદોષ છે.

પૂજ્ય આચાર્યદેવ શ્રી હરિભદ્રસૂરિજી મ.શ્રીના બનાવેલા ૩૨ અષ્ટકોના ''અષ્ટકપ્રકરણ''માં ૨૯મા અષ્ટકમાં કહ્યું છે કે –

**सामायिकं च मोक्षाङ्गं, परं सर्वज्ञभाषितम् ।**
**वासीचन्दनकल्पानामुक्तमेतन्महात्मनाम् ॥ २९/१ ॥**
**निरवद्यमिदं ज्ञेयमेकान्तेनैव तत्त्वतः ।**
**कुशलाशयरूपत्वाद् सर्वयोगविशुद्धितः ॥ २९/२ ॥**
**यत् पुनःकुशलं चित्तं, लोकदृष्ट्या व्यवस्थितम् ।**
**तत् तथौदार्ययोगेऽपि, चिन्त्यमानं न तादृशम् ॥ २९/३ ॥**
**मय्येव निपतत्वेतज्जगद्दुश्चरितं यथा ।**
**मत्सुचरितयोगाच्च, मुक्तिः स्याद् सर्वदेहिनाम् ॥ २९/४ ॥**
**असम्भवीदं यद् वस्तु, बुद्धानां निर्वृति श्रुतेः ।**
**सम्भवित्वे त्वियं न स्यात्, तत्रैकस्याप्यनिर्वृत्तौ ॥ २९/५ ॥**
**एवं च चिन्तनं न्यायात्, तत्त्वतो मोहसङ्गतम् ।**
**साध्वस्थान्तरे ज्ञेयं, बोध्यादेः प्रार्थनादिवत् ॥ २९/६ ॥**
**अपकारिणि सद्बुद्धि, र्विशिष्टार्थप्रसाधनात् ।**
**आत्मम्भरित्वपिशुना, तदपायानपेक्षिणी ॥ २९/७ ॥**
**एवं सामायिकादन्यदवस्थान्तरभद्रकम् ।**
**स्याच्चित्तं तत् तु, संशुद्धेर्ज्ञेयमेकान्तभद्रकम् ॥ २९/८ ॥**
**( हारिभदीयमष्टकम् २९ इति )**

**पौरप्यस्य प्रविभागो गीतः । यथोक्तम् ।**
**धर्मधातावकुशलः, सत्त्वनिर्वापणे मतिम् ।**
**क्षेत्राणां शोधने चैव, करोति वितथो च सा ॥**
**आदिधार्मिकमाश्रित्य, सज्ज्ञानरहितं यथा ।**
**इष्टेयमपि चाऽऽर्याणां, सदाशयविशोधनी ॥**
**इत्यादि । कृतं प्रसङ्गेन । इति गाथार्थः । ॥ ९१ ॥**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાસી-ચંદનતુલ્ય એવા મહાત્માઓને આ "સામાયિક" એ જ મોક્ષનું પરમ અંગ છે. એમ સર્વજ્ઞભગવંતોએ કહ્યું છે. ॥ ૧ ॥

કુશલ આશય રૂપ હોવાથી, તથા સર્વ યોગો કરતાં પણ અત્યંત વિશુધ્ધિવાળું હોવાથી તાત્ત્વિક રીતે આ સામાયિક (સમતાભાવ-આશયરત્ન-), એ જ એકાન્તે નિર્દોષ જાણવું. ॥ ૨ ॥

વળી જે લોકસંજ્ઞાની દૃષ્ટિએ કુશલચિત્ત કહેવાય છે. તેમાં તેવા પ્રકારની ઉદારતા દેખાવા છતાં પણ વિચારણા કરતાં તે ચિત્ત ખરેખર તેવું કુશલચિત્ત (આશયરત્ન) જેવું નથી. ॥ ૩ ॥

જેમ કે "આ જગતના જીવોનાં જે કોઈ દુશ્ચરિતો (પાપો) હોય તે બધાં પાપો મારામાં પડો અને મારા સુચરિતના યોગથી સર્વે જીવોની મુક્તિ થજો." આવો વિચાર કરવો તેને લોકસંજ્ઞાથી કુશલ ચિત્ત કહેવાય છે. ॥ ૪ ॥

ઉપરના ચોથા શ્લોકમાં જે એમ કહેવામાં આવ્યું કે "જગતના જીવોનાં પાપો મારામાં પડો" અને મારા સુચરિતથી જગતના જીવો મુક્તિ પામો, આ વાત અસંભવિત છે. કારણ કે બીજા જીવોનાં પાપો બોલવા માત્રથી અન્ય આત્મામાં જતાં નથી, માટે પ્રથમ તો આ કથન જ અસંભવિત છે.

તથા વળી બીજું એ પણ અઘટિત છે કે માનો કે કદાચ અન્ય જીવનાં પાપો બોલવા માત્રથી અન્યમાં ચાલ્યાં જાય, તથાપિ જેનાં પાપો અન્યમાં ચાલ્યાં ગયાં તેઓ પાપ વગરના થાય, પરંતુ તેઓ પોતે જ્ઞાનાદિ ગુણોવાળા તો ન જ બને અને જ્યાં સુધી પાપવિનાના થવા છતાં પણ પોતે જ્ઞાની ન બને ત્યાં સુધી મુક્તિ થતી નથી. કારણ અજ્ઞાનીઓની મુક્તિ હોતી જ નથી.

તથા અજ્ઞાનીઓની મુક્તિ અસંભવિત છે. છતાં માનો કે કદાચ તે પણ બને તોપણ આટલી વિશાળ ઉદારતા દાખવનાર વ્યક્તિની પોતાની મુક્તિ કદાપિ નહીં થાય, કારણ કે જ્યાં સુધી આ સંસારમાં એક પણ અન્યજીવની અમુક્તિ હશે (મોક્ષે તે જીવો પહોંચ્યા નહીં હોય) ત્યાં સુધી આ ઉદારતા બતાવનાર જીવની તો મુક્તિ થશે જ નહીં, કારણ કે તેની આ ભાવના છે કે મારા સુચરિતથી અન્યજીવો મુક્તિએ જાઓ. તેથી એકની પણ મુક્તિ બાકી હોય ત્યાં સુધી આ જીવ મુક્તિ પામી શકે નહીં. માટે આવું કુશળ ચિત્ત ઉદારતાવાળું જરૂર છે. પરંતુ સદોષ છે, માટે આશયરત્ન નથી જ. ॥ ૪ ॥

॥ યોગશતક ૯-૨૮૪ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બૌધ્ધોની (તેમના શાસ્ત્રોમાં) મુક્તિ થયાનું સંભળાતું હોવાથી આ જે (ઉપર કહ્યું બીજાનાં પાપો મારામાં પડો, મારા સુચરિતથી બીજાનું કલ્યાણ થાઓ તે) વસ્તુ અસંભવિત જ છે. અથવા જો તે સંભવિત છે એમ માનીએ તો જ્યાં સુધી સંસારી એક જીવની પણ અનિવૃત્તિ હોય ત્યાં સુધી બૌધ્ધની થયેલી આ મુક્તિ ઘટશે નહીં. ॥ ૫ ॥

આ કારણથી આ પ્રમાણેનો ઉદારતાવાળો આ પરિણામ તાત્ત્વિક રીતિએ ન્યાયની દૃષ્ટિએ "મોહઘેલો" માત્ર જ છે. અતિશય ઊંચી યોગદશામાં કામનો નથી. પરંતુ તેની પૂર્વભૂમિકા સ્વરૂપ અવસ્થાન્તરમાં (પ્રાથમિક અવસ્થામાં) આ વિચાર સારો છે. જેમ તીર્થંકર ભગવાન્ વીતરાગ હોવાથી આપણા સુખ-દુઃખના કર્તા-ભોક્તા કે દાતા નથી. છતાં ભક્તિના વશથી આપણે ભગવાનની પાસે બોધિબીજની (સમ્યક્ત્વાદિ ગુણોની) પ્રાર્થના કરીએ છીએ. "आरुग्ग-बोहिलाभं समाहिवरमुत्तमं दिंतु" = ઇત્યાદિની જેમ આ વિચારવાળું આ કુશલચિત્ત પૂર્વાવસ્થામાં ઉપયોગી છે. ॥ ૬ ॥

બૌધ્ધદર્શનમાં કુશલચિત્તનું વર્ણન સમજાવતાં કહ્યું છે કે "ઇતર જીવો-વાઘ-સિંહ-દુષ્ટમનુષ્યો અને દુષ્ટદેવો મને બહુ ઉપસર્ગો કરો, કારણ તેનાથી મારાં કર્મો તૂટશે અને મારી અલ્પકાળે તુરત મુક્તિ થશે અને તેના કારણે આવા ઉપસર્ગોથી મને ઘણો આનંદ થશે" આવા વિચારો તે કુશલચિત્ત કહેવાય. આ વિષય ઉપર આચાર્યશ્રી જણાવે છે કે-

અપકાર કરનાર વાઘ-સિંહ-દુષ્ટ મનુષ્ય કે દુષ્ટ દેવ ઉપર "મારાં કર્મો તોડવામાં નિમિત્ત હોવાથી ઉપકારી જ છે." ઇત્યાદિ વિચારવાળી જે સદ્બુધ્ધિ છે તે સદ્બુધ્ધિ વિશિષ્ટ અર્થને એટલે સ્વકર્મક્ષય ને સાધનાર હોવાથી જરૂર સારી છે. પરંતુ "આત્મંભરિત્વ"ની ચાડી ખાનાર હોવાથી એટલે કે મારું જ સારું થાઓ એવી સ્વાર્થભરી બુધ્ધિ હોવાથી તથા ઉપસર્ગ કરનારી તે વ્યક્તિનાં દુઃખોની (તે ઉપસર્ગો દ્વારા બંધાતાં ભારે કર્મોથી ભાવિમાં આવનારાં દુઃખોની) અપેક્ષા (વિચારણા) કરવામાં આવતી જ નથી. પરંતુ ઉપેક્ષા જ કરાય છે. માટે કંઈક દોષિત છે. ॥ ૭ ॥

આ પ્રમાણે શુધ્ધ સામાયિકરત્ન, કે જે પરમયોગીદશામાં આવે છે તેનાથી અવસ્થાન્તરોમાં (પૂર્વ અવસ્થાઓમાં) આવનારું, અન્ય દર્શનોમાં બતાવેલું આ કુશલચિત્ત ભદ્ર કહેવાય છે. પરંતુ શુધ્ધસામાયિક અવસ્થાઓમાં આવનારૂં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"આશયરત્ન" રૂપ જે ચિત્ત છે. તે તો અત્યંત સંશુધ્ધ (સમ્યગ્ શુધ્ધ-નિર્દોષ) હોવાથી એકાન્તે ભદ્રક જાણવું. ॥ ૮ ॥

આ પ્રમાણે પૂજ્ય હરિભદ્રસૂરિજીએ પોતે જ પોતાના બનાવેલા અષ્ટકજીની અહીં સાક્ષી આપીને કુશલચિત્ત અને ચિત્તરત્નનો તફાવત બતાવ્યો છે. તથા પરદર્શનકારો વડે પણ આ કુશલચિત્ત અને ચિત્તરત્નનો પ્રવિભાગ બતાવાયો છે. જેમ તેઓએ જ આ પ્રમાણે કહ્યું છે કે –

ધર્મધાતુમાં અકુશળ = એટલે કે ધર્મની પ્રાપ્તિમાં મૂળકારણ સ્વરૂપ એવી સમતાસિધ્ધિમાં જે અકુશળ છે તે આત્મા પર જીવોનાં નિર્વાપનમાં એટલે કે અહિત કરવામાં મતિને ધારણ કરે છે અને (પોતાના) ક્ષેત્રોની શોધનક્રિયામાં (મારું જ ભલું થાઓ એવી) મતિ ધારણ કરે છે તે મતિ ખરેખર વિતથ છે, મિથ્યા છે. યોગી દશામાં આત્માને ઉપકાર કરનારી નથી.

પરંતુ સમ્યગ્ જ્ઞાન વિના આદિધાર્મિક (પ્રાથમિક કક્ષાના ધાર્મિક યોગી) જીવને આશ્રયી इयमपि इष्टा = આ બુધ્ધિ પણ ઉત્તમ આશયને (પરંપરાએ ચિત્ત રત્નને) લાવનારી હોવાથી આર્યપુરુષોને અવશ્ય માન્ય છે.

સારાંશ કે પ્રાથમિક કક્ષાએ ઉપકારી છે. સહાયક છે. માટે જરૂરી છે. અન્તે પેટભરૂ અને સ્વાર્થી કહેવાય છે માટે પરમયોગીદશામાં ઉચિત નથી. આ પ્રમાણે કુશલચિત્ત અને ચિત્તરત્નનો ભેદ સમજવો.

આ પ્રમાણે પ્રસંગોપાત્ત આટલી ચર્ચા કરી. હવે આ ચર્ચા વડે સર્યું, આપણે મૂળ વાત ઉપર આવીએ કે આવું ઉત્તમ આશયરત્ન (ચિત્તરત્ન-સામાયિકરત્ન) પરંપરાએ ક્ષમકશ્રેણી-કેવલજ્ઞાન અને મુક્તિપ્રાપ્તિનું પરમ કારણ બને છે. ॥૯૧॥

**અવતરણ – महाफलोपसंहारमाह –**

હવે અન્તિમ મહાફળ બતાવવા દ્વારા ઉપસંહાર કરતાં જણાવે છે કે-

**[1]जइ [2]तब्भवेण [4]जायइ, [3]जोगसमत्ती [5]अजोगयाए [6]तओ ।**
**[7]जम्मादिदोसरहिया, [9]होइ [8]सदेगंतसिद्धित्ति ॥ ९२ ॥**

**यदि "तद्भवेन"= तेनैव जन्मना "जायते"= निष्पद्यते । का ? इत्याह – योगसमाप्तिः सामग्रीविशेषेण । ततः किम् ? "अयोगतया ततः"**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

शैलेश्यवस्थारूपया "जन्मादिदोषरहिता"= जन्मजरामरणवर्जिता भवति । का? इत्याह- "सदेकान्तसिद्धिः"= सती-अपुनरागमनेन एकान्त-विशुद्धिर्मुक्तिः । इति गाथार्थः । ॥ ९२ ॥

ગાથાર્થ- જો (સાધનવિશેષ મળવાથી) તે જ ભવે યોગની સમાપ્તિ થાય તો અયોગી (ગુણસ્થાનક) પામવા વડે ત્યારબાદ જન્માદિદોષ રહિત, સદા વિદ્યમાન, અને એકાન્તવિશુધ્ધ એવી મુક્તિ પ્રગટ થાય છે. ॥ ૯૨ ॥

**ટીકાનુવાદ** - આ પ્રમાણે "સામાયિકરત્નની" પ્રાપ્તિ થવાથી જો તે કાળે સામગ્રી વિશેષ (પ્રથમસંઘયણનું બળ, મોક્ષમાર્ગ ચાલુ હોવાનું કાળબળ તથા ક્ષેત્રબળ વિગેરે સહકારી સાધનવિશેષો) મળી જાય તો તે મહાત્માયોગી તે જ ભવ વડે યોગની પૂર્ણ સમાપ્તિ પ્રાપ્ત કરે છે.

તે યોગસમાપ્તિ પ્રાપ્ત કરવાથી શું પ્રાપ્ત થાય ? અયોગી = (મન-વચન અને કાયાના યોગ વિનાની) શૈલેશી અવસ્થા પ્રાપ્ત કરવા વડે આ યોગી મહાત્મા ત્યારબાદ મુક્તિ પ્રાપ્ત કરે છે. તે મુક્તિ કેવી છે ? (૧) જન્માદિ દોષ રહિત અર્થાત્ જ્યાં જન્મ-મરણ-જરા-ભય-શોક-ઉદ્‌વેગ આદિ કોઈ દોષો નથી એવી, અને (૨) સતી = કાયમ સત્ રહેવાવાળી = કદાપિ નહીં જવાવાળી, જ્યાં ગયા પછી ફરી કદાપિ સંસારમાં પુનરાગમન કરવું પડતું નથી એવી, તથા એકાન્તવિશુદ્ધિ રૂપ - કારણ કે મોહનીયાદિ સર્વકર્મ રહિત અવસ્થા હોવાથી શુદ્ધકંચન જેવી એકાન્ત વિશુદ્ધિવાળી, એવી મુક્તિ આ યોગી પ્રાપ્ત કરે છે. ॥ ૯૨ ॥

**અવતરણ - यदि तु योगसमाप्तिर्न जायते, ततो यद्‌भवति योगिनां तदाह** - જો સંઘયણાદિ સામગ્રીવિશેષ ન હોવાથી તે જ ભવે યોગસમાપ્તિ કદાચ પ્રાપ્ત ન થાય તો તેનાથી તે મહાત્માને જે પ્રાપ્ત થાય છે. તે જણાવે છે-

**[१]असमत्तीय उ [३]चित्तेसु, [२]एत्थ [४]ठाणेसु [६]होइ [५]उप्पाओ ।**
**[७]तत्थ [१०]वि य [११]तयणुबंधो, [८]तस्स [९]तहब्भासओ चेव ॥ ९३ ॥**

असमाप्तौ च पुनः तद्‌भवेन योगस्य । किम् ? इत्याह - "चित्रेषु" नानाप्रकारेषु, "अत्र स्थानेषु"= देवच्युतौ मानुष्ये विशिष्टकुलादिषु । किम् ?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इत्याह - ''भवत्युत्पादः''जायते जन्मपरिग्रहः इत्यर्थः । ''तत्रापि''- जन्मपरिग्रहे किम् ? इत्याह - ''तदनुबन्धः''= योगधर्मानुबन्धः ''तस्य''- योगिन इति । कुतः ? इत्याह - ''तथाऽभ्यासत एव''= प्रणिधानतोऽविच्युत्यभ्यासत एव, प्रणिधान-प्रवृत्तिविघ्नजयप्राप्तीनामित्थमेव भावात् । इति गाथार्थः । ॥ ९३ ॥

**ગાથાર્થ**- અને કદાચ યોગની અસમાપ્તિ થાય તોપણ ઊંચા પ્રકારના ધર્મસંસ્કારો વાળા વિવિધ દેવ-મનુષ્યાદિ સ્થાનોમાં ઉત્પાદ થાય છે કે જ્યાં તે મહાત્માને (પૂર્વભવના) તેવા યોગના અભ્યાસના બળથી જ તે નવા ભવોમાં પણ યોગનો જ વિશેષ વિશેષ અનુબંધ થાય છે. ॥ ૯૩ ॥

**ટીકાનુવાદ** - આવી ઉત્તમ યોગદશા પામેલા મહાત્માને તે કાળે પ્રથમસંઘયણ, મોક્ષમાર્ગયુક્તકાળ, તથા વિશિષ્ટક્ષેત્ર ઇત્યાદિ સામગ્રીવિશેષના અભાવે કદાચ તે જ ભવે પૂર્ણ યોગની સમાપ્તિ (કેવળજ્ઞાન) ન થાય તોપણ વિશિષ્ટ એવી દેવાવસ્થા (વૈમાનિક દેવાવસ્થા) પામીને, ત્યાંથી ચ્યવા છતાં જ્યાં ઉચ્ચકોટિનો અધ્યાત્મધર્મ છે એવા પ્રકારનો મનુષ્ય ભવ પ્રાપ્ત કરે છે કે જ્યાં શ્રીમંતાઈ-સંસ્કારિમત્તા-અને ધર્મપરાયણતા પરાકાષ્ટાએ હોય છે. કારણ કે સમ્યગ્દૃષ્ટિ હોવાથી નરક-તિર્યંચ એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયોનું આયુષ્ય આ મહાત્મા બાંધતા નથી. ફક્ત દેવભવમાં જ જાય છે. તે દેવભવમાં પણ પૂર્વભવમાં પ્રાપ્ત કરેલ યોગબળનો અનુબંધ ચાલુ જ રહેતો હોવાથી વિવિધભોગો હોવા છતાં આ મહાત્મા ભોગોમાં જરા પણ લેપાતા નથી. યોગદશાના બળે પાપોનો ક્ષય પહેલાં કર્યો છે. અને હવે આ દેવભવમાં પૂર્વબધ્ધ પુણ્યનો પણ અનાસક્તિભાવે ભોગવીને લગભગ ક્ષય કરે છે. ત્યાંથી ચ્યવી મનુષ્ય ભવમાં જ જન્મ ધારણ કરે છે. તે પણ ધર્મસંસ્કારોવાળા-શ્રીમંત અને ઉચ્ચકુળોમાં જ જન્મ ધારણ કરે છે. જન્મતાં જ પૂર્વપ્રાપ્ત યોગબળ વિકાસ પામવા લાગે છે. પુણ્યોદયથી પ્રાપ્ત કરેલી ઔદયિક ભાવની સંસારિક સંપત્તિ બીજા ભવમાં સાથે આવતી નથી. પરંતુ ક્ષયોપશમ તથા ક્ષાયિકભાવથી પ્રાપ્ત કરેલી ગુણસંપત્તિ બીજા ભવમાં પણ સાથે આવે છે અને ઉત્તરોત્તર ગાઢ બને છે. તેથી તે નવા ભવમાં પણ તે યોગીને તે યોગધર્મનો અનુબંધ જ (ગાઢતા જ) પ્રાપ્ત થાય છે. કારણ કે ગયા જન્મમાં આ યોગધર્મનો અભ્યાસ મન-વચન-કાયાની અત્યંત એકાગ્રતા રૂપ પ્રણિધાનથી ઉત્કટપણે અને આદર-બહુમાનપૂર્વક કરાયો છે. તેથી આ અભ્યાસ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભવ બદલાવા છતાં વિચ્યુત (નાશ) પામતો નથી. અર્થાત્ અવિચ્યુતિ સ્વભાવવાળો યોગનો અભ્યાસ ગયા ભવમાં કર્યો છે.

પ્રણિધાન (તીવ્ર એકાગ્રતા)પૂર્વક યોગદશામાં ગતભવમાં પ્રવૃત્તિ કરી છે. અને તીવ્ર એકાગ્રતા હોવાથી જ સામે ગમે તેવાં મહા વિઘ્નો આવે તોપણ તેમાં વિજય મેળવીને યોગદશાનો ખંતથી રસપૂર્વક ગાઢ અભ્યાસ કર્યો છે. આ પ્રમાણે પ્રણિધાનપૂર્વકની પ્રવૃત્તિમાં વિઘ્નજય દ્વારા ગાઢ યોગનો અભ્યાસ હોવાથી નવા જન્મમાં જન્મતાંની સાથે જ "પ્રાપ્તિ=સિધ્ધિ" થાય છે. કારણ કે યોગની પ્રાપ્તિ આ જ ક્રમે (પ્રણિધાન-પ્રવૃત્તિ-વિઘ્નજય પછી પ્રાપ્તિ=સિધ્ધિ) થાય છે. એટલે મનુષ્યભવમાં આવી યોગદશાની પૂર્ણસિધ્ધિ પ્રાપ્ત કરી ક્ષપકશ્રેણી-કેવળજ્ઞાન-અયોગી અવસ્થા પ્રાપ્ત કરી અને મુક્તિને અવશ્ય મેળવે જ છે. ॥ ૯૩ ॥

**અવતરણ – अधिकृतवस्तुसमर्थनायैवाह –**

૯૩મી ગાથામાં જે સમજાવ્યું. તે જ પ્રસ્તુત વાતના સમર્થન માટે જણાવે છે –

**[1]जह खलु [2]दिवसब्भत्थं, [3]रातीए [4]सुविणयम्मि [5]पेच्छंति ।**
**[6]तह [7]इह [8]जम्मऽब्भत्थं, [11]सेवंति [9]भवंतरे [10]जीवा ॥ ९४ ॥**

**''यथा खलु''= इति यथैव, ''दिवसाभ्यस्तम्''- अध्ययनादि ''रात्रौ''- रजन्यां, ''स्वप्ने''- निद्रोपहतचित्तव्यापाररूपे पश्यन्ति तथानुभवापेक्षया । एष दृष्टान्तः । साम्प्रतं दार्ष्टान्तिकयोजना- ''तथा''-तेन प्रकारेण, ''इह जन्माभ्यस्तम्''- अधिकृतजन्मासेवितं कुशलादि सेवन्ते, ''भवान्तरे''- जन्मान्तरे, ''जीवाः''- प्राणिनः, तत्स्वाभाव्यात् । इति गाथार्थः ॥ ९४ ॥**

**ગાથાર્થ**- જેમ દિવસે અભ્યાસ કરેલો વિષય જીવો રાત્રિમાં સ્વપ્રની અંદર જુએ છે, તેવી રીતે આ જન્મમાં અભ્યાસ કરેલો વિષય ભવાન્તરમાં પણ જીવો પ્રાપ્ત કરે છે. ॥ ૯૪ ॥

**ટીકાનુવાદ** - જેમ દિવસે અતિશય રસપૂર્વક અભ્યાસ કરેલાં અધ્યયનાદિ શાસ્ત્રો રાત્રિમાં સ્વપ્નની અંદર દેખાય છે. દિવસે જે કોઈ પ્રવૃત્તિ અતિશય રસથી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરી હોય, અને તે પ્રવૃત્તિની લગની લાગી હોય તો સ્વપ્નમાં પણ તે પ્રવૃત્તિ થતી દેખાય છે. જો કે સ્વપ્ન તો નિદ્રા દર્શનમોહનીયના ઉદયથી દબાઈ ગઈ છે ચિત્તની ચેતનાશક્તિ જેમાં એવું છે. તથાપિ રસ અને તન્મયતાથી કરેલો અભ્યાસ હતચેતનાવાળા સ્વપ્નમાં પણ જો જોવાય છે. આ અનુભવસિધ્ધ વાત છે. આ પ્રમાણે દૃષ્ટાન્ત કહ્યું. હવે તેને અનુસારે દાર્ષ્ટાન્તિકમાં (જેમાં આ દૃષ્ટાન્ત ઘટાડવાનું છે. તેમાં જોડતાં આચાર્યશ્રી જણાવે છે કે -

તે સ્વપ્નની જેમ આ ભવમાં રસ અને બહુમાન સહિત જિનાજ્ઞાપૂર્વક અભ્યાસ કરાયેલ પરમયોગદશાવાળું કુશલાદિ ચિત્ત ભવાન્તરમાં પણ જીવો તથા સ્વભાવે જ પામે છે. જે પ્રવૃત્તિ આ ભવમાં દૃઢતર સંસ્કારવાળી બની જાય છે. તે ભવાન્તરમાં જન્મતાં જ ખીલી ઊઠે છે. અતિપ્રયાસ કરવો પડતો નથી. ॥ ૯૪ ॥

**અવતરણ - यस्मादेवं तस्मात् किम् ? इत्याह -**

જે કારણથી "આ ભવના દૃઢ સંસ્કારો પરભવમાં જન્મતાં જ વિકાસને પ્રાપ્ત કરે છે, તે કારણથી શું કરવું જોઈએ ? તે જણાવે છે -

**[1]ता सुद्धजोगमग्गोच्चियम्मि[3], [4]ठाणम्मि [2]एत्थ [5]वट्टेज्जा ।**
**[6]इह [7]परलोगेसु दढं, [8]जीविय-[9]मरणेसु य [10]समाणो ॥ ९५ ॥**

**"तत्"- तस्मात्, "शुद्धयोगमार्गोचिते"- आगमाद्-निरवद्ययोगमार्गानुरूपे, "स्थाने"- संयमस्थाने सामायिकादौ, अत्र वर्तेत साम्प्रत-जन्मनि । कथम् ? इत्याह - इह - परलोकयोः "दृढम्"- अत्यर्थम्, तथा जीवितमरणयोश्च, "समानः"-सर्वत्र तुल्यवृत्तिः, परं मुक्तावस्थाबीजमेतत् । इति गाथार्थः । ॥ ९५ ॥**

**ગાથાર્થ** :- તેથી આ જન્મમાં શુધ્ધ યોગમાર્ગને ઉચિત એવા સંયમસ્થાનોમાં વર્તવું જોઈએ તથા આલોક, પરલોક, જીવન અને મરણને વિષે સમવૃત્તિવાળા બનવું જોઈએ. ॥ ૯૫ ॥

**ટીકાનુવાદ** - સંઘયણબળ, વિશિષ્ટ ક્ષેત્ર અને વિશિષ્ટકાળ, આદિ સામગ્રીના અભાવે કદાચ આ ભવમાં જ મુક્તિ ન થાય તોપણ આ ભવમાં દઢ પણે પ્રાપ્ત



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરેલી યોગસામગ્રી ભવાન્તરમાં જતાં જ વિકાસ પામે છે. દિન-પ્રતિદિન વૃધ્ધિ પામે છે. તે કારણથી જિનેશ્વર ભગવંતોના આગમોને અનુસારે નિરવદ્ય એવા ઉત્તમોત્તમ યોગમાર્ગને અનુરૂપ (એટલે યોગમાર્ગના વર્ધક એવા) સામાયિક આદિ સંયમસ્થાનોમાં સાંપ્રતજન્મ (વર્તમાન જન્મ)ની અંદર બહુ વિશેષે વિશેષે પ્રયત્ન કરવો જોઈએ, જેટલા આ ભવના મજબૂત સંસ્કારો હશે તેટલી પરભવમાં તુરત અને ગાઢ યોગમાર્ગની પ્રાપ્તિ થશે. માટે સામાયિકરત્નમાં અતિશય સ્થિર થવું.

અહીં સામાયિક એટલે શું ? અને કેવી રીતે સ્થિર થવું ! તે જણાવે છે. સામાયિક એટલે સમતાભાવ એવો અર્થ અહીં કરવો. ગમે તેવા અનુકુળ-પ્રતિકુળ પ્રસંગોમાં નહીં રાગ નહીં રીસ, તદ્દન ઉદાસીનભાવ, તટસ્થ-મધ્યસ્થ સ્વભાવ એવો સામાયિકનો અર્થ કરવો.

આ લોકનાં ભોગસુખો, શરીરસુખો, ઇન્દ્રિયસુખો તથા પરલોકનાં રાજ-રાજવીપણાનાં સુખો, તથા જીવન અને મરણ આ સર્વ ભાવો પ્રત્યે જે સમવૃત્તિ તે **સામાયિક** કહેવાય છે. આ જીવન ચાલુ રહે કે આજે જ મરણ પ્રાપ્ત થાય, તો પણ ન હરખાય કે ન ખેદ કરે. સર્વત્ર તુલ્યવૃત્તિવાળું જે ચિત્ત તે જ ચિત્તરત્ન-આશયરત્ન કહેવાય છે અને આવું આ શ્રેષ્ઠ ચિત્તરત્ન જ મુક્તિનું પરમબીજ બને છે. ॥ ૯૫ ॥

**અવતરણ - न भावतः सदाऽनौचित्यवृत्तेः पर्यन्तौचित्यावाप्तिरिति तद्गतं विधिमाह** – જે આત્મા સદા ભાવથી અનુચિત (અપવાદ-સદોષ) આચરણની વૃત્તિવાળો હોય છે. તે આત્માને મૃત્યુ પ્રસંગે ઉચિત (ઉત્સર્ગમાર્ગ-નિર્દોષ) આચરણની પ્રાપ્તિ થતી નથી. કારણ કે જે કાયમ દોષિત જ જીવન જીવવાને ટેવાયેલો હોય છે તેને મોહની પ્રબળતા હોવાથી પર્યન્ત સમયે નિર્દોષ આચરણ ક્યાંથી સૂઝે ? એનો અર્થ એ છે કે આવા સમતાભાવને પામેલા મહાત્મા પુરુષો પૂર્વબધ્ધકર્મના ઉદયથી કદાચ કોઈક અનુચિત (અપવાદમાર્ગ-સદોષ) માર્ગનું આચરણ કરે તોપણ તે ભાવથી હોતું નથી પરંતુ દ્રવ્યમાત્રથી જ હોય છે. અને સદા હોતું નથી પરંતુ અપવાદે જ હોય છે. માટે આવા મહાત્માને અનુચિત આચરણ સેવવાની બુધ્ધિ કદાપિ ન હોવાથી પર્યન્તે પણ ઉચિત આચરણની જ પ્રાપ્તિ થાય છે. તેથી પર્યન્તે (મૃત્યુ સમયે) ઉચિત આચરણ (દેહત્યાગ) કેવી રીતે કરવો ? એમ તે સંબંધી વિધિ જણાવે છે –



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[1]परिशुद्धचित्तरयणो, [८]चएज्ज [७]देहं तहंतकाले [२]वि ।
[३]आसण्णमिणं [४]णाउं, [६]अणसणविहिणा [५]विसुद्धेणं ॥ ९६ ॥

परिशुद्धचित्तरत्नः स सर्वत्रानाशंसया, किम् ? इत्याह - त्यजेद् देहं"- जह्यात् कायम् । तथाऽऽज्ञामृतसंयुक्तशुभलेश्या प्रकारेण, "अन्तकालेऽपि"- क्रमागतमरणकालेऽपि आसन्नम्, "एनं"- मरणकालं ज्ञात्वा, कथं त्यजेत् ? इत्याह- "अनशनविधिना"- अनशनप्रकारेण, "विशुद्धेन"- कवचज्ञाततः आगमपरिपूतेन । इति गाथार्थः । ॥ ९६ ॥

**ગાથાર્થ** - અત્યન્ત શુધ્ધ ચિત્તરત્નવાળા મહાત્માએ મરણકાલ નજીક આવે તોપણ મરણને નજીક આવેલું જાણીને વિશુધ્ધ એવી અનશનવિધિપૂર્વક તથા આજ્ઞાયુક્તલેશ્યાપૂર્વક દેહનો ત્યાગ કરવો, ॥ ૯૬ ॥

**ટીકાનુવાદ** - અતિશય શુધ્ધ છે ચિત્તરત્ન (સામાયિકરત્ન) જેનું એવા મહાયોગી પુરુષે સંસારિક સર્વ ભાવો ઉપર (ઇહલોક-પરલોક-જીવન-મરણ ઉપર પણ) આશંસા ત્યજીને તથા સંયમમાં સહાયક એવા વસ્ત્ર-પાત્ર-પુસ્તક-શિષ્ય પ્રશિષ્યાદિ ઉપર પણ આશંસાભાવ ત્યજીને અંતકાલે દેહનો ત્યાગ કરવો જોઈએ.

ઉદયમાં આવેલું આ મનુષ્યભવનું આયુષ્ય ભોગવતાં ભોગવતાં ક્રમસર આવી પહોંચેલા મરણકાલે પણ હવે ૯૭મી ગાથામાં જણાવાતાં ચિહ્નોથી મરણને નજીક આવેલું જાણીને તીર્થંકર ભગવન્તોની આજ્ઞાપાલન અને આજ્ઞા પ્રત્યેના અતિશય બહુમાન રૂપી અમૃતથી ભરપૂર ભરેલી શુભલેશ્યા દ્વારા, તથા વિશુધ્ધ એવી અનશનવિધિ આદરવાપૂર્વક દેહનો ત્યાગ કરવો.

અહીં વિશુધ્ધ એવી અનશનવિધિપૂર્વક એમ જે કહ્યું. ત્યાં વિશુધ્ધ એટલે કેવી ? તો આચાર્યશ્રી જણાવે છે કે "બખ્તરના દૃષ્ટાન્તથી આગમ વડે પવિત્ર બનેલી તે વિશુધ્ધવિધિ જાણવી" યુધ્ધના સમરાંગણમાં જેમ બખ્તરથી શરીરની રક્ષા થાય છે. પ્રાણત્યાગ થતો નથી તેની જેમ મરણસમયે અનશન કરતી વખતે નિજ્જામણા કરાવનારા મહાગીતાર્થની ઉપસ્થિતિ આદિ આગમપાઠોમાં કહેલી મર્યાદાથી પવિત્ર બનેલી આ અનશનવિધિ જો આચરવામાં આવે તો મોહરાજાની સામેની લડાઈમાં ક્ષુધાદિ વેદના, અને શારીરિક રોગોની વેદનાથી આ મહાયોગીનું "સામાયિક રત્ન" લુંટાઈ જતું નથી. ભાવપ્રાણો હણાઈ જતા નથી. ॥ ૯૬ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવતરણ - मरणकालविज्ञानोपायमाह -

મૃત્યુકાળને જાણવાના ઉપાયો કહે છે -

[३]णाणं चागम-देवय-पइहा-सुमिणंधरादऽदिट्ठिओ[१] ।
णास-ऽच्छि-तारगादंसणाओ कण्णग्गऽसवणाओ[२] ॥ ९७ ॥

ज्ञानं चासन्नमरणकालस्य, कुतः ? इत्याह - ''आगम-देवता-प्रतिभा-स्वप्नारुन्धन्त्याद्यदृष्टेः, आगमाद्-मरणविभक्त्यादेः नाडीसञ्चारादिना। यथाऽऽहुः समयविदः -

''उत्तरायणा पंचाहमेगनाडीसंचारे तिण्णि समाओ जीवियं, दसाहमेगनाडीसंचारे दो, पण्णराहमेगनाडीसंचारे एगं, वीसाहमेगनाडीसंचारे छम्मासा, पंचवीसाहमेगनाडीसंचारे तिण्णि, छव्वीसाहमेगनाडी संचारे दो, सत्तवीसाहमेगनाडीसंचारे एगो, अट्ठावीसाहमेगनाडीसंचारे पण्णरस दियहा, एगुणतीसाहमेगनाडीसंचारे दस, तीसाहमेगनाडीसंचारे पंच, एगतीसाहमेगनाडीसंचारे तिण्णि, बत्तीसाहमेगनाडीसंचारे दो, तेत्तीसाहमेगनाडीसंचारे दिवसो जीवियं'' । तथा अन्यैरप्युक्तम् -

पञ्चाहात् पञ्चवृद्धया दिवसगतिरिहाऽऽरोहते पञ्चविंशात् ।
तस्मादेकोत्तरेण त्रिगुणितदशकं त्र्युत्तरं यावदेतत् ॥
काले पौष्णे समास्तास्त्रि-नयन-शशिनः, षट् - त्रि - युग्मेन्दवो ये ।
भासास्तेऽहानि शेषास्तिथि-दिगिषु-गुण-द्वीन्दवो जीवितस्य ॥ १ ॥

**ગાથાર્થ** - (૧) આગમથી, (૨) દેવના કથનથી, (૩) પોતાની અન્તઃસ્ફુરણાથી, (૪) સ્વપ્નદર્શનથી, (૫) અરૂંધતી તારાના અદર્શનથી(૬) નાક, આંખ કે કીકીના અદર્શનથી, તથા કાનને અગ્નિના ભડકાના અશ્રવણથી મૃત્યુકાળ નજીક જણાય છે. ॥ ૯૭ ॥

**ટીકાનુવાદ** - ૯૬મી ગાથામાં એમ કહેવામાં આવ્યું કે ''મરણકાલ આસન્ન'' જાણીને અણશન કરવું. પરંતુ મરણકાળ આસન્ન છે તે કેવી રીતે જાણવું ? તેનો ઉત્તર આ ગાથામાં આપ્યો છે કે - આગમ - દેવતા - પ્રતિભા - સ્વપ્ન - તથા અરૂન્ધતી આદિ (અહીં આદિ શબ્દથી ગાથામાં કહેલા-નાક-આંખ-કીકી આદિ)ની અદૃષ્ટિ (અદર્શન) થવાથી આસન્ન મરણકાલનું જ્ઞાન થઈ શકે છે. મૃત્યુકાળની આસન્નતાને જણાવનારાં આ બધાં ચિહ્નો (લક્ષણો-નિમિત્તો) શાસ્ત્રોમાં કહેલાં છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧) આગમ

મરણનું પ્રકરણ જે ગ્રંથોમાં વર્ણવેલું છે તે **"મરણવિભક્તિ"** અર્થાત્ મરણવિભાગ આવા નામોવાળાં શાસ્ત્રો છે. તેમાં નાડીના સંચારણથી મૃત્યુની આસન્નતા દર્શાવાયેલી છે. તેથી જણાવે છે કે મરણવિભક્તિ આદિ શાસ્ત્રો થકી નાડીના સંચારણ આદિથી મૃત્યુની આસન્નતા જાણવી.

સમયવિદ્ પુરુષોએ કહ્યું છે કે - ઉત્તરાયણથી પાંચ દિવસ સુધી એક નાડી (ઈડા અથવા પિંગલા આદિ) ચાલે તો ત્રણ વર્ષનું આયુષ્ય બાકી છે એમ જાણવું. આ જ ક્રમે ઉત્તરાયણથી દશ દિવસ એક નાડી) ચાલે તો બે વર્ષનું આયુષ્ય, પંદર દિવસ એક નાડી ચાલે તો એક વર્ષનું આયુષ્ય, વીસ દિવસ એક નાડી ચાલે તો છ માસનું આયુષ્ય, પચ્ચીસ દિવસ એક નાડી ચાલે તો ત્રણ માસનું આયુષ્ય (છવ્વીસ દિવસ એક નાડી ચાલે તો બે માસનું આયુષ્ય, સત્તાવીસ દિવસ એક નાડી ચાલે તો એક માસનું આયુષ્ય અઠ્ઠાવીસ દિવસ એકનાડી ચાલે તો પંદર દિવસનું આયુષ્ય, ઓગણત્રીસ દિવસ એક નાડી ચાલે તો દસ દિવસનું આયુષ્ય, ત્રીસ દિવસ એક નાડી ચાલે તો પાંચ દિવસનું આયુષ્ય, એકત્રીસ દિવસ એક નાડી ચાલે તો ત્રણ દિવસનું આયુષ્ય, બત્રીસ દિવસ એક નાડી ચાલે તો બે દિવસનું આયુષ્ય, અને તેત્રીસ દિવસ એક નાડી ચાલે તો ફક્ત એક જ દિવસનું આયુષ્ય બાકી છે એમ જાણવું.

અન્યદર્શનકારોએ પણ કહ્યું છે કે –

આ શ્લોક અન્યદર્શનશાસ્ત્રોનો  છે. તેમાં પણ ઉપર જણાવેલી જ વિગત વર્ણવેલી છે. ફક્ત કહેવાની ઢબ જુદી જાતની છે. ભાવાર્થ સમાન છે. काले पौष्णे = પોષ માસના કાળમાં (અર્થાત્ ઉત્તરાયણના કાળમાં), पञ्चाहात् = પાંચ દિવસથી पञ्चवृद्धया = પાંચ પાંચ, दिवसगतिः = દિવસોની વૃદ્ધિ જાણવી, એમ કરતાં યાવત્ आरोहते पञ्चविंशात् = પચ્ચીસ દિવસ સુધી ચડવું. એટલે કે ૫/૧૦/૧૫/૨૦/૨૫ એમ પાંચ પંચક સમજવાં.

तस्मात् = ત્યારબાદ, एकोत्तरेण = એક એક દિવસ અધિક કરતાં त्रिगुणितदशकं त्र्युत्तरं यावत् एतत् = આ ક્રમ યાવત્ ૩ થી ગુણાયેલા ૧૦, અને ત્રણ અધિક, એટલે કે ૩×૧૦=૩૦+૩=૩૩  દિવસો સુધી લઈ જવું. અર્થાત્ ૨૬/૨૭/૨૮/ ૨૯/૩૦/૩૧/૩૨/૩૩ દિવસો એકોત્તર વૃધ્ધિથી સમજવા. ઉપર કહેલા સમય સુધી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જો એક નાડી ચાલે તો समाः ताः = તે વર્ષો त्रि = ત્રણ, नयन = બે, शशिनः= એક વર્ષ જાણવું.

સારાંશ કે પોષમાસમાં પાંચ દિવસ એક નાડી ચાલે તો ત્રણ વર્ષનું, તેનાથી પાંચ અધિક (૧૦) દિવસ એક નાડી ચાલે તો નયન = બે વર્ષનું, અને તેનાથી પાંચ દિવસ અધિક (૧૫) દિવસ એક નાડી ચાલે તો શશી = એક વર્ષનું આયુષ્ય સમજવું. ત્યારબાદ षट् - त्रि - युग्म - इन्दवः ये मासाः ते = છ - ત્રણ - બે - અને એક નાં જે આંકો છે તે માસ સમજવા. તેથી-

૧૫ દિવસો કરતાં ૫ અધિક વીસ દિવસ એક નાડી ચાલે તો છ માસનું આયુષ્ય,
૨૦ દિવસો કરતાં ૫ અધિક પચ્ચીસ દિવસ એક નાડી ચાલે તો ત્રણ માસનું આયુષ્ય,
૨૫ દિવસો કરતાં ૧ અધિક છવ્વીસ દિવસ એક નાડી ચાલે તો બે માસનું આયુષ્ય,
૨૬ દિવસો કરતાં ૧ અધિક સત્તાવિસ દિવસ એક નાડી ચાલે તો એક માસનું આયુષ્ય.

अहानि शेषाः = બાકીના સત્તાવીશથી એકેક અધિક દિવસો જો નાડી ચાલે તો નીચે પ્રમાણે દિવસો જેટલું જીવિત છે એમ જાણવું.

तिथि = મહિનાના દિવસો ભલે ત્રીસ હોય પરંતુ તિથિઓ પંદર જ હોય છે માટે ૧૫, दिग् = દિશા - ૧૦, ચાર દિશા, ચાર વિદિશા, ઉર્ધ્વ - અધો, એમ ૧૦ ની સંખ્યા, इषु = બાણ. શરીરમાંની પાંચ ઈન્દ્રિયો એ જ કામદેવનાં પાંચ બાણ, માટે ૫, गुण = વ્યવહારથી સત્ત્વ-રજસ્ અને તમસ્ એમ ૩, અને નિશ્ચયથી જ્ઞાન-દર્શન- અને ચારિત્ર એમ ત્રણ ગુણો હોવાથી ગુણ = ૩

द्वि = બે, અને इन्दवः = ચંદ્ર-શશી એટલે એક, હવે અનુક્રમે જોડવું. ૨૮ દિવસ નાડી ચાલે તો ૧૫ દિવસનું આયુષ્ય. એ જ પ્રમાણે ૨૯ દિવસેदिग् = ૧૦ દિવસનું. ૩૦ દિવસે इषु = પાંચ દિવસનું, ૩૧ દિવસે गुण = ત્રણ દિવસનું, ૩૨ દિવસે द्वि = બે દિવસનું અને ૩૩ દિવસે इन्दु = એક દિવસનું આયુષ્ય સમજવું. ભાવાર્થ બન્નેનો સરખો જ છે. આ પ્રમાણે આગમ વચનોથી = શાસ્ત્રવચનોથી મરણની આસન્નતા જાણી શકાય છે.

**एवं देवतातः = देवताकथनेन, चारित्री देवतापरिगृहीतो भवति । तस्योचितमन्यदपि देवता कथयत्येव ।एवं प्रतिभातः = प्रातिभमप्यस्या-विसंवाद्येव भवति, व्यवहारोपयोगिन्यपि तथोपलब्धेः । एवं स्वप्नादमृतगुर्वाह्वानादेः = मृतगुर्वाह्वान-बाल-देहभाव-भोगसन्दर्शनं योगिनोऽन्तकाले सिद्धः चित्तविभ्रमः इति । अरुन्धत्याद्यदृष्टेः, यथोक्तम् -**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रध्मातदीपगन्ध, मल्पायुर्नैव जिघ्रति ।
स्फुटतारावृते व्योम्नि, न च पश्यत्यरुन्धतीम् ॥

तथा "नासाऽक्षितारकादर्शनात्" नासिकादर्शनं, अवष्टब्धाऽक्षिज्योतिस्ताराऽदर्शनं चासन्नमृत्युलिङ्गं, तथा "कर्णाग्न्यश्रवणाद् अङ्गुष्ठापूरितकर्णान्तराग्न्यश्रवणं आसन्नमृत्युलिङ्गं समुद्रध्वनिश्रवणदशग्रन्थिस्फुरणद्वादशाक्षरानुपलम्भाद्युपलक्षणमेतत्। इति गाथार्थः ।॥ १७ ॥

ઉપર જેમ આગમથી મૃત્યુની આસન્નતા જણાવી તેવી જ રીતે હવે ટીકાનાં આ પદોમાં દેવતા આદિ શેષ પદોથી પણ મૃત્યુની આસન્નતા જણાવે છે.

**(૨) દેવતાથી**

કોઈ દેવ અવધિજ્ઞાનથી જાણીને આવા પ્રકારના મહાયોગીને પોતાનું મરણ નજીક છે એમ કહે, તો તેવા પ્રકારના દેવકથનથી મૃત્યુની આસન્નતા જણાય છે. કારણ કે શ્રેષ્ઠ ચારિત્રવાળા મહાત્મા પુરુષ સદા ગુપ્ત રીતે દેવો વડે પરિગૃહીત હોય છે. એટલે કે સમ્યગ્દૃષ્ટિ દેવતાઓ સદા ગુપ્ત રીતે (અથવા ક્વચિત્ પ્રગટ પણે પણ) આવા યોગી મહાત્માની સેવા કરતા જ હોય છે. તે કારણથી મહાત્માનું મૃત્યુ આસન્ન બને ત્યારે આવા પ્રકારના સમ્યગ્દૃષ્ટિ દેવો જણાવે પણ છે. તથા આ જ દેવો તે મહાત્માને ઉચિત અન્ય પણ (શેનાથી મૃત્યુ થશે, મૃત્યુબાદ ક્યાં જન્મ થશે ઈત્યાદિ કહેવા યોગ્ય બીજા ભાવો પણ) કહે જ છે.

**(૩) પ્રતિભાથી**

આ પ્રમાણે પ્રતિભાથી પણ મૃત્યુકાળ જણાય છે. જે મહાત્માઓને પદાર્થોનું સમ્યગ્ અને યથાર્થ જિનાજ્ઞામુજબનું જ્ઞાન હૃદયમાં વ્યાપ્યું હોય છે. તેઓમાં જ્ઞાનના બળથી પ્રગટ થયેલી એક અલૌકિક એવી શક્તિ હોય છે કે જેને પ્રતિભા અર્થાત્ અંતઃસ્ફુરણા કહેવાય છે. અંદર હૈયું જ પોકારે કે હવે આ પ્રમાણે બનવાનું છે. તેને પ્રતિભાજન્ય = પ્રાતિભજ્ઞાન કહેવાય છે. આ મહાત્મા યોગીનું પ્રાતિભજ્ઞાન પણ અવિસંવાદી જ હોય છે. યથાર્થ હોય છે. એ શક્તિ જ મૃત્યુકાળ કહી આપે છે. તથા આવા મહાત્માયોગી પુરુષોની આ પ્રાતિભજ્ઞાનશક્તિ વ્યવહારમાં ઉપયોગી એવાં બીજાં ભાવિકાર્યો પણ તેવા પ્રકારે જાણે છે.

**(૪) સ્વપ્નથી**

મૃત થયેલા એટલે સ્વર્ગસ્થ એવા ગુરુજીના આહ્વાન આદિથી પણ મૃત્યુ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ની આસન્નતા જણાય છે. સ્વર્ગસ્થ એવા ગુરુજી મને (સ્વર્ગમાં) જાણે બોલાવે છે એવું સ્વપ્ન આવે, અથવા મૃત્યુ પછીના અનન્તર જન્મનો બાલભાવ, અથવા ભાવિમાં પ્રાપ્ત થનાર દેહનું સૌન્દર્યાદિ, તથા માતા-પિતા-પત્ની-પુત્રાદિ પરિવારનું દર્શન, તેઓની સાથે યથોચિત ભોગોનું દર્શન, ઇત્યાદિ વિષયોનાં સ્વપ્ન આવવા સ્વરૂપ "ચિત્તનો વિભ્રમ" આ યોગિને અંતકાલે થાય છે. અંતકાલે આવાં સ્વપ્નો રૂપ ચિત્તવિભ્રમ જે થાય છે તે જ મૃત્યુકાળની આસન્નતા જણાવે છે.

**(૫) અરુંધતી આદિનું અદર્શન –**

આકાશમાં ઉદય પામતા તારાઓમાં સપ્તર્ષિના જે સાત તારા છે તેમાં એક તારાને "અરુંધતી" તારો કહેવાય છે. બધા જ તારા દેખાય અને દેખી શકાય તેવો અરૂંધતી તારો ન દેખાય તો તે આસન્નમરણ સૂચવે છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે –

અલ્પ આયુષ્યવાળો આત્મા બુઝાઈ ગયેલા દીપકમાં રહેલી ગંધને સૂંઘતો નથી. (તેની શક્તિ ક્ષીણ થઈ જાય છે). તથા સ્પષ્ટ તારાઓથી ભરપૂર ભરેલું આકાશ ઝગારા મારતે છતે પણ આ અલ્પાયુષી જીવ અરુંધતી તારાને જોઈ શકતો નથી. આ પણ મૃત્યુનું સૂચક છે.

**(૬) નાસિકા-અક્ષિ-તારક(કીકી)ના અદર્શનથી**

તથા સવારે ઊઠીને દર્પણ આદિમાં મુખ જોતાં નાસિકા જો ન દેખાય, અથવા દર્પણમાં પોતાની આંખ જો ન દેખાય, અથવા પોતાની અક્ષિની જ્યોતિ = આંખનું તેજ અવષ્ટબ્ધ થયેલું = સ્થિર થયેલું દેખાય, આંખથી જોવાની શક્તિ અત્યંત સ્થિર થઈ ગઈ હોય, અથવા આંખના તારલાનું(આંખની કીકીનું) જો અદર્શન થાય, તો આ સઘળાં આસન્નમૃત્યુનાં લિંગો છે.

**(૭) કાનથી અગ્નિનું અશ્રવણ –**

કોઈ મહા અગ્નિ લાગેલો હોય, તેનો ભડકો ભડ-ભડ એવો જોરદાર અવાજ કરતો હોય છતાં અંગુઠાથી દબાવેલા એક કાનના આંતરાથી બીજા કાને તે અવાજ સંભળાવો જોઈએ, છતાં તે અગ્નિનું જો અશ્રવણ થાય તો તે આસન્નમૃત્યુનું લિંગ સમજવું.

મૂળગાથામાં આટલાં લિંગો કહ્યાં છે. તે "સમુદ્રધ્વનિશ્રવણ" વિગેરે બીજાં પણ આસન્નમૃત્યુનાં લિંગો છે. તેને જણાવનારું ઉપલક્ષણ સમજવું- એટલે કે આના ઉપલક્ષણથી (અધ્યાહારથી) બીજાં પણ સમજી લેવાં.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૮) સમુદ્રની ભરતીનાં મોજાંઓના ખળભળાટનું શ્રવણ,
(૯) દશ ગ્રન્થિઓનું સ્ફુરણ થવું,
(૧૦) બાર અક્ષરોના મન્ત્રજાપનું અસ્મરણ

ઈત્યાદિ પણ આસન્નમૃત્યુનાં કારણો છે. આ પ્રમાણે આ મહાયોગીએ ઉપરોક્ત લક્ષણો થકી પોતાનું મૃત્યુ આસન્ન આવેલું જાણીને શાસ્ત્રોક્ત વિધિમુજબ જિનેશ્વર પ્રભુની આજ્ઞા પ્રમાણે, નિર્યામણા કરાવે એવા ગીતાર્થ ગુરુજીની ઉપસ્થિતિમાં અણસન-વિધિ આચરવાપૂર્વક ક્ષુધા-અને રોગાદિની પીડા હોવા છતાં પણ સામાયિકરત્ન = પરમસમભાવની અલ્પ પણ ક્ષતિ ન આવે તે રીતે પોતાના દેહનો ત્યાગ કરવો. ॥ ૯૭ ॥

**અવતરણ - एवमेनं ज्ञात्वा किम् ? इत्याह -**
**આ પ્રમાણે આ આસન્નમૃત્યુને જાણીને શું કરવું ? તે જણાવે છે -**

**[૨]अणसणसुद्धीए [૧]इहं, [૪]जत्तोऽतिसएण[૩] होइ[૬] [૫]कायव्वो ।**
**[૮]जल्लेसे मरइ[૯] [૭]जओ, [૧૦]तल्लेसेसुं तु [૧૧]उववाओ ॥ ९८ ॥**

**अनशनशुद्धाविह कवचोदाहरणेन यत्नोऽतिशयेन भवति - कर्तव्यः, फलप्रधानाः समारम्भा इति कृत्वा । किमेतदेवम् ? इत्याह - यल्लेश्यो म्रियते, ''यतः''- प्राणी भावलेश्यामधिकृत्य तल्लेश्येष्वेवामरादिषु उपपद्यते, ''जल्लेसे मरइ तल्लेसे उववज्जइ'' इति वचनात् । न चास्यामवस्थायामेवं मतः स्वप्राणातिपातः, विहितकरणात्, वचनप्रामाण्याद् माध्यस्थ्योपपत्तेः, अन्यथा दोषभावाद् वचनविरोधात् । एवमेव हि तदाशयपरिपुष्टेः तत्सङ्कल्पभावानुरोधात् । इति गाथार्थः । ॥ ९८ ॥**

**ગાથાર્થ** - આ કારણથી આ જ ભવમાં અનશનની શુદ્ધિ માટે અતિશય પ્રયત્નવિશેષ કરવો જોઈએ, કારણ કે આ આત્મા જે લેશ્યાએ મરે છે એ જ લેશ્યાઓ વાળા ભવોમાં જ ઉત્પન્ન થાય છે ॥ ૯૮ ॥

**ટીકાનુવાદ**- અહીં ''કવચ'' એટલે બખ્તર જાણવું. જેમ યુધ્ધભૂમિમાં શત્રુસૈન્યથી બચવા માટે, અને સ્વદેહની રક્ષા કરવા માટે કવચ ધારણ કરવામાં આવે છે. તેવી જ રીતે મોહ શત્રુથી બચવા માટે અને પ્રાપ્ત થયેલા સામાયિકરત્નની રક્ષા કરવા માટે મરણના અંતકાલે કરાતા આ અનશનની શુધ્ધિમાં કવચના દૃષ્ટાન્તથી અતિશય પ્રયત્નવિશેષ કરવો જોઈએ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચતુઃશરણાદિની ભાવના, રાગાદિના પ્રતિપક્ષોની ભાવના, સર્વ જીવો પ્રત્યે મૈત્રી આદિની ભાવના, ગીતાર્થ ગુરુજીની ઉપસ્થિતિ, ક્ષુધાદિ-રોગાદિ વેદનાથી અપરાભૂતિ, જિનેશ્વરની આજ્ઞાનું પાલન, પદ્માસનાદિ વિધિનું પાલન, ઇત્યાદિ સુયોગો એવા સેવવા કે જરા પણ મૃત્યુ બગડે નહીં, કારણ કે આ બધા આરંભો ફળપ્રધાન છે. ફળ મેળવવા માટે જ આરંભ છે. ''સમાધિ મરણ'' એ જ આ આરંભોનું ફળ છે.

પ્રશ્ન - મરણ વખતે આ પ્રમાણે સમાધિ રાખવાનું શા માટે જણાવો છો?

ઉત્તર - જે કારણથી ભાવલેશ્યાને આશ્રયી આ પ્રાણી જે લેશ્યામાં મરે છે તે જ લેશ્યાવાળા અમરાદિમાં ઉત્પાદ પામે છે. અન્ય શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે ''આ જીવ જે લેશ્યામાં મરે છે તે જ લેશ્યાવાળામાં ઉત્પન્ન થાય છે.'' આવું શાસ્ત્રવચન હોવાથી મૃત્યુ વખતે શુભલેશ્યા રહે તો વૈમાનિકાદિ વિશિષ્ટ દેવોમાં જ આ જીવનો ઉત્પાદ થાય, પરંતુ વ્યંતરાદિ તુચ્છદેવોમાં ઉત્પાદ ન થાય. અહીં લેશ્યા બે પ્રકારની છે : (૧) ભાવલેશ્યા અને (૨) દ્રવ્યલેશ્યા, આત્માના રાગાદિવાળા જે પરિણામ તે ભાવલેશ્યા અને તેમાં નિમિત્તભૂત થનાર પુદ્ગલવિશેષો તે દ્રવ્યલેશ્યા - દેવ - નારકીમાં દ્રવ્યલેશ્યા નિયત જ હોય છે, પરંતુ ભાવલેશ્યા પરાવર્તનથી છ એ હોઈ શકે છે. આ જ કારણથી વૈમાનિકમાં જન્મેલા સંગમને ભગવાન પ્રત્યે ઉપસર્ગ કરવાના વિચારવાળી કૃષ્ણાદિ અશુભલેશ્યા પણ આવી, અને સાતમી નારકીમાં સમ્યક્ત્વાભિમુખ જીવને તેજો-પદ્મ-શુકલ લેશ્યા પણ ભાવથી આવે છે માટે ભાવલેશ્યા જ મહત્ત્વની છે. મૃત્યુસમયે ભાવલેશ્યા બગડે નહીં તે માટે આ ઉપદેશ છે.

**પ્રશ્ન** - આ રીતે જાણીબૂઝીને સ્વપ્રાણોનો અતિપાત (વિનાશ) કરવો તે શું યોગ્ય છે ? શું ''આપઘાત'' ન કહેવાય ? શાસ્ત્રમાં આપઘાત કરવાનું તો વાર્યું છે અને આમ અનશન કરવાનું કેમ સમજાવો છો ?

**ઉત્તર** - આ અવસ્થામાં એટલે અન્તિમ અવસ્થા આવે ત્યારે આસન્નમૃત્યુને જાણીને સમાધિપૂર્વક સ્વપ્રાણોનો ત્યાગ કરવો તે આપઘાત મનાયો નથી, કારણ કે શાસ્ત્રમાં જે વિહિત છે તેનું જ આચરણ કરેલું છે. આગમવચનોની પ્રમાણતાથી તેઓના કહેવા મુજબ કરેલું છે માટે આપઘાત કહેવાય નહીં.

તથા જીવન અને મરણ એમ બન્ને વચ્ચે માધ્યસ્થવૃત્તિ છે. માટે પણ આપઘાત કહેવાય નહીં, સંસારનાં દુઃખોથી કંટાળીને, ઉદ્વેગ પામીને, અને ભાવિનાં સુખોની લાલસાથી જે પ્રાણત્યાગ કરાય તે જ આપઘાત કહેવાય છે. પરંતુ આ યોગીમરણને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપઘાત કહેવાતો નથી. કારણ કે લક્ષણોથી મૃત્યુઆસન્ન છે એમ તો તેઓએ જાણ્યું જ છે, એટલે મૃત્યુ તો તુરત આવવાનું જ છે, ફક્ત "સમાધિ" માટેનો આ પ્રયત્ન છે. પ્રાપ્ત સામાયિકરત્ન લુંટાઈ ન જાય તે માટે આ પ્રયત્નવિશેષ છે. આ પ્રમાણે (૧) શાસ્ત્રોમાં અનશન કરવાનું કહ્યું છે અને કરે છે એ વિહિતકરણ (૨) શાસ્ત્રવચનોની પ્રમાણતા છે. એ વચન પ્રામાણ્ય, (૩) જીવન-મરણ વચ્ચે સમભાવ-મધ્યસ્થવૃત્તિ છે. એ માધ્યસ્થતા એમ ત્રણ હેતુઓથી આ મરણ આપઘાત કહેવાતું નથી.

અન્યથા જો મૃત્યુ કરવામાં આવે એટલે સંસારિક દુઃખોથી કંટાળીને, પરાભવથી, ચોરી આદિ મહાદોષોથી, ભાવિસુખોની લિપ્સાથી ઈત્યાદિ મોહનીય જન્ય જો મૃત્યુ હોય તો તેમાં મોહના દોષો હોવાથી અને શાસ્ત્રવચનોનો પણ વિરોધ હોવાથી તે મૃત્યુ સદોષ છે. આપઘાત છે. ત્યાજ્ય છે.

જો અનશન એ આપઘાત હોત તો તીર્થંકર ભગવન્તો આગમોમાં અનશન કરવાનું કેમ કહે ? અને અંતકાલે પોતે અનશન કેમ આચરે ? માટે મોહના ત્યાગ માટે કરાતો પ્રાણત્યાગ તે વિધિયુક્ત અનશન કહેવાય છે અને મોહજન્ય સુખ-દુઃખના રાગ-દ્વેષથી કરાતું મૃત્યું તે આપઘાત છે. એમ સ્વબુધ્ધિથી સમજી લેવું. આ પ્રમામે શાસ્ત્રોક્ત વિધિ મુજબ પ્રભુની આજ્ઞાપૂર્વક અનશનસહિત મૃત્યુ પામવાથી तदाशयपरिपुष्टेः તે આશયરત્નની અતિશય પુષ્ટિ થાય છે. શુધ્ધિ-વૃધ્ધિ થાય છે. અને ઊંચી ઊંચી યોગદશા પ્રાપ્ત કરવાના મનના સંકલ્પો (મનના મનોરથો) રૂપ પરમભાવોનું અત્યન્ત અનુસરણ થાય છે. ॥ ૯૮ ॥

**અવતરણ - एवमिह लेश्यायाः प्राधान्यमुक्तम्, न चैतावतैव एतच्चारु भवतीत्याह** આ પ્રમાણે અહીં મરણકાલે લેશ્યાની પ્રધાનતા જણાવી. પરંતુ એટલા માત્રથી જ આ મરણ મનોહર થતું નથી. (બીજું પણ-આજ્ઞાયોગાદિ જોઈએ જ ) તે સ્પષ્ટ પણે સમજાવે છે-

**[1]लेसाणवि [2]आणाजोगओ उ, [4]आराहगो [3]इहं नेओ[5] ।**
**[6]इहरा [10]असतिं [9]एसा वि, हंतऽणाइम्मि[7] संसारे[8] ॥ ९९ ॥**

**लेश्यायामपि सत्याम्, किम् ? इत्याह - आज्ञायोगत एव,**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दर्शनादिपरिणामयोगादेवेत्यर्थः।आराधकश्चरणधर्मस्य''इह ज्ञेयः''इह प्रवचने ज्ञातव्यः नान्यथा । एतदेवाह -

''इतरथा''= एवमनभ्युपगमे सति, किम् ? इत्याह - ''असकृत्''- अनेकशः, ''एषापि शुभा लेश्या प्राप्ता सौधर्माद्युपपातेन,'' हन्त सम्प्रेक्षण - प्रत्यवधारण-विवादेषु ''इति इह ''हन्त'' सम्प्रेक्षणेऽवसेयः, अनादौ संसारे, अतिदीर्घइत्यर्थः,न चाराधकत्वं सञ्जातम्, तस्माद् यथोक्तमेव तत्त्वं प्रतिपत्तव्यम् । इति गाथार्थः । ॥ ९९ ॥

**ગાથાર્થ** - આવી શુભલેશ્યા હોવા છતાં પણ પ્રભુની આજ્ઞાપૂર્વક વર્તે' તો જ અહીં મરણકાળે આરાધક જાણવો. અન્યથા તો આવી શુભ લેશ્યા અનાદિ સંસારમાં અનેક વાર આવેલી છે. ॥ ૯૯ ॥

**ટીકાનુવાદ** - મૃત્યુકાળે શુભલેશ્યા હોય તો વૈમાનિકાદિ શ્રેષ્ઠ દેવોમાં ઉત્પાત થાય માટે ''શુભલેશ્યા'' રહેવી જરૂરી છે. તેથી પૂર્વની ૯૮મી ગાથામાં શુભલેશ્યાની પ્રધાનતા જણાવી. પરંતુ સાથે સાથે ફરીથી આ ગાથાથી સજાગ કરે છે કે એકલી શુભલેશ્યા કામની નથી. પરંતુ તે શુભલેશ્યા હોવા છતાં પણ મૃત્યુસમયે ચતુઃશરણાદિની ભાવનાના સેવન રૂપ તીર્થંકર પ્રભુની આજ્ઞાના પાલનથી જ આ દેહત્યાગ કરવો, મૃત્યુના સમયે સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રનો અવિચલ પરિણામનો યોગ રાખે; તો જ આ આત્મા ચારિત્રધર્મનો અહીં આરાધક જાણવો. અહીં એટલે જૈનશાસનમાં પ્રભુની આજ્ઞાનું પાલન અતિ મહત્ત્વનું છે. અન્યથા - તે આજ્ઞાપાલન વિના આ જીવ આરાધક કહેવાતો નથી.

આ જ વાત સમજાવે છે કે -

इतरथा = જો આ પ્રમાણે આજ્ઞાયોગ ન સ્વીકારવામાં આવે તો આવી શુભલેશ્યાઓ તેજો પદ્મ - અને શુકલ લેશ્યાઓ તો સૌધર્માદિથી ગ્રૈવેયકાદિ દેવભવોમાં ઉત્પાત મેળવવા વડે અનેકવાર પ્રાપ્ત કરી છે, તોપણ આ આત્માનો મોક્ષ થયો નથી. ભવોભવમાં રખડે છે. એટલે એકલી શુભલેશ્યા કામની નથી. પરંતુ આજ્ઞાયોગ તેનાથી વધુ મહત્ત્વનો છે. જો કદાચ શુભલેશ્યા ન હોય અને આજ્ઞાયોગ જબ્બર હોય તો લેશ્યાની અશુભતાને લીધે કદાચ શ્રેણિક અને કૃષ્ણ મહારાજાની જેમ નરકમાં પણ જાય, તથાપિ ભવાન્તરે તુરત આજ્ઞાયોગના બળથી મોક્ષગામી થાય, પરંતુ જો આજ્ઞા યોગ ન હોય અને કેવળ શુભલેશ્યા હોય તો અભવ્યો અને મિથ્યાદષ્ટિઓ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ ગ્રૈવેયકોમાં જાય છે. પરંતુ મુક્તિગામી થતા નથી. માટે શુભલેશ્યા અવશ્ય જરૂરી છે. પરંતુ તેનાથી અધિક આજ્ઞાયોગ અત્યાવશ્યક છે.

આ ગાથામાં વપરાયેલ ''हन्त'' એવું અવ્યય વ્યાકરણમાં ત્રણ અર્થમાં વપરાય છે : (૧) સંપ્રેક્ષણ = અત્યંતપ્રેરણા, (૨) પ્રત્યવધારણ = નિર્ણય, અને (૩) વિવાદ = કલેશ. આ ત્રણ અર્થો પૈકી અહીં ''हन्त'' અવ્યય સંપ્રેક્ષણ અર્થમાં છે. આચાર્યશ્રી આ ગ્રન્થના અંતે હવે શિષ્યોને પુનઃ પુનઃ પ્રેરણા કરે છે કે, હે મહાનુભાવો ! આવી શુભલેશ્યા ભવોભવમાં અનાદિ આ સંસારમાં = અતિશય દીર્ઘ એવા આ સંસારમાં બહુવાર પ્રાપ્ત કરી પરંતુ આજ્ઞાયોગ નહીં મેળવવાના કારણે જ આરાધકપણું પ્રાપ્ત થયું નથી. તેથી યથોક્ત એવું આજ્ઞાપાલકપણું એ જ તત્ત્વ સમજવા જેવું છે. અર્થાત્ આજ્ઞાયોગપૂર્વકની જ શુભલેશ્યાએ સમાધિમૃત્યુ પ્રાપ્ત કરી, દેહત્યાગ કરી, આરાધકપણું મેળવવું એ જ સાર છે. ॥ ૯૯ ॥

**અવતરણ - प्रकरणोपसंहारार्थमेवाह -**

**હવે આ યોગશતક પ્રકરણનો ઉપસંહાર કરતાં આચાર્યશ્રી જણાવે છે કે -**

**[१]ता इय, [३]आणाजोगे, [५]जइयव्वमजोग[२]अत्थिणा [४]सम्मं ।**

**[६]एसो [७]चिय [८]भवविरहो, [१०]सिद्धीए [९]सया [११]अविरहो य ॥ १०० ॥**

**यस्मादेवं तस्माद् ''इय''- एवम्, आज्ञायोगे-आज्ञाव्यापारे, किम् ? इत्याह ''यतितव्यं''- यत्नः कार्यः । केन ? ''अयोगतार्थिना''- शैलेशीकामेन सत्त्वेन ''सम्यग्'' - अविपरीतेन विधिना, यस्माद् ''एष एव''- आज्ञायोगः, '' भवविरहः''-जीवन्मुक्तिः, संसारविरहो वर्तते, कारणे कार्योपचारात् यथाऽऽयुर्घृतम् इति । तथा ''सिद्धेः''- मुक्तेः - 'सदा'= सर्वकाले, आजीविकामतमुक्त - व्यवच्छेदार्थमेतन्, मुक्तस्य कृतकृत्यत्वेनेहागमनायोगाद् अविरहः ।**

**। इति गाथार्थः । ॥ १०० ॥**

**ગાથાર્થ** - તે કારણથી અયોગીપણાના અર્થી જીવે (ચૌદમા ગુણસ્થાનકના અભિલાષી જીવે) પ્રભુની આજ્ઞાયોગમાં જ અતિશયવિશેષ સમ્યગ્ પ્રયત્ન કરવો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોઈએ. કારણ કે આ આજ્ઞાયોગ જ ભવનો વિરહ અને મુક્તિનો સદા અવિરહ કરાવનાર છે. ॥ ૧૦૦ ॥

**ટીકાનુવાદ** - અત્યાર સુધી આત્મવિકાસની ઘણી ઘણી વાતો કરી. તે સર્વ વાતોના અન્તે અનશનવિધિપૂર્વક દેહત્યાગ, શુભલેશ્યાવાળા પરિણામ, અને છેવટે પૂર્ણપણે આજ્ઞાયોગ, આ સર્વ ભાવો જીવમાં આવે તો તુરત જ આ આત્મા કલ્યાણ પામે, અન્તે ગ્રંથકારશ્રીએ આજ્ઞાયોગ જ મહાન્ છે એમ સમજાવ્યું છે. જે કારણથી ગ્રંથકારશ્રીએ આ પ્રમાણે કહ્યું છે તે કારણથી તીર્થંકર પ્રભુની શક્ય તેટલી આજ્ઞાપાલનમાં, અને અશંકય હોય તોપણ તે આજ્ઞાપાલવાનો પક્ષપાત કરવામાં પૂરેપૂરો પ્રયત્ન કરવો જોઈએ, હૃદયથી જ આજ્ઞા ઉપર અતિશય બહુમાન પ્રગટ થઈ જવું જોઈએ.

તીર્થંકર પ્રભુની આજ્ઞા માનવાનો કોણે પ્રયત્ન કરવાનો ? અને કેવી રીતે પ્રયત્ન કરવાનો ? ઉત્તર - અયોગી અવસ્થા નામના ચૌદમા ગુણસ્થાનકની જેણે પ્રાપ્તિ કરવી છે તેવા અયોગી અવસ્થાના અર્થી આત્માએ પ્રયત્ન કરવો જોઈએ અને તે પણ સમ્યગ્પ્રકારે અવિપરીત વિધિથી પ્રયત્ન કરવો જોઈએ. આજ્ઞાથી વિપરીત વિધિ અલ્પ પણ ન આવી જાય તે રીતે યત્ન કરવો.

કારણ કે આ "આજ્ઞાયોગ" જ સંસારનો વિરહ આપનાર છે. જીવનમાંથી મુક્તિ અપાવનાર છે. સંસારનો વિરહ કરાવનાર છે. અથવા જીવવા છતાં મુક્તિ = ૧૩/૧૪ મા ગુણસ્થાનકની પ્રાપ્તિ કરાવે છે. અહીં "આજ્ઞાયોગ"ના પાલનથી ભવવિરહની પ્રાપ્તિ થાય છે. એટલે આજ્ઞાયોગ એ કારણ છે અને ભવવિરહ એ કાર્ય છે. તથાપિ કારણમાં કાર્યનો ઉપચાર કરીને આજ્ઞા યોગને જ ભવવિરહ કહેવાય છે. જેમ ઘી ખાવાથી નિરોગી રહેતાં આયુષ્ય ઘટતું નથી. તેથી ઘી એ આયુષ્યનું કારણ છે માટે "आयुर्घृतम्" એ ન્યાયમાં ઘીને જ આયુષ્ય કહેવાય છે. તેવી જ રીતે પ્રભુની આજ્ઞાના બહુમાન-પાલન-પક્ષપાત પ્રાપ્ત કરવા રૂપ આજ્ઞાયોગને જ **ભવવિરહ** કહેવાય છે.

તથા આ ભવવિરહ જ સદાકાળ મુક્તિના અવિરહ સ્વરૂપ જ છે. એટલે કે આજ્ઞાયોગથી પ્રાપ્ત થયેલો આ ભવવિરહ જ એવી સિધ્ધિ-મુક્તિ આપે છે કે જે સિધ્ધિ-મુક્તિ આવેલી કદાપિ જાય જ નહીં. સદાકાળ રહે જ. તે સિધ્ધિ-મુક્તિનો સદાકાળ અવિરહ જ રહે.

કેટલાક "આજીવક મત"ના અનુયાયીઓ એમ માને છે કે આ જીવ મુક્તિમાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગયા પછી પણ અસુરોનું દમન કરવા માટે અને ધર્મી જીવોનું રક્ષણ કરવા માટે અથવા આવા પ્રકારના કોઈ પણ પ્રયોજનથી પુનઃ સંસારમાં આવે છે. જન્મ ધારણ કરે છે. આવા પ્રકારના આજીવિક મતને માન્ય એવા મુકત્વના વ્યવચ્છેદ માટે આચાર્યશ્રીએ આ અન્તિમ વિશેષણ લખ્યું છે કે પ્રાપ્ત થયેલી આ સિધ્ધિ-મુક્તિ અવિરહ સ્વભાવવાળી છે. તેનો ફરી કદાપિ વિરહ થતો જ નથી. કારણ કે મુક્ત થયેલા પરમાત્મા કૃતકૃત્ય હોવાથી - સર્વ પ્રયોજનો સિધ્ધ થઈ ચૂક્યાં હોવાથી અહીં આ સંસારમાં આવવાનો અયોગ હોવાથી પુનઃ જન્મ ધારણ કરતા નથી, માટે મુક્તિનો અવિરહ જ છે.

અન્તે આ આજ્ઞાયોગ ઉપર સવિશેષ પ્રયત્ન કરવો એ જ સંસારતરણનો પરમ ઉપાય છે-

**''कृतिधर्मतो याकिनीमहत्तरासूनोराचार्यहरिभद्रस्य ।**
**ग्रन्थाग्रमनुष्टुप्छन्दसोद्देशतः श्लोकशतानि सप्त सार्धानि ॥ ७५० ॥**
**योगशतकस्य टीकां कृत्वा, यदवाप्तमिह मया कुशलम् ।**
**तेनानपायमुच्चैर्योगरतो, भवतु भव्यजनः ॥ १ ॥**
**संवत ११६५, फाल्गुन सुदि ८ लिखितेति**

**योगशतकटीका**

**समाप्ता**

**ટીકાનુવાદ** - ''યાકિની'' નામનાં મહત્તરા (સાધ્વીજી) ના ધર્મથી પુત્ર સદૃશ એવા શ્રી આચાર્ય હરિભદ્રસૂરિજીની આ કૃતિ (રચના) છે. આ ટીકાગ્રંથમાં અનુષ્ટુપછંદની દૃષ્ટિએ ૭૫૦ શ્લોક પ્રમાણ આ ટીકા છે.

યોગશતકની આ ટીકા બનાવીને મારા વડે જે કુશલ (પુણ્ય) ઉપાર્જન કરાયું છે તેના વડે ભવ્યજનો અપાય વિના ઉચ્ચતમ પ્રકારે યોગદશામાં (વધુ ને વધુ) રત થજો - યોગની પ્રાપ્તિમાં લયલીન બનજો.

વિક્રમ સંવત ૧૧૬૫ ના ફાગણ સુદ ૮ ના આ ટીકા લહીઆએ લખી.

**યોગશતકની ટીકા સમાપ્ત થઈ**

**શ્રી યોગશતક નામના આ શાસ્ત્રની મૂળગાથાઓના,**
**ગાથાર્થો સાથે સ્વોપજ્ઞ સંસ્કૃત ટીકાનો**
**ગુજરાતી ભાષામાં અનુવાદ**
**સમાપ્ત થયો.**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org